શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

ખ્રિસ્તીઓ અને હિંદુઓ વચ્ચેના સંવાદને પ્રોત્સાહન આપવા-વધારવા ***'કર્મથી કૃપા તરફ'*** (Karma To Grace)ની વેબસાઇટનું આયોજન થયું છે. ***'કર્મથી કૃપા તરફ'*** નો તાત્કાલિક હેતુ એ કે ખ્રિસ્તી ધર્મ અને હિંદુ ધર્મના વિચારોના સામ્ય અને તુલના કરવાનો. આ વિચારો યોગ્ય રીતે અને ચોકસાઇપૂર્વક રજૂ થાય તેવી અમારી ઇચ્છા છે. હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મના મૂળભૂત ખ્યાલો સમજાવાય અને સમજાય તે અમારો હેતુ છે. સંભવ છે કે અહીં પ્રસ્તુત થતી સઘળી વિગતો સાથે કદાચ તમે સંમત ન થાવ, છતાંય અમને આશા છે કે હિંદુ ધર્મ તથા ખ્રિસ્તી ધર્મના બોધ-ઉપદેશને તો તમે વધુ પ્રમાણમાં સમજવાનો લાભ પ્રાપ્ત કરશો. કેટલાક કિસ્સાઓમાં, આ ઉપદેશોમાં સામ્ય છે અને તો કેટલાક કિસ્સાઓમાં મોટો તફાવત પણ છે. પ્રત્યેક ખ્યાલ પોતે જ પોતાની વાત કરે એવા અમારા પ્રયત્નને તમે આદર આપશો એવી અમારી આશા છે.

આ વેબસાઇટનાં અનેક પાસાં છે. સાઇટના પ્રથમ પાસારૂપે **'લેખો'** વિભાગમાં તથા મોટા ભાગના અન્ય વિભાગોમાં સંવાદોનું લક્ષ્ય તથા ચોક્કસ સમજણ આપવાનું ધ્યેય રહેલું છે.

**'જીવનકથાઓ'** વિભાગમાં, વેબસાઇટનું નામ સૂચવે છે તેમ જેઓ કર્મમાંથી કૃપા (Grace)માં પ્રવેશ્યા છે તેમની સાચી કથાઓનો સમાવેશ કરાયો છે.

હિંદુઓના જે મિત્રો છે તેવા ખ્રિસ્તીઓ દ્વારા આ સાઇટ ચાલુ રખાઇ છે. જો તમે ખ્રિસ્તી હો તો અમને આશા છે કે આ ખ્યાલો - વિચારો ઈસુના ઉપદેશને સ્પષ્ટ કરશે અને તમને હિંદુ ધર્મની મૂળભૂત સમજ આપશે. જો તમે હિંદુ હો તો અમને આશા છે કે આ ખ્યાલો - વિચારો હિંદુ ધર્મના ઉપદેશને સ્પષ્ટ કરશે અને તમને ઈસુના ઉપદેશની મૂળભૂત સમજ આપશે.

અમને આશા છે કે સત્ય પોતે જ પોતાને વિશે બોલશે.

## પંડિતનું પાનું

**પંડિતને પૂછો**

### મધુબિંદુઓ (અવતરણો) :

જ્યાં સુધી કોઈપણ વસ્તુનું સત્ય કે અસત્ય તમારે માટે જીવન-મરણનો પ્રશ્ન ન બને ત્યાં સુધી તમે તે વસ્તુમાં ખરેખર કેટલું માનતા હતા તે તમે કયારેય જાણતા નથી. જ્યાં સુધી તમે ખોખાને બાંધવા પૂરતો જ દોરડાનો ઉપયોગ કરતા હો, ત્યારે તે દોરડું નક્કર અને સમર્થ હોવું જોઈએ એવું તમે માનો છો તે કહેવું સહેલું છે. પરંતુ ધારો કે તમારે તે દોરડાથી કરાડ પર લટકવાનું હોય તો! ત્યારે તમે તેનો કેટલો વિશ્વાસ રાખતા હતા તે પ્રથમ નહીં શોધો?.... માત્ર સાચું જોખમ જ માનતાના સત્યની કસોટી છે.

- સી.એસ.લૂઈસ. A Grief Observed, પ્રકરણ-૨, પૃષ્ઠ૨૫

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## હેતુ

અમે માનીએ છીએ કે ભિન્ન ભિન્ન ધર્મોના લોકો વચ્ચેનો ખુલ્લો અને નિખાલસ સંવાદ સહુને લાભકર્તા છે અને ખ્રિસ્તીને તો ખાસ. હિંદુ ધર્મની માહિતી આપે એવું મેદાન પૂરું પાડવાનું અમારું ધ્યેય છે અને તે જ મેદાન ખ્રિસ્તીનું યથાર્થ ધર્મદર્શન અને બાઈબલમાંથી પ્રાપ્ત થતી ખિસ્તી ધર્મની અનન્યતાને રજૂ કરે છે. જેઓ વાંચવા-વિચારવા અને બાઈબલ સાથેના સામ્ય-તુલના સાથે હિંદુ ખ્યાલોનું અન્વેષણ કરવા આધ્યાત્મિક રીતે ખુલ્લા છે તેઓ આવકાર્ય છે.

પ્રારંભમાં તો, જેઓ હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ વિશે કશું જ જાણતા નથી તેમને માટે ચર્ચાના મુદ્દાથી પ્રારંભ કરવો તે અમારો હેતુ છે. આ સાઈટનું ધ્યેય આધ્યાત્મિકપણે "વ્યવહાર બંધ" કરવાનું તથા હિંદુઓને ખ્રિસ્તીઓ બનાવવાનું નથી. ધ્યેય તો છે હિંદુઓ અને શોધકો આગળ ખ્રિસ્તી ખ્યાલો અને સત્યો પ્રસ્તુત કરવાનું અને ખ્રિસ્તીઓ સામે હિંદુ ખ્યાલો પ્રસ્તુત કરવાનું કે જેથી હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ બંનેને સમજવાની તેમની ઈચ્છાઓને ઉત્તેજિત કરવાનું છે. અન્ય ધર્મ કે વૈશ્વિક દૃષ્ટિબિંદુને સાચી રીતે સમજવાનું મૂલ્ય તે અન્ય ભાષાને શીખવાના મૂલ્ય જેવું છે. આપણે આ જગતને ભિન્ન વ્યાકરણ અને શબ્દ ભંડોળ દ્વારા જ માત્ર સમજીએ છીએ એટલું જ નહિ, પરંતુ આપણી પોતાની માતૃભાષાને ય આપણે બહેતર સમજતા થઈએ છીએ. એટલે, અમે માનીએ છીએ કે આ સંશોધન અહીં વાંચવા અને જાણવા આપણા સહુને લાભદાયી નીવડશે.

જેમને સાચેસાચ - સન્નિષ્ઠ રસ છે તેમને માટે હિંદુ માન્યતાઓ તથા ખ્યાલો અંગેના વિચાર તથા સંવાદનું સંરક્ષણ કરવા આ વેબસાઈટનું આયોજન થયું છે. ઉચ્ચ ગુણવત્તા ધરાવતા લેખો અને રસભરી વિગતો પૂરી પાડવાનું અમારું ધ્યેય છે. નકામા ઉશ્કેરણીજનક બન્યા વિના અમે આ વિચારો રજૂ કરવા માંગીએ છીએ. હિંદુ ધર્મની સાચી - સારી સમજ સાથે જેઓ હિંદુઓ સાથે ચર્ચા કરવા યોગ્ય છે તેવા ખ્રિસ્તીઓએ લખેલા લેખો અમે રજૂ કરવાના છીએ અને ખ્રિસ્તી ધર્મની અને પોતાના મંતવ્યની ચોક્કસ સમજ દર્શાવતા હિંદુઓએ લખેલા લેખોમાં પણ અમને રસ છે. બૌદ્ધિક પ્રમાણિકતા ધરાવતા અને આધ્યાત્મિક સૂઝને શોધતા માનવીને રસ પડે તેવા વિચારો રજૂ કરવામાં અમને રસ છે.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

વૃક્ષપ્રશ્ન

આત્મા અંગે હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મની સરખામણી

ઈશ્વર: વ્યક્તિગત કે બિનવ્યક્તિગત?

હિંદુ ધર્મશાસ્ત્ર અને ઈશ્વરના ગુણધર્મો

ચોપરા વિ. ઈસુ: ૨૦ આધ્યાત્મિક બોધપાઠની તુલના

ધર્મો વચ્ચે સમાન ભૂમિકા શોધવી

ઈસુનાં ખોવાયેલાં વર્ષો

શું ઈસુએ ભારતનો પ્રવાસ કર્યો હતો?

કાન વિનાના માણસા

આ લેખો હિંદુ વ્યક્તિઓ સમક્ષ ખ્રિસ્તી સિદ્ધાંતો અને વિચારોને રજૂ કરવા માટે સ્રોત તરીકે તેમજ ખ્રિસ્તી ધર્મ અને હિંદુ ધર્મ એમ બંને ધર્મોની વધુ સારી સમજણ મેળવવાની ઇચ્છાને ઉત્તેજીત કરવા માટે સાધન તરીકે અહીં ઉપલબ્ધ છે.

આ વેબસાઈટ પર જો તમે કોઈક લેખ પ્રસિદ્ધ કરવાની ઈચ્છા ધરાવો છો તો વધુ માહિતી માટે web site administrators નો સંપર્ક કરવા વિનંતી છે.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

કર્મથી કૃપા તરફ

# જીવનકથાઓ

યોગથી ખ્રિસ્ત તરફ - લેખક: એમ. જી. એસ.
હિંદુ બ્રાહ્મણ કુટુંબમાં જન્મ અને લગ્ન - લેખક: એમ. જે.
હિંદુ ધર્મનો આગ્રહી સમર્થક - લેખક: એસ. આર. જે.
અજ્ઞાત ઈશ્વરની શોધમાં - લેખક: એન. આર.
મંદિરમાં ઉંદર - લેખક: ડૉ. મહેન્દ્ર સિંઘલ
સંસ્કૃતિને અવગણ્યા વિના વિદ્યાર્થી ઈસુમાં વિશ્વાસ મૂકે છે.- લેખક: એમ. એસ.
સર્જક સાથે સામનો અને ઈશ્વર સાથે સમાધાન - લેખક: એસ. વી. પી.
ઈસુ ખ્રિસ્તનું બલિદાન હિંદુ વેદોના હેતુને પરિપૂર્ણ કરે છે.- મને ક્ષમા અપાઈ.
વેંકટેશસ્વામી અને અસ્પૃશ્યોનો ઈશ્વર
મારો અખૂટ ખજાનો
ધાર્મિક કર્મકાંડથી તે ઈશ્વર સાથેના સંબંધ સુધી

આ વેબસાઈટ પર જો તમે કોઈક લેખ પ્રસિદ્ધ કરવાની ઈચ્છા ધરાવો છો તો વધુ માહિતી માટે web site administrators નો સંપર્ક કરવા વિનંતી છે.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

**પ્રશ્ન : મારે આયુર્વેદિક વૈદ્યને મળવું કે નહિ તે અંગે હું મુંઝાઉં છું. ખાસ કરીને રીફ્લેક્સોલોજી** (reflexology) **અંગે પણ મને આશ્ચર્ય થાય છે. રીફ્લેક્સોલોજી શું છે તે સમજવામાં તમે મને સહાય કરી શકો?**

**ઉત્તર :** અનેક લોકો સમજવા માગે છે તેવો આ એક સામાન્ય પ્રશ્ન છે. કેમ કે તેની સાથે આપણા સ્વાસ્થ્ય અને સુખાકારીનું મહત્ત્વનું પાસુ સંકળાયેલું છે. અને અનેક મૂંઝવણો કંઈક અંશે નિરાશા લાવી શકે છે. આયુર્વેદ .... સંપૂર્ણ ઉત્તર.

**- રોબિન નેલ્સન**

**પ્રશ્ન (સંક્ષિપ્ત): હું ઈસુને યરૂશાલેમમાં ચાલતા મંદિરના ભ્રષ્ટાચારથી અને પડોશી જાતિઓના પાપ એટલે કે 'કનાનના કુતરાઓ' કે દુષ્ટ ઈઝબેલથી ગ્રસ્ત યુવાન યહૂદી ધર્મગુરુ તરીકે જોઉં છું. રાણી ઈઝબેલ પ્રત્યેના ઈસુના કોપને વર્ણવતા, તેના સંતાનોને નર્કનો શાપ આપતા અને બીજી જાતિઓમાંથી લોકોને પોતાની સમક્ષ લાવી તેમની હત્યા કરવાનો પોતાના શિષ્યોને આદેશ આપતા કેટલાક ફકરાઓ છે. ખરેખર આ સાચા, ઉત્તેજિત થયેલા યુવાન ઈસુ છે? આવા મનસ્વી - જિદ્દી, આવેગપૂર્ણ, કદાચ મિજાજી હિબ્રુ યુવાનને 'તારણહાર' કે 'ખ્રિસ્ત'નું શિર્ષક અપાય તેનું મને આશ્ચર્ય છે. હું માનું છું કે ઈસુ તારણહાર છે તે ખ્યાલ પાછળથી ઉમેરાયો - લખાયો હશે. અને ઈસુ તો તે જમાનાના ભ્રષ્ટાચાર વિરોધી, માત્ર આવેગપૂર્ણ યુવાન ચિંતક હતા. તમે શું માનો છો?**

**ઉત્તર :** આ આકર્ષક પ્રશ્ન છે! ખરેખર ઈસુ યરૂશાલેમમાંના મંદિરની રીતોથી ખૂબ અસ્વસ્થ હતા. તે જમાનાના ભ્રષ્ટાચાર અને પાપોથી તે અતિ સંવેદનશીલ હતા. નવા કરારમાં .... સંપૂર્ણ ઉત્તર.

**- વ્યાટ્ટ રોબર્ટસન**

**પ્રશ્ન : ભારતીય સ્ત્રીઓના કપાળે જે ચિહ્ન કે શણગાર હોય છે તેને તમે શું કહો છો? તે હિંદુ ધર્મ સાથે કઈ રીતે સંકળાયેલું છે?**

**ઉત્તર :** ભારતીય યુવતીઓ કે સ્ત્રીઓ તેમના કપાળે જે બિંદી કરે છે તે એક પ્રકારનું સૌંદર્ય ચિહ્ન છે. તે કંઇક અંશે ઉદ્ભવ્યું છે કપાળ પર કરાતા રંગીન તિલકમાંથી જ.......સંપૂર્ણ ઉત્તર.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

**પ્રશ્ન : શું ઉત્ક્રાતિનો સિદ્ધાંત પુનર્જન્મને સમર્થન આપે છે? હિંદુઓની ઉત્પત્તિ અંગેની પુરાણકથાઓ ઉત્ક્રાતિ સાથે સુસંગત છે? શું ઉત્ક્રાતિ સત્ય છે?**

**ઉત્તર :** પ્રસ્તાવના
આજના જમાનામાં ઉત્ક્રાંતિના સિદ્ધાંતના દરજ્જા અંગેના સંક્ષિપ્ત અવલોકનની અનિવાર્યતા આ પ્રશ્ન ઊભી કરે છે. ઉત્ક્રાંતિ અને ઉત્પત્તિના હિંદુ મંતવ્ય વચ્ચે વિશાળ તફાવત - ભેદ......સંપૂર્ણ ઉત્તર.

***- જ્ઞાનબ્રહ્મા***

**પ્રશ્ન : હું ગાયત્રી મંત્ર જપું છું. હમણાં જ મેં એક લેખ જોયો જેમાં લખ્યું હતું કે ધ્યાન માટે ગાયત્રી મંત્ર લાંબો છે અને વ્યક્તિએ સરળ મંત્ર પસંદ કરવો જોઈએ. જો ગાયત્રી મંત્ર શક્તિશાળી હોય તો પછી ધ્યાન દરમ્યાન તે કેમ ન જપાય?**

**ઉત્તર :** આ ખાસ પ્રશ્નનો ઉત્તર આપું તે પહેલાં ગાયત્રી મંત્ર વિશે હું ટૂંકમાં સમજાવું. ગાયત્રી મંત્ર એ ઉચ્ચવર્ણના યુવાનને અપાતી ખાસ દિક્ષાનો એક અંશ છે. આ દિક્ષાની વિધિમાં તેને ....... સંપૂર્ણ ઉત્તર.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

**પ્રશ્ન : કોઈ વ્યક્તિ (ખાસ કરીને ખ્રિસ્તી) માટે હિંદુ ધર્મમાં ધર્માન્તર કરવું શક્ય છે? અને જો એમ હોય તો તેઓ તે કેવી રીતે કરે છે?**

**ઉત્તર :** આ શકય છે? ઈસુ અને બાઈબલના બોધ પરથી તે નિશ્ચિતપણે શકય છે? રસિક પ્રશ્ન તો એ છે કે ઈસુમાં જેને વિશ્વાસ નથી અથવા તે જે વિશ્વાસ મૂકવા માગતા નથી ...... સંપૂર્ણ ઉત્તર.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

**પ્રશ્ન : હિંદુ ધર્મ માટે કોઈ ઐતિહાસિક પુરાવો ખરો?**

**ઉત્તર :** એક પ્રતિપ્રશ્ન પૂછીને હું આ પ્રશ્નનો ઉત્તર આપવાનો પ્રારંભ કરું. ૨+૨=૪ એવો જે દાવો થાય છે તેનો અથવા અસત્ય બોલવા કરતાં સત્ય બોલવું બહેતર તે વિચારનો કોઈ ઐતિહાસિક પુરાવો ખરો? ...... સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : હિંદુ ધર્મમાં કોઈ તારણહાર ખરો? જો હોય તો તે તેવો કેવી રીતે બન્યો?**

**ઉત્તર :** આ પ્રશ્નના મારા પ્રથમ પ્રતિભાવરૂપે મારે એમ કહેવું છે કે નક્કી, હિંદુ ધર્મમાં માત્ર એક જ નહિ, એકથી વધુ અને વિચારી ન શકાય તેટલા તારણહારો છે. અલબત્ત, પ્રશ્ન તો એ છે કે આ શબ્દ ..... સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : ભારતમાં લોકો શા માટે ખ્રિસ્તી ધર્મ સ્વીકારે છે (ખ્રિસ્તી ધર્મમાં હૃદયાંતર કરે છે) તેને બદલે શા માટે તેઓ એક સાથે બે ધર્મો સ્વીકારતા નથી? હિંદુ ધર્મમાં હૃદયાંતર કરવાનો જ્યોર્જ હેરિસનનો સિદ્ધાંત અને મહાત્મા ગાંધીનો ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનો પ્રેમ મને મૂંઝવે છે.**

**ઉત્તર :** એ તો નિશ્ચિત છે કે પ્રત્યેક ધર્મને કશુંક વિધાયક (હકારાત્મક) અર્પવાનું હોય છે. ભારતીય ધર્મોમાં આપણે અહિંસાનો સિદ્ધાંત જોઈએ છીએ, ખ્રિસ્તી ધર્મ પોતાના પડોશીને ચાહવાનો બોધ આપે છે, ઈસ્લામમાંથી ....... સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : ઈશ્વર સાથેના ઐક્યનો અનુભવ સંપૂર્ણપણે બિનસંગત હશે? હું જે પૂછવાનો પ્રયત્ન કરું છું તે એ કે ઈશ્વર સાથે મારું ઐક્ય અનુભવવાની મને છૂટ આપે એવા, સતત મારામાં વસનારા મારા આત્માના કોઈ ચિહ્ન ખરા? કે પછી માત્ર હું જ ઈશ્વર બનીશ?**

**ઉત્તર :** તમે મહત્વનો પ્રશ્ન પૂછ્યો છે. ઈશ્વરનો સ્વભાવ અને માણસનો સ્વભાવ એ તેના ઉત્તરનો અંશ છે .... આથી વ્યક્તિના જીવનદર્શનની ભીતર તે પહોંચે છે. હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ .... સંપૂર્ણ ઉત્તર.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

**પ્રશ્ન : હિંદુ ધર્મ અને ઈસ્લામ સરખા છે?**

**ઉત્તર :** ક્રાંતિવાદી ઈસ્લામી જૂથે ૨૦૦૧ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે અમેરિકા ઉપર કરેલા આતંકવાદી આક્રમણો પછી અનેક અમેરિકનોને ઈસ્લામ ધર્મ હોવાની તથા તે લોકો વિશિષ્ટ સમુદાય હોવાની એમ બંને શંકા ઉત્પન્ન થાય છે ..... સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : બધા જ ધર્મો શું સરખા નથી?**

**ઉત્તર :** આ અંગે કોઈ પ્રશ્ન જ નથી. બધા જ ધર્મો હૃદયમાં તો ખરેખર સરખા જ છે તેવું રજૂ કરવું આજે ઘણું લોકપ્રચલિત બન્યું છે. તે ધર્મો આપણને ઉચ્ચતર શક્તિનો (સામાન્ય રીતે 'ઈશ્વર' કહેવાય છે તેનો) સ્પર્શ કરાવે છે અને આપણને પૂરું પાડે છે......સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : માનવજાતના ઈશ્વરના ન્યાયચુકાદા વિશે હિંદુ ખ્યાલ શો છે?**

**ઉત્તર :** આ સાચે જ રસિક પ્રશ્ન છે, કારણ કે તે હિંદુ ધર્મના ખ્યાલ અંગે પૂછે છે જે ખરેખર હિંદુ ધર્મમાં સ્વસ્થતાપૂર્વક નથી. જ્યારે આપણે માનવજાત પરના ઈશ્વરના ચુકાદાનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે કલ્પના કરીએ છીએ ..... સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન :** હું એ દુવિધામાં છું કે......હિંદુઓ પાસે દસ આજ્ઞાઓના સામ્ય જેવું શું છે? એટલે કે હું એમ કહેવા માગું છું કે તેઓ જ્યારે નક્કી કરે છે કે અમુકતમુક કાર્ય નૈતિક કાર્ય તરીકે સાચું કે ખોટું છે ત્યારે હિંદુઓ કઈ સંહિતા, ગ્રંથ કે દસ્તાવેજને ઉલ્લેખે છે?

**ઉત્તર :** હિંદુઓ માટે એકસરખા નિયમોનો સ્તર નથી (દા.ત. બધા જ હિંદુઓ માટે નિશ્ચિત દસ આજ્ઞાઓ નથી). અનેક સંહિતાઓ અને ફરજો જો કે છે, હિંદુ ધર્મમાં તો સાચે જ હજારો છે પણ એકપણ સ્પષ્ટ નથી ..... સંપૂર્ણ ઉત્તર.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

**પ્રશ્ન : ગીતામાંના કર્મ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે શા સામ્યો છે?**

**ઉત્તર :** ભગવદ્ગીતામાં, પોતે યુદ્ધ કરવું કે ન કરવું અને બને તો ભીષ્મ, દ્રોણ અને પોતાના અન્ય સ્વજનોને હણી પૂરા કરવા અંગે વિષાદમાં મૂકાયેલા અર્જુનને કૃષ્ણ બોધ આપે છે. કૃષ્ણ કહે છે કે અર્જુન ..... સંપૂર્ણ ઉત્તર.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : વેદોમાંના પ્રજાપતિ અને જૂના કરારમાંના ઈશ્વરપિતા સરખા છે?**

**ઉત્તર : આ રસિક પ્રશ્ન છે, અને તેનો ઉત્તર સરળતાપૂર્વક અપાય તેમ નથી. સામાન્ય રીતે બંને ચોક્કસ સરખા છે: વિશ્વના સર્જક તરીકે બંને ઓળખાયા છે. પ્રજાપતિ ..... સંપૂર્ણ ઉત્તર.**

***- જેરહાર્ડ વોહ્લબર્ગ***

**પ્રશ્ન : બાઈબલમાં જેમ ઉલ્લેખાયો છે તેમ વેદોમાં (હિંદુ ધર્મમા) (સનાતન જીવન પ્રાપ્ત કરવા માટે) ફરી (નવા) જન્મનો ખ્યાલ છે ખરો?**

**ઉત્તર :** હિંદુ ધર્મ અને ખ્રિસ્ત પાસે અંશત: આચ્છાદન છતાંય ભેદો સાથે એકસરખા શબ્દો કેવા છે તેનું ઉદાહરણ તમારો પ્રશ્ન છે. ખ્રિસ્તીઓ અને હિંદુઓ બંને ફરી (નવા) જન્મનો દાવો કરે છે, પણ તેનો અર્થ શો તે ..... સંપૂર્ણ ઉત્તર.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

**પ્રશ્ન : મારો એક મિત્ર છે જે ખ્રિસ્તી હોવાનો દાવો કરે છે, પણ તે યોગ કરે છે. યોગમાં એવું તે શું છે કે જે ખ્રિસ્તી સિદ્ધાંતો અને ઉપદેશથી વિરુદ્ધ છે?**

**ઉત્તર :** યોગ એટલે ઐકય. સંસ્કૃતના મૂળ શબ્દ યુજ્‌નો અર્થ થાય છે 'જોડવું' કે 'એક કરવું'. પશ્ચિમમાં તેને માત્ર સ્વાસ્થ્ય લાભ કે વ્યાયામ પધ્ધતિ તરીકે વારંવાર ઉદ્‌ઘોષિત કરાયો છે. આની વારંવાર જાહેરાત થઇ છે.....સંપૂર્ણ ઉત્તર.

**- વ્યાટ્ટ રોબર્ટસન**

**પ્રશ્ન : ઉત્પત્તિ અંગે હિંદુ ખ્યાલ શો છે?**

**ઉત્તર :** હિંદુ સાહિત્ય (ગ્રંથો)માં એવા અનેક અહેવાલો મળે છે જે ઉત્પત્તિનો ઉલ્લેખ કરે છે. ૧) ઋગ્વેદ અમર્ત્ય પુરુષનો ઉલ્લેખ કરે છે જેનું વિભાજન થયું છે અને તેના ભાગો આ ભૌતિક વિશ્વ, જીવંત અને અન્ય વિશ્વ બને છે.....સંપૂર્ણ ઉત્તર.

**- દયાલ વી.**

**પ્રશ્ન : ખ્રિસ્તી ત્રિએકતાના સિદ્ધાંતથી હિંદુ ત્રિએકતાનો ખ્યાલ શી રીતે જુદો પડે છે?**

**ઉત્તર :** હિંદુ ધર્મમાં ત્રિએકતા છે - બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. અને ખ્રિસ્તી ધર્મમાં ત્રિએકતા છે - પિતા, પુત્ર અને પવિત્ર આત્મા. ભિન્ન નામો, સરખો ખ્યાલ, ખરુંને! ના, એવું નથી. જોકે, આપણે સાવધ રહેવું જોઇએ .... સંપૂર્ણ ઉત્તર.

**- જેરહાર્ડ વોહ્‌લબર્ગ**

**પ્રશ્ન : જગતમાં હિંદુઓ કેટલા છે?**

**ઉત્તર :** ગાણિતિક બાબતો માટે પેટ્રિક જ્હોનસન શ્રેષ્ઠ સ્રોત છે. તેમણે જગતના દેશો, તેમનું રાજકારણ, તેમના ધર્મો અને બીજા અન્ય પાસાઓ પર એક પુસ્તક લખ્યું છે અને તેને હમણાં હમણાં અદ્યતન પણ બનાવ્યું છે .... સંપૂર્ણ ઉત્તર.

**- વ્યાટ્ટ રોબર્ટસન**

**પ્રશ્ન : હિંદુ ધર્મમાં શેતાન છે ખરો? અને હિંદુ ધર્મમાં દુરિત છે?**

**ઉત્તર :** ફરી આપણી પાસે એક એવો પ્રશ્ન છે જે હિંદુ ધર્મ તથા ખ્રિસ્તી ધર્મ વચ્ચેના ભેદને ઉપસાવે છે. અથવા, ખરેખર તો ભેદ પૂર્વના ધર્મો વચ્ચે વધુ છે. જેમ કે હિંદુ ધર્મ અને બૌદ્ધ ..... સંપૂર્ણ ઉત્તર.

**- જેરહાર્ડ વોહ્‌લબર્ગ**

**પ્રશ્ન : હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચે ભેદ શો છે?**

**ઉત્તર :** બહારની વ્યક્તિને તો ઘણીવાર કદાચ એમ લાગે કે હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચે ખરેખર કોઈ ભેદ નથી. ખાસ કરીને જ્યારે તે વ્યક્તિ માત્ર હિંદુ ધર્મનું વધુ દાર્શનિક, અદ્વૈતવાદી સ્વરૂપ ખ્યાલમાં લેતી હોય ત્યારે બને ... સંપૂર્ણ ઉત્તર.

*- જેરહાર્ડ વોહ્લબર્ગ*

**"પંડિતોને પૂછો !"**

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## આત્મા અંગેનો હિંદુ ધર્મ તથા ખ્રિસ્તી ધર્મનો ખ્યાલ

ખ્રિસ્તના ઉપદેશમાં તથા હિંદુ ધર્મના શાસ્ત્રો બન્નેમાં 'પોતાનો નકાર કરવો'(losing one's self) નો ખ્યાલ છે જ. આ ખ્યાલોનું સ્વરૂપ સાવ જુદું છે. આ લેખનો હેતુ બન્ને ખ્યાલોમાં રહેલા ભેદને સમજાવીને સરખા જ શબ્દો ખરેખર તો કેવા ભિન્ન ભિન્ન અર્થો પ્રગટ કરે છે તે સમજાવવાનો છે.

હિંદુ ધર્મમાં આત્મા (self) એકરૂપ છે કે જેમાં સઘળું સર્જન ભાગ લે છે. આત્મા(self) પોતાનું સ્વરૂપ જાણતો હતો અને તે એ પણ જાણતો હતો કે તે બ્રહ્મ છે, અને આત્મા (self) જ સર્વસ્વ બની ગયો. પોતે કોઈ અલગ અસ્તિત્વ નથી, પરંતુ પરમ આત્માનો અંશ છે એવું પ્રત્યેક વ્યકિતને સમજાવવાનું ધ્યેય હિંદુ ધર્મનું છે. અને એટલે જ આ ઉકિત 'આત્મા એવ બ્રહ્મ' જોવા મળે છે. યોગ તથા આધ્યાત્મિક પ્રવૃત્તિ દ્વારા વ્યકિતનું ધ્યેય છે: બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનું, સ્વયમેવ બ્રહ્મ છે તે જાણવાનું છે. (૧) આ સંદર્ભમાં 'પોતાનો નકાર કરવા' એટલે પ્રત્યેક માનવીએ વ્યકિતગત રીતે બોલવું કે વિચારવું ન જોઈએ અને પોતાની અંગત ઈચ્છાઓ કે કામનાઓ અનુસાર આચરવું ન જોઈએ તેવી માન્યતાનું જ્ઞાન. હિંદુ ધર્મનું ધ્યેય છે: પોતાની ઈચ્છાઓ અને કામનાઓથી છૂટા પડવું અને વિશ્વવ્યાપી આત્મા સાથે ઐકય મેળવવું.

ઈસુ ખ્રિસ્તના બોધમાં 'પોતાનો નકાર કરવો' નો ખ્યાલ જ સાવ જુદો છે. ઈસુ દૃઢતાપૂર્વક કહે છે કે પ્રત્યેક વ્યકિત એ જ સાચું અને ખરું સર્જન છે. આ પ્રત્યેક વ્યકિત કોઈ પરમ આત્મામાં નથી ભળી જતી કે નથી વિલીન થઈ જતી, પણ તે કોઈ ચોક્કસ અંગત અસ્તિત્વ ખાતર સર્જાઈ છે. ઈસુ તો એવો બોધ આપે છે કે સનાતનકાળ સુધી ઈશ્વર સાથેના સંબંધમાં (સ્વર્ગમાં) કે ઈશ્વરથી અલગ થઈને (નર્કમાં) પણ વ્યકિત પોતાનું અંગત વ્યકિતત્વ જાળવી રાખશે. (૨) ઈસુના મત અનુસાર તો માણસનો પ્રશ્ન તો જ્ઞાનની અયોગ્ય સમજણ નહિ પણ પાપ, ઈશ્વર વિરુધ્ધ વિદ્રોહ છે. અને આ ત્યારે બને છે કે જયારે વ્યકિત (માણસ) ઈશ્વર (માણસથી અલગ એવું સર્વોત્કૃષ્ટ અને સ્વતંત્ર અસ્તિત્વ)નો અનાદર કરી, અસ્વીકાર કરીને સ્વતંત્ર રીતે જીવવાનું પસંદ કરે ત્યારે પાપ સામે અને આ વિદ્રોહ અંગે વ્યકિતને નર્કમાં મોકલવાના ભય સામે ઈસુએ સખત શબ્દોમાં ચેતવણી આપી છે. (૩) ઈસુનો 'પોતાનો નકાર કરવો' વિશેનો બોધ એટલે ઈશ્વરના માર્ગની વિરુધ્ધ વિદ્રોહી બનેલા સ્વતંત્ર અને વસ્તુનિષ્ઠ આત્માની ઈચ્છાઓનો ત્યાગ. ઈસુએ તો આપણને બોધ આપ્યો છે કે આદમ અને હવા (ઈશ્વરે સર્જેલાં પ્રથમ સ્ત્રી-પુરુષ)નું પતન થયું અથવા વિદ્રોહ કર્યો ત્યારથી જ માણસ ઈશ્વરથી અલગ થઈ પાપમાં રહ્યો છે. આ પાપ પ્રત્યેક-વ્યકિતગત માણસના સ્વભાવનો જ અંશ છે. ઈસુના મતાનુસાર તો સ્વ માટે-પોતાને માટે જીવવું એટલે પાપમાં જીવવું. (૪) ઈસુએ તો કહ્યું, "જો કોઈ મારી પાછળ આવવા ચાહે તો તેણે પોતાનો નકાર કરવો અને દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું" (લૂક ૯:૨૩). આનો અર્થ એ કે માનવસ્વભાવનો અંશ બની ગયેલી પાપમય સ્વાર્થી ઈચ્છાઓનો ત્યાગ. (૫) આનો અર્થ એ કે વ્યકિત તરીકે બીજાઓ માટે તથા ઈશ્વર માટે જીવવાનું પસંદ કરવું તે. આ રીતે જોતાં ઈસુના બોધ પ્રમાણે 'પોતાનો નકાર કરવો' તે તો પોતાની પાપી જાતની પાપી તથા વિનાશક ઈચ્છાઓનો ત્યાગ કરવો અને ઈશ્વર તથા તમારા પડોશીનું ભલું કરવાનો પ્રયત્ન કરવો.

આમ, ઈસુને મન તો 'પોતાનો નકાર કરવો' નો ગુણ તો માત્ર કશાકનું જ્ઞાન નથી, કોઈ વિશ્વવ્યાપી આત્મા હોવાનો સાક્ષાત્કાર નથી કે કોઈ વિશેષ જાણકારી નથી. એ તો છે, પોતાની અંગત ઈચ્છાઓને નકારીને ઈશ્વરે જે સારું-ભલું કહ્યું છે તેવું જીવન જીવવાની વ્યકિતની પસંદગી.

**નીચેનો કોઠો આ તફાવતને વધુ સ્પષ્ટતાથી સમજવામાં સહાય કરશે.**

| | **ઈસુનો બોધ** | **હિંદુ ધર્મનો ખ્યાલ** |
|---|---|---|
| પોતાનો નકાર કરવાનું સ્વરૂપ | ઈસુનો સ્વ નકાર = વ્યક્તિઓ દ્વારા ખરેખરું નિ:સ્વાર્થ જીવન | હિંદુ ધર્મનો સ્વ-નકાર = આપણે પરમ આત્મા બ્રહ્મ છીએ તેવો સાક્ષાત્કાર |
| પોતાની જાત(સ્વ)ની ઈચ્છાઓ શા માટે ભૂંડી છે ? | પોતાની જાત (સ્વ)ની ઈચ્છાઓ ભૂંડી છે, કારણ કે તે પાપી છે - ઈશ્વરના માર્ગનો વિદ્રોહ કરનારી છે. | પોતાની જાત (સ્વ)ની ઈચ્છાઓ ભૂંડી છે, કારણ કે તે બ્રહ્મની ઈચ્છાઓ નથી. |
| ઉકેલ | પશ્ચાતાપ, સ્વાર્થી ઈચ્છાઓનો ત્યાગ. ઈશ્વરે બોધેલા માર્ગો પ્રમાણે જીવવું. | તમે આત્મા છો એવો સાક્ષાત્કાર, એવું પરમ જ્ઞાન. |
| પોતાના નકારમાં આત્મા(self)નું સ્થાન | પોતાનો કે સ્વનો નકાર કરી ઈશ્વર માટે જીવવું | સ્વને શોધવા માટે પોતાની તરફ ફરવું. |

હિંદુ ધર્મ પ્રમાણે 'પોતાનો નકાર કરવો' એટલે ખરેખર તો પોતે પરમ આત્માનો અંશ છે તેવી દૃઢ માન્યતાને સબળ કરવી. ઈસુનો ઉપદેશ તો એવો છે કે આત્મા ભ્રષ્ટ થઈ ગયો છે અને જીવન ભ્રષ્ટ (પાપી) આત્મા(self)એ સર્જેલી પરિસ્થિતિ પર આધારિત છે. 'પોતાનો નકાર કરવો' એટલે આવા સ્વાર્થી જીવનથી પાછા ફરી ઈશ્વર માટે જીવવું તે. આ તુલનામાં આ વિરોધાભાસ છે. હિંદુધર્મ પરમ આત્માને - બ્રહ્મને પામવા (૬) આત્મા તરફ ફરે છે. ખ્રિસ્તી ધર્મ પોતાનો નકાર કરી સ્વ કે પોતા રહિતતાનો બોધ આપે છે.

**માથ્થી ૧૬:૨૪ -** *"પછી ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, જો કોઈ મારી પાછળ આવવા ચાહે તો તેણે પોતાનો નકાર કરવો ને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું".*

## લેખક : વ્યાટ્ટ રોબર્ટસન

---------------------------------------------------------

(૧) સંદર્ભ બૃહદારણ્યક ઉપનિષદ પ્રકરણ ૧, બ્રાહ્મણ ૪, શ્લોક ૧૦. - આ ઉપદેશના અનેક ઉદાહરણોમાનું એક.

(૨) યોહાન ૫:૨૫-૨૯, માથ્થી ૨૫:૩૪,૪૧,૪૬.

(૩) માથ્થી ૧૮:૮ - 'માટે જો તારો હાથ અથવા તારો પગ તને ઠોકર ખવડાવે તો તેને કાપી નાખીને તારી પાસેથી ફેંકી દે, તારા બે હાથ અથવા બે પગ છતાં તું અનંત અગ્નિમાં નંખાય એ કરતાં લંગડો અથવા ટૂંડો થઇ જીવનમાં પેસવું તે તારે માટે સારું છે'.

(૪) માથ્થી ૨૩:૨૫ - 'ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ તમને અફસોસ છે! કેમકે તમે થાળી વાટકો બહારથી સાફ કરો છો, પણ તેમની માંહે જુલમ તથા અન્યાય ભરેલાં છે'.

(૫) ગલાતીઓને પત્ર ૫:૧૭ - 'કેમકે દેહ આત્માની વિરુધ્ધ ઈચ્છા કરે છે, અને આત્મા દેહની વિરુધ્ધ. કેમકે તેઓ પરસ્પર વિરુધ્ધ છે'.

(૬) કથાઉપનિષદ ૪,૧.

All rights to this article remain with the author of the article;
all publishing rights are the sole right of the author.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## મંદિરમાં ઉંદર

મારો જન્મ હિંદુ પરિવારમાં થયો હતો. મારા માતપિતા સમૃધ્ધ હતા. મારા દાદા અને મારા નાના ભારતના અગ્રણી ઔદ્યોગિક જૂથનાં કુટુંબોમાંથી આવતા હતા. હું એક સરસ, અતિ સરસ ઘરમાં જન્મ્યો હતો. હું મારા પિતાનું બીજું સંતાન હતો. મારા પિતાનું ચીનાઈ માટીના વાસણો બનાવવાનું કારખાનું હતું. અમે પ્યાલા-રકાબી બનાવતાં. પહેલા અને બીજા વિશ્વ યુધ્ધોમાં લડતા અંગ્રેજ લશ્કરોને અમે પ્યાલા-રકાબી પૂરાં પાડતાં. મારા પિતાના કારખાનામાં દસથી બાર હજાર લોકો કામ કરતા હતા. અમારું કારખાનું મોટું હતું.

મારા બાળપણની ઘણી બધી બાબતો મને યાદ છે. પણ એક બાબત મને યાદ છે કે મારે કોઈપણ વસ્તુ બીજીવાર માગવી પડતી નહોતી. હું જે માગું તે મને મળતું. તમે કદાચ કહેશો કે મને લાડ લડાવ્યા હતા. કદાચ તે સત્ય હશે, પણ હું જે માગું તે મળતું. મારા પિતા કયારેય ના પાડતા નહિ. અમે કયારેય પિતાને દીઠા નહોતા, કારણ કે તે તેમના કામમાં ખૂબ વ્યસ્ત રહેતા. મારી મા જ ઘર ચલાવતી. તે મને વહાલ કરતી, ખૂબ ખૂબ વહાલ કરતી. મારા પિતા એક સારા હિંદુ હતા. અને તે એ અર્થમાં કે તે ધર્મ વિષે કશું જાણતા નહોતા, પણ તે તેમાં માનતા હતા. તે રૂઢિચુસ્ત હતા. તે માનતા હતા કે હિંદુ ધર્મ એક ધર્મ હતો અને તે વર્ષના યોગ્ય સમયે યોગ્ય કામો કરતા. જો કે, વારંવાર પ્રશ્નો પૂછતા સંતાનોમાંનો એક હું હતો. હું જાણવા માગતો હતો. હું તેમને પ્રશ્નો પૂછવા માગતો હતો અને તે એ પ્રશ્નોથી એટલા કંટાળી જતા કે એક દિવસ તેમણે મને કહ્યું, "હું તારી સાથે પહેલાં ન બોલું ત્યાં સુધી તારે મારી સાથે બોલવું નહિ." અને તે જમાનામાં તો ભારતમાં માતપિતા આવું કહી શકતા અને આવી આશાય રાખતા. હવે સમય બદલાયો છે. પણ જયારે મારા પિતાએ કહ્યું, "તારે મારી સાથે બોલવું નહિ," ત્યારે હું ન બોલ્યો. મને તે પ્રશ્ન પૂછે તેની જ હું રાહ જોતો. અને તેમના સવાલનો જવાબ આપતાં પહેલાં હું મારો પ્રશ્ન વચ્ચે પૂછી લેતો. પરંતુ તે આ સમજી ગયા અને મારી માતા દ્વારા મારી સાથે વાત કરવા લાગ્યા. આ તેમની હોંશિયારી હતી, પણ હું પ્રશ્નો પૂછતો અને તે કંટાળી જતા.

ત્યાં જ મારા જીવનમાં બે ઘટનાઓ બની. હું સાત-આઠ વર્ષનો હોઈશ. મને હિંદુ ધર્મનું શિક્ષણ આપવા તેમણે શિક્ષક રાખ્યા. તે શિક્ષક રોજ સવારે છ વાગે આવતો - પછી શિયાળો હોય કે ઉનાળો. અને તેમની ભણાવવાની રીત પણ ગજબની-વિચિત્ર હતી. હિંદુ ધર્મના પુસ્તકો તે ગોખાવતો. તે મને થોડુંક ગોખવા આપતો, અને બીજે દિવસે સવારે જયારે તે આવે ત્યારે મારે તે ઓકવું પડતું. મને તેણે જે કંઈ ગોખવા આપ્યું હોય તે બરોબર બોલી જવું પડતું. જો હું તેમ કરું તો ઠીક, પણ જો હું તેમ ન કરું, તો મારે ફરીવાર તે ગોખવું પડતું. અને આમ અમારું ચાલતું. પણ અમે અંદરના પાઠો વિષે કશી ચર્ચા ન કરતા.

એક બાજુ આ ચાલતું હતું, ત્યાં બીજી વાત બની. દરેક વર્ષે અમે મંદિરે જતા. અમે રહેતા હતા ત્યાંથી મંદિર લગભગ દસ માઈલ દૂર હતું. હવે હું જાણતો નથી કે તમે આ વાત જાણો છો કે નહીં, પરંતુ ભારતમાં સામાન્ય રીતે અમે પગે ચાલીને મંદિરે જતાં અને આમ કરીને મંદિરના દેવ પ્રત્યેની અમારી ભકિત પ્રગટ કરતા. હવે, મારા પિતા પાસે દસ માઈલ ચાલવાનો સમય નહોતો કે નહોતી શકિત. એટલે અમે ગાડીમાં મંદિરમાં જતા. આની મને પહેલા તો સમજ ન પડી પણ પાછળથી હું સમજી ગયો. અમે લગભગ મંદિર નજીક મોટરમાં જતા પણ મંદિર સુધી નહિ. અમે મંદિરથી થોડેક

અંતરે મોટર ઊભી રાખતા. તેમાંથી ઊતરી જતા અને પછી દસ-વીસ ફૂટનું અંતર પગે ચાલીને-કાપીને મંદિરે જતા. હું માનું છું કે મારા પિતાના મનમાં એવો ખ્યાલ હતો કે તે આખે રસ્તે ચાલીને નથી આવ્યા તે ઈશ્વર નહિ જાણે. ઈશ્વર તો એમ માનશે કે તે ઘેરથી આખે રસ્તે ચાલીને જ આવ્યા છે. અને અલબત્ત, આથી તે ખૂબ પ્રભાવિત થશે. મને આ મંદિરે એટલા માટે જવું ગમતું કે ત્યાં પ્રસાદમાં એક ખાસ પ્રકારની મીઠાઈ ધરાવાતી અને મને તે ભાવતી. તે સફેદ હતી અને ખૂબ સ્વાદિષ્ટ હતી. દુનિયામાં બીજે કયાંય તેના જેવી મીઠાઈ નહોતી. અને તે મીઠાઈનો ભાગ મેળવવા માટે હું પ્રત્યેક વર્ષે થતા જમણની રાહ જોતો. મને ત્યારે તે ખૂબ ભાવતી. આ મીઠાઈ ભરેલો મોટો, ખૂબ મોટો વાટકો મારા પિતા ઉંચકતા, કારણ કે આ મીઠાઈનો પ્રસાદ ઈશ્વરને ધરાવવાનો હતો. અમે પગથિયાં ચઢીને મંદિરમાં જતાં, બેસતાં અને પ્રસાદ ધરાવતાં. પછી અમને અમારી આ વાર્ષિકી યાત્રા આનંદવાની તક મળતી. મારે મન આ પ્રસાદ એ જ મારો આનંદ હતો. તેમને મન મંદિર. આ ખાસ પ્રસંગે અમે મંદિરમાં ગયાં અને બેઠાં. પૂજારી અને તેના સાથીદારો ત્યાં હતા. મારા પિતાના મોભાને કારણે તે બધા મારા પિતાનું ખૂબ ધ્યાન રાખતા. ઘંટ વગાડ્યા પછી અમારે આંખો બંધ કરવાની હતી અને ઈશ્વર અમારો પ્રસાદ સ્વીકારે છે તેવી આશા રાખવાની હતી. જ્યારે તે સહુએ પોતાની આંખો બંધ કરી ત્યારે મેં મારી આંખો ખુલ્લી રાખી મીઠાઈનો તે વાટકો જોયા કર્યો, કારણ કે હું ખાતરી કરવા માગતો હતો કે તે પ્રસાદમાં કંઈ ઘાલમેલ નથી થતી. મારો પૂરેપૂરો હિસ્સો મને મળે તે માટે હું ખૂબ ઉત્સુક હતો. આ જ વખતે, જ્યારે બધા આંખો બંધ રાખીને બેઠા હતા અને હું મીઠાઈના વાટકાને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો તે જ વખતે એક ઉંદર દેખાયો. જ્યારે બધા ધ્યાન ધરતાં હોય તેમ આંખો બંધ કરીને બેઠાં હતાં, ત્યારે સીધા પેલા વાટકા પાસે જવાનું સાહસ ઉંદરે કર્યું. હું ડરી ગયો, કારણ કે મને થયું કે પાછળથી જે વાટકામાંનો પ્રસાદ હું માણવાનો હતો તે વાટકાને ઉંદર ન અટકે તો સારુ. એટલે મેં ચીસ પાડી. હું બોલી ઉઠ્યો, “જુઓ, જુઓ, અહીં ઉંદર છે.” તે બધાએ આંખો ખોલી, ત્યાં જ ઉંદર પલાયન થઈ ગયો. મારા પિતા મારા પર ખૂબ ગુસ્સે થયા, કારણ કે મેં તે પૂજાનો ખૂબ અનાદર કર્યો હતો. મંદિરમાંના મારા આ ગેરવર્તન બદલ મને ખૂબ ધબ્બા મારવામાં આવ્યા. ત્રણ દિવસ સુધી મને મારા ઓરડામાં પૂરી રખાયો અને મને ખાવાપીવા કશું જ ન આપવાનો હુકમ કર્યો. સદ્ભાગ્યે, મારી માતાએ આ આદેશનો અમલ ન કર્યો અને મને ખાવાનું મળ્યું. પણ તે વર્ષે પેલી મીઠાઈ ખાવા ન મળી. મારા મનમાં એક સવાલ ઊભો થયો કે જો ઈશ્વર પોતાની ખુદની માલમત્તા એક ઉંદરથી બચાવી ન શકતો હોય તો શા માટે હું મંદિરમાં જાઉં? અને ખરેખર જે વસ્તુ બનવી જ નહોતી જોઈતી તે અંગે મેં કહ્યાં, તેથી મને સજા કેમ થઈ?

અને જ્યારે આ બધું ચાલતું હતું અને મારા મનમાં મોટો પ્રશ્ન ઊભો થયો હતો ત્યારે હું મારા શિક્ષક પાસે ગયો. મેં કેટલાક પ્રશ્નો પૂછ્યા. મારામાં તેને પ્રશ્નો પૂછવાની હિંમત હતી તે જોઈને શિક્ષક તો હેબતાઈ ગયો. હવે કૃપા કરી તેણે જે પ્રતિભાવ આપ્યો તે કાળજીપૂર્વક સાંભળો, કારણ કે તેનો પ્રતિભાવ મારા મનમાં ચાલતી સમગ્ર પ્રક્રિયાનું નિદર્શન કરતો હતો. તે માણસ મારી આંખોમાં આંખો પરોવી થોડી ક્ષણો સુધી તો મને ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો. અને પછી ખૂબ ઘેરા અવાજે બોલ્યો, “બેટા, તું આ જવાબ જાણતો હોત તો તેં આ સવાલ ન પૂછ્યો હોત.” હું પાછો મારા ઓરડામાં ગયો અને તે અંગે વિચાર્યું. હું ખૂબ પ્રભાવિત થયો. મને લાગ્યું કે જાણે મેં કશુંક ઊંડું, ચિંતનશીલ સાંભળ્યું છે. અને પછી આ માણસે એક છોકરા તરીકે મને શું કહ્યું હતું તેનું પૃથ્થકરણ કર્યું. અને મને સમજાયું કે આ માણસે તો મને કંઈ જ કહ્યું નથી. એટલે બીજે દિવસે સવારે છ વાગ્યે હું ફરી તેની પાસે ગયો અને કહ્યું, “સાહેબ, તમે મારા સવાલનો જવાબ ન આપ્યો.” અને વળી પાછો તે જ જવાબ મળ્યો, “બેટા, તું જવાબ જાણતો હોત તો તેં આ સવાલ ન પૂછ્યો હોત.” થોડાક પ્રયત્નો પછી મેં નક્કી કર્યું કે આ માણસ શાણો-ડાહ્યો નહોતો. તે દરમિયાન આ શિક્ષકને લાગ્યું કે હું નકામો વિદ્યાર્થી હતો અને તેણે નોકરી છોડવાની વાત કરી. તેણે મારા પિતાને કહ્યું, “હું તમારા દીકરાને નહિ ભણાવી શકું. તમારો દીકરો તમારું કુળ બોળશે. તેને કશું ભણાવી શકાય તેમ નથી.” આવો શિક્ષક નોકરી છોડી દે તેમાં આખા કુટુંબે પોતાનું અપમાન જોયું. મને યોગ્ય શિક્ષા થઈ. અલબત્ત, મોડેમોડે મને તેના ઉત્તરમાં રહેલા ચિંતનશીલ સૂચિતાર્થની જાણ થઈ. પણ ત્યારે તો મને થતું હતું કે તેણે મારા સવાલનો જવાબ આપવો જોઈતો હતો. પણ પછી હિંદુ ધર્મના પુસ્તકોનું જ્ઞાન હું ન પામ્યો. મેં ખૂબ નાની વયે હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું. હું આ અંગે ડંફાસ નથી મારતો પણ બાર વર્ષની વયે મેં હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું. હું સારો-હોંશિયાર વિદ્યાર્થી હતો અને હું સ્કૂલની બહાર નીકળવા માગતો હતો. હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું થતાં જ, હિંદુ ધર્મમાં મારો રસ જોઈને તેમણે યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ સુધી હિંદુ ધર્મનો અભ્યાસ કરવા દીધો. મેં ઈંગ્લેન્ડમાં, ઑક્સફોર્ડ ખાતે હિંદુ ફિલસુફી અને હિંદુ ધર્મનો અભ્યાસ કર્યો. મને તેમાં આનંદ પડ્યો. ઈંગ્લેન્ડમાં મેં સારો એવો સમય પસાર કર્યો. હું મારા પિતાથી દૂર હતો અને મેં વિચાર્યું કે ખરેખર મારે પત્ર લખવો જોઈએ. મેં મારા પિતાને લખ્યું,

"પપ્પા, મને ઑકસફોર્ડ મોકલવા બદલ તમારો આભાર. મારો સમય સરસ વીત્યો." મારા પિતા ગુસ્સે થયા. તેમણે લખ્યું, "ત્યાં તને મજા માણવા નહોતો મોકલ્યો. મેં તને ભણવા મોકલ્યો હતો. પાછો આવતો રહે." હું ભારત પાછો ફર્યો. મારા પિતાની ઈચ્છા હતી કે હું તેમના વ્યવસાયમાં જોડાઉં. તેમના ધંધામાં મને રસ નહોતો. મેં કહ્યું, "ખેર! હું પાછો કોલેજ જાઉં છું." મેં તેમ જ કર્યું અને ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો. હું ગણિતશાસ્ત્રના પ્રેમમાં પડયો. એ મહાન વિષય છે. મેં ગણિતશાસ્ત્રમાં અનુસ્નાતકનું શિક્ષણ પૂરું કર્યું, અને મારા પિતાએ વિચાર્યું અને પૂછ્યું, "હવે તું શું કરવાનો?"

ભારતમાં એક ખ્રિસ્તી શાળા હતી અને આ ખ્રિસ્તી શાળાને ગણિતના શિક્ષકની જરૂર હતી. તેમણે મને નોકરીનો પ્રસ્તાવ મૂકયો. સધર્ન બેપ્ટિસ્ટ દ્વારા આ શાળાનું સંચાલન થતું હતું. આ શાળાના હેડમાસ્તર હતા ઓસ્ટ્રેલિયાના સિડનીથી આવેલા એક ઓસ્ટ્રેલિયન ધર્મસેવક. તેમણે મને નોકરી આપી. તેમની શાળામાં નોકરીમાં રખાયેલો બીનખ્રિસ્તી શિક્ષક હું એક જ હતો. મારા પિતાએ તે શાળામાં મને જવા દીધો. તેમના મનમાં એમ હતું કે થોડાંક વર્ષો આ ખ્રિસ્તી શાળામાં કામ કર્યા પછી મને લાગશે કે પૂરતા પૈસા મળતા નથી અને હું તેમની પાસે જઈ કામ માટે કરગરીશ. પણ તેમને તે જ્ઞાન નહોતું કે હું ય જાણતો નહોતો કે તે શાળામાં જ હું ઈસુ ખ્રિસ્ત વિષે સાંભળીશ. ૧૯૬૦ ના મે મહિનામાં હું ત્યાં ગયો અને તે જ શાળામાં ૧૯૬૩ના જુલાઈ મહિનામાં, બરોબર ત્રણ વર્ષ પછી હું ખ્રિસ્તી બન્યો. શું બન્યું? ખેર, ઈલિનોઈસના વ્હિટનથી આવેલો એક અમેરિકન ધર્મસેવક મને મળ્યો. તેણે મને કહ્યું, "ઈસુમાં વિશ્વાસ રાખ અને તારું તારણ થશે." મેં આ સજ્જનને પૂછ્યું, "વિશ્વાસ રાખવો એટલે શું?" અને તે મારા પ્રશ્નનો ઉત્તર ન આપી શકયો. પૂરી પિસ્તાળીસ મિનિટ સુધી તેણે મારી સાથે વાત કરી અને પછી મને કહ્યું, 'ઠીક, હું તારે માટે પ્રાર્થના કરીશ. પણ મને લાગે છે કે તું સત્ય સ્વીકારવા તૈયાર નથી.' મને એકલો મૂકી તે ચાલ્યો ગયો. ઓસ્ટ્રેલિયાના બેપ્ટિસ્ટ ધર્મસેવક એવા મારા આચાર્યને બે કારણોસર મારા પર પ્રેમ હતો. તેમને પણ ગણિતશાસ્ત્રમાં રસ હતો અને અમને બન્નેને ટેનિસની રમત ગમતી. આમ, અમારે સારું બનતું. પછી તેમણે બાઈબલના અભ્યાસ માટે મને તેમને ઘેર નિમંત્ર્યો. હું પહેલી જ વાર ત્યાં ગયો. મેં એક અંગ્રેજી યુવતી ત્યાં જોઈ. તે ધર્મસેવિકા હતી. બાઈબલના અભ્યાસ માટે તે ત્યાં આવી હતી. જ્યારે બાઈબલના અભ્યાસ માટે આવેલી તે અંગ્રેજ યુવતીને મેં જોઈ ત્યારે હું મંત્રમુગ્ધ બન્યો. તે મારી સાથે ફરવા આવશે કે નહિ એવું મેં તેને પૂછ્યું. તેણે ઉત્તર આપ્યો, 'હું માત્ર ખ્રિસ્તીઓ સાથે જ ફરું છું.' તેના આ ઉત્તરમાં દંભ હતો તેમ મેં વિચાર્યું. પણ તે ત્યાં આવતી હતી અને તેણે મને કહ્યું હતું, 'હું તમારી સાથે બોલીશ.' એટલે મેં નક્કી કર્યું કે હું બાઈબલના અભ્યાસ માટે ત્યાં જઈશ. તેની પાસે બેસવાનું, તેને જોવાનું તો મળશે.

આ બાઈબલના અભ્યાસમાં બે ઘટનાઓ બની: લોકો પ્રશ્નો પૂછતા ડરતા નહોતા અને 'મને ઉત્તરની ખબર નથી' એવું કહેતાંય લોકો ડરતા નહોતા. આ અંગે તેઓ પ્રામાણિક હતા. તેઓ શોધક હતા. ઉત્તરો ખોજતા, ઢૂંઢતા. આજે પણ જ્યારે કેટલાક લોકો સઘળા ઉત્તરો પોતે જાણે છે તેવું મને સૂચવે છે ત્યારે તેવા લોકો સાથે વાત કરતાં મને મુશ્કેલી પડે છે. કોઈક સ્ત્રી કે પુરુષ પોતાના જીવનમાં એક એવા તબક્કે પહોંચી ગયા છે કે તેમને ઝાઝા ઉત્તરોની જરૂર નથી તે વાત માનવી મારે માટે અશકય છે. હું નથી માનતો કે જો તમે સાચા સત્યશોધક હો, તો એવું કયારેય બને. ત્યાં તેમણે મને તેમના જૂથનું એક અંગ માન્યો. તેમણે મને એમ ન કહ્યું, "ઠીક, તમે ખ્રિસ્તી નથી એટલે તમે અમારામાંના એક નથી." હું અનેક પ્રકારના પ્રશ્નો પૂછતો અને તેઓ ધૈર્યપૂર્વક ઉત્તર આપવાનો પ્રયત્ન કરતા. અને જો કોઈ પ્રશ્નનો ઉત્તર તેઓ નહોતા આપી શકતા તો કહેતા, "અમે જાણતા નથી, પણ તે અંગે આપણે આગળ અન્વેષણ કરીએ." આ શાળાના આચાર્યે મને યોહાનની સુવાર્તાની નકલ આપી. અને તે સુવાર્તાનો પ્રથમ શબ્દ હતો 'આદિએ.' હવે જો તમે હિંદુ હો તો આ શબ્દ તમને મૂંઝવે, કારણ કે હિંદુ ધર્મ આદિની - પ્રારંભની વાત કરતો નથી. હિંદુ ધર્મમાં તો બધું સાતત્યપૂર્ણ છે. એટલે મને સમજણ ન પડી કે 'આદિએ' નો અર્થ શો. પણ યોહાનની આ સુવાર્તાએ મને ઘણી બધી વાત કરી. અને બીજી પણ એક ઘટના બની. હિંદુ ધર્મના પુસ્તકો વાંચતા મને જે પ્રશ્નો ઉદ્ભવતાં તેના ઉત્તરો યોહાનની સુવાર્તાનો અભ્યાસ કરતાં જાણે કે મળી જતાં. હું સમજતો ગયો અને મેં યોગ્ય રાતે જોયું કે હિંદુ ધર્મના સર્વ અન્વેષણોના સંતોષપૂર્વક ઉત્તરો યોહાનની સુવાર્તામાં મળતા હતા. અને છતાંય કોઈ કંઈપણ કહેતું નહોતું. આ મજાની વાત હતી. બાઈબલના અભ્યાસ સમયે કોઈએ મને ન કહ્યું કે "ખ્રિસ્તી થઈ જા." તેઓ મને તેમના જૂથનું અંગ બનાવવા ઈચ્છતા હતા, પણ ખ્રિસ્તી થવાનું કશુંય દબાણ નહોતા કરતા.

બરોબર તે જ સમયે, હું જ્યારે આમ કરતો હતો ત્યારે મેજર ઈયાન થોમસ નામના માણસ ગામમાં આવ્યા. ગામના એક દેવળમાં એક સપ્તાહ સુધી એ સભાઓ ભરતા. હું મેજર થોમસને ઓળખતો નહોતો, પણ પ્રભુએ એવી યોજના કરી કે પેલી અંગ્રેજ યુવતિએ મને કહ્યું, "મેજર થોમસને મળવાનું, તેમને સાંભળવાનું તમને ગમશે?" મેં કહ્યું, "તું જો મારી સાથે આવે તો ગમશે." તેણે કહ્યું, "ચોક્કસ હું તમારી સાથે આવીશ. હું કેવી રીતે ના પાડી શકું?" અને અમે ગામના દેવળમાં મેજર થોમસને સાંભળવા ગયા. અરે! તે મારી જીંદગીની એક અતિ પ્રસન્ન સાંજ હતી. ત્યાર પછી અમે કોફી પીવા પણ ગયા. મેજર થોમસ ખૂબ અસરકારક વકતા છે. મેં તેમને કાળજીપૂર્વક સાંભળ્યા. એક કલાક સુધી તે બોલ્યા. અને બીજીવાર જ્યારે હું તેમને મળ્યો ત્યારે મેં પૂછ્યું, "સાહેબ, હું તમને મળીને વાત કરી શકું?" તેમણે મને સમય આપ્યો. અને તે ખાનગી બેઠકમાં અમે સાડા ચાર કલાક સુધી વાતો કરી. તેમણે મારા પ્રશ્નોના ઉત્તારો ખંતપૂર્વક, વિદ્વતાપૂર્વક અને અતિ પ્રેમપૂર્વક આપ્યા. તમને આ ખબર છે કે નહિ તે હું નથી જાણતો પણ મેજર થોમસે મને કયારેય ખ્રિસ્તી થવાનું ન કહ્યું, અને તેમણે નહોતું જ કહ્યું. પણ તેમણે ઈસુ ખ્રિસ્તના ગુઢ પરિમાણોનું અન્વેષણ કરવા સિવાયનો બીજો કોઈ વિકલ્પ મારે માટે ન રાખ્યો. યોહાનની સુવાર્તા, બાઈબલનો અભ્યાસ, આ લોકોની જીવનશૈલી, મેજર થોમસ સાથેનું મિલન - આ બધાએ મનમાં એક પ્રશ્ન ઊભો કર્યો - "ઈસુ ખ્રિસ્ત અંગે હું શું કરું?" મેં મનોમન કહ્યું, "ખેર! મારું કંઈ ખોવાતું નથી. જો ખ્રિસ્ત સાચા હશે તો મારી શોધ મને ઈસુ ખ્રિસ્ત પાસે લઈ જશે. જો ખ્રિસ્ત સાચા નહિ હોય તો મેં કશું ખોયું નથી." અને આમ, આવા બૌધ્ધિક વિવેક પછી ૧૯૬૩ના જુલાઈના મધ્યભાગમાં સવારે બે વાગે મેં આમ કંઈક કહ્યું, "ઈસુ! હું તમારે શરણે આવું છું." બીજા શબ્દોમાં કહીએ તો હું ખ્રિસ્તી બન્યો. અઠવાડિયા પછી મને બાપ્તિસ્મા અપાયું. મને બાપ્તિસ્મા આપવાની વિધિ વખતે લગભગ બે હજાર લોકો હાજર રહ્યા, કારણ કે લોકો માનતા જ નહોતા કે હું સાચે જ ખ્રિસ્તી બન્યો હતો. તેઓ જાતે જોવા માગતા હતા. પછી મેં મારા માતપિતાને ફોન કર્યો. હું તેમને આ શુભ સમાચાર આપવા માગતો હતો. હું એટલો હિંમતવાન હતો કે મેં મારા પિતા સાથે વાત ન કરી, પણ માતા સાથે કરી. જે કંઈ બન્યું હતું તે બધું જ મેં તેને કહ્યું. ફોન પર નરી શાંતિ હતી. તેણે કહ્યું, "મારે આ વાત તારા પિતાને કરવી પડશે." મેં કહ્યું, "તારી પાસે હું તે જ આશા રાખુ છું." હું માનું છું કે તેણે મારા પિતાને વાત કરી હતી, પણ તે સહુના તરફથી મને કશું સાંભળવા ન મળ્યું. હું માનું છું કે શબ્દશ: ભીંત પછાડી તે રોષે ભરાયા, ખૂબ ગુસ્સે થયા. અને મારો ત્યાગ કરાયો. વારસામાંથી મને નાબૂદ કરાયો. ૧૯૬૩ના તે દિવસથી માંડીને આજ સુધી મારા કુટુંબ સાથે મારે કોઈ સંપર્ક નથી. જાણે કે મારી હયાતી હતી જ નહિ તેમ મારા કુટુંબના વંશવૃક્ષમાંથી મારું નામ ભૂંસી નંખાયું છે. મારા પિતાના નાના ભાઈ, મારા કાકા પણ આગળ પડતી વ્યકિત હતા. સાવ હતાશ થઈને મને ઝેર આપવાનો પ્રયત્ન કર્યો. કોઈ મારી સાથે બોલ્યું નહિ. મારા મિત્રો મને છોડી ગયા. મારા સગાઓએ મારી ઉપેક્ષા કરી. કોઈને મારી સાથે કશી નિસ્બત નહોતી. મારી સાથે કામ કરતા બધા ધર્મસેવકો ખસી ગયા, કારણ કે તેમને ભય હતો કે મારા કુટુંબનો પ્રભાવ આ દેશમાંની તેમની હાજરી પર અસર કરશે, કેમકે ભારતમાં તમારો વિસા રદ કરી શકાય.

મારા કુટુંબના સભ્યનું અવસાન થયું ત્યારે હું વિમાનમાં ભારત ગયો. મને ઘરમાં રહેવા દેવામાં ન આવ્યો. કુટુંબની કોઈપણ વિધિમાં મને ભાગ ન લેવા દેવાયો. ખરેખર તો, મારા ભાઈએ મને કહ્યું, "તું તો કુટુંબનું કલંક છે. અમને વધુ લાંછન પહોંચાડવા તું અહીં કેમ આવ્યો?" દેખીતી રીતે, મારી કોઈ જરૂર ન હોવાથી હું અમેરિકા પાછો ફર્યો. વર્ષ પછી મારી માતા મૃત્યુ પામી. તેના મૃત્યુ પછીના લગભગ એક વર્ષ સુધી મને તેના અવસાનની જાણ ન થઈ. મારી માતાના મરણ પછી મારી બહેને મને એક પત્ર લખ્યો હતો. અને પત્રમાં તેણીએ જે લખ્યું હતું તે બરાબર આવું જ હતું. "જોગાનુજોગ માતા અવસાન પામી." હું મારી માનો પ્રિય હતો. હું તેને અતિ પ્રેમે ચાહતો. મારી જીંદગીમાં તેનું વિશિષ્ટ સ્થાન હતું. તે બીમાર હતી તેની મને જાણ ન થાય, તેને હજી પણ હું મારા કુટુંબે કરેલું મારું અપમાન માનું છું. આ મને દુભવે છે, સાચું કહું છું, ખૂબ ખૂબ દુભવે છે, કારણ કે મેં એવું કશું જ નથી કર્યું કે જેથી મારી સાથે આવું વર્તન રખાય.

ખ્રિસ્તી થવાથી વ્યકિતએ શા માટે આવો ભોગ આપવો પડે? મારા સંતાનો મોટા થયા છે. મારી દીકરી આવતે વર્ષે શેમ્પેઈનમાં આવેલી ઈલિનોઈસ યુનિવર્સિટીમાંથી સ્નાતક થશે. તે નાની હતી ત્યારે એકવાર તેણે મને પૂછ્યું હતું, "ડેડ, દાદીમા એટલે શું?" એ છોકરીને હું શું સમજાવું કે દાદીમા એટલે શું. દાદીમા એવું બોલાય છે તેવો કોઈ ખ્યાલ નથી. દાદીમા એટલે તમે આનંદો એવો સંબંધ. મારા સંતાનોને ખબર નથી કે કાકા એટલે શું, ફોઈ એટલે શું. સાથે રમતાં પિતરાઈ ભાઈબહેનો એટલે શું. હા, મેં પ્રભુમાં જે પ્રાપ્ત કર્યું તેની મોટી કિંમત પ્રભુએ લીધી છે. હા, એકબાજુ એકલતા

છે, કુટુંબનો આવો વ્યવહાર છે. બીજી બાજુ ઈશ્વર છે, અને તે જરૂરિયાતો સંતોષે છે, તે બધું પૂરું પાડે છે. તે તમારી સાથે ઊભા રહેવા લોકોને એકઠા કરે છે. તમે કયારેય એકલા પડતા નથી, કારણ કે તે હમેશાં, હમેશાં, હમેશાં હોય છે. હમણાં જ કોઈકે મને પૂછ્યું કે મારા માતપિતાની પ્રતિક્રિયા હું જાણતો હોત તો હું જુદી રીતે વર્ત્યો હોત. મેં તે અંગે વિચાર્યું. હા, કદાચ હું મારા કુટુંબ સાથે રહ્યો હોત. પણ જો ઈશ્વર અને કુટુંબ વચ્ચે જો પસંદગી કરવાની હોત તો આજે પણ મારો પ્રતિભાવ ૧૯૬૩ના તે દિવસ જેવો જ હોત.

**- ડૉ. મહેન્દ્ર સિંઘલ**

નોંધ: ૧૯૯૭ના સપ્ટેમ્બરમાં આ કેફિયત કરાઈ હતી, ત્યારપછી મહેન્દ્ર સિંઘલ અવસાન પામ્યા.

All rights to this article remain with the author of the article;
all publishing rights are the sole right of the author.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

કર્મથી કૃપા તરફ

---

## ધાર્મિક કર્મકાંડથી તે સાચા ઈશ્વર સાથેના સંબંધ સુધી

હું દક્ષિણ ભારતમાં રૂઢિચુસ્ત બ્રાહ્મણ[૧] કુટુંબમાં જન્મી હતી. ચાર સંતાનોમાંની હું એક હતી. મારે બે ભાઈ અને એક બહેન છે. મારી માતા ગૃહિણી હતી. બાળપણથી જ મને હિંદુ રિવાજો, રૂઢિઓ, કર્મકાંડો તથા આચારો ચુસ્તપણે પાળવાની તાલીમ આપવામાં આવી હતી. હું સવારે વહેલી ઊઠતી, અમારા ઘર પાસે આવેલી નદીએ જતી, તેમાં સ્નાન કરતી અને પછી જુદા જુદા હિંદુ[૨] દેવદેવીઓની પૂજા[૩] કરતી. હું નિયમિત હિંદુ મંદિરમાં[૪] જતી અને દેવોને પ્રસન્ન કરવા નાળિયેરો ધરાવતી. અમારું ઘર મોટું હતું અને ઘરની વચ્ચે સાપનો દર હતો. આ દરમાં જીવતો નાગ હતો. હિંદુ માન્યતા પ્રમાણે નાગ પવિત્ર મનાય છે. એટલે અમારા કુટુંબના બધા જ સભ્યો જીવતા નાગની સામે મંત્રો[૫] ગણગણતા અને શ્લોકો[૬] બોલતા. અમે નાગથી[૭] ડરતા નહોતા કારણ કે તે એક જ ઘરમાં રહેતો હતો અને કુટુંબનો સભ્ય બની ગયો હતો.

નાની હતી ત્યારથી જ હું ખૂબ ધર્મિષ્ઠ હતી. અને મેં સંતોષી માતા નામની હિંદુ દેવીના ચુસ્ત ભકત બનવાનો નિર્ણય કર્યો હતો. હિંદુ સ્ત્રીઓ સ્વાસ્થ્ય અને સંપત્તિ માટે આ દેવીની ભકિત કરે છે. મેં જીવનભર આ દેવીને ભજવાનો સંકલ્પ કર્યો. પ્રત્યેક શુક્રવારે ઉપવાસ કરવાનો, અમુક ખોરાક નહિ ખાવાનો અને રોજ દેવીની પૂજા કરવાનો પણ સંકલ્પ કર્યો. પૂજા પછી હું પ્રસાદ[૮] લેતી અને ગાય[૯]ને ખવડાવી તે હું ખાતી.

મારા પિતા નોકરીમાં ખૂબ પરિશ્રમ કરતા. તેમના મિત્રોએ નોકરી છોડી ધંધો કરવાની તેમને સલાહ આપી. ધંધો નિષ્ફળ ગયો અને તેમને મોટી ખોટ આવી. મિત્રોની સલાહથી, મધ્ય-પૂર્વની વિદેશી ભૂમિમાં નોકરી શોધવા મારા પિતાએ દેશ છોડયો. હું મારા પિતાની ખૂબ લાડલી હતી. તે દેશ છોડીને ગયા અને તે પછી તેમની ખોટ મને સાલવા લાગી. મારા પિતાના પત્રની હું પ્રતિક્ષા કરતી, પરંતુ તેમણે અમારી સાથે કોઈ વ્યવહાર રાખ્યો નહિ. હું ખૂબ હતાશ અને નિરાશ થઈ ગઈ.

આ જ સમયે અમારા ઘર પાસે રહેતી કેટલીક કેથલિક ધર્મસેવિકાઓ[૧૦] પાસેથી મેં મારી જીંદગીમાં પહેલી જ વાર ઈસુ ખ્રિસ્ત વિષે સાંભળ્યું. મારી મોટી બહેને તો હિંદુ રૂઢિ અને માન્યતાનો ત્યાગ કરી જ દીધો હતો. ઈસુમાં વિશ્વાસ રાખ્યા પછી તેને તેમના પ્રેમ અને ક્ષમાની અનુભૂતિ થઈ હતી. તેની જીંદગીનું રૂપાંતર - પરિવર્તન થયું હતું. પોતાની આસપાસના લોકોને તે ઈસુમાંના પોતાના વિશ્વાસની વાત બેધડક કરતી. તેણે મને પણ તેના ઈસુમાંના વિશ્વાસની વાત કરી અને જુદી જુદી સભાઓમાં અન્ય ખ્રિસ્તીઓને મળવા પણ તે મને લઈ ગઈ. આ મને નહોતું ગમતું અને હું તેના ખ્રિસ્તી મિત્રોનું અપમાન કરતી, તેમને ઉતારી પાડતી. હું તેમની મશ્કરી કરતી અને આનંદ પામતી. આ ખ્રિસ્તીઓ મારો તિરસ્કાર નહોતા કરતા. ઉલટું, મારા પ્રત્યેનો પ્રેમ વ્યકત કરતા હતા. એક દિવસ દેવળના પાળક કુ. આર. એમે મારા માટે પ્રાર્થના કરી અને હું રડી પડી. હું રડતી હતી તેની જાણ પણ મને નહોતી. પાછળથી કેટલાંક અન્ય ખ્રિસ્તી મિત્રોએ ઈશ્વરની પ્રાર્થના કરી અને મને પ્રભુ ઈસુ વિષે કંઈક વધારે કહ્યું. તેમણે મને કેટલાંક પુસ્તકો, સામયિકો અને નકશાઓ આપ્યા કે જેથી હું ઈસુ વિષે ઝાઝું જાણી શકું. ઈસુમાં જેમણે પોતાનો વિશ્વાસ મૂકયો હતો તેવા જુદા જુદા ભૂમિકાના અનેક લોકોની જીવનકથાઓ મેં ખાનગીમાં વાંચી. હું ઈસુ પ્રત્યે આકર્ષાઈ અને ઈસુ જ સાચા, જીવંત, સ્નેહાળ વ્યકિત છે તેવું મને ભાન થયું. જીંદગીમાં પહેલી જ વાર મને ભાન થયું કે હું પાપી હતી અને મને ઈસુની ક્ષમાની અનિવાર્યતા હતી. ઈસુના પ્રેમ તથા ક્ષમા અનુભવ્યા પછી મેં ધાર્મિક કર્મકાંડો

કરવાનું બંધ કર્યું અને સાથે સાથે હિંદુ દેવી સંતોષી માની પૂજા પણ બંધ કરી. બાઈબલ વાંચવાનું અને ઈસુને પ્રાર્થના કરવાનું મેં શરૂ કર્યું. તેમના વિષે મને વધુ જાણવા મળ્યું અને મારા રોજિંદા જીવનમાં પણ હું આ સંબંધ અનુભવવા લાગી.

મેં જાણી લીધું કે ઈસુ સાચા છે અને મને મારી જીંદગીના રોજિંદા પ્રશ્નોમાં સહાય કરે છે. મેં હમણાં જે નર્સીંગની સ્નાતક પરીક્ષા (થર્ડ ઈયર બી.એસસી. નર્સીંગ) આપી અને હું પરિણામની રાહ જોતી હતી. હું માત્ર બે માર્ક ઓછા હોવાને કારણે નાપાસ થઈ હતી તે જાણી મને આઘાત લાગ્યો. હું ખૂબ નાહિંમત થઈ ગઈ, નિરાશ થઈ ગઈ. ત્યારે ઈસુના આ વચને - 'પ્રથમ તેમનું (ઈસુનું) રાજ્ય શોધો અને આ બધું (સફળતા, આનંદ, સંપત્તિ) તમને મળી જશે.' - મને ખૂબ આશ્વાસન આપ્યું. ઈશ્વરની ઉપસ્થિતિ હું અનુભવવા લાગી અને મને ખૂબ આંતરિક શાંતિ મળી. બીજી ઘટના - અમારે અમારું ઘર વેચીને જુદા વિસ્તારમાં તેટલી જ કિંમતનું ઘર શોધવાનું હતું. મેં ઈસુને પ્રાર્થના કરી અને મારી પ્રાર્થનાનો તેમણે ઉત્તર આપ્યો. કોલેજ પૂરી કર્યા પછી મેં નોકરી માટે અરજી કરી. લાંચ આપ્યા વગર અથવા લાગવગનો ઉપયોગ કર્યા વગર સરકારી નોકરી મળવી મુશ્કેલ હતી. સરકારી નોકરી મેળવવા હું ભ્રષ્ટ અમલદારોને લાંચ આપવા નહોતી માગતી. મેં ઈસુને પ્રાર્થના કરી અને મારા ઈચ્છિત ક્ષેત્રમાં સરકારી નોકરી મેળવવાની મારી પ્રાર્થનાનો તેમણે ઉત્તર આપ્યો.

પ્રેમાળ પતિ આપીને પણ ઈસુએ મને આશીર્વાદ આપ્યો. તેમને પણ ઈસુમાં વિશ્વાસ છે. અમને તેમના આશીર્વાદથી એક પુત્ર પણ છે. ઈસુ ખાતર જીવવાનું અમને ગમે અને અમારી શેષ જીંદગીમાં અમને અન્યો સાથે તેમના પ્રેમના સહભાગી થવાનું ગમે.

**- શ્રીમતિ એમ. કે.**
હૈદ્રાબાદ, ભારત

બ્રાહ્મણ[૧] : હિંદુ ઉચ્ચ પુરોહિત વર્ગનો સભ્ય
પૂજા[૨] : ભક્તિની હિંદુ ધાર્મિક વિધિ
હિંદુ[૩] : હિંદુ ધર્મનો અનુયાયી
મંદિર[૪] : ભક્તિ માટેનું હિંદુ સ્થાન
મંત્રો[૫] : ધ્વનિ ચિહ્ન
શ્લોકો[૬] : ભક્તિનું હિંદુ કાવ્યમય સ્વરૂપ
નાગ[૭] : અત્યંત વિષયુક્ત સાપ જેનો ડંખ પ્રાણઘાતક હોય છે.
પ્રસાદ[૮] : દેવોને અર્પણ કરેલા ખોરાક અને તે પછી અનુયાયીઓમાં વહેંચાય છે.
ગાય[૯] : હિંદુ માટે પવિત્ર પશુ
કેથોલિક ધર્મસેવિકાઓ[૧૦] : ધાર્મિક (ખ્રિસ્તી) પ્રતિજ્ઞાઓ લીધા પછી સ્ત્રીઓ ઈશ્વરની સેવામાં અલાયદું જીવન જીવે છે.

All rights to this article remain with the author of the article;
all publishing rights are the sole right of the author.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# યોગથી ખ્રિસ્ત તરફ

## પ્રારંભિક આદર્શો

મારા પ્રારંભના નિર્દોષ દિવસો વીતી ગયા પછી મારામાં સાચો આધ્યાત્મિક સંઘર્ષ શરૂ થયો. મારા આનંદભર્યા શૈશવકાળમાં પાપ શું છે તે હું જાણતો નહોતો. મને ખરાબ વિચારો આવતા અને અયોગ્ય કામો હું કરતો, પણ મને તેની સહેજ પણ ચિંતા નહોતી. જ્યારે હું ઈશ્વરની હયાતી અનુભવવા લાગ્યો અને મને કહેવામાં આવ્યું કે પ્રત્યેક બાળક નિષ્પાપ હોય છે એટલે હું તેમને જોઈ શકું, ત્યારે મેં વિચાર્યું કે ભવિષ્યમાં કયારેક મેં જેમની વાતો સાંભળી છે તેવા ઋષિઓની[1] જેમ હું જંગલમાં તપ કરવા જઈશ અને ઈશ્વરનાં મુખોમુખ દર્શન કરીશ. બાળપણના મારા બેફિકર દિવસોમાં રૂપેરી ઝરણામાં અને ભૂરા પહાડોમાં, પંખીઓનાં ગીતોમાં અને કુદરતનાં ફૂલોમાં હું સૌંદર્ય નિહાળતો. વાદળો આચ્છાદિત ઝળૂંબેલું આકાશ, દિવસનો તેજસ્વી સૂર્ય, ચમકતો ચંદ્ર અને રાતના ટમટમતા તારા મને ખૂબ ગમતા. રમતમાં અને દોસ્તીમાં, ખોરાક તથા વસ્ત્રોમાં આનંદ હતો. પણ તે નિર્દોષ દિવસોની ગુપ્ત ખીણ મેં ઓળંગી અને મારામાં અતિ ગંભીર આધ્યાત્મિક સંઘર્ષ શરૂ થયો.

હું તાજા ખીલેલા પુષ્પ જેવો હતો અને હું માનતો હતો કે આ દુ:ખભરી દુનિયાથી અસ્વસ્થ નહિ બનેલી મારી બુધ્ધિથી હું મારું ઇચ્છિત કામ કરી શકીશ. મને કયારેય જાણ નહોતી કે પાપનાં શુષ્ક પવનો આ ફૂલ પર ફુંકાશે અને ફૂલ ચીમળાઈ જશે. મેં વિચાર્યું હતું કે ઉદાત્ત આદર્શો પ્રમાણે મારે, મારા દેશવાસીઓની સેવા ખાતર મોટા લેખક કે મોટા અધિકારી બનવું જોઈએ. આમ મારું જીવન ધ્યેય હતું દુનિયામાંનું....દુન્યવી. જ્યારે હું મિડલ સ્કૂલમાં હતો ત્યારે આંતર મિડલ સ્કૂલ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા માટેના વકતૃત્વ જૂથના સભ્ય તરીકે મારી વરણી થઈ. વકતૃત્વ સ્પર્ધાનો વિષય હતો - 'જાતિ અને ધર્મના ભેદ ભારતના કલ્યાણ માટે હાનિકારક છે.' મારા શિક્ષકે મને સારી તાલીમ આપી હતી, એટલે તે સ્પર્ધામાં હું એમ બોલ્યો કે, હિંદુ, મુસ્લિમ અને ખ્રિસ્તીઓને પોતપોતાના શાસ્ત્રોએ સદ્‌ગુણી જીવન જીવવાનો આદેશ આપ્યો છે અને જો તેઓ તેમના સિધ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે તો તેઓ પ્રેમ અને શાંતિના બંધનમાં જીવી શકે. મેં વિચાર્યું કે ઈશ્વર સર્વત્ર અને સર્વમાં છે, અને ખ્રિસ્ત તો મહાન ધર્મગુરુઓમાંના એક છે. આથી મેં બાઈબલ, રામાયણ અને કુરાન વાંચ્યા અને મંદિરોમાંની મૂર્તિઓને વંદન કર્યા. ઈતિહાસના પુસ્તકોમાંના મારા અતિશય ગમતા પાઠો હતા: બૌધ્ધ તથા જૈન ધર્મ ઉપરના પાઠો. જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ હું ચતુરાઈથી જૂઠું બોલતા અને લુચ્ચાઈપૂર્વક ચોરતા શીખી ગયો. મશ્કરી કરીને છોકરીઓનાં નામો બોલવામાં મારી વિનોદશકિત હું વ્યકત કરતો. મારું કેટલુંક વર્તન ઉદાત્ત નથી, સારું નથી કે આદરણીય નથી તે વાતથી જ્યારે હું સભાન બન્યો, ત્યારે હૃદયમાં અસ્વસ્થતાનો પ્રારંભ થયો. જ્યારે મારો આત્મા કોચાવા લાગ્યો ત્યારે પુસ્તકોમાંથી મેળવેલું નીતિનિયમોનું જ્ઞાન તથા કાયદાના-નિયમોના સિધ્ધાંતો અણગમતા લાગ્યા. હું વારંવાર ફિલ્મ ટોકિઝમાં

જતો, ગ્રામોફોના ગીતો સાંભળતો અને થોડોક આનંદ, થોડીક શાંતિ મેળવવા દોસ્તો સાથે વ્યર્થ વાતોમાં મોટા ભાગનો સમય પસાર કરતો. મારામાં રહેલા સદાના નાનામાં નાના દોષદર્શી અવાજને હું ગૂંગળાવી દેવા માગતો હતો. પરંતુ હું સિનેમા ટોકિઝમાંથી અને મિત્રો પાસેથી પહેલાં કરતાંય વધુ દુ:ખી અને અસ્વસ્થ થઈ પાછો ફરતો.

## પોતાની જાતને બચાવવાનો પ્રયત્ન

મારે એક નિષ્ઠાવાન બ્રાહ્મણ મિત્ર હતો. તેની સાથે હું સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ અને રામકૃષ્ણ પરમહંસની ધર્મચર્ચા વાંચતો. અમને એમ કહેવામાં આવ્યું હતું કે જ્ઞાનમાર્ગ, ભકિતમાર્ગ કે કર્મમાર્ગ એવા અનેક માર્ગો દ્વારા વ્યકિત ઈશ્વરના દર્શન કરી શકે. વળી, અમને એમ પણ બોધ આપવામાં આવ્યો કે જેમ અનેક માર્ગો નગર તરફ દોરી જાય છે તેમ સઘળા ધર્મો અને સઘળા માર્ગો તમને ઈશ્વર તરફ દોરી જશે. અમને આ બુધ્ધિપૂર્વકનું લાગ્યું. પરીક્ષાઓમાં પહેલો ક્રમ લાવવા મારે કઠોર પરિશ્રમ કરવો પડતો. તે જ રીતે, વિશ્વમાંની મોટામાં મોટી ચીજ ઉધ્ધાર-મોક્ષ મેળવવા માટે કઠોરમાં કઠોર પરિશ્રમ કરવો પડે. અમે માન્યું કે 'તત્ ત્વમસિ'- આ દિવ્ય તણખો જે અત્યારે ઝાંખો છે તેને યોગ દ્વારા પ્રજ્વલિત કરવો જોઈએ. કેમ કે યોગ સહુ પ્રથમ તમારા શરીરનું પરિવર્તન ચમકતી તેજસ્વિતામાં કરે છે. અનેક ધાર્મિક ચિંતનોની ભૂમિ સમા એશિયામાં ખ્રિસ્ત જન્મ્યા હતા તે જાણી મેં અને મારા મિત્રે ગૌરવ અનુભવ્યું. માનવજાતિ અંગેના મારા જ્ઞાન ઉપરથી મેં વિચાર્યું કે 'તત્ ત્વમસિ'ના પોતાના સાક્ષાત્કાર દ્વારા જેમણે દિવ્ય સ્વરૂપ મેળવ્યું છે તેવા પ્રબોધકોમાંના ખ્રિસ્ત એક હતા. અમે વિચારવા માડયું કે શા માટે ખ્રિસ્તની જીંદગી તેમના ત્રીસમાં વર્ષ સુધી કોરી રહી? ચોક્કસ, તે ભારત આવ્યા હશે, ઋષિઓનો સંપર્ક તેમણે સાધ્યો હશે અને ઉપદેશ આપતા પહેલાં તપ કર્યું હશે.

હું અને મારો બ્રાહ્મણ મિત્ર સંકલ્પશકિત તથા મનની એકાગ્રતા પ્રાપ્ત કરવા આસનો[૨] અને પ્રાણાયામ[૩] કરવા લાગ્યા. ઓરડામાં અમારી જાતને પૂરી અમે અમારી દૃષ્ટિ નાકની ટોચ પર અથવા તો પ્રતિમા પર એકાગ્ર કરવા લાગ્યા. તે કોઈ હિંદુ દેવતાની પ્રતિમા પર અને હું ખ્રિસ્તની પ્રતિમા પર દૃષ્ટિ એકાગ્ર કરતો. યોગની સૂચના મુજબ હું શાકાહારી જ રહ્યો. કાંદા અને મસાલાનો મેં ત્યાગ કર્યો. હું વારંવાર ઉપવાસ કરી મારા શરીરને દુર્બળ બનાવવા પ્રયત્ન કરતો. કારણ કે અમને લાગતું કે અમારાં શરીર નબળા પડતાં જ મનના વિકારો દૂર થશે. મેં સ્વપ્રયત્ને સદાચારી બનવાનો પ્રયત્ન કર્યો. ગરીબ માણસો અને ભિખારીઓને હું ધન, કપડાં વગેરે આપતો. જો કે આ અંગે મારા અંતરની સ્વાભાવિક અનિચ્છા હતી એટલે ઉદાર બનવા મારે સંઘર્ષ કરવો પડતો. કોલેજનું પહેલું વર્ષ પૂરું કર્યા પછી મારો મિત્ર એક મઠમાં[૪] જોડાવા બનારસ ગયો. ત્યાં તેને કહેવામાં આવ્યું કે તેણે બાર વર્ષ સુધી યોગસાધના કરવી પડશે. અને ત્યારપછી જો તે સદ્ભાગી હશે તો તેના મનમાં, ઉધ્ધાર-મોક્ષના ચિહ્ન તરીકે તેને પ્રકાશનો ઝબકારો દેખાશે. મઠના વડાએ તેને એમ પણ કહ્યું, જો નસીબની કૃપા ન હોય તો તેઓ બાર વર્ષના તપ પછી પણ ઉધ્ધાર-મોક્ષ મળશે તેવી ખાતરી તેઓ નહિ આપી શકે. હજી જયારે અમે અમારી રીતે જીવન જીવતા હતા ત્યારે મારા પિતા અમને કહેતા, 'ઈસુમાં જ વિશ્વાસ રાખીને તમને તારણ મળશે, તે ઈશ્વરનું કૃપાદાન છે.' હું મારા પિતા સાથે ઉગ્ર ચર્ચા કરી કહેતો, 'આ ખ્રિસ્તીઓ સામે જુઓ. કેવી નકામી જીંદગી તેઓ જીવી રહ્યા છે? હિંદુઓ અને મુસ્લિમો કરતાં તેમની સ્થિતિ શું બહેતર છે?' દેવ બનવા માટે તો સૌને પરિશ્રમ કરવો પડે. અને મેં વિચાર્યું, 'મારા પિતા વૃધ્ધ છે. પ્રાર્થના કરવા તે ઘૂંટણિયે ન પડી શકે. કઠોર જીંદગીથી દૂર રહેવા - ભાગવા જ ખ્રિસ્તીઓ આવો આગ્રહ રાખે છે.'

## નિષ્ફળતા અને હતાશા

મારી કઠોર જીંદગીથી મારાં પાપ ધોવાઈ જશે તેવું આશ્વાસન હતું. કયારેક હું મારા સ્વપ્રયત્ને સારો બનતો, તો મારા ગર્વ તથા ઘમંડ વધી જતા. મારા વિચારોમાં કોઈ સુધારો થયો નહોતો. મારા માતપિતા મને ચાહતાં, મારા બહેનોને મારા વિષે ગર્વ હતો, મારા ભાઈઓ મને ચાહતા અને મારા મિત્રો મને આદર આપતા. જીંદગીમાં મારું એક જ ઉદાત્ત લક્ષ હતું. હું ઈશ્વરની શોધ કરતો હતો. આ બધું મને સાચો આનંદ આપતું નહોતું. એક વિદ્યાર્થી ઈચ્છે તે બધું જ આ દુનિયામાં મને મળ્યું હતું, પણ ખ્રિસ્તે એક વ્યકિતને ચેતવ્યો હતો. 'માણસને આખી દુનિયા મળે પણ તેના બદલામાં પોતાનો આત્મા ખોવો પડે તો માણસને લાભ શો?' મારી દશા પણ આવી હતી. આધ્યાત્મિક અંધકાર અને કમભાગ્યોને કારણે મારું શરીર નબળું પડતું ગયું અને મારું મન ખૂબ હતાશ થયું. મારો આધ્યાત્મિક સંઘર્ષ અત્યંત પરાકાષ્ટાએ પહોંચ્યો. ઈશ્વરની સામે હું કટુતાથી ફરિયાદ કરવા લાગ્યો - 'હે ઈશ્વર! મારાં ભાઈબહેનો કરતાં હું તને વધુ યાદ કરતો, તો પછી તું મારી સાથે આમ કેમ વર્તે છે? હું શું તને શોધતો નથી?' પણ હવે મને સમજાય છે કે શા માટે ઈશ્વરે મને તે દુ:ખદ સમયમાં જીવાડયો. જેઓ ઈશ્વરને ચાહે છે તેમના જ ભલા માટે બધી વસ્તુઓ હિતકારક નીવડે છે તે સાચું નથી શું? મેં બાઈબલ તથા ધર્મગ્રંથો વાંચવાનું છોડી દીધું. પ્રાર્થનામાં મને રસ નહોતો. હું મારા સ્વપ્રયત્નોથી, સંકલ્પથી, જ્ઞાનથી કે દાનથી મારી જાતને વિશુધ્ધ અને પવિત્ર રાખી શકયો નહોતો અને આવા દુન્યવી લાભો છતાં મને કોઈ ખાતરી મળી નહોતી. હું ઈશ્વરથી થાકી ગયો હતો અને મૃત્યુ ઈચ્છતો હતો. હું દુ:ખપૂર્વક કણસતો, 'ઓહ, હું ફરી બાળક બની જાઉં કે જેથી હું નવેસરથી ઈશ્વર વિષે વિચારી જીવંત રીતે તપ કરું.' મેં વિચાર્યું કે આ જીંદગીનો અંત લાવવો જ મારે માટે બહેતર છે. જેથી આવતે જન્મે હું આ દુનિયામાં ફરી બાળક તરીકે અવતરી શકું. જન્મ જન્માંતરનો હિંદુ ફિલસૂફીનો ખ્યાલ મારા આત્મહત્યાના વિચારને દુ:ખપૂર્વક પ્રોત્સાહન આપતો હતો. પણ આત્મહત્યાથી હું ડરતો, કારણ કે મને મારા પિતાના શબ્દો યાદ આવતા. કયારેક આત્મહત્યાના સમાચાર સાંભળી મારા પિતા કહેતા કે ઈશ્વર સિવાય કોઈનેય પ્રાણ લેવાનો અધિકાર નથી. હવે મેં સુપેરે જાણ્યું કે ઈશ્વરના અદ્દશ્ય હાથોએ મને આ ભયંકર પાપમાંથી બચાવ્યો. ડોકટરે મને તપાસ્યો અને કહ્યું, 'આ છોકરાને કોઈ રોગ નથી. તેણે સારી પેઠે ખાવું જોઈએ.' મારે માટે મારી માતા ખૂબ રડી અને તબીબી સારવાર માટે મને મદ્રાસ લાવવામાં આવ્યો. સરકારી જનરલ હોસ્પિટલના નિષ્ણાત ડોકટરોએ મારી પૂરેપૂરી તપાસ કરી અને તેમને મારામાં કશો રોગ ન જડયો. મેં જાણ્યું કે આધ્યાત્મિક નિરાશા તે જ મારી નાદુરસ્તીનું કારણ હતું. એક દિવસ મારો પિતરાઈ ભાઈ આવ્યો અને મને સુવાર્તિક સભામાં લઈ ગયો. ત્યાં આવો બોધ ઉપદેશાતો હતો, "ખ્રિસ્ત તમને કોઈપણ પ્રકારના પાપમાંથી બચાવી શકે છે. તમારાં પાપને ખાતર તો તેમણે તેમનું રકત વહેવડાવ્યું. તેમની પાસે આવો, તમારાં પાપનો એકરાર કરો. તેમના રકતમાં વિશ્વાસ રાખો અને તે તમને સુખ, શાંતિ અને આરામ આપશે."

## છેવટે શાંતિ

અત્યાર સુધીમાં મેં મારા સંકલ્પ અને સ્વપુરુષાર્થ પર વિશ્વાસ રાખ્યો હતો, પણ અગાઉની ઘટનાઓ દ્વારા ઈશ્વરે મને દર્શાવ્યું કે તે નકામા, શકિતહીન હતાં. જેનો વિશ્વાસ કરી શકું એવું મારી જીંદગીમાં કશું જ નહોતું. ઈશ્વરે મને એવી નિ:સહાય અને શૂન્યતાની સ્થિતિમાં મૂકયો હતો કે સુવાર્તાનો હું ઈન્કાર કરી જ નહોતો શકતો. એક નાના બાળકની જેમ મેં તેમાં વિશ્વાસ મૂકયો. ઈશ્વરના સેવકે મારા માથાને તેલથી અભિષિકત કર્યું અને મારે માટે ખ્રિસ્તને પ્રાર્થના કરી. મારી વિસરાયેલી સ્મૃતિ ફરી તાજી થઈ. મારું નબળું શરીર હૃષ્ટપુષ્ટ બન્યું. આત્મહત્યાના વિચારો દૂર થયા. મને હતું કે હું ભણી નહિ શકું, પણ યુનિવર્સિટીમાં ઊંચા માર્કે મેં બી.એ.ની પરીક્ષા પાસ કરી. મારે માટે બાઈબલ જીવંત પુસ્તક બન્યું અને પ્રાર્થના કરવાની મારી ઈચ્છા વધી. નવા વિચારો, નવું સ્વાસ્થ્ય, નવું મન, નવું હૃદય ...... મારે માટે બધું જ નવું ....... નવું! !! કારણ કે હું ખ્રિસ્તમાં હતો. મારો નવો જન્મ થયો હતો. પુરાણી

બાબતો અદૃશ્ય થઈ હતી .... જુઓ બધું જ નવું બન્યું હતું. પાપનો ભાવ દૂર થયો હતો, કારણ કે ખ્રિસ્ત મારું ન્યાયીપણું બન્યા હતા. હું નાના બાળક જેવો હતો. મારો નવો જન્મ થયો હતો. જન્મજન્માંતરના સિધ્ધાંત પ્રમાણે મારે મારી જીંદગીનો અંત લાવવાની જરૂર નહોતી. અત્યંત સત્યનિષ્ઠા અને સન્નિષ્ઠાથી હું કહી શકું છું કે ખ્રિસ્તે મને શુધ્ધ કર્યો અને મને સુખ, શાંતિ અને આરામ આપ્યા. અને આ સુખ, શાંતિ, આરામ આ દુનિયા આપે છે તેવા નહોતા. હવે મને ભાન થયું કે તારણ એક એવી બાબત છે કે તેને મેળવવા કોઈ કશું જ ન કરી શકે. તે અતિ અમૂલ્ય છે. જેઓ પાપનો એકરાર કરે છે, જેઓ ખ્રિસ્તના લોહીમાં વિશ્વાસ મૂકે છે, અને તેમને પોતાના તારણહાર તરીકે સ્વીકારે છે તે સહુને ઈશ્વરે ખ્રિસ્ત દ્વારા આપેલું કૃપાદાન છે.

- એમ. જી. એસ.
સિકંદરાબાદ, ભારત

૧. ઋષિ અથવા ભારતના જ્ઞાની પુરુષો
૨. આસનો - યોગની શારીરિક સ્થિતિ
૩. પ્રાણાયામ - શ્વાસોચ્છ્વાસની કસરત
૪. ઋષિઓનું રહેઠાણ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

કર્મથી કૃપા તરફ

# અજ્ઞાત ઈશ્વરની શોધમાં

હું ૨૭ વર્ષ પહેલાં, ભારતની એક અતિ રૂઢિચુસ્ત ગણાતી બ્રાહ્મણ જ્ઞાતિના પરિવારમાં જન્મ્યો હતો. અતિ ઊંચા નૈતિક ધોરણોને જાળવી રાખતાં મારાં માતાપિતા તથા મારાં દાદા-દાદીએ નાનપણમાં મને ઉછેર્યો. મારાં દાદા-દાદીનો હું પહેલો પૌત્ર હોઈ હું તેમનો લાડકો હતો અને એટલે જ તેમની સાથે અનેક હિંદુ તીર્થધામોએ જવાનો અને તેમની સાથે કર્મકાંડ કરવાનો મને હક પણ મળ્યો. મારાં દાદા-દાદી ચુસ્ત રૂઢિચુસ્ત જીવન જીવતાં. તેઓ દેવદેવીઓની પૂજા કરતાં, ઉપવાસ કરતાં, ઘરના પૂજાસ્થાને શ્લોકો ઉચ્ચારતાં, હિંદુ મંદિરમાં જતાં અને પ્રત્યેક સપ્તાહે મંદિરના કર્મકાંડો કરતા.

મારાં માતાપિતા પણ ધર્મનિષ્ઠ હતાં. કર્મકાંડો શા માટે થાય છે તે અંગે કર્મકાંડો કરતા પહેલાં સુંદર દલીલો તેઓ કરતા. આથી હું વધુ ઉત્સાહથી કર્મકાંડો કરતાં કેટલીક વસ્તુઓ કેમ કરવામાં આવતી હતી તેનું કારણ મને જ્યારે ન સમજાય ત્યારે હું મારી જાતને સમજાવતો કે તે યોગ્ય કારણોસર થાય છે.

હિંદુ તરીકે અમે અનેક દેવોમાં માનતા અને અમારું અંતિમ લક્ષ્ય હતું 'પરબ્રહ્મ' સાથે એકરૂપ થવાનું. હિંદુ ધર્મ આ માટેના અનેક માર્ગો બતાવે છે, પરંતુ તે સહુનો સમાવેશ ચાર વ્યાપક પ્રકારોમાં થાય છે. આ ચાર પ્રકારો તે આ - રાજયોગ, ભક્તિયોગ, કર્મયોગ અને જ્ઞાનયોગ. રાજયોગમાં ધ્યાન, ચિંતન, ગાન અને હઠયોગનો સમાવેશ થાય છે. ભક્તિ એટલે કોઈ મૂર્તિ કે ખ્યાલને સમર્પિતતા. કર્મયોગ - પોતાના જીવનના કર્મો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખવે છે અને જ્ઞાનયોગ  જ્ઞાનનો મહિમા ગાય છે.

આ માર્ગો પરસ્પર વિરોધી નથી. પોતાના અંતિમ ધ્યેયે પહોંચવા માટે વ્યક્તિ આમાંથી એક પસંદ કરી શકે છે. વ્યક્તિ જે માર્ગ પસંદ કરે તે પ્રમાણે મોક્ષ, સમાધિ, બ્રહ્મ, મુક્તિ, આત્મ સાક્ષાત્કાર, વિશુધ્ધ ચૈતન્ય વગેરે જેવું તેનું અંતિમ લક્ષ્ય હોય છે. આમ હિંદુ ધર્મ અનેક મતમતાંતરવાદી (pluralistic) છે અને સાથે સાથે સર્વેશ્વરવાદી (pantheistic) પણ છે. હું કિશોર થયો, ત્યારે મને અને મારા ભાઈને 'ઉપનયન' સંસ્કારવિધિમાં ભાગ લેવાનો હતો. આ વિધિ એટલે જીવનના બીજા તબક્કામાં - બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવેશ. દરેક બ્રાહ્મણ પુરુષે લગ્ન પહેલા આ વિધિમાંથી પસાર થવાનું હતું. જીવનનો આ તબક્કો સત્કર્મોમાં પસાર કરવાનો હતો. અમને મદદરૂપ થાય તેટલા માટે અનેક કર્મકાંડીય વિધિઓ અમને શીખવાડવામાં આવી હતી. અમે શ્લોકો બોલતા, પ્રાણાયામ કરતા, સેંકડોવાર ગુપ્ત મંત્રો બોલતા અને દરરોજ સવારે અને 'સંધ્યાવંદન'ના ભાગરૂપે રોજ સાંજે પણ સૂર્યપૂજન કરતા. અમે જમ્યા પહેલાં અને પછી પૂજાવિધિ કરતા, કપાળે તિલક કરતા અને જનોઈ પહેરતા. આ વિધિને અનુકૂળ થવામાં મારી સમગ્ર જીવનશૈલી સારા પ્રમાણમાં બદલાઈ ગઈ. આમાં એકવિધતા હતી, છતાંય આ જીવનશૈલી આકર્ષતી, કારણ કે મને લાગતું કે હું આત્મ સાક્ષાત્કારને માર્ગે છું. આ ચારેક વર્ષ ચાલ્યું.

ક્રમશઃ મારું જીવન સમતોલ બન્યું, પણ હજીય મને બ્રહ્મની પ્રાપ્તિ થઈ નહોતી. ભારતમાં રહીને, મારા ઉપનયન સંસ્કાર થયા તે અગાઉ અનેક વર્ષો પહેલાં તેમના ઉપનયન સંસ્કાર થયા હતા તેવા મારા પિતા, દાદા, કાકાઓ, પૂજારીઓ અને અન્ય અનેક બ્રાહ્મણોનું મેં નિરીક્ષણ કર્યું. મને એ આશ્ચર્ય થયું કે મારી જેમ તેમનેય આત્મ સાક્ષાત્કાર થયો નહોતો. અને અમારે તે સાક્ષાત્કાર કરવાનો હતો. આથી હું નિરાશ થયો - પણ મારો માર્ગ છોડી દેવાને બદલે તે અંગે હું ગંભીર બન્યો, કારણ કે હું માનતો હતો કે બ્રહ્મનું અસ્તિત્વ છે. કદાચ મેં

અપનાવેલી રીતોમાં કંઈક ખામી હશે અથવા તો હું પૂરતો અડગ-સ્થિર નહોતો. કોઈને કોઈ કારણસર, મારા ઉપનયનના બે વર્ષ પછી, કર્મકાંડો, તેમની પાછળ રહેલા હેતુઓ અને આત્મ સાક્ષાત્કાર પ્રાપ્તિની મારી ઉત્કટતાએ મને આધ્યાત્મિક યાત્રામાં ધકેલ્યો.

વર્ષો સુધી, સામાન્ય વિચાર કર્યા વિના પણ મને શીખવેલી રીતોને હું અનુસર્યો. પણ અંતે જ્યારે મેં મારી જાતનું નિરીક્ષણ કર્યું, ત્યારે મને ઊંડો ખાલીપો જ દેખાયો. (આ તબક્કે મારા વિવેકપૂર્ણ મનને લાગ્યું કે જીવનનો અંત લાવવો તે જ ઉત્તમ માર્ગ છે). પણ મૃત્યુના ભયંકર સ્વપ્ને રાતોરાત મારો વિચાર બદલ્યો. મારે મરવું નથી, મારે જીવવું છે. મને લાગ્યું કે જો મારે જીવવું હોય તો મારો કોઈ હેતુ હોવો જોઈએ અને મારા જીવનમાં એવો કોઈ હેતુ હોય તો તે મારે શોધવો છે. હું માનતો હતો કે જ્યારે સંપૂર્ણ આત્મ સાક્ષાત્કારને તબક્કે હું પહોંચું તો હું તે ઉત્તર પ્રમાણે જીવું અને મારું જીવન મારા હેતુને પ્રતિબિંબિત કરે.

મારા જીવનનો મુખત્યાર હું જ હતો એટલે મેં જીવનનો હેતુ જાણવા માટે સમગ્ર જીવન પસાર કરવાનો નિર્ણય લીધો. આ વખતે મારા પ્રયત્નોમાં વધુ સન્નિષ્ઠ થવાનો અને આ પ્રયત્નોમાં સામાન્ય વિવેકબુધ્ધિ વાપરવાનો મેં વિચાર કર્યો. હું શું બીજા વિકલ્પો માટે તૈયાર હતો? આ ખોજ માટે મેં એક સિધ્ધાંત અમલમાં મૂકયો - મારે તેમાં ઝાઝો પ્રયત્ન કરવો જોઈએ. છેવટે તો મારે કશું મેળવું જ હોય તો મારે તે માટે પરિશ્રમ કરવો જ જોઈએ તે જ તર્કયુકત હતું. જો મારે જે મેળવવું છે તે મૂલ્યવાન હોય તો મારે યથા પ્રમાણ પરિશ્રમ કરવો જોઈએ.

આ પ્રક્રિયા દરમ્યાન હું મારા કુટુંબ અને મારા મિત્રોથી અળગો ન પડ્યો. મને ઠીક લાગ્યું ત્યાં મેં બીજાઓને સહાય કરી અને કયારેક તો અસાધારણ રીતે. જ્યારે તેઓ મારા આ બાલિશ હેતુઓની વચ્ચે નહોતા આવતા ત્યારે હું મારા માતપિતાનો તથા વડીલોનો આદર કરતો. હું મારી દૃષ્ટિએ ખરાબ વ્યકિત નહોતો. અરે! કયારેક હું કંઈક ખરાબ કરતો, તો તેનાથી સારું કશુંક આ ખરાબની ભરપાઈ કરી આપતું. આથી મને મારી જાતનો આનંદ થતો. કેટલાક લોકો માનતા કે હું અદ્ભુત વ્યકિત છું અને તેમની આ માન્યતા સાથે મારે ખૂબ નિસ્બત હતી. મારા ભયંકર આંતરિક ખાલીપાના પ્રહારને શાંત પાડવા માટે હું ઈચ્છતો હતો કે સહુ મને ચાહે. અન્યોની સેવા કરીને હું ઉદાત્તતા અનુભવતો, પણ તેનાથી મારો આંતરિક ખાલીપો ભરાતો નહોતો. છતાંય કેટલાંક વર્ષો સુધી મારા જીવનનો હેતુ સમજવા રોજ મેં નિશ્ચિત કલાકો પસાર કર્યા.

મારું કુટુંબ સંયુકત હતું. મારાં દાદા-દાદી, મારા કાકાઓ કુટુંબની અનેક બાબતોમાં મહત્ત્વનો ભાગ ભજવતા. મારા શિક્ષણના પ્રશ્ન સાથે તેમને ઝાઝી નિસ્બત હતી. મદ્રાસમાંના મારા હાઈસ્કૂલના અભ્યાસમાં હું ધ્યાન કેન્દ્રિત કરી શકું તે માટેની સહાય કરવા મારા કાકાએ અનુભવાતીત ધ્યાન (trancendental meditation) વર્ગમાં મને મૂકવાનો નિર્ણય કર્યો. સપ્તાહો પછી મેં અનેક દેખીતી સારી અસરો અનુભવી. હું રોજ બે-ત્રણ કલાક ઊંઘતો અને આખો દિવસ તાજગી અનુભવતો. મારી નાડીના ધબકારા ઘટીને પચાસ થઈ ગયા. વધુ શકિત અનુભવવા લાગ્યો અને મારા અભ્યાસ પાછળ વધુ ધ્યાન આપી શકયો. આવી અસરો મને ગમી અને છતાંય મારો આંતરિક ખાલીપો તો એવો ને એવો જ રહ્યો. મને હતું કે થોડા સમય પછી આ ખાલીપો દૂર થશે, પણ તેને બદલે આ ધ્યાનની આડઅસરો પ્રગટ થઈ. મારા શરીરમાં આંદોલનો (vibratiams) અને અસ્વસ્થતા દેખાવા લાગ્યા.

હું જાણતો હતો કે અનુભવાતીત ધ્યાન કરતા કેટલાક લોકો સમતુલા ગુમાવીને તે આટોપી લે છે. મેં જાણ્યું કે મારે પણ અત્યારે જ તેમ કરતાં અટકવું જોઈએ. આત્મ સાક્ષાત્કારના અન્ય માર્ગો પણ હતા એટલે હું સરળ કુંડળીની યોગ તરફ વળ્યો. મને હતું કે તેમાં મને મારા પ્રશ્નોના ઉત્તરો મળશે. મેં લડાયક રમતગમતોના વર્ગ પણ ભરવા માંડ્યા, કારણ કે ફિલ્મોમાં તે રમતોના ગુરુઓના શાંત દેખાવ જોઈ હું પ્રભાવિત થયો હતો. મને લાગ્યું કે તેમને જીવનના હેતુની જાણ છે. હું સરળ કુંડળીની યોગ અને લડાયક રમતો પૂરતો ગંભીર હતો. મને કાળો પટ્ટો મળ્યો અને સાથે સાથે સરળ કુંડળીની યોગનો અભ્યાસક્રમ પણ મેં સ્વીકાર્યો.

મારી સવારનો સમય પરોઢના ત્રણ વાગે શરૂ થતો. ઊઠ્યા પછીના ત્રણચાર કલાક હું ધ્યાન ધરતો, યોગ કરતો, થોડું કામ કરતો

અને પછી લડાયક રમતગમતોના વર્ગમાં જતો. અઠવાડિયાના પાંચ-છ દિવસોનો આ મારો દૈનિક કાર્યક્રમ હતો. અને આમ લગભગ ચાર વર્ષ ચાલ્યું. પણ મારો આંતરિક ખાલીપો ભરી ન શકયો તેનું મેં દુ:ખ અનુભવ્યું અને આશ્ચર્ય પણ. છતાંય મને લાગ્યું કે હું સાચે રસ્તે હતો એટલે આ મેં ચાલુ રાખ્યું. મેં મારાં માતપિતાને પણ કેટલાક યોગાસનો ને ધ્યાન શીખવ્યા. જો હું પરબ્રહ્મને પામી શકું તો તેઓ પણ તે પામવા સમર્થ બને તેવું હું ઈચ્છતો હતો. મારી છેલ્લામાં છેલ્લી રીતો મેં મારા માતપિતાને નહોતી જણાવી. જો તે રીતો નુકસાનકારક નથી એવી ખાતરી થાય તે પછી જ હું તે તેમને શીખવાડવા માગતો હતો. મારી આંતરિક ખોજની વાત મેં મારા કુટુંબને નહોતી કરી. તેમણે તો મને યોગ, ધ્યાન અને લડાયક રમતગમતોમાં ખૂંપેલો જ જોયો અને કદાચ માની લીધું કે વધતી વયનું આ લક્ષણ હશે. હવે મને થાય છે કે ત્યારે મેં મારા આંતરિક સંઘર્ષની વાત તેમને કરી હોત તો સારું.

ભારતીય - હિંદુ પરંપરાઓમાં મારાં મૂળ હોવાથી મારો ઉકેલ ખ્રિસ્તીધર્મ પાસેથી મળશે તેવો તો કોઈ સવાલ ઊભો નહોતો થતો. હું માનતો હતો કે અનેક ખ્રિસ્તીઓ દંભી હતા. પોતે જે કરે છે તેને અનુકૂળ થવા તેમની માન્યતા બદલતા. ભારતમાંના બ્રિટીશ શાસનને લીધે મારા અનેક મિત્રો ભારતમાંના ખ્રિસ્તીઓને જડ - ક્રૂર માનતા, કારણ કે બસો વર્ષના બ્રિટીશ શાસનકાળ દરમિયાન અમે ખ્રિસ્તી ધર્મની એકેય સારી વાત સાંભળી નહોતી.

૧૯૯૧માં હું નોર્ધન ઈલિનોઈસ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સના માસ્ટર પ્રોગ્રામનો અભ્યાસ કરવા શિકાગો ગયો. હું ૨૧ વર્ષનો હતો. મારો આધ્યાત્મિક ખાલીપો પણ હું સાથે લાવ્યો હતો. આ દરમ્યાન હું મારી આધ્યાત્મિક યાત્રાની નિષ્ફળતાઓથી ટેવાઈ ગયો હતો. મને એ વાત ગળે ઊતરી ગઈ હતી કે વધુ વર્ષો હું મારી આધ્યાત્મિક ખોજમાં પસાર કરું તો હું કયાંયનોય નહિ રહું. પણ તેથી હું થાકયો નહિ. મારા ઉત્તરો માટે હિંદુઓના પ્રાચીનશાસ્ત્ર-વેદો વાંચવાનો મેં નિર્ણય કર્યો. અમારું કુટુંબ ૠગ્વેદને અનુસરતું હતું તેવું મારી માતાએ કહ્યું હતું તેનું મને સ્મરણ થયું. એટલે ૠગ્વેદની સમજૂતી આપતાં કેટલાંક પુસ્તકો મને પુસ્તકાલયમાં મળ્યા. મને કશું સમજાયું નહિ. જોકે, એક પુસ્તક ગહન અને આકર્ષક હતું. તેમાં વેદની સરળ સમજૂતિ હતી તેમ મનાતું. તેના લેખકે હિંદુ ધર્મના મૂળભૂત ખ્યાલોને - સિધ્ધાંતોને વિગતવાર સમજાવ્યા હતા. છતાં પણ તેણે કયારેય મારા ગહનતમ પ્રશ્નોનો ઉત્તર ન આપ્યો.

એટલે ઉત્તર મેળવવા હું વિજ્ઞાન તરફ વળ્યો. ભારતીય તબીબે લખેલા આવશ્યક પરિમાણ (quantum) સિધ્ધાંત (theory) પરના લોકપ્રિય પુસ્તકોમાં મેં રસ લેવા માંડયો. તેના લેખકે વિશ્વના દેખીતા કેટલાક સત્યોની, હિંદુ-ભારતીય દૃષ્ટિકોણથી વિગતવાર સમજાણ આપી હતી. તેના પુસ્તકોએ મારું ધ્યાન ખેંચ્યું. અને કેટલાયે મહિનાઓ સુધી હું તે વાંચતો રહ્યો. કેટલાક ખ્યાલો સમજાવવા તેણે પોતાના અનુભવાતીત ધ્યાનના અનુભવોનો ઉપયોગ કર્યો હતો. મને થયું કે મારા ધ્યાનના દિવસો દરમિયાન મેં આ પાઠો તો ખોયા હતા અને છતાંય અનુભવાતીત ધ્યાનની આડઅસરોના સંભારણાંએ હું કંપી ઊઠયો. અને એટલે જ હું ફરી તે કરવા માગતો નહોતો. આ લેખકનો દાવો હતો કે કેન્સરના દર્દીઓના મનમાંથી તેમનો પાપીભાવ દૂર કરીને તે તેમને કેમોથેરાપીની સારવારને અનુકૂળ પ્રતિભાવ આપતા કરી શકયો હતો. શરીરના પ્રત્યેક કોષમાં મન, શરીર અને બુધ્ધિની ઉપસ્થિતિ વચ્ચે જોડાણ-સંબંધ હોય છે તેવું તેણે પ્રસ્થાપિત કર્યું. એવી બીજી અનેક વસ્તુઓ પણ સાચી હોવાનો તેણે દાવો કર્યો.

તેનાં પુસ્તકોમાંથી એક જ વાત મેં તારવી અને તે એ કે મરતાં પહેલાં કોઈક દિવસ કોઈ રીતે પાપ આપણને ઝડપી લે. આ સાદો કર્મનો સિધ્ધાંત છે. હું જાણતો હતો કે મેં મારી જીંદગીમાં કેટલુંક ખોટું આચરણ કર્યું છે. પણ તે અંગે જ્યારે મને ચિંતા થતી ત્યારે તેમની સામે આંખ મીંચી દેતો. ઊલટું, હું વિચારતો, "સાચા-જૂઠાના નિ:શેષ ધોરણો જો ન હોય તો શું થાય? અથવા તો મારા જૂઠા-ખોટા આચરણના દોષ માટે મારી પરિસ્થિતિ, મારા બાળપણ, નર્યા દબાણ અથવા તો બીજા કશાકને જવાબદાર ગણીને મારા આચરણને યોગ્ય ગણું, તો શું? તો પછી હું કશાક માટે દોષી નહિ હોઉં." આ એક મોટો વિચાર લાગ્યો, પણ તે કામમાં ન આવ્યો. હું માનતો હતો કે કયાંક તો કોઈ નિ:શેષ ધોરણ હતું. તોય તે પાપ-દોષ મારા જીવનનો મોટો પ્રશ્ન નહોતો. મોટો પ્રશ્ન તો હતો આત્મ સાક્ષાત્કાર (self-realization)!

મને સત્ય ગળે ઉતારે એવો કોઈ ઉત્તર ન જડતાં હું મારા મિત્રોને આ પ્રશ્ન પૂછી પડકારતો - 'તમારા જીવનનો હેતુ શો છે?' કેટલાકને તે વજ્રઘાત જેવો લાગ્યો. કેટલાકે ઉત્તરો આપ્યા. પણ સત્વરે જ તેમને મેં ખોટો-જૂઠો ગણી ગણતરીમાં ન લીધા. મને તો તે આશ્ચર્ય થયું કે કોઈએ એવો ઉત્તર ન આપ્યો કે જેથી તેનું કારણ પણ હું વિચારી શકું. ઊંડે ઊંડે હું મારી ખોજના અંતને ઝંખતો હતો.

૧૯૯૧માં મને સોફિયા મળી. તે ભારતમાંથી આવેલી ખ્રિસ્તી હતી. અમે નોર્ધન ઈલિનોઈસ યુનિવર્સિટીની કોમ્પ્યુટર પ્રયોગશાળામાં સાથે કામ કરતાં હતાં. ટૂંક સમયમાં જ અમે મિત્રો બની ગયા. ક્યારેક સ્વાભાવિક વાતચીતમાં ધાર્મિક માન્યતાઓમાં અમારો મતભેદ તરી આવતો. એકવાર મેં તેને મારો માનીતો પ્રશ્ન પૂછ્યો, 'તારા જીવનનો હેતુ શો છે?' 'ઈશ્વરનો મહિમા કરવાનો.' તેણે સન્નિષ્ઠાપૂર્વક, સહજતાપૂર્વક ઉત્તર આપ્યો. જાણે કે તે સાવ સહજ ન હોય! મને નવાઈ લાગી. મારો અહમ્ એવો તે મોટો હતો કે મેં તેના ઉત્તરની ઉપેક્ષા કરી અને મારા આશ્ચર્યને સંતોષવા વધુ પ્રશ્નો પૂછ્યા.

તે દિવસે, ઊંડે ઊંડે મને ભારે આઘાત લાગ્યો. સોફિયાએ જે કહ્યું તે મને વ્યાજબી લાગ્યું. ખરેખર, મારી બહાર ઈશ્વર કદાચ હોય પણ ખરો, અને તે બધું જ જાણતા હોય, મારો ખાલીપો અને મારા અસ્તિત્વનું કારણ પણ. હું તો આત્મ સાક્ષાત્કારના વિચારોમાં જ પકડાયેલો હતો. મારી બહાર રહેલા મારાથી અલગ એવા ઈશ્વરનો મને ખ્યાલ પણ નહોતો. આવા ઈશ્વરનો - ઈશ્વરનો મહિમા કરવો એટલે યોગ્ય હેતુ માટે જીવન જીવવું. મેં વિચાર્યું, 'શક્ય છે કે આટલું બધું સરળ મેં ખોયું હોય.' 'તમારા જીવનનો હેતુ શો છે?' એવા મારા પ્રશ્નના ઉદાત્ત ઉત્તરો - જેમ કે 'અન્યોને સહાય કરવી,' 'મારા કુટુંબની સેવા કરવી,' 'ધનવાન બની ગરીબોને દાન આપવું' અને એવા ઉત્તરો મેં સાંભળ્યા હતા. પણ ઊંડે ઊંડે હું જાણતો હતો કે જ્યારે હું આવા દયાનાં કાર્યો કરું ત્યારે પણ બીજાઓને હું દેખાડતો હતો કે હું ભલો છું. આથી હું મારી જાતની ધન્યતા અનુભવતો. આમ, મારી ત્યાગપૂર્ણ સેવાઓ પણ સ્વાર્થી હતી.

અસંખ્ય પ્રશ્નો અને વિચારો મારામાં ઊભરાયા. એક જ ઈશ્વરને માનતો ખ્રિસ્તી ધર્મ જેવો સરળ ધર્મ આટલી સાહજિકતાથી બધું સમજાવી શકે છે. જ્યારે કરોડો દેવતાઓ ધરાવતો, કેટલીય વિચારશાખાઓ, કેટલાય માર્ગો અને કેટલાય કર્મકાંડો ધરાવતો પુરાણો હિંદુધર્મ વસ્તુઓ અસ્પષ્ટ બતાવે છે? જો હિંદુધર્મ પાસે ઉત્તર હોત તો આટલાય પુરુષાર્થ પછીય મને તે કેમ ન મળત? અને બીજા લાખો કરોડો હિંદુઓનું શું?

'તારા જીવનનો હેતુ શો છે?' એવા મારા પ્રશ્નનો સોફિયાએ આપેલો ઉત્તર અનન્ય નહોતો, કારણ કે હિંદુ મંદિરના પૂજારીઓએ પણ તે જ ઉત્તર આપ્યો હોત. તેમણે એમ જ કહ્યું હોત કે તેમનો હેતુ પણ દેવનો મહિમા કરવાનો છે. પણ તેમના કહેવાનો અર્થ ખૂબ જુદો હતો. તેમના દેવો-મૂર્તિઓ હતી. મંદિરના પૂજારીઓ તેમના દેવોને નવડાવતા, આભૂષણો પહેરાવતા અને સુવાડી પણ દેતા.

હું પણ જ્યારે નાનો હતો ત્યારે મૂર્તિઓને નવડાવતો, સ્તુતિ ગાતો, કેટલીયે પ્રાર્થનાઓ ગાતો. મારે મન તે ભૌતિક પદાર્થો હતા. જેમને હું મહિમાવંત હેતુઓ અને જીવન આપતો. મારે મન આ મૂર્તિઓ માત્ર પ્રતિમાઓ હતી અને તેમને માટે શું કરવું તે મારું મન નક્કી કરતું. અત્યારે મને જેનું ઝાઝું દુ:ખ હતું તે એ કે જો ઈશ્વર હોય તો આ ઈશ્વરનો મહિમા કરવો તે જ મારા જીવનનો હેતુ હોવો જોઈએ, અને તેનો અર્થ એ કે મારે આ સાચા ઈશ્વરને જાણવા.

સોફિયાએ જે કહ્યું તે હું પૂરેપૂરું સમજી ગયો. તે એમ કહેવા માગતી હતી કે જીવનમાં તેનો હેતુ ઈસુ ખ્રિસ્તને મહિમાવંત કરવાનો હતો. મેં પણ કેટલાંક ઈતિહાસના પુસ્તકો વાંચ્યા હતાં અને હું જાણતો હતો કે ઈસુ ભારતના હજારો સંતો જેવા પુરુષ હતા. ભારતમાં એવા કેટલાયે ગુરુઓ છે કે જે સ્વયં ઈશ્વર હોવાનો અથવા તો ઈશ્વર સાથે તેમનો સંબંધ હોવાનો કે તમને તેઓ આત્મ સાક્ષાત્કાર બતાવી શકે છે એવો દાવો કરે છે. કુંડળીની યોગ શીખવવાનું અધિકૃત પ્રમાણપત્ર મારી પાસે પણ છે. ખ્રિસ્તને પણ હું આવા એકાદ ગુરુ માનતો હતો. સોફિયાના ઉત્તરે મને મૂંઝવ્યો હોવાથી ઈસુ ખ્રિસ્ત માત્ર સજ્જન વ્યક્તિ છે અને લોકોએ જ તેમને દેવ બનાવી દીધા છે તેવું પુરવાર કરી ખ્રિસ્તીધર્મ ખોટો છે તેમ હું મનોમન સાબિત કરવા ઈચ્છતો હતો. ભારતમાં એવા પણ લોકો છે જે ઉદાત્ત રાજાઓને દેવ તરીકે પૂજે છે.

ઈસુ અંગે પણ આમ જ હશે તેવી વાત મારે ગળે ઊતરી ગઈ. મને થયું કે બાઈબલના બહેતર અનુવાદો ખ્રિસ્તીઓને તેમનો ધાર્મિક બોધ સમજવા સમર્થ કરે. પણ મને પણ તે જ માહિતી ઉપલબ્ધ હતી. એટલે ખ્રિસ્તી વ્યવહારોનું સંશોધન કરીને હું ઈસુને એક બનાવટ (ભારતના નકલી ગુરુઓ જેવી) પુરવાર કરવા હું તત્પર થયો.

મેં દેવળની ભક્તિસભાઓમાં હાજરી આપી અને મારા ફિલસૂફીભર્યા મુશ્કેલ પ્રશ્નો પૂછી પાળકોને મેં મુશ્કેલીમાં મૂકયા. જો તેઓ સાચો ઉત્તર ન આપે તો તેમને બીજી તક આપવાની ચિંતા મેં ન કરી. અલબત્ત, મારા પ્રશ્નોના ઉત્તરો હું જાણતો નહોતો અને તે શોધવાની મને પડી નહોતી. મેં કંઈક આવા પ્રશ્નો પૂછ્યા, 'બૌધ્ધધર્મ કહે છે કે સર્વ દુરિતનું મૂળ ઈચ્છા છે. જો તમે આ ઉપદેશ અનુસરતા હો અને તમને ઈચ્છાઓ જ ન હોય તો પછી તમને આદેશોની શી જરૂર?' હું ખ્રિસ્તી ધર્મ પર લાંછન મૂકતો હતો, છતાં પણ મને તે ધર્મની કેટલીક હકીકતો જાણવા મળી. જેમ કે ખ્રિસ્તને ક્રૂરતાપૂર્વક વધસ્તંભે જડવામાં આવ્યા હતા, માનવજાતના પાપ ધોવા પોતે મરણ સહન કર્યું છે તેવો ખ્રિસ્તનો દાવો હતો, ત્રણ દિવસ પછી તેમનું પુનરુત્થાન થયું હતું અને તે માયાળુ અને પ્રેમાળ હતા.

સોફિયા મને ખ્રિસ્તી મનન સભામાં લઈ ગઈ. ત્યાં એક ભારતીય પાળક ખ્રિસ્તી ધર્મ અને અન્ય ધર્મો વચ્ચેના મુખ્ય ભેદો સમજાવતો હતો. તેણે કહ્યું કે બધા ધર્મોમાં માણસ ઈશ્વર પાસે જવાનો પુરુષાર્થ કરે છે, જ્યારે ખ્રિસ્તી ધર્મમાં આપણે જ્યાં હોઈએ ત્યાં ઈશ્વર આવે છે. મેં મનોમન વિચાર્યું, ઓહ! તેણે મારું ધ્યાન ખેંચ્યું. હું ઈચ્છતો હતો કે આ સાચું હોય! બાર વર્ષની ખોજ પછી અત્યારે હું સાંભળતો હતો કે સર્વવ્યાપી ઈશ્વર મારે પડખે હતો. હું આ શકયતાની કંઈક કલ્પના કરું તે પહેલા જ મારું કુટુંબ, મારા સંસ્કાર, રૂઢિઓ અને વારસો મારી આંખ સામે ઝબૂકયા. હું આવું વિચારી જ કેમ શકું? મેં ખ્રિસ્તી ધર્મને ધિક્કાર્યો. મારાં માતપિતા તથા ભારતમાંના મારા પરિચિતોનો આવો જ ખ્યાલ હતો. આ સ્પષ્ટતા સાચી પણ હોય તેવું મને લાગ્યું તે છતાં તે શકયતાનો નકાર કરવાનું મેં પસંદ કર્યું. મેં મુશ્કેલ પ્રશ્નો પૂછવાનું બંધ કર્યું. મને ભય હતો કે કદાચ તેના ઉત્તરો મને ખ્રિસ્તી ધર્મમાંથી જ મળે.

કેટલાંક અઠવાડિયાઓ વીતી ગયા અને છતાંય, ખ્રિસ્તી ધર્મમાં જ મારા ઉત્તરો હશે તે હકીકતની ઉપેક્ષા હું ન કરી શકયો. સત્ય તો એ હતું કે સંસ્કારના નિષેધોને કારણે હું તે શોધતાં ડરતો હતો, પણ મેં દલીલ કરી, 'જો આ ઈશ્વરનું અસ્તિત્વ હોય તો તે મારા પ્રશ્નો ઉકેલે, મારી ખોજના પરિણામોની પણ તે સંભાળ લે. જો હું કયારેય આ ઈશ્વરને, સાચા ઈશ્વરને પામી શકું, તો સંસ્કારને કારણે ઉત્પન્ન થતાં પરિણામોની ચિંતા કયારેય ન કરવી પડે.' આવું વિચાર્યા છતાંય, મારું સંપૂર્ણ રક્ષણ મેં ન છોડયું. મેં બાઈબલમાં દોષ જોવાનો આખરી પ્રયત્ન કર્યો. કોઈએ મને નવા કરારની નકલ આપી હતી, અલબત્ત, મેં તે ખરીદી હતી.

યોહાનની સુવાર્તાનો પ્રથમ અધ્યાય વાંચ્યા પછી મને સમજાયું કે ઈસુ ઈશ્વરનો શબ્દ હતા, ઈશ્વરની જ અભિવ્યક્તિ. અધ્યાય બીજાએ ઈસુના ચમત્કારોની વાત કરી અને મને સમજાયું કે તે સામાન્ય માણસ નહોતા. ત્રીજા અધ્યાયમાં તેમણે નવા જન્મની વાત કરી - આ તો ખૂબ આશ્ચર્યજનક હતું. હું સમજું છું તેમ પુનરાવતારનો ખ્યાલ દૈહિક જન્મ કે મરણ નથી પણ માનસિક છે. જ્યારે ઈસુએ એમ કહ્યું કે આપણે નવો જન્મ પામવાનું છે, ત્યારે મને ઘણું ઘણું સમજાઈ ગયું. હું જાણતો હતો કે તે મને, નવા વર્ષે લેવાતા નવા સંકલ્પની જેમ નવા જીવનની વાત કરતા હતા. પણ આ વખતે ઈસુની નવી મુદ્રા સહિતના સાચા જીવનની વાત કરતા હતા.

મને સમજાયું કે મારે ખ્રિસ્તને શરણે જવું પડશે અને ખ્રિસ્તનો સાક્ષાત્કાર (Christ realization) કરતાં આત્મ સાક્ષાત્કાર (self-realization) ને ગુમાવવો પડશે. મેં વિચાર્યું કે આ મોટો સોદો હતો. બાઈબલ એમ પણ કહે છે કે, "ઈશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે." મેં ચોથો અધ્યાય વાંચ્યો. ઈસુ કૂવા પાસેની સ્ત્રીને કહેતા હતા કે જો તેમનું (આપેલું) પાણી પીએ તો તેનામાંથી જીવંત પાણીનો ઝરો થશે, અને અનંતજીવન સુધી તે ઝર્યા કરશે. અને એટલે તેણે કૂવે પાણી ભરવા નહિ આવવું પડે. આ ઝટ સમજાઈ ગયું! હું મારો ખાલીપો ભરવા આમતેમ દોડતો હતો અને ઈસુ કહેતા હતા કે તે મારો ખાલીપો ભરી દેશે અને એટલો ભરશે કે તે છલકાશે. એટલે જો હું ખ્રિસ્તની સહાય સ્વીકારું તો મારો ખાલીપો ભરવા મારે બીજા પ્રયત્નો નહિ કરવા પડે. હું આ જ ઉકેલની રાહ જોતો હતો.

હું મહાન ચિત્ર જોવા માંડયો. મારા સ્વભાવને કારણે જ હું અપૂર્ણ હતો. આ અપૂર્ણતા એટલે મને અનુભવાતો ખાલીપો. આ અપૂર્ણતા ભરવા મેં વર્ષો સુધી અનેક રીતો અજમાવી, પણ તે નિષ્ફળ ગઈ. જો હું આમને આમ મરણ પામ્યો હોત તો ઈશ્વરને હું પામ્યો જ ન હોત તેની મને ખાતરી છે. પણ ઈશ્વરે મારો ખાલીપો ભરવા અને મને સંપૂર્ણ બનાવવા પ્રેમપૂર્વક ખ્રિસ્તને મોકલ્યા. ખ્રિસ્તે જ આખરી પરિણામો સહ્યાઃ - મૃત્યુ અને ઈશ્વર સાથેની વિમુખતા. આમ કરતાં, મારે જે દંડ ભોગવવાનો હતો તે તેમણે ભોગવ્યો. પણ મૃત્યુ પછી ત્રણ દિવસમાં તો તે ફરી સજીવન થયા. આપણા ભૌતિક અસ્તિત્વના અંત સમા મૃત્યુમાંથી તે પસાર થયા. જેઓ પોતાના મૃત્યુના મુક્તિ-મૂલ્ય તરીકે ખ્રિસ્તના મૃત્યુને સ્વીકારી સંપૂર્ણ બન્યા છે તેમનું શું થશે તે ઈશ્વરે દર્શાવ્યું.

હવે પૂરેપૂરું મને સમજાઈ ગયું. આ માર્ગ અપનાવવાથી મૃત્યુ પણ ઈશ્વર સાથેની મારી સંગતને નહિ અટકાવી શકે. પહેલાં મને હતું કે મૃત્યુ સમયે જ વ્યક્તિ પોતાની નિયતિ (destiny) જાણે. પણ આ માર્ગે તો ખ્રિસ્તે સમજાવ્યું કે તારણ-ઉધ્ધાર સત્વરે મળે. આજે હું જીવતો હોઉં ત્યારેય તારણ-ઉધ્ધારનો આનંદ માણી શકું, પણ આ મેળવવા મારે કરવાનું શું?

ઈસુએ તો દૃઢપણે કહ્યું કે તેમનામાં વિશ્વાસ રાખવાથી જ આ શકય બને. સમગ્ર માનવજાત માટે મુક્તિ-મૂલ્ય પૂરેપૂરું ચૂકવાઈ ગયું છે. મૃત્યુમાંથી પસાર થવાનો માર્ગ પ્રત્યેક માટે કંડારાઈ ગયો છે. ઈશ્વર સર્વવ્યાપી હોવાથી તે મારી વિચાર પ્રક્રિયાને જાણે છે, તે અતિ નિકટ છે. મારે તો માત્ર એટલું જ કરવાનું - વિશ્વાસનું એક ડગ ભરવાનું. મને એમ લાગ્યું કે કયારે હું આ ડગ ભરું તેની ખ્રિસ્ત રાહ જોતા હતા. મેં અંતરશાંતિમાં નિષ્ઠાપૂર્વક કહ્યું, "ઈસુ, તમે મને સાક્ષાત્કાર કરાવ્યો છે, મને તમારામાં વિશ્વાસ છે."

૫મી માર્ચ, ૧૯૯૪ની વહેલી સવારે આ બન્યું. તે ક્ષણે શું બન્યું તેનું વર્ણન શબ્દો નહિ કરી શકે. મારો ખાલીપો દૂર થઈ ગયો, જાણે કે તે હતો જ નહિ. મેં પાપરહિતતા, ખૂબ ખૂબ શાંતિ તથા સંતોષની લાગણી અનુભવી. બાર વર્ષથી હું આ જ શોધતો હતો. તેમને જ્યારે કોઈ સ્વીકારે છે તે ક્ષણે ખ્રિસ્ત અદ્‌ભુત અનુભવો તથા લાગણીઓનું વચન નથી આપતા, પણ તેથી ખ્રિસ્તના વચનની પ્રમાણભૂતતાને નકારી ન શકાય. જ્યારે તેમણે વિશ્વાસનું આવું ડગ ભર્યું ત્યારે મારા કેટલાક મિત્રોએ કશું ન અનુભવ્યું. છતાંય છે એકમાત્ર ખ્રિસ્ત, એક માર્ગ, એક વિશ્વાસ અને એક પરિણામઃ તારણ-ઉધ્ધાર.

આમ, બાઈબલને સમજ્યા પછી અને ખ્રિસ્ત કોણ છે તે જાણ્યા પછી મને ખાતરી થઈ ચૂકી છે કે હિંદુ ધર્મના અનેક સિધ્ધાંતો આજ પામવાનો પ્રયત્ન કરે છે. અમારી પ્રાર્થનાઓ આવી હતી - 'અસત્યમાંથી મને સત્ય પાસે લઈ જા, તિમિરમાંથી મને જ્યોતિ પાસે લઈ જા, મૃત્યુમાંથી મને અમૃત સમીપે લઈ જા.' અનેક વર્ષો સુધી મેં નિશાળમાં રોજ આ પ્રાર્થના ગાઈ હતી. ખ્રિસ્તે જ્યારે કહ્યું કે, 'હું જ સત્ય છું, હું જ જગતનો પ્રકાશ છું, હું જ જીવન અને પુનરુત્થાન છું અને હું જ માર્ગ છું.' ત્યારે તેમણે આ પ્રાર્થનાઓ પૂરી કરી. મારા સહુ હિંદુ ભાઈબહેનોને વિનંતી છે કે તેઓ ખુલ્લાં હૃદયે ખ્રિસ્તને સમજે. હિંદુ ધર્મમાં જે ભિન્ન ભિન્ન માર્ગો છે તે સ્વપુરુષાર્થ ઈશ્વરને પામવાનો પ્રયત્ન છે - પણ સંજોગોવશાત્ ઈશ્વર આપણી પાસેથી આવો કોઈ પ્રયત્ન ઇચ્છતા નથી. એકમાત્ર ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ મૂકવાથી ઈશ્વર તારણ-ઉધ્ધાર આપે છે.

ખ્રિસ્તનો અનુભવ કર્યાને બે થી વધુ વર્ષો વીતી ગયા છે. મારી પત્ની સોફિયા દ્વારા એક વધુ આશીર્વાદ મારી જીંદગીમાં પ્રવેશ્યો. ખ્રિસ્તને શરણે ગયાને એક વર્ષ થયું અને અમારા લગ્ન થયાં. હવે, ખ્રિસ્તને જાણ્યા પછી જેઓ જે માર્ગે ખ્રિસ્તને જાણવા જોઈએ તે નથી જાણતા તે લોકો પ્રત્યે અમને હમદર્દી ઊપજે છે. આપણે જ્યારે તેમનામાં વિશ્વાસ મૂકીએ છીએ ત્યારે આપણને પવિત્ર આત્માનું દાન આપીને ખ્રિસ્ત આપણો આધ્યાત્મિક ખાલીપો ભરી દે છે. કેવળ પવિત્ર આત્મા જ આ ઝંખના સંતોષી શકે.

ખ્રિસ્તે પ્રેમપૂર્વક ચેતવણી આપી છે કે કેવળ એકમાત્ર તે જ સત્યનો સાચો માર્ગ છે. પણ વિનાશનો માર્ગ તો વિશાળ છે. આવા ઊંડા વિધાન દ્વારા ખ્રિસ્ત તેમની અનન્યતા સ્પષ્ટ કરે છે. આ યુગના અનેક ચિંતકો અને ગુરુઓ ખ્રિસ્તની ઉપેક્ષા કરી શકતા નથી અને એટલે તેમની પોતાની રીતિઓમાં તેમને સમાવવાનો પ્રયત્ન કરે છે. ખ્રિસ્તે દર્શાવેલા માર્ગનો ઇન્કાર કરીને પોતાનો માર્ગ જ સાચો છે તેવું કોઈ

નહિ કહી શકે. કયાંતો ખ્રિસ્ત એ માર્ગ નથી, તે જૂઠા છે અથવા અન્ય માર્ગો વિનાશ તરફ દોરે છે. બીજી કોઈ શકયતાઓ જ નથી. કેટલાક કહે છે કે ખ્રિસ્ત સાચા ઉપદેશક, ઉદાત્ત ચિંતક કે શાસ્ત્રી હતા. આ કથન તો ઈશ્વરપુત્રને માત્ર માણસ બનાવી દે છે. ખ્રિસ્તને વધસ્તંભે જડવામાં આવ્યાં, કારણ કે ઈશ્વરપુત્ર તરીકેનો પોતાનો મોભો તેમણે ઘોષિત કર્યો. કહેવાતા મહાપુરુષો પોતે જે માર્ગોને અનુસરે છે તેવા કેટલાક માર્ગો દર્શાવે છે. પણ ખ્રિસ્તે તો માર્ગ દેખાડયો અને આપણે ઈશ્વરના સંતાનો બની શકીએ તેવું નિમિત્ત બની ગયા. તે પોતે સુવાર્તા-શુભસંદેશ બન્યા. તે સાચે જ ઈશ્વરનો માર્ગ છે.

મારા જેવા કંગાળને બચાવવા માટે, મારા ગુરુ, ખ્રિસ્તનો આભાર.


- આર.એન., ફોર્ટવર્થ, ટેકસાસ!

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## "વૃક્ષ પ્રશ્ન"



આપણે કોને તે અર્પીએ છીએ? આ મારા હાથમાં રહેલું અર્પણ. જ્યારે હું એકલો હોઉં છું ત્યારે કોઈક કે કશાક પાસે મારી જાતને અભિવ્યક્ત કરવાની મારી ઈચ્છા, જ્યારે હું ટોળામાં હોઉં છું ત્યારે કોઈક પાસે મારી જાતને અભિવ્યક્ત કરવાની મારી ઈચ્છા. હું કોને તે અભિવ્યક્ત કરું છું? શું મારો વાર્તાલાપ આ 'તદ્' (Being) સાથે છે? આ મારી આપવાની ઈચ્છા 'તદ્'(Being)ને છે? શું તત્ સાથે એકરૂપ થવાની મારી ઈચ્છા કેવળ છેતરામણી છે? સાચે જ, હું એકલો છું? આ બધું જે અસ્તિત્વ ધરાવે છે તે શું "હું જે છું" તે છે?

ઈશ્વરને આહુતિ આપવાની માણસની ઈચ્છાની વાત ઋગ્વેદ કરે છે. પણ આ બલિ વડે હું કોનો આદર કરીશ? (૧) કાવ્યાત્મક શ્લોકમાં આ પ્રશ્ન આત્માના પડઘારૂપે દોહરાવાય છે. સુવર્ણગર્ભને પ્રાણીમાત્રનો સ્વામી કહીને તે માણસના આ પ્રશ્નનો ઉત્તર આપે છે. આ સ્વામી એવો છે જેની આજ્ઞા સહુ પાળે છે, જે પોતાના સઘળા સામર્થ્યથી જે સહુ શ્વાસ લે છે અને આંખ પટપટાવે છે તેનો એકમેળ રાજવી રહ્યો છે, જેના થકી સ્વર્ગ અને પૃથ્વી સમતોલ રહ્યા છે, જેના થકી સૂર્યને દૃઢ સમર્થન મળ્યું છે ..... આપણે જેને બલિ અને આહુતિ આપીએ છીએ તે આજ તદ્ છે. જેનો આપણે આભાર માનીએ છીએ અને આપણે એકલા હોઈએ ત્યારે જેની સાથે વાત કરીએ છીએ તે આ તદ્ છે.

આ યુગ જૂના પ્રશ્નનો - "જો જંગલમાં વૃક્ષ પડી જાય અને પડતાં વૃક્ષને જ સાંભળવા ત્યાં કોઈ નથી તોય તે અવાજ કરે છે?" આ પ્રશ્નનો ઉત્તર આપે છે. તેણે ઘણાને મંત્રમુગ્ધ કર્યા છે. આ પ્રશ્નમાં જ રહેલો એક પ્રશ્ન આ છે - "જો હું તે (અવાજ) સાંભળું નહિ તો તેનું અસ્તિત્વ છે?" આપણી સામેના પ્રશ્નનો કદાચ આ અતિ મુગ્ધ કરનારો અંશ છે. જો હું કશાક વિશે જાણતો નથી અને આ કશુંક (અહીં અવાજ) મારા ઈન્દ્રિય ગ્રાહ્યતા કે મનમાં અસ્તિત્વ ધરાવતું નથી, તો તે સાચું છે? કેટલાક ઉત્તર આપે છે તે આત્મા પૂરતું સાચું ન હોવાથી વ્યક્તિ પૂરતું અસ્તિત્વ ધરાવતું નથી. પણ આ તો પ્રશ્ન ટાળવાની વાત થઈ. પ્રશ્ન ખરેખર તો આવો છે - "જે એક વ્યક્તિ માટે તે અજ્ઞાત હોય તો તે સાચું છે કે નહિ?" આ પ્રશ્ન અંશ આવી પૃચ્છા હોઈ શકે - "હું ઈશ્વર છું?" બીજા શબ્દોમાં કહીએ તો "જે હું સાંભળું છું, જોઉં છું, વિચારું છું તેનાથી જ શું વાસ્તવિકતા નિર્ધારીત થાય છે? જો હું પડતાં વૃક્ષને ન સાંભળું તો તે સાચું - વાસ્તવિક કેમ હોઈ શકે?" આને વિસ્તારીએ તો આવો પ્રશ્ન જાગે, "જો પડતાં વૃક્ષને કોઈ ન સાંભળે તો શું?" આમાંથી વળી બીજો પ્રશ્ન બહુવચનમાં ઊભો થાય, "જો કોઈ માણસ આ પડતાં વૃક્ષને સાંભળતું નથી તો તેને સાંભળવા બીજું કોઈ છે?"

શું અનુભવ અને વાસ્તવિકતાનો નિર્ણય અને સર્જન માણસ દ્વારા થાય છે કે પછી અનુભવ અને વાસ્તવિકતા તદ્‌ના સર્જન તરીકે સ્વીકારાય છે? આનંદાય છે? આપણે શું ઈશ્વર છીએ કે પછી ઈશ્વરસર્જિત ઉત્પત્તિ? શું આ વિશ્વ આપણા વિચાર કે સ્વપ્ન દ્વારા સર્જાયું છે કે પછી ઈશ્વરે આ વિશ્વ સર્જ્યું અને માણસે સાચી કે ખોટી રીતે નિહાળ્યું? સાદી રીતે પૂછીએ તો આ વૃક્ષ પ્રશ્નનો ઉત્તર આ એક જ

પ્રશ્નથી નિર્ધારીત થાય - ઈશ્વર કોણ છે? જો તમે મહાન 'હું છું તે છું' હો તો જ્યાં સુધી તમે પડતાં વૃક્ષને ન સાંભળો ત્યાં સુધી તે અવાજ કરતું નથી? જો તમે ઈશ્વર હો તો જ્યારે તમે એકલા હો - તમે એકલાં જ છો. અન્ય કોઈ સાથે વાત કરવાનો પ્રયત્ન કરવાની કંઈ જરૂર નથી. તદ્‌ની સાથે વાત કરવાની, તેને આહુતિ આપવાની અને તેનો આદર કરવાની વાત માત્ર તરંગ છે.

પણ જો બીજું કોઈ હોય, સર્વ પ્રાણીઓનો પ્રભુ તો વૃક્ષ સાચું છે ને તે સાચો અવાજ કરે છે. પ્રભુ તે અવાજ સાંભળે છે અને આ ઈશ્વર મહાન 'હું છું તે છું' લેખે સહુની ભૂમિ લેખે, સહુના સર્જક લેખે આદર પામે છે. આ પ્રશ્નમાં સહેજ ફેરફાર કરવાથી આ પ્રશ્નનો મુદ્દો સ્પષ્ટ થશે. 'જો ઈશ્વર અવાજ કરે અને માણસ તેને ન સાંભળે તોય તે અસ્તિત્વ ધરાવે છે?' આ પ્રશ્ન પણ વૃક્ષના પ્રશ્ન જેવો જ છે. જો તમે જ 'હું' (ઈશ્વર) હો તો સાચી બનવા માટે સહુ વસ્તુઓએ તમારા મન તથા ઉપસ્થિતિની રાહ જોવી પડે. તમે જાણો, તેની રાહ સઘળું સર્જન જુએ છે. તમારા વિના તેમનું કોઈ અસ્તિત્વ નથી. પણ જો મહાન 'હું છું તે છું' હોય તો તેમનામાંથી જ સઘળું અસ્તિત્વ ઉત્પન્ન થાય છે, તે બધી જ વસ્તુઓ નીકળે છે. સહુની ભૂમિ તરીકે, ઉત્પત્તિના રાજવી તરીકે વિશ્વને ટકાવનાર તરીકે પ્રભુ પોતાને પ્રગટ કરે છે. આપણે જ્યારે ખોવાઈ ગયા હોઈએ, જંગલમાં એકલા હોઈએ અને અસ્તિત્વના ઊંડાણમાંથી ચીસ પાડતાં હોઈએ ત્યારે તે ચીસ સાચી વાસ્તવિક હોય છે. ઈશ્વર તે અવાજ સાંભળે છે.

- વ્યાટ્ટ રોબર્ટસન

[1] Goodall, Dominic *Hindu Scriptures* University of California Press, Berkely, CA, 1996, Rig Veda, X, cxxi, p. 15.

All rights to this article remain with the author of the article;
all publishing rights are the sole right of the author.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

કર્મથી કૃપા તરફ

---

## ઈશ્વર : વ્યક્તિગત કે બિનવ્યક્તિગત?

વ્યક્તિગતરૂપે કે બિનવ્યક્તિગતરૂપે ઈશ્વરને શ્રેષ્ઠતાથી સમજી શકાય? સહસ્ત્રાબ્દિઓ સુધી હિંદુ ધર્મે આ પ્રશ્ન પર ચર્ચા કરી છે. એક રીતે કહીએ તો આ કૃત્રિમ પ્રશ્ન છે, કારણ કે જેઓ બિનવ્યક્તિગત સમજણને અગ્રતા આપે છે તેઓ પણ તે વાતનો ઈન્કાર કરતા નથી કે ઈશ્વર વ્યક્તિગત ગુણો દ્વારા પોતાની જાતને પ્રદર્શિત કરે છે. અને જેઓ વ્યક્તિગત સમજણને અગ્રતા આપે છે તેઓ પણ તે વાતનો ઈન્કાર કરતા નથી કે ઈશ્વરના ગુણધર્મો સામાન્ય વ્યક્તિગતતાથી વધારે છે. ખરેખર આ પ્રશ્ન આ છે કે તે છે નો નથી, પણ અગ્રતાનો છે.

હિંદુ ધર્મનો ઈતિહાસ આપણે જોઈએ તો પ્રારંભના વૈદિક યુગમાં ઈશ્વરના વ્યક્તિગતરૂપ પર ભાર મૂકાયો. સ્વર્ગના રાજવી ઈન્દ્રના નેતૃત્વ નીચેના ૩૩ વૈદિક દેવો સહુ સ્વભાવે વ્યક્તિગત હતા. છેક પાછળથી ઉપનિષદોમાં વ્યક્તિગતતાથી પર એવી સર્વોપરી વૈશ્વિક આધ્યાત્મિક  વાસ્તવિકતાનો ખ્યાલ સેવાયો.

હવે, અમે પ્રારંભમાં જ કહ્યું તેમ વૈદિક અદ્વૈતવાદે (monism) એકદમ વ્યક્તિગતતાવાદી દર્શનને દૂર ન કર્યું. બ્રહ્મન્‌ને અંજલિ આપતા ઋષિઓ એ ન ભૂલ્યા કે બ્રહ્મન્ દેવો સમેતની સર્વ વાસ્તવિકતામાં પ્રગટ થાય છે. બ્રહ્મન્ સર્વ માનવી ખ્યાલોની પર છે. તે શાશ્વત છે, અવિકારી છે, સઘળી વિશિષ્ટ સ્થળ મર્યાદાથી પર છે. અને છતાંય તે આ કોઈ ગુણધર્મયુકત નથી, કારણ કે તે બધા બુધ્ધિગમ્ય પ્રકારોથી પર છે. ઉપનિષદોએ આ સૂઝનો ઉપયોગ આ ખ્યાલથી કર્યો કે આ એ જ બ્રહ્મન્ છે જે સહુ વિચારો અને મર્યાદાથી પર છે અને જે માનવપ્રાણનો ઊંડામાં ઊંડા હાર્દ આત્મા સાથે એકરૂપ છે. 'તત્ ત્વમસિ' તે સૂત્ર. ઈશ્વર તમારી બહારનું કોઈ વિશિષ્ટ તત્ત્વ નથી, પણ ઈશ્વર તેની ઉત્કૃષ્ટ વાસ્તવિકતામાં તમારજ છે.

ઉપનિષદોની રચના પછી એક સહસ્ત્રાબ્દિએ થઈ ગયેલા શંકર ઉપનિષદોના શ્રેષ્ઠ ભવિષ્યકાર છે. તેમની દૃષ્ટિએ ઉપનિષદોનું અર્થઘટન કરવું અતિસરળ છે. બ્રહ્મન્ - આત્માની સૂઝથી સંવર્ધન પામેલી ધર્મનિષ્ઠાનું મહાન ઉદાહરણ શંકર પૂરું પાડે છે. (૧) શંકરને મન ઈશ્વર વ્યક્તિગત સર્જકરૂપે કે આત્મારૂપે માત્ર અમૂર્ત નથી. સંપૂર્ણ ભક્તિમયતાથી શંકર બ્રહ્મન્‌ને - સર્વોપરી વાસ્તવિકતાને શરણે જાય છે.

ઈશ્વર અંગેની આ અદ્વૈતવાદી (monistic) સમજ હિંદુ ધર્મની વાતમાં સતત ઉપસ્થિત રહેતી ચાલી. આજે રામકૃષ્ણની શાખા જેવા જૂથો પણ આ વિભાવનાનો આધાર લે છે. પણ હમેશાં તેમણે એક એવી જોગવાઈ રાખી છે કે વ્યક્તિગતતાથી પર એવો ઈશ્વર પોતાને, 'વ્યક્તિગત' પ્રાગટ્યમાં પ્રગટ કરે છે. હકીકતમાં એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે મોટાભાગના ભણેલા લોકો જ્યારે હિંદુ ધર્મનો વિચાર કરે છે, ત્યારે પહેલાં તો તેઓ સર્વવ્યપકતાવાદી અદ્વૈતવાદ (pantheistic monism) નો જ વિચાર કરે છે.

ખેર! હિંદુ પરંપરાની એક બીજી પણ બાજુ છે. જે સમયગાળામાં શંકરે આ લખ્યું ત્યારે લોકપ્રિય બનેલી ભક્તિધારાનો યુગ હતો.

શંકરના લગભગ સમકાલીન રામાનુજે ઈશ્વરના વ્યક્તિગતવાદી મતનું સમર્થન કર્યું. રામાનુજ વિષ્ણુને સર્વોપરી માનતા વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણી બન્યા. શૈવો ત્યારે શિવને સર્વોપરી ઈશ્વર માનતા હતા. ઘણાં વર્ષો સુધી આ બે દેવો ઈશ્વર કહેવાતા. અલબત્ત, તેમની પોતાની ભાષામાં ઈશ્વરને માનવરૂપે જ માત્ર વ્યક્તિ તરીકે નહોતો જોવાતો, પણ કોઈક સર્વોપરી તરીકે જોવાતો. અને છતાંય વ્યક્તિગતતાના ગુણધર્મો સહિતનું અસ્તિત્વ તેનું સત્ય હતું.

ઈશ્વર વ્યક્તિગત છે એ મત પર ભાર મૂકનારું સુખ્યાત જૂથ છે ઈસ્કોન (ISKCON) - ઈન્ટરનેશનલ સોસાયટી ઑફ કૃષ્ણ કોન્સિયસનેસ. આ જૂથ લોકોમાં 'હરે કૃષ્ણ' તરીકે જાણીતું છે. જ્યારે આ જૂથે ૧૯૭૦ ના દસકામાં અમેરિકામાં સર્વોચ્ચ કીર્તિ પ્રાપ્ત કરી હતી ત્યારે માત્ર થોડા જ લોકો જાણતા હતા કે આ ઊભો કરાયેલો સાંપ્રદાયિક સંપ્રદાય નથી, પણ સોળમી સદીમાં ચૈતન્યથી શરૂ થયેલા હિંદુ ધર્મનું સાચું સ્વરૂપ છે. અમેરિકામાં આવતાં વર્ષોથી પહેલાં એ.સી. ભક્તિવેદાંત પ્રભુપાદ ભારતમાં 'Back to God head' નામનું સામયિક પ્રગટ કરતા હતા અને તે સામયિકનો કેન્દ્રવર્તી સંદેશ એ હતો કે આ દેવતા-દેવી સ્વરૂપ કૃષ્ણ સિવાય બીજું કોઈ નથી, અને આ કૃષ્ણને 'વ્યક્તિગત દેવતાના ઉચ્ચતમ સ્વરૂપ' તરીકે ઉદ્‌ઘોષિત કરાયો. વાસ્તવમાં તો, પ્રભુપાદ (૨) બિનવ્યક્તિગતવાદી, અદ્વૈતવાદી ખ્યાલો - વિભાવનાઓ સાથે સંમત નહોતા. તે તેમને ખોટા માનતા.

તો પછી સાચું કોણ? ઈશ્વર મુખ્યત્વે વ્યક્તિગત કે બિનવ્યક્તિગત છે? તેનો નિર્ણય કરવામાં સહાય કરે તેવા કેટલાંક વિચારો આ રહ્યા.

**૧) 'વ્યક્તિમત્તા'** (personhood) **ઈશ્વરની મર્યાદા છે તેવું માનવું ખોટું છે** - કોઈપણ ગુણધર્મ જ્યારે ઈશ્વર પર આરોપાયો હોય ત્યારે તેને મર્યાદારૂપ ગણવો તે ગેરસમજ છે એવા સામાન્ય તર્ક ઉપર આ તારણ આધારિત છે. ઈશ્વર તેના તથ્ય રૂપે તો માનવ વિભાવના અને ભાષાથી પર છે, તેનો ઈન્કાર કોઈ બુધ્ધિશાળી માણસે ન કરવો જોઈએ. અલબત્ત, ઈશ્વર સ્વયં અનંત છે, પણ આ સમજણને કારણે ઈશ્વર ગુણધર્મ વિનાનો બનતો નથી. તેનો અર્થ એ કે ઈશ્વર પાસે જે ગુણધર્મો છે તે અનંત પ્રમાણમાં છે, એટલે જ્યારે આપણે કહીએ છીએ કે ઈશ્વર શક્તિશાળી છે ત્યારે આપણી માનવજાતના મર્યાદિત પરિચયમાં 'શક્તિશાળી' શબ્દનો શો અર્થ છે તે આપણે જાણીએ છીએ. પરંતુ આપણે તે પણ સમજીએ છીએ કે આપણો માનવીય ખ્યાલ, આપણી મર્યાદાઓ વિના ઈશ્વરને લાગુ પડે છે. તે જ રીતે, જ્યારે આપણે કહીએ છીએ કે ઈશ્વર પ્રેમાળ છે, ત્યારે આપણે જાણીએ છીએ કે ઈશ્વરનો પ્રેમ આપણા સઘળા સંકુચિત પ્રેમથીય ચડિયાતો છે અને છતાંય, આ બન્ને કિસ્સામાં, આપણે એટલું તો જાણીએ છીએ કે આપણે જ્યારે આ બે ગુણધર્મ - શક્તિ અને પ્રેમ - નું આરોપણ ઈશ્વર પર કરીએ છીએ, ત્યારે સાચે જ તે ગુણધર્મયુક્ત બની જાય છે. આપણી કલ્પનાની બહાર.

તે જ રીતે, જ્યારે કોઈ કહે છે, ઈશ્વરને વ્યક્તિમત્તા (personhood) છે ત્યારે તે સ્ત્રી કે પુરુષ ઈશ્વર પર આપણી મર્યાદિત સંદર્ભ સૂઝ પ્રમાણેનું કશુંક આરોપે છે. પણ ઈશ્વર આપણી કલ્પના કરતાંય વધુ પ્રમાણમાં તે ધરાવે છે. વળી, જો ઈશ્વર તેના સ્વરૂપમાં વ્યક્તિગત હોય તો તે તેના હાર્દમાં બિનવ્યક્તિગત ન હોઈ શકે. પ્રશિષ્ટ ચિંતનાત્મક સંજ્ઞાઓમાં આ સાદૃશ્યનો સિધ્ધાંત (doctrine of analogy) છે. જ્યારે આપણે ખ્યાલને સ્થાને સાદૃશ્ય આપીએ છીએ, ત્યારે આપણે તે ખ્યાલને મળતી અને વિરુધ્ધની છબી આપીએ છીએ. એટલે દિવ્ય વ્યક્તિમત્તાનો ખ્યાલ માનવ વ્યક્તિમત્તા જેવું સામ્ય ધરાવે છે, કારણ કે ઈશ્વર વ્યક્તિગત છે. પણ સાથે સાથે તે ખ્યાલ ભિન્ન પણ છે. એ રીતે કે ઈશ્વર જેમ તેના બીજા ગુણધર્મોથી સર્વોચ્ચપણે સંપન્ન થયેલો છે તેમ ઈશ્વર સર્વોચ્ચપણે વ્યક્તિગત છે.

**૨) માનવીઓની ઈશ્વર અંગેની પ્રારંભિક વિભાવનાઓ હતી વ્યક્તિગત દેવતાની.** ધર્મ કેવી રીતે ઉદ્‌ભવ્યો તે પ્રશ્ન સદીઓ પહેલાં જેટલો લોક પ્રચલિત હતો તેટલો આજે નથી. એવો પણ એક સમય હતો કે જ્યારે વિદ્વાનો માનવધર્મના સાવ પ્રારંભે, અનેક પ્રેતો પ્રત્યેના આદર અને ચમત્કારોની પ્રક્રિયા સહિત ઉત્ક્રાંતિકારક અભિગમ અંગે સંમત થતા હતા. પણ નૃવંશ શાસ્ત્રીઓ (anthropologists) અને ધર્મના ઈતિહાસકારોના સંશોધન સામે આ અભિગમ નભતો નથી. જર્મન લેખક વિલ્હેમ સ્કિમદ્દે (૩) અસંખ્ય નૃવંશ શાસ્ત્રીઓની નોંધ એકત્રિત કરી અને પછી તે નીચેના નિષ્કર્ષો પર આવ્યો :

અ) વિશ્વના અલ્પ વિકસિત લોકો - કેટલાક વેંતિયાઓ, ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓ, ઉત્તર કેલિફોર્નિયાના ઇન્ડિયનો - માં મૂળ ધર્મના કેટલાક અલ્પ ભ્રષ્ટ ગુણો જોવા મળે છે.

બ) આ સંસ્કૃતિઓમાં એક જ ઈશ્વરનો સ્વીકાર જોવા મળે છે અને તેના અનુસંધાનમાં ચમત્કારોનું તથા અન્ય કર્મકાંડોનું ઓછું પ્રમાણ જોવા મળે છે.

ક) વળી, અનેક વધુ વિકસિત ધર્મોના ઇતિહાસમાં મૂળ ઈશ્વરની ભક્તિની સ્મૃતિ હજી પણ ચાલી આવે છે. દા.ત. ભારતીય-યુરોપીય સંસ્કૃતિમાં ઝિયસ, જ્યુપિટર, તિયુ અથવા ડયાઅસ પિટરની, સેમેટિક સંસ્કૃતિમાં એલની અને ચીનમાં શાંગ્ડીની.

આમ, આપણે જો વીસમી સદીના પૂર્વાર્ધમાં થયેલા સંશોધનો પરથી (સ્કિમટ્ટે જે સંસ્કૃતિઓનું પૃથ્થકરણ કર્યું હતું તેમાંની મોટાભાગની આજે તો આત્મસ્તત્ થઈ ગઈ છે) જો આપણે નિષ્કર્ષ પર આવીએ તો એમ માનવાને પૂરતું કારણ છે કે ઈશ્વરની એકેશ્વરવાદી (monotheistic) સમજ પર ધર્મો ઉદ્ભવ્યા હતા.

આપણે માટે તો, આ નિષ્કર્ષનું અગત્યનું પાસુ એ છે કે આ પ્રારંભની સંસ્કૃતિઓમાં ઈશ્વર એકસરખી રીતે વ્યક્તિગત હતો. હકીકત તો એ છે કે આ બધા જ કિસ્સાઓમાં લોકો એમ માનતા હતા કે અન્ય સંદર્ભોમાં જે ગુણધર્મોનું આરોપણ ઈશ્વર પર કર્યું છે તે બધા જ ગુણધર્મો વ્યવહારિક રીતે ઈશ્વરના છે જ. દા.ત. તેને શાશ્વત, અપરિવર્તનીય અને સર્વશક્તિમાન વગેરે સ્વરૂપે જોવામાં આવે છે. અને આ ગુણધર્મોમાં એક છે વ્યક્તિમત્તા ધારણ કરવાનો ગુણધર્મ.

**૩) જો ઈશ્વરને વ્યક્તિમત્તા ન હોય તો તે ઈશ્વરથી કંઈ કમ હશે.** ઈશ્વર સર્જિત પ્રાણીઓથી જે ઓછો સંપૂર્ણ હોય તેનું ઈશ્વર તરીકે ભજન કરવાનો કોઈ અર્થ નથી. ઈશ્વર સર્જિત પ્રાણીઓમાં જે ગુણધર્મો છે તે ઈશ્વર પાસે હોવા આવશ્યક નથી. તે લીલો નથી, વામણો નથી, સુસજ્જ ઘોડેસવાર નથી. આ ગુણધર્મો સારા હોય કે પરિસ્થિતિ નિર્ભર ન હોય તોય મૂળભૂત રીતે તે નિર્વિવાદ નથી. લીલા હોવું દેડકા માટે સારું છે અને દાંત માટે ખરાબ છે. વામણા હોવું તે જોકીઓ માટે સારું છે, પણ જિરાફો માટે ખોટું છે. અને કોઈ ઘોડેસવારી સારી, ખરાબ અથવા તો મધ્યમ કહી શકે છે તે તો વ્યક્તિને ઘોડેસવારીની જરૂર છે કે નહિ તેના પર નિર્ભર છે. પણ એવા પણ ગુણધર્મો છે જે મૂળભૂત રીતે સારા છે, જેવા કે સૌંદર્ય, શક્તિ, શાણપણ. આ ગુણધર્મો થકી સ્વાભાવિક રીતે જ પ્રાણી સુધરે છે.

નિ:શંક, આપણે અન્ય અસંખ્ય નિર્વિવાદ ગુણધર્મોની સાથે સાથે વ્યક્તિમત્તાને પણ ગણતરીમાં લેવી જ જોઈએ. વ્યક્તિમત્તા હોવાને કારણે જ આપણે ખડકો કે કોમ્પ્યુટર જેવા જડ પદાર્થોથી જુદા પડીએ છીએ. માણસો જે રીતે વ્યક્તિ ગણાય છે, તે રીતે પશુઓ વ્યક્તિ ગણાય કે નહિ એવો વિવાદ પણ લોકો આજકાલ કરે છે. તે લોકો આવો વિવાદ એટલા માટે કરે છે કે તેમને ખબર છે કે વ્યક્તિમત્તા હોવામાં કશુંક વધારે એવું હોય છે. વ્યક્તિ હોવું એટલે મહત્તમ ગૌરવ હોવું, મહત્તમ અધિકારો હોવા. પણ તો પછી ઈશ્વર આ શ્રેષ્ઠ ગુણધર્મો ધરાવે છે તેટલા પૂરતી તેની પાસે પણ વ્યક્તિમત્તા હોવી જ જોઈએ (અહીં, અમે ઉપર જે કહ્યું તે ધ્યાનમાં રાખવાનું છે, એટલે કે આ ગુણધર્મો હોવા છતાંય ઈશ્વરની વ્યક્તિમત્તા બીજા પ્રાણીઓ કરતાં વધુ મોટી છે). આ જ વિચારને સમર્થન આપવું હોય તો કહી શકીએ કે આ વિશ્વમાં મૂળભૂત રીતે નિર્વિવાદ ગુણધર્મ તો એ જ કે જેણે વિશ્વ સર્જ્યું તેને જ સૌ પ્રથમ વળગી રહેવું.

**૪) પોતાની પ્રક્રિયા દ્વારા ઈશ્વર દર્શાવે છે કે તે પોતે વ્યક્તિગત છે.** અંતે તો, ઈશ્વર અંગે જે જાણવા યોગ્ય છે અથવા તો તેને અંગે જે બોલવા યોગ્ય છે તેનાથી વધારે કોઈ માણસ ન જાણી શકે, ન બોલી શકે. આપણે તેને વિશે શું જાણી શકીએ અથવા બોલી શકીએ તે શોધવાનો પ્રાથમિક માર્ગ છે : આપણા તેની સાથેના અને તેના આપણી સાથેના સંબંધનું, અમૂર્ત ધારણાઓ (abstract speculations) વિના, પૃથ્થકરણ કરવાનો. આ સંદર્ભે તે નોંધવું રસપ્રદ છે કે મોટાભાગના લોકો અમૂર્ત ધારણાઓ કરતાં કથાઓ પર આધાર રાખીને ઈશ્વર અંગેની તેમની સમજ આટોપી લેતા હોય છે. આમ, હિંદુ ધર્મમાં અનેક ભક્તો મહાકાવ્યો કે પુરાણોની કથાઓ જાણે છે, પણ તેમને ઉપનિષદોની ફિલસૂફીનો બહુ જ ઓછો (જો હોય તો) ખ્યાલ હોય છે. અન્યત્ર કરતાં આ કથાઓમાં જ આપણને જાણવા મળે છે કે ઈશ્વર વ્યક્તિગત છે અને તેની અને તેના સર્જિત પ્રાણીઓની વચ્ચે દ્વિમાર્ગી સંબંધ છે. અને જ્યારે આ કથાઓ ઐતિહાસિક પ્રમાણો સાથે હોય છે ત્યારે તે વધુ વિશ્વસનીય બને છે. વિશ્વના સઘળાં ધર્મશાસ્ત્રોમાં, બાઈબલમાં ઐતિહાસિક વિશ્વસનીયતા સર્વોપરી સત્ય છે.

જડ પદાર્થો કરતાં વ્યક્તિ અલગ શા કારણે છે? નિ:શંક, આપણે અનેક ખાસિયતો બતાવી શકીએ, જેમ કે આત્મ સભાનતા, બુધ્ધિ, અન્યો સાથેની બિરાદરીની જાગૃતિ અને આવી અનેક. પણ આનાથીય એક વિલક્ષણ ખાસિયત છે અને તે છે બીજાના લાભ ખાતર પોતાનો લાભ છોડી દેવાની તત્પરતા જેવી વ્યક્તિમત્તાની સમર્થ અભિવ્યક્તિ. જ્યારે કોઇ પોતાની સંપત્તિ, પોતાનું સ્વાસ્થ્ય અને અરે, પોતાનું જીવન સમર્પિત કરે છે, ત્યારે આપણે જોઈએ છીએ કે સાચી વ્યક્તિ કહી શકાય તેવી વ્યક્તિ તરીકેના ઊંચામાં ઊંચા સ્તરે તે પહોંચ્યો છે અને આમ કરી નીચી કક્ષાના પ્રાણીઓથી તેણે પોતાની જાતને સ્પષ્ટપણે અલગ તારવી છે.

આમ, જ્યારે આપણે કહીએ છીએ કે ઈશ્વર વ્યક્તિગત છે ત્યારે આપણે જુદા જુદા સ્તરે આ ખ્યાલને સમજીએ છીએ. ઈશ્વર વ્યક્તિગત એટલા પૂરતો છે કે તે પોતાને પ્રગટ કરે છે, આપણી પ્રાર્થનાઓ સાંભળે છે, આપણને માર્ગદર્શન આપે છે અને આપણને તારણ-ઉધ્ધાર આપે છે. પણ આત્મત્યાગ, બલિદાનયુક્ત પ્રેમ જેવી ઉદાત્ત ભાવનાઓ પ્રગટ કરવામાં પણ શું ઈશ્વર વ્યક્તિગત છે? ભિન્ન ભિન્ન ધર્મોમાં આપણે દેવતાઓનાં જે વર્ણનો આપણે જોઈએ છીએ તો આપણે જોઈએ છીએ કે ઈશ્વર ભલું કરે છે, લોકોને સહાય કરે છે, અરે, વખતોવખત તેમને ચાહે છે. પણ ત્યારે જે પ્રેમ હોય છે તે પ્રેમ કામના (desire)નો હોય છે, ત્યાગ (renunciation)નો નહિ. બાઈબલના નવા કરારમાં ઈશ્વરનું જે દૃષ્ટિબિંદુ આપણને દર્શાવવામાં આવ્યું છે તેમાં જ આપણે વ્યક્તિમત્તાના આવા ઉદાત્ત વલણને નિહાળીએ છીએ, કારણ કે આપણે અહીં એવા ઈશ્વર જોઈએ છીએ કે જે માનવજાતના તારણ-ઉધ્ધાર માટે પોતાના ખુદના પુત્રનું વધસ્તંભે બલિદાન આપવા તત્પર હતા.

ઈશ્વર મુખ્યત્વે વ્યક્તિગત છે કે બિનવ્યક્તિગત? નિ:શંક, ઈશ્વરની પોતાની ક્રિયાઓ સૂચવે છે કે તે પરમ વ્યક્તિ છે.

- ડબલ્યુ. સી.
ફિલસૂફી અને ધર્મના પ્રાધ્યાપક,
ટેઈલર યુનિવર્સિટી, ઈન્ડિયાના.

(૧) ઓટો, રૂડોલ્ફ Mysticism East and West: A Comparative Analysis of the Nature of Mysticism, trans. બર્થા એલ. બ્રેસી અને રીચાન્ડા સી. પેને. (New York: Collier Books, 1932).

(૨) સ્તસવારૂપા દાસા ગૌસ્વામી પ્રભુપાદ: He Built a House in Which the Whole World Can Live (Los Angels: Bhaktivedanta Book Trust, 1983), pp. 11-12.

(૩) વિલ્હેમ સ્કિમદ્દત, The Origin and Growth of Religion: Facts and Theories, ભાષાંતર. એચ. જે. રોજ (London: Methuen, 1935).

All rights to this article remain with the author of the article;
all publishing rights are the sole right of the author.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મ*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

---

**પ્રશ્ન: મારે આયુર્વેદિક વૈદ્યને મળવું કે નહિ તે અંગે હું મુંઝાયો છું. ખાસ કરીને મને રિફ્લેક્ષોલોજી** (reflexology0) **અંગે કૌતુક છે - રિફ્લેક્ષોલોજી શું છે તે સમજવામાં તમે મને સહાય કરી શકશો?**

**ઉત્તર :** અનેક લોકો સમજવા માગે તેવો આ એક સર્વ સામાન્ય પ્રશ્ન છે, કારણ કે તેમાં આપણા સ્વાસ્થ્ય અને રાહત જેવી મહત્ત્વની બાબતો સંકળાયેલી છે. અનેક પ્રકારની વ્યાપક અને વિવિધ ઔષધ (પધ્ધતિઓ)માં આયુર્વેદિક ઔષધ-પધ્ધતિ એકમાત્ર વૈકલ્પિક ઔષધ પધ્ધતિ છે. વૈજ્ઞાનિક રીતિ પર આધારિત પરંપરાગત ઔષધની તુલનામાં ઔષધ પ્રત્યેના આવા ભિન્ન ભિન્ન અભિગમો 'વૈકલ્પિક' મનાય છે. આવા કેટલાક વૈકલ્પિક અભિગમો જ્યારે વૈજ્ઞાનિક હોવાનો દાવો કરે ત્યારે ગુંચવાડો ઊભો થાય છે. તર્ક પધ્ધતિની દૃષ્ટિએ તેમનો અભિગમ પધ્ધતિસરનો હોવાને કારણે એટલા પૂરતો તે વૈજ્ઞાનિક ખરો, પરંતુ વર્તમાન વૈજ્ઞાનિક ઔષધના મૂળમાં જે વૈજ્ઞાનિક પધ્ધતિ રહી છે તેવા પ્રશિષ્ટ અર્થમાં તેઓ વૈજ્ઞાનિક નથી.

આયુર્વેદ પધ્ધતિનો મૂળભૂત સર્વ સામાન્ય નિરીક્ષણનો સૌ પ્રથમ પરિચય આપીને હું તમને ઉત્તર આપું. ત્યાર પછી હું રિફ્લેક્ષોલોજી અંગે પણ સંક્ષિપ્તમાં ચર્ચા કરીશ. અંતે, હું પરંપરાગત ઔષધના વૈજ્ઞાનિક અભિગમ અંગે પણ સમજ આપીશ. આ ત્રણેય વસ્તુઓ તમને સમજવામાં અને તમારી અંગત ઔષધીય પસંદગી અંગે સુનિર્ણય લેવામાં સહાય કરશે.

ઔષધીય પ્રક્રિયાઓને સમજવા માટે અને તમારે આ કે તે દવાખાને, આ કે તે વૈદ્ય કે ડોકટરને મળવું છે તેવો નિર્ણય કરવા માટે તમારે પ્રત્યેક ઔષધીય પ્રક્રિયાની પાછળ રહેલી તર્કસરણી સમજવી જરૂરી છે. 'વૈકલ્પિક' ઔષધ એક વિશ્વ વ્યાપક મંતવ્ય પર આધારિત છે જે મંતવ્ય સમગ્ર વિશ્વમાં, માનવદેહ તથા અસ્તિત્વમાં કોઈ પ્રકારની શક્તિ હોવાની ધારણા રાખે છે. અતિ સુક્ષ્મ શબ્દોમાં કહીએ તો આ ધારણાઓ પણ ધારેલી જ હોય છે. આનો અર્થ એ કે આ ધારણાઓ ચિકિત્સા કે અન્ય પધ્ધતિઓને કાયદેસર ઠરાવતી ચકાસણીમાંથી પસાર થઈ નથી. આયુર્વેદ એવું ધારે છે ને માને છે કે વિશ્વમાં અને લોકોમાં ત્રણ પ્રમુખ બળો રહેલાં છે, જેમને તે ત્રિદોષ કરે છે. વિશ્વના મૂળભૂત તત્વોનો - આકાશ, વાયુ, જળ, અગ્નિ અને માટીનો આ સમન્વય છે. આ ત્રિદોષ એટલે વાત, પિત્ત અને કફ. પ્રત્યેક દોષ કોઈને કોઈ તત્ત્વ કે તત્ત્વોના મિશ્રણના મેળમાં હોય છે, જેમ કે વાત- વાયુના, પિત્ત અગ્નિના, કફ જળના. સારું સ્વાસ્થ્ય જાળવવું હોય તો આ ત્રાણેની સમતુલા જાળવવી. આ દોષોમાં થયેલા વધારાને ઘડાટવામાં અથવા તો તેમના અભાવને વધારવામાં જ આ ચિકિત્સા રહેલી છે. આયુર્વેદિક ઔષધની સઘળી પધ્ધતિઓનું ધ્યેય આ લક્ષ પ્રાપ્તિ જ હોય છે. આ પધ્ધતિમાં -

જડીબુટ્ટીઓ, એનિમા, સૂર્યસ્નાન, અનેક પ્રકારના મસાજ, શરીરમાં લોહી કાઢવું, પવનમાં શરીર ખુલ્લું મૂકવું, વાઢકાપ, કાર્માહીઝન (toxic elimination) અનશન પંચકર્મ, માટી તથા રેતીની ચિકિત્સા આદિનો સમાવેશ થાય છે.

રિફ્લેક્ષોલોજી શું છે? રિફ્લેક્ષોલોજીને પ્રાચીન એશિયાની પ્રક્રિયાઓ સાથે કંઇક સંબંધ છે. જો કે, આયુર્વેદિક ઔષધનો વિધિપૂર્વકનો અંશ નથી. પણ અર્વાચીન સમયમાં ભારતમાં જે અનેક પ્રકારની વૈકલ્પિક ઔષધ પધ્ધતિઓ અમલમાં આવી છે તેમાંની તે એક છે. આજે જે રિફ્લેક્ષોલોજી અમલમાં છે તે તો ૧૯૦૦ના પ્રારંભમાં સહુ પ્રથમ વિલિયમ ફિઝત્જેરાલ્ડે અને પછી યુનીસ ઇન્ગહામે તાજેતરમાં જ વિકસાવેલી રિફ્લેક્ષોલોજી છે. તેનો મૂળભૂત તર્ક એ છે કે પગ (કયારેક હાથ) નો શરીરના શેષ ભાગ સાથે શકિતનો મેળ હોય છે, અને પગના કેટલાક ભાગનો ઉપચાર કરીને તમે પ્રશ્નનો ઉકેલ લાવી શકો. અથવા તો શરીરના મેળ ધરાવતા ભાગમાંથી શકિતનો સ્રોત વહેતો કરી શકો. આ સારવારમાં સીધું માલિશ જ કરવામાં આવે છે અને દર્દીમાંથી સંવેદનશીલ શકિતના પુનર્નિર્વેશનો દાવો કરનાર તબીબ સાથે હાથ કે પગનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવે છે. સારા માલિશના લાભ અંગે કોઇ ના નહીં પાડી શકે - માણસને તે આરામ આપે છે અને તે સુંદર અનુભવ હોય છે. પણ રિફ્લેક્ષોલોજી આના કરતાં પણ ઘણો બધો દાવો કરે છે. તેનો તો દાવો છે કે પગ પર માલિશ કરવાથી શરીરના અન્ય ભાગોની શકિતના પ્રશ્નો પણ ઉકલી જાય છે. વૈકલ્પિક ઔષધનો જે સામાન્ય પ્રશ્ન હોય છે તે જ આનો પ્રશ્ન છે. આની પણ ખરી સાબિતી મળી શકતી નથી. જે લોકો તેના લાભો ગણાવે છે તેમના કરતાં કશી જ સાબિતી હોતી નથી.

વૈજ્ઞાનિક ઔષધ કેટલાંક તર્ક પર આધારિત હોય છે. ૧) પરલક્ષી વૈજ્ઞાનિક સત્ય તેમાં હોય છે. ૨) કાર્યકારણનો સંબંધ તેમાં જોઇ શકાય છે, વર્ણવી શકાય છે, દેખાડી શકાય છે. ૩) જોઇ શકાય અને પ્રતીતિ કરી શકાય તેવો આધાર સૃષ્ટિનો હોય છે. ૪) તેમાં રહેલું સત્ય વ્યકિતગત અર્થઘટન સાથે સંબંધિત નથી, પણ પરલક્ષિતાથી તે પુરવાર કરી શકાય છે અને સહુ સ્થળોના સહુ લોકો માટે તે સાચું હોય છે. આથી જ, મૂળભૂત વૈજ્ઞાનિક પધ્ધતિ ઉત્પન્ન થઇ છે. આ જ વાસ્તવિકતાના સંશોધનની પ્રક્રિયા છે અને આ જ નિરીક્ષણ સાથે પ્રારંભનું સત્ય છે. ત્યાર પછી નિરીક્ષણને સમજાવતું અનુમાન થાય છે. ત્યાર પછી આ અનુમાનને કાળજીપૂર્વકના નિયંત્રિત પ્રયોગો દ્વારા ચકાસવામાં આવે છે (જેવા કે placebo એટલે કે નવા ડ્રગની ચકાસણીમાં નિયંત્રણ અને double-blind એટલે કે ચકાસણી કરનાર અને થનાર બન્નેનું પદાર્થ વિષે અજ્ઞાન) પછી આ ચકાસણીના પરિણામો અનુમાનને સમર્થન આપે છે કે નહિ તે માટે તે પરિણામોનું પૃથ્થકરણ કરવામાં આવે છે. જો તે અનુમાનને સમર્થન ન આપતા હોય તો તેમને રદ કરવામાં આવે છે અથવા તો બદલવામાં આવે છે. જ્યાં સુધી હકીકત અને ચકાસણી પ્રક્રિયા અનુમાન સાથે મેળ ન ખાય, તેને પ્રમાણભૂત ન કરે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહે છે. અન્ય સ્થળોએ, અન્ય પરિસ્થિતિઓમાં અન્ય લોકો દ્વારા પણ આ ચકાસણી પ્રક્રિયા ચાલુ રહે તે માટે પણ તે ચાલુ રહે છે. આ જ આધુનિક વૈજ્ઞાનિક ઔષધનો પાયો છે. જયારે વૈકલ્પિક ઔષધનો પ્રશ્ન પણ આ જ છે. તે ચકાસણી પામેલું હોતું નથી, પ્રમાણભૂત હોતો નથી. તેમની અસરકારકતાના જે દાવાઓ થાય છે તે કયારેય વૈજ્ઞાનિક રીતે પુરવાર થયા નથી.

તેનો એક વિશિષ્ટ દાખલો છે - બગલાની કથા. ઈંગ્લેન્ડમાં ઘરમાં આરામ લેવા બેસતાં બગલાની સંખ્યા અને જન્મતાં માનવ સંતાનોની સંખ્યા વચ્ચે કોઇ સંબંધ હોય તેમ જણાયું. આ ઉપરથી કેટલાંક લોકો એવા નિષ્કર્ષ પર આવ્યા કે બગલાને કારણે સંતાનો જન્મે છે અને પછી તે આવી કથાઓ વહેતી થઇ. ઘરમાં વિરામ કરતાં બગલા ને જન્મતાં માનવશિશુ વચ્ચે ગાણિતીક સંબંધ છે એવી કથા. જો કે, જેને પ્રાથમિક સમજ હશે તે તો જાણે જ કે ઘરના ધુમાડિયા કે છાપરા પર બેસતા બગલાને તમારા ઘરમાં જનમતા શિશુ સાથે કોઇ સંબંધ નથી. પણ પછી, વૈજ્ઞાનિક પ્રક્રિયા આ બન્ને વસ્તુઓના કારણને જેમ કે વર્ષો વર્ષો ઋતુમાં થતા ફેરફારને શોધવા મથે.

વૈકલ્પિક ઔષધ પૂરતું, તેને પરલક્ષી વૈજ્ઞાનિક ઢબે સાચી માનવા નિરીક્ષણ કરવું જોઇએ. તેની ભારે ચકાસણી થવી જોઇએ અને પ્રમાણભૂત રીતે તે સાચી નીકળવી જોઇએ. ત્યાર પછી જ તે અસંખ્ય સંશોધકોની કસોટીએ ચઢી તેવાં જ પરિણામો લાવી પૂરવાર થશે. રિફ્લેક્ષોલોજી પૂરતું કોઇ એવું નિરીક્ષણ કરે કે માથાનો દુખાવો પગના અમુક ભાગને માલિશ કરવાથી મટી જાય છે. ત્યાર પછી તમારે આ સંબંધના કારણ અંગે સિધ્ધાંત બાંધવો રહ્યો અને કસોટી કરી શકાય તેવો પ્રમાણભૂત બને તેવો સિધ્ધાંત આપવો રહ્યો. આ સાચું છે કે ખોટું એમ બંને પ્રકારના પ્રયોગો આયોજાશે. આ ચકાસણીઓ અન્ય સંભવિત કારણોને રદ કરશે. આ ચકાસણીઓમાં 'placebo' ની અસર અંગેની એટલે કે ડ્રગ નિયંત્રણની

અસર અંગેની ચકાસણીનો પણ સમાવેશ થવો જોઈએ. ડ્રગ નિયંત્રણ ‘placebo’ની અસરમાં તો વાસ્તવમાં જે સહાય હોતી જ નથી તેવી કશીક સહાય મળશે તેવી વ્યકિતની માન્યતાને કારણે લાભદાયી પરિવર્તનો થતાં હોય છે. આનો દાખલો છે - એક જૂથને ડ્રગ આપવાનો અને બીજા જૂથને ખાંડની ગોળી આપવાનો. આ બંને જૂથના પ્રતિભાવો ત્યારપછી આંકવામાં આવે છે, તેની તુલના કરવામાં આવે છે. રિફ્લેક્ષોલોજી અંગે પણ આવી જ ચકાસણી થાય તે જોવું મને ગમે. છતાં હું માનું છું કે તમે જોશો કે આવી જવાબદાર ચકાસણી નથી થઈ. આ વૈકલ્પિક ઔષધો માટેની સાબિતી તરીકે પ્રમાણપત્રો અપાય છે. આથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે. આવી સારવારથી વ્યકિતને નુકશાન પહોંચે છે તે આવાં પ્રમાણપત્રો જણાવતાં નથી. દા.ત. મારા એક સ્વજનને તેણીના રકતાવરોધ માટે લોહચુંબક (મેગ્નેટ) ની માળા પહેરવા આપી હતી. એક અઠવાડિયા સુધી તેણે તે પહેરી અને તે પછી તેને સાઈનસનો ગંભીર ચેપ લાગ્યો. પરિણામે તેને ન્યુમોનિયા થયો. આ ઔષધની સારવાર લેવાથી આમ થયું એવું કયારેય નહિ કહેવાય. જેમને આવી સારવારથી લાભ થયો હશે તેની જ વાત પ્રમાણપત્રો કરશે. અને સારવાર વિરુધ્ધના નકારાત્મક અહેવાલો કે પરિણામોનો અસ્વીકાર કરશે. આનું ઉદાહરણ છે માલિશનો ઉપચાર. માલિશ લાભકારક હશે પરંતુ તે સંધિવા કે કેન્સર મટાડી શકતું નથી.

જો કે બધા વૈજ્ઞાનિકો કંઈ ખ્રિસ્તીઓ નથી, છતાંય ખ્રિસ્તીઓના વૈશ્વિક મંતવ્યમાંથી વૈજ્ઞાનિક પ્રક્રિયાનો ઉદ્ભવ થયો છે. તેના મૂળમાં તેની એક એવી ધારણા છે કે આ વિશ્વ એક એવું વ્યવસ્થિત સ્થળ છે જયાં માનવજાતને જાણી સમજી શકાય. તેની એક માન્યતા છે કે ઈશ્વરે આ વસ્તુઓ શોધવા અને દુનિયાનો કારભાર કરવા માણસને શકિત આપી છે. તે એમ પણ માને છે કે જેમ ઈશ્વર એક અને અંતિમ વાસ્તવિકતા છે તેમ માણસોએ શોધેલું સત્ય તે માત્ર અર્થઘટન નથી, પણ તે પરલક્ષી અને અપરિવર્તનીય છે. આ અર્થમાં વૈજ્ઞાનિક ઔષધ પણ માને છે કે તેની રીતો અને પરિણામોની પણ ચકાસણી કરી શકાય અને જાણી શકાય કે તે સાચી અને ઉપકારક છે કે ખોટી અને નુકશાનકારક છે.

ઔષધના યથાર્થ દર્શનમાં જો કોઈ મૂળભૂત ભેદ હોય તો તે છે પૃથ્વી અને વિશ્વ અંગેના આપણા ખ્યાલનો. જો પૃથ્વી આપણી માતા હોય તો પૃથ્વી ખુદમાં રહેલા કોઈ પ્રકારના શકિતબળ કે કોઈ પ્રકારના રહસ્યને સીધા સ્પર્શવું તે વાજબી છે. ખ્રિસ્તી વિશ્વવ્યાપી મતમાં માણસ તો છે વિશ્વ અને પૃથ્વીની ઉત્પત્તિનો સર્વોપરી અંશ. પૃથ્વીની કાળજી લેવાની, વ્યવસ્થા રાખવાની જવાબદારી તથા કારભાર તેને સોંપ્યો છે. બંને ઈશ્વરના ઉત્પન્ન કરેલાં છે. માણસે પૃથ્વીનું સંશોધન કરી તેની સંભાળ રાખવી, સારા રખેવાળ તરીકે પ્રશ્નો ઉકેલવા, ઈશ્વરે તેને જે મન અને શકિતઓ આપ્યાં છે તેનું સુસંચાલન કરવું તે પણ એક પાસું છે. રહસ્યને સ્પર્શ કરવો તે ગૌણ છે. પૃથ્વી રહસ્યમય દેવતા નથી, પણ તે એક ભવ્ય સર્જન છે અને માણસે તેને ઉઘાડવાનું છે.

આપણે એક દાખલો લઈએ. કેન્સર લો. વૈકલ્પિક ઔષધ વિશ્વના રહસ્યમય શકિતબળને સીધું સ્પર્શે છે અને તેને ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરે છે. વૈકલ્પિક ઔષધની આ મૂળભૂત ધારણા છે. જે જડીબુટ્ટીઓમાં રહસ્યમયી શકિત છે, જે સારવારોમાં રૂઝાવવાની શકિત હાથવગી છે તે શોધે છે.પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરશે, પ્રશ્નના ઉકેલ માટે અસંખ્ય પ્રયોગો કરશે. આ જ આધાર તથા અભિગમે વિશ્વને ઔષધીય પ્રશ્નોની સમજ તથા ઉકેલ આપ્યાં છે. તેથી જ તો ન્યુમોનિયા, મેનેન્જાઈટીસ, ગાઉટ, ગાંઠિયા પ્લેગ, કોલેરા અને અન્ય સેંકડો રોગો આ વૈજ્ઞાનિક પ્રક્રિયાથી સાજા કરી શકાય છે.

પેનિસિલિનનો દાખલો લો. પેનિસિલિનની શોધ જોગાનુજોગ થઈ હતી. એક ડોકટરે જોયું કે ફુગવાળી બ્રેડ અચાનક જ બેકટેરિયામાં પડી અને તેણે આસપાસના બેકટેરિયા મારી નાખ્યા. ઈ.સ. ૧૩૪૮માં ફ્લોરેન્સનગર પ્લેગના રોગનો ભોગ બન્યું હતું. તબીબ વોકેશિયોએ લખ્યું કે આ પ્લેગ “ગ્રહોના પ્રભાવને કારણે અથવા આપણા પાપોની શિક્ષા તરીકે ઈશ્વરે મોકલ્યો હોવાને કારણે થયો છે.” (Lyons and Petrucelli, Medicine, An Illustrated History, Abraham. NY 1978, p. 349). હજી પણ કદાચ આવી ઘટના માટે આધ્યાત્મિક કારણો હશે. પણ તે રહસ્ય જ તેનો એકમાત્ર ઉત્તર નથી કે પછી વાસ્તવિક ઉકેલ માટેનો અવરોધ નથી. પ્લેગનું વાસ્તવિક, ચકાસણી કરી શકાય તેવું કારણ શોધી શકાય એવી આધુનિક વિજ્ઞાનની માન્યતાને કારણે કેટલાં જીવનો બચાવાયાં છે તે તો વિચારો.

ટૂંકમાં માણસજાતે ઘણીવાર માનવીની બીમારીનાં કારણો લેખે ગ્રહોની યુતિઓ, દુષ્ટ મનોવૃત્તિઓ, માનવદેહની અસમતુલ મનોવૃત્તિઓ, દુરિત આત્માઓ, ઈશ્વર કે દેવતાઓનો કોપ આદિ રહસ્યમય અને કસોટી ન કરી શકાય તેવાં કારણો ગણાવ્યા છે. રહસ્યો નથી અને માણસ બધા જ પ્રશ્નો ઉકેલી શકે છે તેમ કહેવું નથી. પણ અનેક (બધા નહિ) રહસ્યો

આધુનિક ઔષધે વૈજ્ઞાનિક પ્રક્રિયાથી ઉકેલ્યાં છે. વૈકલ્પિક ઔષધના તબીબો હજી પણ શક્તિના રહસ્યો અને અસમતુલામાં જ મુખ્યત્વે રાચે છે. અત્યારે જ્યાં ઉપચાર જડ્યો જ નથી તેવા કેટલાક કિસ્સામાં વૈકલ્પિક ઔષધ આકર્ષક લાગે. વૈકલ્પિક ઔષધ કે રિફ્લેક્ષોલોજી અંગેના તમારા નિર્ણયો અંશત: તમારા વિશ્વવ્યાપી મત પર આધાર રાખે. શું આ પૃથ્વી આપણી માતા છે અને તમારે શક્તિઓની શું સમતુલા જ શોધવાની છે? કે પછી આ પૃથ્વી તમારી નાની બહેન, ઈશ્વરનું સર્જન છે કે જેનાં રહસ્યો ઉકેલી શકાય છે, ચકાસી શકાય છે, પુરવાર કરી શકાય છે અને ત્યાર પછી તેનાં દ્વારા પરિણામોનો ઉપયોગ માનવજાતના ભલા માટે કરી શકાય છે?

*- રોબિન નેલ્સન*

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ


[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મ*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

**પ્રશ્ન** (સારરૂપે): **હું તો ઈસુને યરૂશાલેમમાં મંદિરમાં ચાલતા ભ્રષ્ટાચારથી, પડોશની જાતિઓના એટલે કે "કનાનના કૂતરાઓ" ના અન્યાયથી અથવા તો દુષ્ટ ઈઝબેલથી ગ્રસ્ત જુવાન યહૂદી ધર્મગુરુ તરીકે જોઉં છું. રાણી ઈઝબેલ પ્રત્યે રોષ વ્યક્ત કરતા અથવા તેના દીકરાઓને નર્કનો શાપ આપતા અથવા તો બીજી જાતિમાંથી લોકોને લાવી તેમની હત્યા કરવાનો પોતાના શિષ્યોને આદેશ આપતા ઈસુને વર્ણવતા ફકરાઓ પણ છે. શું આ ખરેખર જુવાન ઉત્તેજિત ઈસુ છે? આવા હઠીલા, આવેગપૂર્ણ હિબ્રૂ યુવાનને 'તારણહાર' કે 'ખ્રિસ્ત'નું બિરુદ મને વધુ પડતું મોટું લાગે છે. ઈસુ તારણહાર છે તેવું લખવાનું તો પાછળથી સૂઝયું હશે. ઈસુ તો તે સમયે ચાલતા ભ્રષ્ટાચારની વિરુધ્ધ માત્ર ક્રોધી જુવાન ચિંતક હશે તેમ હું માનું છું - તમે શું માનો છો?**

**ઉત્તર:** આ અદ્દભુત પ્રશ્ન છે. યરૂશાલેમના મંદિરમાં ચાલતી રીતોથી ઈસુ ખરેખર ખૂબ અસ્વસ્થ હતા. તે સમયના ભ્રષ્ટાચાર અને પાપોથી તે ખૂબ ગુસ્સે હતા. નવા કરારમાં ચારે લેખકોએ (માથ્થી ૨૧:૧૨, માર્ક ૧૧:૧૫, લૂક ૧૯:૪૫, યોહાન ૨:૧૫માં) ગૂંથેલી ચાબુક વડે ઈસુએ મંદિરના ચોકમાંથી નાણાવટીઓને કાઢી મૂકયા તે ઘટનાની સાતત્યપૂર્ણ નોંધ આપી છે. ઈસુના શબ્દો જ લખ્યા છે, 'મારું ઘર પ્રાર્થનાનું મંદિર કહેવાશે એમ લખ્યું છે પણ તમે એને લૂંટારાઓનું કોતર કર્યું છે.' ઈસુનું આ કથન તે જૂના કરારમાં યશાયા પ્રબોધકમાંથી લીધેલું અવતરણ છે (યશાયા ૫૬:૭). એવું બન્યું હતું કે બહારનો ચોક એટલે કે બિનયહૂદી લોકોનો ચોક યરૂશાલેમમાં આવતા યાત્રીઓ પાસેથી પૈસા પડાવવાનો અડ્ડો બની ગયો હતો. બીજા શબ્દોમાં કહીએ તો તે આ લોકો માટે પ્રાર્થનાનું સ્થળ બનવાને બદલે તેમનો લાભ ઉઠાવવાનું સ્થળ બની ગયો હતો. સઘળી દેશજાતિઓને આશીર્વાદ આપવાનું સ્થળ બનવાને બદલે પુરોહિત માટે પૈસા બનાવવાનું સ્થળ બની ગયો હતો. ઈસુના ક્રોધનું આ જ કારણ હતું. ખુદ ઈઝરાયલ પ્રજાઓ માટે આશીર્વાદરૂપ બનવાનું હતું, પણ અહીં તો પુરોહિતો આ બિનયહૂદીઓ માટેના ચોકનો પૈસા બનાવવાના સ્થળ તરીકે ઉપયોગ કરતા હતા.

લોકો ઈસુ વિષે ઘણું ઘણું કહેશે અને ઈસુએ બોલેલા શબ્દો વિષે પણ ઘણા અહેવાલો મળશે. અરે, કદાચ તે શબ્દો ઈસુના મુખમાં મુકાયા પણ હોય! આપણી પાસે સાચી હકીકતો છે તે નક્કી કરવું તે સહાયરૂપ થશે. પ્રથમ તો, એવો એકપણ ફકરો નથી કે જેમાં ઈસુએ ઈઝબેલનો ઉલ્લેખ કર્યો હોય. ઈઝબેલ જૂના કરારના સમયની રાણી હતી અને તે દુષ્ટ

તથા ઈશ્વર વિરુધ્ધ હતી (જુઓ રાજાઓ ૧). વળી, 'કનાનના કૂતરાઓ' વિષે કોઈ ફકરો નથી. ખોરાકના ટુકડાઓ માટે ટેબલ (મેજ) નીચે કૂતરાની જેમ ભીખ માંગતી સ્ત્રીનું રૂપક આલેખતો એક ફકરો છે. ઈસુ પોતાના શિષ્યોને બીજી જાતિના લોકોને લાવીને તેમની હત્યા કરવાનો આદેશ આપે છે તેવો એકે ફકરો નથી તે વાત નક્કી. આના જેવું પણ કંઈ બીજું નથી. સદ્ભાગ્યે બાઈબલ વિશ્વનો સૌથી શ્રેષ્ઠ પ્રમાણિત ગ્રંથ છે અને શું લખ્યું છે તે જ માત્ર આપણે જોવું રહ્યું.

આવા કોઈ ફકરાઓ છે જ નહિ, પરંતુ આવા અસ્તિત્વ ન ધરાવતા - કહેવાતા ફકરાઓથી કે ઈસુના કહેવાતા શબ્દોથી અસ્વસ્થ ન થશો. આ તો સાચી વાત કહેવાની એક તક છે. ઘણા લોકોને આવી અફવાઓ ફેલાવવાની ટેવ હોય છે. ઘણું ખરું દરેક વ્યક્તિ કયારેક તો આવો ગુનો કરે છે. મને પાકી ખાતરી છે કે મેં પણ આવી ભૂલ કરી હતી. ઘણા લોકો ઈસુ વિષે ઘણું ઘણું કહેશે. પોતાની માન્યતાને જાણે કે ટેકો આપતા હોય તેમ દરેક જણ ઈસુને ટાંકે છે. કયારેક વેદો વિષે પણ આવી અટકળ સાચી હોઈ શકે. કેટલાક લોકો એવું કહે છે કે આવું વેદોમાં કહેવાયું છે, પણ બધું કહેવાયું હોતું નથી. આપણી વાતને સાચી ઠેરવવા બીજા ગ્રંથોનો કે લોકોનો આવો મત છે એમ માની લેવું તે માનવ સ્વભાવ છે. આથી જ, મૂળ અને પ્રત્યક્ષ અહેવાલો વાંચવા તે મહત્ત્વનું છે. આથી જ, શાસ્ત્રીય તથા વિદ્વતાભર્યા સામયિકોમાં મૂળ ટાંકવાની પ્રથા છે.

ઈસુના જીવનમાં જે જે બન્યું તેનું યથાતથ સત્ય નોંધવા માટે નવા કરારના લેખકોએ ખૂબ જહેમત ઉઠાવી છે. નવા કરારના પ્રથમ ખંડમાં ચાર જુદા જુદા લેખકોએ ઈસુના જીવન વિષે લખેલા ચાર પુસ્તકો છે. આ એક ઉદાહરણ છે ડોકટર - લૂકનું. તે પોતાના પુસ્તકના પ્રારંભમાં કહે છે, 'આરંભથી જેઓ નજરે જોનારા તથા વચનોના સેવકો હતા, તેમણે આપણને કહ્યું છે તે પ્રમાણે આપણામાં પૂરી થયેલી વાતોનું વર્ણન કરવાનું ઘણાએ હાથમાં લીધું છે. માટે ઓ નેકનામદાર થિઓફીલ, મેં પણ શરૂઆતથી સઘળી વાતોની શોધ ચોકસાઈથી કરીને તારા પર વિગતવાર લખવાનો ઠરાવ કર્યો. એ માટે કે જે વાતો તને શીખવવામાં આવી છે, તેઓની સત્યતા તું જાણે....' (લૂક ૧:૨-૪).

આ કહેવાનો હેતુ એ છે કે ઈસુ વિષે પાછળથી ઘટનાઓ લખાશે તેવો એક સામાન્ય ખ્યાલ જુદા જુદા લોકોએ અનેક સમયે પ્રસારિત કર્યો હતો. આ ખ્યાલ સામે એક સતત અને સમર્થ પડકાર છે અને તે એ કે તેની કોઈ સાબિતી નથી. નવા કરારના જેટલા સ્પષ્ટ અધિકૃત દસ્તાવેજો છે તેટલા કોઈના નથી. નવા કરારના લખાણની અધિકૃતતા તથા ઐતિહાસિકતાને ટેકો આપતાં ચર્મપત્રોની, ઓળિયાંની, નિયમગ્રંથોની, સાબિતીઓની ૫૫૦૦ નકલો છે. ખુદ આ ઘટનાઓ અને હસ્તપ્રતોની નકલો વચ્ચોનું સમય અંતર સો વર્ષ કરતાંય ઓછું છે. (દા.ત. યોહાનની અંશત: હસ્તપ્રત ઈ.સ. ૧૨૪ની છે.) તુલનાની દૃષ્ટિએ જોઈએ તો કૈસરના ગાલીલના યુધ્ધોની ઘટનાઓ અને તેને લગતા મળેલા પ્રથમ દસ્તાવેજ વચ્ચે હજાર વર્ષનું અંતર છે.

તો પછી ઈસુ અને હિંસા અંગે શું? સત્ય તો એ છે કે ઈસુએ ધીરજપૂર્વક શાંત સ્વભાવ દર્શાવ્યો હતો. હકીકતમાં, ઈસુએ કયારેય તરવાર ઉગામી નથી કે લોકો સામે હિંસાનો ઉપયોગ કર્યો નથી. અરે, જ્યારે ઈસુને દગો દીધો ત્યારે તેમનો એક શિષ્ય (પિતર) પોતાની સાથે તરવાર લાવ્યો, તે બહાર કાઢી અને મુખ્ય યાજકના નોકર પર વાર કરી તેનો કાન કાપી નાખ્યો. ત્યારે ઈસુએ તેને તે બાજુએ મૂકવાનો આદેશ આપ્યો અને નોકરના ઘાને રૂઝવ્યો. તેમણે તો શાંતિપૂર્વક થયેલો દગો, ખોટા આક્ષેપો અને વધસ્તંભ પણ સ્વીકાર્યા. સઘળી હિંસાનો પ્રતિકાર કર્યો. પોતે આ રીતે મરશે તેવી આગાહી પણ તેમણે કરી હતી, અને કહ્યું હતું કે માનવજાતના પાપ માટે બલિરૂપે મૃત્યુ પામવા તે ઈશ્વરપ્રેર્યા અહીં આવ્યા છે. તેમના છેલ્લા શબ્દો હતા, 'હે પિતા, તેમને તું માફ કર, કેમ કે પોતે શું કરે છે તે તેઓ જાણતા નથી'.

એટલે, આ પ્રશ્ન પરથી આપણે એક બોધપાઠ લઈ શકીએ. તમે ઈસુ કે વેદ કે કશાય અંગે જે કંઈ સાંભળો તે અહેવાલ

પ્રમાણભૂત અને સાચો છે તેની ખાતરી કરો. ઈસુએ શું કહ્યું તે શોધો. વેદ આવું કશુંક કહે છે કે નહિ તે જુઓ. ઊગમને - મૂળને શોધો અને સાચું શું છે તે જાણો. આ આપણને સહાય કરશે, કારણ આપણે બધા સત્યને અનુસરીએ છીએ.

તમારા આ પ્રશ્ન માટે આભાર. અને મને આશા છે કે આ ઉત્તર આપણને સહુમાં આપણા સાંભળ્યાની ચકાસણી કરી, તે સાચું છે કે નહિ તે જાણવાનો નિર્ણય દૃઢ કરશે.

**- વ્યાટ્ટ રોબર્ટસન**

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

### ઉત્તરો આપનાર પંડિતો

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મ*
*જીરહાર્ડ વોહ્‌લબર્ગ*

---

### પ્રશ્ન : ભારતીય સ્ત્રીઓને કપાળે બિંદી હોય છે તેને તમે શું કહો છો? હિંદુ ધર્મ સાથે તેને શો સંબંધ?

**ઉત્તર :** ભારતીય યુવતિઓ અથવા સ્ત્રીઓ તેમના કપાળ પર જે બિંદી કરે છે તે તો સૌંદર્યનું ચિહ્‌ન છે. વ્યક્તિની આધ્યાત્મિક સમર્પિતતાની છડી પોકારતા, કપાળે થતા તિલક જેવા રંગીન ચિહ્‌નમાંથી તેનો ઉદ્‌ભવ થયો છે. કેટલાકને મન તે તેમના ઈશ્વરની શક્તિ છે. ભસ્મ કે ચંદનલેપ કે કયારેક માટીથી થતાં તિલકનો રંગ હિંગળોકિયો હોય છે. તિલક કપાળ પર, બે આંખોની વચ્ચે છઠ્ઠા એટલે કે આજ્ઞાચક્ર અથવા કેટલાક જેને ત્રીજું નેત્ર કહે છે તે સ્થળે થાય છે. હિંદુઓ માને છે કે શરીરમાં સાત મુખ્ય ઊર્જાકેન્દ્રો છે. તેનો પ્રારંભ કરોડરજ્જુના મૂળથી થાય છે અને ક્રમશ: તે માથાની ટોચે પહોંચે છે. બે આંખોની વચ્ચે કપાળ પર આ છઠ્ઠું ચક્ર આવ્યું છે જેમાં દિવ્યશક્તિનો માનવ સાથે સંવાદ થાય છે. બિંદી એ માત્ર સૌંદર્યનું ચિહ્‌ન છે.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.


**સબમીટ**

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : શું ઉત્ક્રાંતિનો સિધ્ધાંત પુનર્જન્મને સમર્થન આપે છે? હિંદુઓની ઉત્પત્તિ અંગેની માન્યતા શું ઉત્ક્રાંતિ સાથે સુસંગત છે? શું ઉત્ક્રાંતિ સત્ય છે?

**ઉત્તર :** પ્રસ્તાવના

આ પ્રશ્નને કારણે અત્યારના સમયમાં ઉત્ક્રાંતિની શી પરિસ્થિતિ છે તેનું અવલોકન કરવાની અનિવાર્યતા ઊભી થઈ છે. ઉત્ક્રાંતિ અને હિંદુઓની ઉત્પત્તિ અંગેની માન્યતા વચ્ચે મોટામાં મોટો ભેદ એ છે કે ઉત્ક્રાંતિ તે વૈજ્ઞાનિક સત્યનો દાવો છે, જ્યારે હિંદુઓની ઉત્પત્તિ અંગેની માન્યતા પૌરાણિક કથાઓ છે. વૈજ્ઞાનિક સિધ્ધાંત વિશ્વમાં હયાતી ધરાવતી ચકાસણી યોગ્ય, પ્રમાણભૂત માહિતી પર આધારિત હોય છે. ભૂતકાળના વૈજ્ઞાનિક સિધ્ધાંત સામે સિધ્ધાંત ઘડવા અને પૂરવાર કરવા માટે યોગ્ય રીત-માહિતી (વનસ્પતિ કે પથ્થરના અવશેષ, તારાનો પ્રકાશ વગેરે) મેળવવાનો પડકાર હતો. ડાર્વિનના સિધ્ધાંતને પ્રગટ થયાના લગભગ ૧૩૫ વર્ષો પછી વૈજ્ઞાનિક માહિતી મેળવવાના પ્રચંડ પુરુષાર્થ અને સંશોધન થાય છે. તો પછી, પ્રશ્ન એ ઊભો થાય છે કે 'હિંદુ ધર્મ કે બાઈબલના ઉત્પત્તિ અંગેના દાવાનો વૈજ્ઞાનિકોએ ઉઘાડેલી સાબિતી સાથે કશો મેળ ખરો?' તેનો ટૂંકો ઉત્તર આ પ્રશ્નની રહેલી સઘળી પૃચ્છામાં ઊંડો ઊતરતો નથી, પરંતુ તે ઉત્ક્રાંતિની વર્તમાન પરિસ્થિતિનો અને હિંદુ તથા ખ્રિસ્તી શાસ્ત્રોની તુલનાનો આછો ખ્યાલ આપે છે.

### ઉત્ક્રાંતિનું અવલોકન

આ લેખ ઉત્ક્રાંતિના સિધ્ધાંત અંગેનું આછું અવલોકન છે. છેલ્લા કેટલાક દસકાઓની વૈજ્ઞાનિક પ્રગતિએ આ સિધ્ધાંત અંગે ચર્ચા કરવા માટેની માહિતીનો વિપુલ જથ્થો પૂરો પાડ્યો છે. અને તેના દૂરગામી પરિણામો પણ છે. ડાર્વિને જ્યારે આ સિધ્ધાંત મૂકયો, ત્યારે આવો વિપુલ જથ્થો સાવ અલભ્ય હતો અને તેણે માની લીધું કે ભવિષ્યનું સંશોધન તેના આ સિધ્ધાંતના ટકવાની શકયતા નક્કી કરશે.

### ઉત્ક્રાંતિની પધ્ધતિઓ

ઉત્ક્રાંતિના સિધ્ધાંતના અનેક સ્વરૂપો છે. સૂક્ષ્મ ઉત્ક્રાંતિમાં વર્ગો - પ્રકારોમાં અતિ નાના ફેરફારો થાય છે અને તે કુદરતમાં જોઈ શકાય છે. સૂક્ષ્મ ઉત્ક્રાંતિને કારણે જે ફેરફારો જોવા મળ્યા છે તે હમેશાં ખૂબ નાના, જવલ્લે જ થતા અને નવા

વર્ગોમાં ન પરિણમતા હોય છે. સૂક્ષ્મ ઉત્ક્રાંતિનો સિધ્ધાંત તો કહે છે એક વર્ગ લાંબા સમયાંતરે અતિ નાના અને ઉપયોગી એવા નવા અન્ય વર્ગમાં પરિવર્તન પામી શકે. ભૌતિક ઉત્ક્રાંતિનો સિધ્ધાંત તો જણાવે છે કે બિનજીવંત વસ્તુ પર ભૌતિક અને રાસાયણિક બળોની પ્રક્રિયાને કારણે જીવનનો પ્રારંભ થયો. સૂક્ષ્મ ઉત્ક્રાંતિ અને ભૌતિક ઉત્ક્રાંતિમાં લાંબો સમય પસાર થતો હોવાથી તેમનું પ્રત્યક્ષ નિરીક્ષણ નહીં થઈ શકે. આથી, આ સિધ્ધાંતોને અન્ય રીતે પ્રમાણભૂત કરવા પડશે.

## ઐતિહાસિક ભૂમિકા

લગભગ ૩૦૦ વર્ષ પહેલા ભૂસ્તરશાસ્ત્રીઓને લાગવા માંડ્યું કે આ પૃથ્વી અતિ પુરાણી છે. કાંખાળા (sedimentary) ખડકના પડો ઉપર પડો પૃથ્વીના ભૂતકાળના ભિન્ન ભિન્ન યુગોનું પ્રમાણ આપવા માંડ્યા. તે યુગોમાં જીવી ગયેલા પ્રાણીઓના અવશેષોની છાપ તેમણે આ કાંખાળા ખડકોના પડોની ભીતરમાં જોઈ.

લગભગ ૧૫૦ વર્ષ પહેલાં, પ્રકૃતિમાં સૂક્ષ્મ ઉત્ક્રાંતિનો પુરાવો જોયો. તેણે એવો સિધ્ધાંત બાંધ્યો કે જનનિક પરિવર્તનને કારણે કોઈ વર્ગમાં અવ્યવસ્થિત ફેરફારો થશે. અને જે વ્યક્તિઓ અનુકૂળ ફેરફારો અનુભવશે, તેઓ પ્રતિકૂળ ફેરફારો અનુભવનારાઓ કે કશો ફેરફાર ન અનુભવનારાઓ કરતા જીવવા માટે વધુ યોગ્ય હશે. આ સિધ્ધાંતને તેણે કુદરતની પસંદગીના પરિણામ તરીકે ઓળખાવ્યો. તેણે પોતાના સિધ્ધાંતનું સૂક્ષ્મ ઉત્ક્રાંતિ સાથે - ભૂસ્તરશાસ્ત્રીઓ પૃથ્વીના ભૂતકાળમાં જે લાંબું સમયાંતર શોધી રહ્યા છે તે સમયાતરમાં નાના, અનુકૂળ ફેરફારોને કારણે નવા વર્ગો ઉત્પન્ન થયા તેવા સિધ્ધાંત સાથે અનુસંધાન સાધ્યું. વર્ગોમાં નવી લાક્ષણિકતાઓ વિકસી શકે અને નવા વર્ગો જૂના વર્ગોમાંથી ઉદ્‌ભવી શકે. જો કે, ડાર્વિને ૧૮૭માં તેના પુસ્તક 'Origin of Species'ની પાંચમી આવૃત્તિમાં લખ્યું છે કે, "જો એમ સાબિત કરી શકાય કે કોઈ એક જટિલ અંગ જે અસ્તિત્વ ધરાવે છે તે અસંખ્ય, ક્રમબધ્ધ અને અલ્પસુધારાથી અસ્તિત્વ ધરાવતું ન હોત તો મારો સિધ્ધાંત સંપૂર્ણ તૂટી પડશે."

ભૂસ્તરશાસ્ત્રે અને પ્રાચીન પ્રાણીવિદ્યાશાસ્ત્રે આજે તો ડાર્વિનના જમાના કરતાં વિશેષ-મહાન પ્રગતિ સાધી છે. અને તે બંને શાસ્ત્રો ડાર્વિને આપણને આપી તે કરતાં વધુ માહિતીઓ પૂરી પાડે છે. સારા પ્રમાણમાં વનસ્પતિ કે પ્રાણીના અવશેષોની નોંધો મળી આવી છે. અને તેમાંથી જે મળ્યું છે તે મહ્‌તમ જટિલતા પ્રત્યેની ધીમી પ્રગતિ નથી. ઊલટું, તે નોંધમાં જણાવાયેલો વર્ગ અચાનક પ્રગટે છે. થોડાંક સમયના અંતર સુધી થોડાં પરિવર્તનો સહિત જીવે છે અને તરત તે અદૃશ્ય થઈ જાય છે. ડાર્વિને ભાખેલું ધીમું ક્રમશ: પરિવર્તન મળ્યું નથી.

## ઘટાડી ન શકાય તેવી જટિલતા

છેલ્લી સદીમાં જૈવિક વિજ્ઞાનોએ પણ અસરકારક ફાળ ભરી છે. વૈજ્ઞાનિકો એ જીવન વિશે જેટલું જાણે છે તેટલું જ જટિલ જીવન દેખાય છે. જીવન પ્રક્રિયાઓ અત્યારે અતિશય જટિલ દેખાય છે. પ્રત્યેક કાર્યમાં અસંખ્ય આંતર સંબંધિત ભાગો છે. દા.ત. જો કોઈ કાર્યમાં સો ભાગોની જરૂર પડે તો સોએ સો ભાગ હાજર હોવા જોઈએ. તો જ નવું કાર્ય શરૂ થયા પછી જીવને કોઈ લાભ આપે. જો જીવ આવો કોઈ ભાગ અકસ્માતે જ વિકસાવવાનો હોય તો કશો લાભ નહિ થાય. કદાચ જીવને નુકશાન થશે. આથી, આ નવા કાર્યનો માર્ગ ક્રમશ: નથી. આને કારણે ઉત્ક્રાંતિના સિધ્ધાંતમાં મોટો અવરોધ ઊભો થયો છે. જે કાર્યમાં ઘણા આંતર સંબંધિત ભાગો હોય તે કામોમાં ન ઘટાડી શકાય તેવી જટિલતા હોય છે એવું કહેવાય છે.

પરિમાણવાચક ઉદાહરણ આ મુદ્દાને સ્પષ્ટ કરવામાં સહાય કરશે. જો મારા મનમાં દસ અક્ષરનો શબ્દ હોય અને હું તમને ફાવે તેમ અક્ષરો ધારીને શબ્દ ધારવા કહું. તમે પહેલો અક્ષર સાચો ધારશો તેવી શકયતા ૨૬ માં ૧ છે, કારણ કે સમશકયતા સાથે ૨૬ અક્ષરો છે. તે જ રીતે બાકીના પ્રત્યેક અક્ષર માટે પણ તમારા ધારવાની શકયતા પણ ૨૬ માં ૧ છે. એકી સાથે તમે બધા જ અક્ષરો સાચા ધારો તેવી તક ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ x ૨૬ માં ૧ છે. અથવા તો ૧૪૧૦ પરાર્ધ (trillion) છે. જો તમે દસ અક્ષરોનું જોડાણ પ્રત્યેક સેકંડે એક વાર ધારો તો સાચું જોડાણ

પામવા કેટલો સમય લાગશે? એક વર્ષમાં સેકંડોની સંખ્યા છે ૩૬૫ x ૨૪ x ૬૦ x ૬૦ અથવા તો ૩૧,૫૩૬,૦૦૦ સેકંડો. તો પછી તમે વર્ષમાં કેટલી ધારણાઓ કરી શકો. ૧૪૧૦ પરાર્ધ ભાગ્યા ૩૧,૫૩૬,૦૦૦ ધારણાઓ પ્રતિ વર્ષ. આ ધારણાઓ એટલે બધા જ જોડાણો અંગે પ્રયત્ન કરવાના ૪૫ લાખ વર્ષો.

આ ઉદાહરણનું મહત્ત્વ એટલું જ કે જટિલ પદાર્થ સર્જવામાં અવ્યવસ્થિત તક અપૂરતી છે. એક સાચો શબ્દ ધારવામાં ઝાઝો સમય ન જાય, કારણ કે માત્ર ૨૬ જ શકયતાઓ છે. જો કે, તમારે દસ સાચા શબ્દો એક સાથે પસંદ કરવાના હોય, તો શકયતાઓની સંખ્યા પ્રચંડ બને છે અને સાચો ક્રમ મેળવવામાં પણ લાંબો સમય થાય. એક પૂરું વાકય અથવા સમગ્ર પુસ્તક રચવામાં અવ્યવસ્થિત તક કેટલો સમય લે તે ધારો. આ ઉદાહરણ બતાવે છે કે બુધ્ધિશાળી આયોજક ન ઘટાડી શકાય તેવી ઓછામાં ઓછી જટિલતા સાથે પણ અવશ્ય કંઈક સર્જશે.

### જીંદગી એટલે ન ઘટાડી શકાય તેવી જટિલતા

જીવંત પ્રાણીઓ સામે ન ઘટાડી શકાય તેવી અનેક જટિલ પધ્ધતિઓ છે. અને ટુકડે ટુકડે રચાઈ નથી, કારણ કે પૂર્ણ હોય તો જ પધ્ધતિઓ કામ કરી શકે. આપણા દસ અક્ષરના શબ્દના ઉદાહરણ કરતાં આ જૈવિક પધ્ધતિઓ ઘણી ઘણી જટિલ છે. એટલે, આ પધ્ધતિઓ એકાએક અકબંધ રચાઈ હોય તે શકયતા શૂન્યવત્ છે. જીંદગી સુઆયોજિત હતી, તે સુક્ષ્મ ઉત્ક્રાંતિ દ્વારા ઉત્પન્ન થઈ નથી. આ શોધને અનેક વૈજ્ઞાનિકો અટલ પુરાવો માને છે.

છેલ્લા દસકામાં ઉત્ક્રાંતિ પર અનેક વૈજ્ઞાનિક લેખો અને પુસ્તકો લખાયા છે. ક્રમશ: પગલાંની શ્રેણી દ્વારા જીવંત તંત્ર ઊભું થયું હોય તેવી સરળ લાક્ષણિકતા દર્શાવતો કોઈ વિશ્વસનીય સિધ્ધાંત હોય, તો તે શોધવા માટે સંશોધન પણ થયું. ઉત્ક્રાંતિમાં સારા, સુસ્પષ્ટ, વૈજ્ઞાનિક સંશોધનના દસકાઓ પછી પણ આવું કોઈ ઉદાહરણ આવા પુરુષાર્થોએ આપ્યું નથી. ઊલટું, જેમ જેમ જૈવિક વિજ્ઞાનો જીવનની જટિલતા વિષે વધુને વધુ જાણતા જાય છે તેમ તેમ સૂક્ષ્મ ઉત્ક્રાંતિ વધુને વધુ અબુધ્ધિગમ્ય જણાઈ.

એ સાવ અસંભવ છે કે વર્તમાન કોઈપણ વર્ગમાં અવ્યવસ્થિત તક (chance), નવું સરળ અંગ ઉત્પન્ન કરી શકે. અને એ તો સવિશેષ અસંભવ છે કે સમગ્ર તંત્ર તક દ્વારા રચી શકાય. સાદામાં સાદા જીવંત તંત્રોને એક કોષ હોય છે. ભૌતિક ઉત્ક્રાંતિ કહે છે કે બિનજીવંત પદાર્થમાંથી તક દ્વારા એકકોષીય જીવન શરૂ થયું અને ત્યારપછી ઉચ્ચતર વર્ગોમાં ઉત્ક્રાંતિ થઈ. એક કોષમાં અનેક પ્રકારના પ્રોટિન્સ, આનુવંશિક માહિતી સંઘરેલી હોય તેવો કોશના રંગસૂત્રોમાં રહેલો પદાર્થ (DNA), પ્રોટિન નિર્મિતનું નિયમન કરનાર પદાર્થ (RNA) રહેલા છે. આ લાંબા કણો સાચી રીતે એકત્રિત કરેલા વધુ સાદા ચણતર એકમોમાંથી ઉત્પન્ન થાય છે. દસ અક્ષરોના બનેલા શબ્દના ઉદાહરણની જેમ. પરંતુ આ ચણતર એકમોના જોડાણો તંતુઓની લંબાઈને કારણે ખગોળશાસ્ત્રીય હોય છે. જો તક (chance) સાચા ક્રમનો નાનો અંશ પણ ઉત્પન્ન કરવાની હોય તો તે જ અવ્યવસ્થિત બળો તેનું વિઘટન પણ કરશે. અને જીવંત કોષમાં કોઈ પ્રગતિ નહિ થાય. તકે તો કોષની સઘળી જટિલતા એકસાથે ઉત્પન્ન કરવી જોઈએ. એવું અંદાજવામાં આવ્યું છે કે તક દ્વારા કોષ રચવા માટે ૧૦૧૦૦ અબજ વર્ષો જોઈએ. વિશ્વનું આયુષ્ય ૧૦ અબજ વર્ષોથી સહેજ વધારે છે, એટલે ભૌતિક ઉત્ક્રાંતિ સાવ અવૈજ્ઞાનિક છે.

### ઉત્ક્રાંતિનો અન્ય સિધ્ધાંત

ધીમી, ક્રમશ: ઉત્ક્રાંતિને વૈજ્ઞાનિક પુરાવાનું સમર્થન મળતું નહિ હોવાથી એક વૈકલ્પિક સિધ્ધાંતે ધ્યાન ખેંચ્યું છે. અને તે સિધ્ધાંત છે : અટકાવાયેલી સમતુલા (punctuated equilibrium). આ સિધ્ધાંત જણાવે છે કે આ પૃથ્વી પરનું જીવન કયારેક પ્રકાશિત તારાના વિસ્ફોટ અથવા તો મોટી ઉલ્કાના પ્રભાવ જેવા અત્યાંતિક તનાવ નીચે મૂકાશે. આ સમય દરમિયાન વર્ગના મોટા ભાગના સભ્યો મૃત્યુ પામશે અને આ વર્ગો અવશેષ નોંધમાંથી અદશ્ય થશે, કારણ કે તેમની સંખ્યા ખૂબ નાની હશે. વર્ગના જીવતા રહેલા સભ્યો પરિસ્થિતિગત તનાવને કારણે વારંવાર જનનિક પરિવર્તનો આપશે. આથી, સૂક્ષ્મ ઉત્ક્રાંતિનો વેગ વધશે. સમયાન્તરે, આ વર્ગ તનાવને અપનાવશે અને વસ્તીમાં વધારો થશે. પરિણામે અવશેષોની સંખ્યા પણ સારી એવી વધશે. અવશેષ નોંધમાં સંક્રમક સ્વરૂપોની જે ગેરહાજરી ડાર્વિને ભાખી હતી તે

ગેરહાજરીની સ્પષ્ટતા આ સિધ્ધાંત કરે છે.

આ સિધ્ધાંતની ચકાસણી પ્રયોગશાળામાં થઈ શકે છે, કારણ કે આપણે વર્ગને અનેકવિધ પરિસ્થિતિગત તનાવ નીચે મૂકી શકીએ. આ પ્રયોગોમાં અપેક્ષા પ્રમાણે વસ્તી દ્વારા પણ હિતકારી જનનિક પરિવર્તનો ન જડયાં. અહિતકારી જનનિક (mutations) પરિવર્તનોની સંખ્યા હિતકારી જનનિક પરિવર્તનો કરતાં દસહજારે એકના પ્રમાણમાં વધારે હતી, એટલે ઉત્ક્રાંતિને બદલે મૃત્યુ જોવા મળ્યું.

## ઉત્પત્તિ અંગેના હિંદુ અને ખ્રિસ્તી અહેવાલો

જો વિજ્ઞાન ઉત્ક્રાંતિને બદલે બૌધ્ધિક આયોજનનું સમર્થન કરતું હોય તો આપણે તે નિષ્કર્ષ પર આવવું જોઈએ કે ઈશ્વર છે. જો કે દુનિયામાં અનેક ધર્મો છે. એટલે સત્ય શું છે તે આપણે કેવી રીતે જાણવું?

ધર્મનું મૂલ્યાંકન કરવાનો એક માર્ગ એ છે કે પ્રમાણભૂત થઈ શકે તેવી હકીકતો સાથે તેના બોધને ચકાસવો. ઉત્પત્તિ અંગેની હિંદુઓની માન્યતા કે ઉત્પત્તિ અંગેની પૌરાણિક કથાઓનો કોઈપણ વૈજ્ઞાનિક સિધ્ધાંતો અથવા તો જગતની ઉત્પત્તિ અંગેની શોધો સાથે કશો મેળ પડતો નથી.

જો ઉત્પત્તિની પૌરાણિક કથાઓને શબ્દશ: સ્વીકારવામાં આવે તો વિજ્ઞાન તેની સખત વિરુદ્ધ ઊભું રહેશે અને જો તેને રૂપક તરીકે સ્વીકારવામાં આવે તો તો આ અહેવાલો અને વૈજ્ઞાનિક નિષ્કર્ષો વચ્ચેનો સંબંધ પામવો મુશ્કેલ બને (દા.ત. સ્ત્રી-પુરુષ, પતિ-પત્ની રૂપે વિભાજિત થઈને પ્રજાપતિ દુનિયાના સૌ સંતાનો સર્જે છે).

બાઈબલના પ્રારંભનાં પાનાં વિશ્વ, પૃથ્વી અને સમગ્ર જીવનની ઉત્પત્તિનો અહેવાલ આપે છે. જો ઉત્પત્તિના આ છ દિવસોને ચોવીસ કલાકના દિવસો માનવાને બદલે છ યુગ તરીકે માનવામાં આવે (આ માટે જે હિબ્રૂ શબ્દ વપરાયો છે તેમાં બંને અર્થો સમાયા છે), તો ઘટનાઓનો ક્રમ તે તે ઘટનાઓની આજની આપણી વૈજ્ઞાનિક સમજ સાથે પ્રગાઢપણે બંધબેસતો આવે છે. વૈજ્ઞાનિક સિધ્ધાંત આ જ નિષ્કર્ષ પર આવે તે પહેલા કયારનુંય બાઈબલ તો લખાયું હતું. એટલે બાઈબલની વિશ્વસનીયતા અંગેનો આ નાટચાત્મક પુરાવો છે. બીજો કોઈ ધર્મ પોતાના લખાણો વિશે આવો દાવો નહિ કરી શકે.

## આત્માનો પુનર્જન્મ અને પરકાયા પ્રવેશ

ઉત્ક્રાંતિ અને આત્માના પરકાયા પ્રવેશ વચ્ચેનો ભેદ સમજાવવા માટે થોડી જગ્યા રોકવી પડશે, કારણ કે આ અંગે સારો એવો ગુંચવાડો છે. કેટલાક ગુરુઓએ દાવો કર્યો છે કે હિંદુ ધર્મ અને ઉત્ક્રાંતિ પરસ્પર સાથે સુસંગત છે. પણ તેઓ જે વાત કરે છે તે વાત તો છે આત્માના પરકાયા પ્રવેશની. ખરેખર, આ બંને જુદા જ પ્રશ્નો છે. આત્માનો પરકાયા પ્રવેશ એટલે વ્યકિત અનેક યોનિનો તથા વર્ગમાંથી પસાર થઈ છેવટે મોક્ષ પામે છે એવી પુનર્જન્મ અંગેની માન્યતા. ઉત્ક્રાંતિનો સિધ્ધાંત તો એ જ વર્ગની અનન્ય વ્યકિતઓના ભિન્ન અથવા તો વધુ ઊંચા વર્ગમાં સંક્રાત થવા અંગે ચર્ચા કરે છે.

## અસરો

ઈશ્વર છે તે અંગેના વ્યાપક અને વધતા જતા વૈજ્ઞાનિક પુરાવાને આ લેખ સંક્ષિપ્તમાં નિરૂપે છે. ઉત્ક્રાંતિના સિધ્ધાંતને હકીકત તરીકે પેઢીઓ સુધી ભણાવવામાં આવ્યો છે. એટલે આ અંગત પ્રભાવ પાડતો વિપ્લવી ખ્યાલ છે. જો આપણે ઉત્ક્રાંતિને કારણે અસ્તિત્વ ધરાવતાં હોઈએ તો જીવનનું આધ્યાત્મિક પરિમાણ ના પણ હોય. ખેર! આપણી હયાતી જો બુધ્ધિમાન ઈશ્વરને કારણે હોય તો જીવનનો અર્થ સમજવા આપણે આ સર્જક (ઈશ્વર)ને અનિવાર્યપણે શોધવો જ રહ્યો. જો બાઈબલના ઈશ્વર વિશે જાણવા તમે ઉત્સુક હો તો નવા કરારનું ચોથું પુસ્તક - યોહાનની સુવાર્તા વાંચવાનું અમે તમને સૂચવીએ છીએ. તમને સમજાશે કે ઈશ્વરે તમને માત્ર સર્જ્યા નથી, તે તમારી સાથે અંગત સંબંધ રાખવા ઈચ્છે છે.

પુનર્જન્મની ભાવનાના વધુ વૈજ્ઞાનિક પુરાવા તરીકે અને અનેક ભિન્ન વર્ગમાં પસાર થઈ છેવટે મોક્ષ પામતી વ્યકિતમાં

થતી ક્રમિક સુધારણા તરીકે હિંદુ ધર્મને ઉત્ક્રાંતિ સાથે જોડવાનું કેટલાક હિંદુ ચિંતકોમાં સામાન્ય થઇ પડ્યું છે. વિચાર માત્રામાં જ સમાંતર ભાવના છે. આ બંને કાંઇ અનિવાર્ય જોડાણ નથી. એક જ વ્યકિત સમયાંતરે ભિન્ન વર્ગ દ્વારા ઉત્ક્રાંતિ થાય છે તેવું ડાર્વિનનો ઉત્ક્રાંતિનો સિધ્ધાંત નથી કહેતો. તે તો વ્યકિતગતતાના અવસાન સાથે જ વર્ગની ઉત્ક્રાંતિની વાત કરે છે. વર્ગની નવજાત વ્યકિતગતતાઓ અસંબંધિત નથી. વ્યકિતગતતાઓ છે કે પૂર્વની હયાતીમાંથી પુનર્જન્મ પામેલી વ્યકિતગતતાઓ છે તે વાતને તેના સિધ્ધાંતમાં લગીરે અવકાશ જ નથી. ટકી શકે તેવા સિધ્ધાંત તરીકે ઉત્ક્રાંતિની શકયતામાં તાજેતરમાં જે ઘટાડો થતો ગયો છે, તે કારણે જ આ બંનેને ભાવનાત્મક સ્વરૂપે એક સાથે જોડવામાં ગેરડહાપણ છે તેવું સ્પષ્ટ થાય છે.

Bibliography

આ લેખમાં ઉત્ક્રાંતિ વિશેના કેટલાએક તાજેતરના વૈજ્ઞાનિક અવલોકનોની યાદી આપવામાં આવી છે. આ વિષય સંબંધી વધુ વાંચન કરવા નીચેના પુસ્તકોની ભલામણ કરવામાં આવે છે.

1. Evolution: A Theory in Crisis by Michael Denton, published by Alder and Adler, Bethesda MD, 1986.
2. Darwin's Black Box by Michael J. Behe, published by Touchstone, New York, NY, 1998.

**- જ્ઞાનબ્રહ્મા**

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મ*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

---

પ્રશ્ન : **હું ગાયત્રી મંત્રના જાપ કરું છું. હમણાં જ મેં એક લેખ વાંચ્યો. તેમાં લખ્યું હતું કે ધ્યાન માટે ગાયત્રી મંત્ર ખૂબ લાંબો છે. વ્યક્તિએ સરળ મંત્ર પસંદ કરવો જોઈએ. જો ગાયત્રી મંત્ર સમર્થ મંત્ર હોય તો ધ્યાન દરમ્યાન શા માટે તેવો જાપ ન કરવો જોઈએ?**

ઉત્તર : તમારા આ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં હું ટૂંકમાં તમને ગાયત્રી મંત્ર સમજાવું. ગાયત્રી મંત્ર તે ઉચ્ચ વર્ગના યુવકને અપાતી એક વિશિષ્ટ દિક્ષાનો એક ભાગ છે. આ દિક્ષા વિધિમાં તેને ઉપનયન (પવિત્ર સૂત્ર) પહેરાવવામાં આવે છે. અને આથી તેને વેદનું અધ્યયન કરવાની અને લગ્ન કરવાની છૂટ પ્રાપ્ત થાય છે. આ વિધિમાં યુવકને વેદોના સઘળા મંત્રોમાં અતિ પવિત્ર ગણાતા ગાયત્રી મંત્રની દિક્ષા અપાય છે. અને પછી તે યુવક દ્વિજ મનાય છે.

ગાયત્રી મંત્રનો અર્થ આ થાય છે - "હે પૃથ્વી, ખતગળ અને સ્વર્ગના દેવ, રવિ (સૂર્ય)ના વરેણ્ય કિરણો અમારી બુધ્ધિને અજવાળો."

વેદો અને ખાસ કરીને સામવેદમાં જાપ માટેના ટૂંકા મંત્રો છે. પણ અનેક ગુરુઓને મન ગાયત્રી મંત્ર સબળ - સમર્થ મંત્ર છે. કેટલાક તો કહે છે કે સૃષ્ટિની ઉત્પત્તિ કરતાં પહેલાં બ્રહ્માએ ગાયત્રી મંત્ર સર્જ્યો હતો અને ચારે વેદો આ મંત્રમાંથી સર્જાયા છે. આ મંત્રના પ્રત્યેક ૨૪ અક્ષરને કંઈક ને કંઈક મહત્ત્વ અપાયું છે, અને આ મંત્રનો જાપ કરવાથી સામાન્ય રીતે સિધ્ધિ અને સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે.

તમારો પ્રશ્ન સૂચવે છે તેમ આ મંત્ર અંગે જુદા જુદા અભિપ્રાયો છે. કેટલાયે ગુરુઓ અને પશ્ચિમના કેટલાક ધ્યાન શીખવનારાઓ પોતાના શિષ્યને પોતાનો મંત્ર આપવાનો અધિકાર અંગત રીતે આરક્ષિત રાખે છે. તેમનું માનવું છે કે તમારા ગુરુઓ જ તમને સાચા જ્ઞાન તરફ દોરી શકે અને તમારા જ્ઞાન માટે જે અતિ યોગ્ય હોય તે મંત્ર આપી શકે. આ મંત્રો કયાં તો વેદોમાંના ટૂંકા સૂત્રો હોય અથવા તો હિંદુ દેવ-દેવીઓના નામ હોય.

લંબાઈનો પ્રશ્ન મહત્ત્વનો છે. મંત્ર લાંબો ન હોવો જોઈએ. છતાંય, હું માનું છું કે ગાયત્રી મંત્ર લાંબો હોવાને કારણે મંત્ર તરીકે અધૂરો - અસમર્થ છે તેમ કહેવું વધુ પડતું છે. મંત્રનો મૂળ ખ્યાલ તો મનનાં નકારાત્મક કર્મને ધોઈ મનના વિક્ષેપો - ખલેલોને દૂર કરવાનો છે. માળા સાથેના ૧૦૮ મણકાની અને મંત્રના સેંકડોવાર, હજારો વાર અને લાખો વારના જાપ એક યજ્ઞ મનાય છે. તે એ રીતે ઉપયોગી મનાય છે કે તે મનને એકાગ્ર કરે છે અથવા મનને શાંત કરવા મનને વિચારશૂન્ય કરે છે.

હિંદુ ધર્મનો મૂળ સ્વર છે 'ઓમ્' - આદિ સ્વર. પરમેશ્વર ગ્રાહ્યતાનીય પર છે અને એટલે તેને પામવા માટે મનને ઉત્ક્રાંત કરવું જોઈએ. સંસ્કૃતમાં 'અ', 'ઊ' અને 'મ્' એ ત્રણેય સ્વરો જાગૃત અવસ્થા, તંદ્રા અવસ્થા અને ઊંડી નિંદ્રા અવસ્થાના સૂચક છે તેવું કહેવાય છે. 'ઓમ્'ના પ્રત્યેક જાપ વચ્ચેનું મૌન નિર્ગુણ બ્રહ્મની અસ્તિત્વહીનતા કહેવાય છે.

તમારી સામે પડેલા પ્રશ્નને સમજવામાં સહાયરૂપ થાય તે માટે ઈસુની પ્રાર્થનાનો ખ્યાલ તમને સ્પષ્ટ કરું, તે ખરેખર અતિ ભિન્ન છે. ખરેખર

ઈસુએ તો કહ્યું હતું, 'તમે પ્રાર્થના કરતાં અમથો લવારો ન કરો. કેમ કે એમ ન ધારતા કે તમારા ઘણા બોલવાથી તમારું સાંભળવામાં આવશે' (માથ્થી ૬:૭). મંત્રની તુલનામાં ઈસુનું એમ કહેવું છે કે પ્રાર્થના અર્થસભર અને સત્વશીલ હોવી જોઈએ. હકીકતમાં તો પ્રસિધ્ધ 'પ્રભુની શીખવેલી પ્રાર્થના' કેમ કરવી તેના ઈસુએ આપેલા ઉદાહરણને અનુસરે છે. આ પ્રાર્થના વારંવાર જાપ કરવાના મંત્ર તરીકે નથી આપી, પણ ઈશ્વર સાથેના સંવાદરૂપે આપવામાં આવી છે. પ્રાર્થનામાં આમ ધારવામાં આવે છે - (૧) ઈશ્વર વ્યક્તિગત છે, (૨) આપણાં મન આપણા સહચારી છે અને ઈશ્વર સાથેના સંવાદમાં તે સક્રિય હોવા જોઈએ. અહીં મોટામાં મોટો વિરોધ તો પ્રાર્થનામાં મનની સ્થિતિ અંગે છે. ઈસુનો ઉપદેશ એવો છે કે ઈશ્વર માનવ મનથી પૂર્ણ ગ્રાહ્યતાની પર છે, છતાંય મન દુશ્મન નથી. એ નોંધો કે જે લોકો મનને શૂન્ય કરવાનું સમર્થન કરે છે તેઓ પણ તેમનાં મન દ્વારા મનને શૂન્ય કરવાનું કારણ લોકોને શીખવે છે. પૂર્વના ગૂઢ અભિપ્રાય પ્રમાણે મન ધ્યાનનું મોટેભાગે દુશ્મન છે અને ધ્યેય છે મનને શૂન્ય કરવાનું - જ્ઞાન પામવા માટે મનની પાસે સત્વરે જઈએ છીએ. ઈસુના (જે પણ પૌર્વાત્ય છે) બોધમાં ઈશ્વર સાથેના સંવાદમાં અને ઈશ્વર સાથે જ્ઞાન તથા સૂઝ સાથે વ્યવહાર કરવામાં મન સહચારી છે. ખરેખર, પ્રાર્થના તો ઈશ્વર સાથેનો સંવાદ છે, તમારી નિસબતો અને હૃદયના પ્રશ્નોથી ભરેલો સંવાદ. ઈસુને મન પ્રાર્થના ઈશ્વર સાથેનો સંબંધ છે.

કેટલાક લોકો ટૂંકા મંત્રોનું સમર્થન કરે છે. જો મંત્ર ખૂબ લાંબો હોય તો તેનો જાપ કરવા માટે મને સંઘર્ષ કરવો પડે, અને જો ધ્યેય મનને શૂન્ય કરવાનું હોય અને જ્ઞાન માટે મન પાસે જવાનું હોય તો લાંબા મંત્રો વિવાદાસ્પદ બને.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મ*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

---

### પ્રશ્ન - વ્યક્તિને (ખાસ કરીને ખ્રિસ્તી વ્યક્તિને) હિંદુ ધર્મમાં ધર્માંતર કરાવવું શક્ય છે? અને જો તેમ હોય તો તેઓ તે કેવી રીતે કરાવે છે?

**ઉત્તર** - આ શકય છે? ઈસુના તથા બાઈબલના ઉપદેશ પરથી આ શકયતા ચોક્કસ છે. એક રસિક પ્રશ્ન એ છે કે જો કોઈ વ્યકિત ઈસુમાં વિશ્વાસ ધરાવતી ન હોય અથવા તો ઈસુને પૂર્ણ હૃદયે અનુસરવા ન માગતી હોય તેને માટે ખ્રિસ્તી રહેવું શું શકય છે? તેનો ચોક્કસ ઉત્તર છે 'ના'. વ્યકિત પોતાને અનુસરે તેવી ફરજ પાડયાનો કોઈ આધાર ઈસુએ કયારેય આપ્યો નથી. તેમનું નિમંત્રણ હમેશાં નિમંત્રણ આધારિત હોય છે. દા.ત. યોહાન ૭:૩૭ માં ઈસુ કહે છે, "જો કોઈ તરસ્યો હોય તો મારી પાસે આવીને પીએ." વાસ્તવમાં તો સંપૂર્ણ અને સહૃદયી સંમતિ વિના કોઈપણ વ્યકિત માટે ખ્રિસ્તી બનવું શકય નથી. કોઈ ખ્રિસ્તી તરીકે જન્મ પામતું નથી અથવા કોઈને ખ્રિસ્તી થવાની ફરજ પાડી શકાતી નથી. જો કે કેટલાક માણસો એવા હશે કે જે લોકોને ફરજ પાડવા પ્રયત્ન કરતા હશે. પણ તેઓ ખોટા હશે. માત્ર સપાટી પરનાં અને છીછરાં કારણોસર લોકો પોતાને ન અનુસરે તેવી ખાતરી આપવામાં ઈસુ સાવધ છે. લોકો આ સમજે છે તેવી ખાતરી આપવા તે દૃઢતાપૂર્વક કહે છે. દા.ત. માથ્થીના ૧૬માં અધ્યાયમાં ઈસુ કહે છે, "જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું." એમના કહેવાનો મતલબ એ છે કે વ્યકિતને ઈસુ પર એટલો વિશ્વાસ હોવો જોઈએ, ઈસુ પ્રત્યે એટલો પ્રેમ હોવો જોઈએ કે તે ઈસુને કાજે રોજ પોતાનું જીવન આપવા તૈયાર હોય. ઈસુને જે અનુસરતી નથી તેવી વ્યકિત પાસે અપેક્ષા રાખવી મુશ્કેલ છે.

આ સાંભળીને કેટલાક લોકોને નવાઈ લાગશે, પણ ખ્રિસ્તી તરીકે જન્મ પામવું અશકય છે. ખ્રિસ્તી થવું એટલે મન-બુધ્ધિની સંપૂર્ણ સંમતિ અને અટલ શ્રધ્ધા જોઈએ. જો કોઈ વ્યકિત ઈસુને અનુસરવા માટે આવી સંપૂર્ણ અને મુકત સંમતિ નથી આપતી, તો તે વ્યકિત ઈસુની સાચી શિષ્ય નથી. કારણ એટલું જ કે ઈસુને અનુસરવા મન-બુધ્ધિની સંમતિ અનિવાર્ય છે. આ હકીકત ખ્રિસ્તી ધર્મ એ ભૌગોલિકતાની દૃષ્ટિએ જ ધાર્મિક ખ્યાલ છે તે વાતને ઉડાડી મૂકે છે. કેટલાક હિંદુઓ માને છે કે ખ્રિસ્તી ધર્મ તો અમેરિકા અથવા યુરોપનો છે. અમુક ચોક્કસ સ્થળે જન્મ પામવાથી લોકસમૂહ ખ્રિસ્તી હોઈ

શકે તે ખ્યાલ માત્ર જ ઈસુના ઉપદેશની સાવ વિરુધ્ધ છે. હવે કેટલાક એવા ખ્રિસ્તીઓ છે કે જે લોકો સાથે વાત કરી તેમને ઈસુના અનુયાયી બનવાનું કહે. ઈસુના બોધમાં અતિ સમર્થ કારણ હોવાથી ખ્રિસ્તીઓ પોતાની માન્યતાઓ - વિશ્વાસ સમજાવે અને લોકોનો વિશ્વાસ ઈસુ તરફ દોરે તેવા પ્રયત્નો કરે. પણ છતાંય એ સાચું જ છે કે કોઈ વ્યકિત કોઈને ખ્રિસ્તી થવા દબાણ ન કરી શકે, અને કોઈએ તેવો પ્રયત્ન ન કરવો જોઈએ.

વ્યકિત ધર્માન્તર કરવા સમજાવી કેવી રીતે શકે? કોઈ કર્મકાંડ કે બાહ્ય ઉત્તર આપવાને બદલે શ્રેષ્ઠ માર્ગ તો એ છે તેણે તમારાં મન - બુધ્ધિ સાથે જ સઘળું કામ લેવું જોઈએ. જે કંઈ સત્ય અને પ્રશંસનીય છે, સર્વોત્કૃષ્ટ અને ઉદાત્ત છે, સાચું અને વિશુધ્ધ છે તેને અનુસરો. શાણપણ અને બુધ્ધિથી આ વસ્તુઓને અનુસરો.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**


[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્નઃ હિંદુ ધર્મનો કોઈ ઐતિહાસિક પુરાવો છે?

**ઉત્તર:** આની સામે પ્રતિ પ્રશ્ન પૂછી આ પ્રશ્નનો ઉત્તર આપવાની હું શરૂઆત કરું. ૨+૨=૪ એવું કહેવા માટે કોઈ ઐતિહાસિક પુરાવો છે? અથવા તો જૂઠું બોલવા કરતાં સાચું બોલવું બહેતર એવા વિચાર માટે કોઈ ઐતિહાસિક પુરાવો છે? વિશ્વનું કેન્દ્રબિંદુ યોગ્ય તથા ગાણિતીક છે તેવા સિધ્ધાંતને સમર્થન આપતો કોઈ ઐતિહાસિક પુરાવો છે? અલબત્ત, આ પ્રશ્નોનો ઉત્તર નથી હા કે નથી ના. અહીં ઐતિહાસિક પુરાવો કામમાં નથી આવતો. આ બધા પ્રસ્તાવોને સમર્થન આપવા બીજા નિયમો પાસે જવું પડે. ખાસ કરીને ગણિત, નીતિશાસ્ત્ર અને ગ્રહો તથા નક્ષત્રોની ભૌતિક અને રાસાયણિક સ્થિતિને લગતા શાસ્ત્ર પાસે જવું પડે. આ પ્રશ્નો ઐતિહાસિક પૃચ્છાના પ્રશ્નો નથી.

હવે, કંઈક સાવધ રહીને હું હિંદુધર્મ અંગે તે જ વાત કહેવા માંગું છું. દેખીતી રીતે જ, તેના અનેક સંપ્રદાયો સહિત હિંદુધર્મમાં ખૂબ જટિલતા હોવાથી હું જે કહીશ તે તે ધર્મના કેટલાક જ પાસાને લાગુ પડતું દેખાશે. પણ છેવટે તો, વળને છેડે જ વાત અટકે છે કે હિંદુધર્મ ઐતિહાસિક સત્યના દાવાને આધારે નહિ ઊભો હોવાથી હિંદુધર્મના સત્યને ઐતિહાસિક પુરાવો સમર્થન ન આપી શકે (એટલે કે તેને ઈન્કારી શકે).

આપણે આ સૂચનમાં ઊંડા ઊતરીએ તે પહેલાં એક મહત્ત્વનો ભેદ હું સ્પષ્ટ કરી લઉં. કોઈ આપણને ઐતિહાસિક સંદર્ભો સમેત પોતાની માન્યતા કહે અને કોઈ એમ કહે કે કેટલીક ઐતિહાસિક ઘટનાઓ જ આ માન્યતાનો આધાર છે, તો તે બેમાં ભેદ છે. દા.ત. હું આગ્રહપૂર્વક એમ કહું કે એકપત્નીત્વ બહુપત્નીત્વ કરતાં બહેતર છે અને મારા લગ્ન થયા ત્યારથી જ હું આ માન્યતા ધરાવું છું. આ કિસ્સામાં, મેં એકપત્નીત્વના લાભનો દાવો કર્યો છે અને તે પ્રક્રિયામાં ઐતિહાસિક ઘટનાનો, મારા લગ્નનો સંદર્ભ આપ્યો છે. પરંતુ, કયા પ્રકારની લગ્નપ્રથા ખરેખર શ્રેષ્ઠ છે તે વિશે જો આપણે ચર્ચા કરવાના હોઈએ તો આ ઐતિહાસિક ઘટના અપ્રસ્તુત છે. એવું બન્યું હોય કે કહ્યા તે સમયે હું આ માન્યતા ધરાવતો થયો હોઉં, પરંતુ માન્યતાના સત્ય-અસત્યને મારા લગ્નદિન સાથે કોઈ નિસ્બત નથી. કદાચ કોઈ એમ કહે કે પરણવાને કારણે એક પત્નીત્વના (પાળકે વેદી પર જે કહ્યું હતું તેના) લાભોમાં માન્યતા ધરાવતો થયો છું, તો પરિસ્થિતિ જુદી જ હોત. તે પરિસ્થિતિમાં જો હું ખરેખર ન પરણ્યો હોત અને લગ્ન થયા જ ન હોત, તો નિવેદન અર્થહીન હોત. તો પછી, એમ કહી શકાય કે

બીજા કિસ્સામાં નિવેદનનું સત્ય-અસત્ય ઐતિહાસિક ઘટના પર અવલંબે છે. હિંદુધર્મ પ્રથમ નહિ પણ બીજા પ્રકારમાં જ બંધબેસે છે. હિંદુધર્મ પોતાની માન્યતાનો બોધ આપતાં ભૂતકાળની ઘટનાઓ કે તેના સ્થળ-કાળનો ઉલ્લેખ કરતો નથી, એવું નથી. તો પણ હિંદુધર્મ જે બોધ આપે છે તે ઘટનાઓ પર પ્રત્યક્ષ અવલંબતો નથી. તેની સઘળી બહુઆયામી અભિવ્યક્તિઓમાં ધર્મ-જીવન તથા સંસ્કૃતિનો સંપૂર્ણ આચાર છે. કેટલીક ઘટનાઓનું બનવું કે ન બનવું તેના બોધને એક કે બીજી રીતે અસર પહોંચાડતું નથી.

હું એક ઉદાહરણ આપું. રામાયણ હિંદુધર્મનાં બે મહાકાવ્યોમાંનું એક મહાકાવ્ય ગણાય છે. રાક્ષસ રાજવી રાવણના બંધનમાંથી પોતાની પત્ની સીતાને છોડાવવાના રામના હનુમાન સહિતના સાહસનો અહેવાલ આપે છે. આમ કરતાં, કથા અયોધ્યા નગરી તથા શ્રીલંકાનો ટાપુ જેવાં સાચા ઐતિહાસિક સ્થળોનો અને અસ્તિત્વ ધરાવી ચૂકેલા પ્રાચીન કુટુંબોનો ઉલ્લેખ કરે છે. પણ આ કથાનો તે મુદ્દો નથી. આ મહાકાવ્યમાં આપણે હિંદુધર્મના આદર્શો નિહાળીએ છીએ. રામ ધર્મનું આદર્શ સ્વરૂપ છે, તે જ રીતે સીતા આદર્શ આર્યનારી છે, હનુમાન આદર્શ ભકત છે વગેરે વગેરે. જો આ કથામાં ઐતિહાસિક ઘટનાઓના નક્કર સંદર્ભો મેળવવાનું શકય ન હોત, તો પણ તેનો બોધ તો આ જ રહ્યો હોત. અન્ય હિંદુ ગ્રંથો માટે પણ આપણે આમ કરી શકીએ. ભગવદ્‌ગીતામાં નિરૂપાયેલી ઘટનાઓને ઐતિહાસિક આધાર છે તેવું આપણે ચોક્કસપણે કહી શકીએ કે ન કહી શકીએ, તો પણ ભગવદ્‌ગીતાનો બોધ વધતો કે ઘટતો નથી.

એટલે, આ પ્રશ્નનો ઉત્તર સારો એવો સંદિગ્ધ છે અને આમ તો, હિંદુ શાસ્ત્રોમાં જેવા છે તેવા ઐતિહાસિક ઉલ્લેખોને ઝાઝો એવો ટેકો મળતો નથી. પુરાતત્વવિદ્યા જ કંઈક અંશે સહાયભૂત બની છે. નિશ્ચિત વાત તો એ છે કે આ હિંદી (ભારતીય) ઉપખંડમાં હિંદુ માન્યતાઓ લાંબાકાળથી પ્રવર્તે છે તેવું પ્રસ્થાપિત કરવું ખૂબ મુશ્કેલ નથી (ઈ.પૂ. ૩૦૦૦ વર્ષથી માંડીને ઈ.સ.પૂ. ૧૫૦૦ વર્ષ. તમે કોને પૂછો છો તેના પર આધાર રાખે છે) અને રામ (તે પણ વિવાદાસ્પદ છે)ના કહેવાતા વતન અયોધ્યા જેવા ઐતિહાસિક સ્થળો ઓળખવામાં પણ કંઈક સફળતા મળે છે. તો પણ, કોઈ ખરેખર એમ ન કહી શકે કે આવી માહિતી હિંદુધર્મને સમર્થન આપે છે, અને કોઈએ એમ પણ ન કહેવું જોઈએ કે આ સમર્થનનો અભાવ ખુદ હિંદુધર્મને અવનત કરે છે.

તુલનાત્મક દૃષ્ટિએ જોઈએ તો ખ્રિસ્તી ધર્મ તેની વિરુધ્ધ દિશામાં જાય છે. ખ્રિસ્તીધર્મનું સત્ય ચોક્કસ ઐતિહાસિક ઘટનાઓ પર આધારિત છે. એટલે કે ઈસુ નામના માણસ હતા, તેમણે તેમના શિષ્યોને બોધ આપ્યો હતો, તેમને વધસ્તંભે જડવામાં આવ્યા હતા, તેમનું પુનરુત્થાન થયું હતું. ખ્રિસ્તીધર્મનું કેન્દ્રબિંદુ એ છે કે વધસ્તંભે ચડીને ઈસુએ આપણે માટે ઉદ્ધાર-તારણ પૂરું પાડયું. એટલે કે તે વધસ્તંભે ન જડાયા હોત તો ઉદ્ધાર-તારણ ન હોત અને ખ્રિસ્તીધર્મ ખોટો હોત. આથી, ખ્રિસ્તીધર્મનું સત્ય ઐતિહાસિક ઘટનાઓ પર અવલંબે છે. પરિણામે, ખ્રિસ્તી ધર્મના સત્યનો પક્ષ લેવામાં ઐતિહાસિક પુરાવો મહત્ત્વનો ભાગ ભજવે છે. અને ખ્રિસ્તીઓ માટે સારા સમાચાર એ છે કે પુરાવો ખ્રિસ્તીધર્મને સમર્થન આપે છે.

આમ, આ પ્રશ્નનો ઉત્તર આપણને પડકારે છે. એક બાજુ, આપણી પાસે એક ધર્મનો એવો બોધ છે જે એક યા બીજી રીતે ઐતિહાસિક પુરાવાથી મુકત છે. બીજી બાજુ, આપણી પાસે એક એવો ધર્મ છે જે ઐતિહાસિક ઘટનાઓમાં જ દઢપણે રોપાયો છે અને તે ઘટનાઓ બની હતી તેમ માનવાને પૂરતાં કારણો છે. તો પછી વ્યક્તિએ કયો ધર્મ પાળવો જોઈએ?

**- જીરહાર્ડ વોહ્લબર્ગ**

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ


[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : હિંદુધર્મમાં તારણહાર છે ખરો? જો હોય તો તે તારણહાર કેવી રીતે બન્યો?

**ઉત્તર :** આ પ્રશ્નનો મારો પ્રતિકાર તો એ છે કે હા, હિંદુધર્મમાં માત્ર એક તારણહાર નથી. પણ કોઈની કલ્પનામાં ન આવે એટલા બધા તારણહારો છે. અલબત્ત, પ્રશ્ન તો એ છે કે ધર્મને માટે તારણહાર શબ્દનો અર્થ શો છે? જ્યારે જ્યારે ધર્મમાં 'તારણહાર' વિશે કોઈ વાત કરે, ત્યારે 'તારણ' એટલે શું તે અંગે વ્યક્તિએ સ્પષ્ટ થઇ જવું જોઈએ. વ્યક્તિનું તારણ શેમાંથી થાય છે? તારણહાર શી રીતે તારણ પૂરું પાડે છે અને તારણ પામ્યા પછીનું અંતિમ પરિણામ શું?

હિંદુધર્મમાં તારણ (મોક્ષ)ને નિસ્બત છે જગતમાંના આપણા સ્વાભાવિક અસ્તિત્વથી પલાયન થવામાં. હિંદુધર્મ એવો બોધ આપે છે કે માનવો જીવનના અનંત ચક્રમાં ફસાયા છે - માણસ અને પશુ બન્ને. જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધી આપણે કર્મો કરવાના જ છે અને જ્યાં સુધી આપણે કર્મો કરીએ ત્યાં સુધી આપણે જીંદગીના ફેરા ફરે જ જવાના છે. આ એક વિષચક્ર છે અને તેમાંથી છૂટવાનો કોઈ માર્ગ નથી. છતાંય, હિંદુ ધર્મ એવો ઉપદેશ આપે છે કે આ યાતના ચક્રમાંથી મોક્ષ મેળવવાનો માર્ગ છે. જો કે હિંદુ ધર્મમાં અનેક માન્યતાઓ અને પ્રથાઓની છૂટ છે, છતાં પણ એક સામાન્ય પ્રતિબદ્ધતા એવી છે કે જો વ્યક્તિ કર્મકાંડ કે ગૂઢ અનુભવ એ બેમાંથી કોઈ એક માર્ગનું કડકપણે પાલન કરે તો તે અસ્તિત્વના (જીવનના) આ બંધનમાંથી છેવટે છૂટી શકે. હિંદુ ધર્મના મૂળભૂત બોધને આપણે ધર્મ કહીશું. 'ધર્મ 'નો શબ્દશ: અનુવાદ થાય 'માર્ગ ', અને તે હિંદુ ધર્મમાં રહેલા તારણનો ઉલ્લેખ કરે છે. વધુમાં, તેને સંપૂર્ણપણે હિંદુ ધર્મના ધર્મ તથા સંસ્કાર તરીકે આપણે વિચારી શકીએ.

હવે આપણે હિંદુ ધર્મના તારણહારોનો 'પ્રથમ તબક્કો' જેને હું કહું છું તેની વાત કરીએ. આ તારણહારો છે દેવો અને અન્ય વ્યક્તિઓ કે જેમણે હિંદુ ધર્મના 'ધર્મ' સાચવવા વિવિધ સમયે ભારે બહાદુરીનાં કામ કર્યાં છે. ભગવાન વિષ્ણુ માટે તો આ ખાસ કરીને સાચું છે. જ્યારે જગતમાં ધર્મ સામે પ્રત્યક્ષ ભય ઊભો થયો હતો, ત્યારે વિષ્ણુ દેહ ધારી પૃથ્વી પર આવ્યા હતા. રૂઢિગત રીતે, આવા દસ તારણહારો (અવતારો) છે અને તેમાં કૃષ્ણ અને રામ જેવી ખ્યાત વ્યક્તિઓ પણ છે.

રામ અને કૃષ્ણ જેવો જે પ્રસિદ્ધ નથી તેવા વિષ્ણુના એક અવતારનો ઉલ્લેખ કરીને હું આ તારણહારો કેવી રીતે કામ કરે છે તે બતાવું. કથા પ્રમાણે અગાઉના યુગમાં એક એવો સમય હતો કે જ્યારે દાનવ બલિએ બ્રહ્માંડ પર વર્ચસ્વ મેળવ્યું હતું. જગતને પાછું મેળવવા વામનરૂપે વિષ્ણુએ બલિને પડકાર્યો. વામને એક પ્રસ્તાવ મૂક્યો. વામન ત્રણ પગલાં ભરશે અને તેના આ પગલાંમાં જેટલો પ્રદેશ સમાઈ જાય તે તેને મળવો જોઈએ. બીજું બધું બલિ પાસે રહેશે. પોતાની સામે ટૂંકા પગવાળા વામનને નીરખીને દાનવે આ પ્રસ્તાવ સહર્ષ સ્વીકાર્યો અને આમ વામન સ્વરૂપે વિષ્ણુએ ત્રણ પગલાં ભર્યાં. પોતાના દિવ્ય બળનો ઉપયોગ કરી પહેલાં પગલાંમાં સમગ્ર પૃથ્વી આવરી લીધી, બીજા પગલાંમાં સમગ્ર વાયુ પર તે સવાર થયા અને ત્રીજા પગલાંમાં તેમણે સ્વર્ગ જીતી લીધું. આમ, વામને-વિષ્ણુએ સમગ્ર બ્રહ્માંડ જીતી લીધું. દાનવ પરાજિત થયો અને ધર્મનું રક્ષણ થયું. હિંદુ પુરાણોમાં આવી અનેક કથાઓ છે જેમાં દુરિતને પરાજિત કરી અને શુભનું રક્ષણ કરી દેવો તારણહાર તરીકે કામ કરે છે.

આ પ્રતિમાઓને તારણહારોનો ‘પ્રથમ તબક્કો’ મેં સકારણ કહ્યો. માણસો સત્ય અને સદાચારયુકત જીવન જીવી શકે તે માટે તેઓએ જગતને દાનવોથી રક્ષ્યું અને ધર્મનું જતન કર્યું. છતાંય તેઓ માણસોના તારણહાર તરીકે પ્રત્યક્ષ કાર્ય કરતા નથી. મારો કહેવાનો મતલબ એ છે કે તેમના અંગત મોક્ષ માટે વ્યકિતઓને તે સીધી સહાય કરતા નથી.

વ્યકિતઓને તેમના મોક્ષ માટે ખરેખર સહાય કરનારાઓને હું ‘બીજા તબક્કા’ના તારણહાર કહેવાનો. અને ખરેખર તો, જે પ્રતિમાઓ કેટલીક કથાઓમાં ‘પ્રથમ તબક્કા’ના તારણહાર તરીકે કામ કરે છે, તેઓ પણ ‘બીજા તબક્કા’ની તારણહાર બની છે. ‘બીજા તબક્કા’ના તારણહારો માત્ર જગતને જ મુકિત નથી અપાવતા, પરંતુ તેમની સેવામાં સમર્પિત થતી કોઈપણ અંગત વ્યકિતને મુકિત અપાવે છે.

‘બીજા તબક્કા’ના તારણહારો હિંદુ ધર્મના ભકિત આંદોલનના કેન્દ્રબિંદુઓ છે. ભકિત આંદોલન તે હિંદુ ધર્મનું એવું સ્વરૂપ છે કે જે પ્રેમના શ્રેષ્ઠ દેવ પ્રતિ - ભલે તે પછી શિવ હોય, વિષ્ણુ હોય, કાળી હોય કે પછી કોઈપણ દેવતા હોય - વ્યકિતની પ્રેમલક્ષણા ભકિત પર ભાર મૂકે છે. ફરી અતિ સ્પષ્ટરૂપે મનમાં જેમનું સ્મરણ થાય છે તે રામ અને કૃષ્ણનું - વિષ્ણુના બે અવતારોનું.

આ વખતે હું ઉદાહરણ તરીકે કૃષ્ણ પર ધ્યાન કેન્દ્રિત કરું. સૌ પ્રથમ તો, કૃષ્ણ પણ ‘પ્રથમ તબક્કા’નો તારણહાર છે. એટલે કે એવી પણ એક કથા છે કે કૃષ્ણે જગતમાં અનર્થ-ત્રાસ પ્રસરાવતા કંસ નામના રાક્ષસ પર વિજય મેળવી સાચા ધર્મની સ્થાપના કરી હતી. પણ બીજી વાત એ કે ભગવદ્ગીતામાં દર્શાવ્યા પ્રમાણે કૃષ્ણ ‘બીજા તબક્કા’ના તારણહારનો નમૂનો છે. આ ગ્રંથમાં કૃષ્ણ યોદ્ધા અર્જુનને બોધ આપે છે કે જો તે (અર્જુન) તેના સર્વ સંપૂર્ણભાવે કૃષ્ણને ભજશે તો કૃષ્ણ તેનાં સઘળાં કર્મોની જવાબદારી ઉપાડી તેને વર્તમાન જન્મના જુલમોમાંથી મુકત કરશે. બીજા શબ્દોમાં કહીએ તો, કૃષ્ણ પ્રત્યેની સંપૂર્ણ સમર્પિતતા એટલે મોક્ષ પ્રાપ્તિ અને તેય તે કૃષ્ણની શકિત તથા દયાને કારણે. આમ કૃષ્ણ અર્જુનના તારણહારની ભૂમિકા ભજવે છે અને સર્વ માણસો માટે તે ભૂમિકા ભજવવા તૈયાર છે.

આથી, આપણે જોઈએ છીએ કે હિંદુ ધર્મમાં તારણનો ખ્યાલ આ રીતે છે. કેટલીક પ્રતિમાઓ વિશ્વને તારે છે (‘પ્રથમ તબક્કા’ની) અને કેટલીક પ્રતિમાઓ વ્યકિતઓને તારે છે (‘બીજા તબક્કા’ની). પ્રથમ પ્રકારની પ્રતિમાઓ ધર્મના-મોક્ષના માર્ગના-સંરક્ષણમાં સહાય કરે છે. જ્યારે બીજા પ્રકારની વ્યકિતઓ ધર્મની સહાયથી સહાય કરે છે.

આ તારણહારો જે સંદર્ભમાં કામ કરે છે તે સંદર્ભ સમજવો મહત્ત્વનો છે. અગાઉ ઉપર કહ્યું તે પ્રમાણે હિંદુ વિચારધારામાં માણસોનો મુખ્ય પ્રશ્ન એ છે કે તે આ દુનિયામાં (માયામાં) જીવતા માણસો છે. અને તારણહાર વ્યકિતઓને પુનર્જન્મના ફેરામાંથી મુકત કરવાનું કામ કરે છે. પણ માણસોને પડકારતો આ પ્રશ્ન ખરેખર મુખ્ય પ્રશ્ન ન હોય તો શું? આપણે આ મર્યાદિત વિશ્વમાં મર્યાદિત માનવીઓ તરીકે જીવીએ છીએ તે હકીકત જ આપણી સામેની દુર્દશા છે? કે પછી તેથીય કશી વિશેષ ઊંડી? આપણે આપણી જાત પૂરતા આત્મલક્ષી બનીએ, એટલે કે અંગત રીતે આપણે આધ્યાત્મિક રીતે ભ્રષ્ટ છીએ તેવું સ્વીકારીએ તે જ સાચી દુગ્ધા હોય તો તેથી શું?

આમ હોય તો, હિંદુ ધર્મના તારણહારનો ખ્યાલ કંઈ કામમાં નહિ આવે. ખ્રિસ્તી ધર્મ કહે છે તેમ માણસ તરીકેનો મારો પ્રશ્ન એ હોય કે મારી પ્રકૃતિ જ પાપી છે, તો ધર્મને અનુસરવાથી અથવા કૃષ્ણની કૃપા પર વિશ્વાસ રાખવાથી મને કશો લાભ નહિ થાય. જો હું ધર્મને તસુએ તસુ અનુસરું અને ભગવદ્દગીતાના આદેશ પ્રમાણેની સઘળી પ્રતિબદ્ધતા દ્વારા કૃષ્ણ-યોગ આદરું, તોય દિવસને અંતે હું હતો તેવો ને તેવો જ પાપી રહેવાનો, કારણ કે મને મારાં પાપોમાંથી મુક્ત કરવા કૃષ્ણે કે અન્ય કોઈ તારણહારે કશું જ નહિ કર્યું હોય.

ખ્રિસ્તી ધર્મનો તારણનો ખ્યાલ અલગ છે. તે નિશ્ચિત હકીકત છે કે ખ્રિસ્ત જ્યારે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા, ત્યારે તેમણે દુરિતને પરાજય આપ્યો. પોતાના માર્ગને અનુસરવાનું પ્રોત્સાહન તેમણે લોકોને આપ્યું, એટલું જ નહિ, પણ આપણાં પાપનાં પરિણામો વતી ખુદ પોતાનું મૃત્યુ અવેજી તરીકે આપીને ઈશ્વર સાથે આપણું તેમણે ખરેખર સમાધાન કરાવ્યું. ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્તને તારણહાર કહે છે, કારણ કે હકીકતમાં તેમણે તેમને તારણ આપ્યું છે. આપણો, માણસોનો અતિ મૂળભૂત પ્રશ્ન એ છે કે આપણે પાપી છીએ અને પરિણામે આપણે ઈશ્વરથી અલગ પડી ગયા છીએ. ખ્રિસ્તે સેતુ બાંધી આ અંતર દૂર કર્યું. આપણી પાસેથી તેમની અપેક્ષા એટલી જ છે કે આપણે વિશ્વાસ દ્વારા તેમણે આપેલી મુક્તિ સ્વીકારીએ.

*- જીરહાર્ડ વોહલબર્ગ*

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

**પ્રશ્ન : ભારતમાં લોકો ધર્માન્તર કરી ખ્રિસ્તી કેમ બને છે? તેને બદલે તેઓ એક સાથે બે ધર્મો કેમ અપનાવતા નથી? હિંદુ ધર્મના વલણો સ્વીકારવાનો જ્યોર્જ હેરિસનનો સિદ્ધાંત અને ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનો મહાત્મા ગાંધીનો પ્રેમ મને મૂંઝવે છે.**

**ઉત્તર :** પ્રત્યેક ધર્મને કશુંક વિધાયક આપવાનું તો હોય છે જ. ભારતીય ધર્મોમાં આપણે અહિંસાનો સિદ્ધાંત - કોઈપણ જીવંત પ્રાણીને નહિ દુભવવાનો સિદ્ધાંત આપણે જોઈએ છીએ. તો ખ્રિસ્તી ધર્મ પડોશીને પ્રેમ કરવાનું કહે છે. ઈસ્લામમાંથી આપણે આધ્યાત્મિક શિસ્તનું મહત્ત્વ શીખીએ છીએ, અને તે પ્રમાણે અન્ય ધર્મોમાં પણ કંઈક છે. તો પછી સાચેસાચ પ્રશ્ન ઊઠે છે કે લોકો ધર્મો વચ્ચે પસંદગી શા માટે કરે છે? કદાચ એક કાળે તે યોગ્ય હશે. પણ અત્યારે જ્યારે લોકો વિશ્વના બધા જ ભિન્ન ભિન્ન ધર્મો જાણે છે, ત્યારે પ્રત્યેક ધર્મનું શ્રેષ્ઠ સ્વીકારી, તેને એક માહિતીપૂર્ણ, વિધાયક ધર્મમાં જોડવો તે યોગ્ય નથી શું? તમારા પ્રશ્નમાં તમે કહ્યું છે તેમ બંને ધર્મો એક સાથે અપનાવવા યોગ્ય લાગતા હોય, ત્યારે શા માટે લોકોએ હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ વચ્ચેનો નિર્ણય કરવો જોઈએ? એમ લાગે છે કે આવો પારસ્પરિક સ્વીકાર વ્યક્તિને વધુ સંતોષ આપશે, કારણ કે પોતાના પુરાણા ધર્મનું જે કશુંક તે ચાહતો હશે, તે તેણે નહિ ત્યજવું પડે. એટલું જ નહિ પણ સમાજના ધાર્મિક સમૂહો વચ્ચેનો દ્વેષ અટકાવવામાં પણ આ સહાય કરશે.

હું એમ નથી કહેતો કે આવું ન થઈ શકે. લોકો હમેશ આવું કરતા હોય છે. તમે જે બે ઉદાહરણો આપ્યા, તેમ પોતાની માન્યતાઓમાં જ્યોર્જ હેરિસને હિંદુ ધર્મનો (ખાસ તો શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિનો) ઉમેરો કર્યો અને મહાત્મા ગાંધી ખ્રિસ્તી સિદ્ધાંતોથી વધુ પ્રભાવિત થયા હતા. જો કે, ખ્રિસ્તી ધર્મ કરતાં ખ્રિસ્ત પ્રત્યે તેમને ઝાઝો આદર હતો તેવું તેમણે કબૂલ્યું હતું. એવાય કેટલાક ખ્રિસ્તીઓ હોય છે જેઓ પોતાની માન્યતાઓમાં વિવિધ હિંદુ ખ્યાલોને પોતાની જાતમાં જ ઊંડે ઊંડે ઈશ્વરને શોધવાના ખ્યાલ જેવા ખ્યાલોને સામેલ કરે છે અને ઘણાંય એવા હિંદુઓ છે કે જે સહેજ પણ માનતા નથી કે ખ્રિસ્ત પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરવાથી બીજા દેવો પ્રત્યેની ભક્તિ છોડવી અનિવાર્ય છે. કંઈ નહિ તો રામ, કૃષ્ણ અને અન્ય અવતારોની જેમ ઈસુ એક વધુ અવતાર ન હોઈ શકે?

સંજોગોવશાત્, આમ થઈ શકે છે એટલે તે યોગ્ય છે એવું નથી. આ નાના લેખમાં હવે પછી, બે ધર્મોમાંથી પોતાને જે શ્રેષ્ઠ લાગે તે એક સાથે જોડવાનો પ્રયત્ન કરી સાંયોગિક ધર્મ રચવાના લોકોના ખ્યાલનો વિચાર કરીએ. આવા સાંયોગિક ધર્મને ચાર ક્ષેત્રોમાં - તત્ત્વ (content), તર્ક (logic), સત્તા (authority) અને તારણશક્તિ (Redemptive Power) - માં પ્રશ્નો ઊભા થવાના તે હું નિર્દેશું છું.

૧) તત્ત્વ (content) - આપણા સમકાલીન પરિસરમાં એવું માનવામાં આવે છે કે ધર્મ સંદિગ્ધ એવી ‘આધ્યાત્મિકતા’નું સંવર્ધન કરે છે. આની પાછળનો ખ્યાલ એવો છે કે મારી પસંદગીની ધાર્મિક પ્રક્રિયાઓમાં ખૂંપ્યો રહેવાથી હું ગમે તેમ પણ ‘આધ્યાત્મિક’ બનીશ. પછી ભલે ‘આધ્યાત્મિક’નો અર્થ ગમે તે થતો હોય. અલબત્ત, આ નરી મૂર્ખામી છે. ધર્મોનું હમેશાં એક વિશિષ્ટ તત્ત્વ હોય છે - પછી તે આત્માના તારણ (મુક્તિ)નું હોય, ઈશ્વર સાથે આત્માના ઐક્યનું હોય કે પછી આ કઠોર જિંદગી સૂતરે આમ પસાર કરવા દિવ્ય સહાય મેળવવાનું હોય. જે કંઈ ‘આધ્યાત્મિકતા’ આ પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થાય તેને ધર્મના તત્ત્વ સાથે સીધો સંબંધ છે.

હવે, જુદા જુદા ધર્મોના જુદા જુદા તત્ત્વો હોય છે. એ સાચું છે કે સમકાલીન લોકો ઘણીવાર ધર્મનો ખરેખરો બોધ શો છે તે જાણતા નથી, એટલે તેઓ એક ધર્મના તત્ત્વને વાંચીને બીજામાં વીંટવાનો પ્રયત્ન કરે છે. પણ સત્ય તો એ છે કે આમ કરવા જતાં તેઓ એક યા બીજા ધર્મના અર્થનું ઉલ્લંઘન કરે છે. ઘણા અજ્ઞાન ખ્રિસ્તીઓ માને છે કે હિંદુઓનો કર્મનો સિદ્ધાંત ખ્રિસ્તીઓના પાપના સિદ્ધાંત જેવો જ છે અને હિંદુઓ મોક્ષનો (સ્વર્ગનો) માર્ગ શોધવાનો જે પ્રયત્ન કરે છે તે ખ્રિસ્તીઓના પ્રયત્ન જેવો જ છે. વળી, ઘણાં હિંદુઓ માને છે કે ખ્રિસ્તી ધર્મનું ધ્યેય હિંદુ ધર્મના ધ્યેય જેવું જ હોવું જોઈએ. એટલે કે પુનર્જન્મના ફેરા (સંસાર)માંથી મુક્ત થવાનો માર્ગ શોધવો અને ઈશ્વર સાથે શાશ્વત ઐક્ય રાખવું. આ બંને ભ્રમમાં છે. લોકો બંને ધર્મોમાં એક સરખા શબ્દોનો ઉપયોગ કરે છે, ત્યારે પણ મૂળભૂત રીતે અર્થ તો સાવ ભિન્ન હોય છે. કર્મ અને પાપ, મોક્ષ અને તારણ, અવતાર અને માનવદેહધારણ - આ અને આવાં અનેક શબ્દ જોડકાઓ તેમના પોતાના ધર્મમાં ચોક્કસ અર્થ હોય છે અને તે અર્થને અન્ય ધર્મમાં તબદીલ કરી શકાતો નથી.

દા.ત. અહિંસાનો સિદ્ધાંત લો. ભારતીય (હિંદુ, જૈન, બૌદ્ધ) સિદ્ધાંત પ્રમાણે તો વ્યક્તિએ જીવંત પ્રાણીની (કાંઈ નહિ તો સચેતન પ્રાણીની) હત્યા ન કરવી જોઈએ. આ ગુણ ખ્રિસ્તીઓના અગાપે અથવા સર્વસ્વ આપી દેનાર પ્રેમ અને ‘તું હત્યા કરીશ નહિ’ તે આદેશ જેવો જ લાગે. પણ હકીકતમાં તેમના પોતાના ધાર્મિક સંદર્ભમાં આ દરેકનો ખરેખરો શો અર્થ થાય છે તે આપણે શોધીએ તો કશોક નિર્ણયાત્મક ભેદ ઊભરે.

અહિંસાનો સિદ્ધાંત હિંદુઓના વૈશ્વિક અભિપ્રાય સાથે બંધબેસતો છે. તે અભિપ્રાય પ્રમાણે આ આખી જિંદગી તે યાતના છે. અને આ યાતના સતત પુનર્જન્મની હકીકતથી વધતી જાય છે. હું માત્ર આ જ જિંદગીમાં યાતના ભોગવતો નથી, પરંતુ હવે પછીના કરોડો-અબજો જન્મોમાં પણ હું યાતના ભોગવવાનો જ છું. મારે સારા કર્મો એકઠાં કરવાની અને મારી આધ્યાત્મિક હિસાબ યાદીમાંથી ખરાબ કર્મો દૂર કરવાની જ આશા રાખવી રહી. જેથી, આખરે હું બીજે-આવતે જન્મે આ ફેરામાંથી સાવ છૂટવા સમર્થ બનું. આ પ્રક્રિયા કરવા માટેનો મારો એક માર્ગ છે અહિંસા આચરવાનો. બીજી કોઈ વ્યક્તિની યાતનામાં વધારો નહિ કરીને લાંબા સમયે હું મારી ખુદની યાતના ઓછી કરી શકીશ. આમ, મારી કરૂણા છેવટે મારા મોક્ષનું કારણ બનશે. અને આ પ્રક્રિયામાં જો હું કૃષ્ણ જેવા દેવની કૃપા ઉમેરી શકું, તો એ દેવ તેની ભકિતના ઉપકાર તરીકે મને ટૂંકો રસ્તો બતાવશે. મૂળભૂત ચિત્ર - કર્મ અને પુનર્જન્મનું ચિત્ર - બદલાયું જ નથી, અને ધ્યેય છે આ ચક્રમાંથી ભાગી છૂટવાનું.

પણ ખ્રિસ્તી ધર્મમાં પરિસ્થિતિ સાવ જુદી છે. અગાપે કે ઈશ્વરનો પ્રેમ સહુ પ્રથમ એ પ્રેમ છે જે આપણે માટે પોતાના પુત્રને વધસ્તંભે જડાવા મોકલતી વખતે ઈશ્વરે પ્રગટ કર્યો હતો. આ કાર્યમાં ઈશ્વરે પોતાનીસાથે આપણું સમાધાન કર્યું. કારણ કે ખ્રિસ્તી માન્યતા પ્રમાણે પાપે જે આપણને ઈશ્વરથી અલગ પાડ્યા હતા, આપણાં કર્મોએ નહિ, કર્મોનાં પરિણામોએ નહિ, પણ પાપે જ આપણને એટલે કે સર્જકના જીવોને અવળે માર્ગે દોર્યા હતા અને પરિણામે તેનાથી સનાતનકાળ માટે અલગ પાડ્યા હતા. આ જન્મજન્માંતરોનો પ્રશ્ન નથી, પણ આ પૃથ્વી પર આપણને મળેલા એકનાએક જન્મ પછી આપણી પ્રતિક્ષા કરતી શાશ્વત પરિસ્થિતિનો પ્રશ્ન છે. અને અગાપે કે ઈશ્વરનો પ્રેમ સહુ પ્રથમ તો મુકિતનો માર્ગ આપણને દર્શાવીને (વધસ્તંભ પર ખ્રિસ્તનું મૃત્યુ) ઈશ્વરે જે આપણને આપ્યું તે છે. અને પછી બીજા ક્રમે, ઈશ્વરે જે કર્યું, તે માટે ઈશ્વર પ્રત્યે આપણી કૃતજ્ઞતા પ્રગટ કરી જે માર્ગે આપણે જીવીએ છીએ તે માર્ગ તે છે.

દેખીતી રીતે જ, હિંદુ ધર્મ અથવા ખ્રિસ્તી ધર્મ અંગે આ વિષય પર ઘણું બધું કહી શકાય. પણ હું અહીં બંને ધર્મો વચ્ચે રહેલા મૂળભૂત તફાવતો બતાવવા માંગું છું. બંનેની બે જુદી કથાઓ છે - કર્મનો નાશ કરી સંસારમાંથી છુટકારો અથવા પશ્ચાતાપ દ્વારા ઈશ્વર સાથે સમાધાન. આ બંનેના ખંડો જોડવાથી તે કોઈને પણ ન્યાય નહિ આપી શકે. પુનર્જન્મમાંથી આપણને મુક્તિ મળે તે માટે ખ્રિસ્ત મર્યા નહોતા અને યોગની પ્રક્રિયાથી આપણે ઈશ્વર સાથે સમાધાન નહિ કરી શકીએ.

**૨) તર્ક** (logic) **:** પણ સાંયોગિક ધર્મનો પ્રશ્ન તો હજુ હમણાં જ શરૂ થયો છે. ધર્મો વચ્ચે તત્ત્વનો જ ભેદ માત્ર નથી. પણ મોટાભાગનું તત્ત્વ પોતપોતાની રીતે વિરલ-એકાકી હોય છે. બે જુદી જુદી કથાઓ છે એટલું જ માત્ર નથી, પણ જો એક કથા સાચી હોય તો બીજી કથા સાચી ન હોઈ શકે. ઉપરછલ્લી રીતે, ઈસુને હિંદુ ધર્મના બીજા દેવતાઓ કે અવતારોમાં સમાવિષ્ટ કરી શકાય. પણ હકીકતમાં તો,

ઈસુએ ખરેખર શું કર્યું અને ખરેખર શો બોધ આપ્યો તે અંગેની પોતાની અક્કલ વ્યક્તિ ગુમાવી બેસે તો જ આવું થાય. નવા કરારમાં નિરૂપાયેલા ઐતિહાસિક ઈસુ પર વ્યક્તિ જેવું પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે કે તરત જ તેને ભાન થાય કે બીજા દેવતાઓ સાથે ઈસુને ન મૂકી શકાય.

અહીં પ્રસ્તુત બે ચોક્કસ મુદ્દાઓનો હું નિર્દેશ કરું. સૌ પ્રથમ તો ઈસુ એકેશ્વરવાદી હતા. તેમના યહૂદી સમકાલીનોની જેમ ઈશ્વર એક જ છે તેવો તેમનો સિદ્ધાંત હતો, અને તે જ ઈશ્વરે આ સૃષ્ટિ સર્જી છે, પ્રબોધકોને સાક્ષાત્કાર કરાવ્યો છે અને તેના અનુયાયીઓને માર્ગદર્શન આપ્યું છે. અને આથી જ ઈસુનો ઈશ્વર હોવાનો દાવો નોંધપાત્ર બને છે (યોહાન ૫:૧૭, યોહાન ૮:૫૮, યોહાન ૧૦:૩૦ વગેરે). હકીકતમાં તેમણે દૃઢતાપૂર્વક કહ્યું કે તે જ તે એકમાત્ર ઈશ્વર છે. જો તેમના બોધમાં એકથી વધુ દેવને અવકાશ હોત તો દેવતા સમકક્ષ હોવાનો તેમનો દાવો ખાસ વિવાદાસ્પદ ન બનત. અનેક દેવતાઓ છે, હું તેમાંનો એક છું - સરસ સોદો! પણ દરેક વ્યક્તિ જાણતી હતી કે ઈશ્વર તો માત્ર એક જ હતા અને એટલે જ તેમના ઈશ્વર તરીકેના નિવેદને આવો ક્ષોભ સર્જ્યો. હવે એ તો સ્પષ્ટ છે કે આ એકેશ્વરવાદી સિદ્ધાંત અને પોતે અનેક દેવતાઓમાંના તે એક હોવાનો ખ્યાલ તાર્કિક રીતે સુસંગત નથી. એક જ સમયે એક દેવ અને એકથી વધુ દેવો ન હોઈ શકે (અહીં હું એક વાતનો નિર્દેશ કરું. ત્રિએકતાનો ખ્રિસ્તી સિદ્ધાંત એમ નથી કહેતો કે ઈશ્વર એક છે અને તે ત્રણ ઈશ્વર પણ છે, પણ તે તો ત્રણ વ્યક્તિઓમાં વસેલો એક ઈશ્વર છે - મહત્ત્વનો ભેદ).

બીજું - જો કોઈ ધર્મ પોતા પૂરતું એકમાત્ર વિરલ સત્ય ઉદ્‌ઘોષિત કરે, તો તે બીજા, મોટા સાંયોગિક ધર્મનો અંશ ન બની શકે. વિરલ - એકાકી ધર્મ સાચો હોઈ શકે કે ખોટો હોઈ શકે, પણ અનેક સત્યોમાંનું એક સત્ય તે ન હોઈ શકે, કારણ કે તેમ હોય તો પછી તે ઝાઝીવાર વિરલ-એકાકી હોતું નથી. હિંદુ ધર્મમાં કેટલાક પ્રકારો પોતાને માટે વિરલ દાવાઓ કરે છે. કૃષ્ણભકતો એવો દાવો કરે છે કે કૃષ્ણ વ્યક્તિગત દેવતાઓમાંનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. એમ જ હોય તો ઈશ્વરની સર્વ પ્રકારની સંપૂર્ણતા અમે ખ્રિસ્તમાં જ જોઈએ છીએ (કોલોસી ૧:૯). એવું ખ્રિસ્તી વિધાન સત્ય ન હોઈ શકે. પણ એથીય વધુ તો એ કે નવા કરારમાં નોંધાયેલી ખ્રિસ્તી ધર્મની આખીય વાત વિરલતાની ધારણા પર જ આધારિત છે. ખ્રિસ્ત માનવજાત માટે મરણ પામ્યા અને દરેક વ્યક્તિને પોતાના તારણ-ઉદ્ધાર માટે તેમના પર વિશ્વાસ રાખવા કહેવામાં આવ્યું છે. ઈસુએ કહ્યું, 'માર્ગ તથા સત્ય તથા જીવન હું છું, મારા આશ્રય વિના પિતા પાસે કોઈ આવતું નથી' (યોહાન ૧૪:૬). તાર્કિક રીતે આ વિધાન સાચું હોઈ શકે. તો પછી તે જ ઈશ્વર પાસે જવાનો માર્ગ હોઈ શકે અથવા આ વિધાન ખોટું પણ હોઈ શકે - તો તે કિસ્સામાં ઈશ્વર પાસે જવાના અનેક માર્ગો હોઈ શકે. પરંતુ, તેમના આશ્રય વિના ઈશ્વર પાસે જવાના અનેક માર્ગો હોય, તો તે સાચું ન હોઈ શકે. એટલે સાંયોગિક ધર્મમાં ઈસુને એક અંશ બનાવવા અને તેમના બોધને ન્યાયી ઠેરવવો તે તાર્કિક રીતે અશકય છે.

**૩) સત્તા** (authority) **:** કેટલાક ધર્મોમાં પોતાને જે કંઈ શ્રેષ્ઠ લાગે તે વ્યક્તિ એક સાથે લાવે તેવા સાંયોગિક ધર્મમાં તેના સત્યના મૂળ વિશે પણ એક ગંભીર પ્રશ્ન જાગે છે. આવા ધર્મમાં શું સમાવી શકાય તેનો નિર્ણય કોણ કરે? દેખીતું છે કે માણસને જે પોતાને વધુ સ્પર્શી ગયેલું લાગે તેને સમાવવાનો નિર્ણય માણસ પોતે જ કરે. આ તેની અપેક્ષા મુજબનું છે? સરસ. રાખો. આ તેને પડકારે છે? તેની ધારણાઓનો વિરોધ કરે છે કે પછી તેને અસ્વસ્થ બનાવે છે? તેને પડતું મેલો. પણ ધર્મમાં સત્ય શોધવાનો ખરેખર આ માર્ગ નથી. વિરોધાભાસ તો એ છે કે આ જ મુદ્દા પર ધર્મને નામે ઘણી બધી હાનિ થઈ છે. ધર્મના બોધને શરણે જઈ તે બોધને ગ્રહણ કરતાં રહેવાને બદલે લોકોએ સમાજ અને સંસ્કૃતિમાં પોતાના મોભાને સમર્થન આપે તેવા ધર્મો ઊભા કર્યા. અંતે તો, જે છે તે છે જ. આપણે પોતાના વિચારો કે ખ્યાલો પ્રમાણે તે બદલી શકતા નથી. જો હિંદુ મત સાચો હોય તો તેને અપનાવવો જોઈએ અને જો ખ્રિસ્તી મત સાચો હોય તો આપણે તેને સ્વીકારવો જોઈએ. પણ, આપણા ખ્યાલો મુજબ આપણે વાસ્તવિકતાને ન પલટી શકીએ.

**૪) તારણશક્તિ** (Redemptive Power) **:** અંતે તો સાંયોગિક ધર્મ નબળો ધર્મ છે. અંતે તો, મર્યાદિત માણસે કંઈક તો વિચાર્યું હોય છે અને તે તેના શાણપણ કરતાં વધુ કંઈ ન કરી શકે. અને આપણને મોટાભાગનાને તે પૂરતું નથી. જ્યારે લોકો મને કહે છે કે ખ્રિસ્તી ધર્મ તેમના જીવનમાં કંઈક અસર કરતો હોય તેવું તેમને લાગતું નથી ત્યારે હું નવાઈ પામું છું. જોકે મારે નવાઈ ન પામવી જોઈએ તેવું હું જાણું છું છતાંય. અને પછી જ્યારે તે લોકો ખ્રિસ્તી ધર્મ એટલે શું સમજે છે તેની થોડીક ચકાસણી કરું છું, ત્યારે જોઉં છું કે જેમને તેઓ સ્વીકારવા માગતા નથી, તેવી ખ્રિસ્તી માન્યતાઓની લાંબી યાદી તેમની પાસે છે. બીજા શબ્દોમાં કહીએ તો સૌ પ્રથમ તો તેઓ નક્કી કરે છે કે ઈશ્વર શું કરી શકે અને શું ન કરી શકે. અને પછી તેઓ ફરિયાદ કરે છે કે તેમની ઈચ્છા મુજબ ઈશ્વર તેમના જીવનોમાં પરિવર્તન લાવતા નથી. હું બીમાર હોઉં, ત્યારે ડોકટરના કહ્યા પ્રમાણેની દવા હું ન લઉં અને પછી ફરિયાદ કરું કે મારો ડોકટર મને માંદગીમાં સહાય કરતો નથી, તેના જેવું આ થયું. જ્યારે મને ડોકટર કહે કે મારે કેટલીક પીળી અને લીલી ગોળીઓ લેવી જોઈએ, પણ હું નક્કી કરું કે હું માત્ર પીળી ગોળીઓ લઈશ અને પછી બીજા કોક માટે (જે કોઈ વળી બીજી કોઈ જુદી જ માંદગી ભોગવતો હોય) બીજા ડોકટરે સૂચવેલી કોઈ ગુલાબી ગોળીઓ હું લઉં, તો પછી હું સાજો ન થાઉં તે માટે મારે મારી જાતને જ દોષ દેવો જોઈએ. પોતાને માટે સાંયોગિક ધર્મ સર્જતા માનવીની આવી જ

સ્થિતિ છે. હકીકત તો એ છે કે માનવજાત પોતાના નિયંત્રણની પારના પ્રશ્નને કારણે યાતના ભોગવે છે અને તે પ્રશ્ન છે : પાપની વાસ્તવિકતા અને તારણની-ઉદ્ધારની અનિવાર્યતા. ઈશ્વરે આ પ્રશ્નનો ઉકેલ આપ્યો છે. આપણે માટે તારણ-ઉદ્ધાર તેમણે ઉપલબ્ધ કર્યું છે. તે અંગે તેમણે જે કહ્યું તેમાં વિશ્વાસ રાખી આપણે તે સ્વીકારવાનું છે. આપણે બસ આટલું જ કરવાનું છે : આપણે જો તેમના તારણના-ઉધ્ધારના માર્ગમાં ફેરફાર કરીએ અથવા તેને બીજી કોઈ યોજના સાથે જોડીએ તો આપણે આપણી પોતાની ચતુરાઈ પર વિશ્વાસ રાખીએ છીએ અને પ્રશ્નના ઉકેલની શકયતાથી આપણે પોતાની જાતને દૂર હડસેલી છે, કારણ કે ઉકેલનું કામ આપણું નથી.

સંક્ષિપ્તમાં કહીએ તો ખ્રિસ્તી ધર્મ અને હિંદુ ધર્મ જેવા અન્ય ધર્મનો સાંયોગિક ધર્મ સર્જવાનો પ્રયત્ન સફળ નહિ થાય. બંને ધર્મોના તત્ત્વને તે બગાડશે, તે તાર્કિક વિરોધો ઊભા કરશે, તે માનવીને ધાર્મિક સત્યનું અંતિમ મૂળ બનાવશે અને તે તારણ-ઉદ્ધાર આપવામાં સફળ નહિ થાય. ખ્રિસ્તી ધર્મને તેની પોતાની જ શરતે ચકાસવાનાં અનેક સારા કારણો છે.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**


[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

---

**પ્રશ્ન : ઈશ્વર સાથે એકરૂપ થવાનો અનુભવ શું સંપૂર્ણ બિનંગત હશે? હું તે પૂછવા માગું છું કે ઈશ્વર સાથે મારી એકરૂપતા અનુભવવા દેનાર મારો આત્મા હમેશ માટે મારી સાથે રહેશે તેવા કોઈ સગડ ખરા કે પછી હું માત્ર ઈશ્વર બની જઈશ?**

**ઉત્તર :** તમે એક અતિ મહત્ત્વનો પ્રશ્ન છેડ્યો છે. આ પ્રશ્નનો ઉત્તર ઈશ્વરની પ્રકૃતિ અને માનવપ્રકૃતિમાં રહેલો છે, એટલે તેને વ્યક્તિના જીવનચિંતન સાથે નિસ્બત છે. હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ આના સાવ જુદા જ ઉત્તરો આપશે, કારણ કે માનવપ્રકૃતિ અને ઈશ્વર અંગેના તેમના મત સાવ જુદા છે.

હિંદુ ધર્મ માને છે કે 'આત્મા બ્રહ્મ છે'. તેનો અર્થ એ કે પ્રત્યેક જીવ પાસે આત્મા છે અને તે ઈશ્વરનો અંશ છે. આ ઈશ્વરની સર્વવ્યાપકતામાં માનનાર મત છે. વેદોમાં જે ચાર મહાન સૂત્રો મળે છે તે આ :

**૧. તત્ ત્વમ્ અસિ (તું તે છે).**

સામવેદ અને છાંદોગ્યઉપનિષદમાંથી આ સૂત્ર મળે છે.

**૨. અહમ્ બ્રહ્માસ્મિ (હું બ્રહ્મ છું).**

યજુર્વેદ અને બૃહદારણ્યક ઉપનિષદમાંથી આ સૂત્ર મળે છે.

**૩. અયં આત્મા બ્રહ્મન્ (આ આત્મા બ્રહ્મ છે).**

અથર્વવેદ અને માંડુક્યોપનિષદમાંથી આ સૂત્ર મળે છે.

**૪. પ્રજ્ઞાનાં બ્રહ્મન્ (બ્રહ્મ પ્રજ્ઞા છે).**

ઋગ્વેદ અને ઐડારિય ઉપનિષદમાંથી આ સૂત્ર મળે છે.

ઈશ્વર અંગેનો આ અભિપ્રાય એ છે કે ઈશ્વર માનવીની ભીતર રહેલો છે અને તેને શોધી બ્રહ્મ સાથે જોડાવું એટલે જ્ઞાન. સ્વર્ગ અથવા મોક્ષ એટલે વર્તમાન સ્થિતિની છેતરપિંડી (માયા)થી પલાયન થઈ ઈશ્વર સાથે ઐક્ય સાધવું. આ મત પ્રમાણે તો વ્યક્તિમત્તાનું વિલોપન થાય

અને વ્યકિતનું ઈશ્વરમાં સમાઈ જાય. એક અર્થમાં કહીએ તો વ્યકિતઓની અલગતા તે ભ્રમ છે, વિશ્વના ભેદો ઓગળી જશે અને બ્રહ્મમાં શાંતિ અને સ્વસ્થતાથી ઐકય થશે.

આનાથી ઊલટું, ઈશ્વર અને માનવીની પ્રકૃતિ અંગેનો ખ્રિસ્તી મત જુદો છે. આ મત જણાવે છે કે વિશ્વ અને સૃષ્ટિ ઈશ્વરથી અલગ છે. બાઈબલનો આરંભ આમ થાય છે - 'આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા.' અને ત્યારપછી ઉત્પત્તિની અલગતાનું વર્ણન ચાલુ રાખે છે. પ્રત્યેક વ્યક્તિ કંઈક અંશે ઈશ્વર જેવી (ઈશ્વરની પ્રતિકૃતિ) અનન્ય વ્યક્તિ મનાઈ. પણ તે ઈશ્વર તો નહોતી જ. કોઈ ખ્રિસ્તી પંડિતે કહ્યું છે, 'ઈશ્વર છે પણ તે તું નથી.' તો પછી સ્વર્ગ અંગેનો ખ્રિસ્તી મત એવો છે કે વ્યકિતઓ સાચી છે અને ઈશ્વર ખરેખર અલગ સર્જક છે. સ્વર્ગને પામવાનો પ્રશ્ન તત્વત: કપટનો નથી, પણ ઈશ્વર સામેના વિદ્રોહ અથવા પાપનો છે. ઈશ્વરના એકાકીજનિત પુત્ર ઈસુના સ્વૈચ્છિક બલિદાનના નિ:શૂલ્ક કૃપાદાન વડે તે પાપોમાંથી મળતી માફી તે જ સ્વર્ગને પામવાનો માર્ગ છે. આમ, સ્વર્ગ એ માફી પામેલી વ્યકિતઓ વચ્ચેની સંગતનું અને દયા તથા કૃપા અને ઈશ્વરને આનંદવાનું સ્થળ બનશે.

**- વ્યાટ્ટ રોબર્ટસન**

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

## પ્રશ્ન : હિંદુ ધર્મ અને ઈસ્લામ શું એક છે?

ઉત્તર : ૧૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ને દિવસે ઈસ્લામના ક્રાંતિકારી જૂથ દ્વારા અમેરિકા ઉપર આતંકવાદીઓએ કરેલા હુમલા પછી અમેરિકાના અનેક લોકોને ધર્મ તરીકે ઈસ્લામ પર અને ઈસ્લામ પાળનારા દેશોના વિશિષ્ટ જાતિના લોકો પર શંકા આવવા માંડી છે. આ પ્રતિક્રિયાનું દુ:ખદ પાસુ એ છે કે માત્ર લશ્કરી વર્ગના નહિ પરંતુ જે લોકો ઈસ્લામને સહેજ પણ નથી અનુસરતા તેવા લોકો પ્રત્યે પણ અમેરિકન લોકોએ નકારાત્મક વર્તન દાખવ્યું છે. પોતાના દૃષ્ટિબિંદુથી જુદી રીતે જોનાર પ્રત્યે માત્ર પૂર્વગ્રહ રાખનારા લોકો દ્વારા હિંદુઓ તથા શીખો પ્રત્યે પણ શત્રુતાભર્યો વર્તાવ રાખે છે. એટલે અહીં કેટલાક મહત્ત્વના ભેદો દર્શાવવાનો ટૂંકો પ્રયત્ન.

એમાં તો કોઈ સવાલ નથી કે અમેરિકન લોકો પોતાના ધર્મ સિવાય અન્ય ધર્મો વિશે ઝાઝુ જાણતા નથી. આથી, તે અન્ય લોકો કરતાં જુદાં પડે છે કે કેમ તે એક પ્રશ્ન છે અને તેનો ઉત્તર વળી પછી ક્યારેક આપીશું. છતાં પણ બે હજારના નવા વર્ષનું CNN પરનું વાયુપ્રસારણ હું નહિ ભૂલું. ત્યારે ગંભીર, લજ્જાસ્પદ ક્ષણે મુલાકાતો લેવામાં નિષ્ણાંત લારીકીંગે હીઝ હોલીનેસ દલાઈ લામાને પૂછ્યું કે ઈસ્લામ ધર્મમાં તેઓ, નવું વર્ષ, ઊજવે છે કે નહિ. ઓહ ! દલાઈ લામા મુસ્લિમ નહિ પણ બૌદ્ધ છે તેવું કોઈએ અગાઉ લારીકિંગને નહિ કહ્યું હોય?

એટલું દુ:ખદ નહિ પણ એવું જ બીજું ઉદાહરણ. મને યાદ છે કે જ્યારે ભારત તથા પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ચાલતું હતું ત્યારે ૧૯૭૦માં રવિવારના સવારના સમાચારમાં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની મુલાકાત ગોઠવાઈ હતી. ત્યારે એક વૃત્તાંત નિવેદકે તેમને પૂછ્યું કે પોતાના જ ધર્મની વિરુદ્ધ જઈ લશ્કરી પગલું લેતાં તેમનું મન કેમ માન્યું? ખાસ કરીને તો તે વૃત્તાંત નિવેદક મહાત્મા ગાંધીજીએ ઉપદેશેલા અહિંસાના બોધનો ઉલ્લેખ કરતો હતો, અને શ્રીમતિ ગાંધી પણ તે અહિંસાનું જ આચરણ કરતા હશે તેવું તે માનતો હતો અને તેવું તે શ્રીમતિ ગાંધીને કહેવા માગતો હતો. વડાપ્રધાને તે વૃત્તાંત નિવેદકને ખૂબ તોછડાઈથી જવાબ આપ્યો કે તે હિંદુધર્મ વિશે કંઈ જાણતો નથી અને પછી બીજા પ્રશ્ન પર વાતચીત ચાલી.

અલબત્ત, શ્રીમતિ ગાંધી સાચા હતા. હિંદુ ધર્મ પૂર્ણ રીતે લશ્કરી પગલાંની વિરુદ્ધ નથી. જો કે, આપણે સહુ જાણીએ છીએ કે કશાય દેખાડા વિના તે વિશ્વશાંતિનો આદર્શ ધારણ કરે છે. વળી, હિંદુધર્મની સામાજિક સંહિતા તો કહે છે કે આક્રમણ જેવા અન્યાયી કૃત્યો સામે તે સમાજે પોતાનું રક્ષણ કરવું જોઈએ. આપણે તે ન ભૂલવું જોઈએ. પરંપરાગત હિંદુ સમાજમાં બીજા ક્રમે આવતી જ્ઞાતિ ક્ષત્રિયોની હતી. આ ક્ષત્રિયો મૂળે તો યોદ્ધાઓ અને સેનાપતિઓ હતા. અને બધાં જ જાણે છે કે હિંદુ ધર્મનો શાસ્ત્રગ્રંથ ગીતા એ તો તેમના ધાર્મિક

સાહિત્યમાં, મોટામાં મોટા યુદ્ધની પ્રસ્તાવના છે. આમ, અન્ય ધર્મોની જેમ હિંદુ ધર્મ સંપૂર્ણ અહિંસાની આશા રાખતો નથી. તો પછી હિંદુ ધર્મ અને ઈસ્લામ વચ્ચે ભેદના કયા મુદ્દાઓ છે? કેટલાક વધુ સ્પષ્ટ મુદ્દાઓ હું દર્શાવું.

૧) ઈસ્લામનો પ્રારંભ એક વ્યક્તિથી, મહમંદ પયગંબરથી થયો. તેમણે અરેબિયાની સંસ્કૃતિને એકેશ્વરવાદી સંપ્રદાયમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો. એથી ઊલટું, હિંદુ ધર્મ વિકાસના હજારો વર્ષોની નીપજ છે. કેટલીક પ્રારંભિક સંસ્કૃતિઓના ધુમ્મસમાં તેનાં મૂળ છુપાયેલાં છે.

૨) ઈસ્લામ ઉપદેશે છે કે એકમાત્ર કુરાનમાં જ અલ્લાનો શુદ્ધ સાક્ષાત્કાર થાય છે. જ્યારે હિંદુ ધર્મ તો એવું માને છે કે વેદોથી માંડીને ઉપનિષદો અને બ્રાહ્મણો સુધીનાં અનેક પવિત્ર શાસ્ત્રો છે. અરે, ગૌણરૂપે રામાયણ અને મહાભારતનો પણ તેમાં સમાવેશ કરે છે.

૩) ઈસ્લામ ઉપદેશે છે કે અલ્લા એક જ છે. હિંદુ ધર્મમાં આ જટિલ પ્રશ્ન છે. અનેક હિંદુઓ પણ એક જ ઈશ્વરની વાત કરે છે, પણ તેમની આવું કહેવા પાછળની સમજણ મુસ્લિમોની સમજણ કરતાં જુદી છે. સૌ પ્રથમ તો, અનેક હિંદુઓને મન, સાચી વાસ્તવિકતાની સમગ્રતા સાથે ઈશ્વર એકરૂપ છે અને તેને પોતાનાં આત્મામાં ઊંડું નીરખીને જ જોઈ શકાય છે (આત્મા = બ્રહ્મ). અને બીજું એ કે મોટાભાગના હિંદુઓ માને છે કે ઈશ્વર શિવ, વિષ્ણુ, દેવીઓ અને આ બધા સાથે સંકળાયેલા દેવતાઓ જેવા અનેક દેવોમાં પોતાને પ્રગટ કરે છે. વળી હિંદુઓ ઘરમાં અને મંદિરમાં તેમનાં દેવોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હિંદુઓ રાચે છે. આવી કોઈ પ્રક્રિયા ઈસ્લામમાં સુસંગત નથી.

૪) ઈસ્લામ ઉપદેશે છે કે અલ્લાને પામવાનો એક જ માર્ગ છે અને તે કુરાનમાં દર્શાવ્યા મુજબનું આચરણ કરીને. આમાં કહેવાતા પાંચ થંભો (એકરાર, બંદગી, રોજા, દાન તથા હજ)નો સમાવેશ થાય છે. વળી જેને ફરજિયાત, હલાલ અને હમામ તરીકે ઓળખાવ્યા છે તેવા અસંખ્ય નિયમોનો પણ તેમાં સમાવેશ થાય છે. એથી ઊલટું, લોકોને ઈશ્વરને પામવાના ભિન્ન માર્ગો શોધવાની તથા તેમના સંપ્રદાય પ્રમાણે આચરવાની છૂટ આપવામાં હિંદુધર્મ વધુ ઉદાર છે.

૫) ઈસ્લામ ઉપદેશે છે કે તેના ધર્મનું ધ્યેય એક જ છે અને તે છે ઈસ્લામના સિધ્ધાંતો પ્રમાણે જીવતો એક સંગઠિત સમાજ. ઈસ્લામમાં સંયમિત ભાષામાં કહેવાએલો છતાં નિર્ણયાત્મક ખ્યાલ છે 'ઉમ્મા'. એટલે કે મહમ્મદને અનુસરનારાઓનો સમાજ. આ ધર્મના પ્રારંભકાળથી જ મુસ્લિમો સમજી ચૂકયા હતા કે તેઓ અંગત શ્રધ્ધા પ્રમાણેના ધર્મનું આચરણ કરતા નથી, પણ કુરાનના નિયમોથી અને શરીરના એટલે કે તે નિયમોના કાનૂની અર્થઘટનોથી શાસિત સમાજ (જાતિ)ને તેઓ સ્થાપી રહ્યા છે. આમ, વ્યક્તિના ઈસ્લામ ધર્મ સ્વીકારમાંય ઈસ્લામી સમાજ પ્રત્યે પોતાની નિષ્ઠા તબદીલ કરવાનો સમાવેશ થાય છે. વિશ્વના કોઈપણ ખૂણામાં મુસ્લિમ સમાજની બહુમતી (અથવા વર્ચસ્વી લઘુમતી પણ)ની હાજરી અને ઈસ્લામી રાજ્ય સ્થાપવાનો પ્રયાસ સારા પ્રમાણમાં હાથ મિલાવે છે.

હવે, હિંદુ ધર્મમાં મર્યાદિત પ્રમાણમાં આવું ધ્યેય નથી તેમ કહેવું પણ ભૂલભરેલું છે. બધા ધર્મો કદાચ આવું જ કરતા હોય છે તે કારણે પણ એવું લાગે. એટલે કે બધા જ ધર્મોમાં આદર્શ વિશ્વ તો એ હોય કે જેમાં પ્રત્યેક જણ પોતાનો ખુદનો ધર્મ પાળતો હોય અને આચરતો હોય તે જ માનવ સ્વભાવ છે. અને ખાસ કરીને હિંદુ ધર્મ અનેક વર્ષોથી ભારતીય સંસ્કૃતિને રંગે પૂરેપૂરો રંગાઈ ચૂકયો છે. તો પણ, ઈસ્લામ જેમ સામાજિક આદેશ આપે છે તેમ હિંદુ ધર્મ આપતો નથી. હિંદુ ધર્મ હિંદુ સંસ્કાર કે સમાજ પ્રત્યે એટલો અભિમુખ થયેલો નથી.

૬) ઈસ્લામમાં 'જેહાદ' અથવા 'પવિત્ર યુદ્ધ' નો ખ્યાલ છે. આજના જમાનામાં આ વિવાદાસ્પદ ખ્યાલ છે અને જેહાદ સૌ પ્રથમ તો આધ્યાત્મિક સંઘર્ષ છે અને 'તરવાર વડે ઈસ્લામનો પ્રસાર કરવાનો' વિચાર નથી એવું બાકીના બીજા વિશ્વને સમજાવતા અનેક મુસ્લિમો દુ:ખ અનુભવે છે. પણ હમણાં હમણાંથી અનેક મુસ્લિમો 'જેહાદ' શબ્દનો ઉપયોગ હિંસક કાર્યોના સંદર્ભમાં કરે છે તે વાતથી સાવ અજાણ તો બહેરો-મૂંગો માણસ જ હોઈ શકે. સાચી કે ખોટી રીતે આપણે રોજને રોજ આ શબ્દના આવા ઉપયોગનો સામનો કરવો પડે છે. આ અંગે એક ઐતિહાસિક નોંધ. તાલિબાનોનું વહાબી આંદોલન છેલ્લી બે સદીઓથી અરેબિયાના દ્વીપકલ્પમાં વ્યાપક શુદ્ધિકરણ કરવાનો ઈતિહાસ ધરાવે છે. અને ઈસ્લામના અમલમાં તેઓ અક્ષમ્ય આત્યંતિક છે તોય તેઓ સમગ્ર ઈસ્લામી માન્યતાના વિસ્તારથી ઝાઝા દૂર નથી. જો તેઓ કંઈપણ કરતા હોય તો આ અતિરૂઢિચુસ્ત અને શરીઆને શબ્દસ: અનુસરનારી હનબીલાઈટ શાખાને વળગી રહીને પણ તેઓ કુરાનના કેટલાક શુદ્ધમાં શુદ્ધ અર્થઘટનોનું પ્રતિનિધિત્વ કરે છે.

એટલું કહેવું પૂરતું છે કે હિંદુધર્મમાં ‘જેહાદ’નો ખ્યાલ નથી. બીજા બધા સમાજોની જેમ હિંદુ સમાજમાં માત્ર યુદ્ધનો જ ખ્યાલ છે. પણ આવા કાર્યનું કોઈ વધુ આધ્યાત્મિક મહત્ત્વ નથી. અને મને ખાતરી છે કે ભારતીય અદાલતો આતંકવાદીઓને ગુનેગારો ગણે છે, વીરો માનતી નથી.

આમ, કેટલીક સ્પષ્ટ વાતો પર ઝૂડચા કરવાનું જોખમ લીધા પછી પણ કહું છું કે હિંદુ ધર્મ અને ઈસ્લામ વચ્ચેના ભેદના આ કેટલાક મહત્ત્વના મુદ્દાઓ છે. વર્તમાન ઘટનાઓના સંદર્ભમાં મારી વિગતોએ ઈસ્લામ પ્રત્યે કંઈક નકારાત્મક વલણ અપનાવ્યું છે. અને આપણે એટલી જ આશા રાખી શકીએ. ઈસ્લામી નેતાઓની વધતી સંખ્યા, તેમના શુભ નામનો દુરુપયોગ કરતા લોકોના અતિરેકોથી પોતાને વધુને વધુ સક્રિયતાપૂર્વક દૂર રાખે.

સંસ્કૃતિઓ અને ધર્મોનું વિવેચનાત્મક અવલોકન કરવું તે જોખમકારક કામ છે, કારણ કે તેમાં ઘણી હકીકતો અને ઘણા ફેરફારો સંડોવાયેલા છે. છતાંય, ખૂબીઓ સાથે આવતી ખામીઓ પ્રત્યે માત્ર આંખો બંધ રાખી બેસવાથી કશો લાભ થતો નથી. આનો અર્થ એ કે આપણી પોતાની પાર્શ્વભૂમિકા - પરિસ્થિતિમાં પણ કશુંક શંકાસ્પદ હોય, તો તેનોય ખુલ્લંખુલ્લા સામનો કરવો. ઈશ્વરે આપણને એવી વિવેકબુધ્ધિ આપી છે કે જે આપણા અમુકતમુક ઉછેરની પારનું પણ આપણને જોવા કે અનુભવવા દે છે. મને શ્રધ્ધા છે કે ઈશ્વરની સહાયથી આપણે બધા જ આપણી પરંપરાની ભીતરમાં શું સાચું કે શું ખોટું છે તે જોઈશું.

**- ગીરહાર્ડ વોહ્લબર્ગ**

## “પંડિતોને પૂછો !”

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.


સબમીટ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : સર્વધર્મો શું સરખા નથી?

**ઉત્તર :** તેમાં કોઈ પ્રશ્ન જ નથી : સર્વધર્મનાં હાર્દ તો ખરેખર સરખા જ છે એમ દૃઢતાપૂર્વક કહેવું એ આજે તો ખૂબ લોકપ્રચલિત બની ગયું છે. તે બધા ધર્મો આપણને મહત્તર શક્તિ (સામન્ય રીતે "ઈશ્વર" તરીકે ઓળખાય છે તે) ના સંપર્કમાં મૂકે છે અને તેઓ આપણને પોતાનું જીવન જીવવા માટેની આચારસંહિતાઓ આપે છે અને સત્ય બોલવું, હત્યા ન કરવી, તમારા જીવનસાથીને વફાદાર રહેવું એવી આચારસંહિતાઓ  વૈશ્વિક હોય છે. હિંદુ કોઈ કામ એક વ્યક્તિ માટે કરે તે કામ ખ્રિસ્તી કોઈ બીજી વ્યક્તિ માટે કરે તેના જેવું જ લાગે છે. જો ભેદ હોય તો માત્ર ભૌગોલિક અને સાંસ્કૃતિક.

ધર્મની આવી સમજ બે સમર્થ સમર્થનો દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. એક છે સહિષ્ણુતા અને અનેકતાવાદ પ્રત્યેની આપણી સમકાલીન પ્રતિબધ્ધતા. આપણે સહુએ પરસ્પરની ભિન્ન પરિસ્થિતિઓનો આદર આપવો જોઈએ એવા વલણને બુદ્ધિશાળીઓ સર્વત્ર સમર્થન આપે છે અને આવો આદર આપવો એટલે એક જ ઈશ્વરને પામવાના જુદા જુદા માર્ગોની અધિકૃતતાને કાયદેસરતાને સ્વીકારવી. કોઈએક ચોક્કસ ધર્મને ભિન્નતા અથવા તો અનન્યતાનો સિક્કો મારવો એટલે એકમાત્ર તે જ ધર્મ અનુસરણ યોગ્ય છે અને અન્ય ધર્મોમાં કશી પ્રમાણભૂતતા નથી એવા વિચારનું મોટું ડગ ભરવું.

બીજું, જે લોકો એવો ખ્યાલ ધરાવે છે કે બધા ધર્મો સરખા છે તે લોકો સામાન્યપણે તેમના અન્ય ધર્મોના નિરીક્ષણ પરથી આવો ખ્યાલ ધરાવતા હોય છે. અન્ય ધર્મોનો અભ્યાસ કર્યા પછી તેમને લાગે છે કે તે ધર્મોમાં તે સામ્યની ભાત નિહાળી રહ્યા છે. અને પછી જુદા જુદા ધર્મોને પરસ્પરથી છૂટા પાડી ક્ષુદ્ર ચીજો એકવાર કાઢી નાખ્યા પછી તેઓ દૃઢતાપૂર્વક જણાવે છે કે આ ધર્મોનાં હાર્દ પરસ્પરથી લગીર પણ અલગ નથી.

પણ જો તમે ઉપર્યુક્ત ફકરો જરા જુદી રીતે વાંચો તો તમને સમજાશે કે 'બધા ધર્મો સરખા છે' એ મત સાથેનો પ્રશ્ન કેમ ઊભો થાય છે તે સમજાશે. કોઈપણ ધર્મને ખાસ કરીને તે જ ધર્મ બનાવતું તત્ત્વ સૌ પ્રથમ તમે કાઢી લ્યો તો જ બધા ધર્મો સરખા છે. દા.ત. બુદ્ધ અને તેમના ઉપદેશ પ્રત્યેની સમર્પિતતાનો વિશિષ્ટ ખ્યાલ વ્યક્તિ પોતાના મનમાંથી કાઢી નાખે તો જ તે એમ કહી શકે કે બૌદ્ધ ધર્મ અન્ય કોઈ ધર્મથી ભિન્ન નથી. પણ આમ કરવાનો અર્થ શો? અથવા તો કોઈ મહમ્મદ

પયગંબરના દિવ્ય દર્શનો સામે આંખ આડા કાન કરવા તૈયાર હોય તે જ કદાચ કહી શકે કે ઈસ્લામ અન્ય ધર્મોના જેવો જ છે. પણ મહમ્મદ પયગંબરને થયેલા તે વિશિષ્ટ દર્શનો જ ઈસ્લામને ઈસ્લામ બનાવે છે. તે લઈ લ્યો અને ઈસ્લામનું હાર્દ નહિ રહે. ઈસ્લામ જ નહિ રહે. બધા જ ધર્મો સરખા હોવા જોઈએ એવું અગાઉથી વિચારી રાખો તો જ તમે બધા ધર્મો સરખા છે એ સૂત્રને ન્યાયી ઠેરવી શકો. વ્યકિતના મનમાં આ વિચાર હોવો જોઈએ અને તેને સાચો ઠેરવવા માટે ધર્મો વચ્ચેના સ્પષ્ટ ભેદોની ઉપેક્ષા કરવા તૈયાર રહેવું જોઈએ. આ તો આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને મધર ટેરેસા બંને એક અને એકસમાન વ્યકિતઓ છે તેવું કહેવા જેવી વાત થાય. પછી, કોઈ તે બંને વચ્ચેના સ્પષ્ટ ભેદો પ્રત્યે નિર્દેશ કરે તેને એમ કહેવામાં આવે કે આ તો ઉપરછલ્લા લક્ષણો છે, પણ આ બધાની નીચે એક મહત્ત્વની વ્યકિત છે જે આ બધી વિગતોથી ચડિયાતી છે. જો કે આ ગળે ઉતરે તેવી દલીલ નથી અને લોકોને જેટલી તે લાગુ પડે છે તેટલી ધર્મોને લાગુ પડતી નથી.

હકીકત એ છે કે જો આપણે આમ ઉપેક્ષા કરવાની જાળમાં ન ફસાઈએ તો ધર્મોમાં આપણા કેટલાક ગંભીર ભેદો જોઈએ છીએ. જે બે ધર્મો આ વેબસાઈટના વિષયો છે તેમનો ઉપયોગ કરી હું કેટલાક મુદ્દાઓ  દર્શાવું (અલબત્ત હું જાણું છું કે હું સામાન્ય વિધાનો જ કરીશ).

૧) જુદા જુદા ધર્મોમાં ગંભીરપણે જુદા જુદા હેતુઓ હોય છે. પૂર્વના ઘણાખરા ધર્મોની જેમ હિંદુધર્મમાં વ્યકિતનું ધ્યેય હોય છે કર્મના બળને કારણે ભોગવવા પડતા પુનર્જન્મના ફેરામાંથી મુકત થવાનું. ખ્રિસ્તીધર્મનો મૂળ સિધ્ધાંત એ છે કે માણસની એક જ જિંદગી છે અને બધા માણસો પાપી જ જન્મ્યા છે અને તેમનું ધ્યેય છે ઈશ્વર સાથે સમાધાન કરી તેમની સાથે શાશ્વત જીવન ગાળવાનું.

૨) જુદા જુદા ધર્મોની ઈશ્વર અંગેની સમજ જુદી જુદી હોય છે. ઈશ્વર અંગેના બધા વિચારો ખરેખર સરખા છે એવો પૂર્વનિર્ણય ન કર્યો હોય તો પછી જુદા જુદા ધર્મો જ્યારે ‘ઈશ્વર’ શબ્દનો ઉપયોગ કરે છે ત્યારે તેની અલગ તરી આવતી વિલક્ષણતાઓ સાથે જ તેનો ઉલ્લેખ કરે છે તે હકીકતને દૂર નથી કરી શકાતી. ખ્રિસ્તીઓના ત્રિએકતાના સિધ્ધાંતનો અહીં કોઈએ વિચાર કરવો જોઈએ અને બીજા ધર્મોના એકેશ્વરવાદ સાથે તેની તુલના કરવી જોઈએ. હિંદુ ધર્મમાં ઈશ્વર અંગે વિચારવાના ઘણા માર્ગો છે. શંકર અને રામાનુજ જેવા પ્રશિષ્ટ ચિંતકોએ એમ ઉપદેશ આપ્યો કે તત્ત્વત: ઈશ્વર ક્રમશ: કયાં તો બિનવ્યકિતગત અથવા તો વ્યકિતગત હતો. એટલે અહીં આપણે જોઈએ છીએ કે એક ધર્મમાં પણ તે ધર્મને અનુસરનારાઓ જે ઈશ્વરની ઉપાસના તેઓ કરે છે તેના ખ્યાલોમાં રહેલા ભેદ અંગેના તેમના આગ્રહ છતાં આ જાણી નવાઈ પામે. આધુનિક લોકોએ નિર્ણય કર્યો છે કે તે ભેદો સાથે તેમને કોઈ નિસ્બત નથી, પણ તેમને તેમની સાથે નિસ્બત છે.

૩) જુદા જુદા ધર્મોમાં પોતાના હેતુઓ સિદ્ધ કરવાના જુદા જુદા માર્ગો હોય છે. અલબત્ત, મોક્ષ પ્રાપ્ત કરવા માટે કર્મ, જ્ઞાન અને ભકિતના જુદા જુદા માર્ગો માટે હિંદુ ધર્મ જાણીતો છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ જણાવે છે કે વ્યકિત જ્યારે ખ્રિસ્ત પર અને વધસ્તંભ પરના તેમના મૃત્યુ પર અંગત વિશ્વાસ મૂકે છે ત્યારે જ ઈશ્વર સાથે સમાધાન સાધી શકાય છે.

૪) જુદા જુદા ધર્મોના આચારધોરણો જુદા જુદા હોય છે. સદ્ભાગ્યે ધર્મો માનવજીવન, અંગત મિલકત અને સત્ય જેવી મૂળભૂત વાતો પર સંમત થાય છે. પણ આ આદેશોના અર્થઘટનની રીતો જુદી હોય છે. અને કેટલાક ધર્મોને પોતાના વિશિષ્ટ નિયમો હોય છે. હિંદુ ધર્મ ગૌરક્ષા પર ભાર મૂકે છે. આ ખ્યાલ ખ્રિસ્તી ધર્મને તો અપ્રસ્તુત લાગે છે. તે જ રીતે ખ્રિસ્તી ધર્મની દસ આજ્ઞાઓ અને યહૂદી ધર્મ મૂર્તિપૂજાનો નિષેધ કરે છે. જ્યારે તે પ્રથા હિંદુ ધર્મમાં જડ ઘાલી ગઈ છે.

એટલે ધર્મો સરખા નથી. આપણે જોઈ શકીએ તેવા મહત્ત્વના અનેક ભેદો ધર્મો ધર્મો વચ્ચે છે. અને એમ ન હોવું જોઈએ? છેવટે તો, આપણી પોતાની ખાસ વ્યકિતમત્તા અને શકિતઓને કારણે હું અને તમે બીજા લોકો દ્વારા ઓળખાવા

માગીએ છીએ. જો કોઈ વ્યકિત મારો સ્વીકાર કરે તો તે વ્યકિતને હું સહિષ્ણુ નથી માનતો. પણ હું મારી જાતને અનન્ય માનું છું. ડૉ વાતની તે મને પ્રતીતિ કરાવે છે. તે જ રીતે બધા જ ધર્મોના હાર્દ સરખાં છે એમ કહીએ ત્યારે સહિષ્ણુતા વરતાય છે પણ તેમાં સહિષ્ણુતા નથી, કારણ કે તેમ કહેવા જતાં વ્યકિતએ પ્રત્યેક ધર્મની વિલક્ષણતાઓને અવગણી તે પ્રક્રિયામાં તે બધી વિલક્ષણતાઓને ક્ષુદ્ર બનાવવી પડશે.

તમારી આધ્યાત્મિક ખોજમાં તમે સત્યની શોધ કરો છો ત્યારે હું તમને ખ્રિસ્તી ધર્મના અનન્ય દાવાઓ લક્ષમાં લેવા પ્રોત્સાહિત કરું છું.

*- જીરહાર્ડ વોહ્લબર્ગ*

**"પંડિતોને પૂછો !"**

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

---

### પ્રશ્ન : માણસજાત પ્રત્યેના ઈશ્વરના ન્યાય-ચુકાદા અંગે હિંદુ ધર્મનો ખ્યાલ શો છે?

**ઉત્તર :** આ એક રસિક પ્રશ્ન છે, કારણ કે એક રીતે હિંદુધર્મમાં જે ખ્યાલ પરિચિત નથી તે ખ્યાલ અંગે તે પૂછે છે. સામાન્ય રીતે, જ્યારે આપણે માનવજાત પ્રત્યેના ઈશ્વરના ચૂકાદાની વાત કરીએ છીએ ત્યારે આપણે ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મનો અંશ હોય તેવા દૃશ્યની કલ્પના કરીએ છીએ. એટલે કે ઈશ્વર અંતિમ ચૂકાદો આપવા પોતાના સિંહાસન પર બેઠા છે અને વ્યક્તિઓનાં ધોરણ પ્રમાણે તેમનો ચૂકાદો સંભળાવે છે. પછી આ ચૂકાદો કયાં તો સ્વર્ગ (શાશ્વત શાંતિ)માં કે નર્ક (શાશ્વત યાતના)માં પરિણમે છે. પણ હિંદુ ધર્મમાં આ બંધબેસતું નથી, કારણ કે હિંદુધર્મમાં ઈશ્વર તથા માનવજીવન અંગે જુદા ખ્યાલો છે.

આવો, આપણે દિવ્ય ચૂકાદા અને દિવ્ય દયા કે ક્રોધ વચ્ચે રહેલો મહત્ત્વનો ભેદ જોઈએ. હિંદુ ધર્મના પ્રચલિત સ્વરૂપોમાં તે અંગત દેવો (શિવ, કૃષ્ણ, કાલી) પર આધાર રાખે છે. સતત એવો સંભવ છે કે કોઈએ કોઈ રીતે દેવને દુભવ્યો હોય અને તે વ્યકિતને તેવા ઉલ્લંઘન બદલ કેટલીક શિક્ષા ભોગવવી પડે. અથવા તો દેવ પ્રત્યેની ભકિતને પરિણામે કશુંક વળતર મળે. ધારો કે, મેં શ્રી દુર્ગા પાસે શપથ લીધા હોય કે પ્રત્યેક વર્ષે મંદિરમાં હું બલિ ચઢાવીશ. ધારી લો કે કોઈ કારણસર હું તે શપથના પાલનમાં શિથિલ બનું છું. માત્ર બેદરકારીથી તેમ કરવું ભૂલી જાઉં છું. મારે એવી અપેક્ષા ન રાખવી જોઈએ કે મારા દોષની મને શિક્ષા નહિ થાય. ઊલટું, જો હું મારી ઉપાસનામાં દૃઢ રહ્યો હોત તો મારે આશીર્વાદની અપેક્ષા રાખવી જોઈએ. ખેર, આ બંને વિકલ્પો વ્યકિતની દેવ સાથેની ક્રિયા પ્રતિક્રિયા પર આધારિત છે. અંતિમ ચુકાદા પર નહિ.

માણસે પોતાની જિંદગીમાં જે કંઈ કર્યું હોય તેનાં પરિણામો મેળવવાનું મૂળભૂત સ્વરૂપ હિંદુ ધર્મમાં દિવ્ય ચૂકાદો નથી, પણ કર્મનો સિધ્ધાંત છે. આ ખરેખર સ્વયંચાલિત અને બિનઅંગત પ્રક્રિયા છે, વ્યકિતગત રીતે વ્યકિત પર ઈશ્વર દ્વારા થતી પ્રક્રિયા નથી. તમે જે આ જન્મમાં કર્યું હોય તેની કંઈક અસર તો આવતા જન્મમાં તમે કેવા હશો તેના પર પડે છે. પછી તે હકારાત્મક હોય કે નકારાત્મક પણ વિજ્ઞાનના નિયમ પ્રમાણે અનિવાર્યપણે તે પડે જ છે. જો હું મારા ઘરના છાપરા પરથી ભૂસકો મારું, તો હું જમીન પર પડવાનો જ. તેનાથી જુદું બનવાની આશા જ નહિ

અથવા આપણી ઈચ્છા ગુરુત્વાકર્ષણના નિયમને રદ કરી શકે નહિ. અથવા બીજું એક ઉદાહરણ. અંગત રીતે મારા પર ચોકલેટની ખરાબ અસર થાય છે. જો હું આજે ચોકલેટ કેન્ડીબાર ખાઉં, તો આવતીકાલે હું જાગું ત્યારે મારું માથું દુ:ખવાનું જ. હું ત્યારે તો પસ્તાવો કરું, મારી જાતને પૂછું, 'મેં આવું કેમ કર્યું?' અને ઇચ્છું કે તેમ ન કર્યું હોત તો સારું થાત. પણ તેથી કંઇ પરિસ્થિતિ બદલાવાની નથી. મારા પૂરતું તો ચોકલેટ ખાધા પછી માથું દુ:ખવાનું જ.

આમ જ અનિવાર્યપણે હિંદુ ધર્મમાં કર્મનો સિધ્ધાંત કામ કરે છે. મારા આ જન્મનાં કર્મોનાં પરિણામ મારા આવતા જન્મમાં ચોક્કસ આવવાના જ. લોભ, હિંસા, અસત્ય અથવા દુષ્કર્મને ઉત્પન્ન કરનારું કોઈપણ કારણ હું ટાળી શકવાનો નહિ. જેમ હું ગુરુત્વાકર્ષણ કે ચોકલેટની અસરને ટાળી શકતો નથી તેમ મારા આવતા જન્મ માટે હું આ જન્મના કર્તવ્યોના પરિણામોને હું ટાળી શકતો નથી. ભલેને, પછી હું ઇચ્છું કે મેં આ વસ્તુઓ ન કરી હોત તો સારું.

પણ આ ઈશ્વરનો ચુકાદો નથી. આપણી જિંદગી જેનો અંશ છે તેવી વાસ્તવિકતા તો પ્રથામાં જ રચાયેલી સીધી પ્રથાકર્મ છે. ઈશ્વર કર્મનો આદેશ આપતો નથી અને અંતે તો તેને રદ પણ કરી શકતો નથી. હિંદુ ધર્મમાં તો, ભગવદ્ગીતામાં સૂચવ્યા પ્રમાણેની ભકિત જ વ્યકિત દ્વારા અનુક્રમ કર્મ કરાવવામાં પ્રદાન કરે. પણ જેમ કર્મ એ ઈશ્વરે ફરમાવેલી સજા નથી તેમ તે ઈશ્વર રદ કરી શકે તેવી પણ સજા નથી.

જે ધર્મોમાં માનવજાતના ચુકાદાનો ખ્યાલ છે ત્યાં તે ખ્યાલનો અમલ કેવી રીતે થાય છે તેની તુલના આપણે કરી શકીએ. દા.ત. ઈસ્લામમાં અંતિમ ચુકાદો છે જેમાં પ્રત્યેક વ્યકિતને તેનાં કર્મો પ્રમાણે જ વળતર કે શિક્ષા મળે છે. જે વ્યકિતએ સાચેસાચ ઈશ્વરની શરણાગતિ સ્વીકારી છે તેને, તેવી શરણાગતિ નહીં સ્વીકારનાર વ્યકિત કરતાં સ્વર્ગ પામવાની બહેતર તક છે. દુષ્ટ વ્યકિતની તો વાત જ જવા દો. ઈસ્લામની માન્યતા પ્રમાણે વ્યકિતના નસીબનો નિર્ણય કરનાર વ્યકિતગત ઈશ્વર છે. ખ્રિસ્તીધર્મમાં પણ ઈશ્વર જ માનવજાતનો ચુકાદો આપે છે અને અહીં ચુકાદાના સિધ્ધાંતમાં તારણ-ઉદ્ધારની ચોક્કસતાની શકયતાનો સમાવેશ થાય છે. તેનું કારણ એ છે કે ખ્રિસ્તી ધર્મમાં આપણા કર્મોને આધારે આપણો ન્યાય થતો જ નથી. હિંદુ ધર્મના કર્મના સિધ્ધાંત કે ઈસ્લામના સિધ્ધાંતથી વિરુદ્ધ આપણે સ્વર્ગ જઈ શકીએ કે નહિ તે માટેનો પૂરો માપદંડ માનવકર્મો નથી. બાઈબલ (પ્રકટીકરણ)માં આપણે વાંચીએ છીએ કે મહાન શ્વેત રાજ્યાસન સામે લોકો એકત્રિત થયા છે અને તેમનાં કાર્યો પ્રમાણે દરેકનો ન્યાય થાય છે. તેમાં અપવાદ છે. એ લોકો કે જેમનાં નામ જીવનનાં પુસ્તકમાં લખવામાં આવ્યા છે. જેઓ ઈસુના રકતથી વિશુદ્ધ થયા હશે તેમને તેમનાં પાપમાંથી માફી અપાશે અને આમ, તેઓ ભય સાથે નહિ, પરંતુ તેઓ ઈશ્વર સાથે શાશ્વત સમય પસાર કરશે તેવી ખાતરી સાથે અંતિમ ચુકાદાની અપેક્ષા રાખી શકે.

આમ, હિંદુ ધર્મમાં ઈશ્વરના અંતિમ ચુકાદાનો કોઈ સીધો ખ્યાલ જ નથી. બે જ અતિપ્રસ્તુત ખ્યાલો છે - ઈશ્વરના પ્રાસંગિક વરદાન કે શિક્ષાની માન્યતા અને સાવ બિનઅંગત સ્વચાલિત પ્રક્રિયા સામે કર્મનો સિધ્ધાંત. ઊલટું, જે ધર્મોમાં વ્યકિતગત ઈશ્વર દ્વારા ચુકાદો છે ત્યાં કૃપાની શકયતા અને તારણ-ઉદ્ધારની ખાતરી રહેલાં છે.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

**પ્રશ્ન : મારું એ આશ્ચર્ય છે કે દસ આજ્ઞાઓ જેવું - સરખું હિન્દુ (ધર્મ)માં શું છે? મારો કહેવાનો મતલબ એ છે કે અમુક કાર્ય નૈતિક દૃષ્ટિએ સાચું કે ખોટું છે તેનો નિર્ણય કરવા કઈ સંહિતા, કયા ગ્રંથ અને કયા અધિકૃત લેખનો સંદર્ભ તેઓ લે છે? ઉત્તર માટે આભાર.**

**ઉત્તર :** હિંદુઓ માટે એના જેવી આજ્ઞાઓ - સમાન આજ્ઞાઓ છે જ નહિ. (દા.ત. હિંદુઓ માટેની દસ નિષેધ આચારસંહિતાઓ). અલબત્ત, હિંદુ ધર્મમાં હજારો સંહિતાઓ, ફરજો છે, પણ એકપણ સ્પષ્ટ નિરૂપેલો સંહિતા સમૂહ નથી કે જે સર્વ હિંદુઓને બંધનકર્તા હોય. હિંદુ ધર્મ અનેક, અનેક, ભિન્ન ભિન્ન સંપ્રદાયોનો બનેલો હોવાથી કયારેક તો વિરોધી સિધ્ધાંતો મળે છે જે મૂંઝવતા લાગે છે. હિંદુ ધર્મ થોડાક સામાન્ય ખ્યાલો વડે જોડાયેલા ભિન્ન ભિન્ન પંથો અને સંપ્રદાયોના મિશ્રણ જેવો છે. આમ તો, વેદો પુરાણા ગ્રંથો છે અને અતિ અધિકૃત ગ્રંથો તરીકે સામાન્યપણે તે સ્વીકારાય છે. પણ ઘણીવાર તાજેતરના લોકપ્રચલિત ગ્રંથો (દા.ત. પુરાણો) ખૂબ જાણીતા બન્યા છે અને હિંદુઓ ઉપર તેનું ઝાઝું વર્ચસ્વ છે. મનુના નિયમો ચોક્કસ અને વિગતપૂર્ણ આચાર નિયમો છે.

હિંદુ ધર્મના ભિન્ન ભિન્ન સંપ્રદાયો પર આધારિત ભિન્ન ભિન્ન કર્મકાંડો અને નીતિનિયમો તમને મળે. હિંદુ ધર્મની ભીતર રહેલા ભિન્ન નીતિનિયમો અને વિકલ્પો અનેક લોકો સામે મૂંઝવતી કતાર બની ઊભી રહે. હિંદુ ધર્મમાં કાર્યોની રીત છે, ધ્યાનની રીત છે, ભક્તિની રીત છે અને તર્કની રીત છે. જુદા જુદા લોકો માટે આ રીતો છે. 'કર્મયોગ', 'જ્ઞાનયોગ', 'ભક્તિયોગ' અને 'રાજયોગ' એ રીતે ઓળખાય છે. ઈચ્છાઓને નિયમિત કરતો પ્રવૃત્તિ માર્ગ છે, તો નિવૃત્તિ માર્ગ પણ છે. આ પ્રત્યેક માર્ગમાં આધ્યાત્મિક પ્રગતિ માટે ભિન્ન પડતા નિશ્ચિત નિયમો તથા માર્ગદર્શિકાઓ છે. હિંદુઓનું એક જૂથ જગતની ઈચ્છાઓને ત્યાગી સન્યાસ લેવા પ્રયત્ન કરે ત્યારે (દા.ત. સન્યાસી યોગી પતંજલિ) અને બીજું જૂથ ઈચ્છાઓ પૂર્ણ કરવા મથે ત્યારે સાવ જુદા જુદા જ કર્મકાંડો - રીતો તમને મળે.

હિંદુ ધર્મમાં સત્ય અનેકસ્તરીય છે. અને તેમાં જેમ અનેક દેવ-દેવીઓ છે તેમ વ્યક્તિને ચોક્કસ આધ્યાત્મિક જીવન જીવવા માટેની અનેક સંહિતાઓ અને પધ્ધતિઓ છે. એક સર્વસામાન્ય અભિપ્રાય છે જે દૃઢતાપૂર્વક જણાવે છે કે અનેક જુદા જુદા માર્ગો એક જ લક્ષ્ય તરફ જાય છે.

હિંદુ ધર્મનો એક ચાવીરૂપ ખ્યાલ એ છે કે માણસ મુક્તિ પામી શકે, પોતાને સુધારી શકે અને મુક્તિ અથવા જ્ઞાન પામી

શકે. આ માટે તમારે તમારો માર્ગ પસંદ કરવો જોઈએ અને આ બહુઆયામી માર્ગોના નીતિનિયમો તથા કર્મકાંડો એવા માર્ગો છે કે જે દ્વારા માણસો સ્વર્ગની સીડી ચઢી શકે છે. અહીં જ છે દસ આજ્ઞાઓ સાથેનો સાચો વિરોધ. આ ધ્યેય સિદ્ધ કરવા દસ આજ્ઞાઓ અપાઈ નહોતી. અલબત્ત, શું આચરવું ને શું ન આચરવું તે અંગે તે માર્ગદર્શન આપી શકે છતાંય તે આજ્ઞાઓ તારણ-ઉદ્ધાર કે કોઈ પ્રકારની મુક્તિ મેળવવા અપાઈ જ નહોતી. બાઈબલ તો એમ ઉપદેશે છે કે લોકો નિયમનું પાલન કરી શકતા નથી - મૂળભૂત રીતે માણસના પોતાના હૃદયમાં કશુંક ખોટું છે તેવો તેમને બોધ આપવા અને શીખવવા નિયમ અપાયો હતો. નવા કરારનો લેખક - તાર્સસનો શાઉલ આ મુદ્દાને સ્પષ્ટ કરે છે કે જેઓ નિયમપાલનનો પ્રયત્ન કરે છે તેઓ તેમ ન કરી શકતા તેવું અનુભવશે અને તે વડે જ તેમનો ન્યાય થશે (રોમન અધ્યાય ૨). વળી જેઓ નિયમ જાણતા નથી તેઓ દ્વારા પણ તેમનો ન્યાય થશે, અને પોતાના ખુદના આત્માના તેમના પોતાનાં ધોરણો દ્વારા પણ તેમનો ન્યાય થશે. 'રંગ હજુ ભીનો છે, અડકશો નહીં' એવું જેના પર લખ્યું છે તેવા રંગેલા બાંકડા પાસેથી પસાર થતા માણસ જેવું જ કાર્ય માનવતા અને નિયમ કરે છે. આ પસાર થતો માણસ શું કરે છે? તે ઊભો રહે છે, બાંકડા પાસે જાય છે અને બાંકડો ભીનો છે કે નહિ તે જોવા તેને સ્પર્શે છે. નિયમ આપણને બહેતર - વધુ સારા માણસો બનાવતો નથી. આપણે કોણ છીએ તે જ નિયમ દર્શાવે છે. કહેવાનું બસ આટલું જ કે બાઈબલની દસ આજ્ઞાઓ માનવતાને સુધારવા નથી અપાઈ. તે તો અપાઈ છે આપણને પોતાની જરૂરિયાત દર્શાવવા. ઈશ્વર માણસ માટે જે કરવાના છે એટલે કે કૃપાદાન આપવાના છે તેની પૂર્વ તૈયારી એટલે આ નિયમ. ઈશ્વરની કૃપાથી જ માણસ રક્ષાય છે, કૃપા તે ઈશ્વરે આપેલી બક્ષિસ છે. તે માણસના પોતાના કાર્યની કંઈ જાગીર નથી.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

[શરૂઆત](#)
[હેતુ](#)
[લેખો](#)
[જીવન કથાઓ](#)
[પંડિતને પૂછો](#)
[ગુજરાતી ભાષાંતર](#)

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : ગીતાએ દર્શાવેલા કર્મ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે સામ્ય શું છે?

**ઉત્તર :** ભગવદ્ગીતામાં અર્જુનને દ્વિધા છે કે ભીષ્મ, દ્રોણ અને પોતાના અન્ય સ્વજનોને જેમાં હણવા પડે તેવું યુદ્ધ તેણે લડવું કે નહિ. કૃષ્ણ કહે છે કે અર્જુન પોતાના સ્વજનો માત્ર હણતો નથી, પણ યુદ્ધમાં યોદ્ધા તરીકેની ફરજ બજાવતાં તે તેમને કર્મના સિધ્ધાંત પ્રમાણે તેમને ભોગવવી પડતી આ જન્મની વેદના તથા યાતનામાંથી મુકત કરી તેમને અન્ય જન્મની જિંદગી - કદાચ બહેતર જિંદગી જીવવા માટેનો માર્ગ મોકળો કરે છે. આત્મા નાશ પામતો નથી કે હણાતો નથી તે આધારે કૃષ્ણ આવો બોધ આપે છે. કાર્ય કરીને ભોગવવા પડતા કર્મોની પ્રતિક્રિયા રાખવાનો બોધ કૃષ્ણ અર્જુનને આપે છે. કર્મોની પ્રતિક્રિયામાંથી મુકત થવાના એક માર્ગરૂપે તેણે પોતાનો ધર્મ બજાવવો એવી દલીલ તેઓ કરે છે. કૃષ્ણ કહે છે કે આ ધર્મ જ વ્યકિતને પાપ અને મૃત્યુના ફેરામાંથી છૂટવા દેશે. કૃષ્ણ અર્જુનને કહે છે કે યુદ્ધ કરવાની જવાબદારી ટાળવી એટલે કર્મની પ્રતિક્રિયા વહોરી લેવી. એટલે તું માત્ર તારો ધર્મ આચર.

એવો ઉપદેશ અપાયો છે કે કર્મ એક એવી વૈશ્વિક શકિત છે કે જેને કારણે વ્યકિતને પૂર્વજન્મનાં પોતાનાં કર્મો અને કૃત્યોને કારણે જે ભોગવવું પડે તે ભોગવવું પડે છે. આ દુનિયાનાં જે દુ:ખો અને દુરિતો લોકોને ભોગવવા પડે છે તેનું કારણ આમ સમજાવાયું છે. કર્મનાં પણ જુદા જુદા સ્તરો કે જુદા જુદા પ્રકારો છે. વ્યકિતગત કર્મથી માંડીને સમૂહગત કર્મ સુધીનાં. ગીતામાં કૃષ્ણ કર્મના જે પ્રકારની વાત કરે છે તે છે ક્રિયમાણ કર્મ. એટલે કે આ જીવન દરમિયાન ઉત્પન્ન થતું કર્મ. પૂર્વજન્મોનું પણ કર્મ છે અને ભાવિનું કર્મ આપણા વિચારોમાં પડેલું છે.

કર્મને સમજવાનો પ્રચલિત માર્ગ છે આધ્યાત્મિક 'વીસા'(visa) કાર્ડ જેવું કંઇક કલ્પવું. પ્રત્યેક મહિને બિલ આવે છે પણ ભેદ માત્ર એટલો જ છે કે કેટલું દેવું બાકી છે અને તમે કેવી રીતે દેવું કર્યું તે જાણવાનો કોઇ માર્ગ નથી. આ હિસાબોની માહિતી પામવાનો કોઇ માર્ગ નથી. પણ ગમે તે રીતે બેંક (કર્મ) તમને હમેશાં પકડી પાડશે. કર્મનો પ્રતિકાર માત્ર સુકાર્યો અને ધ્યાન વગેરેથી જ થઇ શકે.

તો પછી ઈસુનો બોધ શો છે? શું તેમનો બોધ કર્મના સિધ્ધાંત જેવો જ છે? એક અર્થમાં સામ્ય છે. કર્મ અને ઈસુ પોતાના ઉપદેશમાં જેને 'પાપ' કહે છે તે - આ બન્ને એક વાત - વિચારનો સમાવેશ કરે છે કે માણસ ખોટાં અને દુરિત કાર્યો કરી શકે અને કરે છે. માનવજાતમાં જ કશી ખામી છે તે આ બંને ખ્યાલોમાં સમાવાયું છે.

પણ ભેદો ઘણા મોટા છે. આપણા પ્રશ્નનું મૂળ અને તેનો કેમ પ્રતિકાર કરવો તે બન્ને ઈસુના ઉપદેશમાં સાવ જુદા છે. બાઈબલ ઉપદેશે છે

કે માણસનો એક જ જન્મ હોય છે અને મૃત્યુ પછી ચુકાદો હોય છે. કર્મ માને છે કે જન્મ-મૃત્યુના ફેરામાંથી છૂટવાનો અને સંસારના જાળામાંથી મુકત થવા અનેક જન્મો લેવા પડે છે. એક જન્મના અપ્રમાણિક અથવા દુરિત કાર્યો, હેતુઓ, શબ્દો અને વિચારોને કારણે જ બધા જ માણસો દેવાદાર બને છે તેવું ઈસુ ઉપદેશે છે. ઈસુના ઉપદેશમાં એમ કહેવાયું છે કે એકથી વધુ જન્મ હોવાને કારણે પ્રશ્ન ગુંચવાશે. 'વીસા' પરનું દેવું વધતું ને વધતું જશે.

ખ્રિસ્તી ઉપદેશમાં પાપનો ઉકેલ પણ વધુ ઊંડો છે. તેના ઉકેલમાં સુકાર્યો કે ધ્યાન તે પ્રશ્ન પરત્વેની સમતુલા નથી. ઈસુ ઉપદેશે છે કે ઈશ્વર નિ:શેષ સંપૂર્ણ છે અને પોતાની પ્રજા પાસેથી પણ તેવી જ સંપૂર્ણતાની આશા રાખે છે. સુકાર્યો દ્વારા માણસ દુષ્કાર્યોએ સર્જેલી ઊણપ પૂરી ન કરી શકે, કારણ કે શુભ અને દુરિતની સમતુલા એ ધોરણ નથી. પણ ધોરણ તો છે ભલાઈ, વિશુદ્ધતા અને પૂર્ણતા. વીસા બિલનું દેવું પૈસા કે યાત્રા કે સુકાર્યોથી ભરવાનું નથી. હકીકતમાં તો આ સૌના સંપૂર્ણ તથા અભાવને કારણે જ દેવું વધતું જાય છે.

ઈસુ એમ પણ જણાવે છે કે ઈશ્વર કૃપાળુ અને દયાળુ છે. ઈસુનું જીવન તથા તેમનો ઉપદેશ એ છે કે તે માનવદેહધારી ઈશ્વરરૂપે જન્મ પામ્યા, માણસોમાં તે એકમાત્ર જ ઈશ્વરનું નવદેહધારી સ્વરૂપ હતા અને તે સ્વેચ્છાએ - સમગ્ર વિશ્વના પાપોનું ઋણ ચૂકવવા વધસ્તંભે મરણ પામ્યા. એકમાત્ર સંપૂર્ણ માનવી તરીકે તે ઋણ ચૂકવવા યોગ્ય હતા. ઈશ્વરના માનવદેહધારી સ્વરૂપ તરીકે સમગ્ર દુનિયાનું ઋણ ચૂકવવાનો તેમને પૂરો હક હતો. વીસા બિલો પર એટલું જ લખવાનું - 'ઈસુ દ્વારા ચૂકવવા યોગ્ય' - એ જ માત્ર ક્ષમાનો માર્ગ.

હું માનું છું કે હિંદુ ધર્મના કર્મના સિધ્ધાંત અને પાપ અંગેના બાઈબલના ઉપદેશ વચ્ચેના સામ્ય તથા ભેદો દર્શાવવા આ સહાયભૂત થશે.

**- વ્યાટ રોબર્ટસન**

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.


**સબમીટ**

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

દયાલ વી.
વ્યાટ્ રોબર્ટસન
વેદાચાર્ય
જ્ઞાનબ્રહ્મા
જીરહાર્ડ વોહ્લબર્ગ

### પ્રશ્ન : વેદોમાંના પ્રજાપતિ અને જૂના કરારમાંના ઈશ્વરપિતા એક જ છે?

**ઉત્તર :** આ ખરેખર રસપ્રદ પ્રશ્ન છે અને સરળતાથી ઉત્તર ન આપી શકાય તેવો પ્રશ્ન છે. આમ કહીએ તો, સામાન્ય રીતે તે બંને ચોક્કસ સરખા છે - બંનેને વિશ્વના સર્જક કહેવામાં આવ્યા છે. વેદોમાં (અને પાછળથી હિંદુ શાસ્ત્રોમાં પણ) પ્રજાપતિ પૃથ્વીના સર્જક છે અને જૂના કરાર પ્રમાણે ઈશ્વરપિતા પૃથ્વીના સર્જક છે.

છતાંય, બંનેની એકરૂપતા દર્શાવવા આપણે ઊંડા ઊતરીએ તે પહેલાં બંનેમાં રહેલા મહત્ત્વના ભેદોની પણ આપણે નોંધ લેવી જોઈએ. સૌ પ્રથમ તો, આપણે જાણીએ છીએ કે 'પ્રજાપતિ' એ તત્ત્વત: એક બિરુદ છે, કોઈ વ્યક્તિગત દેવતાનું નામ નહિ. તેનો અર્થ થાય છે 'પ્રજાનો પતિ' અને આ બિરુદ વેદોના પ્રારંભકાળના લખાણોમાં ઈન્દ્ર, અગ્નિ, સાવિત્રી અને પુરુષ જેવા અસંખ્ય વ્યક્તિગત દેવતાઓને અપાયું છે. વેદોના ઉત્તરાર્ધનાં લખાણોમાં આ બિરુદ એક વિશિષ્ટ વ્યક્તિમત્તા પર કેન્દ્રિત થયું છે કે જે છેવટે દેવ બ્રહ્મા તરીકે દેખા દે છે. 'સર્જક' તરીકે તે લોકપ્રચલિત છે અને છબીમાં તેનાં ચાર માથા દર્શાવ્યા છે.

આ ઉપરથી આપણે સ્પષ્ટ નીરખી શકીએ છીએ કે પ્રજાપતિ અને જૂના કરારના ઈશ્વરપિતા વચ્ચે મુખ્ય ભેદ છે. બાઈબલના શાસ્ત્રોમાં 'ઈશ્વરપિતા'નો એક જ અર્થ છે - પ્રાચીન હિબ્રૂઓની વચ્ચે જેણે પોતાની જાતને યહોવા તરીકે ઓળખાવી તે એક વ્યક્તિગત ઈશ્વર. તે એકાકી છે, વ્યક્તિગત સર્જક છે, જે પોતાની પ્રજાને નભાવે છે અને માર્ગદર્શન આપે છે. જૂના કરારમાં, જો ઈશ્વરનો ઉલ્લેખ થતો હોય તો તે ચર્ચાનો વિષય બને છે અને તેમાં કશું ખોટું નથી. આ લક્ષણને કારણે જ તે વૈદિક ખ્યાલમાંના પ્રજાપતિના કંઈક અસ્પષ્ટ, પરિવર્તનશીલ નામથી અલગ તરી આવે છે.

બીજું, પ્રજાપતિ અને ઈશ્વરપિતા સર્જક તરીકે પોતપોતાનું કામ જે રીતે કરતા મનાયા છે તે રીતમાં જ સાચો ભેદ છે. ફરી આપણે પ્રજાપતિનો વિચાર કરીએ. તેનો વિચાર કરતાં, સર્જક તેના સર્જન સાથે કંઈક એકરૂપ છે એવા ખ્યાલથી આપણે અલગ થઈ શકતા જ નથી. પુરુષ દેવતાનું જ ઉદાહરણ લઈએ. તે પ્રારંભના દેવતાઓમાંના એક હતા અને પ્રજાપતિનું બિરુદ ધારણ કરતા હતા. 'પુરુષ'નો શબ્દસ: અર્થ થાય માણસ. તે મહાન દેવતા તરીકે જાણીતા હતા અને તેથી દુનિયાથી ચડિયાતા દેખાવાના લક્ષણો - હજાર માથા અને હજાર આંખો - તે ધારણ કરતા હતા. હવે જ્યારે પુરુષ જગતનું સર્જન કરે છે ત્યારે તે પોતાના ખુદના શરીરમાંથી તેમ કરે છે. તે પોતે બલિ તરીકે પોતાની જાતને હોમે છે અને આ વિધિની પરાકાષ્ટાએ તેમના અવશેષોમાંથી માનવજાત પ્રગટે છે. ચાર જ્ઞાતિપ્રથાઓ તરીકે ઓળખાતા ચાર પ્રકારોમાં સર્જન થાય છે. તેમના માથામાંથી ઉચ્ચત્તમ જ્ઞાતિ બ્રાહ્મણ પ્રગટે છે, ત્યાર પછી ક્ષત્રિયો તેમના ધડમાંથી પ્રગટે છે, વૈશ્યો તેમના ઉદરમાંથી અને શુદ્રો તેમના ચરણોમાંથી. મૂળ મુદ્દો એ છે કે એક જ સમયે પુરુષ સર્જક છે એટલું જ નહિ પણ તેમના સર્જનનું મહત્ત્વનું ઘડતર બળ પણ છે. પ્રજાપતિના ખ્યાલ સાથે આવો જ આદર્શ રહ્યો છે. સર્જક અને સર્જન વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદ રેખા નથી.

તે જ રીતે, જ્યારે પ્રજાપતિનું કાર્ય બ્રહ્માનું વિલક્ષણ કાર્ય બની ગયું ત્યારે તો આ દેવ પણ તેમના સર્જનથી સંપૂર્ણ અલગ ન પડી શકયા. છેવટે તો, બ્રહ્મા પોતે મૂળ બ્રહ્મન્‌માંથી અસ્તિત્વની ચરમ વાસ્તવિકતામાંથી અળગા થયેલા છે. બ્રહ્મા સર્જન કરે છે એ અર્થમાં કે તે હયાતી ધરાવતા કશાકનો ઘાટ ઘડે છે. પણ છેવટે તે વિશ્વને અસ્તિત્વમાં લાવી નથી શકતા, કારણ કે બ્રહ્મન્ અસ્તિત્વહીન પણ ન હોઇ શકે અને તે અસ્તિત્વમાં આણી પણ ન શકાય. એટલા પૂરતું તો તે પોતે અસ્તિત્વક્રમનો એક અંશ છે. એટલે વળી, બ્રહ્મા તરીકે પણ પ્રજાપતિ એવા સર્જક નથી કે જે પોતાના સર્જનથી સાવ અલગ હોય.

એટલે આ લક્ષણ પ્રજાપતિ અને ઈશ્વરપિતા વચ્ચેનો બીજો ભેદ ઊપસાવે છે. બાઇબલના અભિપ્રાય પ્રમાણે ઈશ્વરપિતા સમગ્ર ઉત્પત્તિના - સૃષ્ટિના સર્જક છે. ઉત્પત્તિ પહેલા માત્ર ઈશ્વર હતા. પછી તે બોલ્યા અને વિશ્વ અસ્તિત્વમાં આવ્યું. તેમણે પોતાના તત્ત્વમાંથી વિશ્વ ન સર્જ્યું કે પોતાની સર્જેલી વસ્તુઓ સાથે તે એકરૂપ ન થયા. દુનિયા તેમના પર આધાર રાખે છે, પણ તે દુનિયા પર આધાર રાખતા નથી. જો તેમ જ તેમણે ઇચ્છ્યું હોત તો જે કંઇ તેમણે સર્જ્યું હતું તેને વળી પાછું અનસ્તિત્વમાં સરકવા દેત. પણ તે પોતે હમેશાં ઈશ્વરની જેમ જ રહેત. આ મુદ્દો ઈશ્વરને દુનિયામાં સક્રિયપણે કામ કરતાં અટકાવતો નથી, પણ તેનો અર્થ એ કે તે પોતાના સર્જનથી પૂર્ણ સ્વાયત્ત છે. આમ, વેદોમાંના પ્રજાપતિ અને જૂના કરારમાંના ઈશ્વરપિતા વચ્ચે બે ભેદો છે - પ્રજાપતિ તે એક એવું બિરુદ છે જે જુદા જુદા દેવતાઓને જુદા જુદા સમયે અપાયું છે. જ્યારે ઈશ્વરપિતાનો સંદર્ભ છે એક અને એ જ ઈશ્વર સાથે. અને ઈશ્વરપિતા હમેશાં જેમ પોતાનાં સર્જનથી ચુસ્તતાપૂર્વક અલગ હોય છે તેમ પ્રજાપતિ હોતા નથી.

આ બંને મુદ્દા ખૂબ વિચારણીય છે. સર્જનમાં માલિકીપણું સૂચવાય છે. સામાન્ય ઘટનાક્રમમાં જો તમે કંઇ સર્જો તો તે તમારું જ હોય છે. અને તમે તેને માત્ર તમારું નામ આપવા નહિ ઇચ્છો. જો ઈશ્વરે આપણને સર્જ્યા હોય તો આપણા પરની માલિકીનો દાવો તેમનો છે અને આપણે સર્જનને કોઇને કોઇ વસ્તુને નામે ચડાવી અજૂગતું કરીશું. તો પછી તેમણે સર્જેલા પ્રાણીઓ સાથે તેને યોજનાબદ્ધ મૂકવાની તો વાત જ કયાં રહી? નવા કરારમાં માનવીની પાપવૃત્તિના મૂળને આમ વર્ણવ્યું છે - "તેઓએ ઉત્પન્નકર્તાની ભકિત ન કરતાં ઉત્પન્ન કરેલાંની ભકિત તથા ઉપાસના કરી" (રોમન ૧:૨૫). હું આશા રાખું છું કે તમે જ્યારે સર્જક (ઈશ્વર)નો વિચાર કરો છો ત્યારે તેના પ્રત્યેની કૃતજ્ઞતા વ્યકત કરવાની અને તેમને એકલાને જ ભજવાની જવાબદારી આપણી છે તેનો પણ ખ્યાલ રાખશો.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દ્દષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્‌લબર્ગ*

### પ્રશ્ન : બાઈબલમાં જેમ નવો જન્મ પામવાનો (શાશ્વત જીવન પામવા માટે) ઉલ્લેખ છે તેમ વેદો (હિંદુ ધર્મ) માં પણ શું તેવો કોઈ ખ્યાલ છે?

**ઉત્તર :** હિંદુ ધર્મ અને ખ્રિસ્ત બંને પાસે એના એ જ શબ્દો સહેજ અતિવ્યાપ્તિ અને છતાંય ભેદો સાથે છે તેના નમૂનારૂપ તમારો પ્રશ્ન છે. ખ્રિસ્તીઓ અને હિંદુઓ નવા જન્મનો દાવો કરે છે, પણ ફરી જન્મ પામવો એટલે શું અને તે અર્થનું ક્ષેત્ર કેટલું તે અંગે ભેદ છે.

હિંદુ ધર્મમાં અને ખાસ કરીને ઉપનિષદોમાં વિકસેલો ખ્યાલ એ છે કે ફરી જન્મવું તે અનિવાર્યતા છે અને સહુને ફરી જન્મવું પડે છે. માનવીનો પુનર્જન્મ કેવો હશે, જન્મોના ફેરામાં તે ઊંચો કે નીચો હશે તે તેના કર્મથી નક્કી થાય છે. પ્રશ્નોપનિષદ કહે છે, "મૃત્યુ સમયે, કરોડરજ્જૂના માર્ગે ઉપર જતા સૂક્ષ્મ ચીલા દ્વારા પાંચમી શક્તિ ઉડાન નિ:સ્વાર્થીને ઉત્ક્રાંતિની લાંબી સીડી પર ઊંચે (પૂણ્યલોકમાં) દોરી જાય છે, સ્વાર્થીને નીચે (પાપલોકમાં) દોરી જાય છે. પણ જેઓ સ્વાર્થી અને નિ:સ્વાર્થી બંને હોય છે તેમને આ પૃથ્વી પર (મનુષ્યલોકમાં) પાછા લાવે છે" (પ્રશ્ન ૩,૭). હકીકતમાં હિંદુ ધર્મ તો એવું ઉપદેશે છે કે લોકો ખરેખર ફરી જન્મતા નથી, પણ તેઓ ફરી... ફરી... ફરી જન્મે છે. ઐતેરેય ઉપનિષદ તો કહે છે કે બીજી વાર ફરી જન્મે છે એટલું જ નહિ પણ ત્રીજી વાર પણ ફરી જન્મે છે : "સ્ત્રીના ગર્ભમાં તે શીશુ બને છે. આ પહેલો જન્મ છે. શીશું તેમનો આત્મા છે અને બીજા જન્મરૂપે તેમનું સાતત્ય અખંડ ચાલુ રાખે છે. જ્યારે તે વૃધ્ધ બને છે ત્યારે તે તેની સઘળી ફરજોનો ત્યાગ કરે છે, ફરી જનમવા માટે પોતાના શરીરનો પણ ત્યાગ કરે છે. આ ત્રીજો જન્મ છે" (ખંડ બીજો ૧-૪). એક ગુરુ (શ્રી ચિન્મય) એમ અંદાજે છે કે પ્રત્યેક વ્યકિત મનુષ્ય થતાં પહેલાં ચોર્યાસી લાખ ફેરામાંથી પસાર થાય છે અને ત્યાર પછી મોક્ષ મેળવતાં પહેલાં એટલે કે સંસાર (પુનર્જન્મોના ચકરાવા)માંથી છૂટતાં પહેલાં તેને સેંકડો કે હજારો મનુષ્ય જન્મોમાંથી પસાર થવું પડે છે. હિંદુ ધર્મમાં ફરી જનમવું તે કર્મની માંગને કારણે પુનર્જન્મની અનિવાર્ય અને સતત પ્રક્રિયાનો એક અંશ છે. તે માન્યતા કે પસંદગીનો વૈકલ્પિક પ્રશ્ન નથી. પ્રશ્ન તો એટલો જ છે કે ફરી ફરી જન્મ્યા પછી તમારું અસ્તિત્વ કેવું હશે.

ખ્રિસ્તીઓ માટે 'નવો જન્મ પામવો' તે પ્રશ્ન ઈસુ તથા નિકોદેમસ નામના એક યહૂદી વિદ્વાનની ચર્ચામાંથી ઉદ્‌ભવ્યો છે. બાઇબલમાં આ ચર્ચા યોહાનની સુવાર્તાના ત્રીજા અધ્યાયમાં આપી છે. ઈસુ જ્યારે કહે છે કે "કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી". આથી નિકોદેમસ મૂંઝાય છે. આથી, "માણસ ઘરડો થઈને જન્મ કેમ પામી શકે?" એવો પ્રશ્ન ઈસુને પૂછી ઈસુના કથનનો મર્મ જાણવા માગે છે. ત્રણ નિવેદનો ઘોષિત કરીને ઈસુ સમજાવે છે. (યોહાન ૩:૩-૯). પહેલું તો છે, "માણસ પાણીથી તથા આત્માથી ન જન્મ્યું હોય, તો દેવના રાજ્યમાં જઈ શકતું નથી". આમ કહી ઈસુ એમ કહેવા માગે છે કે માના ગર્ભના પાણીમાંથી જ માણસે જનમવાનું હોય છે એવું નથી. પણ જન્મીને દેવના આત્મામાંથી જીવન પ્રાપ્ત કરવાની પણ આવશ્યકતા છે. ઈસુનું બીજું વચન

છે, "જે દેહમાંથી જન્મ્યું છે તે દેહ છે, અને જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે". આ તે જ વાતની વધારે સ્પષ્ટતા છે. માનવદેહ ધારી તમે દુન્યવી જીવન જીવી શકો છો. પણ માણસે શાશ્વત જીવન જીવવા આધ્યાત્મિક રાજ્યમાં પણ જનમવું જ જોઈએ. ત્રીજું વચન છે, "વા જ્યાં ચાહે છે ત્યાં વાય છે અને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે કયાંથી આવે છે અને કયાં જાય છે તે તું જાણતો નથી. હરેક જે આત્માથી જન્મેલું છે તે તેના જેવું જ છે". ઈસુ જે નવા જન્મનો ઉલ્લેખ કરે છે તે દેવના પવિત્ર આત્મા દ્વારા ઉદ્ભવે છે. વ્યક્તિને કંઈક થયું છે તે તમે કહી શકો, પણ તમે પ્રથમ જન્મમાં હોવાથી તે ઘટના તમે ન જોઈ શકો. બાઈબલમાં આની સાથે જોડાયેલી એક પ્રસિદ્ધ કલમ છે અને તે યોહાન ૩:૧૬ - "કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે." આનો અર્થ એ કે આ નવો જન્મ પ્રાપ્ત કરવા માટે દેવના રાજ્યમાં આત્મા દ્વારા અનંતજીવન પામવા માટે દેવપુત્ર ઈસુ પર વિશ્વાસ કરવો પડે. તેમનો વિશ્વાસ કરવો એટલે શું? સહુ પ્રથમ તો એ કે ઈસુમાં તે દેવનો એકાકીજનિત દીકરો છે તેમાં અને તેમણે જે કર્યું તેમાં વિશ્વાસ. ઈસુ સર્વ માણસો ખાતર મરણ પામવા આવ્યા હતા. કલમ ૧૪માં ઈસુ કહે છે, "માણસના દીકરાને ઊંચો કરાવવાની જરૂર છે, એ માટે કે જે કોઈ વિશ્વાસ કરે તે તેનામાં અનંતજીવન પામે." માણસોના પાપનું ઋણ ચૂકવવા માણસોની અવેજીમાં વધસ્તંભે જડાઈને ઈસુ સ્વદેહે મરણ પામ્યા તે કાર્ય 'ઊંચા કરવા' જેવા ટૂંકા સૂત્રમાં સૂચવાયું છે. ઈસુમાં જે વિશ્વાસ મૂકે છે તેમને માટે તેમણે આ કર્યું છે. તેમને અનંતજીવન આપ્યું છે અને આ જ તેમનો નવો જન્મ છે - ફરી જન્મ છે.

ટૂંકમાં, હિંદુ ધર્મ ઉપદેશે છે કે ફરી જનમવું એટલે પુનર્જન્મ દ્વારા આત્માના સતત અન્ય દેહમાં પ્રવેશની ચાલુ રહેતી પ્રક્રિયાનો એક અંશ. સહુ માટે આ હોય છે જ. ખ્રિસ્ત ઉપદેશે છે કે જેઓ તેમનામાં વિશ્વાસ રાખે છે તેમના જીવનમાં આ એક જ વાર બને છે.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

દયાલ વી.
વ્યાટ્ટ રોબર્ટસન
વેદાચાર્ય
જ્ઞાનબ્રહ્મ
જીરહાર્ડ વોહ્લબર્ગ

---

### પ્રશ્ન : મારો એક મિત્ર છે. તે ખ્રિસ્તી હોવાનો દાવો કરે છે પણ યોગ કરે છે. યોગમાં એવું તે શું છે જે ખ્રિસ્તી સિદ્ધાંતો અને ઉપદેશથી વિરુદ્ધ હોય?

**ઉત્તર :** 'યોગ' શબ્દનો અર્થ છે "એકત્ર જોડાવું". સંસ્કૃત ધાતુ યુજ્ પરથી તે શબ્દ આવ્યો છે. તે ધાતુનો અર્થ થાય છે જોડવું કે એક કરવું. પશ્ચિમમાં તે માત્ર સ્વાસ્થ્ય લાભ કે વ્યાયામ ઉપચાર તરીકે ઓળખાય છે. તનાવગ્રસ્ત વ્યકિતને શાંતિ આપવાના તથા તનાવયુકત (શિથિલ) કરવાના માર્ગ તરીકે પણ તેની જાહેરાત ઘણીવાર થાય છે. આ પરિસ્થિતિ કંઈક અંશે તેને તેના લંગરો - સાંકળોથી આંચકી લે છે અને યોગનો મૂળ અર્થ શો છે અને હિંદુ ધર્મમાં અને પૂર્વીય માન્યતામાં તેનું શું સ્થાન છે તે કહેવાતું નથી. યોગ તનાવમુકિત માટે વિકસ્યો નહોતો, પણ હિંદુ ઢબે પોતાના મોક્ષ માટે વિકસ્યો હતો. એવા કેટલાક યોગ કરનારાઓ કે યોગાચાર્યો હશે જેઓ તેના વૈશ્વિક અભિપ્રાય કે મૂળ સાથે સાંકળ્યા વિના માત્ર વ્યાયામ અને શાંતિ પ્રાપ્ત કરવાની વિધિ તરીકે જ સત્યતાપૂર્ણ તેનો પક્ષ લેતા હશે. જો કોઈ માત્ર બેસી, હાથપગ તંગ કરી શાંતિ પામે તો તેમાં, અલબત્ત, કશું જ ખોટું નથી અને તે સારું પણ હોઈ શકે. પણ આ પ્રકારના યોગની તો માત્ર વાતો જ થાય છે, કારણ કે તેના સમર્થનકારો જાણે-અજાણે તેના મૂળ હેતુ જેવા કશાક ધ્યેય ખાતર તેવો વ્યવસાય કરે છે.

યોગની લગભગ પાંચ શાખાઓ કે તેના પાંચ પ્રકારો છે. દૈહિક યોગ હઠયોગ કહેવાય છે. પશ્ચિમમાં તનાવમુકિત કે સ્વાસ્થ્યના નામે મોટેભાગે આનો અમલ થાય છે. પણ હઠયોગનો દાર્શનિક હેતુ તો છે મનને ચેતનાની ફેરફાર કરેલી હાલતમાં લાવવાનું. શીર્ષાસન, શ્વાસનિયંત્રણ કે બીજી કોઈ એવી સ્થિતિ કે જે માનવી મનને એવી સ્થિતિમાં મૂકે જ્યાં ફેરફાર કરેલી હાલત પ્રાપ્ત થઈ શકે. હઠયોગનું પણ ધ્યેય છે બુદ્ધિ અને ચેતનાની કરામત દ્વારા ભીતરની દિવ્યતાને પામવાનું. અનુભવાતીત ધ્યાનના પ્રમુખ સમર્થક મહર્ષિ મહેશયોગીએ તો એવી દલીલ કરી છે કે લોકોને હઠયોગનો અનુભવ કરવા દો કે જેથી તેઓ વધુ ઊંડા યોગની શકયતાઓ જોતા થાય.

બીજો યોગ છે જપ યોગ અથવા જાપ. તે સમુહ દ્વારા ખાનગીમાં થાય છે. હરેકૃષ્ણ આંદોલન એ પશ્ચિમમાં આવું કીર્તન કરનાર સમુહ તરીકે જાણીતું છે. ગુરુ વ્યકિતને મંત્ર આપે. આ મંત્ર દેવ-દેવી, દાનવ કે આ લોકો સાથેના કશાક સંબંધના નામનો હોય. આ મંત્ર ગુપ્ત રાખવો પડે અને બીજાને ન અપાય. આ મંત્ર મનને એકાગ્ર કરે અને બહારના ઉદ્દીપકો કાપી નાખે. આ મંત્ર મનને એવી શૂન્યતાને મુદ્દે લાવે કે જ્યાં મન આ દુનિયાથી પર થયેલું લાગે. આ પ્રક્રિયાના જુદાં જુદાં સ્તરો વધતાં વધતાં સમાધિની - જ્ઞાનયુકત ચેતનાની સ્થિતિએ પહોંચે. આ છે બધાનું સરખીકરણ. જુદા જુદા સંપ્રદાયો જુદા જુદા પાસા પર ભાર મૂકશે.

અન્ય યોગાચારો અવાજ કે પ્રકાશ આધારિત છે. પશ્ચિમમાં The Divine Light મિશન આનું જાણીતું ઉદાહરણ છે. તેઓ આંખોને એવી કરામતથી સ્થિર કરશે કે તે ત્રીજા નેત્રને સ્થાને પ્રકાશ જોઈ શકે અને તે સ્થાને એવું તો ધ્યાન કેન્દ્રિત કરશે કે અંતે તે સ્થાન પ્રકાશિત થઈ છલકી ઊઠે. આત્માના અમૃતને ચાખવા માટે જીભ ગળામાં ઉતારવી તે એક બીજી પ્રક્રિયા છે. આ અવાજ અથવા તો આ અમૃત આપણી ભીતર જ છે. આપણે દેહમાંથી આત્માને બહાર કાઢવા યોગનો અમલ કરવો જોઈએ કે જ્યાં તે સૂક્ષ્મ દેહી પ્રવાસ કરી શકે.

સ્વામી મુકતાનંદે બીજા પ્રકારનો યોગ - કુંડલિની યોગ લોકપ્રચલિત કર્યો. કુંડલિની એ કરોડરજ્જૂના મૂળમાં સુપ્ત પડેલી સર્પશકિત છે. આ યોગનું ધ્યેય છે આ સર્પશકિતને જાગૃત કરી, તેને ઉપર લાવી શરીરના ઉપર રહેલા ચક્રો સાથે તેનું ઐકય સાધવું. શરીરના ઊર્જાકેન્દ્રો એટલે ચક્રો. જ્યારે કુંડલિની ઉપર રહેલા ચક્રોમાં ભળી જાય ત્યારે જ્ઞાન અને શકિતના પ્રગાઢ બળનો અનુભવ થાય.

યોગનો બીજો પ્રકાર છે તંત્ર જે સ્ત્રીપુરુષના દ્વંદ્વનું ઐકય સાધે છે.

યોગનો ધાર્મિક વૈશ્વિક અભિપ્રાય જણાવે છે કે પુરુષ (આત્મા) અને પ્રકૃતિ (પદાર્થ કે શકિત-ઊર્જા) છે જ. પ્રકૃતિના ત્રણ ગુણો છે. સાંખ્ય વિચારશાખા જેવો જ આ અભિપ્રાય છે. ઈશ્વરનો ચરમ પુરુષ તરીકેનો તેમાં ઉમેરો તે જ મહત્ત્વનો છે. યોગાચારો વ્યકિતને દેહથી પર થઈ વિશુદ્ધ ચેતના પામવાની - જ્યાં વ્યકિતનું અનુસંધાન દિવ્ય સાથે થતાં જ તે શરીરમાં રહેલી કર્મજનિત વ્યથાઓથી છૂટે છે તેવી ચેતના પામવાની જોગવાઈ કરે છે.

મહત્ત્વનો મુદ્દો તો એ છે કે યોગ તે હિંદુ ધર્મમાં રહેલી છ રૂઢિચુસ્ત વિચારધારાઓમાંની એક વિચારધારા છે. દિવ્ય સાથે ઐકય સાધી મોક્ષ મેળવવાની યોગ પ્રયુકિત છે. દિવ્યતા અંગેનું જ્ઞાન તે જ માત્ર પ્રાપ્ત કરવાનું છે - કારણ કે માણસ દિવ્ય જ છે. યોગની ધારણા એ છે કે માણસનો પ્રશ્ન તે જ્ઞાન કે માહિતીનો છે.

તેથી ઊલટું, ખ્રિસ્તી ધર્મ એમ માને છે કે માણસનો પ્રશ્ન માહિતી કે જ્ઞાનનો નથી, પણ તે એક નૈતિક પ્રશ્ન છે - ઈશ્વર અને તેના દર્શાવેલા માર્ગો વિરુદ્ધ અસંકલ્પ આચરણ કરવાનો પ્રશ્ન. ખ્રિસ્તીઓને માટે તો ઉકેલ છે ક્ષમા. એટલે માણસના પ્રશ્ન અંગેની ધારણા અને તેથી જ આ પ્રશ્નના ઉકેલની મથામણ વચ્ચે જ ગંભીર અને ઊંડો ભેદ છે. વ્યકિત ખ્રિસ્તી હોવાનો દાવો કરે અને છતાંય યોગ કરે તો ચોક્કસ સંઘર્ષ થાય. ધાર્મિક અર્થમાં આમ કરવા માટે તેણે ઈસુના સિદ્ધાંતો અને બોધ છોડી દેવો જોઈએ. ઘણા યોગાચાર્યો માને છે કે ગમે તે વ્યકિત યોગ કરી શકે અને મોટા ભાગના લોકો માણસના પ્રશ્ન અંગેના ઈસુ દ્વારા થયેલા પૃથક્કરણને માનતા નથી. આથી, તેમને વ્યકિત ખ્રિસ્તી હોવા છતાંય યોગ કરે તેની સામે લગીરે વાંધો ન હોય. ઘણા લોકો તો એમ કહે છે કે તેઓ માત્ર ધ્યાન અને એકાગ્રતા માટે યોગ કરે છે. ઘણીયે વાર આ શબ્દો મનને શૂન્ય બનાવી ચેતનાની ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરવાના સાંકેતિક શબ્દો છે.

***- વ્યાટ્ટ રોબર્ટસન***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહલબર્ગ*

### પ્રશ્ન : ઉત્પત્તિ અંગેનો હિંદુ ધર્મનો ખ્યાલ શો છે?

**ઉત્તર :** હિંદુ ગ્રંથોમાં એવા કેટલાક અહેવાલો મળે છે જેમાં ઉત્પત્તિ અંગે ઉલ્લેખ છે. (૧) ઋગ્વેદમાં અમર પુરુષનો ઉલ્લેખ છે. તેનું વિભાજન થાય છે અને તેના અંગો ભૌતિક વિશ્વ, ઉત્પત્તિના જીવંત-બિનજીવંત અંશ, માણસ અને તેની સામાજિક વ્યવસ્થા વગેરે બને છે. (૨) પરમનો વૈશ્વિક કુમારિકા અને પરિણામકારી બીજ સાથે સંયોગ અને તેને કારણે પૃથ્વી પરની પ્રત્યેક વસ્તુનું જનમવું. ઉપનિષદો અને બ્રાહ્મણોમાં પણ અનેક ઉલ્લેખો છે: (૧) પ્રજાપતિ પોતાની પુત્રી પાસે ગયો. કોઈક આકાશ કહે છે તો કોઈક કહે છે પરોઢ. તેણે માદા હરણનું રૂપ લીધું અને પ્રજાપતિએ હરણનું, અને તેના બીજની વહેંચણીમાંથી વિવિધ જીવન સ્વરૂપોએ આકાર લીધો. (૨) પ્રજાપતિએ અગ્નિ, વાયુ, સૂર્ય અને ચંદ્રને જન્મ આપ્યો. પાંચમો જન્મ હતો નારીનો અને તે હતો પરોઢનો. આ બીજમાંથી સમગ્ર પૃથ્વીની ઉત્પત્તિ થઈ. (૩) બૃહદારણ્યક ઉપનિષદમાંથી આવો ઉલ્લેખ મળે છે: આત્માએ પોતાનું વિભાજન સ્ત્રી-પુરુષમાં (પતિ-પત્નિમાં) કર્યું. તેણે તેણી સાથે સંભોગ કર્યો અને માણસજાત જન્મી. સ્ત્રીએ વિચાર કર્યો, 'પોતાની જાતમાંથી જ મને ઉત્પન્ન કર્યા પછી તે મારી સાથે સંભોગ કેવી રીતે કરી શકે? હાય શરમ! હું છુપાઈ જઈશ.' તે ગાય બની અને પેલો બન્યો બળદ અને બંનેએ સંભોગ કર્યો અને તે નિમિત્તે સઘળા પશુ-ઢોર જન્મ્યા. તે ઘેટી બની અને પેલો ઘેટો બન્યો. તેમણે સંભોગ કર્યો અને સઘળાં ઘેટાં-બકરાં જન્મ્યાં. અને આમ તેણે બધા જંતુઓ સુધીની જોડીઓ સર્જી. વ્યાપક સ્વરૂપે ઉત્પત્તિ એ સર્વોપરી આત્મન્ - બ્રહ્માનો એક અંશ છે. વિશ્વ એ નિશ્ચિત પધ્ધતિ છે. વ્યાપક રીતે કહીએ તો ઉત્પત્તિ વ્યવસ્થામાંથી અવ્યવસ્થા લાવનાર મનાય છે. તે બ્રહ્માની શક્તિની પુનર્વ્યવસ્થા છે. ઉત્પત્તિ એ બ્રહ્માનો અંશ છે અને ભૌતિક વિશ્વ અને સર્વ જીવ સ્વરૂપોનું જે અસ્તિત્વ દેખાય છે તે સાચું નથી, પણ માત્ર દેખીતું જ છે.

વિશ્વના મૂળ અને માણસની ઉત્પત્તિ અંગેની ખ્રિસ્તી માન્યતા બાઈબલના 'ઉત્પત્તિ' નામના પ્રથમ પુસ્તકમાં અપાઈ છે. ઈશ્વરના માણસ સાથેના સંબંધ અંગેના તે કેન્દ્રવર્તી વિષયમાંથી ઈશ્વર જ ઉત્પન્નકર્તા (સર્જક) છે તે જ્ઞાન ઉદ્‌ભવે છે. આ વિશ્વની અને પોતાની ઉત્પત્તિ અંગે જાણવાની માણસની ખોજ તે કલ્પના નથી. ઈશ્વર, સર્જક પોતે જ માણસ સાથે સંબંધ સ્થાપવા માગે છે. તે મુસા સામે બળતી ઝાડીમાં પ્રગટ થાય છે અને કહે છે કે તે જ શાશ્વત 'હું જે છું તે છું', શાશ્વત અને સ્વ-અસ્તિત્વ ધરાવનાર છે. પછી તેમણે વિશ્વ અને વિશ્વમાંના સઘળાના સર્જક તરીકેનું પોતાનું રૂપ પ્રગટ કર્યું. તારાઓ અને પૃથ્વી પર વર્ચસ્વ ભોગવનાર તરીકેનું રૂપ તેમણે પ્રગટ કર્યું. ઈશ્વર સ્વર્ગીય વ્યક્તિઓ - દૂતો એવા પોતાના

સર્જન સાથે સમયના લાંબા ગાળા સુધી રહ્યા. ત્યાર પછી તેમણે ભૌતિક વિશ્વ સર્જ્યું અને તેમાંનું સઘળું પણ. આદિમાં ઈશ્વર સિવાય કશું નહોતું એટલે કે "ખાલીપો, અસ્તવ્યસ્તતા અને અંધારું હતું." આમાં ઈશ્વરે અજવાળું, આકાશ, સમુદ્ર તથા કોરી ભૂમિ (તે જ ક્રમે) સર્જ્યાં અને પાછળથી તે સહુમાં પ્રાણીઓ સર્જ્યાં. ઈશ્વરે પોતાના સંકલ્પના સ્વેચ્છા વર્તનથી અવ્યવસ્થામાંથી વ્યવસ્થા સર્જી અને શૂન્યમાંથી તેમણે પદાર્થ સર્જ્યો અને શૂન્યમાંથી જીવન સર્જ્યું. જીવનનું મૂળ તે જીવનને ટકાવી રાખતા હતા તે. અંતે, ઈશ્વરે પોતાની મૂળ પ્રતિકૃતિરૂપ માણસ સર્જ્યો. બીજા કોઈ જીવંત પ્રાણીઓને તેણે આત્મા આપ્યો નહોતો. તે આત્મા માણસને આપ્યો. અને માણસને પોતાના સ્વરૂપ જેવો કહ્યો (ઉત્પત્તિનું પુસ્તક અધ્યાય ૧: કલમ ૨૭). તે ઈશ્વરના સ્વરૂપની નિકટમાં નિકટ છે. જ્યારે અન્ય ઉત્પત્તિ દિવ્ય સ્વરૂપથી કંઈક દૂર છે. ઈશ્વરે માણસને પોતાના પ્રતિકૃતિરૂપે બનાવ્યો. તેની પાસે સ્વતંત્ર ઈચ્છા હતી કે જે ઈચ્છા વડે માણસ ઈશ્વરની ઈચ્છાઓને સ્વીકારવાની કે અસ્વીકારવાની પસંદગી કરી શકે.

અલબત્ત, અત્યારે જે જગત આપણે જોઈએ છીએ તે તો ઈશ્વરે પ્રથમ સર્જેલા જગતથી સાવ જુદું છે. જ્યારે ઈશ્વરે વિશ્વ સર્જ્યું હતું, ત્યારે તે વ્યવસ્થાથી ભર્યું ભર્યું હતું. અને તે આનંદ અને શાંતિનું પરમધામ હતું. બધું જ સર્જન (ઉત્પત્તિ) માણસ ખાતર કરાયું હતું. માણસ ઈશ્વર સાથે અને અન્ય સૃષ્ટિ સાથે સંવાદિતાથી રહેતો હતો. સમય વીતતાં, માણસે ઈશ્વરથી દૂર થવાનું પસંદ કર્યું અને ઈશ્વર સાથેનો સંબંધ ખંડિત થયો. જીવન તથા આનંદના સ્રોતસમા ઈશ્વરનો માણસે અસ્વીકાર કર્યો અને તેને પરિણામે દુ:ખ, વેદના તથા મૃત્યુ જન્મ્યાં. માત્ર માણસને જ આ ભોગવવું ન પડ્યું, પરંતુ સમગ્ર સૃષ્ટિને આ ભોગવવું પડ્યું. માણસે કેટલાક સ્વર્ગીય જીવોના પંથનું અનુસરણ કર્યું. તેમણે પણ તેની પહેલાં આવો જ માર્ગ પસંદ કર્યો હતો. આ હતા લ્યુસિફર અને તેના અનુયાયીઓ. માણસ અપૂર્ણ અને કંઈક અંશે શક્તિહીન હતો એટલે તે શેતાન લ્યુસિફરનો, તેના દુરિત બળોનો ગુલામ બન્યો અને છતાંય ઈશ્વરે માણસને ચાહવાનું બંધ ન કર્યું, કારણ કે માણસ જ એક એવું સર્જન હતું જે તેમની પ્રતિકૃતિ હતી.

અહીં મેં વિશ્વની અને તેમાં રહેતા માણસની ઉત્પત્તિ અંગેના હિંદુ ધર્મ તથા ખ્રિસ્તી ધર્મના અહેવાલો આપ્યા છે. માણસની નિયતિ કે તેના ભાવિ અંગે પોતપોતાના બોધ પ્રમાણે બંનેના ધ્યેયો આ પ્રમાણે છે. હિંદુ ધર્મની દૃષ્ટિએ ધ્યેય છે નિર્વાણ પામીને અંધાધૂંધી દૂર કરવાનું 'અગ્નિને ઓલવી બહાર નીકળવાનું'. એમ કહેવાય છે કે ઈન્દ્રિયોમાં વસતી બ્રહ્માની માયામાંથી વ્યક્તિએ બહાર નીકળી અનુભવાતીત બ્રહ્મ સાથે એકરૂપ બનવાનું છે. અહીં વ્યક્તિગત અસ્તિત્વ અભેદી દેવતા બ્રહ્મમાં ઓગળી જાય છે.

ખ્રિસ્તી ધર્મ પ્રમાણે માણસનો કેન્દ્રવર્તી હેતુ છે ઈશ્વરને જાણવો અને ઉત્પત્તિના આરંભે ઈશ્વર સાથે તેનો જે સંબંધ હતો તેવો જ સંબંધ ઈશ્વર સાથે ફરી સ્થાપવો. આપણે જોઈ ગયા છીએ કે માણસનું પાપ (ઈશ્વરના અસ્વીકારનું) હોવા છતાંય ઈશ્વરે માણસને ચાહ્યો. ઈશ્વરને પામવાની માણસની ઈચ્છા છે, પણ પોતાનાં બળ કે જ્ઞાનથી તે ઈશ્વરને પામવા-જાણવા અસમર્થ છે. જેણે આ વિશ્વની ઉત્પત્તિ કરી તે ઈશ્વર (પોતાની) સાથે માણસ ફરી સંબંધ બાંધે તે માટે માણસને સ્નેહ કરવા ઉત્સુક હતા. શાશ્વતી આત્મા ધારણ કરનાર તે માનવદેહધારી બન્યા અને માણસ પ્રત્યેનો ઈશ્વરનો સ્વભાવ અને સ્નેહ દર્શાવવા આ ભૌતિક વિશ્વમાં પ્રવેશ્યા. આ માનવદેહધારી હતા ઈસુ. ઈસુ દ્વારા માણસ પોતાની સ્વેચ્છાએ ઈશ્વરના સંબંધમાં આવે છે અને પછી તેની સાથે શાશ્વત બંધનમાં બંધાય છે. સ્વભાવના જીર્ણોધ્ધારને અનુસરશે માનવીનો જીર્ણોધ્ધાર અને બાઈબલ આને 'નવી ઉત્પત્તિ' કહે છે.

***- દયાલ વી.***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.


સબમીટ

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખા ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : હિંદુ ધર્મનો ત્રિએકતાનો ખ્યાલ ખ્રિસ્તી ધર્મના ત્રિએકતાના સિદ્ધાંતમાંથી કેવી રીતે જુદો પડે છે?

**ઉત્તર :** હિંદુ ધર્મમાં આ ત્રિએકતા છે - બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. અને ખ્રિસ્તી ધર્મમાં આ ત્રિએકતા છે - ઈશ્વર, પુત્ર અને પવિત્ર આત્મા. નામ જુદા પણ ખ્યાલ એક, ખરુંને. ખેર, તેવું નથી જ. આપણને તેમાં સામ્ય લાગતું હોય તોય તે તેમાં કેટલાક મહત્ત્વના ભેદો છે. બંને ધર્મોમાં રહેલા આ સિધ્ધાંતોનું હું સહુ પ્રથમ નિરૂપણ કરું.

ખ્રિસ્તી ત્રિએકતાનો સિધ્ધાંત તે પ્રારંભના ખ્રિસ્તીઓએ, ખ્રિસ્તી નવા કરારના બોધને અર્થપૂર્ણ બનાવવા માટે ઉપયોગમાં લીધેલો નમૂનો - આદર્શ છે. બે મૂળભૂત માહિતીઓને સમાવવાની આ આદર્શને જરૂર હતી. એક તો એકેશ્વરવાદનું એટલે ઈશ્વર એક જ છે તે હકીકતનું નિશ્ચયાત્મક પ્રતિપાદન. ઈશ્વર ત્રણ છે એવો બોધ ખ્રિસ્તી ધર્મ આપતો નથી, પણ યહૂદી ધર્મ કે ઈસ્લામ જેમ માને છે કે ઈશ્વર એક જ છે અને તે સરળ અને અવિભાજ્ય છે. એટલે કે તમે એકથી વધુ ઈશ્વરમાં તેનો ગુણાકાર ન કરી શકો કે તેનું અંશોમાં વિભાજન ન કરી શકો. તે વ્યકિતગત ઈશ્વર છે, જેમણે આ વિશ્વને સર્જ્યું છે. અને તેને માર્ગદર્શન તે આપ્યા કરે છે. પણ બીજી વાત એ છે કે નવા કરારમાં પિતા, પુત્ર અને પવિત્ર આત્મા જે પ્રત્યેકના ઈશ્વર તરીકે ઉલ્લેખ થયા છે. એટલે કે ઈશ્વર એક જ છે અને છતાંય આ ત્રણેય 'ઈશ્વર' કહેવાય છે.

એટલે, બાઈબલની વિગતોને સાથે મૂકવાનો કોઈ માર્ગ શોધવાના આશયથી પ્રારંભના ઈશ્વરવિદ્યાના વિદ્વાનોએ આ ત્રિએકતાનો વિચાર મૂકયો. તેમણે જાહેર કર્યું કે ઈશ્વર તો એક જ છે. અને દિવ્ય સ્વરૂપ (કે 'પદાર્થ' કે 'તત્ત્વ' - આ સંજ્ઞાઓ ખ્યાલ જેટલી મહત્ત્વની નથી). એક જ છે એમ કહીને પોતાના નિવેદનને સમર્થન આપ્યું. ત્યાર પછી તેમણે એક આવશ્યક શરત ઠરાવી કે આ એક સ્વરૂપ ત્રણ ભિન્ન ભિન્ન પ્રકારોમાં એટલે કે અભિન્નતાનાં ત્રણ કેન્દ્રોમાં અભિવ્યકત થાય છે. આમ, તેમણે એવો આગ્રહ રાખ્યો કે આપણે જુદા જુદા પ્રકારો જાળવવા જોઈએ. એક ઈશ્વરનું ઐકય અભિવ્યકત કરવા અને બીજો વ્યકિતઓના ત્રિએકતાને અભિવ્યકત કરવા. ત્રણ ઈશ્વરોમાં એક ઈશ્વર છે અથવા તો ત્રણ વ્યકિતઓમાં એક વ્યકિત છે એવું કહી તેમને ભેળવી દેવા એટલે ઔચિત્યની દૃષ્ટિએ વિસંગત હોય અને બાઈબલની વિગત પ્રમાણે પણ બંધબેસતું ન હોય તેવું કથન કરવું. ખ્રિસ્તી ધર્મના ત્રિએકતાની સાચી વ્યાખ્યા આ છે કે ત્રણ વ્યકિતઓમાં એક શાશ્વત ઈશ્વર છે - કયારેય, કયારેય ત્રણ ઈશ્વરો નહોતા.

ખેર ! આ વેબપાનામાં તપાસ કરતાં કોઈ વ્યકિતને પણ સરળતાથી સમજાઈ જશે કે હિંદુ ધર્મમાં વસ્તુઓ આવી સીધી સાદી કયારેય હોતી નથી. ત્યાં પણ ત્રિએકતાનો સિધ્ધાંત છે. હકીકતમાં, હિંદુધર્મના વિવિધ તબક્કાઓમાં આ ત્રિએકતા અંગે અનેક ભિન્ન ભિન્ન માન્યતાઓ છે. તમે કોને પૂછો છો તેના પર તે અવલંબે છે. અલબત્ત, એક ચોક્કસ પરંપરામાંથી આવતી એક વિશિષ્ટ વ્યકિત તો કહેશે કે હિંદુ

ત્રિએકતાને સમજવાનો તેનો માર્ગ સાચો છે, પણ ખ્રિસ્તી ધર્મમાં જેમ છે તેમ આ સિધ્ધાંતનું કોઈ અધિકૃત, સુસ્પષ્ટ નિરૂપણ નથી. વેદાન્તી/અદ્વૈતવાદી નમૂનામાં જ હિંદુ ત્રિએકતાને સમજવાનો એક સામાન્ય માર્ગ મળી આવે છે. અલબત્ત, સમકાલીન વિશ્વને જે રીતે હિંદુ ચિંતન પૂરું પાડવામાં આવ્યું છે, તે જોતાં આ અતિવ્યાપક નમૂનો છે. ઘણીવાર આ 'ત્રિમૂર્તિ ' એટલે કે 'ઈશ્વરના ત્રણ સ્વરૂપો' કહેવાય છે. આ અર્થઘટન પ્રમાણે ઈશ્વર એક જ છે - બ્રહ્મન્ નામે ઓળખાતી સર્વવ્યાપક, બિનવ્યકિતગત અસ્તિત્વ (અંતે આવતા 'ન્' ને નોંધો. એક પળમાં તમે ખરેખર મુંઝાઈ જશો). ભાષા અને તર્કના સઘળા માનવ પ્રકારોથી બ્રહ્મન્ પર છે. બધી જ વાસ્તવિકતાની પાછળ રહેલી તે અનંત, સાચી વાસ્તવિકતા છે. આપણા દેહો, આત્માઓ, આપણી દુનિયા અને આપણા દેવતાઓ વગેરેની જેમ જેને આપણે મનથી ન કલ્પી શકીએ તે જ ખરેખર સાચો બ્રહ્મન્ છે. (હિંદુ ધર્મની આ શાખા તો એમ પણ કહે છે કે આપણા આત્માની ઊંડે રહેલા બ્રહ્મન્‌ને પામવાની આપણી ખોજમાં જ આપણો આધ્યાત્મિક સંતોષ રહેલો છે. પણ અત્યારની આપણી ચર્ચા સાથે તે પ્રસ્તુત નથી).

ત્રિમૂર્તિની આ રજુઆતમાં, અનંત વાસ્તવિકતા સમા બ્રહ્મન્‌ને ખાસ તો ત્રણ દેવતાઓમાં પ્રગટ કરી - બ્રહ્મ, સર્જક, વિષ્ણુ, પાલક, શિવ, વિધ્વંસક. બ્રહ્મા (જુઓ, હવે અંતે 'ન્' નથી) એક એવા દેવતા છે જેમણે આ ભૌતિક વિશ્વ સર્જ્યું. હિંદુ ધર્મના અનેક સ્વરૂપોમાં ઉલ્લેખાયેલાં પ્રજાપતિ અથવા ઈશ્વરે અનેક યુગો પહેલાં આ વિશ્વ સર્જીને જે ભૂમિકા ભજવી તે ભૂમિકા તે ભજવે છે (વિશિષ્ટતા તો એ છે કે હિંદુઓ એમ માને છે કે આ ઘટના ભૂતકાળમાં અનેક અબજો વર્ષો પહેલાં બની હતી). વિષ્ણુ એ આ વિશ્વનું પાલન કરવાનું. ભૌતિક અર્થમાં જ આ વિશ્વનું પાલન કરવાનું એકમાત્ર કર્તવ્ય તેમનું નથી. તેમણે તો એ પણ ખાતરી કરી લેવાની છે કે તેમાં રહેલાં સંવેદનશીલ જીવો ધર્મનું પાલન કરે છે. ધર્મનું સહેજપણ ઉલ્લંઘન થતાં જ બ્રહ્માંડની કુલ આધ્યાત્મિક અને ભૌતિક શકિત ખોરડાતી જશે અને અવનતિની આ પ્રક્રિયા જ્યારે પૂરી થશે (ઘણા હિંદુઓ કહે છે કે આપણે આ ક્ષણની અતિ નિકટ છીએ). ત્યારે શિવ બધાનો નાશ કરશે. માત્ર એટલી જ વસ્તુ જાળવશે કે જેથી બ્રહ્મા નવી સૃષ્ટિ સર્જી શકે અને સમગ્ર ચક્રનો પ્રારંભ થઈ શકે. તે દરમિયાન આ ત્રાણેય દેવતાઓ અન્ય અતિમહત્ત્વના ધાર્મિક કાર્યો પણ કરે છે. પોતાના ભકતોની ઉપાસના દેવતા (મૂર્તિ) બને છે. અને અલબત્ત, આ ત્રણ દેવતાઓમાંથી અસંખ્ય વધુ દેવતાઓ ઉત્પન્ન થાય છે. આમ, આ ત્રિમૂર્તિની મહત્ત્વની હિંદુ સમજ છે. બિનવ્યકિતગત બ્રહ્મન્-બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવતાઓમાં પ્રગટ થાય છે. અહીં જ ખ્રિસ્તી ધર્મ સાથેનો સ્પષ્ટ ભેદ - ત્રણ દેવતાઓમાં એક બિનવ્યકિતગત ઈશ્વર વિ. ત્રણ વ્યકિતઓમાં એક બિનવ્યકિતગત ઈશ્વર - આપણે જોઈ શકીએ છીએ. પણ આ તો માત્ર કથાનો પ્રારંભ છે. હિંદુ ધર્મની નિકટતમ સૂઝ ધરાવતા લોકો તો જાણે છે કે બિનવ્યકિતગત વેદાન્તી/અદ્વૈતવાદી શાખા તે તો હિંદુ ધર્મનું એક પાસું છે અને ઘણા (કદાચ બહુમતી) હિંદુઓ માટે તો ઈશ્વરનું ઉચ્ચતમ સ્વરૂપ હકીકતમાં વ્યકિતગત છે. આ સાચું છે. દા.ત. ઘણા હિંદુઓ શિવ કે વિષ્ણુ અને તેમના અવતારો (રામ કે કૃષ્ણ જેવા)ને તેમના સર્વોપરી ઈશ્વર તરીકે ઉપાસે છે. ત્રિમૂર્તિ ખરી પણ મહાવિદ્યાલયની વ્યવસ્થા જેવી. આમાં વ્યકિતનો મહત્તમ દેવ મુખ્ય દેવ મનાય અને બાકીના બે તેના સહાયકો, તેમનું અસ્તિત્વ તેને જ આભારી હોય. એક જ બ્રહ્મન્‌માંથી પ્રગટેલા ત્રણ દેવો હોવાને બદલે તેઓ એવા ત્રણ દેવો છે જે ત્રણમાંના ગમે તે એક છે. દા.ત. એક પ્રસિદ્ધ પુરાણમાં બ્રહ્મા અને વિષ્ણું વચ્ચે બંનેમાં મોટું કોણ તે અંગે વિવાદ ચાલે છે. જ્યારે તેમનો વિવાદ ચાલતો હોય છે, ત્યાં જ તેમની સામે શિવલિંગ પ્રગટ થાય છે. તે ઉપર નીચે અનંતપણે વિસ્તરે છે. આમ તે લિંગ પેલા બંને દેવોને બતાવે છે કે તે તેમના કરતાં કેટલું સર્વોપરી છે. અને અંતે તો તે બંનેનું અસ્તિત્વ તેના પર અવલંબે છે. આમ, આ કિસ્સામાં ત્રિમૂર્તિ તો છે વિષ્ણુ, બ્રહ્મા અને શિવ. પણ આ ત્રાણેય ખરેખર તો શિવ છે. આ જ રીતે જે લોકો વિષ્ણુને તેના વિવિધ સ્વરૂપે પોતાના ઉચ્ચતમ દેવ માનતા હોય, તેઓ આવું બીજું રૂપાંતર કરે.

પણ આટલું જ બસ નથી. અનેક હિંદુઓ હિંદુ દેવોમાં નિર્ણયાત્મક ભૂમિકાને સ્વીકારે છે. છેવટે તો, તે શકિત, દેવોની શકિત છે. વળી, હિંદુઓની ધાર્મિક ઉપાસનામાં બ્રહ્માનું મહત્ત્વ એકલું મોટું નથી, એટલે મહત્ત્વના દેવોના ત્રિસમૂહમાં બ્રહ્માનું સ્થાન દેવીએ લઈ લીધું છે. પરિણામે, વિદ્વાન હેઈનરીચ ઝિમરની જેમ અનેક લોકો માને છે કે આજે સાચી હિંદુ ત્રિમૂર્તિ આ છે - વિષ્ણુ, શિવ, દેવી. અહીં દેવી કોઈ વિશિષ્ટ દેવી હોય, જેમ કે પાર્વતી, લક્ષ્મી, દુર્ગા કે કાલી. અસંખ્ય હિંદુ પરંપરાઓમાં દેવી જ સર્વોત્કૃષ્ટ સ્થાને હોય છે. આમ, આપણને ત્રણ દેવતાઓની (જેમાં એક દેવી હોય છે) મળે છે અને તેમાંનો એક અન્ય બેનો સ્રોત હોય છે.

આવા કેટલાયે ચોક્કસ ઉદાહરણો આપી શકાય. અન્ય અનેક મુદ્દાઓની જેમ આ મુદ્દા પર હિંદુ ધર્મ તરલ છે, કારણ કે એકસરખી સૈધ્ધાંતિક પદ્ધતિનો દાવો તેણે કર્યો નથી. સંક્ષિપ્તમાં આ છે કેટલાક નમૂનાઓ - ખ્રિસ્તી : ત્રણ વ્યક્તિઓમાં એક વ્યક્તિગત ઈશ્વર (પિતા, પુત્ર, પવિત્ર આત્મા).

વેદાંતી/અદ્વૈતવાદી : બિનવ્યક્તિગત બ્રહ્મનનું ત્રણ દેવોમાં પ્રાગટ્ય (બ્રહ્મા, વિષ્ણુ, શિવ).

વ્યક્તિગત હિંદુ : જેમાંનો એક બીજા બેનું મૂળ હોય (દા.ત. શિવ પોતાને બ્રહ્મા, વિષ્ણુ તરીકે પ્રગટ કરે).

ઉત્તરકાલીન વ્યક્તિગત હિંદુ મત : બે દેવો અને એક દેવી. ક્યારેક કેટલાક શાક્ત સંપ્રદાયોમાં હોય છે તેમ દેવી જ દેવોનું અવલંબન હોય.

તો પછી ત્રિએકતાની કઈ સમજ સાચી? આ પ્રશ્ન પર હું મારી પ્રાથમિક ટીકા રજૂ કરું. અંગત અગ્રતાક્રમની આ વાત નથી તે નક્કી. મને ત્રિએકતાનો આ ખ્યાલ ગમે છે માટે તે સાચી સમજ હશે, જ્યારે તમને બીજો ખ્યાલ ગમે છે અને એટલે તે સાચો હશે. વળી તે એકલા તર્ક કે કારણનો મુદ્દો પણ ન હોઈ શકે. તો પછી તેનો નિર્ણય કરવામાં આપણો આધાર કયો હશે તે નક્કી કરવાનું કામ આ બાબતમાં પહેલું હોવું જોઈએ. અને અહીં જ વાત આવે છે દિવ્ય પ્રકટીકરણના સ્વીકારની. હું શું માનું છું તે તો કશી વિસાતમાં નથી. ઈશ્વર મારી પાસે શું મનાવવા ઈચ્છે છે તે મહત્ત્વનું છે. ખ્રિસ્તીઓ માટે તો ત્રિએકતાની વાસ્તવિકતા એ જ ઘટનાથી પ્રારંભાય છે કે ઈશ્વરે આપણને ઈસુ ખ્રિસ્તના દેહધારીરૂપમાં તેમનું પોતાનું દર્શન કરાવ્યું અને ઈસુ ખ્રિસ્તે પોતાના મૃત્યુ અને પુનરુત્થાનમાં તેમનું દૈવત્વ પ્રગટ કર્યું.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

**સબમીટ**




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved

email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

દયાલ વી.
વ્યાટ્ટ રોબર્ટસન
વેદાચાર્ય
જ્ઞાનબ્રહ્મા
જીરહાર્ડ વોહ્લબર્ગ

**પ્રશ્ન :** આ વિશ્વમાં હિંદુઓની સંખ્યા કેટલી?

**ઉત્તર :** આંકડાશાસ્ત્ર ઉપરનો શ્રેષ્ઠ સ્રોત છે પેટ્રિક જોનસ્ટોન. તેણે વિશ્વના દેશો, તેમનું રાજકારણ, તેમનાં ધર્મો અને વિશ્વના દેશોનાં અન્ય અનેક પાસાઓ પર પુસ્તક લખ્યું છે અને તે પુસ્તકને કેટલાંય વર્ષો સુધી છેલ્લામાં છેલ્લી માહિતીથી પૂર્ણ રાખ્યું છે. તેનું તાજેતરનું છેલ્લામાં છેલ્લી માહિતી સાથેનું પુસ્તક ૨૦૦૧માં પ્રગટ થયું છે. તેનું નામ છે Operation World. તે પુસ્તક જણાવે છે કે એશિયામાં હિંદુઓની સંખ્યા કુલ વસ્તીના ૨૨% જેટલી છે. અને તેમને સમર્થન આપનારાઓની સંખ્યા ૮૧૫૦૦૦૦૦૦ છે. વળી, એશિયાના હિંદુઓ ઉપરાંત, અન્ય દેશોમાં ગયેલા વસાહતી હિંદુઓની સંખ્યા પણ ગણવી જોઈએ. બ્રિટન, અમેરિકા, ગ્યાના, મોરેશિયસ, દક્ષિણ આફ્રિકા, ફીજી, ભૂતાન, ટ્રીનીદાદ અને ટોબેગોમાં સારા પ્રમાણમાં હિંદુઓ વસે છે. એટલે ઉપર્યુક્ત સંખ્યામાં આપણે બીજા ૫૦૦૦૦૦૦ ઉમેરી શકીએ. બીજા રાષ્ટ્રોમાંની તેમની નાની વસ્તીને કારણે સંખ્યામાં સહેજ વધારો થાય. કદાચ, સમગ્ર વિશ્વમાં હિંદુઓની વસ્તી ૮૨-૮૫ કરોડની હોય તેવો અંદાજ યોગ્ય છે.

**- વ્યાટ્ટ રોબર્ટસન**

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ


[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પંડિતનું પાનું



હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : હિંદુ ધર્મમાં અસુર (Devil) છે? અને હિંદુ ધર્મમાં અસુર (Devil) કેવો છે?

**ઉત્તર :** વળી પાછો આપણી પાસે એક એવો પ્રશ્ન છે જે હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચેના ભેદને ઊપસાવે છે. અથવા તો આ ભેદ વધુ સામાન્યપણે તો હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ જેવા પૂર્વના ધર્મો તથા ખાસ તો યહૂદી ધર્મ, ઝેરોષ્ટ્રિયન ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ જેવા પશ્ચિમના એકેશ્વરવાદી ધર્મો વચ્ચે છે. આ પ્રશ્નનો ઉત્તર આપવા હું ત્રણ ભિન્ન પ્રકારોનો - શેતાન, ધુતારો અને દુરિત આત્માનો - આશ્રય લઈશ. આજે મોટા ભાગના લોકો 'અસુર' શબ્દથી જે સમજે છે તે ખ્યાલ તો પશ્ચિમના એકેશ્વરવાદી ધર્મોમાં સહજ છે. હકીકતમાં તો આ ધર્મોમાં જ તે ખ્યાલ શકય છે, કારણ કે આવી આસુરીવૃત્તિ 'ઈશ્વર વિરોધી' કે 'ઈશ્વર શત્રુ' હોય છે. અસુરનું સત્ય એ છે કે તે ઈશ્વરનું નકારાત્મક પ્રતિરૂપ છે. આ ધર્મોમાં અસુર કેવી રીતે કામ કરે છે તેના કેટલાંક ઉદાહરણો આ હિબ્રૂ ધર્મશાસ્ત્રો (જૂના કરાર)માં તેને 'શેતાન' કહે છે, અને જો કે તે વારંવાર દેખાતો નથી. આપણે તેને અયૂબના પ્રથમ અધ્યાયમાં જોઈએ છીએ. ત્યાં તે અયૂબની વિશ્વસનીયતાને અને તે રીતે ઈશ્વરની ખુદની પરખને હાનિ પહોંચાડવા પ્રયત્ન કરતો જોઈએ છીએ. જો ઈશ્વર ધારે છે તેવો સદાચારી અયૂબ નથી, તો ઈશ્વર પણ પોતે ધારે છે તેવો ચતુર નથી. આખરે તો તે જ છે શેતાનની શત્રુને છેતરવાની યુક્તિ. પછી, નવા કરારમાં ઈશ્વરના તારણ (ઉધ્ધાર)ના કાર્યના પ્રત્યેક તબક્કે પ્રતિકાર કરવાનો શેતાન પ્રયત્ન કરે છે. આપણે પ્રારંભમાં ખ્રિસ્તની ધર્મસેવા (માથ્થી ૪ અને લૂક ૪)માં તેને જોઈએ છીએ, જ્યાં તે ખ્રિસ્તને ખુદને પોતાના માર્ગથી ચલિત થવા પ્રલોભન આપે છે.

ઈસ્લામમાં પણ અસુર છે, તેને ઈબ્લિસ કહે છે અને શેતાન પણ કહે છે. અને કુરાન આપણને જણાવે છે કે તે એટલો તો ઘમંડી હતો કે બીજા દૂતોની સાથે - જે દૂતોને અલ્લાએ આદમને નમવાનો આદેશ આપ્યો હતો - તે આદમને ન નમ્યો (કુરાન ૨:૩૪). ત્યારથી જ તે લોકોને ઈશ્વરની ઉપાસનાથી ચલિત કરવાના પ્રલોભનો આપ્યા કરે છે. જે ધર્મમાં અસુર મોટામાં મોટી ભૂમિકા ભજવે છે તે ધર્મ છે પુરાણો ઝેરોષ્ટ્રિયન ધર્મ. આપણા સમયમાં તે પારસી ધર્મ તરીકે જાણીતો છે. આ ધર્મમાં ઈશ્વર (અહુર મઝદા)ને બીજા ધર્મો કરતાં પણ અસુર (અહરિમન)નો વધુમાં વધુ વિરોધ સહન કરવો પડે છે.

અહરિમન પાસે ઈશ્વર જેવી જ શકિતઓ છે. અને તે પોતાની ખુદની વિકૃતિઓથી - જૂઠ, અન્યાય, કુરૂપતા, અંધકારથી - ઈશ્વરના સત્ય, ન્યાય, સુંદરતા, પ્રકાશ જેવા બધા જ સુકૃત્યોનો વિરોધ કરે છે. સમગ્ર ધર્મ, ઈશ્વર અને અસુર વચ્ચેના વિરોધની આસપાસ રચાયેલો છે.

હવે, મેં આ ઉદાહરણો એ દર્શાવવા આપ્યા કે અસુરનો સંપૂર્ણ ખ્યાલ કેવી રીતે કામ કરે છે - એક બાજુ એક ભલો ઈશ્વર છે અને બીજી બાજુ એક સમર્થ દુરિત આત્મા છે જે ઈશ્વરનો વિરોધ કરે છે. જ્યારે તમે બરાબર સમજો છો, ત્યારે જાણો છો કે ઈશ્વરે તેને સર્જ્યો હોવાથી અસુર હજી પણ એક એવું પ્રાણી છે કે જેનું પોતાનું જ અસ્તિત્વ ઈશ્વર પર નિર્ભર છે. પણ શકય હોય ત્યારે ત્યારે પોતાને ઈશ્વરનો વિરોધી બનાવવાના માર્ગમાં તે આ હકીકતને આડે આવવા દેતા નથી. અસુરની શકિત કેટલી તે અંગે ધર્મોમાં ભેદ છે. પણ તેમની યોજના તો સરખી જ છે. ભલા ઈશ્વર અને દુરિત અસુર વચ્ચે મૂળભૂત વિરોધ છે.

આ અસુરના ખ્યાલ અને અન્ય ધર્મોમાં ખાસ કરીને શેતાન અને પારંપારિક સંસ્કૃતિઓ સમેતમાં આવતા ધુતારાના ખ્યાલ વચ્ચેનો ભેદ આપણે જોઈ લઈએ. શેતાન અમેરિકી પુરાણકથાઓમાં આવતો કોઈ ઓર (અમેરિકાના ઘાસના જંગલમાં મળતો વરુ) તે ધુતારાનું સારું ઉદાહરણ છે. સર્જક ઈશ્વર અને લોકોને વારંવાર હાનિ પહોંચાડીને તે તેમને પજવે છે. પણ તે પૂરેપૂરો દુરિત નથી. માત્ર ખરાબ છે. જો તેની મરજીમાં આવે તો ધુતારો સારું પણ કરે અને તેને મન ફાવે તો દુરિત પણ કરે. અંતે તો લોકો તેની સાથે કેવો વ્યવહાર રાખે છે તેના પર બધો આધાર છે. બીજું એક ઉદાહરણ. આફ્રિકાની યોરુબા જાતિના ધર્મમાં એસુ નામનો દેવ છે. એનું એવું છે કે તેની ઉપાસના બીજા દેવો ('ઓરિસા') કરતાં હમેશાં પહેલી થવી જોઈએ. જો લોકો ધાર્મિક વિધિના પ્રારંભે જ તેની ઉપાસના કરે તો તે પ્રસન્ન તો થશે જ, એટલું જ નહિ, પણ તે ચોક્કસ કહી દેશે કે બીજા દેવો આ લોકોની પ્રાર્થનાઓ સાંભળે. પણ જો લોકો તેની પાસે પહેલાં જવાનું ભૂલી જાય અથવા તો અન્ય કોઈ રીતે તેને દુભવે, તો કોઈને છાપરેથી પાડીને, બાળકનું મૃત્યુ નોંતરીને, અને આવી અનેક આપત્તિઓ ઊભી કરીને તે પોતાની હાજરીનો ધાક બેસાડે. એટલે ધુતારો પૂરેપૂરો ખરાબ નથી. માત્ર ત્રાસદાયક હોય છે અને તેની સાથે કાળજીપૂર્વકનો વ્યવહાર કરવો પડે છે, કારણ કે તે અત્યંત ઠેકાણા વગરનો હોય છે.

હવે એક ત્રીજો પ્રકાર પણ છે અને તે દુરિત (અશુદ્ધ) આત્માનો. જ્યારે લોકો આવા દુરિત આત્માઓમાં માને છે ત્યારે તેઓ એમ વિચારે છે કે તેમની સંખ્યા વધારે છે. તેઓ માત્ર દુષ્ટ જ દેખાય છે. તેમના માર્ગની આડે આવનારને તેઓ કોઈપણ સ્થળે કે સમયે હાનિ પહોંચાડે છે. કર્મકાંડો અથવા તો બાજુબંધ કે તાવીજ જેવા પવિત્ર પદાર્થોની સહાયથી વ્યકિતએ તેમની સામે પોતાની જાત રક્ષવી જોઈએ. પણ આ દુરિત આત્માઓ સાથેનો સંઘર્ષ વૈશ્વિક નથી. માનવી અને દુરિત આત્માઓ વચ્ચેનું યુદ્ધ રોજેરોજ ખેલાતું હોય છે. તેના મુખ્ય દુશ્મન સામે ઈશ્વરનું યુદ્ધ ખેલાતું નથી. મોટાભાગે આ દુરિત આત્માઓ સમર્થ મનાય છે, પણ તેમની પાસે અમર્યાદિત શકિત હોતી નથી.

એટલે આ છે ત્રણ નમૂનાઓ - ઈશ્વરનો પ્રમુખ શત્રુ, એકમાત્ર શેતાન, ધુતારો અને અસંખ્ય દુરિત (અશુદ્ધ) આત્માઓ. આમાંથી કોને હિંદુ ધર્મ માને છે? ઉત્તર છે, ત્રીજાને. પણ જરા વિચિત્ર રીતે. પશ્ચિમના એકેશ્વરવાદી ધર્મોમાં હોય છે તેમ હિંદુ ધર્મમાં એક શેતાન - અસુર નથી. હિંદુ ધર્મમાં જ્યાં ઈશ્વર જ એક નથી ત્યાં ઈશ્વરનો શત્રુ પણ એક ન હોઈ શકે. ઊલટું, અનેક દુરિત આત્માઓ છે, પણ સર્વોપરી દુરિતાત્માઓ પણ છે. હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ તથા જૈન ધર્મ સહિતના ભારતીય ધર્મો અનેક આત્માઓની વસ્તી ધરાવતા વિશ્વને સમર્થન આપે છે. એવાયે આત્માઓ છે જે નર્કમાં બ્રહ્માંડના નીચામાં નીચા પગથિયે જીવે છે. ધરતી પર ભમતા ભૂતો પણ છે. કેટલાક આત્માઓ ઘરોમાં, ચોખાના ખેતરોમાં અને જંગલોમાં રહે છે. પણ એવા સમર્થ અસુરો પણ છે જે અતિ બળવાન હોય છે.

હિંદુ ધર્મના કેટલાંક પ્રારંભના લખાણોમાં આપણે બે પ્રકારની દિવ્ય વ્યકિતઓ વિષે વાંચીએ છીએ - દેવો અને અસુરો. મૂળ તો તેમની વચ્ચે દૈવી કે અસુરી એવો ભેદ નથી. પણ તેમના વિશેની કથાઓમાં તે બંને વચ્ચે યુદ્ધ થાય છે. અને દેવો જીતે છે. દા.ત. દેવ ઈન્દ્ર અસુર વરુણને પરાજય આપે છે. પછી જેમ જેમ હિંદુ વિચારધારા વિકસતી ગઈ, તેમ તેમ

અસુરોમાં દુષ્ટ ભાવ વધતો ગયો. તેઓ લોકોને હાનિ પહોંચાડવા લાગ્યા અને દેવ સાથે યુદ્ધો કરવા લાગ્યા. મહાકાવ્યોમાં અને પુરાણોમાં અસુર રાજાઓ મહાન વીરોના દુશ્મનો છે. જેમ કે અસુર રાજવી રાવણને રામ અને તેનો સમર્થ સહાયક હનુમાન પરાજય આપે છે.

પણ અહીં પણ એક વાંધો છે. કોઈએ એમ ન માની લેવું જોઈએ કે અસુરો તત્ત્વત: અને પૂરેપૂરા દુરિત છે. તે વારંવાર દુષ્કાર્યો આચરે છે અને દેવોના તો તે દુશ્મનો છે તે નિર્વિવાદ હકીકત છે. પણ અંતે તો તેઓ પણ દેવોની જેમ સત્તા તથા કીર્તિની પાછળ જ દોડતા હોય છે. જ્યારે કોઈ ઈન્દ્ર, શિવ, કૃષ્ણ (લોહી તરસી કાલીનો ઉલ્લેખ પણ નથી કરવો)ની કથાઓ કોઈ વાંચે ત્યારે તેને સમજાય છે કે દેવો કંઈ પૂરેપૂરા સારા નથી. અસુરો કરતાં તેઓ સંપૂર્ણ તથા સારી રીતે વર્તે છે. પણ તે કંઈ સાવ સારા નથી. જેમ અસુરો પણ સાવ ખરાબ નથી (અને વળી અદ્વૈતવાદી, વેદાંન્તી હિંદુ પરંપરામાં ઈશ્વર - બ્રહ્મન્ તો છેવટે સારા તથા ખરાબની પાર છે).

એટલે પરિસ્થિતિ આવી છે. પશ્ચિમના એકેશ્વરવાદમાં સર્વથા શુભ ઈશ્વર છે અને સર્વથા દુરિત શેતાન તેનો વિરોધ કરે છે. તેનાથી ઊલટું, હિંદુ ધર્મમાં અનેક દેવો છે જેઓ વત્તો ઓછે અંશે સારા છે. વત્તો ઓછે અંશે દુરિત એવો વ્યક્તિસમૂહ તેમનો વિરોધ કરે છે. સમગ્ર યોજના નીચે મૂળભૂત દ્વિધા પડેલી છે. જ્યાં અસલમાં જ સારો દેવ - ઈશ્વર ન હોય ત્યાં અસલી અસુર - શેતાન પણ ન હોય.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

**"પંડિતોને પૂછો !"**

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર




## પંડિતનું પાનું




હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મ અંગે અથવા વિશ્વના આ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના સંબંધ અંગે તમારે જે પ્રશ્નો હોય તેના ઉત્તરો આપવા આ પાનાની વ્યવસ્થા છે. તમે જે શોધતા હો તે ન જડતું હોય તો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના **'પંડિતને પૂછો.'**

**ઉત્તરો આપનાર પંડિતો**

*દયાલ વી.*
*વ્યાટ્ટ રોબર્ટસન*
*વેદાચાર્ય*
*જ્ઞાનબ્રહ્મા*
*જીરહાર્ડ વોહ્લબર્ગ*

### પ્રશ્ન : હિંદુ ધર્મ અને બૌધ્ધ ધર્મ વચ્ચે શો ભેદ છે?

**ઉત્તર :** બહારની વ્યકિતને ઘણીવાર એવું લાગે છે કે હિંદુ ધર્મ અને બૌધ્ધ ધર્મમાં ખરેખર કોઈ ભેદ નથી. અને વ્યકિત જયારે હિંદુ ધર્મના વધુ દાર્શનિક, અદ્વૈતવાદી સ્વરૂપને જ માત્ર ધ્યાનમાં લે તો તેને આમ જ લાગે. બંને ધર્મો વ્યકિતની પોતાની જાતને સમગ્ર વિશાળ વૈશ્વિકતામાં એટલે કે પરમમાં ઓગાળવાનો પક્ષ લે છે અને જેણે અંતિમ ધ્યેય સિધ્ધ નથી કર્યું તે વ્યકિતને નસીબે તો કર્મ અને પુનર્જન્મ નિર્માયા છે તે સિધ્ધાંતને બંને ધર્મો વળગી રહે છે. હકીકતમાં, જો કોઈ બંને ધર્મો ને ફાંગાં પોપચાં કરી નીરખે કે જેથી સુંદર - સારા ભેદો અસ્પષ્ટ બની જાય અને નિરીક્ષણ સત્યથી લગીરે વેગળું ન હોય.



આ સામ્યોને થોડા વધુ લંબાવીએ. આ પ્રક્રિયામાં થોડાક ભેદો તો ઊભરાવા માંડશે જ. અને પછી હું તે તફાવતોને ઊપસાવી સમાપન કરીશ. સૌ પ્રથમ તો વ્યકિતએ સમજી લેવું જોઈએ. બૌધ્ધ ધર્મ હિંદુ ધર્મની એક શાખા તરીકે હિંદુ ધર્મના સંદર્ભમાં જ - મૂળે તો પ્રગટયો હતો. જો કે પ્રારંભથી જ તે પાખંડી હતો. લગભગ ઈ.સ. પૂર્વે ૧૫૦૦ના સમયમાં આર્યોના સ્થળાંતર દ્વારા હિંદુ ધર્મ ભારતમાં આવ્યો. આર્યો પોતાની સાથે તેમનો ધર્મ લાવ્યા. તે ધર્મમાં અનેક દેવતાઓ હતા, અનેક નિયમો હતા, અનેક કર્મકાંડો હતા (એકવાર અતિ દૂરના ભૂતકાળમાં આર્યો એકેશ્વરવાદી હતા તેવું માનવાને કારણ છે. પણ તેવું તે દૂર સુદૂરના ભૂતકાળમાં હશે). ભારતમાં આર્યોએ વસવાટ કર્યો અને તેમનો ધર્મ હતો, તેનાથી વધુ દેવતાઓ, વધુ નિયમો અને વધુ કર્મકાંડોને કારણે જટિલ બનતો ગયો. ધર્મગુરુઓના અનોખા સંગઠને ધર્મોના એકમાત્ર કાયદેસરના સંરક્ષક તરીકેનો પોતાનો વિશેષાધિકાર પ્રસ્થાપિત કર્યો. તેઓ બ્રાહ્મણ બન્યા અને સઘળી ધાર્મિક વિધિઓ તેમણે એકલાએ જ કરવાની

હતી. બીજા લોકોને તો આની પડી જ નહોતી. તેમના વતી આ ધર્મગુરુઓ જ્યાં સુધી ધર્મ વહન કરતા હતા, ત્યાં સુધી તેમને ધર્મની ગતાગમ પડે ન પડે તેની પડી જ નહોતી. આમ, અનેક ભારતીયોની દૃષ્ટિએ તેમનો આ ધર્મ કર્તવ્યોનો બોજ બન્યો અને સામાન્ય માનવી માટે તો વારંવાર અર્થહીન કર્મકાંડ બન્યો.

એટલે અંતે તો આ ધર્મ ધર્મગુરુઓ દ્વારા આચરાતી વિધિઓમાંથી બહાર નીકળી વધુ મહાન મહત્ત્વ પ્રાપ્ત કરે તે માટે ધર્મસુધારણાના વ્યાપક પ્રયત્ન થાય તેમાં કશી નવાઈ નહોતી. ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં ઘણાં આંદોલનો થયા. જે આંદોલનો ધર્મગુરુઓના ધર્મથી અળગાં હતા. પ્રત્યક્ષ ગૂઢ જાગૃતિ જેમનું ધ્યેય હતું અને તે ધ્યેયને ધર્મગુરુઓની જરૂર નહોતી અને હકીકતમાં તો ધર્મગુરુઓને તેમાં ફાવટ આવવાની નહોતી.



આવું એક આંદોલન હતું હિંદુ ધર્મના અદ્વૈતવાદી સ્વરૂપનું. ઉપનિષદોના લખાણોમાં તે પ્રગટ થયું અને વારંવાર તેનો વેદાન્ત તરીકે ઉલ્લેખ થયો. વેદાંતી હિંદુ ધર્મે એવો દાવો કર્યો કે દેવતાઓના જગત, ધર્મ અને કર્મકાંડ સમેતનું સમગ્ર વિશ્વ માયા છે. આ બધી વસ્તુઓ ખરેખર સાચી - વાસ્તવિક નથી અને જ્યાં સુધી વ્યક્તિ તેમને સાચી - વાસ્તવિક માને છે ત્યાં સુધી તે ખરેખર સત્યનો મુદ્દો સ્પર્શી શકતો નથી. એકમાત્ર સાચી વાસ્તવિકતા છે બ્રહ્મન્ - વૈશ્વિક જગતનો આત્મા. તે સર્વ પ્રકારના માનવ વિચારો અને તર્કથી પાર છે. પણ અનંત હોવાને કારણે બ્રહ્મન્ માનવી આત્માના ઊંડામાં ઊંડા સ્તર સાથે એકરૂપ પણ છે. આ કારણે, આપણા આત્માની બ્રહ્મન્ સાથેની એકરૂપતા સ્વીકારવી તે આપણી ફરજ થઈ પડે છે. અને ત્યાર પછી જ આપણે મરણને અંતે નિર્વાણ પામી શકીએ. તે નિર્વાણ ન પામીએ ત્યાં સુધી આપણે ભવોભવ પુનર્જન્મના અનંત ચક્રમાં ફરવું જ પડે. આપણું હવે પછીનું જીવન કેવું હશે તેનો નિર્ણય આપણાં કર્મોનાં પરિણામો નક્કી કરે.



તે જ સમય દરમિયાન, આનાથીય વધુ ક્રાંતિકારી સંદેશ બોધીને બુધ્ધે (સિધ્ધાંર્થ ગૌતમ) કીર્તિ પ્રાપ્ત કરી. તેમણે ઉપદેશ આપ્યો કે કશાનું જ ખરેખર અસ્તિત્વ નથી. અરે, વેદાંતી હિંદુ ધર્મના આત્મા-બ્રહ્મન્‌ની એકરૂપતાનું પણ નથી. પોતાના આત્માને બ્રહ્મન્‌ની એકમાત્ર સાચી વાસ્તવિકતામાં ભેળવી દેવાને બદલે વ્યક્તિએ જાણી લેવું જોઈએ કે પોતાનો અનાત્મા એ ખરેખર મહત્તર, સર્વવ્યાપી શૂન્યતાનો અંશ છે. અને જો કે સાચો જીવ ભવોભવ પુનર્જન્મ લેવાનો નથી તોય અસ્તિત્વની અનંત સાંકળની પ્રત્યેક કડી પર વ્યક્તિની ઓળખનો સિક્કો વાગી ગયો હોય છે અને તેના પર વ્યક્તિના કર્મના પરિણામો મુદ્રિત થઈ ગયા હોય છે. પોતાની જાતને દેખીતી સઘળી વાસ્તવિકતામાંથી અનાસકત કરીને જ વ્યક્તિ નિર્વાણની પરમ સ્થિતિને પામી શકે. અને બુધ્ધે ભાખેલું નિર્વાણ એટલે મોક્ષ નહિં, પરંતુ સઘળી ઓળખો અને અંગત વ્યક્તિમત્તાનો નાશ કરવો, તેમને ઓલવી નાખવા.

આમ, આપણે જોઇએ છીએ કે વેદાંતી હિંદુ ધર્મ અને બૌધ્ધ ધર્મનું ચિંતન વિરુધ્ધ દિશાઓમાં જાય છે. હિંદુ ધર્મમાં તે પરમની અંતિમ પરિપૂર્ણતા બને છે. બ્રહ્મન્‌માં ભળીને વ્યકિત જાણે કે બધું જ બને છે. એથી ઊલટું, બૌધ્ધ ધર્મમાં તો વ્યકિત પોતાના આખરી વિનાશને ઝંખે છે અને આખરી પૃથ્થકરણમાં શૂન્ય બનવા ઇચ્છે છે. હવે, આ વેબપાના પર એ વાત પર અમે ઘણીયેવાર ભાર મૂકયો છે કે હિંદુ ધર્મની અંદર જ અનેકગણી વિવિધતા છે અને બૌધ્ધ ધર્મમાં પણ વિવિધતા છે તે સાચું. મહેરબાની કરીને એટલો ખ્યાલ રાખજો કે હિંદુ ધર્મની એક શાખાનો જ માત્ર હું ઉલ્લેખ કરતો હોઉં કે પ્રારંભના બૌધ્ધ ધર્મનું કઠોર વર્ણન કરતો હોઉં ત્યારે પણ ઘણે ભાગે હું સામાન્ય લક્ષણોની જ વાત કરું છું. છતાંય આ બે મુદ્દાઓ જ એવા છે કે જયાં બંને ધર્મો નિકટ લાગે.

આ ધર્મો અનુસાર લોકો ખરેખર જેવું જીવન જવે છે ત્યાં ભેદ મોટો છે. હિંદુઓ કે બૌધ્ધો સામાન્ય રીતે ગૂઢ દાર્શનિક ખ્યાલો પ્રમાણેનું જીવન જીવતા નથી. જયાં સુધી તમે આંતરરાષ્ટ્રિય સમન્વયવાદી (syncretistic) પરિસ્થિતિમાં ન હો ત્યાં સુધી (અને આવી પરિસ્થિતિ અગ્નિ એશિયા કે ઇન્ડોનેશિયામાં શકય છે) હિંદુ મંદિરને બૌધ્ધ મંદિર તમે માની બેસો તેવી કોઇ શકયતા જ નથી. શૈલીની વાત જવા દઇએ તોય હિંદુ મંદિરો રંગ બાહુલ્યથી ભર્યા ભર્યા છે તો બૌધ્ધ મંદિરોમાં મોટે ભાગે શૈલીની એકતા હોય છે. અને સામગ્રી પણ સાવ જુદી જ હોવાની. હિંદુ મંદિરમાં તેના મુખ્ય ગર્ભગૃહમાં એક દેવતા હોવાના. જયારે બીજા દેવતાઓ પણ તેમનાં પોતાના ગર્ભગૃહોમાં હોવાના. જયારે બૌધ્ધ મંદિરમાં કેન્દ્રવર્તી પ્રતિમા હમેશાં બુધ્ધ જ હોવાની અને થોડેક જ દૂર અન્ય યુગોના બુધ્ધની કે તે જ બુધ્ધની પ્રતિમા ગૌણ સ્થિતિમાં જોઇ શકવાના. હિંદુ ધર્મમાં ઉપાસનાની કેન્દ્રવર્તી ક્રિયા છે પૂજા. પ્રકાશ અને ફળોનું નિવેદ. કીર્તન અને ધ્યાનનું સ્થાન સામાન્ય રીતે બીજું. બૌધ્ધ ધર્મમાં આ ફરજો આરક્ષિત. રોજિંદા જીવનમાં હિંદુ દેવતાઓ અને આત્માઓ પ્રત્યે કર્તવ્યો બજાવવાનો, કારણ કે આ જ કર્તવ્યોમાં વ્યકિતનાં નૈતિક કાર્યો અને વલણો સમાવાનાં. બૌધ્ધ ધર્મી પોતાના કાર્યો અને વલણો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો. અને તે આદેશોમાં જ કર્મકાંડીય કર્તવ્યો સમાવાનાં.

પશ્ચિમની દુનિયામાં આજે જયારે આપણે હિંદુ ધર્મ અને બૌધ્ધ ધર્મ વિશે જાણવા મથીએ છીએ ત્યારે એક એવી સરસ તક આ દિવસોમાં ઊભી થઇ છે અને તે એ કે આપણે બધા જ ધર્મોનું હાર્દ સરખું છે એમ માની મૂળભૂત ભેદોને મિથ્યા માની સમાપન કરનાર કોકને કારણે આમ કરીએ છીએ. મેં તમને તે દર્શાવવા પ્રયત્ન કર્યો કે વિશેષ સૈધ્ધાંતિક સ્તરે બંને ધર્મોની અમૂર્ત દર્શનોમાં કેટલીક સામ્યતાઓ છે. પણ તેમાંય તે તે ધર્મો વિરુધ્ધ દિશાઓ નિર્દેશે છે અને જયારે ધર્મોના ખરેખરાં આચરણનો સવાલ આવે છે, ત્યારે બધા જ ધર્મોને એક ઢાંચામાં ઢાળવા મથતા પશ્ચિમના લોકપ્રચલિત સિધ્ધાંતોને અળગા કરીને પણ આ ભેદો શંકા વિના પ્રગટ થાય છે. આ નાના લેખની સાથે મેં કેટલાક ચિત્રો સામેલ કર્યા છે - એક છે હિંદુ દેવતાની પૂજા કરતા હિંદુ પૂજારીનું અને બીજામાં એક છે બુધ્ધની પ્રતિમાનું અને બીજું છે બૌધ્ધ અંત્યેષ્ટિ સમયે જપ જપતાં બૌધ્ધ ભિખ્ખુનું. હું માનું છું કે તમે સરળતાથી ભેદ પામી શકશો.

અંતે મારું એક નિરીક્ષણ કહું. માની લઇએ કે ધર્મો વચ્ચે ભેદો છે અને તે ભેદો સાચી દિશા તરફનું એક ડગલું છે. પણ ત્યાં જ તમે અટકી નહિ શકો. ધર્મો સત્ય અંગેના પારસ્પારિક વિરલ દાવાઓ કરતા હોવાથી, તેમાંનો સાચો દાવો કયો તે પ્રશ્ન વહેલો મોડો તમારી સામે આવીને ઊભો રહેશે. ખ્રિસ્તી ધર્મ પોતા પૂરતા જે અનન્ય દાવાઓ કરે છે તેમની સત્યતા પણ પૂરવાર કરી શકાય તેવી છે તે તમે જોશો તેવી મારી તમને વિનંતી છે.

***- જીરહાર્ડ વોહ્લબર્ગ***

## "પંડિતોને પૂછો !"

તમારો પ્રશ્ન અહીં ટાઈપ કરો.

નામ (વૈકલ્પિક):

ઈ-મેઈલ (જો તમારે અંગત જવાબ જોઈતો હોય તો):

સબમીટ બટન દબાવીને તમે આ વેબસાઈટ પર તમારો પ્રશ્ન પોસ્ટ કરવાની રજા આપો છો.

સબમીટ



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved

email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## હિંદુ બ્રાહ્મણ કુટુંબમાં જન્મ અને લગ્ન

હું એમ.જે. હિંદુ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી હતી. મારે મન મારો કૌટુંબિક ધર્મ ખૂબ અગત્યનો નહોતો. મારાં દાદીમા ધાર્મિક પ્રવૃત્તિઓની કાળજી રાખતા અને કયારેક કયારેક અમને બાળકોને મૂર્તિઓ સામે અમારાં માથાં આદરપૂર્વક નમાવવાનું કહેવામાં આવતું. હું ઈશ્વરથી સભાન હતી. ઈશ્વર શું છે, કોણ છે તેની મને નવાઈ લાગતી. આ અને ઈશ્વરને જાણવા અંગેના અનેક પ્રશ્નો મારી પાસે હતા. પથ્થર કેવી રીતે ઈશ્વર હોઈ શકે? અથવા તો માણસ કેવી રીતે દેવ-દેવતાઓને ઘડી શકે? આ પ્રશ્ન અનુત્તર જ રહ્યો.

મારી જ્ઞાતિના જ હિંદુ બ્રાહ્મણ કુટુંબમાં મારાં લગ્ન થયાં. મારા પતિ મૂર્તિઓના અતિશય ઉપાસક - ભકત હતા. હું તેમની સાથે મંદિરોમાં જતી ત્યારે મારું મન વ્યથિત બનતું. તે કયારેય સંતોષ ન પામતું. મારા પતિ પ્રેમાળ હતા અને મારા બંને પુત્રો પણ પ્રેમાળ હતા અને છતાંય હું જિંદગીનો ખાલીપો અનુભવતી. હું શાંતિપૂર્વક સાચા ઈશ્વરની ખોજ કરતી. મારું મન મૂર્તિઓની ઉપાસના કરવાની મના ફરમાવતું અને મારા પતિ સાથે જયાં મૂર્તિઓની ઉપાસના થતી હતી તે મંદિરના અંદરના ભાગમાં જવાનું મેં બંધ કર્યું.

૧૯૯૨ના વર્ષમાં મારા મોટાભાઈ તથા તેમનો પરિવાર અમેરિકાથી અમને મળવા આવ્યા. અભ્યાસ કરવા ગયેલો મારો ભાઈ હવે ત્યાં સ્થાયી થયો હતો. ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરી તે ખ્રિસ્તી બન્યો હતો. અમારી સાથે જયારે તે રહ્યો ત્યારે તેણે મને અને મારા કુટુંબને ઈસુની સુવાર્તા કહી. ખ્રિસ્તમાં તેની શ્રધ્ધાનું બળ જોઈ હું પ્રભાવિત થઈ. મેં તેની બદલાયેલી જિંદગી પણ જોઈ. મૂર્તિઓની ઉપાસના કરીને હું સાચું કરતી હતી કે ખોટું તે જાણવા માગતી હતી. મારા ભાઈએ કહ્યું કે ઈશ્વરે બાઈબલમાં પોતાને પ્રગટ કર્યા છે અને તેમના પુત્ર ઈસુ પર વિશ્વાસ મૂકી અહીં આ પૃથ્વી પર દિવ્ય જીવન જીવવાનો માર્ગ આપણને બતાવ્યો છે. મને બાઈબલ મોકલવાની મેં તેને વિનંતી કરી. તેણે મને તેની એક નકલ મોકલી. મેં બાઈબલ વાંચવાનો પ્રારંભ કર્યો અને ઈસુ તથા ઈશ્વર વિશે હું વધુ જાણવા માગતી હતી.

ખ્રિસ્તીઓ આરાધનામાં શું કરે છે તે જોવા અને જાણવા હું દેવળોમાં ગઈ. મારા ભાઈએ ૧૯૯૩માં મને અમેરિકા આમંત્રી. ત્યાં પહોંચ્યા પછી તરત જ મને દેવળમાં લઈ જવાનું સૌ પ્રથમ મેં તેને કહ્યું. પહેલા જ રવિવારે હું મારા ભાઈના દેવળમાં - ગ્રેસવેલી ક્રિશ્ચિયન સેન્ટર, ડેવીસ, સી.એ.માં ગઈ. આરાધના દરમિયાન ઈશ્વરના આત્માએ મારાં હૃદયમાં કહ્યું કે હું સાચા ઈશ્વરની - જીવંત ઈશ્વરની સંમુખ હતી. મને ભાન થયું કે હું પાપી હોવા છતાં ઈસુ મને ચાહે છે. અને તેઓ જ માત્ર મારાં પાપોની માફી આપી મને મુકત કરશે. જયારે મેં આ વાત મારા ભાઈને કહી ત્યારે તે મને ગ્રેસવેલીના વડા પાળક રેવ. પી.જી. મેથ્યુ પાસે લઈ ગયો. તેમણે મને ઈસુની સુવાર્તા વિગતે સમજાવી.

જયારે મેં અંતર-મનથી ઈસુને મારા તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકારવાનો નિર્ણય કર્યો, ત્યારે પાળક મેથ્યુએ મને પૂછ્યું, “તારા પતિ હિંદુ બ્રાહ્મણ છે. જયારે તું ઈસુને તારા તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકારીશ ત્યારે તે તને અપનાવશે?”

મેં તેમને આપેલો ઉત્તર આ હતો, "મારો ઈશ્વર મારી રક્ષા કરશે અને મારી કાળજી લેશે." પાળક મેથ્યુએ માથ્થીની સુવાર્તાના ૧૧ માં અધ્યાયની ૨૮મી કલમ - "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો ને હું તમને વિસામો આપીશ" - મને વાંચી સંભળાવી. ત્યાં ને ત્યાં જ મેં ઈસુને મારા અંગત તારણહાર તરીકે અપનાવ્યા.

૧૯૯૩ના સપ્ટેમ્બરમાં હું ખ્રિસ્તી બની એટલે કે જીવંત ઈશ્વર ઈસુ ખ્રિસ્તનું સંતાન બની. ત્યારથી મારું હૃદય અતિ શાંતિ અને આનંદ અનુભવે છે. અમેરિકામાં રજા વિતાવ્યા પછી ૧૯૯૩ના નવેમ્બરમાં હું એક બદલાયેલી વ્યક્તિ તરીકે ભારત પાછી ફરી. મારા પતિ તથા મારા બે પુત્રોને મેં મારી શ્રધ્ધા - વિશ્વાસની વાત કરી અને તેમને માટે પ્રાર્થના કરતી રહી. જો કે હું એકલી જ પ્રાર્થના કરતી હતી અને છતાંય બ્રાહ્મણ કુટુંબમાં ખ્રિસ્તી ધર્મ અને આચારનું પાલન કરતી એકલી વ્યક્તિને જે મુશ્કેલ પરિસ્થિતિઓ પસાર કરવી પડે તે પસાર કરવાની ઈશ્વરે મને શક્તિ આપી. ખ્રિસ્તમાં મેં મૂકેલા વિશ્વાસનો તે કસોટીકાળ હતો. ઈશ્વરની કૃપાથી આ બધી જ મુશ્કેલ પરિસ્થિતિઓ હું વટાવી ગઈ. મારો ભાઈ, પાળક મેથ્યુ અને ગ્રેસવેલી ચર્ચના સઘળા બંધુઓ તથા ભગિનીઓ સહુએ મને પ્રોત્સાહન આપ્યું. તે સહુ મારે માટે, મારા કુટુંબ માટે પ્રાર્થના કરતા હતા કે જેથી હું સઘળી મુશ્કેલીઓ વચ્ચે પણ ખ્રિસ્તમાં વિજયવંત જીવન જીવી શકું.

ઈશ્વરે અનેક રીતે મને આશીર્વાદિત કરી છે. મારા પતિ તથા મારા બંને દીકરાઓએ ૧૯૯૬ના ફેબ્રુઆરીમાં પોતાના તારણહાર અને પ્રભુ તરીકે ઈસુને સ્વીકાર્યા છે. કુટુંબ તરીકે અમારું કુટુંબ આનંદમય, શાંતિમય અને સમૃધ્ધિમય જીવન પસાર કરે છે. અમે ખ્રિસ્તમાં છીએ અને હવે કલકત્તાના દેવળમાં આરાધના કરીએ છીએ. રોજ ને રોજ પ્રભુ ઈસુમાંનો અમારો વિશ્વાસ વધતો જાય છે અને તે વિશ્વાસ વધુ સમર્થ બનતો જાય છે. જેમણે અદ્‌ભુત આનંદો - અનુભવો કરાવ્યા તે પ્રભુની સ્તુતિ હો ! મારા જે મિત્રો સાચા, પ્રેમાળ, જતન કરનાર ઈશ્વરને જાણવા - શોધવા મથે છે તેમને મારું આ પ્રમાણપત્ર છે. પ્રેમાળ, જતન કરનાર, સાચા ઈશ્વર તે ઈસુ ખ્રિસ્ત છે. જેમણે પોતે કાલવરીના વધસ્તંભે મારા પાપો લઈ લીધાં અને મને આકાશમાં (સ્વર્ગમાં) તેમની સાથે સદાયના શાશ્વત શાંતિ તથા આનંદ આપ્યાં. આમીન !

**- એમ. જે., કલકત્તા, ભારત.**

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

કર્મથી કૃપા તરફ

## હિંદુ ધર્મનો આગ્રહી સમર્થક

મારું અજ્ઞાન ભવિષ્ય સર્વશક્તિમાન ઈશ્વર ઈસુ ખ્રિસ્તના, મારા તારણહાર અને પ્રભુના હાથમાં સલામત છે.

હું, એસ.આર.જે. રૂઢિચુસ્ત હિંદુ બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યો હતો અને મારો ઉછેર લાડકોડથી થયો હતો. હિંદુ કુટુંબમાં ઉછર્યો હોવાથી મને હિંદુ તરીકેના આચાર પાળવાનું શીખવવામાં આવ્યું હતું. મારા લોહીમાં હિંદુ ધર્મ વહેતો હતો અને હું હિંદુ ધર્મ અને તેના આચારનો સમર્થ અને આગ્રહી સમર્થક બન્યો.

મારા પિતા વ્યવસાયે તબીબ હતા. તે ખૂબ ધર્મિષ્ઠ હતા અને વર્ષમાં તે બાર-પંદર દિવસની રજા લેતા અને ત્યારે તે આખા કુટુંબને દેશના પ્રસિદ્ધ મંદિરો - મૂર્તિઓના દર્શન માટે લઈ જતા. મારાં બધાં જ સગા ચુસ્ત હિંદુ હતા અને મૂર્તિપૂજાના ઉપાસક હતા.

ભારત સરકારની કંપનીમાં મારે સારી નોકરી હતી. વળી મારે પ્રેમાળ, જતન કરનાર પત્ની તથા બે દીકરાઓ હતા. હું એક હિંદુ તરીકે સામાન્ય, આરામદાયક જિંદગી જીવતો હતો. નહોતી મારે પૈસાની અછત કે નહોતો મને સ્વજનોનો સ્નેહ-પ્રેમનો અભાવ. છતાંય, હું એકાકી અંતર્મુખ રહેતો. ચિંતાનું કોઈ કારણ ન હોવા છતાં અસ્વસ્થ જીવન જીવતો. મારી નોકરીના કામ કે કુટુંબ એટલે કે પત્ની અને બાળકો તરફથી મારે કોઈ પ્રશ્ન નહોતો.

પણ અંદરથી હું ખૂબ હતાશ, ભાંગેલો અને છિન્નભિન્ન હતો. હું શાંતિની ખોજમાં ભટકતો હતો. હિંદુઓના તો કરોડો દેવતાઓ હોવાથી સાચા દેવતા-દેવીઓને પામવા મેં એક ખૂણેથી બીજે ખૂણે પ્રયાસ કર્યો. ઉત્તરમાં અમરનાથની પ્રસિધ્ધ ગુફાથી માંડીને દક્ષિણ ભારતમાં તિરુપતિ સુધીનો મેં પ્રવાસ કર્યો, પણ તેનું પરિણામ સાવ શૂન્યતામાં આવ્યું. મને કશીક ઊણપ દેખાતી હતી. હું મારા ઈશ્વરને શોધતો હતો પણ તે કયારેય ન જડયો. મારાં મિત્રો અને સ્વજનોને મન તો હું સઘળા શાણપણ સહિતનો અનન્ય માણસ હતો. પણ હું શું હતો તે મારું મન જ જાણતું હતું. મારા સમાજમાં ઉચ્ચ સંસ્કારીજન તરીકે મારી ગણતા થતી અને મને આદર અપાતો. ખરેખર હું દંભી હતો.

જે ઈશ્વર પોતાના સંતાનોને કયારેય ગુમરાહ નથી થવા દેતો તે ઈશ્વરની દયા અને કૃપા માટે સ્તુતિ કરો. એવું બન્યું કે મારી પત્ની ૧૯૯૩માં અમેરિકા ગઈ અને તેના ભાઈ સાથે રહી. ખ્રિસ્તની સુવાર્તાનો તેને પરિચય થયો અને તેણે ઈસુને પોતાના અંગત તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકાર્યા. તે ભારત પાછી આવી ત્યારે મેં ધાર્યું નહોતું એવી સ્વસ્થ અને બદલાયેલી વ્યક્તિ તે હતી. આથી મને આશ્ચર્ય થયું. નવી દિલ્હીના હવાઈ મથકે તેણે જાહેર કર્યું કે તેણે ઈસુને પોતાના તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકાર્યા છે. એક હિંદુપતિ તરીકે આ પરિસ્થિતિ પ્રત્યેની મારી પ્રતિક્રિયા તમે કલ્પી શકો છો. પણ હું જાણતો નથી કે ખરેખર શું બન્યું. પણ ખ્રિસ્તમાં તેને વિશ્વાસ હતો છતાંય મેં તેને સ્વીકારી.

એક જ ઘરમાં, બે ભિન્નભિન્ન ધાર્મિક આચારો - એક ઈસુમાં વિશ્વાસ મૂકે અને બીજો માટી, કાષ્ટ અને ધાતુના બનેલા સેંકડો દેવ-દેવીઓને પૂજે - સાથે રહેવું તે કપરી પરિસ્થિતિ હતી.

સાચું કહું તો મેં મારી પત્નીના જીવનમાં પ્રચંડ પરિવર્તન સ્પષ્ટ નિહાળ્યું. તેના દેખાવમાં તેજ હતું અને મનની શાંતિ હતી. તે ખૂબ સ્વસ્થ હતી અને શાસ્ત્રમાંથી ઈશ્વરના વચનો નિર્ભયતાથી સ્વીકારતી. ધૈર્ય અને સહિષ્ણુતાનું તે પ્રદર્શન કરતી. હકીકતમાં તો મોટાભાગના સમયે તો તેને મારા કે અમારા કુટુંબીજનો તરફથી કનડગત સહન કરવી પડતી. ભારતમાં તમે અન્ય કોઈ ધર્મ સ્વીકારી શકો છો, તમારું નીચાજોણું નથી થતું. પણ જો તમે ખ્રિસ્તી બનો તો હિંદુઓ માને છે કે તમે મોટામાં મોટું પાપ કર્યું. હવે મને સમજાય છે કે ઈશ્વર પાસે મારી અને મારી જિંદગીનું આયોજન હતું. યર્મિયાના ૨૯મા અધ્યાયની ૧૧મી કલમ કહે છે, "કેમ કે જે ઈરાદા હું તમારા વિશે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે."

મારી પત્નીનો ભાઈ તથા ગ્રેસવેલી ક્રિશ્ચિયન સેન્ટર, ડેવિસ, સી.એ.ના પાળક રેવ. પી.જી. મેથ્યુ ૧૯૯૪માં અમારે ત્યાં નવી દિલ્હી આવ્યા. મેં જોયું કે મારી પત્ની પ્રાર્થના કરતી હતી, મારે માટે તથા મારા બે દીકરાઓ માટે શાંતિપૂર્વક પ્રાર્થના કરતી હતી. પણ રેવ. પી.જી. મેથ્યુ કે અન્ય કોઈપણ ખ્રિસ્તી શાસ્ત્રોમાંથી મને કશું સંભળાવે તે માટે હું તૈયાર નહોતો. છતાંય રેવ. મેથ્યુ ઈશ્વરના પ્રેમ અને માણસના તારણની વાતો કરતાં અટકતા નહોતા. રેવ. મેથ્યુ અને તેમનાં પત્ની ગ્લેડિસ ખ્રિસ્તની સુવાર્તા અમને બોધતા જ ગયા. પણ મેં કે મારા દીકરાઓએ તે સાંભળવામાં લગીરે રસ ન દાખવ્યો.

આ પરિસ્થિતિથી હું સુખી નહોતો. મારામાં રહેલા આ જગતના રાજકુંવર શેતાને તેમના ઉપદેશને સાંભળવાનો પ્રતિકાર કરવા પ્રેર્યો અને હું ચુસ્ત હિંદુ બ્રાહ્મણ જ રહ્યો. ૪૬ની ઉંમરે (૧૯૯૪માં) સારું શું ને ખોટું શું, સાચું શું ને જૂઠું શું તે હું જાણતો હતો. જિંદગીના આ તબક્કે ધર્મપરિવર્તન શકય જ નહોતું તે હું જાણતો હતો. મારે તે કબૂલવું જોઈએ કે રેવ. મેથ્યુએ તારણ કે નવા જન્મ અને શાશ્વત જીવન અંગે જે વાતો કરી તે હું જાણતો નહોતો. મેં કયારેય માન્યું નહોતું કે ઈસુ ખ્રિસ્ત એ જ એકમાત્ર માર્ગ હતા અને તેઓ જીવંત છે.

રેવ. મેથ્યુ ૧૯૯૫માં ફરી અમારે ત્યાં આવ્યા. આ વખતે તે ખ્રિસ્તની સુવાર્તા વધુ સારી રીતે, ગળે ઊતરે તેમ સમજાવતા હતા. પ્રમાણિક વ્યકિત તરીકે હું તેમને સાંભળતો, પણ મૂર્તિપૂજાના મારા બ્રાહ્મણ આચારો મેં ન જ છોડચા. ખ્રિસ્તી ધર્મમાં આવતી મૃત્યુ પછીના જીવનની વાત સમજવાની મેં લગીર કાળજી લીધી, કારણ કે મેં તેને અન્ય ધર્મનું દર્શન માન્યું. રેવ. મેથ્યુ આમ તો ભારતીય છે, પણ અત્યારે અમેરિકામાં રહે છે. ગયા પછી તેમણે મને કેસેટો મોકલી. ડેવિસ, સી.એ. અમેરિકાના તેમના દેવળમાં તેમણે ઉપદેશેલા પ્રવચનો તે કેસેટમાં હતા. તેમને ખાતરી હતી કે ઈસુ કોઈક દિવસ મારી જિંદગીમાં ચમત્કાર કરશે.

૧૯૯૫ના અંત સુધી અમારા બંને દીકરાઓ અમારી સાથે હતા. પછી બંને અમારાથી દૂર થયા. એક નોકરી અર્થે ગયો અને બીજો તેના ઉચ્ચ અભ્યાસ અર્થે. મારા સાળાની, તેના પાળક રેવ. મેથ્યુની અને મારી પત્નીની અમારા ત્રણ માટેની પ્રાર્થનાઓ અને વિનંતીઓ ચાલુ જ રહી. અમારો મોટો દીકરો ખ્રિસ્તની સુવાર્તામાં રસ લેવા માંડચો.

૧૯૯૬ના ફેબ્રુઆરીમાં રેવ. મેથ્યુ અને તેમનાં પત્ની અને મારો સાળો અમારે ત્યાં આવ્યા. ૫ ફેબ્રુઆરી, ૧૯૯૬ને દિવસે લગીરે આરામ લીધા વિના પાળક મેથ્યુએ ઈશ્વરનાં વચન મને ઉપદેશ્યા. ઈશ્વરનો આભાર કે ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬ની રાતે મેં મારામાં કશુંક પરિવર્તન નિહાળ્યું - જાણે કે મારી સઘળી શંકાઓ દૂર કરતા ઈશ્વરના આત્મા સાથે હું ઝઝૂમતો હતો. મને થયું કે જાણે હું વિશુધ્ધ થયો છું, પવિત્ર થયો છું. ત્યારે ઈશ્વર સાથે કેમ ઝઝૂમવું તે હું નહોતો જાણતો અને હું તે ય નહોતો જાણતો કે ઈસુની નિકટને નિકટ જઈ રહ્યો છું. કેટલોક સમય આ ચાલ્યું અને છેવટે ઈસુની ઈચ્છાએ મારા જીવનમાં વર્ચસ્વ પ્રાપ્ત કર્યું. શેતાનનો પરાજય થયો અને મારી જિંદગીનું પરિવર્તન થયું. મારા હૃદયમાં મેં ખૂબ સ્વસ્થતા અને શાંતિ અનુભવ્યા. મને સમજાયું કે ઈસુએ મારી જિંદગીમાં પરિવર્તન કર્યું છે અને ઈસુ મને જાણે કે તેમની પાસે

બોલાવતા લાગ્યા અને કહેતા લાગ્યા, "હું જ માર્ગ છું, સત્ય છું, જીવન છું." "ઓ વૈતરું કરનારાઓ અને લદાયેલાઓ, હું તમને વિશ્રામ આપીશ." જીવંત ઈશ્વરનો આત્મા મારા હૃદયમાં કાર્યાન્વિત હતો અને મને ભાન થયું કે હું જીવંત ઈશ્વરનો છું, હું તેમનું સંતાન છું. ઈસુ પાસે મારી નિષ્ફળતાઓ, મર્યાદાઓ અને મારાં પાપોની કબૂલાત કરીને મેં ઈસુને મારા તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકાર્યા. ૧૯૯૬ની છઠ્ઠી ફેબ્રુઆરીએ પાળક મેથ્યુએ મને બાપ્તિસ્મા આપ્યું. બાપ્તિસ્મા પછી તરત જ મને લાગ્યું કે કશાય બોજ વિનાનો હું મુકત માણસ હતો અને જે શાંતિને હું ઝંખતો હતો તે શાંતિ મને મળી.

મારે મન ઈસુ કરતાં કશું જ મૂલ્યવાન નથી. શાશ્વત શિક્ષાથી હવે હું રક્ષાયેલો છું. હું સમજું છું કે મારાં પાપોને કારણે જ ઈસુ વધસ્તંભે મૃત્યુ પામ્યા અને પોતાનું રકત વહેવડાવીને મારાં પાપોનું મૂલ્ય તેમણે ચૂકવ્યું. મને દૃઢ ખાતરી થઈ ચૂકી છે કે આ દુનિયાની કોઈપણ વસ્તુ મને ઈસુના પ્રેમથી અળગી નહિ કરી શકે. હું માનું છું કે ઈસુ ખ્રિસ્ત સિવાય સ્વર્ગ કે પૃથ્વી પર બીજો કોઈ દેવ નથી. તે જ મૂર્તિમંત પરમેશ્વર છે, તે જીવંત છે અને તે મારામાં જીવે છે. તે મારો અંગત - વ્યકિતગત ઈશ્વર છે. ઈશ્વરનો આભાર કે મારા બંને દીકરાઓએ પણ ઈસુને પોતાના તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકાર્યા છે અને હવે તેઓ ખ્રિસ્તીઓ છે.

તારણ માટે મેં શું કર્યું? મેં પસ્તાવો કર્યો અને મારા તારણહાર અને પ્રભુ તરીકે ઈસુમાં વિશ્વાસ મૂકયો. મિત્રો, જો તમે એકમાત્ર ઈસુને જ તારણહાર માની તેમનામાં વિશ્વાસ મૂકો તો તમને ય તારણ મળી શકે. જિંદગીની સઘળી ચિંતાઓ અને વ્યથાઓ વચ્ચે એકમાત્ર તે જ તમને શાંતિ અને આનંદ આપશે અને તમને શાશ્વત જીવન આપશે. તેમની કૃપા મારે માટે પૂરતી છે. હું જેમ જેમ તેમનામાં વધુ વિશ્વાસ મૂકું છું તેમ તેમ મને ઈશ્વરની કૃપા અને પ્રેમ વધુને વધુ મળતો જાય છે. આ મારું પ્રમાણ છે. આમીન !

**- એસ. આર. જે., કલકત્તા, ભારત.**



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## સંસ્કારને અવગણ્યા વિના વિદ્યાર્થી ઈસુમાં વિશ્વાસ મૂકે છે.

શાળા દરમિયાન ખ્રિસ્તી ધર્મમાં વર્ણવેલા ઈશ્વર મને સમજાયા નહોતા, કારણ કે હું ચમત્કારોમાં માનતો નહોતો. ઈશ્વરે દુરિતને આ દુનિયામાં કેમ ચલાવી લેવું જોઈએ તે હું નહોતો સમજ્યો. મને તે પણ નહોતું સમજાયું કે પ્રેમાળ ઈશ્વર શા માટે લોકોને નર્કમાં મોકલે.

હું ઈશ્વરની સેવા કરવા નહોતો માંગતો અથવા તો તેમની કાર્યકુશળતામાં પ્રવૃત્ત થવા નહોતો માગતો, કારણ કે હું મારી સેવા કરવા માગતો હતો અને ઈશ્વરમાં જે જે કોઈ માનતું હતું તે તે પોતે ધાર્મિક કુટુંબમાં ઉછર્યા હોવાને કારણે તેમાં માનતું હતું. બીજા શબ્દોમાં કહીએ તો તેમનો ઈશ્વર પરનો વિશ્વાસ પારિવારિક પરંપરા પર જાણે કે આધારિત હતો, સત્ય આધારિત નહોતો.

પણ ચાર વર્ષો પછી, હું ખ્રિસ્તી બન્યો, તે પછી

હું માનવા લાગ્યો કે મારાં માતાપિતા, મારા સમોવડિયાઓ, મારો સમાજ કે હું જે રીતનું જીવન જીવવા ઈચ્છતો હોઉં તે કરતાં ઈશ્વર જે રીતે ઈચ્છે છે તે પ્રમાણેનું જીવન જીવવું એ વધુ શાણપણભર્યું અને વધુ મહત્ત્વનું છે, કારણ કે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈશ્વર મારા માટે શું બહેતર છે તે અન્ય કોઈ જાણી શકે તે કરતાં વિશેષ જાણે છે.

તે સ્પષ્ટ છે કે આ ચાર વર્ષો દરમિયાન

ઈશ્વર, ધર્મ અને સવિશેષ તો ખ્રિસ્તી ધર્મ અંગે જે કંઈ હું માનતો હતો તેમાં ચોક્કસ પરિવર્તન આવ્યું. એકવાર ઈશ્વરના અસ્તિત્વ વિશે પ્રશ્ન કરનારી વ્યક્તિમાંથી જિંદગી માટે તેની ઈચ્છાને શોધનાર વ્યક્તિ મને બનાવનાર કેટલીક ઘટનાઓ હું આજે તમને કહેવા માગું છું. વધુમાં, મારા સામુદાયિક વારસાને કારણે મારે ખ્રિસ્તી બનવા વેઠવા પડેલા કેટલાક અવરોધો પણ હું ચર્ચવા માગું છું.

જ્યારે હું શાળામાં હતો ત્યારે મારી બહેન કોલેજમાં હતી અને તે ખ્રિસ્તી બની હતી. જ્યારે તે ખ્રિસ્તી બની ત્યારે હું તે જાણવા ઉત્સુક બન્યો કે અમારા સંસ્કાર વારસાની વિરોધી માન્યતામાં વિશ્વાસ મૂકવાનું તેણે કેમ પસંદ કર્યું. જો કે, અમારાં માતાપિતા હિંદુ તરીકે ઉછર્યા હતા, છતાંય તેમણે તે ધર્મની માન્યતાઓના પાલનનો ઔપચારિક આગ્રહ મારી કે મારી બહેન પાસેથી નહોતો રાખ્યો. પણ ભારતીય સમાજમાં સંસ્કાર અને ધર્મ એવા તો સંકળાયેલા છે કે જે સંસ્કારમાં વ્યક્તિનો જન્મ થયો હોય તે જ વ્યક્તિની ધાર્મિક માન્યતાઓ નક્કી કરે છે. વળી ધર્મ અને સંસ્કાર વચ્ચે પ્રગાઢ સંયોજન હોવાથી

એવું પણ બને છે કે તે કારણે ભારતીયો વિશ્વ અંગેની કેટલીક વસ્તુઓ માનવા પ્રેરાય છે. ભલે પછી કોઈ ચોક્કસ ધર્મ સાથે તે વસ્તુઓને તેઓ અંગત રીતે એકરૂપ ન માનતા હોય તો પણ.

પરિણામે, હું મારી જાતને હિંદુ માનતો નહોતો તોય અનેક હિંદુ વિચારો-ખ્યાલોને હું માનવા લાગ્યો. ઉદાહરણ તરીકે, હું માનતો હતો કે જો ઈશ્વર છે જ તો અનેક માર્ગો તેની પાસે દોરી જાય. બીજા શબ્દોમાં કહીએ તો મેં માન્યું કે બધા જ ધર્મો સાચા છે, કમ સે કમ અંશતઃ તો સાચા છે. વળી, મેં એમ પણ માન્યું કે ખ્રિસ્તી ધર્મ પશ્ચિમમાં રહેતા લોકોનો ધર્મ હતો, જ્યારે હિંદુ ધર્મ, શીખ ધર્મ અને બૌધ્ધ ધર્મ તે પૂર્વમાં વસતા લોકોના ધર્મો હતા. ધર્મ વિશે હું આમ માનતો હોવાથી ખ્રિસ્તી બનવાના મારી બહેનના

નિર્ણયે મને અચંબો પમાડયો, મને મૂંઝવણમાં મૂકયો. પણ મારી બહેને સાવ સ્વતંત્રતાપૂર્વક ખ્રિસ્તમાં વિશ્વાસ મૂકયો હતો અને મારી બહેનના નિર્ણયને હું હમેશાં પ્રશંસતો હતો. તેથી બાઇબલે ઈશ્વર અંગે કરેલા દાવાઓ ખરેખર - હકીકતમાં સાચા છે કે નહિ તેની મને નવાઈ લાગી.

પછીના બે વર્ષોમાં મારી બહેન અને હું ઈશ્વરના અસ્તિત્વ અંગે વાર્તાલાપ કરવા લાગ્યા. પણ તેણે જે કંઇ કહ્યું તેનાથી મારું મન બદલાયું નહિ. એક દિવસ તેણે મને બે પુસ્તકો વાંચવા આપ્યા - એક સી.એસ.લુઈસનું ‘Mere Christianity’ અને બીજું જોશ મેકડોએલનું ‘More than a Carpenter’. મેં તે બંને પુસ્તકો વાંચ્યા અને ખ્રિસ્તી ધર્મ વિશે બે રસિક વાતો શોધી. એક તો મેં તે જોયું કે ખ્રિસ્તી ધર્મ ફિલસૂફી (દર્શન) પર જ આધાર રાખતો નથી, પણ સાચી કે ખોટી પૂરવાર કરી શકાય તેવી ઐતિહાસિક ઘટનાઓની પ્રમાણભૂતતા પર આધાર રાખે છે. દા.ત. ઈસુ ખ્રિસ્તનું જીવન, વધસ્તંભે જડાવું અને પુનરુત્થાન. ખ્રિસ્તી ધર્મનું જે બીજું પાસું મેં જોયું તે એ કે મોટાભાગના ધર્મોનો દાવો છે કે લોકોએ આ જીવન સંપૂર્ણ જીવવું જોઈએ કે જેથી મૃત્યુ પછી ઈશ્વર સાથે ફરી સંયોગ થાય. ખ્રિસ્તી ધર્મ સ્વીકારે છે કે માણસો પૂર્ણ નથી અને મૃત્યુ પછી

ઈશ્વર સાથે સંયોગ કરવા કોઈ અન્ય માર્ગની જોગવાઈ થવી જોઈએ. ખ્રિસ્તી ધર્મમાંના આ બે તત્ત્વોના જોડાણે મને ભાન કરાવ્યું કે ધર્મોમાં થોડીઘણી સામ્યતા હોવા છતાં તેમનામાં રહેલો ધ્યાનપાત્ર ભેદ દર્શાવે છે કે તે બધા જ સાચા હોઈ ન શકે. કયાં તો તે બધા ઈશ્વરનું ખોટું વર્ણન આપે છે અથવા તેમનામાંનો એક જ સાચો છે.

હું જાણતો હતો તે બીજા ધર્મો કરતાં ખ્રિસ્તી ધર્મનો આધાર, તેના દાવાઓ જુદા હતા એટલે તેને અંગે વધુ જાણવા હું માગતો હતો.

કોલેજમાં હું જ્યારે બીજા વર્ગનો વિદ્યાર્થી હતો, ત્યારે જ મારી શાળાના એક ખ્રિસ્તી દોસ્ત સાથે હું ખૂબ વાતો કરતો હતો. હું જાણતો હતો કે તે ખ્રિસ્તી છે એટલે તે શેમાં માનતો હતો અને કેમ માનતો હતો તે અંગે હું તેને પ્રશ્નો પૂછ્યા કરતો. મારી પાસે અનેક પ્રશ્નો હતા, એટલે જેમને ઈશ્વર અને ખ્રિસ્તી ધર્મ અંગેના પોતાના પ્રશ્નોના ઉત્તર મેળવવાનો રસ હોય તેવા બિનખ્રિસ્તીઓ માટેના એક સંશોધનિક ચર્ચાસમૂહનો તેણે મને પરિચય કરાવ્યો. મેં તેમાંના એકમાં જવું શરૂ કર્યું. અને “ઈશ્વર છે એવું તમે કેવી રીતે જાણો છો? શા માટે ખ્રિસ્તી ધર્મ જ ઈશ્વરને પામવાનો માર્ગ છે? અને જો ઈશ્વર આપણને એટલું બધું ચાહતો હોય તો લોકો નર્કમાં કેમ જાય છે?” - જેવા પ્રશ્નોના ઉત્તરો મને મળ્યા. એક વર્ષ સુધી પ્રશ્નો પૂછી પૂછી સમૂહના અગ્રણીઓના મંતવ્યોને પડકાર કર્યા પછી ખ્રિસ્તી ધર્મ અંગેની મારી ધાર્મિક શંકાઓ દૂર થઈ.

છતાંય, આટલું મારા માટે પૂરતું નહોતું. જે ખ્રિસ્તીઓ સાથે મેં વાતો કરી તેમણે મને કહ્યું કે ઈશ્વર સંબંધ રાખનાર ઈશ્વર છે અને તે આપણને સક્રિયપણે ચાહે છે. મારા જીવનમાં હું તેમને ન અનુભવું ત્યાં સુધી હું ખ્રિસ્તને ન માની શકું. આથી મેં પ્રાર્થના કરી કે ઈશ્વર મને તેમનું પોતાનું પ્રકટીકરણ કરાવશે. મહિનાઓ વીતતા ગયા તેમ તેમ મને થોડુંક ખ્રિસ્ત સાથે જીવન જીવતા લોકો અને તેમની સાથે જીવન નહિ જીવતા લોકો વચ્ચેના ભેદ જેવું કંઈક દેખાતું ગયું. પોતે કરેલા નિર્ણયોમાં જે લોકો વિશ્વાસ ધરાવતા હતા તે લોકો જાણતા હતા કે તેમણે કરેલા નિર્ણયોમાં ઈશ્વરે તેમને સહાય કરી હતી. મેં તે પણ જોયું કે તેઓ અન્ય લોકો પ્રત્યે - બિનખ્રિસ્તીઓ પ્રત્યે પ્રેમ દર્શાવતા હતા, કારણ કે ઈશ્વરની આજ્ઞાઓના પાલનમાં તેમને પ્રેમ હતો. એટલે જો કે કેટલાક બિનખ્રિસ્તીઓને હું જાણતો હતો. જે ‘સજ્જનો’ હતા, પરંતુ

તેમના હિત ખાતર, તેમનાં જીવનનું નિયંત્રણ તેમના કરતાં બીજા કોઈ વધુ સમર્થ પાસે છે તેવું જાણવાની આંતરિક શાંતિનો તેમનામાં અભાવ હતો. ખ્રિસ્ત દોર્યું જીવન જીવનારાઓ અને સ્વદોર્યું જીવન જીવનારાઓ વચ્ચેનો મોટો ભેદ હવે પછીના મહિનાઓમાં જોઈને મને ભાન થયું કે ખ્રિસ્ત વિના જીવન જીવવું તે કરતાં ખ્રિસ્ત સાથે જીવન જીવવું બહેતર છે.

આટલું જાણ્યા પછી પણ મને ભય તો હતો કે જો હું ખ્રિસ્તી બનું તો મારા માતાપિતા

અને મિત્રોનો શો પ્રત્યાઘાત હશે! ખાસ કરીને મને મારાં માતાપિતા શું વિચારશે તેની ચિંતા હતી, કારણ કે મારી બહેને ખ્રિસ્તમાં મૂકેલા વિશ્વાસ સાથે તે સંમત થયા નહોતા. મારા પિતા માનતા હતા કે ખ્રિસ્તી ધર્મ પ્રતિબંધક હતો, કારણ કે ઈશ્વર અને વિશ્વ અંગેના વૈકલ્પિક મતોને તે રદ કરતો હતો. ઈસુ, ઈશ્વર છે એવા ખ્રિસ્તીઓના દાવા સામે તેમને વિરોધ નહોતો, પણ તે કહેતા કે કૃષ્ણ અને મહમદ જેવી

ધાર્મિક વિભૂતિઓ પણ જે તે સમયે, જે તે સ્થળે લોકોની જરૂરિયાતોપૂરી પાડવા પ્રગટેલી ઈશ્વરીય વિભૂતિઓ હતી. બીજી બાજુ, મારી માને લાગતું કે હિંદુ ધર્મને અમાન્ય કરવો એટલે આપણે પોતાની સંસ્કૃતિને અમાન્ય કરવી. ભારતમાં રહેતું અમારું કુટુંબ તેને ખરાબ માનશે એવો તેને ભય હતો, કારણ કે તેના સંતાનોએ હિંદુ ધર્મની માન્યતાઓ નકારી હતી અને ખ્રિસ્તી ધર્મના દાવા સ્વીકાર્યા હતા. વળી, તેને એવી સંભવિતતાનો પણ ભય હતો કે અમે ભારતીયોને નહિ પરણીએ, કારણ કે ભારતીય ખ્રિસ્તીઓ બહુ થોડા છે અને થોડાક જ હિંદુઓ ખ્રિસ્તીઓને પરણવાનો વિચાર કરે.

મારા ખ્રિસ્તી થવાના વિચાર સામે મારાં માતાપિતાએ જ્યારે આ વાંધાઓ મૂકયા, ત્યારે મેં તેમનો ગંભીરતાપૂર્વક વિચાર કર્યો. અને છતાંય, મારા જીવનમાં મેં ઈસુનો પ્રેમ અનુભવ્યો હોવાને કારણે અને બધા જ ધર્મો સાચા ન હોઈ શકે એવું જાણતો હોવાને કારણે મારા માતાપિતાના વાંધાઓ સાથે હું સંમત ન થઈ શકયો. મારી માતાના વિરોધ પૂરતું મેં વિચાર્યું કે સંસ્કાર અને ધર્મ એ બે જુદી વસ્તુઓ છે અને હું જાણું છું કે ભલે હું મારા ધાર્મિક વારસા સાથે સંમત ન થતો હોઉં છતાં મારા ભારતીય સંસ્કારને અપનાવવા જેટલો તો હું સમર્થ થઈશ. વળી, મને તે પણ ભાન થયું કે ખ્રિસ્તમાં વિશ્વાસ મૂકતો હોવાથી હું ઈશ્વર સાથેનો શાશ્વત સંબંધ બાંધી મારા માતાપિતા અને સ્વજનોને દુભવવાનું જોખમ લેવા તૈયાર હતો. બીજા શબ્દોમાં કહીએ તો, મારા માતાપિતા, મિત્રો અને વિશ્વાસ ન મૂકતા સમાજની સંમતિ ખાતર ઈશ્વર સાથેની શાશ્વતીને નકારવાનું યોગ્ય નથી.

અને ત્યારે જ મને લાગ્યું કે હું મારી માન્યતાના દૃઢ તબક્કે એટલે કે ઈસુને મારા તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકારવાના તબક્કે આવી પહોંચ્યો છું. જો તમે ઉત્સુકતાપૂર્વક ઈશ્વરને શોધતા હો, પણ તમે ઈસુને ન જાણતા હો, તો તો ઈશ્વર પોતાનું પ્રકટીકરણ તમને કરાવશે તેવી પ્રાર્થના કરવા હું તમને પ્રોત્સાહિત કરું છું. લૂક ૧૧:૯-૧૦માં ઈસુ પોતાના શિષ્યોને કહે છે, "હું તમને કહું છું કે, માગો, તો તમને આપવામાં આવશે, શોધો, તો તમને જડશે, ઠોકો, તો તમારે સારુ ઉઘાડવામાં આવશે. કેમ કે જે કોઈ માગે છે તે પામે છે, જે શોધે છે તેને જડે છે અને જે ઠોકે છે તેને સારુ ઉઘાડવામાં આવશે."

તેમને જાણવા સારુ કરેલી પ્રાર્થનાઓનો ઉત્તર આપવામાં ઈશ્વર સન્નિષ્ઠ હતા અને તમારી પ્રાર્થનાઓનો ઉત્તર આપવામાં પણ તે સન્નિષ્ઠ જ હશે.

**- એમ.એસ.**

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## સર્જક સાથે સામનો અને ઈશ્વર સાથે સમાધાન

હું વિજયવાડાનો છું. મારો જન્મ રૂઢિચુસ્ત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. ભારદ્વાજ (ગૌતમ) શાખાનો હું છું. મારા પૂર્વજો રૂઢિચુસ્ત હતા. તેઓ સુપ્રતિષ્ઠિત હતા, મંદિરના પૂજારીઓ હતા. મારા વિદ્યાર્થીકાળમાં જ મારા મિત્રો સામ્યવાદીઓ દ્વારા સંચાલિત રાજકીય વર્ગોમાં મને લઈ ગયા.

જ્યારે હું આ વર્ગો ભરતો હતો, ત્યારે જ મેં નિર્ણય લીધો હતો કે આપણા દેશમાં કોઈ ધાર્મિક પક્ષપાત ન હોવો જોઈએ. આ પ્રક્રિયા દરમિયાન હું નાસ્તિક બન્યો. હું એક ક્રાંતિકારી જૂથમાં જોડાયો. તેનો આગ્રહ હતો કે હું પ્રતિજ્ઞા લઉં. આથી, મેં પ્રતિજ્ઞા લીધી કે ભારતમાંથી ધાર્મિક પક્ષપાત ભૂંસી નાખવા હું મારાથી બનતું બધું કરીશ. મારા ખુદના લોહીથી મેં આ લખ્યું. મેં આવી પ્રતિજ્ઞાઓ લેવા અનેક લોકોને પ્રેર્યા અને આ વિષય પર લેખોય લખી તે વહેંચ્યા.

એક દિવસ, શ્વેત વસ્ત્રો પહેરેલા અને હાથમાં કાળા પુસ્તકો ધારણ કરતા લોકો ગીતો ગાતા શેરીમાંથી પસાર થતા હતા. તેઓ જેવા મારા ઘર પાસે આવ્યા કે તેઓમાંના એકે અમારા ઘર તરફ આંગળી ચીંધી કહ્યું, “ઓ પૃથ્વીને છેવાડે રહેતા લોકો, મારા તરફ જુઓ અને તારણ પ્રાપ્ત કરો. ઈશ્વર એક જ છે અને ઈસુ ખ્રિસ્ત સિવાય બીજો કોઈ ઈશ્વર નથી.” આનો અર્થ એ કે આ લોકો અન્ય કોઈ ધર્મને અપનાવતા નહોતા. ઈસુ એ જ માત્ર માર્ગ હતા અને તેમના દ્વારા જ વ્યકિત સ્વર્ગને પામી શકે. મેં જ્યારે આ સાંભળ્યું ત્યારે જ મેં નિર્ણય લીધો કે આવા પ્રકારનો ધર્મ આપણા દેશમાં ન હોવો જોઈએ. હું ગુસ્સે થયો અને તેમને ઝૂડવા માટે આસપાસ લાકડી શોધવા લાગ્યો. મને લાકડી (મારા દાદાની ચાલવા માટેની લાકડી) મને જડી. તેની ટોચ પર સિંહનું મોં હતું અને છેડે પિત્તળ હતું. તે ચાલીસે ચાલીસ જણને મેં લાકડીથી પીટ્યા. તેમનામાંના ઘણાના શરીરમાંથી લોહી નીકળતું હતું. કેટલાક તો મૂર્છા પામ્યા હતા. મારો ગુસ્સો એટલો બધો હતો કે મેં તેમને કેટલા જોરથી માર્યા તે પણ હું જાણતો નહોતો. એકને તો માથા પર ઘણી ઈજાઓ થઈ હતી. હું ઘરમાં ગયો. મેં કપડાં બદલ્યા અને ત્યાં પડેલા શરીરોને ખુંદીને ચાલ્યોય ખરો. મારાં ચરણ રકતરંજિત હતા. આ ઘટના પછી મને કેટલાક વિસ્તારોનો મહામંત્રી બનાવાયો. હું ભારતમાંથી ખ્રિસ્તી ધર્મને ભૂંસી નાખીશ તેવી પ્રતિજ્ઞા મંત્રી તરીકે લેવાનું મને કહેવામાં આવ્યું.

ચારે ખૂણે પેટ્રોલ છાંટીને હું ખ્રિસ્તીઓની સભાના તંબુ બાળવા લાગ્યો. મેં અનેક ખ્રિસ્તીઓની અનેક રીતે પજવણી કરી. તે દરમિયાન જ મને એક સામયિકનો પત્ર મળ્યો. તેમાં મને પૂછવામાં આવ્યું હતું કે ઈસુની ટીકા કરતો લેખ હું લખી શકું કે નહિ. હું તેવો લેખ લખવા સંમત થયો. મહા મુશ્કેલીએ મેં બાઈબલ મેળવ્યું અને ઈસુની ટીકા કરતો લેખ લખવા માટેની પૂરતી સામગ્રી પ્રાપ્ત કરવા તે વાંચવું શરૂ કર્યું. હું તે વાંચતો હતો ત્યારે સંત યોહાનના ૮મા અધ્યાયની ૪૬મી કલમ મારી નજરે ચઢી. તેમાં લખ્યું હતું કે ફરોશીઓ, યહૂદીઓ, ધર્મશાસ્ત્રીઓ અને ધાર્મિક લોકો (ધર્મને અનુસરનારા) ઈસુનો

દોષ શોધવા તેમની (ઈસુની) પાસે એક સાથે આવે છે. ત્યારે ઈસુએ તેમને ઉત્તર આપ્યો, "તમારામાંનો કોણ મારા પર પાપ સાબિત કરે છે?" આ તો જાણે કે આખી દુનિયાને પડકાર હતો. પછી મેં વિચાર્યું કે ઈસુના દોષ-પાપ શોધનારાઓ નહિ જાણતા હોય તેવાં કેટલાંક છુપા પાપ ઈસુના હોય પણ ખરાં. આથી ઈસુ વિશે વધુ જાણવા મેં ઊંડાણપૂર્વક બાઈબલ વાંચવાનો પ્રારંભ કર્યો.

માથ્થીના ૨૬મા અધ્યાયની ૪૦મી કલમ નજરે પડી. ત્યાં ઈસુ પોતાના શિષ્યોને કહે છે, "શું તમે એક ઘડી પણ મારી સાથે જાગતા નથી રહી શકતા?" મને થયું કે ઈસુ ભય પામ્યા હતા અને એટલે જ પોતાના શિષ્યોને જગાડતા હતા. જો એ ડરતા હોય અને તેમની ધરપકડ કરવા આવનારાઓથી ભય પામતા હોય તો એ ઈશ્વર કેવી રીતે હોઈ શકે? મને થયું કે ઈસુની ટીકા કરતો લેખ લખવા માટે આ સારો વિષય હતો. મેં આગળ વાંચવું ચાલુ રાખ્યું. ત્યાં તો કલમ ૪૧મી કહેતી હતી, "જાગતા રહો અને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો." આનો અર્થ એવો ખરો કે એમને બીજું ગમે તે થાય તો પણ એમના શિષ્યોએ પરીક્ષણમાં ન પડવું? બીજા શબ્દોમાં કહીએ તો, મને એમ લાગ્યું કે એ તેઓને પોતાને બચાવવાની ના પાડતા હતા, પણ તેઓ પરીક્ષણમાં ન આવે એટલા માટે જાગતા રહી પ્રાર્થના કરવાનું કહેતા હતા. એમના પર ગમે તે ભય તોળાય, તો પણ તેમાં સંડોવવાનું એ તેમને કહેતા હતા કે કેમ તેનું મને આશ્ચર્ય થયું.

આમ, ઈસુને સજ્જન માની હું આ વિચારોમાં લીન હતો, ત્યાં જ મારા ગાલ પરથી આંસુ સરવા લાગ્યા. હું ખુદ આ માની જ ન શકયો. હું દસ વર્ષનો હોઈશ ત્યારે હું રડયો હોઈશ, પણ અત્યારે જેવા આંસુ મેં પાડયા તેવા મેં કયારેય પાડયાં નહોતાં. આજુબાજુ નહોતો ધુમાડો કે નહોતી ધૂળ. તો પછી આ આંસુ કેમ? હું માની જ ન શકયો કે હું રડતો હતો. મેં આંસુ લૂછી નાંખ્યાં.

ત્યાં જ અચાનક મને થયું કે હું કોઈપણ ન કલ્પી શકે તેવી અંધારી ખીણમાં છું અને આ ખીણમાંથી કેમ બહાર નીકળાશે તેવું વિચારું છું. મને થયું કે હું દીવાલનો ટેકો લેવા પ્રયત્ન કરું છું અને કશોક આધાર શોધી રહ્યો છું. ત્યાં જ મેં દૂર વધસ્તંભના આકારનો પ્રકાશ મેં જોયો. મારી પાસે - સામે જ પાણીનું નાનું ઝરણું વહેતું હોય તેવું મને લાગ્યું. મને તે પાણી પીવાનું મન થયું, પણ જેવો હું નીચે નમ્યો કે પાણીને બદલે લોહી જોઈ નવાઈ પામ્યો. તે માણસનું લોહી હતું. વધસ્તંભના આકારનો પ્રકાશ અતિ તેજસ્વી દેખાતો હતો. લોહીનાં ઝરણ પાસેથી ભાંખોડિયા ભરતો હું ચાલતો હતો. ત્યાં જ પ્રકાશ અદૃશ્ય થયો. હું એક આડા-ઊભા ઊભેલા ઢીમચા પાસે આવ્યો. જે લોહી મેં અગાઉ જોયું હતું તે ઊભા ઢીમચામાંથી ઝરતું હતું. તે લાકડાનું સૂકું ઢીમચું હતું. ઘૂંટણો પરના માંસમાં ખોડેલી ખીલામાંથી છુંદેલા ટામેટાની જેમ આવું લોહી કેવી રીતે વહી શકે? તેને ફેંકવામાં આવ્યો હશે, ઘસડવામાં આવ્યો હશે અને શું બન્યું હતું તે જોવા હું ઉત્સુક બન્યો. હું વૃક્ષોની પાસેથી અટકયો અને જાંઘમાંથી લટકતાં ૩, ૪ અને ૫ ઈંચના કદના માંસના ટુકડાઓ મેં જોયા. તે ડરામણું, ભયભીત દૃશ્ય હતું. ઢીમચા પરની વ્યકિતને હું ન જોઈ શકયો. આવું કેમ કરવામાં આવ્યું? તે મરી ગયો હશે. કોઈ માણસે તેની હત્યા કરી હશે કે પછી તેના શરીરના સંવેદનશીલ ભાગ પર પ્રહાર કર્યો હશે? આમ કેમ કરવામાં આવ્યું? હું વધુ આગળ જવા માગતો હતો. શરીરના પડખા પર એક મોટું છિદ્ર હતું, જેમાં મારા બંને હાથ મૂકી શકાતા હતા. તે ઘામાંથી લોહી ધસમસતું હતું. આખું શરીર રકતરંજિત થઈ ગયું હતું. તે શરીરના હાથ દેખાતા નહોતા. બંને હાથ જોવા માટે હું થોડેક અંતરે પાછો ફર્યો. બંને હાથમાં ખીલાઓ ખોડાયા હતા. હથેળીમાં ખોડેલો ખીલો આંગળીની પાસે દોઢેક ઈંચ જેટલો આવ્યો હતો. આમ તેણે હથેલીને ચીરી નાખી હતી. જો તે દોઢ ઈંચ જેટલું માંસ ચીરી નંખાય તો તે પડી નહિ જાય? હું વધુને વધુ જોવા માંડયો. તેના માથા પર કાંટાઓ મૂકયા હતા. તે પછી, પડઘા પાડતો એક ઊંચો-મોટો અવાજ મેં સાંભળ્યો, "આ છે તારા તારણહાર ઈસુ ખ્રિસ્ત. આ છે તારા તારણહાર ઈસુ ખ્રિસ્ત." હું ભયભીત બન્યો અને રઘવાયો દેખાવા લાગ્યો.

ખરેખર, એ ઈસુ ખ્રિસ્ત હતા? દુનિયામાં ઘણા માણસો એમને ઈશ્વર માને છે? તો પછી શા માટે ઈશ્વર લાચાર બની લજ્જાસ્પદ રીતે આવી કરુણ અને અતિ ક્રૂર સ્થિતિમાં લટકતા હતા? શા માટે એ પોતાને ન બચાવી શકયા? જો એ ખરેખર ઈશ્વર હોય તો એમણે પોતાની જાતને બચાવી મારી પાસે આવવું જોઈએ. મારી સાથે વાત કરતા તે અવાજ તરફ હું વળ્યો. વળી, પાછો તે અવાજ ચારે દિશામાંથી અને મારા હૃદયમાંથીય પડઘાવા લાગ્યો, "એ એકલા જ તારા તારણહાર છે, તું શા માટે દલીલો કરે છે? એ છે ઈસુ ખ્રિસ્ત."

મનમાં વિચારો ધસી આવ્યા. આ સાચે જ ઈસુ ખ્રિસ્ત છે? દુનિયાના લોકો તો માને છે કે એ ઈશ્વર છે. તો પછી આવી અતિ ક્રૂર અને દયાજનક સ્થિતિમાં, લાચાર બની લજ્જાસ્પદ રીતે એ કેમ લટકતા હતા? શા માટે એ પોતાને ન બચાવી શકયા? જો એ ખરેખર - સાચેસાચ - ઈશ્વર હોય તો એમણે વધસ્તંભ પરથી મારી પાસે આવવું જોઈએ. એટલે શું હું મારી જાતને એમ કહેતો હતો કે એ ઈસુ ખ્રિસ્ત છે? પછી મેં કહ્યું કે એ ઈશ્વર છે કે નહિ તે હું નથી જાણતો. પણ મારે એમની સાથે શી નિસબત? હું પાંચ-છ ડગલાં પાછો હટયો. ત્યાં જ મને સંબોધતો મૃદુ અવાજ સંભળાયો, "મારા દીકરા, ઈશ્વર નથી તેવી ટીકા ન કર. હું એકલો જ તારો તારણહાર, ઈસુ છું. જે પાપ તેં કર્યું છે તેનો દંડ મેં વેઠયો છે અને તે પાપ માટે હું સહન કર્યે જ જાઉં છું." મેં એમને જોયા. મેં મારા કાનોકાન એવું કહેતા એમને સાંભળ્યા કે એ ઈસુ ખ્રિસ્ત છે. હવે મારે એમને સ્પર્શવા જોઈએ, અનુભવવા જોઈએ. શું એ ઈશ્વર છે કે માનવ? લાવ, હું એમને સ્પર્શું, એમને અનુભવું. એટલે મેં એમના તરફ પાછું ચાલવા માંડયું. ત્યાં જ મેં મોટો અવાજ સાંભળ્યો, "ઓ પૃથ્વીને છેવાડે રહેતા લોકો, મારી તરફ જુઓ અને તારણ પ્રાપ્ત કરો. મારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી." પછી એમના પડખામાંથી લોહી ધસી આવ્યું ને મારા ચહેરા પર અફળાયું. તે લોહી ઉકળતા તેલ જેવું ગરમ હતું. મારી આંખો અને મારો ચહેરો દાઝી જ ગયા હોવા જોઈએ. આંખો વગર હું મારી શેષ જિંદગી કેવી રીતે પસાર કરીશ? હું આમાં શીદ ફસાયો? એ ઈશ્વર હોય કે નહિ તેની મારે શી નિસબત? મેં આંખો ખોલી. હું કમરામાં જ હતો. વચ્ચેથી ઉઘાડેલા બાઈબલ પર મારો ચહેરો ઢળેલો હતો. ઈસુની ટીકા કરતા લેખના બધા જ પાના મારા આંસુથી ભીના થઈ પૂરા ખરડાયેલા પડયા હતા.

ઘરમાંથી બહાર આવી હું શેરીમાં ઊભો રહ્યો. ત્યાં જ, દૂરથી મારા તરફ આવતો એક માણસ મેં જોયો. મેં અગાઉ એને કયાંક બીજે જોયો છે એવી ઊંડી લાગણી મને થઈ. તેની એક બાજુએ દાંત નહોતા અને તે કદરૂપો લાગતો હતો. હા, તે પેલો ઈશ્વરનો સેવક જ હતો. અને અગાઉ જ્યારે મેં તેને માર્યો હતો, ત્યારે તેણે તેના દાંત ખોયા હતા. મેં જેવો તેને ઓળખ્યો કે વધસ્તંભ, વહેતું લોહી અને પેલો અવાજ સાંભરવા માંડયા. મેં વિચાર્યું કે આ ઓરડામાં મેં જે અગાઉ અનુભવ્યું તે આ ઈશ્વરનો સેવક જાણતો જ હશે. છતાંય હું એને પૂછીશ. મેં તેને અગાઉ માર્યો હતો, તેથી તે મારી પાસે આવશે કે નહિ તે હું નથી જાણતો. પણ મેં તેને બોલાવવાનો નિર્ણય કર્યો. 'અરે, હું તમારી સાથે વાત કરી શકું?' મેં કહ્યું, 'ઈસુએ મને દર્શન દીધું છે. શા માટે તે લોકોએ એમને આમ લટકાવ્યા?' ઈસુએ આ બધું એટલા માટે વેઠયું કે જેથી નર્કના અગ્નિથી તમારો નાશ ન થાય', પેલા માણસે કહ્યું. લાંબા સમય સુધી સુવાર્તા સમજાવતાં તેણે કહ્યું કે, આપણા તારણ માટે ઈસુએ વધસ્તંભે પોતાનું જીવન સમર્પી દીધું. 'તું જો ઈસુમાં વિશ્વાસ મૂકીશ તો તારાં પાપોની માફી અપાશે.' તે પોતાની ઘડિયાળમાં જોતો હતો. મેં તેને પૂછયું કે તેને કોઈ અગત્યનું કામ હતું કે શું? હા, મારે પ્રાર્થનાસભામાં જવાનું છે. હવે હું તારાથી છૂટો પડું છું. ફરી પાછા આપણે મળીશું.

'પ્રાર્થનાસભામાં તમે શું કરો છો?' મેં પૂછયું, 'અરે! અમે ગીતો ગાઈએ છીએ અને એમની આરાધના કરીએ છીએ અને તમારા જેવા લોકોને ઈસુનું દર્શન કેવી રીતે થયું તે વિશે લોકોને જણાવીશું.' હું તે સભામાં હાજર રહી શકું કે નહિ તેવી મેં પૃચ્છા કરી. તેણે મને સહૃદયતાપૂર્વક આમંત્રણ આપ્યું અને તેની સાથે પ્રાર્થનાસભામાં આવવા કહ્યું. રીક્ષા ભાડે કરી તે મને સભામાં લઈ ગયો. આ જ સભામાં ઈસુએ મારા પાપોની માફી આપી અને મારા બધાં જ પાપ ધોઈ નાખ્યાં. મેં સરકારને મારું પ્રમાણ મોકલી આપ્યું. ત્યારપછી ૧૧ મહિના વીત્યા બાદ, ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ મેં ૫૦૦ માણસોની હાજરીમાં ખુલ્લંખુલ્લા એકરાર કર્યો કે જ્યારે હું પાપી હતો ત્યારે જ ખ્રિસ્તે મારા માટે સહન કરી મૃત્યુ વહોર્યું. એટલે હું

એમને માટે અત્યારે કે ગમે ત્યારે મરવા તૈયાર છું. મેં બાપ્તિસ્માનો સ્વીકાર કર્યો. પછી સરકારે મને નોકરી આપી. પણ થોડા સમય પછી ઈસુએ મને એમના પૂર્ણ સમયના સેવક તરીકે બોલાવ્યો. મેં નોકરીમાંથી રાજીનામું આપી દીધું. ત્યારપછી ઘરમાં અને બહાર મેં અનેક કસોટીઓ અને દુ:ખો વેઠ્યાં છે. મારા માતાપિતાએ મને ત્યજી દીધો અને ઘરની બહાર કાઢી મૂક્યો. ખાલી હાથે મેં ઘર છોડ્યું. પણ મારા મહાન ઈશ્વર પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારો એ માટે ઉપયોગ કરી રહ્યા છે કે જેથી અનેક લોકો તેમના સર્જકને અને તેમના તારણહારને જાણે.

મારા દેશનો કંઈક અંશે વિનાશ કરવા માટે હું જવાબદાર છું. હવે મારું ધ્યેય છે પ્રભુ સંમુખ મારા દેશને રજૂ કરવાનું. મારી ઉત્કટ પ્રાર્થના છે કે મારા પ્રભુએ મારા દેશને ગરીબી, વહેમો અને ભોળપણના સકંજામાંથી બચાવી લેવો જોઈએ. મારા દેશના લોકોને ઈશ્વરના પ્રેમથી માહિતગાર કરવા એ જ મારું જીવનકાર્ય છે.

મારી પ્રાર્થના એ છે કે હું આપણા દેશના તારણ માટે પ્રભુની સેવા કરું.

**- એસ.વી.પી.**

હૈદ્રાબાદ, ભારત.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

કર્મથી કૃપા તરફ

## ઈસુ ખ્રિસ્તનું બલિદાન હિંદુ વેદોના હેતુને પરિપૂર્ણ કરે છે.

### મને ક્ષમા અપાઇ.

મારું નામ એમ.એન.પૉલ. હું આંધ્રપ્રદેશ સરકારના આંધ્રપ્રદેશ રાજ્ય વીજળી નિગમ (પ્રોજેક્ટ)નો જુલાઇ ૧૯૯૨ થી મે ૧૯૯૫ સુધી પૂર્વ સભ્ય હતો. રાજ્ય સરકારની નોકરીમાંથી ૧૯૯૫ના મે મહિનામાં નિવૃત્ત થયો. અને અત્યારે હું હૈદ્રાબાદમાં રહું છું. હું એમ/એસ. બીબીઆઇ પાવરઘટક કે જે સ્વતંત્ર વીજળી ઉત્પાદક છે તેના વહીવટી નિયામક તરીકે કામ કરું છું. તેનું વડુંમથક અમેરિકાના, મેરીલેન્ડમાંના સ્ટીવન્સવીલેમાં આવેલું છે.

મારા પૂર્વજો ક્ષત્રિયો હતા અને મહારાષ્ટ્રના સુપ્રસિધ્ધ શિવાજી છત્રાપતિના રાજ્યમાં અશ્વદળમાં હતા. જ્યારે તે રાજ્યનું પતન થયું ત્યારે અંગ્રેજોએ મહારાષ્ટ્ર રાજ્યના લશ્કરોને વિખેરી નાખ્યા અને સૈનિકોને મહારાષ્ટ્રમાંથી બહાર મોકલી દીધા. તે ક્ષત્રિયો દેશના જુદા જુદા ભાગોમાં વસ્યા. લગભગ ૨૫૦ વર્ષો પૂર્વે તેમાંનું એક કુળ આંધ્રપ્રદેશમાં વસ્યું. મારા પૂર્વજો તે કુળના છે.

સ્વ. શ્રી. મુકત્યાલ વેંકટેશ્વરરાવ અને સ્વ. શ્રીમતી એમ. જગમ્મા મારા માતાપિતા છે. મારા મોટાભાઇ શ્રી એમ. વીરરાજુનો જન્મ ૧૯૩૦ના ઓગસ્ટમાં થયો હતો. ૧૯૫૦ના વર્ષમાં તે સીવીલ એન્જિનિયરીંગમાં સ્નાતક થયો. તેણે આંધ્રપ્રદેશ સરકારના સિંચાઇ વિભાગમાં વડા એન્જિનિયર તરીકે અને આંધ્રપ્રદેશ સરકારના વડા ટેકનિકલ પરીક્ષક તરીકે પણ સેવાઓ આપી. ૧૯૮૮માં તે નિવૃત્ત થયા અને આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાંના કાર્કિન્ડામાં સ્થિર થયો. મારાં માતાપિતાના બીજા સંતાન તરીકે મારો જન્મ ૧૯૩૬ના નવેમ્બરમાં થયો. ૧૯૫૮માં હું ઈલેકટ્રીકલ એન્જિનિયરીંગમાં સ્નાતક થયો. મારી નાની બહેન ૧૯૪૯ના જૂનમાં જન્મી હતી. તેનો પતિ તબીબી વિજ્ઞાનનો સ્નાતક છે. આંધ્રપ્રદેશ સરકારમાં તેણે નાયબ સીવીલ સર્જન તરીકે નોકરી કરી હતી. નિવૃત્ત થયા પછી તે કાકિન્ડામાં સ્થિર થયો.

મારા માતાપિતા ચુસ્ત હિંદુ હતાં. કાકિન્ડાની પી.આર.કોલેજમાં ભણતા હતા અને હજી ઈન્ટરના વર્ગમાં હતા, ત્યારે જ મારા પિતા બ્રહ્મ સમાજના પ્રભાવ નીચે આવ્યા. ધીમે ધીમે હિંદુ ધર્મ પરની તેમની શ્રધ્ધા ઘટતી ગઇ. સ્વ. શ્રી. એન. ડેનિયલ મારા પિતાના વર્ગસખા હતા. આ સજ્જને મારા પિતા સાથે ઈસુ ખ્રિસ્ત વિશે ચર્ચા કરી અને તેમના વિશે સઘળી સ્પષ્ટતા કરી. મારા નાનામાં નાના ભાઇ વિદ્વાન હતા, પણ તે નાસ્તિક હતા. ઈન્ગરસોલ અને બીજા પ્રસિધ્ધ નાસ્તિકોએ લખેલાં પુસ્તકો તેમણે મારા પિતાને વાંચવા પ્રેર્યા. ઈન્ગરસોલ અને બીજા નાસ્તિકોએ લખેલાં પુસ્તકોનો જવાબ બાઇબલના વિદ્વાનોનાં પુસ્તકોમાં હતો. શ્રી ડેનિયલે તે પુસ્તકો મારા પિતાને આપ્યાં. આ બધાથી મારા પિતા સાવ મૂંઝાઇ ગયા અને સર્વધર્મોનો જાતે જ તુલનાત્મક અભ્યાસ કરી સત્ય શોધવાનો તેમણે નિર્ણય કર્યો. તેમણે હિંદુ શાસ્ત્રો, કુરાન (અંગ્રેજી ભાષાંતર) અને બાઇબલ વાંચ્યા. તેમણે પચ્ચીસથીયે વધુ વર્ષો સત્યની શોધમાં પસાર કર્યા અને છેવટે તેમને જ્ઞાન થયું કે ઈસુ ખ્રિસ્ત એ જ માત્ર ઉત્તર છે.

તે સમયની અમારા કુટુંબોની પરંપરા પ્રમાણે છોકરી દસ વર્ષની વયની થાય એટલે તેને નિશાળે નહોતી મોકલાતી. તે ઉંમર થતાં જ છોકરીએ પોતાના ઘરની ચાર દીવાલોમાં પુરાઇ રહેવું પડતું. અરે, ઘરના વરંડા સુધી તે જઇ શકતી નહોતી. આ ઉંમર થતાં જ છોકરીના લગ્ન કરી દેવા જોઇએ. આવી રૂઢિ હોવાથી મારી મા પાંચમાં ધોરણ સુધી જ ભણી શકી. ત્યાર પછી હિંદુ ધાર્મિક વિધિઓ અને પૂજાઓ, ઉપવાસો અને પ્રાર્થનાઓ જેવી બીજી વિદ્યાઓમાં તેને રીબાવું પડયું. વૃધ્ધ સ્ત્રીઓ અને બ્રાહ્મણ પુરોહિતો મારી મા અને તેની બે મોટી બહેનોને આ પૂજાઓ અને અન્ય વિધિઓ શીખવતાં. આમ, મારી મા દૃઢ અને રૂઢિચુસ્ત હિંદુ બની. અમે બ્રાહ્મણો પછીની બીજી જ

ઈસુ ખ્રિસ્તનું બલિદાન હિંદુ વેદોના હેતુને પરિપૂર્ણ કરે છે. મને ક્ષમા અપાઈ.

ઉચ્ચ જ્ઞાતિનાં ક્ષત્રિયો હતા એટલે મારી મા અસ્પૃશ્યતા અને એવી અન્ય વિધિઓનું આચરણ કરતી. મારી માની બાર વર્ષની ઉંમરે મારા નાનાએ તેનાં લગ્ન કરી નાખ્યા. જ્યારે તેમના લગ્ન થયા ત્યારે મારા પિતા હજી સત્યની ખોજ આદરતા હતા.

સ્વાભાવિક છે કે મારી માએ અમને સહુને તે ચુસ્ત નિયમોમાં જ ઉછેર્યા. મારી માને મારા પ્રત્યે વિશેષ સ્નેહ હતો અને હું પણ મારી માને ખૂબ ચાહતો હતો. એટલે તેનો ઝાઝો પ્રભાવ મારા પર હતો.

ખ્રિસ્તને પામ્યા પછી મારા પિતાએ મારી માને ઈસુ ખ્રિસ્ત વિષે શીખવ્યું અને સમજાવ્યું કે વેદમાં વર્ણવેલા "પ્રજાપતિ દેવે ભ્યાંમ આત્માનાં યજ્ઞં કૃત્વા પ્રાયશ્ચિત:!" તેઓ જ છે. તેમણે કહ્યું કે આપણા ઋષિઓની આ પ્રાર્થના - અસતોમાં સદ્‌ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય નો ચોક્કસ ઉત્તર ઈસુ ખ્રિસ્તે આપ્યો છે. તેમણે કહ્યું છે, "હું જ માર્ગ, સત્ય અને જીવન છું. મારી સાથે આવ્યા વિના કોઈપણ વ્યક્તિ પિતા પાસે આવી શકતી નથી." અને "હું જ જગત પર આવેલું અજવાળું છું અને જે કોઈ મારામાં વિશ્વાસ મૂકશે, તે અંધારામાં નહિ રહે." મારી મા તો ત્યારે ખૂબ મુંઝાઈ ગઈ, કારણ કે તેના પતિ તેને અસ્પૃશ્યોના ઈશ્વરની વાત કરતા હતા. જો કે થોડા સમય પછી તેને ગળે આ વાત ઊતરી, તો પણ તેને અમારી, તેનાં સંતાનોની ચિંતા હતી. આથી મારી મા તેની મોટી બહેન સાથે મને મંદિરોમાં અને હિંદુ પર્વો-ઉત્સવોમાં મોકલવા લાગી. આ પ્રવાસોને કારણે જ્ઞાતિપ્રથા, તેનો ભેદ વગેરે મારામાં આત્મસાત થયાં.

મારા પિતાના અને ખ્રિસ્તી ધર્મમાં હૃદયાંતર પામેલા બીજા બ્રાહ્મણોના વર્ષોના પ્રયત્નો પછી મારી માએ ઈસુ ખ્રિસ્તને તેના અંગત તારણહાર તરીકે સ્વીકાર્યા. તેમની સાથે જ, અમારું, ત્રણેય સંતાનોનું ખ્રિસ્તી ધર્મમાં હૃદયાંતર કરાવવું કે નહિ તે નક્કી કરવામાં મારાં માતપિતાએ થોડો સમય લીધો. અમારાં સગાંઓ દ્વારા બહિષ્કાર કરાશે તેની તેમને ખાતરી હતી. મારાં માતાપિતાને તેમના સંતાનોનાં લગ્નની ચિંતા તેમને સતાવતી હતી. છેવટે, તેમની સાથે જ, અમારું - ત્રણેય સંતાનોનું હૃદયાંતર કરાવવાનો તેમણે નિર્ણય લીધો - પરિણામની લગીરે પરવા કર્યા વિના.

મારા પિતા, મારી મા, મારો મોટોભાઈ (ત્યારે લગભગ ૧૩ વર્ષની વયનો), હું (ત્યારે લગભગ ૭ વર્ષની વયનો) અને મારી નાની બહેન (ત્યારે લગભગ ૩ વર્ષની વયની) ૧૯૪૪ની ૨૭મી ફેબ્રુઆરીએ ખ્રિસ્તી બન્યા.

ચુસ્ત હિંદુ એવી મારી મા હૃદયાંતર પછી ચુસ્ત ખ્રિસ્તી બની. સારાં ખ્રિસ્તીઓ તરીકે સંતાનોને ઉછેરવાનો તેણે પ્રયત્ન કર્યો. તેણે અમને શીખવાડ્યું કે મૂર્તિપૂજા ઈશ્વરને સ્વીકાર્ય નથી અને આપણે પોતાના આત્માથી આરાધના કરીએ તેવું ઈશ્વર ઈચ્છે છે, કારણ કે ઈશ્વર આત્મા છે. તેણે અમને બાઈબલ વાંચતા અને ઘરે પ્રાર્થના કરતાં, દેવળમાં જતાં અને ખ્રિસ્તી ધર્મગુરુઓની પ્રાર્થનાસભામાં હાજર રહેતા કર્યા. પણ શાળામાંના વિદ્યાર્થીઓના પ્રભાવને કારણે મારે મારાં માતાપિતાના પગલાંને અનુસરવું (ખાસ તો જ્યારે મા મને ખૂબ ચાહતી હતી અને હું પણ તેને તેટલું જ ચાહતો હતો ત્યારે) કે પછી મારાં અન્ય સગાઓ (જેઓ હજી આજેય હિંદુ છે) ને અનુસરવું તે હું નક્કી નહોતો કરી શકયો.

૧૯૪૬માં મારી માના ગર્ભમાં ગાંઠ થઈ હતી તેવું નિદાન થયું. મારા મામાનો દીકરો (પાછળથી જે મારી બહેન સાથે પરણ્યો હતો) વિશાખાપટ્ટનમમાં આવેલી કીંગ જ્યોર્જ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં તબીબી વિજ્ઞાન ભણતો હતો. કીંગ જ્યોર્જ હોસ્પિટલના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત અને સ્ત્રીરોગના પ્રાધ્યાપક ડૉ. શ્રીમતિ લાઝરસ પાસે તેણે મારી માની તપાસ કરાવી. તેમણે કહ્યું કે મારી માના બચવાની હવે કોઈ આશા નહોતી, કારણ કે મારી માની બીમાર પરિસ્થિતિની સારવાર કરવાના ડૉ. લાઝરસના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. એટલે ડૉ. લાઝરસે એવો અભિપ્રાય આપ્યો કે મારા મા વધુમાં વધુ ૬ મહિના જીવશે. મારાં માતાપિતાની, અનેક ખ્રિસ્તી મિત્રો અને સંતોની વારંવારની પ્રાર્થનાઓનો ઉત્તર ઈશ્વરે આપ્યો અને મારી મા ૧૯૮૩ સુધી એટલે કે ડૉક્ટરે અંદાજેલા જીવન ગાળાથીય પૂરા ૩૭ વર્ષો વધુ જીવી. આ ચમત્કાર હતો. આ ચમત્કારે મારા પર એ પ્રગાઢ પ્રભાવ પાડ્યો કે ઈસુ ખ્રિસ્ત પ્રાર્થના સાંભળતા તથા તેનો ઉત્તર આપતા ઈશ્વર છે. પરંતુ મારું હૃદય પાપો અને પાપી વિચારોથી ભરેલું હતું. કેટલાક વિદ્યાર્થીઓનો મારા પર પ્રભાવ હતો અને હું માથાભારે બનતો હતો. ઘરે હું મારા માતાપિતાને ખુશ કરવા બાઈબલ વાંચતો અને પ્રાર્થના કરતો. પણ શાળામાં જતાવેંત જ હું જુદો બની જતો. મારું હૃદય પથ્થર જેવું કઠોર અને દંભથી ભર્યું ભર્યું હતું.

૧૯૫૦થી ૧૯૫૪નાં વર્ષોમાં હું સ્કાઉટનો વિદ્યાર્થી હતો. અમે સ્નાનઘાટે આવતા યાત્રીઓને સહાય કરી શકીએ, તેમને વ્યવસ્થિત કરી શકીએ, એટલા માટે અમારી શાળા અમને, બોય સ્કાઉટોને મંદિરોમાં મોકલતી. આ મંદિરો સિંચાઈ કરેલી નહેરોને કાંઠાઓ પર હતા અથવા તો મંદિર સંકુલોમાં જ મંદિરોના તળાવો-કુંડો હતા. યાત્રીઓ નહાઈને દેવતાઓની પૂજા કરવા મંદિરોમાં પ્રવેશતાં. સ્નાન માટે

ફરજ બજાવતાં બજાવતાં હું પાણી સામે જોતો હતો. હજારો યાત્રીઓ તેમાં સ્નાન કરતાં હોવાથી તે અતિશય ડહોળાતું હતું. તે જ રીતે, મંદિરોનાં તળાવોમાંનું પાણી પણ ગંદુ બનતું હતું, કારણ કે તે તળાવોને ખાલી કરી સાફ-સ્વચ્છ કરવાનો કોઇ માર્ગ નહોતો. આ પરિસ્થિતિઓને કારણે મારા મનમાં પ્રશ્નો ઉદ્ભવ્યા - નહેરો કે મંદિરના તળાવોનું પાણી સ્વચ્છ નથી તો તે શરીરને સ્વચ્છ ન કરી શકે. તો પછી તે પાણી આપણા આત્માઓને કેવી રીતે સ્વચ્છ કરે?

૧૯૪૭થી ૧૯૫૧ના વર્ષો દરમિયાન મારા પિતા આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાં આવેલા રામચન્દ્રપુરમ્ અને પેદ્દાપુરમ્માં નોકરી કરતા હતા. જ્યારે હું ત્યાં જ હાઈસ્કૂલમાં ભણતો હતો, મારાં કેટલાક વર્ગમિત્રો પાસેના ગામડાઓમાંથી નિશાળે આવતા હતા. કેટલાક ઉત્સવો દરમિયાન તેમણે મને તેમના ઘરે એક દિવસ રહેવા નિમંત્રણ આપ્યું. એ મુલાકાતો દરમિયાન, ગામડાંના દેવતાઓને કૂકડાઓ, બકરાઓ અને ઘેટાંઓનાં બલિદાન અપાતાં મેં જોયાં. વિધિઓ અને પશુઓનાં બલિદાનોનું મહત્ત્વ હું ન સમજી શકયો કે ન તેની કદર કરી શકયો. ૧૯૫૧ અને ૧૯૫૨નાં વર્ષોમાં પશુ બલિદાનો અને ગંદા પાણીમાં યાત્રીઓનાં સ્નાન મને ખૂબ મૂંઝવતા હતા. મેં આ કર્મકાંડો - વિધિઓ સમજાવવાની વિનંતી પિતાને કરી. વેદો અને બાઈબલમાંથી અવતરણો ટાંકી મારા પિતાએ મને સમજાવ્યું.

| | | |
|---|---|---|
| ૧ | યજ્ઞોવ્ય ભુવનસ્ય નાભિ | સમર્પણ તે વિશ્વનો મહત્ત્વનો આધાર છે. |
| ૨ | સર્વપાપ પરિહારો રકતપ્રોક્ષણમવશ્યમ્ !<br>પરમાર્થમેવ પુણ્યદાન તવકતમ્ | પાપોને સ્વચ્છ કરવા રકતનો છંટકાવ અનિવાર્ય છે.<br>આ રકત બલિ દ્વારા પોતાનું રકત આપતાં ખુદ<br>ઈશ્વરનું અર્પણ છે. |
| ૩ | પ્રજાપતિ દેવભ્યમ્ આત્માનમ્<br>યજ્ઞં કૃત્યા પ્રાયશ્ચિત:! | વિશ્વનાં પાપોના પ્રાયશ્ચિત ખાતર<br>ઈશ્વરે પોતાનું બલિદાન આપ્યું. |
| ૪ | પ્રજાપતિ યજ્ઞ:! | ઈશ્વર ખુદ બલિદાન - સમર્પણ હતા. |
| ૫ | યજ્ઞોવા અવાતિ<br>તસ્ય છાયા ક્રિયતે | જે બલિદાનો - સમર્પણો આચરાય છે,<br>તે સર્વોત્કૃષ્ટ બલિદાન - સમર્પણની છાયા છે. |
| ૬ | ના કર્મણા માનુષ તનૈર્ણ<br>દાનસ્તપાસવ્ય કૈવલ્ય લભતે મત્ય:! | સ્નાન, યાત્રાઓ, દાન કે ધર્માનુસરણથી<br>પાપો ધોવા શકય નથી. |

ત્યારપછી મારા પિતાએ મને પવિત્ર બાઈબલમાંથી પ્રબોધક યશાયાના પુસ્તકમાંથી અધ્યાય ૫૩ની કલમ ૫-૧૨ મને વંચાવી. "પણ આપણા અપરાધઓને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો. આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયા છીએ. દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે અને યહોવાએ તેના પર આપણ સર્વના પાપ (નો ભાર) મૂકયો છે. તેના પર જુલમ ગુજારવામાં આવ્યો, તોપણ તેણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડયું નહિ. હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેના જેવો અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે તેના જેવો તે હતો. તેણે તો પોતાનું મોં ઉઘાડયું જ નહિ. જુલમથી તથા ન્યાયચુકાદાથી તેને લઈ જવામાં આવ્યો, તેની પેઢીના માણસોમાંથી કોણે વિચાર કર્યો કે મારા લોકના અપરાધોને લીધે તેના પર માર પડયો ને તેને જીવતાઓની ભૂમિ પરથી મારી નાખવામાં આવ્યો? તેની કબર દુષ્ટોની ભેગી ઠરાવેલી હતી અને તેની મરણાવસ્થામાં તે દ્રવ્યવાનની સંઘાતે હતો. કેમ કે તેણે અપરાધ કર્યો નહોતો ને તેના મુખમાં કપટ નહોતું. તોપણ યહોવાની મરજી તેને કચરવાની હતી. તેણે તેને દુ:ખી કર્યો. તેના આત્માનું દોષાર્થાર્પિણ થશે ત્યારે તે પોતાના સંતાન જોશે, તે દીર્ઘાયુ થશે ને તેને હાથે યહોવાનો હેતુ સફળ થશે. તે પોતાના આત્માના કષ્ટનું ફળ જોઈને સંતોષ પામશે, મારો ન્યાયી સેવક પોતાના જ્ઞાનથી ઘણાઓને ન્યાયી ઠરાવશે અને તેઓનાં અપરાધોને માથે લેશે. તે માટે હું મહાન પુરુષોની સાથે તેનો હિસ્સો વહેંચી આપીશ અને પરાક્રમીઓ સાથે તે લૂંટ વહેંચશે, કારણ કે તેણે પોતાનો આત્મા મરણ પામતાં સુધી રેડી દીધો, અને તે અપરાધીઓમાં ગણાયો. પરંતુ તેણે ઘણાંઓનાં પાપ માથે લીધાં અને અપરાધીઓને સારુ મધ્યસ્થી કરી." ત્યારપછી તેમણે મને વેદનાં કથન અને બાઈબલનાં કથન

વચ્ચેનું સામ્ય દર્શાવ્યું. જેમકે (૧) રકત વહેવડાવ્યા વિના પાપોની માફી મળતી નથી. (૨) પાપોની માફી મેળવવા માટે બલિ અનિવાર્ય છે. (૩) અને આપણાં સહુના પાપોનાં પ્રાયશ્ચિત માટે ઈશ્વરે પોતે જ ખુદનો દેહ બલિ તરીકે સમર્પ્યો.

ત્યાર પછી મારા પિતાએ વેદોમાંથી અનેક શ્લોકો ટાંકયા અને બાઈબલમાંથી અનેક કલમો વાંચી. આ તેમણે તે પૂરવાર કર્યું કે 'પરમાર્થમેવ પુણ્યદાન બલિયજ્ઞમ્' અને 'પ્રજાપતિર્યજ્ઞ:' તે કથનનો મર્મ માત્ર ખ્રિસ્તના વધસ્તંભે જડાયાથી જ પરિપૂર્ણ થાય છે. યજ્ઞપશુની હત્યા કર્યા પછી તેને પાછું જીવંત કરવું જોઈએ અને તે યજ્ઞપશુનું માંસ યજ્ઞ કરનારાઓએ ખાવું જોઈએ એવું કહેતા અનેક શ્લોકો મારા પિતાએ ટાંકયા. મારા પિતાએ બાઈબલમાંથી માથ્થીની સુવાર્તાના ૨૬મા અધ્યાયની ૨૬-૨૮ કલમો પણ વાંચી - "અને તેઓ ભોજન કરતા હતા, ત્યારે ઈસુએ રોટલી લઈને તથા આશીર્વાદ માગીને ભાંગી અને શિષ્યોને તે આપીને કહ્યું કે, ***લો, ખાઓ, એ મારું શરીર છે.*** અને તેણે પ્યાલો લઈને તથા સ્તુતિ કરીને તેઓને આપીને કહ્યું કે, ***તમે સહુ એમાંનું પીઓ. કેમ કે (નવા) કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાઓને સારુ વહેવડાવવામાં આવે છે.***" વળી મારા પિતાએ લૂકની સુવાર્તાના ૨૨મા અધ્યાયની ૧૯મી કલમ પણ વાંચી - "પછી તેણે રોટલી લઈ સ્તુતિ કરીને ભાંગી અને તેઓને આપીને કહ્યું કે, ***આ મારું શરીર છે, તે તમારે સારુ આપવામાં આવે છે. મારી યાદગીરીમાં આ કરો.*** તે જ પ્રમાણે વાળુ કર્યા પછી તેણે પ્યાલો લઈને કહ્યું કે, ***આ પ્યાલો તમારે સારુ વહેવડાવેલા મારા લોહીમાંનો નવો કરાર છે.***"

આમ, મારા પ્રશ્નોના સંપૂર્ણ ઉત્તરો મારા પિતાએ આપ્યા હતા અને હું જ્ઞાની બન્યો. પરંતુ, અંતરથી હું ખ્રિસ્તી નહોતો. મારા માતાપિતાની હાજરીમાં હું ખ્રિસ્તી હોવાનો ડોળ કરતો પણ મિત્રોની ભેગો થતાં જ હું ખ્રિસ્તી નહોતો રહેતો.

૧૯૫૩ના એપ્રિલ મહિનામાં પવિત્ર સજ્જન સ્વ.શ્રી જી.આર. લોર્ન દ્વારા સંચાલિત ખ્રિસ્તી સભામાં મારાં મા મને અને મારી બહેનને લઈ ગયા. સભા દરમિયાન જ મને મારાં પાપોની ખાતરી થઈ ગઈ. એકલો પ્રાર્થના કરવા હું ઘૂંટણિયે પડયો. મેં જે પાપો કર્યાં હતાં તે વારાફરતી મારી આંખો સામે છતા થયાં. હું અવિરત રડવા લાગ્યો. મારાં પાપો માફ કરવા માટે હું ઈસુ ખ્રિસ્તને વારંવાર પ્રાર્થના કરવા લાગ્યો. મેં તેમને પ્રાર્થનામાં કહ્યું કે મારાં પાપોને કારણે તેમને વધસ્તંભે જડવામાં પણ હું હિસ્સેદાર બન્યો હતો. મારા પર દયા કરવા અને મારાં સઘળાં પાપો ધોઈ નાખવા મેં તેમને પ્રાર્થના કરી. જેવો મેં મારાં પાપોનો એકરાર કર્યો કે મારા હૃદયમાં પ્રચંડ આનંદ અનુભવ્યો. અને મેં બાઈબલની કલમ દીઠી - "હું તમારા પર શુદ્ધ પાણી છાંટીશ, ને તમે શુદ્ધ થશો, તમારી સર્વ મલિનતાઓ અને તમારી સર્વ મૂર્તિઓમાંથી હું તમને શુદ્ધ કરીશ. હું તમને નવું હૃદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા પણ મૂકીશ અને હું તમારા દેહમાંથી પાષાણમય હૃદય દૂર કરીશ, ને હું તમને માંસનું હૃદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ, ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં મૂકશો. જે દેશ મેં તમારા પૂર્વજોને આપ્યો હતો તેમાં તમે વસશો. તમે મારી પ્રજા થશો ને હું તમારો દેવ થઈશ." આ કલમો બાઈબલમાંના પ્રબોધક હઝકિયેલના પુસ્તકમાંના ૩૬મા અધ્યાયની ૨૫-૨૮મી કલમો છે. ત્યાંને ત્યાં જ મેં ઈસુ ખ્રિસ્તનો મારા અંગત તારણહાર તરીકે સ્વીકાર કર્યો અને અંતરથી - હૃદયથી ખ્રિસ્તી બન્યો. માત્ર ઈશ્વરની કૃપાને કારણે જ નર્કથી હું બચી ગયો.

પ્રિય વાચકો, મને પાપમાંથી બચાવનાર અને સનાતન જીવન આપનાર ઈશ્વરનો પ્રેમ વહેંચતા મને ઘણો આનંદ થાય છે. કૃપા કરી તમે પોતે જ બાઈબલ વાંચજો અને ઈસુ ખ્રિસ્તના શબ્દોને ચકાસજો. ઈશ્વર તમારા પર કૃપા વરસાવે અને તમારુંય તારણ કરે એવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું.

**- એમ.એન.પી.**

હૈદ્રાબાદ, ભારત.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## વેંકટેશસ્વામી અને અસ્પૃશ્યોનો ઈશ્વર

### ૧.

### વાળ માંગતો દેવ

'હરે રામ, હરે કૃષ્ણ ... હરે હરે, ઓ વેંકટેશ્વર, સૌંદર્યસભર, અમ પ્રાર્થના સુણો.'

મંદિર તરફ જતાં સીધા ચઢાણોને ચઢતા યાત્રીઓની જાણે કે અનંતહાર સાથે શીતલ રાત્રિને કંપાવતો મૃદુ વાયુ આ પરિચિત પ્રાર્થનાને મોક્ષ રાગમાં ગાતો હતો. આખી રાત, તેઓએ પહાડમાં કંડારેલા પગથિયાં ચઢીને પોતાનો માર્ગ કાપ્યો હતો, પોતાના પરિશ્રમથી તે હાંફતા હતા, જરૂર જણાય ત્યાં વિરામ માટે થોભતા અને ફરી પાછા પોતાના ઉદાત્ત ધ્યેય તરફ નવા નિર્ણય સાથે આગળ વધતા. કેટલાકે કેરોસીનનું ફાનસ ઊંચે પકડી રાખ્યું હતું. તો કેટલાક, ક્ષિતિજ પર સાવધતાથી ઝૂલતા ચંદ્રના પાતળા રૂપેરી કિરણની આછી સહાયને કારણે આગળ લથડિયાં ખાતાં ચઢતાં હતાં. પહાડની ટોચે આવેલા આ પ્રસિદ્ધ મંદિરમાં જેનો ખાસ નિવાસ છે તે વેંકટેશ દેવ, આ કઠોર ચઢાણ બદલ તેઓના પર કૃપાનું સ્મિત વેરવાનો હતો. આ આશાને લીધે જ થાકેલાને બળ મળતું હતું.

નાગાગુરુ વેંકટેશસ્વામી ગુપ્તા તેની પાલખીમાં અસ્વસ્થતાથી કંપતો હતો, અને તેના વિશાળ કપાળ પરથી કાળા વાળના ઝુંડને ઊંઘમાં ને ઊંઘમાં પાછા હઠાવતો હતો. તેના જન્મથી માંડીને આજ નવ વર્ષ સુધી આ વાળ પર કાતર ચલાવાઈ નહોતી. તેની મા તેની સાથે હઠથી પગ ઘસડતી ચાલતી હતી. પોતાના પ્રિય વેંકટેશસ્વામીના, પોતાના આંખના રતનસમા વેંકટેશના જન્મ પહેલાં, આ જ પહાડ પર તેણે લીધેલી પ્રતિજ્ઞાઓ તે અત્યારે સંભારતી હતી. તેણે અને તેના પતિએ લગ્ન પછી વર-વધૂ તરીકે આ અગાઉ વેંકટેશ્વર પહાડની બોડમાં કરેલી યાત્રા ભૂલી શકાય તેમ નહોતી. દેવની સામે હમણાં જ માથુ મુંડાવીને કે જ્યાં તેઓ ઘૂંટણિયે પડયાં હતાં. મંદિરના ચોકના શીત પથ્થરો પર તેમનાં વાળનો એક એક ઈંચ વિખરાયેલો પડયો હતો. અને ત્યારે તેમણે ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી. જો પુત્ર પ્રાપ્તિ અંગેની તેઓની પ્રાર્થનાનો ઉત્તર મળશે, તો તેઓ તે પુત્રને વેંકટેશ્વરને સમર્પિત કરશે.

એક વર્ષ પછી સ્વસ્થ, હસતો રમતો પુત્ર જન્મ્યો અને તેઓને ખાતરી થઈ ચૂકી કે તેઓની યાત્રાનો બદલો તેઓને મળી ચૂકયો છે. પોતાની પ્રતિજ્ઞાની મુદ્રારૂપે તેઓએ તે પુત્રનું નામ વેંકટેશસ્વામી રાખ્યું (નાગાગુરુ તો કુટુંબનામ હતું અને ગુપ્તા તે તેઓની વૈશ્ય ઉપજ્ઞાતિની અટક હતી). આ ઉપકારના બદલામાં તેઓએ પ્રતિજ્ઞા લીધી હતી કે જેવો આ દીકરો પવિત્ર મૂર્તિ સમક્ષ ઉપાસના કરવા જેટલો મોટો થાય કે તરત જ તેઓ તે દીકરા સાથે મંદિરે આવશે. અને એ પ્રતિજ્ઞા પૂરી કરવા માટે, બસના, ટ્રેનના, પગપાળા પંથના અનેક જટિલ - કંટાળાજનક કલાકો વેઠીનેય તેઓ આ પ્રસન્ન રાત્રિએ પહાડની લાંબી પગથી પર વિસ્તરેલા હજારો લોકો સાથે જોડાવા આવ્યા હતા.

પૂર્વમાં પરોઢની લાલાશ હતી અને તેઓની પહેલાના અનેક યાત્રીઓ તો આવી પહોંચ્યા હતા. પછી વેંકટેશસ્વામીની કાકીઓ, તેના કાકાઓ, તેના માતપિતા, પ્રમાતપિતા અને પિતરાઈઓ શિખરે પહોંચ્યા અને પવિત્ર સરોવર તથા તેની પાર

આવેલા વેંકટેશ્વરના મંદિરના ઊંચા તથા સૂક્ષ્મ કોતરણી કરેલા મિનારાઓ આશ્ચર્યથી જોતાં વિરામ લેવા બેઠાં. જમીન પર પાલખી મૂકતાં લાગેલા આંચકાને કારણે દેવનામધારી બાળક જાગી ઉઠયો અને આંખો મસળતો મસળતો તે કૂદકો મારી બહાર આવ્યો.

'આપણે આવી પહોંચ્યા, જૈગી?' તેને પડખે જ મૂકેલી ખુરશીમાંથી બહાર સરકતી વૃધ્ધાને તેણે પૂછ્યું.

વામણી, ખડતલ, ગોળ ચહેરાવાળી તેની દાદી તેની ઉંમરના પ્રમાણમાં સહેજપણ વાંકી વળી ગઈ નહોતી. લટોમાં સખત ગૂંથેલા તેના વાળ ભૂખરા મટીને શ્વેત બનતા હતા. સાવધતાપૂર્વક તેણે પોતાના સંકુચિત અંગો પસાર્યા. સતત તે તેના પૌત્ર સામે સ્મિત વેરતી હતી. તેની આંખોમાં વિનોદ તથા ગર્વ ચમકતા હતા. તે આંખોના ઘેરા ઊંડાણમાંથી નીકળતા કોઈપણ તેમાં રહેલી વિચક્ષણતા નીરખી શકે. આને કારણે જ લોકો તેનાથી ડરતાં, તેનો આદર કરતા. તેને વિધવા થયાને વર્ષો થયા, પણ હજીય તેનું જ વર્ચસ્વ હતું. તેના મૃત પતિએ સ્થાપેલા વ્યવસાયી સામ્રાજ્યને તે જ માર્ગદર્શન આપતી. વેંકટેશસ્વામીના પિતા છ દીકરાઓમાં સહુથી મોટા હતા, અને ધંધાના તે વડા ગણાતા. પણ જૈગીની સલાહ હમેશાં લેખાતી અને અનુસરાતી.

તે નાના દીકરાના ગાલને સુસ્વભાવે ચીમટી ભરવા જતાં તે ગંભીરતાથી ગણગણી, 'જેમ ઋતુમાં ડાંગર ચોક્કસ ફણગાય છે, તેમ દેવ દોરે ત્યાં દોરાતી વ્યક્તિ ચોક્કસ પોતાના ધ્યેયને પહોંચે છે.' વેદોના સુપ્રસિદ્ધ ખંડોના અવતરણ તે ટાંકતી હતી. પણ તે સિવાય તે જે કંઈ ઉચ્ચારતી તે તેનું પોતાનું કથન હતું કે તેના ગુરુ પાસેથી તે તે શીખી હતી તે કોઈ જાણતું નહોતું. પણ સહુ જૈગીની સલાહ પૂછતા અને તેને અનુસરતા.

'મારો દીકરો બરોબર ઊંઘ્યો'તો ને?' તેની પાછળ ઊભેલી તેની માએ પૂછ્યું. માની આંગળીઓ, દીકરાના ખભા પરથી ઢળતી લાંબી, સુંદર લટોમાં પ્રેમપૂર્વક ફરતી હતી. આ સુંદર કેશ હમણાં જ મંદિરના ફર્શ પર તેના પોતાના વાળ સાથે વેરશે. પોતાના બધા જ દાંતો સજ્જડ દાબીને તેણે પોતાના મનમાં સતત ગુંજતી એ અફવાઓ - દેવને સમર્પિત થતા વાળ કોઈ ને કોઈ રીતે હોંગકોંગ અને કોરિયા જાય છે અને ત્યાં તેને સોનેરી, લાલશપૂર્ણ રંગવામાં આવે છે અને તેની વિગ બનાવીને અમેરિકા તથા યુરોપમાં વેચવા માટે મોકલવામાં આવે છે એવી અફવાઓ તેણે મનમાંથી દૂર કરી.

પોતાની થાકેલી પીઠ જે મોટા ખડક સાથે ટેકવેલી હતી, ત્યાંથી થકાવટ સાથે વેંકટેશસ્વામીના પિતા પરિશ્રમપૂર્વક ઊભા થયા. આદેશપૂર્ણ અવાજે અને હાથ હલાવતા તેમણે કહ્યું, 'આપણે લાંબો સમય આરામ લીધો. જુઓને, કેટલા બધા લોકો આપણાથી આગળ થઈ ગયા.' તે સરોવર તરફ ગયા. અને આ પવિત્ર યાત્રામાં જોડાવા માટે બધો જ ખર્ચો આપવાનો તેઓનો પ્રસ્તાવ કૃતજ્ઞતાપૂર્વક જેમણે સ્વીકાર્યો છે એવા અનેક સગાઓને જગાડતા રહ્યા.

તેઓના ચંપલો બહાર, વ્યસ્ત દાસ પાસે મૂકીને અતિસંખ્ય યાત્રીઓ ઊંચા, કમાનવાળા દરવાજામાંથી હારબંધ અંદર પ્રવેશ્યા. મંદિરની પરસાળના ઠંડા પથ્થરો ખુલ્લા પગોને આહ્લાદક, તાજગી આપતા હતા. વેંકટેશસ્વામી પોતાના પિતાની પાછળ પાછળ આવ્યો. તેણે પોતાના પ્રસ્વેદ ભીના બંને હાથ, અર્ધા ઉઘાડા પૂજારીઓએ તેની સામે ધરેલી પવિત્ર, વિશુદ્ધ કરનારી, જ્યોત પર રાખ્યો. પછી તેની ઉષ્મા અનુભવવા સત્વરે જ બંને હાથ ગાલ પર મૂકયા, કપાળ અને ડોક પર પરિચિત ચિહ્ન કરવા માટે પવિત્ર ભસ્મ આંગળીઓ પર લીધી, જે શેષ રહ્યું તે તેણે જીભની ટોચે લગાડયું અને પિતાની સાથે મંત્રો જપવા લાગ્યો.

પોતાના વારાની રાહ જોતો વેંકટેશસ્વામી, માનો હાથ જોરથી ઝાલી રાખીને મંદિરના વાળંદોનું કામ જોતો હતો. તેઓ કુશળતાથી, થોડા જ ઝાટકામાં માથું મુંડતા હતા. માત્ર અસ્ત્રાને ધાર કરવા રોકાતા હતા. વાળ વિના સ્ત્રીઓ લગભગ બોડી લાગતી હતી. પોતાના ખુદના ઝુલફાંને પંપાળતા તેનામાં વિદ્રોહની લહર પણ જાગી. આ દેવ શા માટે તેના વાળ લેવા માગતો હતો? તેની સાથે આને શી નિસ્બત? ત્યાં જ તેણે તેની માનો લાંબો, શ્યામ, રૂપેરી અંબોડો હતો તેવો જ પથ્થર પર પડતાં જોયો. પોતાના માથા પર ફરતા અસ્ત્રાને અનુભવ્યો અને તેનો શેષ અચાનક જ ગર્વિલા નિર્ણયમાં પલટાઈ ગયો. દૈવી ઈચ્છાની સામે પ્રશ્ન પૂછવાનો કોઈ અર્થ નહોતો. તેના ગુરુએ જૈગીને જેમ કહ્યું હતું તેમ અનેકવાર જૈગીએ તેને આ કહ્યું હતું. દેવોના પોતાના કારણો હોય છે જે માનવસૂઝ-સમજની પકડની પાર હોય છે. એક દિવસ તે પણ દેવ બનશે અને છેવટે ભય, દુ:ખ અને વાસ્તવિક વસ્તુઓની માયા-ભ્રમમાંથી મુકત.

વેંકટેશસ્વામીની માતા વાળ વિના એવી તો અપરિચિત લાગતી હતી કે તે તેને ઓળખી જ ન શક્યો. તે ફરી તેનો હાથ ઝાલી, પરસાળને ઓળંગી તેના પિતાની પાછળ પાછળ લઈ જતી હતી. અચાનક, આવેશથી જ તેણે પોતાના બોડા માથા પર આંગળીઓ ફેરવી, ત્યાં લોહી હતું! સત્વરે જ તેણે પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને તેના કંઠમાં જાગેલા આવેશ રુદનને ગળી લીધું. માએ શીખવ્યું હતું તેમ તેણે બહાદુર થવું જોઈએ. નીચલા વર્ણની તાજી જ મુંડાયેલી સ્ત્રીઓની લજ્જાભરી નજરો ટાળતી હતી. તે સહુની વિરુદ્ધ તેની મા ગર્વથી ઊંચી ડોક રાખીને અને પોતાની આંખોમાં ઉગ્ર નિર્ણય ધારીને તેની પડખે ચાલતી હતી. તેની આંખોનો નિર્ણય જાણે કે કહેતો હતો કે જે દેવ આપણી પ્રાર્થનાનો ઉત્તર આપે છે એવા આ દેવને પોતાના વાળ આપવા તે એક ગૌરવ છે.

તેણે માથામાં ઝણઝણાટી અનુભવી. કાચા ઘાને સૂર્યદેવ રૂઝવતા હતા. શુભ શુકન.

'વેંકટેશસ્વામીમાંથી શેતાનો-અસુરોને દૂર કરાયા.' યાત્રીઓના પાછા ફર્યા પછીના થોડાક સપ્તાહો પછી દુગાનપલ્લીના શિવમંદિરના વડા પૂજારીએ કહ્યું. તેને સાંભળતા તેના ગૌણ પૂજારીઓએ ગંભીરતાપૂર્વક તેઓના માથા હલાવ્યા. જો કે હજી પણ તેઓના મનમાં રહેલી અશ્રધ્ધાને છુપાવવાના પ્રયત્ન કર્યા વિના તેઓએ આમ કર્યું. માથું મુંડાવવાથી આવો ચમત્કાર થાય? આ ગામડામાં હજુ પણ બીજા એવા તોફાની જુવાનો હતા. તિરુપતિની યાત્રા કરવાની તેમની ય ઈચ્છા ખરી.

'હવે તે જીવનનો સાચો મર્મ જોતાં શીખે છે.' પ્રસન્ન બ્રાહ્મણે પોતાની વાત ચાલુ રાખી. 'ખરેખર, વેંકટેશ્વર જીવનનું પરિવર્તન કરે તેવા દેવ છે. આપણે તેમની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવી જોઈએ.' ટોળાબદ્ધ ચોકમાં તેણે નજર ફેંકી, પણ તેના સૂચનને અટકાવાયું. આ મંદિરના આશ્રયદાતા હતા વેંકટેશસ્વામીના પિતા. તે કદાચ આ વાતમાં ફાળો આપવા સંમત થાય. પણ યોગ્ય સમયે જ આ વિષયની ચર્ચા થઈ શકે. આના નકારાત્મક પ્રતિભાવનું જોખમ ન લેવાય, કારણ કે તે એક એવી વ્યક્તિ હતા જે પોતે એકવાર આપેલા અભિપ્રાયને વળગી જ રહેતા હતા.

રામનું મંદિર વેંકટેશસ્વામીના દાદાએ બંધાવ્યું હતું, અને અત્યારે ય તેનો નિભાળ તેના પિતાના દાનથી થતો હતો. તે મંદિરના પૂજારીઓ પણ મંદિરોને ભય સમા આ છોકરામાં તિરુપતિની યાત્રાએ કરેલા નોંધપાત્ર પરિવર્તનથી આશ્ચર્ય તો પામ્યા, એટલું જ નહિ પણ તેઓએ નિરાંત પણ અનુભવી, કે હવે આ તોફાની છોકરો કે જે જુવાનોના ટોળાનો નેતા હતો, તે હવે મંદિરમાં દોડતો, દેવોનું અપમાન કરતો અને મશ્કરી કરતો નહોતો.

પણ હવે તે બધું ભૂતકાળ બની ગયું. વેંકટેશશ્વરનો જય હો! ચમત્કારિક રીતે એક નવો છોકરો તિરુપતિથી પાછો ફર્યો હતો. વેંકટેશસ્વામી હવે બંને મંદિરોની નિયમિત મુલાકાત લેતો અને ત્યાંના પૂજારીઓ ઉષ્માભર્યા સ્મિતે તેને આવકારતા, ક્યારેક માથાને થાબડી ઉત્સાહના શબ્દો ઉચ્ચારતા. સ્થાનિક પંડિતે તો આગાહી કરી હતી કે એક દિવસ તે પ્રસિદ્ધ સાધુ બનશે. અને આ છોકરો પણ શિવ અને રામ મંદિરનો ગંભીર અને ઉત્સુક ઉપાસક હતો અને સઘળા દેવોને સાચેસાચ સમર્પિત થયો હોય તેમ લાગતું હતું.

તેના માતાપિતા અને જૈગીને એ વાતનો આનંદ થયો કે પછીના વર્ષોમાં ય વેંકટેશસ્વામીનો નવો ધર્મોત્સાહ ઘટ્યો નહોતો. તેના નાના ભાઈ પ્રત્યે તે સહિષ્ણુતા અને ધૈર્ય દાખવતો અને માતપિતાની આજ્ઞાનું અચૂક પાલન કરતો. તે તેઓનો આનંદ હતો, તેઓની પ્રસન્નતા હતી. કિશોર અવસ્થામાં જ વેંકટેશસ્વામી પોતાના વ્યક્તિગત ધર્મ પર વિલક્ષણ ધ્યાન આપતો અને આવતા ભવ માટે પોતાના કર્મ સુધારવાના આચાર પંથે સમર્પિત હતો. વૈશ્યોએ શાકાહારની જે પ્રતિજ્ઞા લીધી હતી, તેનું તે પાલન કરતો અને સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ બકરાનું શાક પણ તેને આકર્ષી શકતી નહિ. તે અહિંસાના સિદ્ધાંતને એવો તે વરેલો હતો કે જ્યાં સુધી તેને ખાત્રી ન થાય કે પશુનું મૃત્યુ તેની વૃધ્ધવયને કારણે જ થયું છે ત્યાં સુધી ચામડાની કોઈ વસ્તુઓ પહેરતો નહિ. પોતાના પ્રથમજનિત પ્રત્યેનું તેના માતપિતાનું ગૌરવ તેના પ્રત્યેના અતિશય પ્રેમમાં જ પરિણમ્યું.

ક્યારેક વેંકટેશસ્વામીને થતું કે આવા સુખી કુટુંબમાં તેનો જન્મ થયો હોવાથી તે આખી દુનિયામાં સુખીમાં સુખી છોકરો છે. પણ આવી નમ્રતા માટે જૈગી તેને ઉપાલંભ આપતી. તે દૃઢતાપૂર્વક કહેતી, 'તારા ગયા ભવના સુકાર્યોને કારણે સંચિત થયેલા કર્મો છે.'

એક ઉષ્ણ અને વરસાદી બપોરે જ્યાં ધંધો ચાલતો હતો તે વિશાળ દ્વાર મંડપે તે અને તેના પિતા સાથે બેઠા હતા. ગ્રાહકો જતા આવતા હતા તેવા શાંત સમયે છૂટી છવાયી વાતો કરતાં તેના પિતાએ તેને ગંભીરતાપૂર્વક સંભાર્યું, 'મારા મોટા દીકરા તરીકે એક દિવસ તારે આ ધંધો ચલાવવો પડશે. હું જેટલું ભણ્યો છું તેના કરતાંય તને વધારે ભણાવવો છે. પહેલાં કરતાં હવે ભણતરનું મહત્ત્વ ખૂબ વધારે છે અને જૈગી કહે છે તે વધુ જરૂરી પણ બનશે.'

વેંકટેશસ્વામીના ચહેરે તેજ ઝળક્યું, 'તો તો હું પ્રોકુતરની હાઈસ્કૂલમાં જઈશ ને?' તેણે ઉત્કટતાથી પૂછ્યું અને કહ્યું, 'અને જૈગીના ભાઈ તથા તેના કુટુંબ સાથે રહીશ ને?'

તેના પિતાએ માથું ધુણાવ્યું. તે બોલ્યો, 'હા, મેં જૈગી અને તારા કાકાઓ સાથે વાત કરી લીધી છે. અને અમે સહુ સંમત છીએ. તું હોંશિયાર છોકરો છે, બુદ્ધિશાળી અને વિવેકી છે. તું હાઈસ્કૂલમાં નામ કરીશ.' તેણે આગળ ઝૂકી પોતાના પુત્રના ચહેરાને ધ્યાનપૂર્વક જોયો, 'ત્યારપછી વકીલ બનવા તું યુનિવર્સિટી ભણવા જાય એમ અમે ઈચ્છીએ છીએ. દર વર્ષે આપણે અદાલતમાં જે બધા કેસો લડવા પડે છે તેમાં કેટલો મોટો ફાયદો આપણને થશે તે તું જાણે છે!'

કૂદકો મારી વેંકટેશસ્વામી પોતાના પિતાની સામે, કોઈ બંગાળી સૈનિક 'હોશિયાર' ની સ્થિતિમાં અક્કડ ઊભો રહે તેમ અક્કડ ઊભો રહ્યો. તેણે ઉત્કટતાથી કહ્યું, 'તમને હું ખોટા નહિ પાડું.' તેનો ચહેરો ઊર્મિસભર બન્યો. તે બોલ્યો, 'ગુપ્તા વંશમાં હું સર્વશ્રેષ્ઠ વકીલ બનીશ. તમે તેની ખાત્રી રાખજો.'

હાઈસ્કૂલના બીજા વર્ષ દરમ્યાન આ ઉદાત્ત વચનની રિબાવતી યાદ તેને ઘેરી રાખી. હૃદયપૂર્વક તેણે તે વચન આપ્યું હતું અને તેની એવી અદમ્ય ઈચ્છા હતી કે તે સિધ્ધ કરવા તે કયારેય અટકશે નહિ. વળી આ વચનને લીધે તેની લજ્જામાં તે વધુ મુંઝાયો. તેના દૃઢ નિર્ણય છતાંય તેણે કુટુંબને લજવ્યું. તેની શકિત બહારનું કશુંક - દુષ્ટ શક્તિઓ - જૈગી તેને દુરિત બળો કહેતી - તેના મન તથા આત્મા ઉપર આક્રમણ કર્યું હતું અને તે તેને વિલાસી જીવન તરફ દોરી ગયું હતું. અને તેય તે આવી યુવાન વયે. તેના પર છવાયેલા આવા પાગલ વલણો પર કશું જ નિયંત્રણ નહોતું. વેંકટેશ્વર અને કૃષ્ણ, રામ અને શિવ અને બીજા કોઈ પણ મનગમતા દેવોને કરેલી પ્રાર્થનાઓથી તેના ઉડાઉ વર્તનમાં નાનુંશુંય પરિવર્તન થયું નહોતું. ઊલટું, જેમ વધારે ને વધારે તે પ્રાર્થના કરતો, તેમ તે પાપ અને નિરાશામાં ઊંડો ડૂબતો. ધર્મનો અર્થ વિસરાય ગયો હતો. વેદો અપ્રસ્તુત લાગતા અને તે જાણતો હતો કે તેના કર્મને કારણે જ આ સંકટ હતું.....પણ તે કર્મની અસર તો આવતા ભવે પડવાની, અને એટલે હવે તે વર્તમાનની ક્ષણમાંથી પ્રાપ્ત થઈ શકે તે આનંદ સિવાય બીજા કશાની તેને પડી નહોતી.

પહેલું વર્ષ સારું ગયું. દરજ્જો - કક્ષાઓ પણ ઉત્તમ રહી. પણ પછી જ્યારે તે માગતો, ત્યારે તેના પિતા ઉદારતાથી પૈસા મોકલતા. આ પૈસાથી તે પુસ્તકો અને કપડાં ખરીદી શકતો. પણ અકસ્માતે તેને તે પણ સમજાયું કે કાફેમાં મિજબાનીઓ યોજવી અને વહેલી સવાર સુધી પીને પડયા રહેવું પણ કેટલું આનંદદાયક છે! આથી, આવે સ્થળે વારંવાર જતાં દુર્જન મિત્રો સાથે તેને દોસ્તી બંધાઈ. તેઓ ખૂબ શરાબ પીતા, ધુમ્રપાન પણ ખૂબ કરતા, જુગાર રમતા અને આખા ગામમાં મદ્યપાનની ઉજાણી કરતા. વેંકટેશસ્વામી તેમની સાથે ભણ્યો, એટલું જ નહિ, પણ તે તેઓનો નેતા પણ થઈ ગયો. આની તેને ખબર પણ ન પડી. શું થતું હતું તેની જાણ તેનાં માતપિતાને ન થઈ, કારણ કે તે મોડી રાત સુધી મિત્રો સાથે અભ્યાસ કરતો હતો એવું તેનું જુઠાણું તેના મોટા કાકાએ શંકા વિના સ્વીકારી લીધું હતું.

મોડે મોડે તેને પણ ભાન થયું કે તે પોતાની જાતને ય છેતરતો હતો, પોતાની જાતનેય જૂઠું કહેતો હતો. કેમ કે વારંવાર તે પ્રતિજ્ઞા કરતો કે, આ છેલ્લી રાત છે. આવતીકાલથી હું વિદ્વાનની જેમ ભણીશ પણ તે આવતીકાલ કયારેય ઊગી નહિ. છેવટે, તેણે પોતાની જાતને તે વિચારે યોગ્ય રીતે સમજાવી કે હવે ગમે તેટલો અભ્યાસ તે કરે, તોય તે કામમાં નહિ આવે. હવે પહોંચી વળવું અશકય હતું. એટલે તે માત્ર આનંદ જ કરે. હવે તેની પ્રતિજ્ઞા બદલાઈ. તેણે પ્રતિજ્ઞા લીધી, આવતે વર્ષે હું બહેતર અભ્યાસ કરીશ. પણ આવતું વર્ષ પણ આવ્યું જ નહિ.

ઉનાળાની રજાઓ દરમિયાન તેણે સ્વાભાવિક રીતે ઉલ્લેખ કર્યો કે તે તેના કેટલાક અભ્યાસક્રમો ફરીવાર કરશે. સૌથી રાતાચોળ થઈ તેના પિતાએ પૂરી સ્પષ્ટતા માગી. પોતાના પુત્રના નબળા બહાનાથી અસંતોષ પામીને અને અત્યારે તે સાવ જૂઠું કહી રહ્યો છે તેવી શંકા આણીને સત્ય જાણવા તે પ્રોકુતર ગયા. તેઓએ જે જાણ્યું, તેથી તેઓનો રોષ ઉગ્ર કોપ બની ગયો. હવે ઝાઝીવાર આ છોકરાને આ શાળામાં રાખવાનો કોઈ અર્થ નહોતો.

અને આમ, સત્તર વર્ષની ઉંમરે જ વેંકટેશસ્વામીને વકીલાતનો અભ્યાસ કરવાને બદલે કુટુંબના વ્યવસાયમાં નામુ લખવાનું કંટાળાજનક કામ કરવું પડયું.

'જો જે, સાચો હિસાબ રાખજે. અને રૂપિયાને અડકીશ નહિ.' ન્યાયાધીશ જેમ ગુનેગારને ચુકાદો સંભળાવે તેમ તેના પિતાએ બીડેલા દાંતે કહ્યું.

પોતાના ખોળામાં હિસાબના પુસ્તકો લઈને પલાંઠી વાળીને બેઠેલા વેંકટેશસ્વામીએ પિતાની રોષભરી આંખો ટાળી નીચે ફર્શ પર જોયું. તે સાચું કે તે નિષ્ફળ ગયો હતો, પણ શું તેના પિતા એમ ખરેખર માનતા હતા કે તે ચોરી પણ કરશે? કયારેય નહિ! તે પાઠ ભણી ચૂકયો હતો. તેના પુરાણા મિત્રોથી તે અહીં દૂર હતો, એટલે અહીં બધું જ જુદું હશે. 'પવનથી રક્ષાયેલી જગ્યાએ રહેલો દીવો ટમટમતો નથી.' જૈગીએ ઠપકો આપ્યા વિના તેને આ કહ્યું હતું. ધાર્મિક જીવનના ગુણો સવિસ્તર સમજાવી તેણે તેને તેની અગાઉની પ્રતિજ્ઞાઓને નવેસરથી અપનાવવા પ્રેરણા આપી હતી.

અદાલતમાં ચાલતા પોતાના પિતાના મુકદમાઓ તે જીતશે એવી હાંકેલી બડાઇ તથા ઘમંડનો તેને કેવો પસ્તાવો થતો હતો. તેની પીઠ પાછળ લોકો શું ગણગણતા હતા તે કલ્પવું સહેલું હતું, પણ કંઈ જ કરી શકાય તેમ નહોતું. માત્ર એટલી જ આશા રાખવાની કે ભૂતકાળ ભુલાઈ જશે.

બીજા લોકો ભૂલી જશે એવી તેની આશા તેને જો કે, સતત ઘેરી વળવા લાગી. વકીલ બનવાનું સ્વપ્ન મૂલ્યવાન હતું અને તે એટલો બધો લાંબો સમય ચાલ્યું હતું કે દુ:ખ પામ્યા વિનાય તેને છોડી શકાય તેમ નહોતું. તે રૂડી આશાની અત્યારે તો ભસ્મ થઈ હતી, છતાંય તે ભુલાઈ નહોતી. તે તેના કંઠમાં કાંકરારૂપે રહી કટુતાપૂર્વક તેને ગુંગળાવતી હતી. તેણે કેવો નબળો સોદો કર્યો હતો ! તેની સ્વમૂર્ખતા જ તેને વધુને વધુ મૂંઝવતી હતી, કારણ કે તેણે પોતે જ ઘણીવાર આનાથી જુદી જીંદગી ઈચ્છી હતી.

'એક જ માત્ર સત્ય છે, એક માત્ર સાચું તથ્ય. અને તે છે બ્રહ્મન્. બીજું બધું માયા છે. તું ઈશ્વર છે - હજી સુધી તુ તે જાણતો નથી. ભીતરમાં જો. અને અનુભવ કે તું અને બ્રહ્મન્ એક છો. અને દૈહિક આવેગોની માયામાંથી તું મુકત બનશે.' તે હજી શબ્દો સમજે તે પહેલાં જૈગીએ તેને આ પવિત્ર સત્ય શીખવાડયું હતું અને હવે જ્યારે તેના શબ્દ ભંડોળમાં આ શબ્દો હતા, ત્યારે તે તેને સમજી ન શકયો. સાચે જ, દેવોએ જાણવું જોઈએ કે તેણે કેવો પ્રયત્ન કર્યો અને છતાંય નિષ્ફળ ગયો. જો તે ખરેખર બ્રહ્મન્ જેવા જ તથ્યનો બનેલો હતો અને તે રીતે બ્રહ્મન્ હતો, તો પછી સાચું શું છે તેનું ભાન થવું આટલું કપરું કેમ હતું ? શા માટે જે માત્ર માયા હતી તે આવડી વાસ્તવિક, આવડી આકર્ષક લાગી? અને સત્ય - એક માત્ર વાસ્તવિકતા આવડી અવાસ્તવિક અને ભ્રામક કેમ લાગી ?

જો કે વકીલ થવાનું તેનું સ્વપ્ન પૂર્ણ નહિ થાય તોય તેણે આને પોતાના કર્મ તરીકે સ્વીકારવું જ જોઈએ. તે હજી સારો હિસાબનીશ બની શકે. તેના પિતા તેનું ગૌરવ નહિ અનુભવે, પણ તેણે કઠોરતાપૂર્વક, પ્રમાણિકતાપૂર્વક પરિશ્રમ કરવો જોઈએ અને થોડા જ સમયમાં તે ખોવાયેલો વિશ્વાસ ફરી મેળવી લેશે.

આમ તો, વ્યવસાય રસપ્રદ હતો. પિતા કે કાકા શેતરંજી પર પલાંઠી વાળીને બેસી, સામે તે જ રીતે બેઠેલા ગ્રાહક સાથે વાત કરતા હોય તે સાંભળવું, વેંકટેશસ્વામીને ગમતું.

એ લોકો શાહુકારો હતા અને ત્રીસ માઈલના વિસ્તારમાંથી ખેડૂતો અનેક કારણોસર બી ખરીદવા, વરસાદ ન પડયો હોય કે અતિવૃષ્ટિ થઈ હોય તેને કારણે પ્રગટેલા કસમયમાંથી પસાર થવા અથવા તો અપેક્ષા પ્રમાણે પાક ન ઊગ્યો હોય ત્યારે ભાડું ચૂકવવા - પૈસા ઉછીના લેવા આવતા. દેવાની વસ્તુ ન ચૂકવાઈ હોવાને કારણે ગીરવી મિલકત છોડાવવાનો હક વારંવાર રદ થતો હોવાથી ગુપ્તા ભાઈઓ પાસે ઝાઝા પ્રમાણમાં જમીન હતી. આથી, ખેતરમાં હળ હાંકવા, બી રોપવા, નીંદવા, લણણી કરવા અનેક નોકરો રાખવાની જરૂરિયાત પણ ઊભી થઈ. દેવું ચૂકવવામાં કસૂર થઈ હોવાને કારણે તેઓએ મેળવેલાં જમીન અને ઘરો વેચવાનો એક બીજો ધંધો હતો. અને તે ધંધો પણ નફો મળે તે રીતે કુશળતાથી કરવાનો હતો. વ્યકિત સત્કર્મો કરવા માટે ધંધામાં નથી હોતો. સત્કર્મો ધર્મનો વિષય છે, ને બંને કયારેય મળતાં નથી.

પાકની જેવી લણણી થતી કે અનેક ખેડૂતોને બધું જ મળે તે ભાવે વેચવાની ફરજ પડતી. પછી તે ચોખા હોય, દાણા હોય, કપાસ હોય કે ગમે તે હોય. અને ગુપ્તા ભાઈઓ અલબત્ત યોગ્ય કિંમતે તે ખરીદવા તૈયાર જ હતા. અને પછી બધું જ ઘરની નીચે,

શેરી સુધી વિસ્તરતા ભોયંરાઓમાં સૂઝપૂર્વક ભરી દેતા. પથ્થર અને સિમેન્ટની જાડી દીવાલો ભેજ અને ચોરોને તો દૂર રાખતી, એટલું જ નહિ પણ મકાનોની બાજુમાંથી પ્રવેશી ઉઝરડા પાડતા, કાતરતા મોટા ઉંદરોને પણ તે હતાશ કરતી. ઝાઝા પ્રમાણમાં ખરીદ કરવાની પૂરતી મૂડી હોવાને કારણે અને સાથે સાથે ધીરજ હોવાને કારણે વેંકટેશસ્વામીના પિતા પાછળથી તે બધું જ ઊંચે ભાવે વેચતા. બીજાઓનો લાભ લેવાની આ વૃત્તિ નહોતી, પણ માગ અને પુરવઠોના નિયમના માત્ર પાલન તરીકે જ આ થતું.

કોઈપણ પ્રકારની પૂરતી જામીનગીરી વગર ધીરાણ થતાં નહિ. પણ ઘણીયે વાર ખેડૂત પાસે પોતાની જમીન નહોતી, તે માત્ર ભાડૂત હતો. ત્યારે તે ડોકેથી લટકાવેલી થેલી કાઢવા માટે ખમીસ નીચે હાથ નાખતો, અને તેમાંથી કમને તે સોનાના એરીંગો, માળાઓ અથવા તો કદાચ માણેક અથવા તો હીરો કાઢતો અને શેતરંજી પર તેઓની સામે મૂકતાં દુ:ખપૂર્વક તે ઘસતો. ગુપ્તાના ધંધાનો વડો કુશળતાથી અને સાવધતાથી તે ચકાસતો. ખરાબ કામગીરી, ખરાબ જાત અને શંકાસ્પદ ધીરાણમૂલ્ય અંગે તોબરો ચઢાવી, પૂરા ન સંભળાય તેવા કટુ શબ્દો આ ચકાસણી દરમિયાન બોલાતા. સોનાની વસ્તુઓ કસોટીના પથ્થર પર અનિવાર્યપણે ઘસાતી અને એમ કરી ગુણવત્તાવાળા સોનાના પ્રમાણમાં તેમાં કેટલી ગુણવત્તા છે તેની તુલના થતી. પછી ઉગ્ર અને અપમાનજનક રકઝકો થતી. જો કે શેતરંજી પર સામસામે બેઠેલા પ્રતિસ્પર્ધીઓ અલગ રહેતા, પરંતુ બહાના, ગોદાઓ, બચાવો અને બીજાને નિષ્ફળ બનાવવાની ચાલ તો હમેશ તેના તે જ રહેતાં. અને અનિવાર્યપણે ગુપ્તા ભાઈઓ જીતતા. પૈસો જ બળ છે તેવું સમજતાં વેંકટેશસ્વામીને ઝાઝીવાર ન લાગી.

તેને માટે કપડાં અને અન્ય જરૂરિયાતની વસ્તુઓની ખરીદીમાં તેના પિતા ઉદાર હતા. પણ તે તેને એક પૈસો વાપરવા માટે આપવાની ના પાડતા. 'તું નિશાળમાં હતો, ત્યારે મેં તને જે પૈસા મોકલ્યા તેના કારણે તારું પતન થયું.' વેંકટેશસ્વામી ફરિયાદ કરતો ત્યારે તેના પિતા કહેતા, 'હું ફરી તેવી ભૂલ નહીં કરું.' 'તું સુધરી ગયો છે એવું મને નહિ લાગે ત્યાં સુધી પૈસા નહિ.' વાતચીતનો આમ અંત આવતો. જ્યારે તેના પિતાએ કશો નિર્ણય લઈ લીધો હોય, ત્યારે દલીલો કે કારણોથી તેના મનને બદલવાની કોઈ આશા નહોતી. માત્ર સમય જ તે કરી શકે અને લાંબો, ઝાઝો સમય પણ વેંકટેશસ્વામી પાસે ધીરજ નહોતી. પોતાની પાસે પોતાનો કહી શકાય તેવો રૂપિયો ન હોય એવા અન્યાય પર જેમ જેમ તે વધુ વિચારતો, તેમ તેમ રોજ સાંજે જે પૈસાનો તે હિસાબ કરતો, તેમાંથી થોડાક પૈસા પોતા માટે રાખવાની તેની ઈચ્છા વધતી ગઈ. માત્ર ભયને લીધે જ તે રોકાતો. જો તે પકડાઈ જાય, તો એક બીજું ન સહી શકાય તેવું અપમાન. પણ એક દિવસ દેવની બક્ષિસની જેમ ઓચિંતી તક આવી.

પાસેના ગામડામાંથી એક હાંફળો ફાંફળો ખેડૂત તેઓના ધંધાના સ્થળે દોડીને આવી કહેવા લાગ્યો, 'તમારે મદદ કરવાની જરૂર છે. સત્વરે તેનો ચહેરો તાપ તથા થાકને લીધે લાલલાલ હતો.'

ગુપ્તા સામ્રાજ્યનો વડો નવાઈ પામતો ઊભો જ રહ્યો. ત્યાં બીજી વ્યકિત તરીકે વેંકટેશસ્વામી જ હતો. તે પણ નિશ્ચેત બની બેસી રહ્યો.

'બેસી ન રહો, કરો.' હાંફતા ખેડૂતે કહ્યું.

'શેને ખાતર? અને કયાં?' વેંકટેશસ્વામીના પિતાએ, ગળું સ્વસ્થ કરી ચીસ પાડી.

'તમારો ભાઈ, બાવલા, તે લોકોએ તેને થાંભલા સાથે બાંધી દીધો છે અને તેને નિર્દયતાથી મારે છે.'

મોટો ગુપ્તા કૂદીને ઊભો થયો. 'તે કયાં છે?'કંપતા અવાજે તેણે પૂછ્યું. તેના હાથ પણ ધ્રૂજતા હતા.

'મોહનરેડ્ડી અને તેના દીકરાઓ તેને મારે છે. બાવલા તેઓની પાસેથી ધીરાણ વસૂલ કરવાનો પ્રયત્ન કરતો હતો, પણ તે લોકો માથાભારે નીકળ્યા.'

વેંકટેશસ્વામીના પિતા બારણાની બહાર નીકળી ગયા હતા. પોતાના દીકરાને સંકેત કરી કહ્યું, 'ચાલ, આપણે રસ્તામાં જ પ્રોડુતરના કોન્સ્ટેબલને મળીએ. ભગવાન કરે ત્યાં આપણે વખતસર પહોંચીએ.'

બે બળદો પાસે ગાડું બને તેટલા વેગથી હંકાવીને પ્રોડુતરનો અડધો રસ્તો તેઓએ કાપ્યો હશે. ત્યાં જ બીજું ગાડું તેઓના ગાડા પાસે આવ્યું. ગાડું હાંકનારની પડખે જ બાવલા ખુંધો બેઠો હતો. તેને એવો તો ખરાબ માર માર્યો હતો કે તે ભાગ્યે જ

ઓળખી શકાતો હતો. તે ખડતલ હતો, તેનો સ્વભાવ ઉગ્ર હતો. તે ખરાબ-દુષ્ટ લડવૈયો હતો અને સરળતાથી કયારેય પરાજય પામતો નહોતો.

'સારું તો છે ને?' વેંકટેશસ્વામીએ ઉત્સુકતાથી પૂછ્યું.

'હું સારો સમો લાગું છું?' ગાડામાંથી અક્કડતાથી ઊતરતાં તેણે ઠપકો આપ્યો. પેલા ગાડું હાંકનારને પૈસા ચૂકવીને તેઓની પડખે બેઠો. જેવું ગાડું ઘર તરફ જવા લાગ્યું કે તેણે તે યાદગાર બપોરની ઘટના કહેવા માંડી. તેના હોઠ સૂઝી ગયા હતા, એટલે તે મુસીબતથી બોલી શકતો હતો.

'આપણાં લેણાં નીકળતા દસહજાર રૂપિયા બે મહિનાથી બાકી હતા. હું તેઓને શોધી શકયો નહોતો. છેવટે આજે....' નાકમાંથી નીકળતા લોહીના ટપકાંને તેણે લૂછ્યું. 'લુચ્ચાઓ! મેં તેઓને વધુ ત્રાણ દિવસ આપ્યા અને કહ્યું કે ત્રાણ દિવસમાં પૈસા નહિ આપે તો અમે તેઓને અદાલતમાં ઘસડી જઈશું અને જમીન કબજે કરીશું. આ કહ્યું ને તે પાંચેય મારા પર કૂદી પડચા. મને તેઓએ છોડચો જ નહિ. જો કે મેં ય સારી લડત આપી.'

'તું કેવી રીતે છૂટીને આવ્યો?' તેના મોટા ભાઈએ વચમાં પૂછ્યું.

'હું નથી આવ્યો. તેઓએ મને છૂટો કર્યો. પહેલાં તો તેઓએ મને મારી નાખવાની ધમકી આપી. અને મને થયું કે તેઓ તેમ કરશે જ. તેઓમાંના બે જણ પાસે તો મોટા છરાઓ હતા અને તેઓની આંખોમાં ખૂન રમતું હતું. લાશને કયાં સંતાડવી તેનો ય વિચાર તેઓએ કર્યો. ત્યાં જ પેલા વૃધ્ધને કંઈક સૂઝ્યું. જો હું વીસહજાર રૂપિયાની વચનચિઠ્ઠી લખી આપું તો તેઓ મને છોડવા તૈયાર હતા.'

'તેં લખી ન આપી ને!'

'અલબત્ત! મેં લખી આપી. તમે પણ તેમ જ કરો.'

આ બે જણની પાછળ બેઠેલા વેંકટેશસ્વામીએ પણ સંમતિસૂચક ડોકું હલાવ્યું.

'છૂટવા માટે મેં દસ લાખ રૂપિયાની વચનચિઠ્ઠી પર સહી કરી હોત. તે કાગળની કિંમત કશી જ નહિ. તેઓને પૈસા વસૂલ તો કરવા દો.'

'આપણે તેટલીય રાહ નહિ જોઈએ. હું જોઈશ કે અંધારું થાય તે પહેલાં તેઓ કારાગારમાં હશે.'

કોન્સ્ટેબલો દિવસો સુધી આવતા રહ્યા. અને એક ઉત્તેજના છવાઈ રહી. વેંકટેશસ્વામીના પિતા અહેવાલો તૈયાર કરવામાં વ્યસ્ત હતા. અને આખું ઘર બાવલાની ખબર કાઢવા દૂરના અને પાસેના સ્વજનોથી ભરાયેલું હતું. બાવલા ન સાંભળે તેમ એક છાની ધારણા એવી પણ થતી કે તેણે તેના ગયા જન્મમાં નિર્દોષને માર મારવામાં ભાગ તો નહિ લીધો હોય કે જેથી તે જન્મના કર્મો અત્યારે તેને ભોગવવા પડતા હોય ! આ કર્મ આવતે ભવે પોતાનું શું કરશે તે વિચારે વેંકટેશસ્વામી કંપી ઉઠચો.

આ બધી માથાઝીકમાં, તેના પિતાના કોન્સ્ટેબલ પાસે ગયા, પછી તે પહેલીવારની બપોરે તિજોરીમાંથી વીસ રૂપિયા ઉપાડવાનું કામ સરળ હતું. વધુ ન લીધાનો તેને પસ્તાવો થયો. કોઈએ તે દિવસે કે પછીના બે દિવસ સુધી હિસાબનામુ જોયું જ નહિ. બધાનું ધ્યાન બાવલા પર અને સત્વરે જ ગિરફ્તાર કરાવેલા ગુનેગારો સામે અદાલતમાં ચાલનારા મુકદમા પર હતું.

વેંકટેશસ્વામી પોતાની જાતને એ વાત યાદ દેવડાવતો રહ્યો કે એક દિવસ જે પોતાનું જ થવાનું છે, તેમાંથી તેણે તો માત્ર થોડું જ લીધું છે. પ્રોફુતરમાં નવી ફિલ્મ તેણે જોવાની હતી. થોડીક રાતો જવા દઈને તે ગાડામાં ત્યાં ગયો. તેણે જાતને વચન આપ્યું કે તે તેના જૂના દોસ્તોને ટાળશે અને ફિલ્મ પૂરી થયા પછી સીધો ઘેર આવશે. ફિલ્મ સારી હતી એવું માનવામાં આવતું. તે એક સાધુ પર હતી. બધા જ તે સાધુને કૃષ્ણનો અવતાર માનતા. પણ તે તો અસુરનો - દાનવનો અવતાર નીકળ્યો. આવી વાર્તા એટલી તો મહત્ત્વની હતી કે તે ખોવી ન પાલવે.

# ૨.

# ઉધ્ધાર (તારણ)ની ખોજમાં

'હલકટ ચોર! તારા કુટુંબને જ લૂંટે છે!'

'હું દિલગીર છું. તેમ કરવાનો મારો હેતુ નહોતો.'

'જેમ કે હું 'આમ' કરવા નથી માગતો.' તેના પિતાએ તેના ચહેરા પર એક બીજો કઠોર તમાચો માર્યો.

'અરે! આ ચોપડાઓ સાથે ચેડાં કરવાનો પણ તેનો હેતુ નહોતો. તેની કલમે જાતે જ તેમ કર્યું.' તેના કાકા તેરુકલયાએ કટાક્ષપૂર્વક ઘુરકિયું કર્યું. જે છોડોમાંથી ગળી થતી હતી તે છોડો પ્રોદુતરના ખેતરોમાં ખૂબ થતા હતા અને તેરુકલયા તે રંગદ્રવ્યના સઘન કરેલા ચકતાઓ મુંબઇ વિસ્તારના વેપારીઓને વેચતા. તે પ્રવાસેથી પાછા ફરીને ધંધાની નોંધો જોતા હતા ત્યાં જ તેમને આ છેલ્લામાં છેલ્લી ઉચાપત નજરે પડી.

પહેલીવાર તેણે લીધેલા વીસ રૂપિયાની જાણ કોઇને ન થતાં વેંકટેશસ્વામીને તે જ રીતે વારંવાર પૈસા ઉપાડવાનો રસ પડ્યો. અને પછી તો તે ટેવ પડી ગઇ. તેના પિતાએ એક દિવસ તેને પકડી પાડ્યો અને તેના કાકાઓની સહાયથી બારણાની પાસે જ તેને તમાચો મારતા તેને એવો તો માર માર્યો કે તેના સોળ ચચરવા માંડ્યા. સુઝેલા ગાલના દર્દ કરતાંય શરમની તીવ્ર વેદના ખૂબ ખરાબ હતી. તેણે ફરીવાર આવું ન કરવાનું વચન આપ્યું હતું અને તે સાચું કહેતો હતો. પણ તેનો આ ઉદાત્ત નિર્ણય તેના જીવન પર વર્ચસ્વ ભોગવતી પેલી પોતાની પૈસો મેળવવાની વિકૃત ઇચ્છાની કશી તોલે નહોતો. આવા આંતરિક સંઘર્ષથી થાકીને, 'આ છેલ્લી જ વાર' એવું તે હમેશ કહેતો. પણ 'છેલ્લી વાર' ક્યારેય અંતિમ બનતી નહિ.

આ શરમ, ગુનો અને આંતરિક સંઘર્ષો કરતાં તો તે જ્યારે જ્યારે ચોરી કરતાં પકડાતો, ત્યારે તેના પિતા જે ભયંકર આગાહી કરતા તે સાચી પડશે તેનો ભય ભયંકર હતો. તેના પિતા હંમેશ કહેતા, 'તું જો આ ચાલુ રાખીશ, તો તું સીધો નર્કમાં જઇશ! સાંભળે છે મને? સીધો જ નર્કમાં.'

ખભાઓ ઝુકાવી, માથું આગળ નમાવી, આંખો જમીન પર રાખી અંદરથી ધ્રૂજતો વેંકટેશસ્વામી ઊભો રહેતો. અને થોડા જ સમયમાં તો બધાં જ આનંદ કરતા. જાણે કે બધું ભુલાઇ ગયું હોય, માફી અપાઇ ગઇ હોય તેમ. તેના પિતા તેની પીઠ પર સવારતા અને ખુશ થવા કહેતા. પણ વેંકટેશસ્વામીના મનમાંથી નર્કનો વિચાર અને તેનો ભય દૂર થતો જ નહોતો. એકવાર તેને વિશ્વાસ હતો કે કર્મ આવતે ભવે તેને બહેતર પરિસ્થિતિમાં મૂકશે. કદાચ બ્રાહ્મણ બનાવશે. પણ હવે તેને ભય હતો કે તેની ઉત્ક્રાંતિ નીચલી કક્ષાએ થશે. તેને ઉંદર અથવા તો તિરસ્કૃત વીંછી બનવું પડશે. તેના કર્મ તેને હજીય નીચે ધકેલશે. અંતે, નર્કની જ્વાળાઓમાં પડવું પડશે ને તેમાંથી છટકાશેય નહિ. જૈગીએ પોતે જ નહોતું કહ્યું કે આત્માનું દેહાંતર નીચલી કક્ષાએ પણ થાય અને ઉપલી કક્ષાએ પણ.

કુટુંબે હમણાં જ ગંગાકાંઠે આવેલા બનારસની યાત્રા કરી હતી. વૃધ્ધો ત્યાં મૃત્યુની રાહ જોતા રહ્યાં હતા. તેઓને એવી આશા હતી કે જો તેઓનાં શરીર ગંગાના પવિત્ર પાણીને હવાલે થાય, તો તેઓ સીધા સ્વર્ગે જાય. તેણે પણ સહુ નદીઓની માતા સમી આ નદીમાં સ્નાન કર્યું. પણ પાપની વિશુદ્ધિ થઇ હોય તેવું કંઇ લાગ્યું નહિ. નર્કનો પેલો જૂનો ભય હજીય તેને ઘેરી વળ્યો હતો. પણ તોય તેણે ચોરી કરવાનું બંધ નહોતું કર્યું. તે કરી શક્યો જ નહોતો. તેણે ગંગામાં ડૂબવા શું પાછા બનારસ જવું? તેથી શું તેને નિર્વાણની ખાતરી મળશે? જો તેને ખાતરી થાય તો! પણ, રામ, કૃષ્ણ અને ખ્રિસ્તના વર્તમાન જીવંત અવતારનો દાવો કરતા સેંકડો ગુરુઓના અનેક જાતના જુદા જુદા અસ્થિ પડ્યા હતા. બધા જ જેમા સંમત થતા હતા તેવો નર્કમાંથી ભાગવાનો એક બીજો રસ્તો હતો. તેના કેટલાક પિતરાઇ ભાઇઓએ, પોતાનાં મરેલાં માબાપને નિર્વાણ મળે તે માટે ખાસ પ્રકારની પૂજા કરવા પુરોહિતોને ખૂબ પૈસા આપ્યા હતા. પણ જો પૂરતા પૈસા ન હોય તો શું? અથવા તો જો તેના વારસો મૂલ્ય ચૂકવવા તૈયાર ન હોય તો શું?

એક સાંજે, તેણે અતિ ઉત્સુકતાથી, ખાનગીમાં જૈગીને પૂછ્યું, 'તું મોક્ષ કેવી રીતે મેળવવાની?' આ જગતમાં જૈગીને રસ નહોતો અને આવતા ભવ માટે તે એકાગ્રતાથી તૈયારી કરતી હતી. આથી, રોજ ને રોજ તે વધુ દુબળી પડતી હતી. અને છતાંય તેની બુદ્ધિ હજી તીક્ષ્ણ હતી.

વિચારપૂર્વક તેણે જવાબ આપ્યો, 'રસ્તાઓ તો ઘણા છે, પણ યોગ શ્રેષ્ઠ રસ્તો છે. પણ બહુ જ થોડા માણસો આટલી ચુસ્ત શિસ્ત પાળી શકવા સમર્થ હોય છે. દરેકે પોતાનો ખુદનો ધર્મ શોધવો જોઈએ. જો કોઈ ખરાબ કરતાં વધુ સારું કરે તો આ જન્મમાંથી આવતા જન્મમાં તેની પ્રગતિ ઉચ્ચકક્ષાની થાય.'

'અને જો કોઈના ખરાબ કામો સારાં કામ કરતાં વધારે હોય તો?' તે વચમાં જ બોલ્યો. તેણીએ તેની સામે જોયું અને સહાનુભૂતિપૂર્વક કહ્યું, 'પવિત્ર અક્ષર ઑમ્ બોલો, તેની ઉપાસના કરો. તે સર્વોચ્ચ બ્રહ્મ છે. એમ કહેવાય છે કે ઑમ્ તે ધનુષ્ય છે, પોતાની જાત તે તીર છે અને બ્રહ્મ તે લક્ષ્ય છે. ઑમ્‌ને વારંવાર જપવાથી ને ધ્યાન ધરવાથી તમે તમારી સાચી જાત શોધી શકશો.'

'હું ન ગણી શકાય તેટલી વાર તે જપું છું અને બીજા બધા શ્રેષ્ઠ મંત્રો પણ જપું છું. પણ મને શાંતિ નથી મળતી. મને નર્કનો ભય લાગે છે.'

'મનુએ કહ્યું છે કે અહિંસા, સત્ય, અસ્તેય, વિશુદ્ધિ, ઈન્દ્રિય સંચય આ ચારે વર્ણોનો ધર્મ છે. આ નિયમ અનુસાર.'

'મેં તે ય પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી.' એકાએક તે ગુસ્સે થયો. બીજાઓ પણ નિષ્ફળ ગયા હતા. તે ગણગણ્યો, 'કોઈ વેદને પૂરેપૂરું અનુસરતું નથી.' બ્રાહ્મણો પણ નહિ. જે છોકરીઓ મોડી રાત સુધી મંદિરમાં રહે છે તે વાત પણ હવે છાની નથી. આપણા ખુદના ગામડામાં મેં સાંભળ્યું છે.

'ચોરી કરવી એ પાપ છે તે સાચું' તેણીએ સાવધતાપૂર્વક વચમાં જ કહ્યું અને પુરોહિતો સામેની વધુ નિંદા ન થવા દીધી. જો કે, તે જાણતી હતી કે તે વાતમાં તથ્ય હતું. 'ચોર અન્યોની નિંદા કરે તે યોગ્ય નથી.' 'મારું જે નથી તે હું લેતો જ નથી અને મારા પિતા તે જ આપવાનો ઈન્કાર કરે છે. કેવળ વેતન. તે અવિવેકી - અન્યાયી છે.'

'પણ તે ચોરી છે.' તેણીએ દૃઢતાપૂર્વક કહ્યું. પણ તેણીના સ્વરમાં વેધકતા નહોતી. આવી ઘટનાઓ બન્યા છતાં તે તેણીનો લાડલો હતો.

'કયારેક ચોરી પણ સાચી હોય છે.' બચાવમાં તેણે દલીલ કરી. 'અરે, દેવોએ પણ ચોરી કરી છે. કહેવાય છે કે સ્ત્રીઓ (ગોપીઓ) જ્યારે નહાતી હતી, ત્યારે કૃષ્ણે તેઓનાં વસ્ત્રો ચોર્યા હતા.'

'ના, તે આવી ચોરી નથી.' તેણીએ ગુસ્સાથી કહ્યું. તેણીનો સ્વર ફરી મૃદુ બન્યો. 'તું તારું વર્તન બદલશે. મને તારા પર શ્રધ્ધા છે.'

આ વિષય પર તે તેણીની સાથે વાત કરવા નહોતો માગતો. એટલે તે અસ્વસ્થ બન્યો. તેણે જૈગીને ફરી યાદ દેવડાવતાં કહ્યું, 'તેં મારા સવાલનો જવાબ ન આપ્યો. તું મોક્ષ કેવી રીતે મેળવવાની?'

'મને આશા છે કે પાંચ અવતારો પછી મારા કર્મ મને નિર્વાણ અપાવશે. આવું મારા ગુરુ કહે છે. પણ રામનું પવિત્ર નામ લખ્યા સિવાય આ દુનિયામાં કશું ચોક્કસ નથી. મેં તો તે નામથી ચોપડાઓ ભરી દીધા છે. કદાચ, કોઈ દિવસ મારે બદલે તું તે ગણીશ.'

'અલબત્ત, તું કેટલી સંખ્યામાં તે લખવા માગે છે?'

'એમ કહેવાય છે કે જે કોઈ રામનું નામ દસ કરોડવાર લખે છે તે નિશ્ચિત નિર્વાણ પામે છે.'

'આ તો ઘણું બધું કહેવાય.' વેંકટેશસ્વામીએ વિચારતા કહ્યું, 'આના કરતાં તો ગંગા કિનારે મરવું સારું ને સહેલું કે જેથી માણસના શબને તો પવિત્ર પાણીમાં પધરાવાય.'

'મેં તો એક જ દિવસમાં પાંચ હજારવાર રામનામ લખ્યું છે. પણ આ ઉંમરની સાથે સાથે મારી આંગળીઓ જકડાઈ ગઈ છે. હું લાંબી ગણતરી કરતી નથી, પણ બીજા લોકો કહે છે કે મેં પચાસ લાખવાર તો રામનામ લખ્યું છે. આ ઘરડી સ્ત્રી પર ઉપકાર કરી તું મને સાચી સંખ્યા કહે.'

ગણતરીમાં તો પાકો હોવાથી વેંકટેશસ્વામીએ ઝડપથી મનમાં ગણતરી માંડી. દિવસના પાંચ હજાર, તો વર્ષમાં લગભગ ૧,૮૦૦,૦૦. પચાય વર્ષથી ય વધુ વર્ષો હજી બાકી હતા. આ ઘરડી સ્ત્રીને આ વાત કહેવી કઠોર હતી. તેથી તેણે સભાનપણે કહ્યું, 'કયારેક હું તારે માટે તે ગણી રાખીશ, કયારેક.'

'જૈગી ! જૈગી! તું કયાં છે?'

વેંકટેશસ્વામીની મા ખુલ્લા બારણા પર ઝૂલતા પડદામાંથી માર્ગ કાઢી જૈગી પાસે ધસી આવી અને તેનો હાથ દબાવવા લાગી. 'તારો નાનો ભાઈ ... તેઓ નથી માનતા કે તે ઝાઝું જીવે.' તે વધુ બોલી ન શકી. તેણે પોક મૂકી. 'તે હજી તો પચાસના છે.' જૈગીએ વિલાપ કર્યો. તે હવે ઊભી થઈ. તે વ્યાકુળ અને સાવધ દેખાતી હતી.

વેકંટેશસ્વામીના પિતા ઓરડામાં પ્રવેશ્યા હતા અને બારણા પાસે ઊભા રહી પોતાની માતાને સંકેત કરી કહેતા હતા. 'મેં ગાડું મંગાવ્યું છે. ચાલ, હું તારી સાથે આવીશ' તેણે ઝડપથી કહ્યું.

તે બંને પ્રોડુતર પાછા ફર્યા, ત્યારે મોડી રાત થઈ ગઈ હતી. બંને થાકી ગયા હતા ને અંતરથી વ્યથિત હતા. આ વિચિત્ર વાત સાંભળીને જૈગીનો નાનો ભાઈ તેની યોગસિદ્ધિને કારણે પ્રસિદ્ધ હતો, અને તે જાણીતો કુસ્તીબાજ હતો. અત્યાર સુધી જે રમતોમાં મુસ્લિમોનું વર્ચસ્વ હતું, તેમાં પણ તે પ્રવીણ હતો. પોતાના ઓરડામાં પડી રહી યોગ કર્યા કરતા અથવા તો જ્યાં સ્થાનિક કુસ્તીબાજો એકઠા થતા તે અખાડામાં જ રહેતા. આ પ્રસિદ્ધ માણસ અંગે વેંકટેશસ્વામીએ બહુ જ ઓછું જોયું હતું. પણ જૈગીએ તેને ઘણીવાર જે કહ્યું હતું, તે તેને સારી પેઠે યાદ હતું.

'તે મહાન યોગી છે. પદ્માસનમાં બેસી મનના બળે તે પોતાની જાતને લગભગ છત સુધી ઊંચે લઈ જાય છે.' તેણીએ, મનમાં ગૌરવ અનુભવતાં, આવું તેને ઘણીવાર કહ્યું હતું.

'તમે જાતે આમ કરતાં જોયું છે?' નાના છોકરા તરીકે આવું જ્યારે પહેલીવાર સાંભળ્યું, ત્યારે તેણે પ્રભાવિત સ્વરે પૂછ્યું હતું.

ગંભીરતાથી ડોકું ધુણાવી તેણે કહ્યું, 'મેં અને બીજા કેટલાક લોકોએ પણ. તે પવિત્ર ક્રિયા છે. દુનિયાને દેખાડવા માટે તે નથી.'

હવે તે મૃત્યુ પામ્યો હતો. પોતાની શકિતઓનું જાહેર પ્રદર્શન કરવાનો તેણે નિર્ણય કર્યો હતો. લોકોનું ટોળું તેને જોતું હતું, તે જ ઘડીએ છાપરાની ટોચ પરથી તેણે આગળ કૂદવાનો પ્રયત્ન કર્યો. પણ તે પડચો ત્યારે જમીન સાથે તેનો ચહેરો અથડાયો. અને પછી તેને ફરીવાર ભાન ન આવ્યું. કેટલાક વિચારતા હતા કે તે નિર્વાણ પામ્યો છે. બીજાઓ કહેતા હતા કે આ અકાળ મૃત્યુ છે અને એટલે તેનો આત્મા કુટુંબ તથા મિત્રોને ઘેરીને ભટકવો જ જોઈએ. કોઈ કશું ચોક્કસ કહી શકતું નહોતું.

કમનસીબે શાહુકારોના વ્યસ્ત સમયે જ તેના અગ્નિ સંસ્કાર હતા. જૈગી સુપેરે જાણતી હતી કે અલબત્ત, ધંધા પર હંમેશ પહેલું ધ્યાન અપાવાનું. એટલે જ્યારે તે પોતાના ભાઈની ભસ્મને આખરી આદર-સન્માન આપવા પ્રોડુતર ગઈ, ત્યારે પોતાના છ છોકરાઓની દિલગીરી સાથે લઈને ગઈ. પોતાનાથી ન જવાયું એટલે વેંકટેશસ્વામી અંદરથી તો ખુશ હતો. લાંબું સરઘસ હોય, ઢોલ વાગતા હોય, ડાઘુઓ રાહ જોતા હોય, બ્રાહ્મણ પુરોહિત મંત્રો બોલી પવિત્ર જ્યોત પ્રગટાવતો હોય, એવા અગ્નિ સંસ્કારથી તે સખત ઓચાઈ ગયો હતો. શબને જોઈને - અને અંત્યેષ્ટિ વિધિ વખતે કોઈ તે રાખી કેમ શકે ? તે દિવસો સુધી અસ્વસ્થ બનતો. ઘાસતેલથી ભીંજવેલા અથવા કપુર મૂકેલા વ્યવસ્થિત ગોઠવાયેલા લાકડાઓ પર મૃતદેહ પડચો હોય, મોટો દીકરો તેને અગ્નિદાહ દેતો હોય, તેની વિધવા સ્ત્રી છાતી કૂટતી તેની પાછળ વિલાપ કરતી હોય, ને તેને કોઈ આશ્વાસન પણ ન આપી શકતું હોય .... આ દૃશ્ય તેને અસ્વસ્થ કરતું. તેને હંમેશ યાદ આવતું કે એક દિવસ તેનુંય શરીર લાકડાના ઢગ પર નિર્જીવ પડચું હશે, ઊછળતી જવાળાઓ

તેને ભસ્મ બનાવતી હશે અને ત્યારે તેનો આત્મા નિ:શંક નર્કના ઊંડાણમાં, આ જ્વાળાઓથી વધુ ઉષ્ણ જ્વાળાઓથી સંતાપતો હશે.

'તને નર્કનું વળગણ વળગ્યું છે. આવું કોઈ સ્થળ જ નથી, એટલે ચિંતા ન કરીશ. વેદાંત તો કહે છે કે આ જીવન એક સપનું છે, અને જેમાંથી આપણે જાગીશું પરમ સાથે એકત્વ સાધવા. જીવન, મૃત્યુ, સ્વર્ગ, નર્ક, સારું, ખરાબ - આ કશાનું અસ્તિત્ત્વ જ નથી. એટલે આ સપનાને તું ખૂબ ગંભીરતાથી ન લે.' તેના એક કાકાએ કહ્યું.

'તો પછી તમે ચોરી કરવા માટે મને ઠપકો કેમ આપો છો?'

'માણસે વ્યવહારુ પણ થવું જોઈએ.' તેણે રોષપૂર્વક કહ્યું અને વાતચીત અટકાવી દીધી.

આ બધું જ માયા છે એવું મંતવ્ય અપનાવવાનો વેંકટેશસ્વામીએ પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં સફળતા ન મળી. ચોરી પણ માયા છે એવું તે તેનાથી ન પામી શકયો. ગુનાની પીડા અને નર્કનો ભય હજી હતાં જ. નિયમિત મંદિર જવું, ચોકમાં મૂર્તિની પ્રદક્ષિણા કરવી, પુરોહિતને પૈસા - જે પૈસા તે પોતાના પિતાના પૈસામાંથી જ ચોરી લાવ્યો છે તે - આપવા, આ બધું કરવા છતાંય વેંકટેશસ્વામીને શાંતિ ન મળી. દેવો તેને સહાય કરવા જાણે કે અસમર્થ હતા કે ઈચ્છતા નહોતા. જ્યારે પવનને કારણે સાડી યુવતીના શરીરને વીંટળાઈ વળતી, તેના નિતંબો, જાંઘો કે સ્તનોની રેખાઓ પ્રગટ કરતી, ત્યારે મનમાં ઊઠતા વિચારોથી તે પોતાની જાતને તિરસ્કારતો. પુરોહિતે ચેતાવેલી પવિત્ર જ્યોતિની ઉષ્મા માટે હાથ લંબાવી, કપાળે દૃઢતાપૂર્વક આંગળીઓ દાબી પોતાની ભીતરમાં ત્રાસ આપતા દુરિત પર વિજય મેળવવાની શકિત માટે અને નર્કમાંથી મુકિત માટે તે ઉત્કટતાથી દેવોને પ્રાર્થતો. પણ તે પ્રાર્થના નિષ્ફળ જતી. અલબત્ત, નર્કની ચિંતા તેને વધુ સતાવતી હતી.

એકવાર, જૈગીના ગુરુ જૈગીને મળવા આવ્યા હતા ત્યારે વેંકટેશસ્વામીએ તેની સલાહ લેવાનો નિર્ણય કર્યો. જ્યારે તેણે વિદાય લેવાના પરિચિત બોલ સાંભળ્યા, ત્યારે તે તે બંને જે ઓરડામાં વાતો કરતા હતા તે ઓરડામાં પ્રવેશ્યો અને ગુરુને તેણે દંડવત્ પ્રમાણ કર્યાં. ગુરુની વય સાઈઠેક વર્ષની હતી. ગુરુના લાંબા ભૂખરા-શ્વેત વાળ ધૂળને કારણે નિસ્તેજ લાગતા હતા અને સુંદર કરચિયાળા ચહેરા પરથી ઝૂલતી તેમની લાંબી, શ્વેત દાઢી તેના ભગવા ઝભ્ભા પર ઝૂલતા મોટા ભાગના કાળા મણકાને આવરતી હતી.

'હું તારી ઈચ્છા જાણું છું.' વેંકટેશસ્વામીને ઊભા કરતાં તેણે કહ્યું. 'તારી દાદી કહે છે કે તને નર્કની બીક લાગે છે ને તું મોક્ષ શોધે છે.'

'હા, ગુરુજી. મેં કર્મનો માર્ગ લીધો, પણ મારાં ખરાબ કર્મો સારાં કર્મો કરતાં ઝડપથી વધતાં ગયા.'

ગુરુએ નરમાશથી ઉત્તર આપ્યો, 'આવી મોટી - ભારે ચિંતાઓનો બોજ ઉપાડવા તું હજી નાનો છે. જુવાનીમાં શું ઝાઝુ સુખ નથી હોતું?'

'મારે નર્કમાં રહેવા જવા સુખ નથી જોઈતું.'

વેદાંતમાં એમ કહ્યું છે, 'જે પોતાના સારા-નરસા સ્વરૂપને સમાન રીતે જાણે છે, તેને તે બંને તેના સ્વરૂપને - આવું જાણનારના સ્વરૂપને પ્રસન્ન કરે છે. આ ગુપ્ત બોધ છે.'

'મને કશું ન સમજાયું.'

'તું સારા, નરસાની અને કર્મની ખૂબ ચિંતા કરે છે અને એટલે જ તેં જ્ઞાનમાર્ગની ઉપેક્ષા કરી છે.'

'હા, કારણ કે મને બોધ આપનાર કોઈ ગુરુ નથી.' વેંકટેશસ્વામીએ ઉત્સુકતાથી કહ્યું.

જૈગીને નમસ્કાર કરી તેના ગુરુ બારણા તરફ જવા લાગ્યા. વેંકટેશસ્વામી માર્ગ વચ્ચે કૂદ્યો, બોલ્યો, 'વંદનીય ગુરુ, હું તમારો અનુયાયી થઈશ. તમારે માટે રાંધીશ, તમારાં વસ્ત્રો ધોઈશ .... માત્ર મને દિવ્યજ્ઞાનના માર્ગે દોરો.'

તેની સામે હાથ જોડી, સ્મિત કરતાં તે પવિત્ર માણસે અડધું માથું ઝુકાવી પૂછ્યું, 'તને શાસ્ત્રનું કેટલું જ્ઞાન છે?'

'હું ઘણાં મંત્રો જાણું છું. મેં વેદો વાંચ્યા છે. જો કે જેટલા ખંતથી તે વાંચવા જોઈએ તેટલા ખંતથી નથી વાંચ્યા.' વેંકટેશસ્વામીએ ડોકું ધુણાવ્યું. 'ભગવદ્‌ગીતા મહાનમાં મહાન ગ્રંથ છે. છ મહિના સુધી રોજ તું તેને નિષ્ઠાપૂર્વક વાંચ. પછી હું તારી પરીક્ષા લઈશ. યોગ્ય લાગશે તો હું તારો ગુરુ બનીશ.'

આ વચન વેંકટેશસ્વામીને આશીર્વાદરૂપ લાગ્યું અને તેનામાં નવી આશા જાગી. કુટુંબમાં ભગવદ્‌ગીતાની જે એકમાત્ર નકલ હતી તે સંસ્કૃતમાં હતી. બને તેટલું બધું જ જાણવાનો નિર્ણય કરીને, તેણે રોજ સવારે, ધંધો શરૂ થાય, ત્યારે જોરથી વાંચવા માંડ્યું. અને તેના પિતા તથા કાકા ઉચ્ચારણો સુધારતા અને તેનો ઉંડો અર્થ સમજાવતા. છ મહિના તો જલ્દી જલ્દી વીતી જશે અને તે પેલા મહાન ગુરુનો શિષ્ય બનશે અને મોક્ષ નિશ્ચિત બનશે. તેને એ વાતનું થોડું દુ:ખ હતું કે આટલાં વર્ષો સુધી ગુરુએ જેને બોધ આપ્યો છે તે જૈગી પોતાના ખુદના મોક્ષ અંગે અચોક્કસ હતી. પણ પોતાનો કિસ્સો જુદો હતો. તે નાનો - યુવાન હતો. અને જે તે ન કરી શકી તે કરી શકતો હતો. મહિનાઓમાં પહેલી જ વાર આશા જાગી.

સામાન્ય રીતે તો તે ભગવદ્‌ગીતાથી પરિચિત હતો, પણ રોજના આ વાચનને કારણે તેનો નવો મર્મ સમજાયો. સાચેસાચ તે મહાન ગ્રંથ હતો.તે તેના પ્રેમમાં પડ્યો. ગીતાની કથનશૈલીને કારણે સત્ય સમજવું સરળ બન્યું. બધા જ દેવોમાં કૃષ્ણ હંમેશ માટે તેનો અતિપ્રિય દેવ બની રહ્યો.

એક સવારે, તે વાંચતો હતો ત્યારે અનેક ગ્રાહકો તેની આસપાસ ઊભા હતા, ત્યારે , ચોથા અધ્યાયના એક સંક્ષિપ્ત વાકયે તેની પ્રિય ભગવદ્‌ગીતાએ તેના અંતરના છેલ્લામાં છેલ્લા આશાના કિરણને બુઝાવી નાખ્યું અને તેને અંધકાર અને સાવ હતાશામાં મૂકી દીધો. તે વાકય આવું હતું -

**ભગવાન સાધુ-સજ્જનોનો ઉદ્ધાર કરવા અને પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા પ્રગટે છે.**

આ શબ્દો ફરી વાંચીને, વેંકટેશસ્વીમાએ સંસ્કૃત જાણતા તેના સઘળા શ્રોતાઓને તેનો અર્થ સમજાવવા કહ્યું. તે જે સમજ્યો હતો તે બરાબર સમજ્યો હતો. એ વાતમાં જ્યારે સહુ સંમત થયા, ત્યારે નિરાશાથી તેણે તે મહાગ્રંથ બંધ કર્યો. તેના વિનાશ પર મહોર મરાઈ ગઈ હતી. ભગવાન કૃષ્ણ કૃપાળુ હતા, સહુ દેવોના ભકતની નિકટતમ હતા, સંરક્ષક વિષ્ણુનો તે અવતાર હતા, તે માણસને મોક્ષનો માર્ગ દેખાડવા આવ્યા હતા ... પણ તે માત્ર સજ્જનોનો ઉદ્ધાર કરવા અને પાપીઓનો વિનાશ કરવા આવ્યા હતા. પાપીઓ માટે મોક્ષ નહોતો ! તો પછી તેને માટે પણ મોક્ષ નહોતો !

હળવે પગલે ઘરમાં જઈ, તેણે ભગવદ્‌ગીતાને છાજલી પર તેને સ્થાને, કુટુંબના દેવો સાથે મૂકી દીધી. પછી તે હિસાબના ચોપડા પાસે ગયો. પણ તે પાના પરના આંકડાઓ અસ્પષ્ટ અને અર્થહીન હતા. તેની ભીતર કશુંક મૃત્યુ પામ્યું હતું.

એક કલાક કરતાંય વધુ સમયથી ઢોલ વાગતા હતા. પોતાના કામમાંથી આંખ ઊંચી કરતાં વેંકટેશસ્વામી પોતાના ઘરની સામે, નાના ચોકની સામી બાજુએ આવેલા દેવી મૂલામ્માના મંદિરને પૂરેપૂરું નિહાળી શકતો હતો. અંતરની ઉત્કટતાથી તેણે ખેડૂતો અને તેઓના કુટુંબોને તેની જમણી બાજુ આવેલા બારાના દરવાજેથી એકધારા આવતાં તે જોતો હતો. બાળકો ખડખડાટ હસતાં અને ખેડૂત પત્નીઓ તથા યુવતીઓ ચમકતી, અનેકરંગી સાડીઓ પહેરેલી. તે સહુ મંદિરની સામે એકઠા થતાં હતાં. આ વાર્ષિક ઉત્સવના દિવસે આટલા મોટા ટોળાને સમાવવા મંદિર નાનું હતું. તે નાનો હતો ત્યારે જલ્લાદની જખમ કરતી, લોહીની ધાર વહેવડાવતી તરવાર તેને ડરાવતી. તોય તે આ વેંકટેશસ્વામીનો પ્રિય ધાર્મિક ઉત્સવ બની ગયો હતો. સાચે જ, તે અતિશય ઉત્તેજનાત્મક હતો. જે સમાજમાં ભકત કયારેય કીડી કે માખી ન મારે, જે સમાજમાં સહુ અહિંસાને વરેલા હોય, માત્ર પ્રાચીન શાસ્ત્રોના બોધને કારણે જ નહિ, પણ હમણાં હમણાં તો સત્યાગ્રહ દ્વારા ભારત પરથી બ્રિટનની પકડ ધીરે ધીરે તોડતા મહાત્મા ગાંધીના સાદગી ઉદાહરણથી અહિંસાને વરેલા હોય તે સમાજમાં આ ઉત્સવની ઘૃણાસ્પદતા અને હિંસા ખાસ ધ્યાન ખેંચે.

આ વિધિમાં કમસે કમ કશું જ જડ નહોતું. હા, દિવસનો બલિ ત્યાં હતો. ત્રણ માણસો ટોળાની વચ્ચેથી મોટી ભેંસને ઘસડી લાવી દેવીની મૂર્તિ સામે ઊભી રાખતા. તેની પીઠ પરથી ભૂખરા કાદવને ધોઈ તે પીઠને ચમકતી અને સ્વચ્છ બનાવાતી.

આમ તો, હિંદુઓએ અલબત્ત અહિંસાનો નિયમ હંમેશ પાળવો જોઈએ. પણ વેંકટેશસ્વામી જાણતો હતો કે દરેક નિયમને અપવાદ હોય છે. અહિંસાના અસ્તિત્ત્વ છતાંય શિવની સહચારિણી કાલિને કલકત્તાના તેના મંદિરે સેંકડોની સંખ્યામાં પ્રાણીઓનો બલિ આપતો હિંદુ ભકત કાલિનો આદર નથી કરતો? શું કાલિનું સૌંદર્ય તેની લોહીતૃષ્ણામાં નહોતું? તાજાં જ કાપેલાં માનવમાથાઓ અને હાથોના હાર પહેરાવેલી, પોતાના હાથમાં ઉષ્ણ માનવી રકતનો પ્યાલો રાખતી તેને વારંવાર ચિતરવામાં આવે છે. અને તે જ પ્રતીતિ કરાવે છે કે માણસોમાંથી તેના દીકરા-દીકરીઓને મારીને જ તે જીવે છે. તો પછી, અંતે તો તે રકતનો જ બલિ માંગે છે એ વિષે કોને શંકા થાય? રામકૃષ્ણ પોતે જ તેનો આદર કરનારા પરમ ભકત હતા. અને તેઓનાથી વધુ મોટો હિંદુ કે વધુ સાચો કોણ હશે?

જો કે, કાલિ જેટલી પ્રસિધ્ધ ન હોવા છતાંય મૂલામ્મા પણ તાજું લોહી ઝંખતી. ઘણીવાર, તેના મંદિરની સામે જ ઊંચા અણિયાળા થાંભલા પર બકરાઓની ડોકો નમાવી, વધેરીને તેને બલિ અપાતો. પ્રત્યેક વર્ષે જ્યારે ડાંગર રોપાતી ત્યારે ભેંસનો બલિ અપાતો અને શાસ્ત્રોકત કર્મકાંડ થતાં, જેથી ફળદ્રુપતાની દેવી મૂલામ્માના આશીર્વાદ આસપાસના ખેતરો પર આવનારી ઋતુ માટે મળે તેવી ખાતરી થાય.

અત્યારે પણ તેની સામે પ્રગટતી ઉત્તેજના અને થતાં જટિલ કર્મકાંડ જોઈ, ક્ષણ માટે તો વેંકટેશસ્વામી ગીતા વાંચનથી તેનામાં પ્રગટેલી નિરાશા - પાપીઓને મોક્ષ નથી એવી નિરાશા - ભૂલી ગયો. તેના બાળપણથી પ્રત્યેક વર્ષે તે આ જોતો હતો, છતાં ફરી આજે, ચકરાતા, ઉન્માદક નર્તકોએ હંમેશની જેમ તેને આકર્ષ્યો. અને ઢોલ તથા શંખો તેના પગને સ્થિર તાલમાં નચાવતા હતા. તાલની ઝડપ વધી અને દરેકની આંખ દેવીની સામે પુરોહિતની સાથે ઊભેલા જુવાન તરવારધારી ખેડૂત અને બલિ પર પડે. આ વર્ષે પણ હંમેશની જેમ, જલ્લાદની પસંદગી તેની અસામાન્ય શકિત પરથી થઈ હતી, કારણ કે ખરી પછાડતી ભેંસની જાડી ડોક એક ઝાટકે જ છૂટી પડવી જોઈએ.

સારી રીતે પોલિશ કરેલી, ચમકતી, સૂર્ય તેજમાં હીરાની જેમ ચળકતી તરવાર એકાએક વીજળીની જેમ ચમકી ઉઠી. ભેંસના દેહમાં ભારે કંપ થયો અને લગીરે અવાજ વિના તેના ઘૂંટણો વાંકા વળી ગયા અને જખમી પ્રાણી કંપતું કંપતું જમીન પર આળોટવા માંડયું. છૂટું પડેલું તેનું માથું થોડાંક ડગલાં દૂર પડયું હતું. સત્વરે જ, તેની ડોકમાંથી નીગળતા મૂલ્યવાન લોહીને ઝીલવા પવિત્ર પાત્રો મૂકવામાં આવ્યા. પુરોહિત મંત્રો ઉચ્ચારતો, આશીર્વાદ ઉચ્ચારતો, સાથે સાથે ભકતો ગણગણીને પ્રતિભાવ આપતા. હમણાં જ હળવા બનેલી ઢોલની સપાટોએ અવાજોને અટકાવ્યા, કારણ કે ઉષ્ણ લોહીમાં નહીં રંધાયેલા ચોખાને હલાવવામાં - ભેળવવામાં આવતા હતા. ખેડૂતો પોતાનો ભાગ લેવા ઉત્સુકતાથી આગળ આવતા હતા અને આ લોહીભીનું તર્પણ લઈ તે પોતાના ખેતરો પર નાખવા તેઓ એક પછી એક વિદાય લેતા હતા. તે લોહીમાં આવું બળ હતું. જમીનમાંથી સ્વસ્થ રોપાઓ ઉગાડવાનું અને સારી લણણીની ખાતરી આપતું બળ. મૂલામ્માના આ ખાસ આશીર્વાદ હતા....જો વર્ષાનો દેવ, દુકાળનો દેવ, રોગચાળાનો દેવ વધુ બળ સાથે વચ્ચે ન પડે તો.

થોડાંક દિવસો પછી, જેને તેણે કયારેય દીઠો નહોતો એવો એક શ્વેત માણસ કેટલાક અસ્પૃશ્યોની સંગતમાં બારાના દરવાજેથી વૈશ્ય કોમ પર હુમલો કર્યો. પછી, નાના જૂથ સાથે તે વેંકટેશસ્વામીના ઘરની સામેના ચોકમાં ઊભો રહ્યો. તેઓની પીઠ અત્યારે નિર્જન બનેલા મૂલામ્માના મંદિર તરફ હતી. એક ભારતીય હાર્મોનિયમ વગાડતો હતો અને બીજા બે ખંજરી અને નાનું ઢોલ વગાડતા હતા, અને જૂથ ઊંચે સાદે, ઈસુ નામના અજાણ્યા દેવનાં ન સમજાય તેવાં ગીતો ગાતું હતું. હમણાં જ, તાજેતરમાં જ, આ ચોકમાં થઈ ગયેલા ઉત્તેજનાત્મક અને રંગીન વિધિની તુલનામાં તો તેઓનો આ નિરસ કાર્યક્રમ સાવ તુચ્છ, દયાજનક લાગતો હતો. પેલો શ્વેત માણસ ધર્મપ્રચારક હતો તે દેખીતું હતું. વેંકટેશસ્વામીએ આ લોકો વિશે સાંભળ્યું હતું, પણ આ પહેલાં તે આવા કોઈના સંપર્કમાં નહોતો આવ્યો.

વેંકટેશસ્વામી ખ્રિસ્ત વિશે કશું જાણતો નહોતો. તે માત્ર એટલું જ જાણતો હતો કે જે ગામડાં તેણે જોયા હતા તે પ્રત્યેક ગામડાની બહાર આ અપરિચિત દેવને અનુસરનારાઓની એક કોમ હતી. અરે, તેના પોતાના ગામડામાં પણ ખ્રિસ્તીઓની કોમ હતી, અને મુખ્ય વસવાટથી અડધો માઈલ દૂર તેઓને રાખ્યા હતા, કારણ કે તે અસ્પૃશ્યો હતા. આવા લોકોને - દેવો દ્વારા પણ તિરસ્કૃત થયેલા લોકોને એકલા પાડવા તેવો મનુનો નિયમ હતો. પ્રત્યેક હિંદુ વર્ણ માટે આ જ કારણે ખ્રિસ્તનો અનાદર કરવાનું પૂરતું કારણ હતું, પણ તેનાથી ય મોટું - ખરાબ કારણ તો એ હતું કે ખ્રિસ્તીઓ હિંદુ દેવોને દંતકથા માનતા અને આપણી પવિત્ર ગૌમાતાનું માંસ ખાતા.

પોતે હજી હમણાં તાજેતરમાં કરેલી ચોરીને ચોપડામાં છાવરવાના પ્રયત્નમાં વેંકટેશસ્વામી ખૂંપ્યો હતો. જોરશોરથી ગવાતા ગીતે તેના વિચારોને ખલેલ પહોંચાડી અને આંકડાઓ ઉમેરવું તેને માટે કપરું બન્યું. કલમ મૂકી દઈ, તિરસ્કારથી ડરકીને તે ટટ્ટાર બેઠો થયો. અને પોતાની થાકેલી પીઠને હતોત્સાહ બની ઘસવા લાગ્યો. ચોકમાં ગવાતા ગીતના શબ્દો અહિંસાને વરેલા કોઈપણ હિંદુને દુભવે તેવા હતા. અને પ્રત્યેક હિંદુએ અહિંસાને તો વરવું જ જોઈએ. તે શબ્દો આ હતા -

**તમારે તમારાં પાપના બોજમાંથી મુકત થવું છે? લોહીમાં તે શકિત છે.**

**હલવાનના અમૂલ્ય લોહીમાં !**

ગીત દુભવે તેવું તો હતું જ, પણ તેનો કશો અર્થ નહોતો. ઘેટું તો ભેંસ કરતાં ખૂબ નાનું હોય. સ્પષ્ટ છે કે આ શ્વેત માણસ દેવી મૂલામ્મા અંગે કશું જાણતો નથી. તેણે પોતાના કાર્યમાં એકાગ્ર થવા પ્રયત્ન કર્યો, પણ બીજા ગીતથી તેને ખલેલ પહોંચી. તે ગીત આવું હતું -

**ઓહ ! ઈસુનું એ લોહી, ઈસુનું મૂલ્યવાન લોહી !**

**ઓહ ! ઈસુનું એ લોહી જે સઘળાં પાપોને નાખે ધોઈ !**

સઘળાં પાપોમાંથી પાપરહિત કરતું લોહી? જે ભૂમિ પર તે વેર્યા હોય તે લોહીભીના ચોખા તે ભૂમિને ફળદ્રુપ બનાવે તેનો તર્ક તે સમજી શકતો હતો, કારણ કે ચોખા ખુદ તે ભૂમિના હતા. પણ હલવાન (ઘેટું) નું લોહી કેવી રીતે પાપમુકત કરે? અને આ ઈસુ … તે શું છેવટે ઘેટું હતો અને દેવ નહોતો? તેની ચિંતા નહિ - અસ્પૃશ્યોનો દેવ તેનો તો દેવ નહોતો. અને કરોડો દેવો હોય, તો પછી હિંદુને બીજા દેવની શી જરૂર?

ગાવાનું બંધ થયું. વેંકટેશસ્વામીએ ફરી કલમ ઉપાડી અને પોતાના કામમાં એકાગ્ર થવા પ્રયત્ન કર્યો. ધર્મપ્રચારકના ઊંચા, ગંભીર અવાજે તે અશકય બનાવ્યું. તે પોતાના હાથમાંનું કાળું પુસ્તક હલાવતો હતો અને આખી દુનિયાને ઊંચે સાદે કહેતો હતો કે આ સાચા અને એકમાત્ર ઈશ્વરનો, સર્જકનો, તારણનો માર્ગ દેખાડનારાનો સાક્ષાત્કાર છે. તે પુસ્તક ખોલીને તેણે વાંચવાનો પ્રારંભ કર્યો.

**આ વાત વિશ્વસનીય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે, ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને સારુ જગતમાં આવ્યો**

**(તિમોથીને લખેલો પહેલો પત્ર ૧:૧૫).**

*પાપીઓને* તારવા? વેંકટેશસ્વામી પ્રત્યેક શબ્દ પર ધ્યાન આપતો હતો. તેનું કામ ભુલાઈ ગયું. શું ખરેખર *પાપીઓ* માટે તારણ હોઈ શકે? નાનું ટોળું એકઠું થયું હતું. કદાચ, ત્રીસ ચાલીસ શુદ્રો કે વૈશ્યો હશે. અરે, એક બ્રાહ્મણ ચોકના છેડા પાસે ભમતો હતો અને પોતે કશું સાંભળતો નથી એવો દેખાવ કરતો હતો. ફિક્કી ચામડીવાળો આ અજાણ્યો એમ સમજાવતો હતો કે આ આખા વિશ્વને ઉત્પન્ન કરનાર ઈશ્વર ઈસુ જ છે અને છતાંય પાપીઓના તારણ માટે તે આ પૃથ્વી પર માનવદેહ ધારીને આવ્યા છે. ત્યાં પણ પાછા એ જ શબ્દો હતા - *પાપીઓના* તારણ માટે ! તેમણે સંપૂર્ણ પાપરહિત જીવન જીવ્યું હતું. બિમારને તે સાજા કરતા, મરેલાંને સજીવન કરતા, ભૂખ્યાને અન્ન આપતા અને પોતાના દુશ્મનોને ય ચાહવાનું માણસોને શીખવતા. તોય તેમનો તિરસ્કાર થયો. લોકોએ તેમના હાથ-પગને ખીલા ઠોકી તેમને વધસ્તંભે જડયા, તેમના પડખામાં ભાલો ખોસ્યો અને તે આપણાં પાપને ખાતર સ્વેચ્છાએ મર્યા, કારણ કે તે આપણને ચાહતા હતા. ત્રીજે દિવસે તે પુનરુત્થાન પામ્યા - પુનર્જન્મ નહિ. અને સ્વર્ગે પાછા ગયા. પણ પોતાનું રાજ્ય સ્થાપવા તે ફરી પાછા પૃથ્વી પર આવવાના છે.

તે ધર્મપ્રચારક સમજાવતો હતો, 'આપણાં પાપોના દંડમાંથી બચાવવાની - મુકત કરવાની શકિત ઈસુના લોહીમાં છે. પાપ એટલે આપણને ઉત્પન્ન કરનાર સામેનો વિદ્રોહ. તેમની ઈચ્છા પ્રમાણે જીવવાને બદલે આપણી પોતાની રીતે જીવવું. ઈશ્વરે કહ્યું, 'પાપનો મુસારો મરણ છે.' (રોમનોને પત્ર ૬:૨૩). આપણે ફરી વિદ્રોહ કરીએ છીએ અને આ વિવેકપૂર્ણ દંડમાંથી ભાગવાનો

પ્રયત્ન કરીએ છીએ. મરવાની બીકે હતાશ થઈને જીંદગીને વળગીએ છીએ. પણ ઈસુ આપણા સહુ માટે મરવા તૈયાર હતા. તેમણે કહ્યું, 'મારા વધસ્તંભને અનુસરો. મારા મૃત્યુને તમારું પોતાનું જ મૃત્યુ ગણો. મારી સાથે મરો અને મારી સાથે તમારું પણ પુનરુત્થાન થશે, કારણ કે હું તમારામાં વસીશ' (જુઓ માથ્થી ૬:૨૪,૨૫). તમારે નર્કનો ડર રાખવાની જરૂર નથી. દંડ અપાઈ ચૂકયો છે. આ શુભ સમાચાર માનો અને તમને માફી પામેલા લોકો જેવી જ શાંતિ મળશે.'

તે અપરિચિતના ચાલ્યા ગયા પછી કલાકો સુધી તેના શબ્દો વેંકટેશસ્વામીના કાનમાં રણકતા રહ્યા. તે એટલા તો સારા હતા, સરળ હતા કે તે સાચા જ હોય ! ભગવદ્‌ગીતા પ્રમાણે તો મોક્ષ - તારણ આનાથીય કઠિન હતું. કૃષ્ણ પાપીઓને નહીં બચાવે, પણ પાપીઓ પોતાની જાતને બચાવે કદાચ. કેમ કે તેણે અર્જુનને કહ્યું હતું, 'જો તું સમસ્ત પાપીઓ કરતાં પણ વધારે પાપ કરનાર હોય, તો પણ તું જ્ઞાનરૂપી નાવડા દ્વારા નિઃસંદેહ આખા પાપ સાગરને સારી રીતે પાર કરી જઈશ.' પણ આ જ્ઞાન કેમ મેળવવું તે અંગે કોઈ સ્પષ્ટ સમજણ નથી અપાઈ. અને ગુરુઓ તેના અનેક અર્થઘટન કરે છે. તે યોગ દ્વારા મળે એમ મનાય છે, કારણ કે કૃષ્ણે ફરી કહ્યું છે કે, 'આ સંસારમાં દિવ્યજ્ઞાનના જેવું પવિત્ર કરનારું બીજું કશું જ નથી. એ જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધ અંતઃકરણ થયેલો માણસ આપમેળે જ આત્મામાં પામે છે.' અને છતાંય આખી જીંદગી યોગ આચરનાર યોગીઓ હજીય બ્રહ્મ સાથેના ઐકયને શોધી રહ્યા છે. જો ખ્રિસ્તનો પ્રસ્તાવ સાવ સરળ લાગતો હોય, તો યોગ તો નિઃશંક અતિ કપરો છે. આત્મ સાક્ષાત્કાર (self-realization) કરવાનો પ્રયત્ન તો ઘણાએ કર્યો છે, પણ કોણ તે ખરેખર કરી શકયું હતું? ચોક્કસ, પોતાના ગામડામાં તો કોઈ નહિ, એવું સાંભળ્યું હોય તેવું કોઈ નહિ, પુરોહિત પણ નહિ, જૈગીનો નાનો ભાઈ પણ નહિ. તેના પોતાના પાપો ખાતર ખ્રિસ્ત મર્યા છે, એટલું જ માની લેવાથી તેને પેલી આંતરિક શાંતિ - જે શાંતિની શોધમાં તે નિષ્ફળ ગયો હતો - મળશે? આ મૂર્ખામીભર્યું લાગે છે અને છતાંય ઈશ્વર જો માફ કરે તો.

સાચે જ, જો માફી મળે તો કર્મ કાલગ્રસ્ત છે અને પુર્નજન્મનો આખોય ખ્યાલ અર્થવિહીન છે. ભવિષ્યની જીંદગીઓમાં પુનર્જન્મના ચક્ર દ્વારા જ કર્મ પોતાનું લેણું વસૂલ કરે છે. પણ ખ્રિસ્ત પાપીઓને ખાતર મર્યા હોવાને કારણે ઈશ્વર પાપીઓને માફી આપે તો કર્મને કશું જ વસૂલ કરવાનું ન રહે. તેના માથામાં કશીક સ્ફૂરણા થઈ.

ચોપડા બંધ કરી, પોતાના પિતા અને કાકાઓને તેઓના ગ્રાહકો સાથેની વાતોમાં ખૂંપ્યા રહેવા દઈ વેંકટેશસ્વામી બહાર ચાલી નીકળ્યો. હવામાં જૂઈની પ્રગાઢ સુગંધ હતી. તેણે ઊંડો શ્વાસ લીધો. ગીત ગાતા બે પંખીઓ કર્કશ અવાજ કરતા કાગડાની પાછળ પડયા હતા તે ઓઝલ થઈ ગયા. હવે એક જ કામ કરવાનું હતું. તેણે જાતે જ તે પુસ્તક વાંચવું જોઈએ. તાળી પાડી તેણે નોકરને બોલાવ્યો અને તેને અસ્પૃશ્યોના ગામમાં નવો કરાર લાવવા મોકલ્યો.

પહેલાં તો તેણે તે નવો કરાર ખાનગીમાં વાંચ્યો, તેને ઝાઝું ન સમજાયું. પણ તેને તે સમજવામાં ઝાઝીવાર ન લાગી કે નવા કરારનો મુખ્ય સંદેશ છે ખ્રિસ્તના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા પાપીઓનું તારણ. જેમ જેમ તે વાંચતો ગયો તેમ તેમ તેનો આત્મા ઉચ્ચ સ્વરે કહેતો ગયો, 'આ જ તારણ - મોક્ષને તું ઝંખતો હતો, તો પછી કેમ તું તે મેળવતો નથી? કૃષ્ણે સજ્જનો - સાધુઓના મોક્ષ માટે અવતાર લીધો. પણ તેઓને કયા મોક્ષની જરૂર છે અને તારા જેવા પાપીઓને, જો ઈસુ નહિ બચાવે તો કોણ બચાવશે?' આ પ્રશ્ન સાથે તે અઠવાડિયા સુધી સંઘર્ષતો રહ્યો.

અંતે, જ્યારે ધંધાનું કાર્યાલય ખૂલતું ત્યારે પ્રત્યેક સવારે તેણે નવો કરાર ઊંચે સાદે વાંચવાનું શરૂ કર્યું. જેમ તે ભગવદ્‌ગીતા વાંચતો હતો તેમ. તેના પિતા તથા કાકાઓએ ઝાઝું ધ્યાન ન આપ્યું અને કશી જ ફરિયાદ ન કરી. ગ્રાહકો ઊભા રહેતા અને જેટલીવાર તે વાંચતો તેટલીવાર સાંભળતા. ચોકને ઓળંગતા ગામડિયાઓ અને અજાણ્યાઓ જાણે તેનો ઊંચો અવાજ સાંભળી તેના ઘરની સામે આવીને ઊભા રહેતા. જાણે કે ઈસુની કથા સાંભળી આકર્ષાયા ન હોય !

ભગવદ્‌ગીતા રહસ્યમય, અસ્પષ્ટ અને કયારેક વિસંગત લાગતી. તેને બદલે આ ઈસુ તો અતિ સરળ-સીધી વાતો કરતા હતા અને તેય તે ધર્મ કે ફિલસૂફીની નહિ, પણ પોતાની - 'હું ખોવાયેલાઓને શોધવા અને બચાવવા આવ્યો છું. હું માર્ગ છું, સત્ય છું અને જીવન છું. કોઈ વ્યકિત મારા વિના મારા બાપ પાસે આવી શકશે નહિ. હું અને મારા બાપ એક છીએ ....ઈબ્રાહિમ હતો તે પહેલાનો હું હતો - પવિત્ર શાસ્ત્ર જુઓ અને તે મારી શાહેદી પૂરશે. મારી પાસે આવો. ઓ શ્રમ કરનારાઓ અને ભારે બોજ ધારનારાઓ, અને હું તમને શાંતિ આપીશ ..... જો કોઈ તરસ્યો હોય તો મારી પાસે આવે ને પીએ .... હું સારો ઘેટાંપાળક છું, જે પોતાના ઘેટાં માટે પોતાનો જીવ આપે છે. હું પુનરુત્થાન છું અને જીવન છું.....એ ઘડી આવી રહી છે કે જ્યારે કબરમાં સૂતેલા સહુ

મારો અવાજ સાંભળશે અને બહાર આવશે.....અને ત્યારે ઘણા મને કહેશે, 'પ્રભુ! પ્રભુ! અમે તમારા નામે ચમત્કારો નહોતા કર્યા ? અને હું તેઓને કહીશ, મારાથી અળગા થાઓ. હું તમને ઓળખતો નથી ..... કેમ કે મને પ્રભુ તરીકે સંબોધે છે તે દરેક જણ રાજ્યમાં નહિ પ્રવેશે, પણ જેઓ મારા બાપની ઈચ્છા પ્રમાણે વર્તશે, તે પ્રવેશશે .... અને આ તેની ઈચ્છા છે. તમે મારા પર વિશ્વાસ રાખો.'

ઈસુ જ્ઞાન માર્ગનો બોધ આપતા નહોતા અથવા તો તે કપરાં કૃત્યોનો કે યોગ દ્વારા આત્મ સાક્ષાત્કારનો અને ઑમ અક્ષરના અનંત પુનરાવર્તનોનો બોધ આપતા નહોતા. આ સાવ સ્પષ્ટ હતું. તેમના નિવેદનો તેમની સરળતામાં અટવાતા હતા અને તેમની વેધક આખાબોલાપણાથી ડરાવતા હતા. 'ન્યાય ન તોળો .... કદાચ તમારો ન્યાય તોળાય .... જે વ્યકિત મારા શબ્દો સાંભળે છે અને તેમનું આજ્ઞાપાલન કરતો નથી તે વ્યકિત રેતી પર પાયા વિના ઘર બાંધતા મૂર્ખ જેવી છે. જે શબ્દો મેં તમને કહ્યાં છે તે દિવસે તમારો ન્યાય તોળશે. હું જગતનું અજવાળું છું.' બધા જ લોકો તેમની ઉપસ્થિતિમાં શિક્ષાપાત્ર બની ઊભા હતા. પણ જેમણે જેમણે પશ્ચાતાપ કર્યો અને તેમનામાં વિશ્વાસ મૂકયો તે સહુને તેમણે માફી આપી.

ઈસુએ જે બધું કહ્યું તે વેંકટેશસ્વામીએ શીખેલા ધર્મથી વિરુદ્ધ હતું અને તેથી તે મુંઝાયો. તે ઈશ્વર છે એ પ્રત્યેક હિંદુ માટે પરમ સત્ય છે. પણ ઈસુ તો એવો બોધ આપતા હતા કે બધા માણસોમાં તેઓ એકલા જ ઈશ્વર છે અને બીજો એકેએક માણસ પાપને કારણે ઈશ્વરથી વિમુખ થયેલો છે. હિંદુ ધર્મનું મહાન ધ્યેય છે દિવ્યજ્ઞાન દ્વારા ઈશ્વરચેતના. જ્યારે ઈસુએ તો પોતા પરના વિશ્વાસ દ્વારા ઈશ્વરના પ્રેમના લાભો પ્રાપ્ત કરવા માણસોને આગ્રહ કર્યો. પોતાની ભીતર રહેલા ઈશ્વરને નિહાળવા માટે યોગ રીતોનો સમૂહ હતો. ઈસુએ બોધ આપ્યો કે લોકોએ પોતાની જાત પરથી તેઓના તરફ ફરવું જોઈએ. પ્રાર્થના, કર્મકાંડ અને યાત્રાઓ દ્વારા પોતાની જાતે જ પોતાનો મોક્ષ મેળવવાની પદ્ધતિ એટલે હિંદુ ધર્મ. ઈસુએ કહ્યું કે પોતાના તારણની અશકયતા લોકોએ કબૂલી લેવી જોઈએ અને તેમનાં પાપોની અવેજીમાં અપાયેલાં તેમના બલિદાનને સ્વીકારી લેવું જોઈએ. કૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો કે બ્રહ્મ સિવાય બધું જ મિથ્યા છે, અને તેને ખાતરી આપી કે હત્યા કરવામાં કશું ખોટું નથી, કારણ કે વ્યકિત અવાસ્તવિક શરીરની હત્યા કરે છે, આત્માની નહિ અને આત્મા હણી શકાતો જ નથી. પણ ઈસુએ તો લોકોને પોતાના દુશ્મનોને ય ચાહતા શીખવ્યું અને બીજાઓની જીંદગીઓ લેવા કરતાં પોતાની જીંદગીઓ આપતાં શીખવ્યું.

અઠવાડિયાઓ મહિનાઓમાં વિસ્તરતા ગયા અને તોય તે હજી તેણે રોજ નવો કરાર ઊંચા સાદે વાંચવાનો ચાલુ રાખ્યો. હવે તેને સંપૂર્ણ ખાતરી થઈ ગઈ કે કૃષ્ણ અને ખ્રિસ્ત એક જ ઈશ્વરના માત્ર ભિન્ન પ્રાગટ્યો નહોતા. ભારતમાં સેંકડો ગુરુઓ 'ખ્રિસ્ત ભાવના' ના તાજા જ નવા અવતારનો દાવો કરતા હતા. પણ તે બધા સાચા ન હોઈ શકે. તેમાંના કોઈ સાચા હતા? આ ગ્રંથ પ્રમાણે તો નહિ જ. આ ગ્રંથ તો એવો દાવો કરે છે કે બેથલેહેમમાં કુંવારીને કૂખે થયેલા ખ્રિસ્તના જન્મે પહેલી જ વાર તેમને પૃથ્વી પર આણ્યા અને તોય તે અવતારરૂપે નહિ, પણ ઈશ્વરે ધારેલા માનવદેહરૂપે. અને તે આપણાં પાપો ખાતર એક જ વાર મરી સદાને માટે તારણનું કાર્ય પૂરું કરવા.

ઈસુનો દાવો છે કે તેઓ જ માત્ર માર્ગ છે .... અને જો તે સાચું હોય તો કૃષ્ણ ખોટા છે. તે બંને સાચા ન હોઈ શકે. વેંકટેશસ્વામીએ આનો અઠવાડિયાઓ સુધી વિચાર કર્યો, તેના તર્કમાંથી ભાગવાનો હતાશાપૂર્વક પ્રયત્ન કર્યો. હિંદુ રહીને પણ ગાંધીએ ઈસુની પ્રશંસા કરી હતી. તેનું ઊંડું મનન કરી વેંકટેશસ્વામી એ નિષ્કર્ષ પર આવ્યો કે તે ગાંધીનો જે આદર કરતો હતો તેથી કંઈ ચિંતા નહિ. જો ઈસુ માત્ર અન્ય દેવ હોત, તો પછી તેમની ચિંતા શી કરવી? હિંદુ ધર્મમાં તો અનેક દેવો છે. આ તો ઈસુની અસામાન્યતા હતી કે જેથી તેમની ઝંખના જાગી. તેઓ જ એકલા આપણાં પાપો માટે મર્યા, પુનરુત્થાન પામ્યા અને તેમનામાં વિશ્વાસ મૂકનારાઓ બધાને માફી અને સનાતન જીવનનું તેમણે વચન આપ્યું. આવો બીજો કોઈ દેવ નહોતો. જો પોતે દાવો કર્યો હોય તેવા જ ઈસુ હોય તો બીજા બધા જ દેવો તે માત્ર ઢોંગ છે.

આ એક સંઘર્ષ હતો. અસ્પૃશ્યોના ઈશ્વરને અપનાવવા તે ખરાબ હતું. પણ આપણાં પાપો ખાતર ઈસુનું મૃત્યુ તે જ એક માત્ર માર્ગ હતો તે સ્વીકારીએ તો યોગનું સંપૂર્ણ આચરણ, ગંગામાં પવિત્ર સ્નાનો, મૂર્તિઓને અપાતા બલિઓ, ધ્યાન દ્વારા રહસ્યમય જ્ઞાન અને દેવચેતનાનું અનુસરણ એ બધું ઈસુએ કહ્યું છે તેમ 'ચોર અને લૂંટારાની જેમ બીજે કોઈ રસ્તેથી આવ્યાં ' જેવું છે (યોહાન ૧૦:૧). આ ઈસુને અપનાવવા મરવા જેવું છે, જીવી હોત તેવી જીંદગી માટે મરવા જેવું છે. ઈસુએ જે કહ્યું કે તેમના શિષ્ય થવા વ્યકિતએ પોતાની જાતનો નકાર કરવો જોઈએ, પોતાનો વધસ્તંભ ઊંચકીને તેમને અનુસરવું જોઈએ તેમાં કશું આશ્ચર્ય નથી. વેંકટેશસ્વામી ડરતો હતો. આવા ઈસુને અપનાવવા માટે તેણે ભારે મૂલ્ય ચૂકવવું પડે.

મહાન કસોટીઓ કયારેક અનપેક્ષિત અને સરળ રીતે ઉકલી જાય છે. હંમેશની જેમ તે નવા કરારમાંથી ઊંચે સાદે વાંચતો હતો, કેટલાક ગ્રાહકો તેને સાંભળતા હતા. વાંચતા વાંચતા તે હિબ્રૂઓને લખેલા પત્રના આઠમા અધ્યાય સુધી પહોંચ્યો. તેની બારમી કલમ નીચે, બીજી કલમોની જેમ પુસ્તકના માલિકે લાલ શાહીથી રેખા દોરી હતી. વેંકટેશસ્વામીએ તે બેવાર વાંચી, કારણ કે તે મહત્ત્વની લાગી - 'કેમ કે તેઓના અન્યાય પ્રત્યે હું દયાળુ થઈશ અને તેઓના પાપ તથા અન્યાયોનું સ્મરણ હું ફરી કરીશ નહિ.' તેણે તે શબ્દો પર ફરી નજર ફેરવી અને તેની ભીતરમાંનું કોક બોલી ઊઠયું, 'હા, હું આ માનીશ. ઈશ્વર મને માફ કરી શકે, કારણ કે ઈસુ મારાં પાપો ખાતર મર્યા છે.'

'તેઓના અન્યાય પ્રત્યે હું દયાળુ થઈશ.' આટલો લાંબો સમય તેણે ધર્માચરણ કરવા કઠોર સંઘર્ષ કર્યો હતો પણ નિષ્ફળ. તેને ઈશ્વરની દયા અને માફીની કેટલી જરૂર હતી ! તે તારણ-મોક્ષ ઈચ્છતો હતો. પણ તે તારણ તેના પોતાના ગુણો પર અવલંબતું નહોતું, પણ તેને બદલે મૃત્યુ પામનાર કોકના સમર્પણ પર અવલંબતું હતું. 'તેઓનાં પાપ તથા અન્યાયોનું સ્મરણ હું ફરી કરીશ નહિ.' આ વચને તેનો ડર હરી લીધો. હંમેશ માટે બધું નિશ્ચિત થઈ ગયું.

"આભાર, પ્રભુ ! આભાર." તેનો સાક્ષાત્કાર થાય તે પહેલાં જ કટોકટી પસાર થઈ ગઈ. આછા સ્વરે તે બોલ્યો.

હવે મૂર્તિઓની પ્રદક્ષિણા કરવાનો, ન ખાઈ શકતો હોય તેવા દેવોને નાળિયેર ધરાવવાનો, કપાળ કે ડોક પર ભસ્મ લગાવવાનો કે કાષ્ટ કે પથ્થરની પ્રતિમાઓને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાનો અર્થ નહોતો. તેઓના ભોજન ખંડના ખૂણે આવેલા મંદિરમાં સાચવી રાખેલી કુટુંબની મૂર્તિઓની હવે તે ઉપાસના કરતો નહોતો. કુટુંબ પૂજાને તે ટાળતો અને જ્યારે અઠવાડિયે એકવાર દક્ષિણા લઈ પંડિત તેઓના ધંધાને ખાસ મંત્રાથી આશીર્વાદ આપવા આવતો ત્યારે તે તેના સ્વર્ગમાં વસતા પિતા સાથે વાતો કરવા બહાર નીકળી પડતો. તપતા સૂર્ય નીચે સવારનું ઝાકળ જેમ અદશ્ય થાય તેમ નર્કનો ભય અદશ્ય થઈ ગયો હતો.

નવો કરાર તેના આત્માનું ભોજન બની ગયો હતો. પણ જેમ તે વાંચતો તેમ ઘણું તેને સમજાતું પણ નહોતું. જેમ કે એક દિવસ માર્કના સોળમા અધ્યાયમાં તેણે એક કલમ જોઈ. આ કલમ આ હતી, 'જે કોઈ વિશ્વાસ કરે અને બાપ્તિસ્મા લે તે તારણ પામશે. પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે.' (કલમ ૧૬). 'બાપ્તિસ્મા લે' તે શબ્દનો અનુવાદ કરાયો નહોતો, કારણ કે તેલુગુ ભાષામાં તેનો સમાન શબ્દ નહોતો. તેનો શો અર્થ થાય તે તે કેવી રીતે શોધી શકે? ગમે તે હોય, તેણે ચલાવવું પડે.

તે મોડી બપોરે, જ્યારે વેંકટેશસ્વામીએ અસ્પૃશ્યોના ગામમાં દેવળ તરફ દૃઢતાપૂર્વક પગલાં માંડયા, ત્યારે તેના અંતરમાં અવર્ણનીય લાગણીઓ ઉછળવા માંડી. તે જતો હતો ત્યારે માર્ગ પરની અનેક નવાઈ પામતી આંખો તેના તરફ આકર્ષાતી હતી. નાનો દરવાજો ખોલી તે ખચકાતો સાંકડા ચોકમાં પ્રવેશ્યો અને તે કાળા પથ્થરના અને ઊંચા ગમરાવાળા મકાનને અનિશ્ચિતતાથી જોતો ઊભો રહ્યો. દેવળની પડખે બે છોકરાઓ એકબીજાની પાછળ દોડતા હતા. વેંકટેશસ્વામીએ તેઓને બોલાવ્યા અને ધર્મગુરુ-પાદરી કયાં મળશે તેવી પૃચ્છા કરી. તેણે યોગ્ય શબ્દ વાપર્યા છે કે નહિ તેની તેને ખબર નહોતી પણ એટલું જ તે જાણતો હતો. પેલા છોકરાઓ સમજી ગયા અને મકાનની પાછળ દોડી ગયા. થોડી મિનિટો પછી તેઓ પચાસ વર્ષના વામણા, મજબૂત માણસ સાથે પાછા ફર્યા. દેવળની પાસે આવેલી નાની નિશાળના હેડમાસ્તર તરીકે વેંકટેશસ્વામીએ તેને ઓળખ્યો. કયારેક કયારેક તે તેના કાકા તેરુકલયાને ત્યાં રોજિંદા જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા આવ્યો હતો.

'બોલો' તેણે કહ્યું. ધનિક શાહુકારના પુત્ર એવા ઉચ્ચવર્ણના હિંદુ છોકરાને જોઈને તે દેખીતી રીતે જ મુંઝાયો, 'મારે ખ્રિસ્તી થવું છે.' પોતાના મુદ્દાને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરતાં વેંકટેશસ્વામીએ કહ્યું, 'હું ઈસુમાં માનું છું, પણ મેં હજી આ કરાવ્યું નથી.' તેણે હાથમાં નવો કરાર રાખ્યો હતો. તે ખોલી, માર્ક ૧૧:૧૬ દર્શાવી જે શબ્દ તે સમજતો નહોતો તે શબ્દ પ્રત્યે ધ્યાન દોર્યું.

હેડમાસ્તરની મૂંઝવણ આશ્ચર્યમાં પલટાઈ ગઈ. જો કે તેને તેના શબ્દોમાં વિશ્વાસ નહોતો એટલે તેણે પૂછ્યું, 'તારે બાપ્તિસ્મા લેવું છે?'

'હા, તેનો અર્થ શો?'

'પાદરી તારે કપાળે પાણી સિંચે છે .... અને તું દેવળમાં આવે છે. તારે આ કરાવવાની ઈચ્છા છે?' તેનો અવિશ્વાસ આખરે ખુલ્લા આશ્ચર્યમાં પરિણમ્યો હતો.

વેંકટેશસ્વામીએ ડોકું હલાવ્યું, 'એ શબ્દનો અર્થ ગમે તે હોય, મારે તે કરાવવું છે.'

'હું તો માત્ર ધર્મશિક્ષક છું.' તેણે ક્ષમા યાચતાં કહ્યું. હું કોઈને બાપ્તિસ્મા ન આપી શકું. માત્ર પાદરી જ તે કરે છે. તેના ચહેરા પર આશ્ચર્યમિશ્રિત સુખનું સ્મિત ધીરે ધીરે પ્રસરતું હતું.

'હા .... પાદરી જ. તેનું જ મારે કામ છે.'

'તે અહીં નથી. મહિને એકવાર તે આવે છે.'

'ઓહ !' વેંકટેશસ્વામી કણસ્યો. 'મારે આજે જ, અત્યારે જ તે કરાવવું છે.'

'હું દિલગીર છું. હવે જ્યારે તે આવે ત્યારે હું તમને બોલાવું?'

'હા, જરૂર.'

ઘર પહોંચે વેંકટેશસ્વામીને હજી પૂરો કલાક પણ નહિ થયો હોય અને ત્યાં જ સંદેશો આવ્યો કે પાદરી ઓચિંતા આવ્યા છે અને તેને મળવાની રાહ જુએ છે. વેંકટેશસ્વામી ઘરથી ઉતાવળે ઊપડ્યો અને ઉત્તેજિત થઈ, હાંફતો હાંફતો દેવળમાં ઝડપથી આવી પહોંચ્યો. નાના દેવળના બારણા પાસે એક ઊંચો, પાતળો, લાંબો સફેદ, કમરે વિંટાળેલો ઝભ્ભો પહેરેલો માણસ શિક્ષક સાથે વાત કરતો હતો. અવાજ કરતા દરવાજામાંથી વેંકટેશસ્વામીને આવતો જોઈ તેણે તેની સામે ઉષ્માભર્યું સ્મિત વેર્યું. તેની લાંબી દાઢીને કારણે તે ગુરુ જેવો દેખાતો હતો.

'તો જેને બાપ્તિસ્મા કરાવવું છે તે તું જ છે, ખરું ને?' તેણે મૃદુ સ્વરે પૂછ્યું.

'હા, હું ઈસુમાં વિશ્વાસ મૂકું છું. પણ મેં આ કરાવ્યું નથી અને બાઈબલ તો કહે છે કે મારે તે કરાવવું જોઈએ.'

'તે સાચું છે, પણ હજી અમે તને બાપ્તિસ્મા ન આપી શકીએ. પહેલાં તો તારે પ્રેષિતોનું વિશ્વાસનામું, દસ આજ્ઞાઓ અને ધર્મશિક્ષણનું પુસ્તક વાંચવા જોઈએ, છ મહિનામાં.'

પાદરીનો હાથ પકડીને વેંકટેશસ્વામીએ ઉત્કટતાથી વચન આપ્યું, 'હું તે બધું જ વાંચીશ. પણ છ મહિનામાં હું મરી જાઉં, તો હું તે ન કરી શકયા બદલ કોણ જવાબદાર. ના, મને હમણાં જ બાપ્તિસ્મા આપવું જોઈએ.'

પાદરી મૂંઝાતો લાગ્યો. તેણે કહ્યું, 'આ તો ખોટું - ખુબ અનિયમિત થાય. છ મહિના કંઈ વધારે નથી.'

'નવા કરારમાં - બાઈબલમાં જે કહેવાયું છે તે મારે કરવું જ જોઈએ. મારી પાસે આજ્ઞાભંગ ન કરાવો.' વેંકટેશસ્વામીએ દૃઢાગ્રહ કર્યો.

પોતાની સામે ખુલ્લા મોંએ ઊભેલા ધર્મશિક્ષક સામે નિરાશાપૂર્વક નિહાળી, વળી વેંકટેશસ્વામીના કૃતનિશ્ચયી ભાવો જોઈ, મૂંઝાયેલા પાદરીએ પોતાનો નિર્ણય ત્યજતાં નિ:શ્વાસ નાખ્યો. તે ધીમા સ્વરે બોલ્યો, 'ઠીક, મેં આવું આજ પહેલાં કયારેય કર્યું નથી. પણ ...' તેણે ધર્મશિક્ષક તરફ જોઈ કહ્યું, 'લોકોના સમૂહને એકઠા થવા ઘંટ મારો. આપણે બાપ્તિસ્મા આપીશું.'

અને આમ, ઈંગ્લેંડમાં ઉચ્ચાવચ ક્રમે સ્થપાયેલા નિયમો એક ઉત્સાહી યુવકને પરમ સત્તાની આજ્ઞા પાળવા દેવા દૂર કરાયા. ઈંગ્લેંડના ચર્ચમાં જોડાવા માટેનો તે ખરે જ બિનરૂઢિચુસ્ત માર્ગ હતો. પણ વેંકટેશસ્વામીને જાણ નહોતી કે તે કશાકમાં જોડાઈ રહ્યો છે. આટલા લાંબા સમય સુધી, નિષ્ફળ પ્રયત્નો બાદ, જૂઠા દેવોથી પીઠ ફેરવી તેઓનાથી છૂટો થઈ રહેલો તે માત્ર એટલું જ જાણતો હતો કે તે ઈસુનું, જે હવે તેનો તારણહાર અને પ્રભુ હતો તે ઈસુનું આજ્ઞાપાલન કરવા ઈચ્છતો હતો.

પ્રથા તો એવી હતી કે અગાઉ જે હિંદુઓ હોય તેઓને બાપ્તિસ્મા આપ્યા પછી ખ્રિસ્તી નામો આપવા. આ યુવાનનો અનન્ય ઉત્સાહ જોઈને પાળક જોસેફે તેને પ્રસિદ્ધ પ્રેષિત પાઉલ જેવું પાઉલ નામ આપ્યું. વેંકટેશસ્વામીને મન નામનો કશો જ અર્થ નહોતો. તે માત્ર એટલું જ જાણતો હતો કે તેણે નવા કરારની અને તેના પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું હતું.

અસ્પૃશ્યોથી ભરેલા તે દેવળમાં પાછા જવું એટલું સરળ નહોતું. પણ વેંકટેશસ્વામી દર રવિવારે નિયમિત જવા લાગ્યો. જ્યાં સુધી તેને ખબર હતી ત્યાં સુધી તો આખી દુનિયામાં ઉચ્ચવર્ણનો તે એક જ હિંદુ હતો જેણે ઈસુને અનુસરવા પોતાના દેવ છોડ્યા હોય. પ્રાર્થના કરતાં કે ગીતો ગાતાં, તે દેવળના એક ખૂણામાં એકલો બેસતો અને આમ અન્યોથી અંતર રાખતો. તે કયાં જતો હતો તેની ખબર તેના કુટુંબને હતી કે નહિ અથવા તો તેઓ માત્ર ચિંતા કરતા નહોતા તેની તેને કશી જ જાણ નહોતી. પણ કોઈએ તેને એકેય પ્રશ્ન પૂછ્યો નહિ.

બાપ્તિસ્મા પછીના કેટલાક મહિનાઓ પછી, તે કયાંકથી આણેલો નવો કરાર ગ્રાહકો સાથે ઊંચે સાદે વાંચતો હતો અને ગ્રામવાસીઓ સાંભળતા હતા. ત્યાં જ, વેંકટેશસ્વામીનું ધ્યાન નીચે લાલ લીટી કરેલી કલમ પર દોરાયું. તેને ય આશ્ચર્ય થયું કે આ પહેલાં તેણે આ કેમ જોયું નહોતું! કલમ આ હતી, 'માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે : જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે, જુઓ, તે નવું થયું છે' (કોરિંથીઓને બીજો પત્ર ૫:૧૭). પાછળથી ચોપડાં સાથે કામ કરતાં કરતાં તેણે આ કલમ પર ચિંતન કર્યું. પોતાની જાતને તે પૂછતો હતો, 'મારા પૂરતું આ સાચું છે?' તેણે ઈસુમાં વિશ્વાસ મૂકયો. પણ તે નવી વ્યકિત બન્યો છે? પાછળ જોતાં તેણે જોયું કે બધું જ પલટાઈ ગયું હતું. ઈસુ જ્યારથી તેના પ્રભુ બન્યા, ત્યારથી તેણે એક રૂપિયો પણ ચોર્યો નહોતો અને હવે તેને નર્કનોય ડર નહોતો. દિવસ રાત તેને સુગ્રાહ્યતાની પાર રહેલી શાંતિ તેનું રક્ષણ કરી રહી હતી. 'હું ખરેખર ખ્રિસ્તી થયો છું. મારી જૂની જીંદગી જતી રહી છે. બાઈબલ કહે છે તેમ હું નવી વ્યકિત છું.' તેણે વિચાર્યું.

ચોક્કસ, આ વાત પોતા પૂરતી ન રાખવી તે જ સારું છે. બીજાઓને ય તેણે કહેવું જોઈએ કે તે તેઓ પણ કેવી રીતે અનંતકાળીક જીવન પ્રાપ્ત કરી શકે છે.

'હું શોધતો હતો તે મોક્ષ (ઉદ્ધાર)મને મળી ગયો છે.' બીજે દિવસે સવારે અતિ ઉત્સુકતાથી તેણે જૈગીને કહ્યું. તે ચોકમાં બેઠી સૂર્યપૂજા કરતી હતી ત્યારે.

તે તેના તરફ વળી. ઠંડી નજરે તે તેને ટીકી રહી. હમણાં હમણાંની તેની આંખો છારીથી છવાઈ ગયેલી લાગતી હતી. પણ કયારેક તેની આંખોમાં હજી પણ જૂની વિચક્ષણતા દેખાતી. તે વેધકતાપૂર્વક બોલી, 'જ્યારે એક વાંદરો બગડે ત્યારે તે બીજા બધાને ય બગાડે.' જમીન પર થૂંકીને તેણે સૂર્ય સામે જોઈ ફરી સૂર્યપૂજા શરૂ કરી. તે વારંવાર ૐમ્ શિવ, ૐમ્ શિવ, ૐમ્ રામ રામ રામ જપતી હતી. વેંકટેશસ્વામી ધીરજથી તેની પ્રતિક્ષા કરતો હતો. તેના જાપ સાંભળી તેને ઈસુએ પોતાના શિષ્યોને કહેલા આ શબ્દો યાદ આવ્યા, 'અને તમે પ્રાર્થના કરતાં વિદેશીઓની પેઠે અમથો લવારો ન કરો, કેમ કે તે ધારે છે કે અમારા ઘણા બોલવાથી અમારું સાંભળવામાં આવશે.' (માથ્થી ૬:૭). તેણીને આવો નકામો-નિરર્થક કર્મકાંડ કરતાં જોઈ તેણે દુ:ખ અનુભવ્યું. તેણીની આંગળીઓ રામનામ લખવા અસમર્થ હોવાથી તે રામ તથા અન્ય દેવોના નામ તથા ૐમ શબ્દ આખો દિવસ જપ્યા કરતી.

જાપ જપવા બંધ કરીને તેણીએ તેની સામે જોયું. તે હજી પોતાને પડખે ઊભો હતો તે જોઈ તેને નવાઈ લાગી. વેંકટેશે પૂછ્યું, 'આ વાંદરામાં શું બગડી ગયું છે?'

તેણી કશું ન બોલી, તેની સામે તુચ્છતાથી જોઈ રહી. ત્યારે તેણે કહ્યું, 'હું અભ્યાસ નહોતો કરતો, ખરાબ સોબત રાખતો, દારૂ પીતો અને ચોરી કરતો અને આ બધું છાવરવા જૂઠું બોલતો ..... ત્યારે આ વાંદરો બગડી નહોતો ગયો? હું બદલાઈ ગયો છું તેનો આનંદ તમને નથી?'

તેણીએ તેની સામે જોતાં, અણગમો દર્શાવી તિરસ્કારપૂર્વક કહ્યું, 'નીચલા વર્ણના લોકોનો ધર્મ તેં સ્વીકાર્યો છે. તું એમ માને છે કે તું કયાં જાય છે તેની અમને કોઈને ખબર નથી? આ તો આપણા કુટુંબનું લાંછન છે.'

'હું અછૂતોને અડકતો નથી એટલે મનુના નિયમોનું હું પાલન કરું છું. બીજાઓથી ઘણે દૂર એક ખૂણામાં હું બેસું છું.'

'તેમના ધર્મને તું અડકયો છે, તે તો ઘણું ખરાબ. શરીરનો ચેપ તો એક એક ભવથી ય સ્વચ્છ થાય. પણ આત્માના રોગને સાજો કરવા અનેક ભવ જન્મો લેવા પડે.'

'મને સાચો ઈશ્વર મળ્યો છે. મને શાંતિ મળી છે. મને નર્કનો ડર નથી અને તું જાણતી હતી કે હું તેનાથી કેટલો પીડાતો હતો.'

તેણે ઉત્સુકતાથી કહ્યું. તેણીના હાથને મૃદુ સ્પર્શ કરી તે બોલ્યો, 'જૈગી, કરોડોવાર રામનામ લખ્યા વિના મોક્ષ પ્રાપ્ત થાય છે. સાચા ઈશ્વર ઈસુ આપણાં પાપ ખાતર મર્યા છે. તેનામાં વિશ્વાસ મૂકો, અને માફી મળી જશે.' પોતાની આ ઓચિંતી હિંમતથી તેય આશ્ચર્ય પામ્યો. તેણીની સાથે આમ બોલવું તે વિચારી પણ ન શકાય. પણ તેનામાં કરુણાનું મોજું ઊછળ્યું હતું. તેણી દર માસે નબળી પડતી જતી હતી. તેણીને જાણ થઈ ગઈ હોવી જોઈએ કે તે હવે પૂરતો સમય રામનામ નહિ લખી શકે. પોતાને જે મોક્ષ (તારણ) મળ્યું તે તેણીને મળે તેવું તે ઈચ્છતો હતો.

તેણી ફરીવાર પ્રાર્થના કરવા લાગી. ઊંચે સાદે તે બોલતી હતી, 'હરે કૃષ્ણ, હરે રામ.' તેનો ચહેરો સૂર્ય તરફ ઊંચો હતો. અને તે જાણતો હતો કે હવે પછીનો વાર્તાલાપ નકામો હતો. શા માટે તેણી આટલી બધી ગુસ્સે થઈ? અનેકવાર તેણીએ તેને કહ્યું હતું કે બધા ધર્મોમાં હિંદુ ધર્મ કેટલો બધો સહિષ્ણુ છે.

જૈગી સાંભળવા ન ઊભી રહી .... પણ આ ગામડામાં આતુરતાથી મોક્ષ ઝંખતા બીજા બધા લોકો નહોતા? મંદિરના કર્મકાંડથી - વિધિથી પોતાને જોઈતી શાંતિ ખરેખર પોતાને મળી હોય તેવી કોઈ વ્યક્તિને તે જાણતો નહોતો. પોતાની જીંદગીમાં પરિવર્તન લાવનાર શુભ સમાચાર તેઓને કહેવાનો તેણે પ્રયત્ન કરવો જોઈએ. 'આ જ સન્નિષ્ઠ કથન છે .... ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવા આ દુનિયામાં આવ્યા હતા.'

શેરીઓમાં બોધ કરતા કોઈની પાસેથી તેણે પાપીઓના તારણ અંગે સાંભળ્યું હોવાથી તેણે ધારી લીધું કે બીજાઓને કહેવાનો આ યોગ્ય રસ્તો છે. જૈગીએ તેને ધુતકાર્યો તે પછીના દિવસે ધંધામાં કશું નવું નહોતું અને તેના આંકડાઓ પણ ઠેઠ સુધી લખાઈ ગયા હતા, ત્યારે તેણે નવો કરાર બહાર હાથમાં લીધો અને ઘરની સામેના ચોકમાં ઊભા રહી ઊંચે સાદે તે સ્તોત્ર ગાવા માંડ્યો. આ સ્તોત્ર તે પેલા નાના દેવળમાં શીખ્યો હતો. થોડા જ વખતમાં ઉત્સુક ગ્રામજનો એકઠા થઈ ગયા. તેણે ગ્રંથ ખોલ્યો અનો યોહાનની સુવાર્તાની પહેલી ચૌદ કલમો વાંચી અને તેનો અર્થ સમજાવવા લાગ્યો.

તેના શ્રોતાઓના ઉદાસીન ભાવો જોઈને તેને થયું કે પોતે જે કંઈ કહેતો હતો તેના પક્ષ કે વિરુદ્ધમાં બહુ જ ઓછા પ્રતિભાવ હતા. ધર્મપ્રચારકે જેમ સમજાવ્યું હતું તેમ પોતે બાઈબલ સમજાવવા અયોગ્ય છે, માનીને વેંકટેશસ્વામીએ પોતાને થયેલો અનુભવ કહ્યો. હિંદુ ધર્મમાં શાંતિ મેળવ્યા વિના પોતે કેવા કેવા પ્રયત્નો કર્યા હતા અને ઈસુએ કેવો તેને બચાવ્યો તે કહ્યું. અચાનક જ, પાસેની શુદ્ર કોમનો એક ખડતલ બ્રાહ્મણ ટોળામાંથી બહાર આવ્યો. તેણે તેને હાથથી પકડ્યો.

'અમારે અછૂતોનો દેવ નથી જોઈતો.' વેંકટેશસ્વામીના ચહેરા પર લાફો મારી તેણે બૂમ પાડી. કોઈ વચ્ચે પડવા ન આવ્યું અને વેંકટેશસ્વામીએ પ્રતિકાર પણ ન કર્યો. આવું બનશે તેવું ઈસુએ નહોતું કહ્યું? 'જા, જેમનો તું છે તે અછૂતો સાથે જ રહે.' ખેડૂતે રાડ પાડી અને એટલી તો અડબોથ મારી કે તે જમીન પર પડી ગયો.

'બંધ કરો! તેનાથી દૂર ચાલ્યા જાઓ.' અર્ધમૂર્છિત અવસ્થામાં પણ તેણે તેના પિતાનો ઊંચો અવાજ સાંભળ્યો.

ઘર તરફ ફરતાં જ વેંકટેશસ્વામીએ જોયું કે તેના બે કાકાઓ સાથે તેના પિતા ટોળામાંથી માર્ગ કાઢી આવી રહ્યા છે. પોતાના પર હુમલો કરનાર ભાગી ગયો છે તે પણ તેણે જાણ્યું.

'ઈસુની કોઈ વાત નહિ. સાંભળે છે તું?' વેંકટેશસ્વામીની માતાએ તેના લોહી નીગળતા નાક પાસે ભીનું કપડું મૂકતાં કહ્યું. તેના પિતા તો ગુસ્સે થઈ આંટા મારતા હતા, દૃઢતાપૂર્વક કહેતા હતા, 'તેં ગુપ્તા કુટુંબનું નામ બોળ્યું. જો તારે આ ઘરમાં રહેવું હોય તો આજે તેં જે કર્યું, તે તારે ફરી કયારેય નહિ કરવાનું, સમજ્યો?'

વેંકટેશસ્વામીએ માથું ધુણાવી કહ્યું, 'સમજ્યો બાપુ.'

સાત દિવસ સુધી વેંકટેશસ્વામીના અંતરમાં સંઘર્ષ જાગ્યો. તેણે પોતાના પિતાની આજ્ઞા તો માનવી જ જોઈએ, પણ તેણે દરેકને ઈસુ વિશે કહેવું જ જોઈએ કે જેથી તેઓનાં પાપોની માફી પણ તેઓ મેળવી શકે. થોડા દિવસો પછી, અણધાર્યા માર્ગે જ, ઓચિંતો નિર્ણય લેવાયો.

બારાના દરવાજાની બહાર શુદ્ર કોમના વસવાટમાં તે વહેલી સવારે દૂધ લેવા ગયો. દૂધવાળાની પત્નીને ખૂબ તાવ આવ્યો હતો. તે એટલી તો અશકત હતી કે તેને દૂધ આપવા તે પથારીમાંથી માંટ બહાર આવી. જ્યારે તે બાલદી ભરીને આવી ત્યારે તેણે ચિંતાપૂર્વક પૂછ્યું, 'માંદા છો? તાવને કારણે તમારા ગાલ લાલ લાલ થઈ ગયા છે.'

'હા, ગઈકાલ રાતનો મને તાવ આવે છે. આજે ખરાબ સ્થિતિ છે.'

'માંદાને સાજા કરનારને હું ઓળખું છું.' વગર વિચારે જ તેણે ઉત્સુકતાથી કહ્યું. હજી ગઈકાલે જ તેણે નવા કરારમાંથી ઊંચે સાદે વાંચ્યું હતું કે પિતરની સાસુને કેટલો બધો તાવ આવ્યો હતો અને ઈસુએ તેને સાજી કરી હતી.

પેલી સ્ત્રીના કપાળ પર હાથ મૂકી વેંકટેશસ્વામીએ સાદી પ્રાર્થના કરી, 'પ્રભુ ઈસુ, આ સ્ત્રી પણ પિતરની સાસુ જેવી જ માંદી છે. તેને પણ સાજી કરીને તમારો પ્રેમ તેને આપો. આમીન.'

'હું સાજી થઈ ગઈ.' આનંદસહ હસતાં તેણે કહ્યું. તેણે ઊંચે અવાજે બૂમ મારી, 'વરજી! અહીં આવો. હું સાજી થઈ ગઈ છું. દેવોએ મને સાજી કરી.'

'દેવો નહોતા.' વેંકટેશસ્વામીએ સત્વરે ઉત્તર આપ્યો. 'એક જ સાચો ઈશ્વર છે, આપણને સહુને ઉત્પન્ન કરનાર તે આપણાં પાપો ખાતર મરવા આ પૃથ્વી પર માનવદેહે આવ્યા. તે પોતાની કબરમાંથી બહાર આવ્યા. તેમણે તને સાજી કરી. તેમનો આભઆર માન.'

કલાકોમાં તો આ ચમત્કારના સમાચાર ગામડામાં ફેલાઈ ગયા. માંદાઓ વેંકટેશસ્વામી પાસે પ્રાર્થના કરાવવા આવતા અને સાજા થતા. ગામડામાં તે જ્યાં જતો, લોકો તેને ઘેરી વળી બિમારોને સાજા કરનાર દેવ ઈસુ અંગે પ્રશ્નો પૂછતા. વેંકટેશસ્વામી ફરી તેના ઘર સામે જ અને ગામડાની બીજી શેરીઓમાં ઉપદેશ આપતો દેખાતો. જ્યારે પાળક જોસેફે પાસેના દેવળમાં પોતાની બીજી માસિક મુલાકાત લીધી ત્યારે વેંકટેશસ્વામીએ તેને આશ્ચર્ય આપ્યું. લગભગ પચ્ચીસ શુદ્રો બાપ્તિસ્મા લેવા તૈયાર હતા. સમૂહ શાંતિથી પાળક જોસેફની પ્રતિક્ષા કરતું હતું. સ્વયં અછૂત હતા તે પાળક જોસેફે શુદ્રના કપાળો પર પોતાની ભીની આંગળીઓ લગાડી અને પિતા, પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેમને બાપ્તિસ્મા આપ્યા.

તેણે નવો ઉત્સાહ અનુભવ્યો. આટલાં વર્ષોમાં આવો ઉત્સાહ તેમણે અનુભવ્યો નહોતો. એટલે પાળક જોસેફે બધાના ગયા પછી વેંકટેશસ્વામીને કહ્યું, 'આવતે અઠવાડિયે પાસેના એક બીજા ગામડામાં જવાનો છું. તારે મારી સાથે આવવાનું છે. આપણે ત્યાં પણ સાથે બોધ આપીશું. ઘણા શૂદ્રો ત્યાં રહે છે. તારી જ્ઞાતિને કારણે તેઓ મારા કરતાં તને વધારે સાંભળશે.'

વેંકટેશસ્વામી પ્રસન્ન થયો. 'હા, મને આવવું ગમશે. ઈસુએ મારે માટે જે કંઈ કર્યું તે દરેકને કહેવા માટે મારું હૃદય ઊછળી રહ્યું છે.'

બીજા ગામડામાં, ઊંડી કૃતજ્ઞતાપૂર્વક વેંકટેશસ્વામીએ કહ્યું કે હિંદુ દેવો અને ધર્મગ્રંથોએ તેને કેવી મદદ નહોતી કરી, તેની જીંદગી કેવી વધુ પાપમય અને ખાલીખમ બની ગઈ હતી ..... અને પછી તેના પોતાના પાપો ખાતર મરનાર સાચો ઈશ્વર તેને કેવી રીતે મળ્યો અને હવે માફી મેળવીને તેણે કેવી અનંતકાળીક શાંતિ મેળવી હતી. તે ગામડાના લગભગ ત્રીસ શુદ્રોએ તેની વાત માની અને પાળક જોસેફે તેઓને પણ બાપ્તિસ્મા આપ્યા.

'તારે દરેકને આ ઈસુ અંગે શા માટે કહેવું જોઈએ?'

વેંકટેશસ્વામી તેના કામમાં એટલો તો ખૂંપ્યો હતો કે તેણે શેરીમાંથી આવતા પોતાના પિતાને પણ ન સાંભળ્યા. અત્યારે તેણે ચોપડામાંથી ઊંચું જોયું અને તેના અવાજમાં ગુસ્સો જોઈ તે આશ્ચર્ય પામ્યો.

'આ અસ્પૃશ્યોનો ધર્મ સ્વીકારવા તેં જાતે જ કૂદકો માર્યો છે તે બસ નથી? બીજાઓને પણ એમ કરવા તારે સમજાવવું જોઈએ?'

'બાપુ, બધા જ લોકો જે મોક્ષ (તારણ) ઝંખે છે તે મને મળ્યું છે. આ શુભ સમાચાર એકલો એકલો કેમ સંઘરી રાખું?'

'તું હવે મંદિરે નથી જતો. ગામડામાં એમ કહેવાય છે કે તું રામ અને શિવનો તિરસ્કાર કરે છે અને તેઓને જૂઠા દેવો કહે છે.'

'હું તેઓની ઉપાસના કરનારાઓનો તિરસ્કાર નથી કરતો. પણ તેઓ જૂઠા દેવો છે, કારણ કે તે હાલી પણ શકતા નથી. તેઓને તો લઈ જવા પડે છે. પોતાને જ જ્યાં તેઓ મદદ ન કરી શકતા હોય, તો બીજાઓને તે કેવી રીતે મદદ કરી શકે?'

'ચૂપ! તું દેવોની નિંદા કરે છે, તે સહુ બ્રાહ્મણો છે!'

'જો હું તેઓની નિંદા કરતો હોઉં તો દેવો મારો ન્યાય કરે. પણ તેઓ તેમ નહિ કરી શકે. મને તેઓનો ડર નથી. ઈસુમાં, સાચા ઈશ્વરમાં મને મોક્ષ (ઉદ્ધાર) મળી ગયો છે.'

'ઈસુ અસ્પૃશ્યોનો ઈશ્વર છે. આપણી જ્ઞાતિનો તે નથી.'

'તે દરેકનો છે, કારણ કે તે જ માત્ર તારણહાર છે.'

તેના પિતાના અવાજમાં વેદના હતી, 'મારા ઘૂંટણો પર રમતા એક નાના બાળક તરીકેનું તારું મને સુપેરે સ્મરણ છે. મેં તને પહેલીવાર રામની પત્નીને છોડાવનાર હનુમાનની વાત કરી હતી ત્યારે તેં તાળીઓ પાડી હતી અને તેં કહ્યું હતું કે તે કથા કેટલી સુંદર હતી. હવે તારી જાતને જો! હિંદુઓ જેમની હંમેશ પૂજા કરે છે તે જ દેવોને તું ત્યજી રહ્યો છે.'

ચારેબાજુ જોતાં વેંકટેશસ્વામીએ બારણામાં પોતાની મા તથા જૈગીને જોયાં. તેના કાકાઓએ ગ્રાહકો સાથેની વાતચીત બંધ કરી હતી. દરેક જણ જોતું હતું, સાંભળતું હતું. 'આ દેવો પ્રત્યે હંમેશા મારી કેટલી ભક્તિ હતી તે તમે જાણો છો' - વેંકટેશસ્વામીએ ઉત્કટતાથી ઉત્તર આપ્યો અને વાત આગળ ચલાવી, 'મેં કેટલી યાત્રાઓ કરી તે પણ તમે જાણો છો. હું મંદિરમાં કેટલી નિયમિતતાથી જતો હતો. પણ દેવોએ મને મદદ ન કરી. આપણાં પવિત્ર શાસ્ત્રોમાં પણ મને મોક્ષ ન મળ્યો. ઊંચે અવાજે હું ભગવદ્ગીતા વાંચતો હતો તે પણ તમે જાણો છો.'

'ત્યારે તારા પર મને આશા હતી' પિતાએ અધવચ્ચે જ કહ્યું.

'પણ મેં તેમાં એવું લખેલું જોયું કે પાપીઓ માટે કોઈ તારણ નથી .... પાપીઓ સિવાય બીજા કોને તારણની જરૂર છે? પછી મેં જાણ્યું કે પાપીઓને તારવા ઈસુ આવ્યા હતા. આ શુભ સમાચાર હતા તેવું તમે નથી માનતા?'

'એટલે આ શેરીઓમાં જઈ દરેકને આ ઈસુમાં વિશ્વાસ મૂકવાનું રાડ પાડી પાડીને કહે છે. શુદ્રોને તું અસ્પૃશ્યોના દેવળમાં લઈ ગયો. ત્યાં અસ્પૃશ્યોનો આગેવાન તેઓને અડકયો. હવે હું સાંભળું છું કે આ ન્યાત બહારની વ્યક્તિ સાથે, એક જ ગાડામાં, તેઓનું જ ભોજન ખાતો તું બીજા ગામડામાં ગયો હતો.'

'તેણે રાંધેલું કે અડકેલું મેં કશું ખાધું નથી એટલું તો હું ચોક્કસ કહીશ. ભલે મારે વિશે જૂઠાણાં ફેલાવાતાં હોય, પણ મારા જીવનમાં એવો પલટો નથી આવ્યો કે જે તમને પ્રસન્ન કરે?'

'પ્રસન્ન? આપણું તેં નામ બોળ્યું છે એવી ફરિયાદો આપણા સગાઓ કરે તે સાંભળીને પ્રસન્ન થવાનું? તેં અમને સહુને અપમાનિત કર્યા છે. અને તે મારે માટે પ્રસન્ન થવાનું?'

'હું હવે ચોરી નથી કરતો. ચોપડાં શોધું છું, દરેક ખાનામાં આકડાં પૂરું છું અને તમે જાણો છો કે હું હવે ચોરી નથી કરતો.'

'તેં ઝાઝી ચોરી નહોતી કરી.'

'પણ તે ચોરી તો ખરી જ ને. હું બદલાઈ ગયો છું તેથી તમે પ્રસન્ન નથી? હું હવે તમારી સામે જૂઠું બોલતો નથી તેથી તમે પ્રસન્ન નથી? મને દિવસ રાત પજવતો નર્કનો ભય ચાલ્યો ગયો છે. મને શાંતિ મળી છે. મારાં પાપોની મને માફી મળી છે. આવી શાંતિ તેઓ પણ મેળવી શકે છે એવું મારે બીજા લોકોને ન કહેવું?'

'ના, તારે નથી કહેવાનું. આ ઈસુ વિષે વાત કરવાનું છોડી દેવાની ચેતવણી આ અગાઉ પણ મેં તને આપી છે. નહિતર આ ઘર છોડી ચાલ્યો જા.'

આ હુકમ પાળવાનું વેંકટેશસ્વામી માટે અશકય બન્યું. પરિણામ ગમે તે આવે પણ તેને જે કોઈ સાંભળે તેને પોતાને મળેલા મોક્ષ (ઉદ્ધાર)ની, ઈશ્વરના સાનિધ્યમાં મળેલી શાંતિની, પોતાનાં પાપો માફ થયાં છે તે જાણ્યાના આનંદની, અને હવે સ્વર્ગ તેનું ઘર હતું તેની વાત તો તેણે કહેવી જ જોઈએ. તેના પિતા તરફથી વધુ રોષભરી ચેતવણીઓ મળતી. પણ વારંવાર તે નહોતી મળતી. ધીમે ધીમે, તેના કુટુંબે પ્રારબ્ધ પર છોડીને તેનો આ નવો ધર્મ જાણે કે સ્વીકારી લીધો. કેટલાંક સ્વજનો કહેતાં કે આ તેના કર્મનું ફળ હતું. ગયા ભવમાં તેણે ખ્રિસ્તીઓ સાથે ગેરવર્તણૂંક કરી હશે એટલે આ ભવમાં ખ્રિસ્તી બનીને જ તેને વેઠવાનું આવ્યું.

તેણે હિસાબના ચોપડા લખવાનું ચાલુ રાખ્યું. હવે પછી કોઈ તેને કુટુંબની પૂજામાં ભાગ લેવાનો આગ્રહ કરતું નહોતું. તનાવ ઓછો હોય તેમ લાગતું હતું .... અને એક સવારે તેને નાસ્તા માટે ન બોલાવાયો. બીજાઓને નાસ્તો કરવાનું કહેવામાં આવ્યું, પણ તેને ન કહેવામાં આવ્યું. કદાચ, ધ્યાન બહાર વાત ગઈ હશે. કુટુંબની પરંપરા તો સ્પષ્ટ હતી - દરેકને આમંત્રણ અપાવું જોઈએ. તે કશું ન બોલ્યો. પણ બપોરે પણ તે જ બન્યું. હવે વેંકટેશસ્વામીને સમજાયું કે જાણી જોઈને તેને ટાળવામાં આવે છે. કુટુંબે તેને ટાળીને ભોજન પણ કર્યું.

અને તે રાતે ઉંઘતા પહેલાં તે પોતાની પથારીમાં ધીમેથી રડ્યો. હાઈસ્કૂલમાં પોતાના વર્તનને કારણે તેણે કુટુંબને શરમજનક સ્થિતિમાં મૂકયું હતું. અરે, તેણે તેના પિતાના પૈસાની ચોરી કરી હતી, તો પણ તે લોકોએ તેને ચાહ્યો હતો અને તેને માફી આપી હતી. પણ હવે જ્યારે તેણે ચોરી નથી કરી, શરાબ નથી પીધો, જૂઠું નથી બોલ્યો અને પિતા હંમેશ ઈચ્છે તેવો પુત્ર બન્યો હતો, ત્યારે તે સહું તેને તિરસ્કારતાં હતા. અને છતાંય એમ કહેવાતું કે હિંદુ ધર્મ ઈસ્લામ જેવો નહોતો. તે સહુ ધર્મોને અપનાવતો હતો. તો પછી તે ખ્રિસ્તી બન્યો એટલા ખાતર શા માટે તેનું કુટુંબ તેને તિરસ્કારતું હતું?

બીજે દિવસે સવારે પણ તેને નાસ્તા માટે ન બોલાવવામાં આવ્યો, ત્યારે વેંકટેશસ્વામી નવો કરાર હાથમાં લઈને દુ:ખી હૃદયે ગામડાના દરવાજાની બહાર નીકળી ગયો. ધુળિયા રસ્તા પર, ડાંગરના ખેતર વટાવતો, સાંકડે રસ્તે થઈ તે અડધો માઈલ દૂર આવેલા નાના ટેકરા પર પહોંચ્યો. ટેકરા પર નાનાં વૃક્ષો હતાં અને ઝાડીઝાંખરાં હતાં. નાની જગ્યામાં તેણે છાણાંનો ઢગ જોયો. પાકના પરિવર્તન માટે થોડાં વર્ષોને સમયે ખેડૂતો કેસર પકવતા. તે કેસરને તે રાંધતા ત્યારે ચૂલાઓમાં છાણાં મૂકતા. માથા પર છાયા વિના ત્યાં બેસીને તેણે નવો કરાર વાંચ્યો. વાંચતા વાંચતા તેની નજર ખેતરો પસાર કરી તેના ગામડા પર ફરતી. ત્યાં તેને દરવાજા પાસેનું તેનું ઘરનું છાપરું માત્ર દેખાયું. પ્રાર્થના કરતાં કરતાં દિવસમાં ઘણીવાર તેની આંખો આંસુથી ઊભરાઈ ગઈ. અનાદર પામવો તે ધૃણાસ્પદ હતો. કોઈ નોંધ ન લે તેના કરતાં તો રોષભરી ધમકીઓ સહેવી બહેતર.

સાંજના ભોજન પહેલાં તે પાછો આવ્યો અને પોતાને બોલાવશે તેવી વ્યર્થ આશા રાખતો પ્રતિક્ષા કરતો હતો. કુટુંબે તેના વિના ભોજન કરી લીધું. બીજે દિવસે નાસ્તા તથા ભોજન વખતે પણ તે જ પરિસ્થિતિ થઈ. મોટા ભાગની બપોર છાણાનાં ઢગ પર બેસી નવો કરાર વાંચવામાં તેણે પસાર કરી. વેંકટેશસ્વામીએ ઈસુનું આ વાકય વાંચ્યું, ''પૃથ્વી પર શાંતિ કરાવવાને હું આવ્યો છું એમ ન ધારો. પણ તરવાર ચલાવવાને હું આવ્યો છું. અને માણસના વૈરી તેના ઘરમાં જ હશે. મારાં કરતાં જે બાપ અથવા મા પર વત્તી પ્રીતિ કરે છે તે મારે યોગ્ય નથી .... માણસ પોતાનો નકાર કરતો નથી અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલતો નથી તે મારો શિષ્ય થઈ શકતો નથી (જુઓ માથ્થી ૧૦:૩૪-૩૯). પાનાં પરના શબ્દો અસ્પષ્ટ થયા અને તે રડી પડ્યો.

સૂર્ય ક્ષિતિજ તરફ જવા લાગ્યો ત્યારે સાંજના પવને રોમનોને પત્રના પાનાં ઉથલાવ્યા. તેની સામે આઠમા અધ્યાયની બત્રીસમી કલમ આવી. જાણે કે તે ઈશ્વરનું તેને સીધું વચન હોય. તે કલમ આ હતી : 'જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે?' શા માટે તેણે ડરવું જોઈએ. ઈશ્વર પ્રત્યેક જરૂરિયાત પૂરી પાડશે. તેનાથી વધુ તે શું માગી શકે? અસ્વસ્થ થઈ, સશકત બની તે ધીમે ધીમે ખેતરો વટાવતો ઘેર ગયો. તે સીધો જ પોતાના ઓરડામાં ગયો. પોતાની પથારી પાસે નમીને શાંતિથી તેણે ઈશ્વરનો આભાર ફરી માન્યો. એટલા માટે કે તે તેના હાથમાં સલામત હતો.

'શ્ શ્ ....! મારે તને કંઈક કહેવાનું છે.'

તે અવાજ તરફ વળ્યો. વેંકટેશસ્વામીએ તેના કાકા બાવલાને પોતા પર ઝૂકેલા જોયા. તેની એક આંગળી તેના હોઠ પર હતી. વેંકટેશસ્વામીએ તેને પ્રવેશતા સાંભળ્યા નહોતા.

ધીમા સ્વરે તેણે કહ્યું, 'આજે રાતે તે લોકો તને જમવા બોલાવશે, પણ તું જમતો નહિ - જતો નહિ. તારી જીંદગી ભયમાં છે.' અને તે ઓરડામાંથી તે હળવે પગલે ભાગી ગયો.

હમણાં તેણે જે સાંભળ્યું તેનાથી આઘાત પામીને વેંકટેશસ્વામી અચાનક સાવ જડ બની ગયો. તે લોકો તેને ઝેર આપવા માગતા હતા? કૃષ્ણે અર્જુનને જે કહ્યું હતું તે તેઓ જો માનતા હોય તો તેની હત્યા કરવામાં કશું ખોટું નહોતું. પુનર્જન્મનું ચક્ર જ ફેરવવાનું હતું. અને એ નવા દેહે ફરી આવશે - બ્રહ્મ સાથે ઐક્યનો નવો પ્રારંભ કરવા. છતાં પણ પોતાનું કુટુંબ જ તેને મારવા ઈચ્છે તે માનવું કપરું હતું.

સંયુકત કુટુંબના અન્ય સભ્યોને જમવા માટે હાક દેતી માને તેણે સાંભળી. અને પછી પરિચિત પગલાં તેના ઓરડામાં હળવે હળવે પ્રવેશ્યાં .... જૈગી આવી. ચહેરા સામે હાથ જોડી તે હિંદુ અભિવાદનની વિશિષ્ટ શૈલીએ તે નમી. જ્યારે તેણે ઊંચું જોયું, ત્યારે ચિંતાદર્શક સ્વરે તેણે કહ્યું, 'લાંબા સમયથી તેં ખાધું નથી. ચાલ, ભોજન કરવા.'

'પિતાજીને કહો કે આજે રાતે હું જમવાનો નથી.' વેંકટેશસ્વામીએ સત્વરે પ્રત્યુત્તર આપ્યો.

તે બારણામાં જ અચકાઈ, 'પણ ત્રણ દિવસથી તેં ખાધું નથી.'

'મને બોલાવવામાં નહોતો આવ્યો. પણ આજે રાતે હું નહિ જમું.'

માથું નમાવી તે ચાલી ગઈ. થોડી જ વાર તેણે તેના પિતાના, ઓરડામાં પ્રવેશતા ભારે, દૃઢ પગલાં સાંભળ્યા. બીજાઓ પણ પાછળ આવતા હતા. પિતા બોલ્યા નહિ ત્યાં સુધી વેંકટેશસ્વામીએ ઊંચું ન જોયું.

'તું જમવાનો નથી, ખરું ને !'

'ના, બાપુ, આજે રાતે નહિ.'

'જો તું આ ઘરમાં નહિ જમે તો તારે ઘર છોડી ચાલ્યા જવું પડશે.' તેણે અગાઉ પણ જુદી જુદી પરિસ્થિતિઓમાં આવી ધમકીઓ આપી હતી. પણ તેનો અમલ થયો નહોતો. પણ આ વખતે તો તેના પિતા પરસાળ અને શેરી તરફ જતું બારણું દેખાડતા હતા - એટલે સ્પષ્ટ હતું કે તે જે કહેતા હતા તે તે કરવાના જ હતા.

'તમે એમ કહેવા માગો છો કે મારે અત્યારે ને અત્યારે જ ચાલ્યા જવું?' વેંકટેશસ્વામીએ ધીમા અવાજે પૂછ્યું. તે આ માની શકતો નહોતો.

'આ નીચલી વર્ણના ઈશ્વરને તું અમારા ઘરમાં લાવ્યો છું. તેં કુટુંબનું નામ લજવ્યું છે. સગાઓ ફરિયાદ કરે છે. તું બદલાવાની ના પાડે છે.'

'બાપુ, હું બદલાઈ ગયો છું, વધુ સારા જીવન માટે બદલાઈ ગયો છું.'

'મારી મશ્કરી ન કર. તું નહિ જમે તો તારે ઘર છોડવું પડશે. આજે રાતે તું અમારી સાથે જમીશ?'

બાવલાના શબ્દો હજી પડઘાતા હતા... જમતો નહિ. તારું જીવન જોખમમાં છે. વેંકટેશસ્વામીએ નકારમાં ડોકું હલાવ્યું.

'તો ચાલ્યો જા, અત્યારે જ.'

વેંકટેશસ્વામી જાણે પથારીમાં થીજી ગયો. તે એટલો તો બેભાન બની ગયો કે હાલવાની કે વિચારવાની ય તેનામાં શકિત

નહોતી. ત્યાં જ ફરી તેને પેલું વચન સંભળાયું, 'જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણા સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે?' ઈશ્વર તેની સંભાળ રાખશે. નવી શક્તિ અનુભવી તે ઊભો થયો.

આંખોમાંથી ખળખળ વહેતા આંસુ સાથે તે ઓરડામાંથી સામે ઊભેલા કુટુંબને નિહાળી રહ્યો. તેની મા, તેના પિતાની પાછળ ઊભી હતી. તેના ચહેરા પર અધીરાઈના ભાવો હતા. તેની પડખે જ જૈગી શૂન્યનેત્રે ઊભી તેને ટીકી રહી હતી. તેના કાકાઓ, કાકીઓ, ભાઈઓ દૂરના બારણા પાસે ઊભા ઊભા તેને કોઈ મહામૂલી વસ્તુને જોતાં હોય તેમ જોઈ રહ્યા હતા. સૌને જોતાં જોતાં વેંકટેશસ્વામીને લાગ્યું કે તેનું હૃદય ભાંગી જશે. તે તેના કુટુંબને કેટલું ચાહતો હતો. પણ તે બધા આજે તેને ઘર છોડવાનું કહેતા હતા. સહુની આંખોમાં તે આ જ હેતુ જોઈ શકતો હતો. તેની મા ધીમેથી રડવા લાગી, સાડીની કોરથી ચહેરો તે લૂછતી હતી. પણ તે જાણતો હતો કે તે પોતાના પતિના કાર્ય સાથે સંમત હતી.

'હું તમને ખૂબ ચાહું છું. પણ ઈસુ સાચા ઈશ્વર છે, પાપીઓના તારણહાર છે. તે સત્યનો ઈન્કાર હું નથી કરી શકતો. જો તે માટે મારે જવું પડે તો હું જઈશ જ.' સહુના ચહેરા સામે જોઈ તેણે કહ્યું. તેનો અવાજ ભાંગી પડ્યો અને તેણે મોં ફેરવી લીધું.

સ્વસ્થ થતાં જ તેણે તેના પિતાની રોષભરી આંખોમાં સીધું જોયું અને સ્પષ્ટ સ્વરે બોલ્યો, 'તમારી સઘળી સમૃદ્ધિ કરતાં ઈસુ જ મારે મન મહાન છે.'

'તે તારું કર્મ.' તેના પિતાએ બારણું દેખાડતાં દાંત કચકચાવી કહ્યું. 'તે તારું કર્મ !'

વેંકટેશસ્વામી દિવાનખંડમાંથી હળવે પગલે પરસાળમાં - ધંધાના સ્થળે - બહાર નીકળ્યો ત્યારે તેની માનું હીબકું જોરથી સંભળાયું. પછી પગથિયાં ઊતરી તે શેરીમાં આવ્યો. નાના ચોકની વચ્ચે તે થંભ્યો, તેણે પાછળ નજર નાખી. તેણે જોયું કે ઘરમાંથી કોઈ તેને જોતું નહોતું. અંધારું જામ્યું હતું. શેરીઓ ખાલી હતી. તેણે કયાં જવું? તેની પાસે માત્ર આટલી જ મિલકત હતી - તેણે પહેરેલાં ધોતી-ખમીસ અને હાથમાં સખત પકડેલો ઉછીનો નવો કરાર.

*આ અહેવાલ સાચો છે. અને 'ગોડ ઑફ અનટચેબલ્સ' પુસ્તકમાંથી ઉતાર્યો છે. તે પુસ્તકના લેખક છે ડેવ હન્ટ. પ્રકાશક છે ફ્લેમીંગ રેવેલ, ૧૯૭૬. સર્વ અધિકાર લેખક તથા એચ.બી.આઈ. ગ્લોબલ પાર્ટનર્સને આધીન.*



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

કર્મથી કૃપા તરફ

# મારો અખૂટ ખજાનો

## પંડિતા રમાબાઈની જીવનકથા

*'ઈસુએ કહ્યું છે કે, તારે ઘેર તારાં સગાઓની પાસે જા. ને પ્રભુએ તારે સારુ કેટલું બધું કર્યું છે તેની ખબર તેઓને આપ.'* માર્ક ૫:૧૯.

*'હે ઈશ્વરના ભક્તો! આવો, તમે સર્વ સાંભળો, એટલે તેણે મારા આત્માને સારુ જે જે કર્યું છે તે હું કહી સંભળાવીશ.'* ગીતશાસ્ત્ર ૬૬:૧૬.

### સન્માનીય વારસો

**મા**રા પિતા અતિ ચુસ્ત હિંદુ હતા અને વર્ણ તથા અન્ય ધાર્મિક નિયમોને વળગી રહેતા હતા, છતાંય તે પોતાની રીતે સુધારક હતા. તેમને એ સમજાતું જ નહોતું કે શા માટે સ્ત્રીઓ તથા શુદ્રોએ સંસ્કૃત ભાષા વાંચવી-લખવી ન જોઈએ અને વેદો સિવાયના અન્ય પવિત્ર શાસ્ત્રો ન જાણવા જોઈએ.

બીજાઓને ઉપદેશ આપવાને બદલે ઘરમાં જ પ્રયોગ કરવો બહેતર તેમ તેમણે વિચાર્યું. તેમણે મારી માતાને જ યોગ્ય શિષ્યા માની અને તે પણ તેમની યોજનાને સમરૂપ થઈ સંસ્કૃતની ઉત્કૃષ્ટ વિદ્વાન બની. તે ઘરની બધી જ ફરજો બજાવતી. તે રાંધતી, કપડાં ધોતી અને બધાં જ ઘરકામ કરતી. તે બાળકોની કાળજી રાખતી, મહેમાનોની સરભરા કરતી અને એક સુધાર્મિક પત્ની અને માતાએ જે કરવું જોઈએ તે બધું કરતી. રાતનો તેનો મોટાભાગનો સમય તો પવિત્ર પૌરાણિક સાહિત્યના અભ્યાસને આપતી. અને આમ અતિજ્ઞાન તેણે મનમાં સંઘર્યું હતું.

મારા પિતાના વતન જેવા ગામડાની આસપાસ મેંગ્લોર જીલ્લામાં રહેતા બ્રાહ્મણ પંડિતોએ તેમની પત્નીને દેવભાષા શીખવવા માટે મથ્યા રહેતા મારા પિતાને આવા નાસ્તિક ઉપક્રમમાંથી અટકાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમના વાંધાઓનો ઉત્તર આપવા માટે તે પૂરતા તૈયાર હતા. પવિત્ર હિંદુ શાસ્ત્રોના તેમના વ્યાપક અભ્યાસને કારણે સ્ત્રીઓ તથા શુદ્રોને શીખવવાની સત્તા આપતા પ્રત્યેક પવિત્ર ગ્રંથના અધ્યાયો-શ્લોકો ટાંકવા તે સમર્થ હતા. જે સંપ્રદાયના તે હતા તેના વડા પુરોહિતને તેમના આ ગેરવર્તનની જાણ કરાઈ અને ગુરુ તથા પંડિતોની સભા સમક્ષ આ નાસ્તિકને હાજર રાખવાનો આગ્રહ વિદ્વાન બ્રાહ્મણોએ ગુરુને કર્યો. આ સભામાં તે પોતાના આવા ઉપક્રમનાં કારણો આપે અથવા તો તેનો બહિષ્કાર થાય. તેમને માધવ વૈષ્ણવ સંપ્રદાયના વડામથક કૃષ્ણપુર અને ઊડુપી બોલાવવામાં આવ્યા.

મારા પિતા ગુરુ અને પંડિતોની સભા સમક્ષ હાજર થયા અને પોતાની પત્નીને શીખવવાનાં કારણો આપ્યા. તેમણે પ્રાચીન અધિકૃતતાને ટાંકી અને ગુરુ તથા પ્રમુખ પંડિતોને ગળે એ વાત ઉતારવામાં સફળ થયા કે સ્ત્રીઓ તથા શુદ્રો સંસ્કૃત પૌરાણિક સાહિત્ય ભણે તેમાં કશું ખોટું નથી. આથી, તેમને ન્યાત બહાર ન મૂકવામાં આવ્યા અને આ ઘટના પછી તેમને કોઈએ સતાવ્યા નહિ. ચુસ્ત સુધારક તરીકે તે પ્રસિદ્ધ થયા.

મારા પિતા મેંગ્લોર જીલ્લાના વતની હતા. પણ તેમણે મૈસૂર રાજ્યની સરહદો પરના પશ્ચિમ ઘાટના શિખરની ટોચ પર આવેલું પ્રગાઢ અરણ્ય પસંદ કરી ત્યાં પોતાનું ઘર બાંધ્યું. દુનિયાના કોલાહલથી દૂર રહી શાંત સ્થળમાં પોતાનું શૈક્ષણિક કાર્ય તથા પ્રભુ ભકિત થઈ શકે અને ઉત્કટ મુલાકાતીઓ તેમને સતત ચિંતા ન કરાવે તે જ આની પાછળનો હેતુ હતો.

તેમના પોતાના ચોખાના ખેતરો તથા નાળિયેરના વાવેતરોમાંથી તેમનો નિર્વાહ ચાલતો. વળી, જે સ્થળ તેમણે પોતાના ઘર તરીકે સ્વીકાર્યું હતું તે પવિત્ર તીર્થધામ હતું. એટલે આખું વર્ષ ત્યાં યાત્રાળુઓ આવતા. તેમણે વિચાર્યું કે પોતાને ખર્ચે આ યાત્રાળુઓની પરોણાગત કરવાની તેમની ફરજ છે, કારણ કે અતિથિ સત્કાર તેમના ધર્મનો અંશ હતો. તે તેર વર્ષ સુધી ત્યાં રહ્યા અને પોતાનું કાર્ય શાંતિથી કર્યું. પણ પોતાની ફરજ તરીકે જે કામ કરવા પાછળ તેમણે મોટો ખર્ચો કર્યો તેને કારણે બધી મિલકત ખોઈ.

આથી, ઘર છોડી યાત્રિકનું જીવન જીવવાની તેમને ફરજ પડી. મારી માએ મને કહ્યું કે જ્યારે તેમણે ઘર છોડયું ત્યારે હું માત્ર છ મહિનાની જ હતી. નેતરના એક ખોખામાં તેણે મને મૂકી અને એક માણસ શિખરથી તે ખીણ સુધી તે ખોખું લાવ્યો. આમ, હું નાની હતી ત્યારે જ મારું યાત્રિક જીવન પ્રારંભાયું. હું આ કુટુંબમાં સહુથી નાની હતી.

મારા પિતા જે કાર્ય કરતા તેથી કેટલાક લોકો તેમનો આદર કરતા, તો કેટલાક તેમને તિરસ્કારતા. લોકોના બોલવાની ચિંતા કર્યા વિના પોતાને જે સારું લાગે તે તે કરતા. તેમણે મારી મા, ભાઈ, બહેન અને બીજાઓને ભણાવી શિક્ષણ આપ્યું.

## અજોડ શિક્ષણ

**હું** આઠ વર્ષની હતી ત્યારથી જ મારી માએ મને ભણાવવાનું શરૂ કર્યું અને હું પંદર વર્ષની થઈ ત્યાં સુધી તે ચાલુ રાખ્યું. આ વર્ષો દરમ્યાન મારા મનને કેળવવામાં તે એટલી તો સફળ થઈ કે જેથી બીજાઓની સહાય વિના પણ હું મારું પોતાનું શિક્ષણ ચાલુ રાખી શકું. ત્યારે યુવતીઓ અને સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની કોઈ શાખાઓ હોવા અંગેની મને કશી જાણ નહોતી.

તદુપરાંત, બહારની દુનિયા સાથે અમે બાળકો સંપર્ક રાખીએ તે મારાં માતપિતાને ગમતું નહોતું. અમે ચુસ્ત ધર્મનિષ્ઠ બનીએ અને તેમના પુરાણા સંપ્રદાયને વળગી રહીએ તેવું તે ઈચ્છતા હતા. સંસ્કૃત સિવાયની અન્ય કોઈ ભાષા ભણવાનો તો પ્રશ્ન જ નહોતો. કોઈપણ પ્રકારનું ઐહિક શિક્ષણ લોકોને દુનિયાદારીમાં દોરી જાય તેમ મનાતું. અને આ દુનિયાદારી તેમને મોક્ષના એટલે કે લાખો યોનિઓમાં પુનર્જન્મ લેવાની સનાતન વ્યથામાંથી તથા લાખો રોગો અને મૃત્યુઓની વેદનાની પીડા ભોગવવામાંથી મુકિતના માર્ગને પામતા તેમને અટકાવે. અંગ્રેજી ભાષા ભણવાની અને મલેચ્છોના (બિનહિંદુઓ માટે વપરાતો શબ્દ) સંપર્કમાં આવવાની મનાઈ હતી. એ જ માત્ર ડરે કે તેથી જ્ઞાતિ તથા ભવિષ્યનાં સુખોની સર્વ આશાઓ ખોવી પડે. એટલે માત્ર જે કરી શકયા કે કર્યું તે આટલું જ. અમે માત્ર સંસ્કૃત ભાષાના પૌરાણિક અને આધુનિક કવિતા સાહિત્યની સાથે સાથે સંસ્કૃત વ્યાકરણ અને ભાષા ભંડોળ ભણ્યા. આમાંનું મોટાભાગનું વ્યાકરણ અને ભાષા ભંડોળ સમેત શ્લોકોમાં લખાયેલું હતું અને તે ગોખવું પડતું.

હું સમજણ થઈ ત્યારથી મારાં માતપિતા એક તીર્થધામથી બીજા તીર્થધામ સુધી હંમેશ પ્રવાસ કરતાં. પ્રત્યેક સ્થળે થોડા મહિનાઓ

રહેતા, પવિત્ર નદી કે કુંડમાં નહાતા, મંદિરોમાં જતાં, મંદિરોમાંના દેવોની પ્રતિમાઓની અને ઘરમાંના દેવોની ઉપાસના કરતાં અને મંદિરોમાં કે કોઈ અનુકૂળ સ્થળોએ પુરાણો વાંચતા.

પુરાણોના પઠનથી બે હેતુ સિધ્ધ થતાં. સૌથી પહેલો અને મહત્ત્વનો તો એ કે તેનાથી પાપ નાશ પામતાં અને મોક્ષ પ્રાપ્ત કરવા માટેની યોગ્યતા પ્રાપ્ત થતી. અને બીજો હેતુ એ કે તેનાથી ભીખ માગ્યા વગર પ્રામાણિક જીવન જીવાતું.

પુરાણના પાઠકો, જેમને પુરાણીઓ કહેવામાં આવે છે. તેઓ હિંદુઓમાં લોકપ્રિય ધર્મોપદેશકો હતા. તેઓ પોતાની હસ્તપ્રત તેમના હાથમાં રાખીને મંદિરના ખંડોના કોઈ મહત્ત્વના સ્થળે કે વૃક્ષ નીચે કે નદી કે તળાવને કાંઠે બેસતા અને લાંબા સ્વરે, ઊંચા અવાજે પુરાણો વાંચતા કે જેથી મંદિરમાં આવતા કે જતા રાહદારીઓ તે સાંભળી શકે. તેનો પાઠ સંસ્કૃત ભાષામાં હોવાથી શ્રોતાઓ તે સમજી શકતા નહોતા. અને તેમને તે સમજાવવા માટે પુરાણીઓ બંધાયેલા નહોતા. મનફાવે તો તેઓ સમજાવે કે ના પણ સમજાવે. અને કયારેક જો તેનો અનુવાદ કરી સમજાવે ત્યારે પુરાણીઓ પોતાના વ્યાખ્યાનને લોકપ્રિય બનાવવા માટે ખૂબ અતિશયોક્તિભરી અથવા ખોટી કથાઓ કહેવાનો પરિશ્રમ લેતા. આને પાપ ગણવામાં નહોતું આવતું, કારણ કે સામાન્ય લોકો પવિત્ર ધ્વનિ, દેવોના નામ, તેમના કેટલાંક કાર્યો સાંભળે અને તે રીતે વિશુધ્ધ બને તે માટે લોકોનું ધ્યાન ખેંચવા આમ કરાતું. જ્યારે જ્યારે પુરાણીઓ પુરાણો વાંચતા ત્યારે તેમની પાસે આવીને થોડીવાર તો જે બેસતા જ તે શ્રોતાઓ તેમને ભેટો આપતા. શ્રોતાઓ શું કરે છે કે કહે છે તેના પર ધ્યાન આપ્યા વિના પુરાણીઓ પુરાણો વાંચ્યે જ રાખતા. શ્રોતાઓ તો મનફાવે ત્યારે આવતા જતા.

જ્યારે શ્રોતાઓ આવતા ત્યારે તેમનામાંનો જે ધર્મિષ્ઠ હોય તે પુરાણીને દંડવત્ પ્રણામ કરતો, પુષ્પો, ફળો, મિઠાઈ, વસ્ત્રો, દક્ષિણા અને અન્ય વસ્તુઓ અર્પીને તેની અને પુરાણની પૂજા કરતો. એમ મનાતું કે આમ આપ્યાથી આપનારને ઘણું પુણ્ય મળતું અને લેનારને તો પાપ લાગતું જ નહિ. આ બક્ષિસો કીમતી હોવી જ જોઈએ તેવું નથી. મુઠ્ઠીભર ચોખા કે અન્ય ધાન્ય, પૈસો કે પૈસાના બદલામાં વપરાતી કોડીઓ (૬૪ કોડીઓ એટલે એક પૈસો) પણ સ્વીકાર્ય. ફૂલ કે ફૂલની પાંદડીઓ કે કોઈ પવિત્ર વૃક્ષનું પાંદડું પણ દેવોને સ્વીકાર્ય. પણ અર્પણ કરનાર જાણતો જ હોય છે કે તેના દાન પ્રમાણે તેનું પુણ્ય વધે એટલે શકય તેટલા ઉદાર થવાનો તે પ્રયત્ન કરતો અને જાહેર સ્થળોએ બે પુરાણોનું પઠન કરીને પુરાણીઓને પોતાની જરૂરિયાતની બધી વસ્તુઓ મળતી.

મારાં માતપિતાએ પણ આ કામ સ્વીકાર્યું. અમે સહુ જાહેર સ્થળોએ પુરાણોનું પઠન કરતાં, પણ સ્થાનિક ભાષામાં તેનો અનુવાદ કરતા નહિ કે તેની સમજાણ આપતા નહિ. પવિત્ર ગ્રંથોનું પઠન અને શ્રવણ જ પોતે જ પુણ્ય આપે છે. અમારે કયારેય ભીખ ન માંગવી પડી, અમારા નિર્વાહ માટે કયારેય કામ ન કરવું પડયું. અમને જોઈતા કે તેથી વધુ પૈસા અને અનાજ મળી રહેતાં. અમારી જરૂરિયાત પૂરતું વાપર્યા પછી જે વધતું તે યાત્રીઓ પાછળ અને બ્રાહ્મણોને દાન આપવામાં વપરાતું.

## દુકાળ, મૃત્યુ અને શંકાઓ

**મા**રા પિતા આવો પરિશ્રમ કરવા અશકત બન્યા અને પુરાણ પઠનમાં અમને માર્ગદર્શન આપવા અસમર્થ બન્યા ત્યાં સુધી આ પ્રમાણે જીવન ચાલ્યું. અમારા નિર્વાહ માટે અન્ય કશું કામ કરવા અમે યોગ્ય નહોતા, કારણ કે હિંદુઓના પવિત્ર શાસ્ત્રોની બહારનું સમૂળગું જ્ઞાન અમને મળ્યું નહોતું.

અમે હલકું કામ કરી શકતા નહોતા અને જીવન જરૂરિયાતની વસ્તુઓની ભીખ પણ માગી શકતા નહોતા. અમારાં માતપિતા પાસે થોડા પૈસા હતા. જો તે પૈસા અમને ભૌતિક શિક્ષણ આપવામાં વપરાયા હોત, તો અમે કોઈ ને કોઈ રીતે અમારા નિર્વાહ માટે

કમાઈ શકત. પણ હવે આ કોઈ પ્રશ્ન નહોતો. અમારા માતપિતાને તો પવિત્ર શાસ્ત્રોના કથનમાં શ્રદ્ધા હતી. તેમણે અમને ટેકો મળી રહે તે માટે ઈશ્વર પર શ્રદ્ધા રાખવા પ્રોત્સાહન આપ્યું.

શાસ્ત્રોએ તો તેમ ઉદ્‌ઘોષિત કર્યું હતું કે લોકો જો ઈશ્વરને અમુક રીતે ભજે, બ્રાહ્મણોને દાન આપે, કેટલાક દેવોના જાપ જપે અને તેમના માનમાં સ્તુતિઓ ગાય, અને આ બધું એ ઉપવાસ અને તપ સાથે કરે તો દેવદેવીઓ દર્શન દઈ પૂજકો-ભગતો સાથે વાત કરે અને તેમની જે કંઈ ઈચ્છા હોય તે બધું આપે. અમારી લૌકિક જરૂરિયાતો પૂરી કરવા અમે આ માર્ગ લેવાનો નિર્ણય કર્યો. ત્રણ વર્ષો સુધી અમે આ ધાર્મિક કાર્યો કર્યા સિવાય કશું જ ન કર્યું. છેવટે, અમારી પાસેના બધા પૈસા ખર્ચાઈ ગયા અને દેવોએ અમને સહાય ન કરી.

અમારા પર અમે જાતે જ નોંતરેલા દુકાળથી અમે યાતના વેઠી. દેશ એટલે કે ત્યારે અમે જ્યાં રહેતા હતા તે મદ્રાસ પ્રદેશ પણ દુકાળની અસરો અનુભવવા લાગ્યો. અનાજ અને પાણીની અછત હતી. ચારે બાજુ લોકો ભૂખમરાથી પીડાતા હતા અને બીજા ગરીબ લોકોની જેમ અમે પણ ઠેકાણે ઠેકાણે ભમતા હતા. ભીખ માગવા કે હલકું કામ કરવામાં અમારો ગર્વ અમને નડતો હતો અને પ્રામાણિક જીવન જીવવા માટેનો વિચારેય કરવા માટેના કોઈપણ માર્ગથી અમે અપરિચિત હતા. ભૂખમરા  સિવાય અમારી સામે કશું જ નહોતું. મારા પિતા, મા અને બહેનો બધા જ થોડાક જ મહિનાઓમાં આંતરે આંતરે ભૂખમરાથી મરી ગયા.

તે ભયંકર સમયની સઘળી યાતનાઓ હું વર્ણવી શકતી નથી. મારો ભાઈ અને હું જીવતા રહ્યા, ભમતા રહ્યા. અમારી ઈચ્છા પૂરી થાય તે માટે હજી પણ અમે તીર્થધામોની મુલાકાત લેતાં, નદીઓમાં નહાતા, દેવદેવીઓને પૂજતાં. અમે પવિત્ર શાસ્ત્રોની સઘળી શરતો પૂરી કરી, અમારા જ્ઞાન પ્રમાણે સઘળા નિયમો પાળ્યા. પણ દેવો અમારા પર પ્રસન્ન ન થયા અને તેમણે દર્શન ન દીધાં. નિષ્ફળ સેવાના અનેક વર્ષો પછી તેમના પરની અને આવો માર્ગ દર્શાવી દેવોના ઉપાસકોમાં મહાન બદલાની આશા જગાવતાં પુસ્તકો પરની અમારી શ્રદ્ધા ઘટવા લાગી. છતાંય હજી અમે વર્ણના નિયમોનું પાલન કરવાનું ચાલુ રાખ્યું અને હંમેશની જેમ દેવોની ઉપાસના કરી તથા પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ ચાલુ રાખ્યો.

અમારા ધર્મ પરની અમારી શ્રદ્ધા ઓછી થઈ ગઈ હોવા છતાંય અમે ભૌતિક શિક્ષણ પ્રાપ્ત કરી પ્રમાણિક નિર્વાહનો કશોક માર્ગ શોધવા અંગે એટલાં ચુસ્ત-સજાગ નહોતા. ઠેકાણે ઠેકાણે અમે ભમતા, અનેક મંદિરોની મુલાકાત લેતા, અનેક નદીઓમાં નહાતા, ઉપવાસ અને તપ કરતાં, દેવો, વૃક્ષો, પ્રાણીઓ, બ્રાહ્મણો અને અમારાં માતપિતા તથા મોટી બહેનના મૃત્યુના ત્રણ વર્ષ પછી અમે જે કંઈ વધુ જાણ્યું તે પૂજતાં. કશી જ સુવિધા વિના ચાર હજાર માઈલ સુધી અમે પગપાળા પ્રવાસ કર્યો. અને ત્યારે દયાળુ માણસોએ અમને જે કંઈ આપ્યું તે કયારેક ખાધું, કયારેક ભૂખ્યા રહ્યા. અમે હલકાં, જીર્ણ કપડાં પહેર્યા અને ધર્મશાળાઓમાં આશ્રય મેળવ્યો. અમે દક્ષિણથી તે ઉત્તરે ઠેઠ કાશમીર સુધી ગયા અને પછી પૂર્વમાં ગયા અને માર્ગમાં પશ્ચિમે કોલકત્તામાં ગયા.

## ખ્રિસ્તી ધર્મનો પરિચય

**અ**મે કોલકત્તામાં એકાદ વર્ષ રહ્યાં અને વિદ્વાન બ્રાહ્મણોનો પરિચય કેળવ્યો. અહીં મને અને મારા ભાઈને એક ખ્રિસ્તી સમૂહ મિલનમાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું. તે શું હતું તેની અમને જાણ નહોતી, કારણ કે આ પહેલાં અમે હિંદુ સુધારકો કે ખ્રિસ્તીઓના સામાજિક સંપર્કમાં આવ્યા નહોતા. અમારા પરિચિત બ્રાહ્મણોએ આ આમંત્રણ સ્વીકારી લેવાની સલાહ આપી. એટલે, અમે અમારી જીંદગીમાં પહેલી જ વાર ખ્રિસ્તી લોકોના સમૂહ મિલનમાં ગયા. અમે જોયું કે ત્યાં ઘણા લોકો એકઠા થયા હતા અને તેઓ અમને પ્રેમપૂર્વક આવકારતા હતા. ત્યાં ખુરશીઓ, સોફાઓ, ટેબલો અને બત્તીઓ હતા. આ બધું અમારે માટે નવું હતું. ભારતીય લોકોએ અંગ્રેજ સ્ત્રીપુરુષોની જેમ પોશાક પહેર્યા હતા તે આશ્ચર્ય હતું. રેવ. કે. એમ. બેનરજી કે કાલીચરણ બેનરજી

જેવા પુરુષોના નામો બ્રાહ્મણોના નામો જેવા લાગતાં, પણ તેમનો પોશાક દર્શાવતો કે તેઓ 'સાહેબ' બની ગયા હતા આથી ખૂબ આશ્ચર્ય થતું. તેઓ અંગ્રેજો સાથે બ્રેડ-બિસ્કીટ ખાતા હતા અને ચા પીતા હતા અને નાસ્તાનું આમંત્રણ આપીને તેમણે અમને આઘાત આપ્યો. અમને થયું કે કલિયુગે - ઝઘડા, અંધારું અને અધર્મના યુગે - કલકત્તામાં તેનું વર્ચસ્વ મેળવી લીધું છે, કારણ કે કેટલાક બ્રાહ્મણો એટલા બધા અધાર્મિક થઈ ગયા છે કે તેઓ અંગ્રેજો સાથે ખાય છે.

અમે આ સભાની કાર્યવાહી ઉત્સુકતાથી નિહાળી, પણ તે શા માટે હતી તે ન સમજાયું. થોડીવાર પછી એકે પુસ્તક ખોલ્યું અને તેમાંથી થોડુંક વાંચ્યું. પછી તેઓ પોતાની ખુરશી સામે ઘૂંટણિયે પડચા અને તેમનામાંના કોઈકે બંધ આંખે કશુંક કહ્યું. અમને કહેવામાં આવ્યું કે તેમની પ્રાર્થના કરવાની આ રીત હતી. અમે ત્યાં કોઈ મૂર્તિ ન જોઈ કે જેને તેઓ અર્ધ્ય આપતા હોય. પણ એમ લાગતું હતું કે જે ખુરશી સામે તે ઘૂંટણિયે પડચા તેને તેઓ અર્ધ્ય આપતા હતા. ખ્રિસ્તીઓની ઉપાસનાનો આ અપરિપકવ વિચાર હતો અને તે મારા મન પર પ્રભાવ પાડી ગયો.

કેટલાક માયાળુ ખ્રિસ્તીઓએ મને સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલા પવિત્ર બાઈબલની એક નકલ આપી અને તેની સાથે બીજી કેટલીક સારી વસ્તુઓ પણ. તેઓ સુંદર વૃદ્ધો હતા. તેમના નામો મને યાદ નથી. પણ બાઈબલના પઠન દરમિયાન તેમણે જ મારા હૃદયાંતર માટે પ્રાર્થના કરી હોવી જોઈએ. મને પુસ્તકનો બહારનો દેખાવ ગમ્યો અને તે વાંચવાનો મેં પ્રયત્ન કર્યો. પણ તે હું ન સમજી શકી. હિંદુઓના સંસ્કૃત સાહિત્ય કરતાં તેની ભાષા એટલી તો જુદી હતી, તેનો બોધ પણ એટલો જુદો હતો કે મને થયું કે આ પુસ્તક વાંચવું એટલે સમય બગાડવો. પણ ત્યાર પછી મેં તેને અલગ નથી કર્યું.

## કોલકત્તામાં હિંદુધર્મનો ઊંડો અભ્યાસ અને નાસ્તિકતા

કોલકત્તાના અમારા નિવાસ દરમિયાન અનેક વિદ્વાન પંડિતોનો અમને પરિચય થયો. કેટલાક પંડિતોએ મને પડદો રાખતી સ્ત્રીઓ સમક્ષ શાસ્ત્રો પ્રમાણે સ્ત્રીઓની ફરજો અંગે વ્યાખ્યાન આપવા કહ્યું. આ વિષય પર પ્રવચન આપતા પહેલાં મારે સારો અભ્યાસ કરવો જોઈએ એટલે કોલકત્તામાં પ્રસિદ્ધ થયેલા હિંદુ કાયદાના પુસ્તકો મેં ખરીદ્યા. આ પુસ્તકોની સાથે સાથે મારા કાર્યમાં સહાય કરે તેવા અન્ય પુસ્તકો પણ વાંચ્યા. ધર્મશાસ્ત્રો વાંચતા વાંચતા મેં એવી અનેક વસ્તુઓ જાણી જે હું પહેલાં જાણતી નહોતી. દરેક વસ્તુ અંગે વિરોધી નિવેદનો હતાં. એક પુસ્તક જેને અતિ ધાર્મિક કહેતું તેને બીજું પુસ્તક અતિ અધાર્મિક કહેતું. મહાભારત વાંચતા વાંચતા મને આમ જાણવા મળ્યું. વેદો એકબીજાથી જુદા પડે છે, સ્મૃતિઓ - પવિત્ર નિયમના પુસ્તકો - એકબીજા સાથે સંમત થતા નથી, ધર્મનું રહસ્ય તે કોઈ ગુપ્ત સ્થળમાં છે - મહાજનો જે પંથે ગયા છે તે જ પંથ છે. બધી જ વસ્તુઓ માટે મને આ સાચું લાગ્યું. પણ તે બધા પુસ્તકો, ધર્મશાસ્ત્ર, પવિત્ર મહાકાવ્યો, પુરાણો, આધુનિક કવિઓ, આજના લોકપ્રિય ઉપદેશકો અને ઉચ્ચવર્ણના રૂઢિચુસ્તો બે વસ્તુઓ પર સંમત થયા હતા અને તે એ કે ઉચ્ચ તથા નીચ વર્ણની સ્ત્રીઓ, સ્ત્રીઓ તરીકે ખરાબ હતી, અતિ ખરાબ હતી, દાનવો કરતાં પણ દુષ્કર હતી, અસત્ય જેવી જ અપવિત્ર હતી અને તેઓ પુરુષની જેમ મોક્ષ ન મેળવી શકે. કર્મ અને તેનાં પરિણામોમાંથી એટલે કે જન્મ-મૃત્યુના લાખો અસંખ્ય ફેરાઓમાંથી અને વણકથી યાતનાઓમાંથી ઈચ્છિત મુકિત મેળવવાની એક માત્ર આશા એટલે તેમનાં પતિઓની ભકિત. પતિ એટલે જ સ્ત્રીનો પરમેશ્વર. તેને માટે અન્ય કોઈ ઈશ્વર જ નથી. આ દેવ દુષ્ટ અને પાપી હોય કે મહાન ગુનેગાર હોય તોય **તે જ તેનો પરમેશ્વર**. અને તેણે તેની પૂજા કરવાની. તેની પ્રસન્નતા વિના સ્વર્ગ પ્રવેશની તે આશા ન રાખી શકે. અને જો તે તેને સર્વ વાતે પ્રસન્ન કરે તો તેની ગુલામ તરીકે સ્ત્રીને સ્વર્ગ પ્રવેશનો અધિકાર મળે. ત્યાં તેણે પતિ સેવા કરવાની અને પત્નીના પૂણ્યના બદલામાં દેવોએ પતિને બક્ષિસ આપેલી સ્વર્ગની હજારો અપ્સરાઓ વચ્ચે તેની એક પત્ની બનવાનું.

સ્ત્રી આટલું જ ઉચ્ચ સ્થાન પામી શકે પણ મોક્ષ મેળવવા માટે તેણે એવા મહાન કાર્યો કરવા પડે કે જેના પૂણ્યથી તે ઉચ્ચવર્ણના પુરુષ તરીકે પુનર્જન્મ મેળવી વેદ-વેદાંતોનો અભ્યાસ કરે, બ્રહ્મનું જ્ઞાન મેળવે અને તેની સાથે ઐકય સાધે. મોક્ષ મેળવવા માટે જે વિશિષ્ટ ધાર્મિક કાર્યો તેને કરવા પડે તેમાં પતિની ઇચ્છાને પોતાની ઇચ્છા સમર્પિત કરી દેવાનો સમાવેશ થાય છે. એક માત્ર પરમેશ્વર તરીકે તેણે સંપૂર્ણ હૃદયનિષ્ઠાથી તેને પૂજવાનો. તેની હલકામાં હલકી ગુલામી સિવાય જીવનમાં બીજું કશું સુખ ન જાણવાનું, ન માણવાનું, વેદ-વેદાંતનો અભ્યાસ કરવાનો સ્ત્રીને અધિકાર જ નહિ. અને તે અંગે જાણ્યા વિના કોઇ બ્રહ્મને ન જાણી શકે, બ્રહ્મને જાણ્યા વિના કોઇ મોક્ષ ન મેળવી શકે. આથી કોઇ સ્ત્રી સ્ત્રી તરીકે મોક્ષ ન મેળવી શકે.

શુદ્રોને માટે પણ આ જ નિયમો. શુદ્રોએ વેદનો અભ્યાસ નહિ કરવાનો અને બ્રાહ્મણોને જે ધાર્મિક ક્રિયા કરવાનો અધિકાર છે તે ધાર્મિક ક્રિયા નહિ કરવાની. શુદ્ર જો વારંવાર વેદ સાંભળે તો તેના કાનમાં સીસુ ભરવાની શિક્ષા થાય. જો શુદ્ર વેદનો શ્લોક કે તેના શ્લોકો ભણવાની હિંમત કરે તો અતિશય ગરમ દારૂ તેના ગળામાં રેડવાની શિક્ષા થાય. પણ બ્રાહ્મણની દયા નીચે ભણતા શુદ્રને આવી શિક્ષા ન થાય, ભલે પછી તે પવિત્ર નિયમનો ભંગ કરે. ત્રણ ઉચ્ચ વર્ણોના આજીવન ગુલામ તરીકે સેવા કરવાથી તેને મોક્ષ મળશે તેવી એકમાત્ર તેની આશા. આમ કરવાથી આવતે જન્મે ઉચ્ચ વર્ણમાં જનમવા જેટલું પૂર્ણય તેને પ્રાપ્ત થાય અને લાખો વર્ષો વીત્યા પછી તે બ્રાહ્મણ તરીકે જન્મે, વેદ-વેદાંત ભણે, બ્રહ્મનું જ્ઞાન મેળવે અને તેની સાથે ઐકય સાધે. સ્ત્રીઓ તથા શુદ્રો માટે અંતિમ મોક્ષ માટેની આવી આશા શાસ્ત્રોમાં દર્શાવી છે.

બિચારા નીચલા વર્ણના લોકો માટે તો કોઇ આશા જ નહોતી. ડુક્કર જેવા હલકા પ્રાણીઓની જેમ જ તેમણે ગણવામાં આવતા. તેમનો પડછાયો અને તેમનો અવાજ જાણે કે એબ લગાડતાં. દેવોના ધામમાં તેમને સ્થાન નહોતું અને મોક્ષ મેળવવાની કોઇ આશા નહોતી. લાખો જન્મોના ફેરા પછી કદાચ તેઓ ઉચ્ચ વર્ણોમાં જન્મે તો તેમને કદાચ આ મેળવવાની તક મળે.

ઉચ્ચ વર્ણોમાં જન્મ શકય બનાવવા માટે અત્યારે તો તેમણે હલકી સ્થિતિમાં જીવવાનો સંતોષ માની ઉચ્ચ વર્ણોના લોકોની ગુલામ તરીકે સેવા કરવાની, તૂટેલા ગંદા માટીના વાસણોમાં તેમનું એઠું જૂઠું ખાવાનું અને ઉચ્ચ વર્ણના લોકોના મૃતદેહ પરથી ફેંકાયેલા ગંદા, ફાટેલાં કપડાં પહેરવાનાં. કયારેક તેઓ બ્રાહ્મણના પડછાયાના સંપર્કમાં આવતા, તેના હાથના પાણીના ટીપાં પામતા અથવા ભીના કપડાં તેમની સામે ફેંકાય અને પવિત્ર બ્રાહ્મણો પર પસાર થયેલા વાયુને અનુભવતા. નીચલા વર્ણના લોકો માટે આ વસ્તુઓ લાભદાયક હતી, પણ નીચલા વર્ણના લોકોને આ લાભ આપવા જતાં બ્રાહ્મણોને પોતાનું મહામહેનતે મેળવેલું પૂર્ણય ખોવું પડતું.

ઉચ્ચ વર્ણના લોકો જ્યાં દેવોની ઉપાસના કરતા તે મંદિરોમાં નીચલા વર્ણના લોકોને પ્રવેશવાની છૂટ નહોતી. આથી આ બિચારા લોકો આકાર વિનાના પથ્થરો, તૂટેલા પાત્રો એકઠા કરી તેમને લાલ રંગથી રંગતા. પછી કોઇ વૃક્ષ નીચે કે રસ્તા પર અથવા તેમણે બાંધેલા મંદિરમાં (પોતાનો વર્ણ ખોવાના ભયે બ્રાહ્મણો જ્યાં જતા નહોતા) તેમની પ્રતિષ્ઠા કરી, તેમના આધ્યાત્મિક સ્વભાવની ઘેલછા સંતોષવા તેમને પૂજતા. બિચારા લોકો. કેવી દુ:ખદ તેમની પરિસ્થિતિ. જેણે જોઇ ન હોય તે કલ્પી જ ન શકે. દરેક ગામડાની કે ગામની બહાર તેમના ઘરો હોય અને ધાર્મિક બ્રાહ્મણના પવિત્ર ચરણો ત્યાં ન પડે.

બે વાત પર બધાં શાસ્ત્રો અને બીજાઓ સંમત હતા. હિંદુ ધર્મના આ સિદ્ધાંતોનો આછો ખ્યાલ મને બાળપણથી જ હતો. પણ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતાં હું મનથી તે પૂરેપૂરો સમજી. મારી આંખો ધીમે ધીમે ખૂલી અને સ્ત્રી તરીકેની મારી અવદશાનું મને ભાન થયું. અને પછી તો તે વધુને વધુ સ્પષ્ટ થતું ગયું કે ધાર્મિક આશ્વાસનોને લાગેવળગે છે ત્યાં મારું કયાયં સ્થાન નહોતું. હું મારી પોતાની જાતથી જ અસંતોષ પામી. શાસ્ત્રો મને જે કંઇ આપે તેનાથી કશુંક વિશેષ મને જોઇતું હતું, પણ મારી શી ઇચ્છા હતી તે હું નહોતી જાણતી.

એક દિવસ મારા ભાઇને અને મને કેશવચંદ્રસેન તરફથી તેમને ઘેર આવવાનું આમંત્રાણ મળ્યું. તેમણે અમને પ્રેમપૂર્વક આવકાર્યા અને

તેમના ઘરના અંદરના ભાગમાં મને લઇ જઇ તેમનાં પત્ની અને દીકરીઓ સાથે મારો પરિચય કરાવ્યો. તેમની એક દીકરીના લગ્ન હમણાં જ કુઆબહારના મહારાજા સાથે થયા હતા અને બ્રાહ્મો સમાજી તથા અન્ય લોકો સહુ બ્રાહ્મો સમાજી માટે નક્કી કરાયેલા નિયમનો, ચૌદ વર્ષની નીચેની કન્યાઓને પરણવું નહિ કે પરણાવવી નહિ તેવા નિયમોનો ભંગ કરવા બદલ તેમની ટીકા કરતા હતા. તેમણે તથા તેમના કુટુંબે મારા પ્રત્યે ખૂબ મમતા દર્શાવી અને છૂટા પડતાં તેમણે મને વેદની એક નકલ આપી. મેં વેદોનો અભ્યાસ કર્યો છે કે નહિ તેવું તેમણે મને પૂછયું. મેં ના માં જવાબ આપ્યો અને કહ્યું કે વેદો વાંચવા માટે સ્ત્રીઓ યોગ્ય નથી અને તેમને તેમ કરવાની છૂટ પણ નથી. જો હું વેદોનો અભ્યાસ કરું તો હું ધર્મના નિયમો તોડું. હિંદુ સિધ્ધાંતની મારી આ ઉદ્દ્ઘોષણા સાંભળી તેમણે માત્ર સ્મિત વેર્યું. તેમણે કશો ઉત્તર ન આપ્યો પણ વેદો તથા ઉપનિષદોનો અભ્યાસ કરવાની મને સલાહ આપી.

મારા અંતરમાં નવા વિચારો જાગતા હતા. મેં મારી જાતને પૂછયું કે શા માટે મારે વેદ-વેદાંતોનો અભ્યાસ ન કરવો જોઇએ? સ્ત્રીઓ વેદો વાંચે તેમાં કશું જ ખોટું નથી તેમ હું માનવા લાગી. એટલે પહેલાં મેં ઉપનિષદોનો અભ્યાસ કવાનો પ્રારંભ કર્યો. પછી વેદાંત અને વેદનો અભ્યાસ કર્યો. અને હું મારી જાતથી વધુ અસંતોષ પામી.

આ દરમ્યાન મારા ભાઈનું અવસાન થયું. મારા પિતાની ઇચ્છા હતી કે હું આપણા ધર્મમાં વિદ્વાન થાઉં. એટલે હું નાની હતી ત્યારે તેમણે મારાં લગ્ન કરાવ્યાં નહોતાં. તેમણે મારી મોટી બહેનના લગ્ન તેની ઉંમરના જ યુવાન સાથે કરાવ્યા હતા. પણ તે અભ્યાસ કરવા નહોતો માંગતો કે મારી બહેન સાથે સરસ ધર્મનિષ્ઠ જીવન ગાળવા નહોતો માંગતો. આમ કજોડાના લગ્નને કારણે તેની જીંદગી દુ:ખી બની હતી. અને મારી જીંદગીમાં પણ એવું બને તેમ મારા પિતા ઇચ્છતા નહોતા. જો કે, આ જ્ઞાતિના નિયમોથી વિરુધ્ધ હતું. અને આથી તેમને સહન કરવું પડેલું. ખરેખર તો તેમને બ્રાહ્મણ સમાજ - જ્ઞાતિની બહાર મૂકેલા. પણ પોતાના વિશિષ્ટ - અનન્ય પૌરુષથી તેમણે આ સતામણીનો સામનો કર્યો અને પોતાને સાચું લાગ્યું તે જ કર્યું. મને અભ્યાસ કરવાની તક આપી અને ધર્મનિષ્ઠ જીવન જીવી સુખી થવાની પણ. આથી, બાવીસ વર્ષ સુધી હું અપરિણીત રહી.

મારા પૂર્વજોના ધર્મમાં શ્રધ્ધા ખોઈ હોવાને લીધે હું શુદ્ર જ્ઞાતિના એક બંગાળીને પરણી. અમારાં લગ્નનાં બે વર્ષમાં જ કોલેરાને કારણે મારા પતિનું અવસાન થયું. મારે દુનિયામાં એકલા રહેવાનું આવ્યું, એક સંતાન સાથે.

### બંગાળમાં લગ્ન અને જીવન

**બં**ગાળ અને આસામમાં હું ચાર વર્ષ રહી અને બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો. આસામના સિલ્ચરમાં હું મારા પતિ સાથે રહેતી હતી ત્યારે મારા પુસ્તકાલયમાં મને એક નાની પુસ્તિકા મળી. તે ત્યાં કયાંથી આવી તે હું નથી જાણતી, પણ મેં તે હાથમાં લીધી અને ખૂબ રસપૂર્વક વાંચી. તે સંત લૂકની બંગાળી ભાષામાં અનુદિત થયેલી સુવાર્તા હતી.

સિલ્ચરમાં એક બાપ્તિસ્ત ધર્મપ્રચારક શ્રી એલન રહેતા હતા. પ્રસંગોપાત તે મને મળવા આવતા અને સુવાર્તા ઉપદેશતા. તેમણે મને ઉત્પત્તિના ગ્રંથનો પહેલો અધ્યાય સમજાવ્યો. પૃથ્વીની ઉત્પત્તિની જે કથાઓ મેં પુરાણો અને શાસ્ત્રોમાં વાંચી હતી તે કથાઓ કરતાં આ કથા સાવ જુદી જ હતી. મને તેમાં ખૂબ રસ પડયો. મને આ કથા સાચી કથા લાગી. પણ આવું વિચારવા કે માનવા માટે કોઈ કારણ ન આપી શકી.

મારા અગાઉના ધર્મમાંથી શ્રધ્ધા ઊઠી ગઈ હતી અને કશુંક બહેતર પામવા મારું હૃદય ઝંખતું હતું. આથી, ખ્રિસ્તી ધર્મ અંગે સકય તેટલું બધું જ ઉત્કટતાપૂર્વક મેં જાણ્યું અને જો આ નવા ધર્મથી મને સંપૂર્ણ સંતોષ મળે તો ખ્રિસ્તી બનવાની મારી ઇચ્છા પણ મેં જાહેર કરી. મારા પતિએ મિશન સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો એટલે તે બાઇબલથી સુપરિચિત હતા. પણ ખ્રિસ્તી કહેવડાવવાનું

તેમને ગમતું નહોતું. તેની પત્ની જાહેરમાં બાપ્તિસ્મા લે અને ધૃણાસ્પદ ખ્રિસ્તી કોમમાં ભળે તે વિચાર તેમને ન ગમ્યો. તે ખૂબ ગુસ્સે થયા અને બોલ્યા કે હવે પછી ઘરમાં નહિ આવવાનું તે શ્રી એલનને કહી દેશે. જો તે ઝાઝું જીવ્યા હોત તો શું થયું હોત તે હું નથી જાણતી.

મારે ગંભીરતાપૂર્વક કોઇ ધર્મની જરૂરિયાત હતી. હિંદુ ધર્મમાં મને આશા નહોતી. બ્રાહ્મો ધર્મ એ કોઇ ચોક્કસ ધર્મ નહોતો. કેમ કે માણસે પોતાને માટે રચેલો ધર્મ હતો. પરિચિત બધા જ ધર્મોમાંથી પોતાને જે સારું લાગે તે એ પસંદ કરી એકઠું કરતો અને પોતાના ખુદના ઉપયોગ માટે ધર્મ તૈયાર કરતો. આ બ્રહ્મો ધર્મને બીજો કોઇ પાયો નહોતો સિવાય કે માણસનો ખુદનો પ્રાકૃતિક પ્રકાશ અને માનવજાત જેવી જ સાચા ખોટાની તેની સૂઝ. તે મને સંતોષ ન આપી શકયો. જો કે ચુસ્ત હિંદુ ધર્મના બોધ કરતાં તેમાં જે બહેતર હતું તે મને ગમતું અને તે હું માનતી પણ ખરી.

## વૈધવ્ય અને પૂના

**મા**રા પતિના અવસાન પછી સિલ્ચર છોડી હું પૂના આવી. અહીં હું એક વર્ષ રહી. રીફોર્મ પાર્ટીના આગેવાનો તથા પ્રાર્થના સમાજના સભ્યો મારી સાથે પ્રેમપૂર્વક વર્ત્યા અને મને થોડી સહાય પણ કરી. સર્વશ્રી રાનડે, મોડક, કેલકર અને ડૉ. ભાંડારકર જેવી વ્યકિતઓએ મારા પ્રત્યે મમતા દર્શાવી હાઇ ચર્ચના સંદર્ભમાં કામ કરતાં ધર્મ પ્રસારક કુ. રફોર્ડ મારે ત્યાં આવતા અને મરાઠીમાં અનૂદિત નવો કરાર મને શીખવતા. આ સમયે મેં અંગ્રેજી ભાષાના અભ્યાસનો પ્રારંભ કર્યો હતો, પણ લખતાં બોલતાં મને નહોતું આવડતું. તેમને પ્રારંભિક વાચનમાળાઓમાંથી કેટલાંક લેસનો શીખવાડતા પણ કયારેક પુસ્તકો વાંચવાને બદલે નવા કરારના અભ્યાસમાં મને ઝાઝો રસ પડતો. રેવ. ફાધર ગોરેહ બીજા ધર્મપ્રચારક હતા જે મળવા આવતા અને હિંદુ તથા ખ્રિસ્તી ધર્મ વચ્ચેના ભેદ સમજાવતા. તેમના શિક્ષણથી મને ખૂબ લાભ થયો.

## ઇંગ્લેન્ડ - ઈસુના ધર્મ પ્રત્યે ખેંચાણ

**૧**૮૮૩ ના પ્રારંભમાં અભ્યાસ કરવા તથા મારું જીવનકાર્ય નિશ્ચિત કરવા હું ઇંગ્લેન્ડ ગઇ. ઇંગ્લેન્ડમાં પ્રથમ પગ મેં મૂકયો ને મને બેન્ટાજની પ્રેમાળ સિસ્ટર્સનો ભેટો થયો. તેમાંની એકનો પરિચય તો કુ. રફોર્ડે પૂનાની સેન્ટ મેરી હોમમાં કરાવ્યો હતો. આ ભગિનીઓ મને તેમને ઘેર લઇ ગઇ અને તેમાંની એકે તો મને ભૌતિક તથા ધાર્મિક વિષયો શીખવાડવા માંડયા. તે મારી આત્મિક માતા બની. હું તેની અને એલ્ટનહામ લેડીઝ કોલેજના સદ્ગત આચાર્ય કુ. બિલેની સદાયની કૃતજ્ઞતાપૂર્વક ઋણી છું. આ બંને સ્ત્રીઓએ મારે ખાતર ભારે પીડા વેઠીનેય મને જીવનોપયોગી વિષયો શીખવાડયા. તેમણે મને જે સૂચનો આપ્યાં તે મોટે ભાગે આધ્યાત્મિક હતાં. તેમના માતૃવત્ મમતા અને ઊંડા આધ્યાત્મિક પ્રભાવે મારા ચારિત્ર ઘડતરમાં ખૂબ ખૂબ સહાય કરી છે. આ સ્ત્રીઓની પ્રેમાળ ખ્રિસ્તી કાળજીમાં મને રહેવાની તક આપનાર ઈશ્વરની હું પ્રશંસા કરું છું અને તેનો આભાર પણ માનું છું.

એકવાર, મધર સુપિરિયરે મને મનફેર માટે લંડનની સિસ્ટર્સ હોમની એક શાખામાં મોકલી. ત્યાંની ભગિનીઓએ મને તેમના દ્વારા થતું રાહતકાર્ય  દેખાડવા લઇ ગઇ. તેમના રેસ્કયુ હોમમાં એકવાર રહી ચૂકેલી ઘણી સ્ત્રીઓને હું મળી. તે સ્ત્રીઓ એટલી બધી બદલાઇ ગઇ હતી. વળી તેમના અંતરમાં ખ્રિસ્ત પ્રત્યેનો સ્નેહ અને દુ:ખી માનવજાત પ્રત્યેની અનુકંપા ઊભરાતી હતી અને એટલે જ તેમણે પોતાની જીંદગી બિમાર તથા અશકત લોકોની સેવાને સમર્પિત કરી હતી. અહીં જ, મેં જીંદગીમાં પહેલી જ વાર જાણ્યું કે કહેવાતી પતિત સ્ત્રીના ઉદ્ધાર માટે કંઇક કરવું જોઇએ અને હિંદુઓ જે મને અસ્પૃશ્ય અને ક્રૂર ગણે છે તે ખ્રિસ્તીઓ જ સમાજની આંખમાં હલકી પડી ગયેલી આ કમભાગી સ્ત્રીઓ પ્રત્યે માયાળુ હતા.

મારા દેશમાં હિંદુઓ દ્વારા આવી સ્ત્રીઓ માટે આવું કશુંક થતું હોય તેવું મેં કયારેય સાંભળ્યું નહોતું. કોઇ તેમની સાથે પ્રેમથી બોલતું હોય કે તેમની મૂર્ખામીમાં તેમણે પસંદ કરેલા આ કુમાર્ગમાંથી તેમને પાછા વાળવાનો પ્રયત્ન કોઇ કરતું હોય તેવું ય સાંભળ્યું નહોતું. હિંદુ શાસ્ત્રોનો વ્યવહાર આવી સ્ત્રીઓ પ્રત્યે પ્રેમાળ નહોતો. હિંદુ કાયદો તો એવો આદેશ આપતો હતો કે આપી પતિતા સ્ત્રીઓને ગામ બહાર કૂતરાઓ ખાય તેવી વ્યવસ્થા રાજા કરશે. તેઓ મહાપાપીઓ લેખાતી અને એટલે જ અનુકંપા યોગ્ય નહોતી.

કુલહામ હું મારા ઘરે પાછી ફરી. ત્યાં પણ સિસ્ટર્સ ઑફ ધ ક્રોસ દ્વારા થતું દયા કાર્ય - સેવા કાર્ય મેં જોયું. અને મેં વિચારવા માંડયું કે હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મમાં ખરેખર ભેદ છે. મને સૂચનો આપતી ભગિનીઓને મેં પૂછ્યું કે પતિતા સ્ત્રીઓની કાળજી તથા ઉદ્ધારની પ્રેરણા કયાંથી મળી? તેણે સમરૂની સ્ત્રી સાથેના ખ્રિસ્તના મેળાપની, સાચી ઉપાસનાના સ્વરૂપ અંગેના તેમના અદ્ભુત વાર્તાલાપની કથા વાંચી અને મને સમજાવી. પાપીઓ માટેના ખ્રિસ્તના અનંતપ્રેમની વાત તેણે મને કરી. તે તેમને તિરસ્કારતા નહોતા પણ તે તેમને તારવા - બચાવવા આવ્યા હતા. હિંદુઓના શાસ્ત્રોમાં આવું મેં કયારેય વાંચ્યું કે સાંભળ્યું નહોતું. યોહાનની સુવાર્તાના ચોથા અધ્યાયના વાચન પછી મને સમજાયું કે ખ્રિસ્ત સાચે જ પોતે જેનો દાવો કરે છે તે દિવ્ય તારણહાર હતા. અને બીજું કોઇ નહિ પણ તે જ. ભારત અને પ્રત્યેક દેશની પતિતા સ્ત્રીઓનો ઉદ્ધાર કરી શકશે, તેમને સાચે માર્ગે વાળી શકશે.

આમ, મારું હૃદય ખ્રિસ્તના ધર્મ પ્રત્યે ખેંચાયું. ફાધર ગોરેહ લિખિત પુસ્તક વાંચીને તેના સત્યની મને બૌદ્ધિક ખાતરી થઇ અને ૧૯૮૩ ના ઉત્તરાર્ધમાં જ્યારે હું વેન્ટોજની ભગિનીઓ સાથે રહેતી હતી ત્યારે ચર્ચ ઑફ ઇંગ્લેન્ડમાં મેં બાપ્તિસ્મા લીધું. હું પ્રમાણમાં પ્રસન્ન થઇ અને મારી જાણના બીજા કોઇપણ ધર્મ કરતાં બહેતર એવો નવો ધર્મ પ્રાપ્ત કર્યાનો ખૂબ આનંદ અનુભવ્યો. મારા મિત્રો તથા દેશવાસીઓ ખૂબ નાખુશ થશે તેવું હું પૂરેપૂરું જાણતી હતી, પણ મેં ભરેલા પગલાંનો કયારેય રંજ ન અનુભવ્યો. હિંદુ શાસ્ત્રોએ મને જે કંઇ આપ્યું તેનાથી કશાક બહેતરની મને ભૂખ હતી. ખ્રિસ્તીઓના બાઇબલમાં તે મળ્યું અને હું સંતોષ પામી.

મારા બાપ્તિસ્મા અને સંસ્કારપ્રાપ્તિ પછી મેં ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો પર લખાયેલાં અનેક પુસ્તકોની સહાયથી ખ્રિસ્તી ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો. ભિન્ન ભિન્ન પંથના એટલા બધા ભિન્ન ઉપદેશો જોઇને હું મૂંઝાઇ. બીજા પંથોથી જુદા પડવા માટે તથા અમુક નિશ્ચિત સિદ્ધાંત ધારણ કરવા માટે પ્રત્યેક પંથ બાઇબલની અધિકૃતતા દર્શાવતો.

મારા બાપ્તિસ્મા પછી પાંચ વર્ષો સુધી મેં જુદા જુદા સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો અને ઇંગ્લેન્ડ - અમેરિકાના મારા નિવાસ દરમ્યાન ઊંડું નિરીક્ષણ કર્યું. વળી હાઇ ચર્ચ, લો ચર્ચ, બાપ્ટિસ્ટ, મેથોડિસ્ટ, પ્રેસ્બિટેરિયન, ફ્રેન્ડઝ, યુનિટેરિઅન, યુનિવર્સાલિસ્ટ, રોમન કેથોલિક, યહૂદીઓ અને અન્ય જેવા અતિ અગ્રણી પંથોના માણસોને મળવા ઉપરાંત હું સ્પિરિચ્યુઆલિસ્ટ, થિયોસોફિસ્ટ, મોર્મોન્સ, ખ્રિસ્તી વૈજ્ઞાનિકો તથા ગૂઢ ધર્મના અનુયાયીઓને પણ મળી.

ખ્રિસ્તી દેશોમાં ધર્મોની આવી અવ્યવસ્થા જોઇને મારી શી લાગણીઓ હશે તેનો કોઇને ખ્યાલ ન આવે. અન્યો કરતાં પ્રત્યેક પંથનો ઉપદેશ કેવો ભિન્ન છે તે જોઇને ઉદ્ભવતી મારી લાગણીઓનો ખ્યાલ પણ કોઇને ન આવે. મને થિયોસોફિસ્ટોમાં ભારતના નાસ્તિકો, મોર્મોન્સમાં બહુપત્નીત્વવાદીઓ અને સ્પિરિચ્યુઆલિસ્ટમાં ભૂતપ્રેત અને અસુરોના અનુયાયીઓ અને ખ્રિસ્તી વૈજ્ઞાનિકોમાં પુરાણા વેદાંતીઓ મેં જોયા. તેમના ઉપદેશો મારે મન નવા નહોતા. ભારતમાં મેં તેમને તેમના જૂના પૌર્વાત્ય સ્વરૂપે જાણ્યા હતા અને જ્યારે હું અમેરિકામાં તેમને મળી ત્યારે મેં વિચાર્યું કે તેમણે માત્ર તેમનો ભારતીય પોશાક ઉતારી પશ્ચિમી વસ્ત્રો પહેર્યા છે, કારણ કે તે દેશની આબોહવા તથા પરિસ્થિતિને તે વધુ અનુકૂળ હતા.

રૂઢિચુસ્ત અને બિનરૂઢિચુસ્ત ખ્રિસ્તી પંથોના ભેદ અંગે હું કંઇ કહી શકું તેમ નથી. માત્ર એટલું જ કહી શકાય કે આવા ભેદ હોવાનો માનવ સ્વભાવ છે. બ્રાહ્મણોના હિંદુ ધર્મના ભિન્ન પંથોમાં જે ભેદો છે તેના કરતાં તે મને વધુ અગત્યના ન લાગ્યા. તે એટલું જ

દર્શાવતા હતા કે લોકોમાં મનનું ઐક્ય નહોતું અને તેઓ એકબીજા સાથે લડતા હતા. મારા આ નવા ધર્મને જે રીતે મેં સમજ્યો તે રીતે તેનાથી હું સંતોષી હતી, છતાંય મહાન બૌદ્ધિક મુસીબતો હું સહન કરતી હતી અને મારું હૃદય કશાક બહેતરને - જે હજી સુધી નથી મળ્યું તે બહેતરને ઝંખતું હતું. મારા બાપ્તિસ્માના સમય પછીના આઠ વર્ષો પછી મેં જાણ્યું કે મને ખ્રિસ્તી ધર્મ મળ્યો છે અને તે મારે માટે સારો હતો. પણ મને ખ્રિસ્ત મળ્યા નથી જે તે ધર્મના પ્રાણરૂપ છે અને જે 'ખરું અજવાળું તે હતું કે જે જગતમાં આવીને હરેક માણસને પ્રકાશ આપે છે' (યોહાન ૧:૯).

## ખ્રિસ્તની પ્રાપ્તિ

**ખ્રિ**સ્ત મને મળ્યા નહોતા તેમાં કોઈનો દોષ નહોતો. પ્રારંભથી જ તેમનો ઉપદેશ મને અપાયો હશે, પણ ત્યારે મારું મન પવિત્ર શાસ્ત્રોના બોધને ઝડપવા જડ હતું. બાઈબલ મારી સામે ખુલ્લું પડ્યું હતું, પણ ત્યારે બાઈબલ વિશેનાં અન્ય પુસ્તકો વાંચવામાં મેં મારો ઝાઝો સમય આપ્યો અને જેનો મારે અભ્યાસ કરવો જોઈતો હતો તે બાઈબલનો જ અભ્યાસ ન કર્યો. એટલે તેમાં ઉપદેશાયેલા અનેક સિદ્ધાંતો વિશેનું મારું અજ્ઞાન. અમેરિકાથી વતન પાછા ફર્યા પછી બાઈબલ વિશેના અન્ય પુસ્તકોનો અભ્યાસ મેં છોડી દીધો અને નિયમિત બાઈબલ વાંચવા માંડ્યું.

લગભગ બે વર્ષ આ ક્રમ ચાલ્યો પછી મારું મન અતિ પ્રસન્ન બન્યું. મારી આધ્યાત્મિક પરિસ્થિતિથી મને સંતોષ નહોતો. એક દિવસ કોઈ કામે હું બોમ્બે ગાર્ડિયન મિશન પ્રેસ ગઈ. ત્યાં સુવાર્તાઓના ઉપદેશક શ્રી હસલામ દ્વારા લિખિત પુસ્તક 'ફ્રોમ ડેથ અનટુ લાઈફ' મેં ઉપાડ્યું. મેં આ પુસ્તકમાં તેના અનુભવો રસપૂર્વક વાંચ્યા. ચર્ચ ઑફ ઇંગ્લેન્ડના પાદરી તરીકે સારો એવો વિસ્તાર તેને હવાલે હતો અને દેવળ સાથે સંકળાયેલી સઘળી ખ્રિસ્તી પ્રવૃત્તિઓમાં તેને રસ હતો. જ્યારે તે દેવળની કોઈ સ્ત્રી સભ્ય સાથે વાત કરતો હતો ત્યારે તે સ્ત્રીએ તેને કહ્યું કે ઉપરથી બાંધવાનો પ્રયત્ન કરે છે. તે સ્ત્રી એમ કહેવા માગતી હતી કે તેનું હૃદયાંતર થયું નહોતું અને તેણે ખ્રિસ્તમાં પુનરુત્થાન કે તારણ અનુભવ્યા નહોતા.

મેં તેના વાર્તાલાપનો અને ખ્રિસ્ત માટેનાં કાર્યનો અહેવાલ વાંચ્યો. ત્યાર પછી હું ક્યાં છું અને મારી ખરેખર શી જરૂરિયાત છે તે મેં વિચારવા માંડ્યું. મેં બાઈબલના ખંડો વાંચ્યા અને ઈશ્વરે મને આપેલા સંદેશાઓ પર ધ્યાન ધર્યું. એવી ઘણી વસ્તુઓ હતી જે બૌદ્ધિક રીતે સમજાતી નહોતી. આ સમય દરમ્યાન મેં એક વસ્તુ જાણી અને તે એ કે મને જરૂર ખ્રિસ્તની હતી, માત્ર તેમના ધર્મની નહિ.

કેટલાક જૂના ખ્યાલો મારા મનમાં ચોંટેલા હતા. દા.ત. હું માનતી કે પાપનું પ્રાયશ્ચિત અને તે ન કરવાનો નિર્ણય જ પાપની માફી માટે જરૂરી હતો. વળી એવું પણ માનતી કે નવા અવતાર માટે બાપ્તિસ્માની વિધિ એક સાધન હતું અને ખ્રિસ્તના નામે મારું બાપ્તિસ્મા થયું કે તરત જ મારાં પાપો ખરેખર ધોવાઈ ગયા હતા. ધાર્મિક વિચારોની હિંદુ પ્રથા જેવા આ અને આવા અન્ય વિચારો મને વળગી રહ્યા હતા. મારા બાપ્તિસ્મા પછીના કેટલાંક વર્ષો સુધી હું એમ માનીને સારી એવી પ્રસન્ન હતી કે સ્ત્રી-પુરુષોને સમાન અધિકાર આપતો અને જેમાં વર્ણ, રંગ કે જાતિના ભેદો નથી એવો ધર્મ મને મળ્યો છે.

નિ:શંક આ બધું ખૂબ સુંદર હતું, પણ હું એ સમજવું ભૂલી ગઈ હતી કે આપણે 'ઈસુ ખ્રિસ્તમાં છીએ તે તો દેવ તરફથી આપણે સારુ જ્ઞાન, ન્યાયીપણું, પવિત્રીકરણ તથા ઉદ્ધાર થયો છે' (૧ કોરિંથી. ૧:૩૦). પવિત્ર આત્મામાંથી નવેસર જન્મીને અને દેવપુત્રમાંના વિશ્વાસથી યોગ્યતા પામીને દેવના સંતાન બનવા ખ્રિસ્ત અને તેમના પ્રાયશ્ચિતમાં નિર્વિવાદ વિશ્વાસ મૂકવાની જરૂરિયાતને જોવામાં હું નિષ્ફળ ગઈ હતી. આ અને આવા અન્ય મુદ્દાઓ પર મારા વિચારો સ્પષ્ટ નહોતા. હું હતાશ હતી. મને ભાન થયું કે ઈશ્વરને મળવા હું તૈયાર નહોતી, મારા પર પાપનું વર્ચસ્વ હતું અને ઈશ્વરના આત્મા દ્વારા હું હજી દોરાઈ જ નથી. આથી જ દત્તકપુત્રપણાનો આત્મા મને પ્રાપ્ત થયો નથી. અને હું દેવનું સંતાન છું તેવી સાક્ષી આપતા આત્માને દીઠો નથી.

'કેમ કે જેટલા દેવના આત્માથી દોરાય છે તેટલા દેવના દીકરા છે. કેમ કે ફરીથી તમને ભય લાગે એવો દાસત્વનો આત્મા તમને મળ્યો નથી પણ તમને દત્તકપુત્રપણાનો આત્મા મળ્યો છે, તેને લીધે આપણે 'અબ્બા, બાપ,' એવી હાંક મારીએ છીએ. આપણા આત્માની સાથે પણ (પવિત્ર) આત્મા પોતે સાક્ષી આપે છે કે આપણે દેવનાં છોકરાં છીએ' (રૂમી. ૮:૧૪-૧૬).

હવે શું કરવું? મારા વિચારો મને મદદ ન કરી શકયા. તેમણે મને મદદ ન કરી. અંતે, મારી જાતને ભૂલી મેં તારણહારની બિનશરતી શરણાગતિ સ્વીકારી અને મારા પ્રત્યે દયા - કૃપા દર્શાવવા, મારાં ન્યાયીપણું અને મુકિત બન્યા અને મારાં સઘળાં પાપો લઈ લેવા મેં તેમને વિનંતી કરી.

જેમને પાપોના ગુનેગાર તરીકે જાહેર કરાયા છે અને આવી જ પરિસ્થિતિઓમાં ઈશ્વર જે રીતે તેમને નીરખે છે તેમ તેઓ પોતાને નીરખે છે. તેઓ જ એ વ્યકિતના હૃદય પરથી મહાન તથા અસહ્ય બોજ સરકી જાય ત્યારે વ્યકિત શું અનુભવે છે તે સમજી શકે છે. જ્યારે મેં બિનશરતી શરણાગતિ સ્વીકારી અને જાણ્યું કે હું સાચા દ્રાક્ષવેલાની ડાળી તરીકે, મારા તારણહાર ખ્રિસ્ત ઈસુમાં ઈશ્વરના દત્તકપુત્ર તરીકે સ્વીકીરાઈ છું, ત્યારે મેં શું અનુભવ્યું, શી રીતે અનુભવ્યું તે વર્ણવવાનો પ્રયત્ન હું નહિ કરું. મારે માટે ઈશ્વરે જે બધું કર્યું તે કહેવું મારે માટે અશકય છે છતાંય મારા પ્રત્યે, એક મહાનમાં મહાન પાપી પ્રત્યે જે પ્રેમાળ કૃપા તેમણે દર્શાવી તે માટે મારે તેમની પ્રશંસા કરવી જોઈએ, તેમનો આભાર માનવો જોઈએ. સૌ પ્રથમ તો પ્રભુએ મને પાપની પાપમયતા તથા જે સનાતન નર્કાગ્નિમાં હું હતી તેનો પ્રચંડ ભય દર્શાવી ઈશ્વરનો એ મહાન પ્રેમ બતાવ્યો કે જે પ્રેમ 'તેમણે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો' (યોહાન ૩:૧૬) અને તેમણે પોતાનો દીકરો મારા પાપના પ્રાયશ્ચિતરૂપે આપ્યો, કારણ કે પ્રેરિત યોહાને કહ્યું છે કે, 'જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે ટલે ઈસુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે, અને તે આપણાં પાપનું પ્રાયશ્ચિત છે અને કેવળ આપણાં જ નહિ પણ આખા જગતનાં પાપનું તે પ્રાયશ્ચિત છે' (૧ યોહાન ૨:૧૨).

બાઈબલ કહે છે કે પોતાના પ્રેમને પાત્ર બનાવવા ઈશ્વર મારી રાહ નથી જોતા, પણ હું તે માટે યોગ્ય ન હોઉં તો પણ મારા પર તે તે દર્શાવે છે. તે એમ પણ કહે છે કે ખ્રિસ્તમાં સ્ત્રી-પુરુષના ભેદ નથી.

'એટલે દેવનું ન્યાયીપણું, જે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ વડે સર્વ વિશ્વાસ કરનારાઓને માટે છે તે; કેમ કે એમાં કંઈ પણ ભેદ નથી; કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે; પણ ઈસુ ખ્રિસ્તથી જે ઉદ્ધાર છે, તેની મારફતે દેવની કૃપાથી તેઓ વિનામૂલ્ય ન્યાયી ગણાય છે. દેવે તેને તેના રકત પરના વિશ્વાસથી પ્રયાશ્ચિત થવા સારુ ઠરાવ્યો, કે જેથી દેવની સહનશીલતાથી અગાઉ થયેલાં પાપની દરગુજર થઈ તે વિષે દેવ પોતાનું ન્યાયીપણું દેખાડે; એટલે સાંપ્રત કાળમાં તે પોતાનું ન્યાયીપણું દેખાડે, જેથી પોતે ન્યાયી રહીને ઈસુ પર વિશ્વાસ રાખનારને ન્યાયી ઠરાવનાર થાય' (રૂમી. ૩:૨૨-૨૬).

જ્યાં અંધારા સિવાય બીજું કશું જ નથી તેવા ઓરડામાં પુરાઈ રહીને તેને કે તેણીને જેની દારુણ ઈચ્છા હતી તેનું કશુંક તેમાં ફંફોસવાનો અનુભવ મારા કોઈ વાચકને થયો છે કે નહિ તે હું નથી જાણતી. હું માત્ર એક અંધજનનાં જ વિચાર કરી શકું છું કે જેની કથા યોહાનની સુવાર્તાના નવમા અધ્યાયમાં આપી છે. તે આંધળો જન્મ્યો હતો અને જીવનના ચાલીસ વર્ષો સુધી આંધળો રહ્યો હતો અને અચાનક તેને પરમ શકિતમાનનો ભેટો થયો કે જેમણે તેને દૃષ્ટિ આપી. જ્યારે દિવસનો પ્રકાશ જોવાની લગીર પણ આશા નહોતી ત્યારે તે પ્રકાશ જોવા મળતાં તેને થયેલો આનંદ કોણ વર્ણવી શકે? અરે, પ્રેરિત સુવાર્તાપ્રચારકે પણ તેવો પ્રયત્ન કર્યો નથી. જ્યારે મારા માનસિક ચક્ષુઓ ખૂલ્યાં અને જ્યારે મેં 'અંધારામાં બેઠેલી વ્યકિતએ મહાન પ્રકાશ જોયો' અને મને જ્યારે ખાતરી થઈ કે થોડી ક્ષણો પહેલાં જે 'મૃત્યુના પ્રદેશ અને પડછાયામાં બેઠી હતી તેના પર પ્રકાશ ઢળ્યો છે' ત્યારે મેં જે અનુભવ્યું તેનો આછો ખ્યાલ હું આપી શકું. મારી દશા તે માણસ જેવી હતી જેને કહેવાયું હતું કે, 'ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા .... તે કૂદીને ઊભો થયો અને ચાલવા લાગ્યો, ચાલતો ને કૂદતો તથા દેવની સ્તુતિ કરતો તે તેઓની સાથે મંદિરમાં ગયો' (પ્રે.કૃ. ૩:૬,૯).

વધસ્તંભે જેને જડવામાં આવ્યો હતો અને ત્યાં જ જેણે મૃત્યુ સહ્યું હતું તે દેવપુત્ર ભણી મેં દૃષ્ટિ નાખી. અને વધસ્તંભ પરનું મૃત્યુ પણ મારે બદલે હતું કે જેથી હું પાપના બંધનમાંથી, મૃત્યુના ભયમાંથી મુકત થઈ શકું. અને મેં જીવન પ્રાપ્ત કર્યું. ઓહ! મારા પ્રત્યે, એક પાપી પ્રત્યે પિતાનો આવો પ્રેમ, અકથ્ય પ્રેમ કે જેણે મારે ખાતર પોતાના પુત્રને મરવા દીધો. આ પ્રેમને પાત્ર હું નહોતી પણ એટલા માટે જ તો તેમણે તે પ્રેમ મને આપ્યો.

મારા બાળપણના પ્રારંભથી જે ખોટો ખ્યાલ મેં સેવ્યો હતો તેનાથી કેવું જૂદું આ ઈશ્વરનું સત્ય હતું! તે ખ્યાલ તો એવો હતો કે મારા વર્તમાન કે ભવિષ્યના સુખ માટે, સ્વર્ગના આનંદ માટે અથવા મોક્ષની અકલ્પ્ય ખોટનો સામનો કરવા માટે મારી પાસે પૂણ્ય હોવું જ જોઈએ. પણ આની આશા હું ન રાખી શકું. કેમ કે હિંદુ ધર્મ પ્રમાણે સ્ત્રીને સ્ત્રી તરીકે મોક્ષની આશા જ નહોતી. બ્રાહ્મણ પુરોહિતોએ સ્ત્રીઓને, શુદ્રોના અને અન્ય નીચલા વર્ણના લોકોને એમ મનાવીને છેતરવાનો પ્રયત્ન કર્યો છે કે તેમને માટે કંઈક આશા છે. પણ જ્યારે અમે પોતે જ ધાર્મિક નિયમોના પુસ્તકોનો અભ્યાસ કરીને ઉચ્ચતર તજજ્ઞો પાસેથી માહિતી પ્રાપ્ત કરીએ છીએ ત્યારે અમને જાણવા મળે છે કે અમારે માટે કશું જ નથી.

તે લોકો તો કહે છે કે સ્ત્રીઓ, શૂદ્રો અને અન્ય નિમ્ન વર્ગના લોકો પતિ અને બ્રાહ્મણની સેવા કરી સ્વર્ગ મેળવી શકે. પણ સ્વર્ગનું સુખ ઝાઝીવાર ટકતું નથી. બ્રાહ્મણને જે ચરમ શુભ કક્ષાએ મળે છે તે સ્ત્રીઓ અને નીચલા વર્ગના લોકો માટે નથી. પણ અહીં આ શુભનુંય - ખ્રિસ્તીઓનું બાઈબલ કહે છે, ‘કેમ કે આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે અધર્મીઓને સારુ ખ્રિસ્ત મરણ પામ્યો. હવે ન્યાયી માણસને સારુ ભાગ્યે જ કોઈ મરે, સારા માણસને સારુ તો કોઈએક કદાચ મરવાને પણ છાતી ચલાવે. પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. ત્યારે આપણને હમણાં તેના રકતથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, માટે તેની મારફતે દેવના કોપથી બચીશું તે કેટલું બધું ખાતરીપૂર્વક છે! કેમ કે જ્યારે આપણે શત્રુ હતા, ત્યારે જો દેવની સાથે તેના દીકરાના મરણ દ્વારા આપણો તેની સાથે મિલાપ થયો, તો મિલાપ થયા પછી આપણે તેના જીવનને લીધે બચીશું તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે’ (રૂમી. ૫:૬-૧૦).

‘દેવે પોતાના એકનાએક પુત્રને જગતમાં મોકલ્યો કે, આપણે તેનાથી જીવીએ, એ પરથી આપણા પર દેવનો પ્રેમ પ્રગટ થયો. આપણે દેવ પર પ્રેમ રાખ્યો, એમાં પ્રેમ નહિ, પણ તેણે આપણા પર પ્રેમ રાખ્યો અને પોતાના પુત્રને આપણાં પાપનું પ્રાયશ્ચિત થવા માટે મોકલ્યો, એમાં પ્રેમ છે’ (૧ યોહાન ૪:૯-૧૦).

કેવું સરસ! એવું સરસ કે અવર્ણનીય! મારા જેવી સ્ત્રી માટે, ભારતમાં બ્રાહ્મણ કુળમાં જન્મેલી સ્ત્રી માટે તો કશી જ આશા નહોતી. મારા જેવા અન્યો માટે પણ. જ્યારે બાઈબલ તો ઉદ્‌ઘોષિત કરે છે કે ખ્રિસ્તે આ મહાન તારણ કોઈ વિશિષ્ટ જ્ઞાતિ કે જાતિ માટે આરક્ષિત નથી રાખ્યું.

‘પણ જેટલાંએ તેને અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો. તેઓ લોહીથી નહિ કે, દેહની ઈચ્છાથી નહિ કે, માણસની ઈચ્છાથી નહિ પણ દેવથી જન્મ પામ્યાં’ (યોહાન ૧:૧૨-૧૩). ‘કેમ કે દેવની જે કૃપા સઘળા માણસોનું તારણ કરે છે તે પ્રગટ થઈ છે’ (તિતસ ૨:૧). ‘...પણ દેવ, આપણા તારનારની દયા તથા માણસ પરની તેની પ્રીતિ પ્રગટ થઈ. ત્યારે આપણાં પોતાના કરેલાં ન્યાયીપણાના કૃત્યોથી નહિ પણ તેની દયાથી, પુનર્જન્મના સ્નાનથી તથા પવિત્ર આત્માથી થયેલા નવીનીકરણથી તેણે આપણને તાર્યા ’ (તિતસ ૩:૪-૫).

આ તારણ, આ સનાતન જીવન પ્રાપ્ત કરવા અમુક જાતિ, અમુક જ્ઞાતિ, અમુક કાર્ય કે અમુક વ્યકિત પર આધાર રાખવાનો જ નહિ પણ ઈશ્વર કોઈનેય, અરે દરેકને, જે આપણાં પાપના પ્રાયશ્ચિત માટે તેણે મોકલેલા તેના દીકરામાં વિશ્વાસ મૂકે છે તેને ખુલ્લે હાથે

તે આપ્યું. અને આ તારણ હાથવગું - અત્યારનું જ હતું તે અંગે લગીરે શંકા નહિ. જન્મ-મરણના લાખો ફેરા ફરી હું બ્રહ્મને જાણવા બ્રાહ્મણ પુરુષ થાઉં ત્યાં સુધી રાહ જોવાની નહિ. આમ કર્યા પછી પણ આનંદ અને પ્રસન્નતાની આશા રાખવાની હતી? ના. શૂન્ય બ્રહ્મ સાથે એકરૂપ થવા સિવાય બીજું કશું જ નહોતું.

દેવપુત્ર તો કહે છે, 'હું તમને ખચીત ખચીત કહું છું કે જે મારા વચન સાંભળે છે અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે તેને અનંતજીવન છે. તે અપરાધી નહિ ઠરશે. પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે' (યોહાન ૫:૨૪).

'જો આપણે માણસની સાક્ષી માનીએ છીએ તો એ કરતાં દેવની સાક્ષી મોટી છે, કેમ કે દેવે પોતાના પુત્ર સંબંધી જે સાક્ષી આપી છે તે એ જ છે. જે દેવના પુત્ર પર વિશ્વાસ રાખે છે તેને પોતાનામાં જ તે સાક્ષી છે. જે દેવ પર વિશ્વાસ રાખતો નથી તેણે તેને જૂઠો પાડ્યો છે, કેમ કે દેવે પોતાના પુત્ર વિશે જે સાક્ષી આપી છે તે સાક્ષી પર તેણે વિશ્વાસ રાખ્યો નહિ. એ સાક્ષી એવી છે કે **દેવે આપણને અનંતજીવન આપ્યું ને આ જીવન તેના પુત્રમાં છે.** જેને દેવનો પુત્ર છે તેને જીવન છે, જેને દેવનો પુત્ર નથી તેને જીવન નથી. તમને અનંતજીવન છે એ તમે જાણો માટે તમારા ઉપર એટલે દેવના પુત્રના નામ પર વિશ્વાસ રાખનારા ઉપર મેં આ વાતો લખી છે' (૧ યોહાન ૫:૯-૧૩).

દેવના શબ્દો પરથી પવિત્ર આત્માએ મને તે સ્પષ્ટતા કરી જ કે ઈશ્વર ખ્રિસ્ત દ્વારા જે તારણ આપે છે તે અબઘડીનું જ છે, ભવિષ્યનું નથી. મેં તેમાં વિશ્વાસ મૂકયો, મને તે મળ્યું અને હું આનંદથી છલકાઈ ઊઠી.

### બીજાઓને આ કહ્યું

**સો**ળ વર્ષ પહેલાં મારા જીવનમાં નવું પાનું ઉઘડ્યું. ત્યારથી જ મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારા અંગત તારણહાર તરીકે જાણ્યા અને તેમની સાથે મીઠી સંગતનો આનંદ પણ માણ્યો. મારું જીવન આનંદથી ભર્યું ભર્યું છે. કેમ કે યાહ મારું સામર્થ્ય તથા ગીત છે ને તે મારું તારણ થયો છે (નિર્ગમન ૧૫:૨). હવે હું સમજી શકું છું કે આમ કહીને પ્રબોધક શું કહેવા માંગે છે - 'ત્યારે તમે આનંદસહિત તારણના ઝરાઓમાંથી પાણી ભરશો' (યશાયા ૧૨:૩). હું આ આનંદને ભાગ્યે જ મારા પૂરતો સંઘરી રાખી શકું. મને તો પેલી સમરૂની સ્ત્રી કે જે પોતાની ગાગર મૂકીને શહેરમાં ગઈ અને લોકોને કહે છે કે, આવો, જેટલું મેં કર્યું તે બધું જ તેણે મને કહી દેખાડ્યું તે માણસને જુઓ. તે જ ખ્રિસ્ત છે કે શું? (યોહાન ૪:૨૮,૨૯) જેવી લાગણી થઈ.

મને થયું કે મારા સાથીઓને કહેવું જોઈએ કે પ્રભુ ઈસુએ મારે માટે કેવું મહાન કાર્ય કર્યું. મારા જેવી આટલી મહાન પાપીને જો તેઓ તારી શકે તો તેઓ બીજાને પણ તારી શકે તેની મને ખાતરી છે. મારે તો એક જ વસ્તુ કરવાની છે અને તે એ ક મારે લોકોને તેમના વિષે, પાપીઓ પ્રત્યેના તેમના પ્રેમ વિષે અને તેમને તારવાની તેમની મહાન શકિતને કહેવાનું હતું.

તેથી આ વિષયને આટલો બધો અંગત બનાવવા અંગે મારા વાચકો મારો દોષ નહિ કાઢે. વ્યકિતના હૃદય અનુભવો એવા તો પવિત્ર હોય છે કે તેમને જનતા સામે ખુલ્લા ન કરી શકાય. તો પછી મારે આ રીતે તેમને શા માટે જનતાને આપવા? કારણ કે 'એમ કરવું એ મારી ફરજ છે અને જો હું સુવાર્તા પ્રગટ ન કરું તો મને અફસોસ છે' (કોરિંથી. ૯:૧૩). જેટલાં બને તેટલાં સ્ત્રીપુરુષોને કહેવાની મારી ફરજ છે કે ખ્રિસ્ત ઈસુ મારા જેવા પાપીઓનાં તારણ માટે આવ્યા હતા. તેમણે મને તારણ આપ્યું. પ્રભુનો જય હો ! 'જેઓ એમની મારફતે દેવ પાસે આવે છે તેઓને સંપૂર્ણ રીતે તારવાને સમર્થ છે, કેમ કે એ તેઓને સારુ મધ્યસ્થતા કરવાને સદાકાળ જીવતો રહે છે' (હિબ્રૂ. ૭:૨૫).

ઈશ્વરે મને મનની વ્યવહારુતા આપી છે. પ્રયોગ મારું પ્રત્યેક વસ્તુનું અરે, ધર્મનું સત્ય પણ શોધવા માગું છું. જે ધર્મમાં હું જન્મી ત્યાં

પણ મેં પ્રયોગ કર્યો. મારી જાણ પ્રમાણેનો એક પણ પ્રયત્ન મેં બાકી ન રાખ્યો. માત્ર ગ્રંથોનો અભ્યાસ જ ન કર્યો પણ તે ગ્રંથોના કથનોને આચરણમાં મૂકયા. મેં એ પણ જોયું કે બીજાઓ પણ આમ જ કરતા હતા. મેં તે પણ જોયું કે તેઓ તેમને અપાયેલા આદેશ મુજબ બધું કરતા હતા. પણ અંતની કરુણતા તો એ હતી કે તેમ કરવાથી ન તો તેમને તારણ મળ્યું, ન તો મને મારી સાકીદની આધ્યાત્મિક જરૂરિયાતે જ મને અન્ય સ્રોતોમાંથી સહાય લેવા પ્રેરી. અમારા પૂર્વજોનો ધર્મ જૂનો અને સર્વોપરી છે તેવું અભિમાન મારે છોડવું પડચું. આ અભિમાન જ મારા અનેક દેશવાસીઓને ખ્રિસ્ત પાસે આવતા રોકે છે. તેઓ સુપેરે જાણે છે કે તેમને મોક્ષ મળવાનો નથી તોય. ખ્રિસત્ વિના તેમને તારણ કયારેય નહિ મળે.

હું જાણું છું કે ઘણાં શુદ્રોને આત્માઓ છે. તેમાંના કેટલાકને તો આ અહેવાલ વાંચ્યાથી મદદ મળશે. મારા આવા ભાઈબહેનોને આગ્રહપૂર્વક હું કહું છું કે ઉતાવળ કરો, આગળ આવો અને ખ્રિસ્ત ઈસુમાં વ્યકત થયેલા ઈશ્વરના મહાન પ્રેમને સ્વીકારો. અને હિબ્રૂઓને પત્ર ૨:૧-૩ માં કહેવાયું છે તેમ દેવ દ્વારા મુકતપણે અપાતા 'આ મહાન તારણ' ની ઉપેક્ષા ન કરો.

'બીજા કોઈથી તારણ નથી, કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી' (પ્રેરિતોનાં કૃત્યો ૪:૧૨).

આથી, અભિમાન કે અન્ય મુશ્કેલીને કારણે સમય ન વેડફો. જ્ઞાતિ તમારો બહિષ્કાર કરશે, તમારાં પ્રિય સ્વજનો તમારો ત્યાગ કરશે, તમને પજવશે, તમારી ઐહિક મહત્તા અને સમૃદ્ધિ પણ તમારે કદાચ ખોવી પડે. પણ તેની ચિંતા નહિ. ખ્રિસ્તમાં વિશ્વાસ મૂકીને લોકો સમક્ષ તેમને સ્વીકારીને જે મહાન તારણ તેમનામાં તમે મેળવશો તે કદાચ તમે કરી શકો તેવા મહાન ત્યાગોથીય મૂલ્યવાન હશે. હા, અને તેનાથીય વધારે. કેમ કે સઘળી સમૃદ્ધિ, સઘળા લાભ અને દુનિયાના સઘળા આનંદો તારણના આનંદની તોલે ન આવે.

ઊલટું, જો તમને બીજા મૃત્યુની શિક્ષા થવાની જ હોય અને જેમાંથી કશો જ છૂટકારો ન હોય તેવા અવર્ણનીય દુ:ખોને સતત સહેતાં અગ્નિના સરોવરમાં જ જીવવાનું હોય તો દુનિયાની સમૃદ્ધિ અને મહત્તાનો અર્થ પણ શું!

'કેમ કે જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય? વળી માણસ પોતાનાં જીવનો શો બદલો આપશે?' (માર્ક ૮:૩૬-૩૭).

પ્રિય બંધુઓ - ભગિનીઓ, હું તમને સત્વરે ખ્રિસ્ત દ્વારા ઈશ્વર સાથે સમાધાન સાધવા આગ્રહ કરું છું, કારણ કે ચુકાદાનો દિવસ જલ્દી જલ્દી આપણી તરફ આવી રહ્યો છે. માટે ઉતાવળ કરો અને હજી હમણાં જ જે ઈશ્વરને પાત્ર આપણે બન્યા છીએ તે ઈશ્વરના કોપમાંથી બચો. ઈશ્વર એ પ્રેમ છે અને તેનું મહાન તારણ તમે સ્વીકારો તેની તે ધીરજપૂર્વક રાહ જુએ છે. દેવના ઉપકારની, સહનશીલતાની અને વિપુલ ધૈર્યની સંપત્તિને તિરસ્કારીશ નહિ અને જાણી લે કે 'દેવનો ઉપકાર તને પસ્તાવો કરવા પ્રેરે છે' (રૂમી. ૨:૪).

ખ્રિસ્તને પામ્યા પછી મારા જીવનમાં શું શું બન્યું તે બધું જો કહેવા બેસું તો એક લાંબી વાર્તા થાય. ડૉ. પેન્ટેકો સર, મિ. હસલમ, મિ. વાઈત્કર, મિ. રીપ અને અન્ય ધર્મપ્રસારકો દ્વારા સંચાલિત અને ધર્મપ્રસારક શિબિરોમાં હાજર રહેવાથી મારા આધ્યાત્મિક જીવનમાં મને ખૂબ સહાય મળી. લોનાવાલા કેમ્પ સભા ખાતે ૧૮૯૫ માં રેવ. ગેબ્સને ધર્મપ્રસારક શિબિર યોજી હતી. તેમાં હાજર રહેવાથી મને બીજું આધ્યાત્મિક ઉત્થાન મળ્યું.

મારામાં પવિત્ર આત્માની અંગત ઉપસ્થિતિના જ્ઞાનને મેં મહાન આશીર્વાદ માની તેમના દ્વારા દોરાવું અને શીખવું તે પણ મહાન આશીર્વાદ જ હતા. 'કયે માર્ગે તારે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ. મારી નજર તારા પર રાખીને હું બોધ આપીશ.' પ્રભુએ ગીતશાસ્ત્ર ૩૨:૮ માં આપેલા આ વચનનો મધુર આનંદ હું અનુભવતી હતી.

ઈશ્વરના પ્રત્યેક વચનનો સુમાર્ગ શી રીતે પ્રાપ્ત કરવો અને તેમના અવાજનું કેવી રીતે આજ્ઞાપાલન કરવું તે પવિત્ર આત્માએ મને શીખવ્યું. અનેકવાર પવિત્ર આત્માની આજ્ઞાનં પાલન કરવામાં હું નિષ્ફળ ગઈ છું તેમ કહેતાં મને દુ:ખ થાય છે. તોય તેમણે મને હળવેકથી ઠપકો આપી મને મારા દોષો દેખાડ્યાં. અનેકવાર મને અનેક માર્ગે સજા કરવાનું તેમને અત્યંત જરૂરી લાગ્યું. તેમનું તો વચન છે - 'હું ન્યાયી રૂએ તને શિક્ષા કરીશ ને ખચીત તને શિક્ષા કર્યા વગર જવા દઈશ નહિ' (યર્મિયા ૩૦:૧૧).

મારામાં અનેક નિષ્ફળતાઓ છે અને તેમને જેમ યોગ્ય લાગ્યું છે તેમ પ્રભુએ તે સુધારી છે. તેમનો હાથ બનતી પ્રત્યેક ઘટનામાં હતો તે દર્શાવવું પણ હંમેશ સહારૂપ બને છે. પછી ગણગણાટને અવકાશ નથી રહેતો. જ્યારે હું પ્રભુના અવાજને ધ્યાન આપી સંપૂર્ણ હૃદયે તેનું આજ્ઞાપાલન કરતી ત્યારે હું ખૂબ આનંદ માણતી અને બધું સૂતરેસામ થતું. અરે, વિશ્વાસની કસોટી અને મુસીબતો પણ મહાન આશીર્વાદ બની જતાં.

૧૮૯૧ થી મારી નબળાઈમાં મેં ખ્રિસ્તને સાક્ષી થતાં જોવાનો પ્રયત્ન કર્યો છે અને મને હંમેશ લાગ્યું છે કે લોકોને ખ્રિસ્તની અને પાપીઓ પ્રત્યેના તેમના મહાન પ્રેમની વાત કહેવી તે ખ્રિસ્તી જીવનનો મોટામાં મોટો આનંદ છે.

બાર વર્ષ પહેલાં મેં ત્રણ પ્રેરક પુસ્તકો વાંચ્યા - 'ધ સ્ટોરી ઑફ ધ આઈના ઈનલેન્ડ મિશન', 'લોર્ડ્ઝ ડીલીંગ વીથ જ્યોર્જ મુલર' અને 'લાઈફ ઑફ જોન જી. પેટન'. શ્રી પેટન નવા હેબ્રાઈડ્સ મિશનના પ્રસ્થાપક છે. આ ત્રણેય મહાનુભાવોના - શ્રી હડસન ટેલર, શ્રી મુલર અને શ્રી પેટનના - અનુભવોમાંથી હું ખૂબ પ્રભાવિત થઈ. આ ત્રણે થોડાં થોડાં વર્ષોને અંતરે પ્રભુ પાસે રહેવા ગયા છે. તેમના ચરિત્ર વાંચીને મને એ આશ્ચર્ય થયું કે અન્ય દેશોની જેમ ભારતમાં પણ પ્રભુ પર વિશ્વાસ મૂકવાનું કેમ શકય નથી બનતું ! મને એટલી બધી ઈચ્છા છે કે આ દેશમાં કેટલાંક 'મિશનો' (કેટલીક ધર્મપ્રસાર સંસ્થાઓ) સ્થપાય અને તે પોતાના અનુયાયીઓ પ્રત્યે પ્રભુની સન્નિષ્ઠા અને બાઈબલના કથનના સત્યની વ્યવહારુતાપૂર્વક પ્રમાણભૂતતા બને.

મારા મનમાં વારંવાર એ પ્રશ્ન ઊઠે છે કે શા માટે કેટલક ધર્મ પ્રસારકો આ દેશમાં આવી વિશ્વાસ જગાવતી ધર્મપ્રસાર સંસ્થાઓ સ્થાપવા આગળ ન આવ્યા? ત્યાં જ પ્રભુએ મને કહ્યું, 'બીજા કોઈ આવું કરે તેવી ઈચ્છા રાખવા કરતાં તું જાતે જ આની શરૂઆત કેમ નથી કરતી? કોઈ કપરી વસ્તુ, પોતે કરવાને બદલે અન્ય કોઈ કરે એવી ઈચ્છા રાખવી કોઈપણ વ્યકિત માટે કેટલી સરળ છે!' અને મારી સાથએ વાત કરતા અન્ય સ્વર દ્વારા પણ મને ખૂબ ઠપકો મળ્યો.

ત્યારે ભારતમાં આવા મિશનો હતા તેની મને ખબર નહોતી. ત્યાર પછી મને ખબર પડી કે આ દેશમાં થોડાંક મિશનો હતા. અને આ દેશમાં અહીંતહીં પથદર્શક મહાન પ્રકાશરૂપે તેમને સ્થાપવા બદલ મેં ઈશ્વરનો આભાર માન્યો.

૧૮૯૬ માં આ દેશમાં મહાદુકાળ પડ્યો. તે વર્ષના અંતમાં મને આગળ વધી નવું કામ કરવાની પ્રેરણા પ્રભુએ આપી. ઐહિક અને આધ્યાત્મિક આશીર્વાદો તો તેમના મળવાના જ હતા તેવો મેં વિશ્વાસ મૂકયો. હું સહૃદયતાપૂર્વક પ્રમાણિત કરી શકું છું કે મેં પ્રભુને હંમેશ સન્નિષ્ઠ વિશ્વસનીય જ જોયા છે. 'જે તમને આમંત્રણ આપે છે તે વિશ્વસનીય છે....' (૧ થેસ્સાલોનિકા. ૫:૨૪). આ સુવર્ણ પાઠ મારા હૃદય પર ખ્રિસ્તના જીવંત રકતથી લખાયેલો છે. પ્રભુએ મારે માટે અસંખ્ય મહાન વસ્તુઓ કરી છે. હું તેમને પ્રેમાળ મમતાને પાત્ર નથી. ગીતશાસ્ત્ર૧૦૩:૧૦ ના સત્યને - 'તે આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી. આપણાં અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી' - આ સત્યને હું પ્રમાણિત કરી શકું છું.

છેલ્લાં સોળ વર્ષથી, ખાસ કરીને મુકિત મિશનને તેમણે અસ્તિત્ત્વમાં આવ્યું તે છેલ્લા દાયકાથી પ્રભુ મને જે કંઈ શીખવી રહ્યા છે તે આ :

(૧) 'આદિકાળથી લોકોએ સાંભળ્યું નથી, કાન પર આવ્યું નથી અને વળી આંખે તારા સિવાય (એવા) કોઇ (બીજા) દેવને દીઠો નથી કે જે તેની વાટ જોનારને સારુ એવું કરે' (યશાયા ૬૪:૪).

(૨) 'કેમ કે દેવનાં વચનો ગમે તેટલાં હશે તો પણ તેનામાં હા જ છે અને અમારી મારફતે દેવનો મહિમા વધે એ માટે તેના વડે આમીન પણ છે' (૨ કોરિંથી ૧:૨૦).

(૩) '.... દેવનાં કૃપાદાન તથા તેડું રદ જાય એવાં નથી' (રૂમી. ૧૧:૨૯).

(૪) 'મારો અવિશ્વાસ દેવના વિશ્વાસુપણાને નિરર્થક નહિ જ કરે' (રૂમી. ૩:૩).

(૫) 'યહોવાનો (પ્રભુનો) મર્મ તેના ભકતો પાસે છે. તેઓને તે પોતાનો કરાર જણાવશે' (ગીતશાસ્ત્ર ૨૫:૧૪).

(૬) '.....તેના પુત્ર ઈસુનું રકત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે' (૧ યોહાન ૧:૭).

(૭) 'આ વાત વિશ્વસનીય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે, ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને સારુ જગતમાં આવ્યો, એવા પાપીઓમાં મુખ્ય હું છું' (૧ તિમોથી ૧:૧૫).

ટૂંકમાં,પ્રભુ તેમના પવિત્ર આત્મા દ્વારા તેમનો શબ્દ મને ઉપદેશી રહ્યા છે અને દિવસે દિવસે તેમના કાર્યોની અદ્ભુતતા ખોલી રહ્યા છે. ઈશ્વરના શબ્દને નિર્વિવાદપણે હું માનતી થઈ છું અને અનુભવે મને સમજાયું છે કે તે સાચો છે. મારા પણ મારા કાર્યો પર પોતાની કૃપા વરસાવવા માટે હું ઈશ્વરની સ્તુતિ કરું છું અને તેમનો આભાર માનું છું.

જ્યારથી વિશ્વાસપૂર્વક મને આગળ આવવાનું પ્રભુએ કહ્યું અને મેં તે માન્યું ત્યારથી હું ખૂબ પ્રસન્ન છું. પ્રત્યેક વસ્તુ માટે - આધ્યાત્મિક જીવન માટે, શરીરના સ્વાસ્થ્ય માટે, સલાહ માટે, ખોરાક, પાણી, વસ્ત્રો અને જીવનની સઘળી જરૂરિયાતો માટે તેમનું જ અવલંબન સ્વીકારવું. ફિલિપીઓને લખેલા પત્રામાં ચોથા અધ્યાયની છઠ્ઠી કલમમાં અને પવિત્ર શાસ્ત્રમાં અન્યત્ર ઈશ્વરે આપેલા વચનો સાચાં છે તે અનુભવે પ્રમાણવું તે મોટી શુભ ઘટના છે.

'કશાની ચિંતા ન કરો, પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો' (ફિલિપી. ૪:૬).

'તને મિસર દેશમાંથી કાઢી લાવનાર તારો દેવ પ્રભુ હું છું. તારું મુખ ઉઘાડ એટલે તે હું ભરીશ' (ગીતશાસ્ત્ર ૮૧:૧૦).

'માણસ પર ભરોસો રાખવા કરતાં પ્રભુ પર આધાર રાખવો સારો છે. રાજાઓ પર ભરોસો રાખવા કરતાં પ્રભુ પર આધાર રાખવો સારો છે' (ગીતશાસ્ત્ર ૧૧૮:૮,૯).

પ્રભુ પર મારો બોજ નાખીને હું સઘળી વ્યથા અને ચિંતામાંથી મુકત બની છું. અહીં લગભગ ૧૫૦૦ લોકો રહે છે. અમે ધનિક નથી, મહાન નથી, પણ અમે સુખી છીએ. અમને રોજની રોટલી સ્વર્ગીય પિતાના પ્રેમાળ હાથ દ્વારા સીધી મળી રહે છે. અમારી દૈનિક જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત એક પૈસો પણ નહિ. કયાંય અમારું બેન્કમાં ખાતું નથી. કોઈપણ સ્ત્રોતમાંથી કોઈ સંપત્તિ કે આવક નથી. અમારા ઈશ્વરપિતા પર જ અમારો આધાર છે. અમારે કોઈનો ભય નથી, અમારે કશું ખોવાનું નથી અને કશા માટે પસ્તાવાનું નથી. પ્રભુ અમારો અખૂટ ખજાનો છે.

'સનાતન દેવ તે તારું રહેઠાણ છે અને નીચે અનંત ભૂજો છે' (પુનર્નિયમ ૩૩:૨૭). અમે વિશ્વાસપૂર્વક તેમના હાથમાં વિરામ કરીએ

છીએ, અને અમારી સાથેના તેમના સઘળા વ્યવહારોમાં તે પ્રેમાળ અને વિશ્વસનીય છે. આવા પિતા પ્રત્યે હું કયા શબ્દોમાં મારી કૃતજ્ઞતા વ્યકત કરી શકું? અને સાથે સાથે તેમની માયાળુતાને કારણે મારા હૃદયમાં છલકાતો આનંદ પણ?

'હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, મારા ખરા અંતઃકરણ, તેના પવિત્ર નામને સ્તુત્ય માન. રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા. તે તારાં સઘળાં પાપ માફ કરે છે અને તારા સર્વ રોગ મટાડે છે. તે તારો જીવ નાશથી બચાવે છે અને તેને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે, જેથી ગરુડની પેઠે તારી જુવાની તાજી કરાય' (ગીતશાસ્ત્ર ૧૩૧:૧-૫).

## મુંબઇ - મુક્તિમિશનની - તારણની સંસ્થાની - સ્થાપના

**ભા**રતની મહિલાઓના કલ્યાણમાં ઊંડો રસ લેતાં કેટલાક સુમિત્રોના પ્રેમભર્યા આમંત્રણના પ્રતિભાવમાં હું ઓગણીસ વર્ષ પહેલાં, જુલાઇ મહિનામાં ફિલાડેલ્ફિયાથી સાન ફ્રાન્સિસ્કો ગઇ. ત્યાં હું ચારથી વધુ મહિના રહી. અને પછી જાપાન અને ચીન થઇ મુંબઇ આવવા હું ગોલ્ડન ગેટથી સ્ટીમરમાં ઊપડી.

ઈશ્વરની મહાન મમતાને કારણે મને અમેરિકામાં કેટલાક વિશ્વસનીય અને સાચા મિત્રો મળ્યા. તેમણે મારાં કાર્યમાં સહાય કરવાનું વચન આપ્યું હતું. પ્રારંભમાં તો મારું કામ નર્યું શૈક્ષણિક જ હતું અને મારી શાળાના અંતેવાસીઓને ધાર્મિક સ્વાતંત્ર્ય આપવાનું હતું. અને જેવી હું મુંબઇ ઊતરું કે તરત જ વિધવાઓ માટેની સંસ્થા શરૂ કરવાની બધી યોજનાઓ તૈયાર કરાઇ હતી.

સાન ફ્રાન્સિસ્કોથી ઊપડવાનો દિવસ આવ્યો. મને લાગ્યું કે હું અપરિચિત દેશમાં અને અપરિચિત લોકો પાસે જઇ રહી છું. મારી સામે બધઉં જ અંધકારમય લાગ્યું. હું ઘૂંટણિયે પડી, આપણા પ્રેમાળ સ્વર્ગીય પિતાની કાળજીને મારી જાત સોંપી દીધી અને સ્ટીમરમાં ઊપડી.

તે વખતે મારી ધાર્મિક માન્યતાઓ એટલી તો અસ્પષ્ટ હતી કે મારા મૃત્યુ પછી હું સ્વર્ગમાં જઇશ કે નર્કમાં તે અંગે પણ હું ચોક્કસ નહોતી. ત્યારે હું મારા ઈશ્વરને મળવા તૈયાર નહોતી. ભયંકર ભૂકંપ દ્વારા સાન ફ્રાન્સિસ્કોની તારાજી અંગે તથા હજી હમણાં જ હોંગકોંગ બંદરે થયેલા માનવ વિનાશ અંગે મેં સાંભળ્યું ત્યારની મારી લાગણીને હું કેમ વર્ણવી શકું? હું જ્યારે તેને મળવા તત્પર નહોતી ત્યારે ભયંકર ભૂકંપ તથા ભીષણ તોફાનો ન મોકલીને મને આટલાં વર્ષો જીવવા દીધી છે માટે હું ઈશ્વરનો કેવી રીતે આભાર માનું ? આ બંને સ્થળોએ રહેતા લોકોને તેમની વિપત્તિમાં હું સહાનુભૂતિ પાઠવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે સાન ફ્રાન્સિસ્કો અને હોંગકોંગમાં જીવતા રહેલા સહુને તે બચાવે.

સાન ફ્રાન્સિસ્કોથી ઊપડી મુંબઇ પહોંચતાં જ મેં મનમાં નિર્ણય કર્યો કે મારા નિવાસના મીશનના અંતેવાસીઓને કોઇપણ સીધો ધાર્મિક ઉપદેશ નહિ આપું. પણ તોય હું બાઇબલ ઊંચા સાદે વાંચીશ અને ખ્રિસ્તને નામે માત્ર સાચા ઈશ્વરને પ્રાર્થીશ કે જે કંઇ બને છે તે નીરખતી, સાંભળતી મારા દેશની સ્ત્રીઓ સાચા ઈશ્વર તથા તારણના માર્ગની માહિતી પ્રાપ્ત કરવા દોરાય.

અઢાર વર્ષ પહેલાં જ્યારે મારી શાળાનો પ્રારંભ થયો ત્યારે તેમાં દિવસે આવનાર માત્ર બે જ વિદ્યાર્થીઓ હતા. કોઇને ખ્રિસ્તી થવાનો આગ્રહ ન કરાયો કેબાઇબલનો અભ્યાસ કરવાની કોઇને ફરજ ન પડાઇ. પણ અન્ય ધાર્મિક ગ્રંથો સાથે તે ગ્રંથ પણ પુસ્તકાલયમાં રખાયો હતો. સાચા ઈશ્વરની ભલાઇનું રોજિંદુ પ્રમાણ મારા હૃદયમાં નવા વિચારો પ્રગટાવતું હતું.

અમારી શાળાને દસ વર્ષ થયા પછી બંધારણમાં સહેજ ફેરફાર કરાયો. ત્યારથી શાળામાં પ્રવેશતા પ્રત્યેક વિદ્યાર્થીને ધાર્મિક બોધ અપાતો - અલબત્ત તેમના આત્માની સ્વતંત્રતા જાળવીને.

મારા હોમ - નિવાસના બારણાં ખુલ્લા મૂકાયા પછી તેમાં પ્રવેશેલી સેંકડો છોકરીઓ અને યુવતીઓ મારી જેમ જ ખ્રિસ્તને પામી. તેઓ ખુદ વિચાર કરવા સમર્થ હતી. ઈશ્વરનો શબ્દ વાંચીને તેમની આંખો ખૂલી અને તેમાંની મોટાભાગનીનું તો ખરેખર હૃદયાંતર થયું. અને ઈશ્વરનો મહિમા તથા સ્તુતિ કરવાને કારણે તેઓ તારણને પામી. મારી સેંકડો બહેનો, જેમને હું ચાહતી હતી અને જેમને માટે પ્રાર્થના કરતી હતી તેવા મારાં સંતાનોનું તારણ ભવ્યતાથી થયું તે માટે હું ઈશ્વરનો આભાર માનું છું. આપણે માટે સતત પ્રાર્થના કરતા, સર્વ દેશમાંથી ઈશ્વરના હજારો વિશ્વસનીય સેવકોની વિશ્વાસભરી પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં ઈશ્વરે આ બધું કર્યું.

૧૯૦૫ ની શરૂઆતમાં ઈશ્વરે મને ખાસ પ્રાર્થનાવર્તુળ શરૂ કરવાની પ્રેરણા આપી. અમે લગભગ ૭૦ જણ રોજ સવારે મળતા અને અમારાસહિત સહુ ભારતીય ખ્રિસ્તીઓના સાચા હૃદયાંતર માટે તથા સર્વ દેશોના સઘળા ખ્રિસ્તીઓ પર પવિત્ર આત્માને રેડવા માટે પ્રાર્થના કરતાં. આવી પ્રાર્થના શરૂ કર્યાના છ મહિનામાં જ ઈશ્વરે કૃપા કરીને અમારામાં તેમજ આ દેશની ઘણી શાળાઓ તથા ઘણાં દેવળોમાં પુનઃજાગૃતિ અર્થે ભવ્ય પવિત્ર આત્માને મોકલ્યા. આનું પરિણામ સંતોષજનક આવ્યું. અમારી સેંકડો છોકરીઓ અને કેટલાક અમારા છોકરાઓનું ભવ્યતાપૂર્વક તારણ થયું. અને તેમાંના ઘણા ઘરે કે અન્ય સ્થળોએ ઈશ્વરની સેવા કરી ખ્રિસ્તની સાક્ષી અનુભવે છે.

'મારું પારખું તો કરી જુઓ' (માલાખી ૩:૧૦). ઈશ્વરના આ પડકારને મેં ઝીલ્યો અને મેં તેમને વિશ્વસનીય અને સાચા જાણ્યા. હું જાણું છું કે તે પ્રાર્થનાને સાંભળતા અને પ્રાર્થનાનો ઉત્તર આપતા ઈશ્વર છે. તેમનું વચન છે, 'મારા લોક કદી લજ્જિત થશે નહિ' (યોએલ ૨-૨૬). અને તેમના હજારો વચનો સાચાં છે મારા પાઠકો ! મેં જેમ ઈશ્વરને પુરવાર કર્યા તેમ તમે પણ કરો તેવી હું તમને વિનંતી કરું છું.

'અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે. જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે. યહોવાના સંતો, તેનું ભય રાખો, કેમ કે તેનું ભય રાખનારાને કંઈ ખોટ પડતી નથી. સિંહના બચ્ચાંને તંગી પડે છે ને ભૂખ વેઠવી પડે છે, પણ જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈપણ સારા વાનાની અછત હોશે નહિ' (ગીતશાસ્ત્ર ૩૪:૮-૧૦).

'યહોવાનો આભાર માનો કેમ કે તે ઉત્તમ છે. તેની કૃપા સદાકાળ ટકે છે. એ પ્રમાણે પ્રભુના છોડાવેલાઓએ બોલવું, એટલે જેઓને તેણે શત્રુના હાથમાંથી છોડાવ્યા અને દેશેદેશથી એટલે પૂર્વથી તથા પશ્ચિમથી, ઉત્તરથી તથા દક્ષિણથી તેઓને એકઠા કર્યા. અરણ્યમાં તેઓ ઉજ્જડ માર્ગે ભટકયા, તેઓને વસવાનું શહેર મળ્યું નહિ. ભૂખ્યા તથા તરસ્યા થવાથી તેઓના પ્રાણ આકુળવ્યાકુળ થઈ ગયા. પોતાના સંકટમાં તેઓએ યહોવાને પોકાર્યો એટલે તેણે તેઓને દુ:ખમાંથી છોડાવ્યા. તેણે તેઓને સીધે માર્ગે દોર્યા કે તેઓ વસવાલાયક નગરે પહોંચે. આ તેની કૃપા તથા માણસજાતને સારુ તેનાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો યહોવાની સ્તુતિ કરે તો કેવું સારું ! કેમ કે તરસ્યા જીવને તે સંતોષ પમાડે છે અને ભૂખ્યા આત્માને ઉત્તમ વાનાંથી તૃપ્ત કરે છે' (ગીતશાસ્ત્ર ૧૦૭:૧-૯).

### ભવ્ય નવી આશા

**શ**બ્દશ: આ મારામાં અને મારાઓમાં સંતોષાયું. અમારે માટે જેમણે મહાન કાર્યો કર્યાં છે તે પ્રભુની હું સ્તુતિ કરું છું.

મારાં હૃદયાંતર પછી જે મૂલ્યવાન સત્ય મને લાધ્યું તે છે પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનનું. બાઈબલમાં કહ્યું છે તેમ હું દૃઢતાપૂર્વક માનું છું કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સત્વરે આવી રહ્યા છે. તે ચોક્કસ આવશે અને વાર નહિ કરે. છેલ્લા દસકાના લક્ષણોએ મને તેમની રાહ જોતાં શીખવ્યું છે. આ વિષયથી હું સાવ અજ્ઞાત હતી. આ દેશમાં સામાન્યત: તે શીખવાડાતનું નથી. કેટલાક હોદ્દાધારી ધર્મપ્રસારકો

તેમાં લગીર પણ માનતા નથી. તેઓ એમ માને છે કે અંતિમ ચુકાદાના સમયે જીવતા તથા મરેલાઓનો ન્યાય તોળવા ખ્રિસ્ત આવશે, પણ તે જરાય વિચારતા નથી કે મરેલાઓના પુનરુત્થાન પહેલાં તથા અંતિમ ચુકાદા પહેલાં તે તેમના સેવકો માટે આવશે.

સૌ પહેલાં મેં આ કેવી રીતે જાણ્યું તે મને યાદ નથી. પણ મારા હૃદયાંતર પછી હું આ વિષય પર અનેક પુસ્તકો વાંચવા માંડી. સર્વશ્રી મિડલરન, ન્યુબેરા, ડૉ. ગ્રેટ્ટાન ગીનનેસ તથા અન્યના પુસ્તકોએ મારા મનમાં આ વિષય સ્થિર કરવામાં ઘણી સહાય કરી. પ્રકટીકરણના ગ્રંથ ખૂબ રસ તથા આધ્યાત્મિક લાભ પામતાં મેં વાંચ્યા અને હજી પણ વાંચું છું. સંત સ્રીપુરુષોએ લખેલાં અન્ય સારા પુસ્તકો મને સહાયરૂપ બને છે એ રીતે કે તે આ વિષયને વિશેષ રસનો બનાવી તેના અભ્યાસ માટેની ઈચ્છા જગાવે છે. પરંતુ સારી સૂચિ તથા 'ટ્રેઝરી ઑફ સ્ક્રીપ્ચરલ નોલેજ' ની સહાયથી સ્વયં બાઈબલના અભ્યાસથી કોઈ વધારે મોટી સહાય નથી.

પોતાના મુકત કરાયેલાને પોતાની સાથે લઈ જવા તારણહારના આવવાની આશા મારા ખ્રિસ્તી જીવનમાં ખૂબ સહાયભૂત બની. પુનરાગમનના તેમના મહાન વચન બદલ તથા જાગતા રહો અને પ્રાર્થના કરો તેવી સલાહ આપવા બદલ હું પ્રભુની સ્તુતિ કરું છું.

'જાગતા રહો, કેમ કે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે' (માથ્થી ૨૪:૪૨).

'સાવધાન રહો, જાગતા રહીને પ્રાર્થના કરો, કેમ કે તે સમય કયારે આવશે તે તમે જાણતા નથી' (માર્ક ૧૩:૩૩).

## ગવર્નરની ઓચિંતી - અણધારી મુલાકાત

**આ** દિવસો દરમ્યાન, એક દિવસ હું મારા બપોરના કામ માટે તૈયાર થતી હતી, ત્યારે મારા સાથી કાર્યકરો ઓફિસના બારણાં પાસે આવીને ઊભા. તેમની પાછળ પૂનાના કલેકટર પણ આવ્યા. બંનેએ મને જણાવ્યું કે મુંબઈના નામદાર ગવર્નરશ્રી 'મુકિત' ની મુલાકાતે આવ્યા છે. મને આશ્ચર્ય થયું, કારણ કે મેં કયારેય વિચાર્યું નહોતું કે આવા અસાધારણ સ્થળે ગવર્નરશ્રી આવે અને દેશના મહાપુરુષોની કૃપા પ્રાપ્ત કરી જેણે મહાન સિદ્ધિઓથી લોકપ્રિયતા મેળવી નથી એવી આ સાદી સંસ્થાની મુલાકાત લે. સ્વાભાવિક સરળતાથી ગવર્નરશ્રી આવ્યા અને મને સંપૂર્ણ આનંદ થયો. જો કે તે ગૌરવશીલ અને ભવ્ય હતા.

આ પ્રાંતની મોટામાં મોટી વ્યકિત પોતાની નજર તળે આવતી પ્રત્યેક વ્યકિતનું ધ્યાન રાખે અને કાર્ય અંગે નાનામાં નાની વિગત પૂછે તે સાચે જ આનંદની વાત હતી. અહીં શું ચાલી રહ્યું છે તેનાથી તે સુપરિચિત હતા. 'મિશન' ની સઘળી પ્રવૃત્તિ નીરખી, અમારી વિદાય લઈ તે ચાલ્યા ગયા. તે સુખદ આશ્ચર્ય હતું અને અમે તેમની મુલાકાત અને અમારા સહુ પ્રત્યેની માયાળુતા કયારેય નહિ ભૂલીએ.

તેમની મુલાકાતની અમને જાણ નહોતી એટલે અમે તેમના સ્વાગતની કોઈ તૈયારી કરી નહોતી. એટલે અમે જેવા હતા તેવા તેમણે અમને જોયા. કોઈ ત્યારે ચાલતા'તા, કોઈ હતા ત્યાંને ત્યાં આળસુ થઈ બેઠાં'તા, કોઈ તેમના કામ યોગ્ય રીતે કરતાં'તા. કોઈ જમીન સાફ કરતાં'તા તો કોઈ બીજાં ઘરકામ કરતાં'તા. કોઈએ સુઘડ અને વ્યવસ્થિત કપડાં પહેર્યાં'તા તો કોઈ ઓઘડાળા વાળ સાથે લઘરવઘર કપડામાં હતા. કોઈ પોતાના પાઠ ઉદ્યમ રીતે તૈયાર કરતા હતા તો કોઈ શૂન્યમનસ્કપણે હવાને નીરખી રહી કશું જ વિચારતાં નહોતા.

આ રીતે આશ્ચર્યપૂર્વક ઝડપવામાં પણ લાભ થાય છે. ગવર્નરશ્રી અહીં હતા ત્યારે અમારાં મન પર ખૂબ સરસ છાપ મૂકીને તેમના ગયા પછીય એક મહાન વિચાર મારા હૃદયને સભર કરી ગયો કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પણ કોઈક દિવસ આ રીતે જ આવશે અને આપણામાંના જેઓ તેમને મળવા તૈયાર હશે તેમને તેમની સાથે લઈ જવાનો આનંદ પ્રાપ્ત થશે. બીવા જેવું કશુંક ન હોવાની અથવા તો કશુંક દુશ્મનનું ન હોવાની કેવી ધન્યતા હશે ! આપણા બડભાગી તારણહારને નિહાળી આ ઉદ્ગારવા સમર્થ બન્યાની કેવી ધન્યતા હશે કે 'આ જગતનો અધિકારી આવે છે અને મારામાં તેનું કંઈ નથી' (યોહાન ૧૪:૩૦).

'કેમ કે દેવની જે કૃપા સઘળાં માણસોનું તારણ કરે છે તે પ્રગટ થઇ છે; તેથી આપણને એવું શિક્ષણ મળે છે કે, અધર્મ તથઆ વિષયવાસનાનો ત્યાગ કરીને હાલના જમાનામાં ઠાવકાઈથી, પ્રામાણિકપણે તથા ભકિતભાવ રાખીને વર્તવું; અને ધન્ય આશાપ્રાપ્તિની ઘડીની અને મહાન દેવ તથા આપણા તારનાર ઈસુ ખ્રિસ્તના મહિમાના પ્રગટ થવાની વાટ જોવી; તેણે આપણે સારુ પોતાનું સ્વાર્પણ કર્યું કે, જેથી સર્વ અન્યાયથી તે આપણો ઉદ્ધાર કરે, અને આપણને પવિત્ર કરીને પોતાને સારુ ખાસ પ્રજા તથા સર્વ સારાં કામ કરવાને આતુર એવા લોક તૈયાર કરે' (તિતસ ૨:૧૧-૧૪).

## પ્રેમાળ આમંત્રણ

**પ્ર**ભુએ મારે માટે જે કર્યું તે બધું જ હું લખું, અરે તે લખવાનું જેટલું સામર્થ્ય મારી પાસે હોય તેટલુંય લખું તો પુસ્તક એટલું મોટું થઇ જાય કે વાચક તે વાંચી ન શકે. એટલે મારા આધ્યાત્મિક અનુભવને શકય તેટલો ટૂંકો નિરૂપવાનો મેં પ્રયત્ન કર્યો છે. પ્રભુએ મારા પ્રત્યે જે ભલાઇ દર્શાવી તેનું પ્રમાણ આપવા મને સમર્થ બનાવી તે બદલ હું પ્રભુની અત્યંત આભારી છું અને પ્રસન્ન પણ છું. મારા દેશની સ્ત્રીઓ અને મારા દેશવાસીઓને પણ મહાન આધ્યાત્મિક જરૂરિયાતો કેવી છે તેનો ખ્યાલ મારા વાચકોને ભાગ્યે જ આવશે. આ દેસના લોકો પાપમાં ખૂંપ્યા છે અને ભયંકર અંધારામાં બેઠા છે. તેમના પસંદગીના અનુયાયીઓ દ્વારા પ્રકાશના પિતા તેમને પ્રકાશ અને જીવન પહોંચાડે. સર્વ લોકોને મુકતપણે અપાયેલી ખ્રિસ્તની સાક્ષી અને તેમના મહાન તારણની આપણને જરૂર છે.

પ્રિય ભાઇઓ અને બહેનો, જે કોઇ મારું આ પ્રમાણ વાંચે, તે સહુ આ દેશના મારા લોકોને ઈસુ ખ્રિસ્તની સુવાર્તા આપવાની જવાબદારી સમજે ને તેમને માટે પ્રાર્થના કરે કે જેથી તેઓ તેમની સર્વ પ્રકારની ગંદકીમાંથી સ્વચ્છ બને, તેમની સઘળી મૂર્તિઓમાંથી મુકત બને કે જેથી તેમને તેમના તારણનો માર્ગ મળે.

જેઓને હજી તારણ નથી મળ્યું તેવા વાચકો માટે મારી એટલી જ પ્રાર્થના છે કે તેમના આત્માના તારણ માટે તેઓ ખ્રિસ્ત ઈસુને, આપણા કૃપાળુ તારણહારને શોધે ને પામે.

'પણ આપણી નાગરિકતા આકાશમાં છે; ત્યાંથી પણ આપણે તારનારની, એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની, રાહ જોઈએ છીએ' (ફિલિપ્પી. ૩:૨૦).

'....જેણે આપણા પર પ્રેમ રાખ્યો, અને પોતાના રકત વડે આપણને આપણાં પાપથી મુકત કર્યા; અને દેવ એટલે પોતાના પિતાને સારુ આપણને યાજકોનું રાજ્ય બનાવ્યું; તેને મહિમા તથા અધિકાર સદાસર્વકાળ હોજો. આમીન' (પ્રકટીકરણ ૧:૫-૬).

માર્ચ ૧૯૦૭

## પંડિતા રમાબાઇ

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

કર્મથી કૃપા તરફ

# હિંદુ ધર્મશાસ્ત્ર અને ઈશ્વરના ગુણધર્મો

## અ. 'હું ઈશ્વરમાં વિશ્વાસ મૂકું છું.'

### ૧. 'હું ઈશ્વરમાં વિશ્વાસ મૂકું છું' - સૈદ્ધાંતિક સત્યના નિવેદનો

પ્રેષિતોનું શ્રધ્ધાનિવેદન આ સમર્થ અને હકારાત્મક નિવેદનથી - 'હું ઈશ્વરમાં માનું છું' તે નિવેદનથી પ્રારંભાય છે અને આ નિવેદનના પ્રારંભના શબ્દો કરતાં અન્ય બહુ અલ્પ નિવેદનો ખ્રિસ્તીઓને પરિચિત છે. નિવેદન 'હું માનું છું' એ ાવતનું પ્રતિબિંબ પાડે છે કે ઈશ્વરે કેટલાક પરલક્ષી સત્યો આપણી સામે પ્રગટ કર્યા છે કે એકરાર કરતી મંડળી દ્વારા જાણી શકાય, સૂત્રરૂપે રજૂ કરી શકાય અને બોલી શકાય, 'હું માનું છું' તે અભિવ્યક્તિ ખ્રિસ્તી પ્રકટીકરણના તત્ત્વને પ્રતિબિંબિત કરવા સ્પષ્ટ સિદ્ધાંતોમાં કહેવાયેલા ધર્મશાસ્ત્રીય સાચાં નિવેદનોનાં સમગ્ર સ્તરનું એકરાર પૂરતું દ્વાર ખુલ્લું કરે છે.

#### (અ) સૂત્રાત્મક ધર્મશાસ્ત્ર - 'નેતિ-નેતિ'

પરંપરાગત રીતે, હિંદુ ધર્મશાસ્ત્રીઓ (પૌર્વાત્ય ખ્રિસ્તી ધર્મ સમેતના પૌર્વાત્ય ધર્મોના અનેક ધર્મશાસ્ત્રીઓ સહિત) વિધાયક રીતે અભિવ્યકત થયેલા સૈદ્ધાંતિક સત્યના નિવેદનોથી અસ્વસ્થ છે. તેને બદલે આખરી સત્યના નિવેદનો પરોક્ષપણે કે સૂત્રાત્મક રીતે બોલાય છે. એટલે કે ઈશ્વરની પ્રકૃતિ અંગે ચોક્કસ નિવેદન અથવા તો સ્પષ્ટ નિશ્ચિત વિધાન કરવાને બદલે તેઓ નકારાત્મક રીતે બોલે છે. હિંદુ પરંપરામાં, પરમ સત્ય (જે હિંદુ ધર્મમાં બ્રહ્મન્ તરીકે ઓળખાય છે) અંગેનું એક અતિપ્રસિદ્ધ વચન ઉપનિષદોમાં જોવા મળે છે. તે સૂત્ર છે - *"નેતિ,નેતિ"*. તેનો અર્થ થાય - 'આ નહિ, આ નહિ.' (૧) આ અભિવ્યક્તિ દ્વારા એમ કહેવું છે કે વ્યકિત બ્રહ્મન્ અંગે પ્રત્યક્ષ ન બોલી શકે. કોઈપણ વિધાયક નિવેદનને *"નેતિ,નેતિ"* - આ નહિ, આ નહિ ટાંકવામાં આવે. તે જ રીતે તેમનાં ત્યાર પછીનાં ધર્મસૂત્રો પણ વધુ રૂપકાત્મક છે. પશ્ચિમના પદ્ધતિસરના ધર્મસૂત્રો અને સૈદ્ધાંતિક સત્યનાં નિવેદનો કરતાં ઓછા ચોક્કસ છે. શંકરાચાર્ય અને રામાનુજ બંનેના ચિંતનાત્મક અને ધર્મશાસ્ત્રીય લખાણોમાંથી આનાં સ્પષ્ટ ઉદાહરણો મળી શકે. આ બંને લેખકો કે જેમને ઉપનિષદોના મહાનમાં મહાન ધર્મશાસ્ત્રીઓ તરીકે વ્યાપકપણે માનવામાં આવે છે, ભારતીય પરંપરામાં જેમને વેદાંતીઓ ગણવામાં આવે છે, તે બંને ઈશ્વર અંગે સૂત્રાત્મક-નકારાત્મક વાણી ઉચ્ચારે છે. તેઓ કોઈ હકારાત્મક સૈદ્ધાંતિક નિશ્ચિત વિધાન કરતા નથી.

અલબત્ત, તેમના દૃષ્ટિબિંદુએ આ ચોક્કસતાની ઊણપ ધર્મશાસ્ત્રીય અવ્યવસ્થિતતાને કારણે નથી, પણ રહસ્ય જાળવવાની ઈચ્છાને કારણે છે. ઈશ્વરની પ્રકૃતિના મહાન રહસ્યની પડખે સૈદ્ધાંતિક સત્યો રચાયાં છે. આ અંગે ઉત્તર ભારતના ગંગાના મેદાનોમાંથી

ઊઠતાં ધર્મસૂત્રો, કયારેક તો ઉત્તર આફ્રિકાની ઉષ્ણ રેતીમાં, રેતાળ પ્રદેશના ગુરુઓ દ્વારા ઊઠતાં ધર્મસૂત્રો જેવાં જ લાગે છે. સાક્ષાત્કાર કયારેય આબેહૂબ અને ચોક્કસ નથી હોતો. તે માત્ર યોગ્ અને સામાન્ય હોય છે. સાક્ષાત્કાર હકીકતોના નિવેદનો કરતાં નથી. તે માત્ર રહસ્યમયતાનો જ નિર્દેશ કરે છે.

### (બ) અરુંધતીનો અર્થઘટનાત્મક સિદ્ધાંત - 'તારાને નિર્દેશવો.'

હિંદુ ધર્મના લખાણોની સૂત્રાત્મક લાક્ષણિકતાને *અરુંધતી* તરીકે જાણીતા ભારતીય અર્થઘટનાત્મક સિદ્ધાંત જેવા સંબંધિત સિદ્ધાંતનો પણ સહકાર છે. *અરુંધતી* એક એવો અર્થઘટનાત્મક સિદ્ધાંત છે કે જ્યારે ઈશ્વર અંગેના સત્ય નિવેદનો કરવાનો પ્રસંગ આવે ત્યારે તેમને પ્રત્યક્ષ - અરે, સૈદ્ધાંતિક લાગે તેવા ઈશ્વર અને વિશ્વ અંગેના નિવેદનો કરવાની છૂટ આપે છે અને તેય તેમના નેતિ-નેતિ સૂત્રને વળગી રહીને. આ *અરુંધતી* તરીકે જાણીતો થયેલો સિદ્ધાંત વધુ લોકપ્રિય રીતે 'તારાને નિર્દેશવો' તરીકે ઓળખાય છે. *અરુંધતી* ખરેખર તો સપ્તર્ષિ મંડળમાં આવેલા એક અતિ ઝાંખા તારાનું ભારતીય નામ છે. તે તારો એટલો તો ઝાંખો છે કે સામાન્ય નિરીક્ષકને તે જોવો દુષ્કર બને, તે તારો જોવો સાવ અશકય પણ બને. એટલે, પરંપરાગત રીતે, કોઈક ભારતીય સૌ પ્રથમ તમને *અરુંધતી* ના પરિસરમાં આવેલો તેજસ્વી તારો નિર્દેશી ઝાંખો તારો શોધવામાં સહાય કરે. તેજસ્વી તારાઓ પાસે છે, પણ ચોક્કસ નથી અને ઝાંખા તારાનો પરિસર સાચા તારાના 'નિર્દેશકો' તરીકે ઉપયોગી થઈ શકે. (૨) આ ભારતીય સૂત્રાત્મકતાનું એક ઉદાહરણ બની ગયું છે. શંકરાચાર્ય અને રામાનુજ જેવા ભારતીય ધર્મશાસ્ત્રીઓનાં નિવેદનોને ઘણીવાર પશ્ચિમમાં સૈદ્ધાંતિક ચોકસાઈ તરીકે સ્વીકારવામાં આવે છે. પરંતુ, હકીકતમાં તો તેઓ ન જોડી શકાય એવા રહસ્યની અનેક લક્ષણોનો નિર્દેશ કરે છે. આને પરિણામે ઈશ્વરવાદ અંગેના હિંદુધર્મના ખરેખરા બોધ અંગે પશ્ચિમના અનેક લેખકોએ કંઈક અંશે મહત્ત્વની ગેરસમજણો ઊભી કરી છે.

આમ, જ્યારે હિંદુધર્મશાસ્ત્રી એમ કહે કે, 'હું વિશ્વાસ મૂકું છું' ત્યારે તે કે તેણી પરમ સત્યને સમાવતા સૈદ્ધાંતિક સત્યનું નિવેદન ખરેખર કરતા નથી. પણ માત્ર સત્યનો નિર્દેશ કરે છે અથવા સત્યની દિશાનો નિર્દેશ કરે છે, જે સત્ય વ્યાખ્યા પ્રમાણે રહસ્યથી વીંટળાયેલું છે.

## ૨. 'ઈશ્વરમાં'

### (અ) ઈશ્વરવાદ અને ભારતીય સંદર્ભમાં ઈશ્વરવાદ

#### 'એક' અને 'અનેક'

ભારતમાં એક પ્રસિદ્ધ કથા છે. એક હિંદુ અંગેની કે જેણે આખી જિંદગી ઈશ્વરવાદને લગતી ગણતરી કરવા સમગ્ર ભારતમાં પ્રવાસ કર્યો. તે ગામડે ગામડે, ઘેરેઘેર, ધંધા ધંધાએ અને જ્ઞાતિ જ્ઞાતિએ ફર્યો અને પ્રત્યેક સ્થળે તેણે પૃચ્છા કરી કે એ લોકો કયા દેવોને પૂજે છે. ભારતમાં, સમગ્ર રાષ્ટ્રે સ્વીકારી લીધેલા *વિષ્ણુ* તથા *શિવ* જેવા મહાન દેવોની ઉપાસના સમગ્ર રાષ્ટ્રમાં થાય છે. તદુપરાંત પ્રત્યેક કબીલો, પ્રત્યેક વ્યવસાય, પ્રત્યેક જાતિ તેમના પોતાના દેવોને પૂજે છે ને તેમનાથી ડરે છે. એટલે આ માણસ આખા દેશમાં ફર્યો અને પૂજાતા બધા દેવોની નોંધ કરી દીધી. પરંપરા તો એમ કહે છે કે છેવટે તેણે એક મહાન પુસ્તકમાં નોંધ કરી તે દેવોની સંખ્યા લગભગ ૩૩ કરોડ જેટલી હતી. તે પ્રવાસી અંતે જ્યારે પાછો ફર્યો ત્યારે થાકી ગયો હતો. તેને ૯૩ મા

વર્ષે તેના પુસ્તકમાંના દેવોની સંખ્યા ગણવાનું કહેવામાં આવ્યું. તેને આ દેવોની ગણતરી કરતાં સાત વર્ષ લાગ્યા. અંતે તેણે પુસ્તકને અંતે દેવોની કુલ સંખ્યા લખી - એક. 'ભારતમાં એક ઈશ્વરની ઉપાસના થાય છે.'(૩)

ટૂંકમાં, આ કથા હિંદુ ઈશ્વરવાદના મહત્ત્વના પ્રશ્નોનું પ્રતિક બને છે. એક બાજુ, પ્રમુખ ચિંતનશીલ - ફિલસૂફીકલ - પરંપરાઓ સ્પષ્ટપણે એવું ગૃહીત કરે છે કે એક જ પરમ સત્ય છે. (૪) જ્યારે બીજી બાજુ પરિસ્થિતિ જોતાં હિંદુ ધર્મમાં ભજાતા અને પૂજાતા અસંખ્ય દેવોનો કોઈ અંત નથી. (૫) ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. ૧૦૦૦ સુધીમાં અનેક બળવાન આંદોલનો પ્રગટયાં. તે આંદોલનોએ વિવિધ સાંપ્રદાયિક દેવો પર ભાર મૂકયો. અને આને પરિણામે ભકિતવાદનો જન્મ થયો. આ ભકિત દ્વારા ભકત પોતાના અંગત *ભગવાન* કે પોતાની અંગત *ભગવતી* સાથે સંપર્કમાં આવે છે. વૈષ્ણવ પરંપરા અનેક અવતારો પર અને વિષ્ણુ અને કૃષ્ણના ગુણધર્મો પર ભાર મૂકે છે. નવો અને અનેકવિધ ઈશ્વરવાદ મુખ્યત્વે તો મહાભારત અને રામાયણ જેવા મહાકાવ્યો તથા અઢાર પુરાણોમાંથી ઉદ્ભવ્યો છે. ભારતમાં કોઈપણ શેરીમાં ફરવા જ નીકળો તો ગણેશ કે હનુમાન જેવા પૌરાણિક દેવો જોવા મળે. એવો તે કયો ભારતીય હશે જે ભગવદ્ગીતાથી પરિચિત ન હોય? ખરેખર, ભારતમાં ખરેખર જોવા મળતો ઈશ્વરવાદ આ જ છે - અનેક ગુણધર્મો અને શકિતઓ સાથેના દેવો. શંકરાચાર્ય અને રામાનુજ જે માત્ર એક પરમ સત્ય - પરમાત્મા પર જ ભાર મૂકીને પોતાનાં ઉદાત્ત સર્જન કરતા હોય ત્યારે તેમના તે ઉદાત્ત લખાણો સાથે ઈશ્વરવાદની આવી અસ્પષ્ટ કતારોનો મેળ કોઈ વ્યકિત કેવી રીતે બેસાડી શકે? ખરેખર, શંકરાચાર્ય તથા રામાનુજ જેવા મહાન ચિંતકોના લખાણોને આ જ મહાન પ્રશ્ન વેડફી નાંખે છે. આ પ્રશ્ન - દ્વિધાનો ઉત્તર જટિલ છે, પણ હિંદુ ઈશ્વરવાદના સંદર્ભમાં આ 'એક' અને 'અનેક' ના પ્રશ્ન જે રીતે ચર્ચાયો છે, તેની મુખ્ય રીતોનું આપણે વિશ્લેષણ કરીશું.

### (બ) હિંદુ ધર્મના સિદ્ધાંતોમાં સત્યની બે કક્ષાઓ

ઈશ્વરવાદ અંગેના મોટા ભાગના સિદ્ધાંતો એવી ધારણા કરે છે કે સત્યની બે કક્ષાઓ હોય છે. (૬) પશ્ચિમમાં, આપણા પોતાના ખ્રિસ્તી ઈતિહાસમાં કશુંક સૈદ્ધાંતિક રીતે સાચું હોય અને ચિંતનાત્મક રીતે ખોટું હોય વગેરે વગેરે ચર્ચા આપણે કરી છે. છતાંય, ભારતીય સંદર્ભમાં સમગ્ર ધર્મશાસ્ત્ર બે સ્તરે અભિવ્યકત થયું છે અને તે એ રીતે કે એક સ્તર 'સારા' કે 'સદાચારી' ઈશ્વરમાં માન્યતા દૃઢ કરે અથવા તો 'પરમ શકિતશાળી ઈશ્વરપિતામાં, સ્વર્ગ અને પૃથ્વી' ના સર્જકમાં શ્રધ્ધા - વિશ્વાસ મૂકે અને આમ કરતાં સ્વીકારી લે કે આવું નિશ્ચિત વિધાન માત્ર સત્યની નીચલી કક્ષાએ જ સાચું છે. ઉપલી કક્ષાએ તો આવા વિધાનો સ્પષ્ટપણે ખોટાં છે, કેમ કે નીચલી કક્ષા માયાવી છે અથવા વધુ સ્પષ્ટ રીતે કહેવું હોય તો નીચલી કક્ષા સત્ય - વાસ્વિકતાને જોવાનો ખોટો માર્ગ છે. તે અનન્યતા વિજ્ઞાનની કક્ષાએ જે અનુભવગત સત્ય હોય તેને અભિવ્યકત કરે પણ સ્વરૂપગત કક્ષાએ જે પરલક્ષી સત્ય હોય તેની સાથે તેને કયારેય ગૂંચવવું ન જોઈએ. બધા જ ધર્મશાસ્ત્ર સિદ્ધાંતોને આ લાગુ પડે છે, પણ હિંદુ ધર્મના ઈશ્વરના સિદ્ધાંતને ખાસ લાગુ પડે છે.

## બ. હિંદુ ધર્મશાસ્ત્રમાં દેવતાના ગુણધર્મો

### (૧) હિંદુ ઈશ્વરવાદમાં નિર્ગુણ અને સગુણ

ભારતમાં પરમેશ્વર અંગે અને સવિશેષ તો પરમેશ્વરના ગુણધર્મો અંગે જે વાત આપણે કરીએ છીએ તેના પરિપેક્ષ્યમાં સત્યની બે કક્ષાઓના યથાર્થદર્શનનો વિનિયોગ કરવા માટે ખાસ કરીને શંકરાચાર્યે લંબાણથી લખ્યું છે. ભારતના બધા ચિંતકોમાં શંકરાચાર્ય અતિ મહત્ત્વના અને અતિ વર્ચસ્વી ચિંતક હોવાથી ભારતીય વિચારધારામાં દેવતાના ગુણધર્મો અંગેનો તેનો બોધ સમજવો

મહત્ત્વનો છે. ઉપનિષદોનું અર્થઘટન કરવામાં શંકરાચાર્યનો ધર્મશાસ્ત્રીય પ્રશ્ન એ છે કે તે બિનવ્યકિતગત પરમને વર્ણવતા અદ્વૈતવાદી ફકરાઓનું સમાધાન ઉપનિષદમાંના વધુ વ્યકિતગત ઈશ્વરવાદી નિવેદનો સાથે કરવા પ્રયત્ન કરે છે. જ્યારે તે લખે છે કે ઉપનિષદોમાં વ્યકિત એક બાજુ એવા બ્રહ્મન્‌ને મળે છે જે એક બાજુ 'નામ અને આકારની ઉત્ક્રાંતિઓના અનેકવિધ આકારને કારણે મર્યાદિત પરિસ્થિતિઓથી ગુણારોપિત થઇ છે અને તેથી વિરુદ્ધ એટલે કે ગમે તેવી મર્યાદિત પરિસ્થિતિઓ હોય તો પણ તે બધી મર્યાદિત પરિસ્થિતિઓથી મુકત એવા બ્રહ્મન્‌ને મળે છે,' ત્યારે તે પ્રશ્નનું સમાપન કરે છે. (૭) ઈશ્વરને બે કક્ષાએ સંબંધન કરવામાં આવે છે એવો આગ્રહ રાખીને શંકરાચાર્ય આ બંને ધર્મશાસ્ત્રીય આત્યંતિકાઓનું સમાધાન કરે છે. ઉચ્ચતમ કક્ષાએ એમ ન કહી શકાય કે બ્રહ્મન્‌ને કોઇ ગુણધર્મો છે કે કોઇ સંબંધો છે. શંકરાચાર્યની ભાષઆમાં કહીએ તો 'બ્રહ્મન્‌ને જગત સાથે સંબંધ નથી અને બધા જ ગુણધર્મો વિનાનો છે.' (૮) જ્યારે હિંદુઓ આ રીતે બ્રહ્મન્‌ની વાત કરે છે ત્યારે તેઓ નિર્ગુણ બ્રહ્મની, ગુણધર્મ વિનાના બ્રહ્મન્‌ની વાત કરે છે. શંકરાચાર્યના આ અર્થઘટનને વળી ઉપનિષદોના ખુદના વિધાનોનું સમર્થન પ્રાપ્ત થાય. વળી ઉપનિષદોનું કથન છે કે 'બ્રહ્મન્‌નાં બે સ્વરૂપો છે.' સાકાર અને નિરાકાર, મર્ત્ય અને અમર્ત્ય, ચલિત અને સ્થિર, અસ્તિત્વયુકત અને સાચું. (૯) આ અર્થઘટનકારી સિદ્ધાંતને શંકરાચાર્ય સમગ્ર ઉપનર્નિષદ સુધી વિસ્તારે છે અને જે ફકરાઓ નિર્ગુણ - સગુણના ભેદ ધરાવતા નથી તેમને પણ તેમાં સમાવે છે. જેમ યહોવાના નામ 'હાથ' કે 'નસકોરાં'ની વાત કરતા જૂના કરારના ફકરાઓ  તેમના સાચા સ્વરૂપનાં વિધાન તરીકે લેવા માટે લખાયા છે, તેમ શંકારાચાર્યને મન તો બ્રહ્મન્‌ને માનવવ્યકિતત્ત્વ આપતો અને ગુણારર્પિત કરતો કોઈપણ ફકરો બ્રહ્મન્‌ના સ્વરૂપને શાસ્ત્રીય ચોકસાઈથી વર્ણવવા લખાયો નથી. ઈશ્વરના ગુણધર્મો વર્ણવતાં સઘળાં વિધાનો, છેવટે તો આવા વર્ણનને પડકારતા રહસ્યના જ 'નિર્દેશકો' છે.

આપણું એક વિધાન છે કે 'ઈશ્વર ન્યાયી છે.' ચાલો, આપણા આ વિધાનને જ શંકરાચાર્યની દલીલો એક ક્ષણ માટે લાગુ પાડીએ. કોઇ એમ નહિ કહી શકે કે શંકરાચાર્યને મન 'ઈશ્વર ન્યાયી નથી.' કારણ કે આપણું ન્યાય અંગેનું એકમાત્ર જ્ઞાન તેની માનવીય અભિવ્યકિતઓ છે. ગુણધર્મોના સઘળા નિશ્ચિત વિધાનો તેમના આપણે અનુભવેલા માનવીય અનુભવોના પ્રકાશમાં ઉલ્લેખાયાં છે. અને તે શંકરાચાર્ય માટે સાવ અનધિકૃત છે. દા.ત. શંકરાચાર્યની દલીલ છે કે જો કોઇ વ્યકિત 'ભૂરાં' કમળનું સામ્ય 'લાલ' કમળમાં જુએ છે તો તે સંપૂર્ણ સત્ય છે, કારણ કે બંને વસ્તુઓ એક જ વર્ગની છે. તે બંનેમાં કમળત્વ છે એટલે કે ભલે તેમનાં ગુણધર્મો - લાલાશ કે ભૂરાશ - ભિન્ન હોય, તેમનું સત્વ તો એકરૂપ જ છે. આપણી પરંપરામાં પણ જેણે એ જ ભેદ પાડ્યો છે તે વિદ્યાવાદી ભાષા ભંડોળને યાદ કરીએ. વિદ્યાવાદીઓ તો કહે છે કે 'કમળત્વ' તે કમળનો 'મહત્ત્વનો' કે 'અનિવાર્ય' ગુણધર્મ છે. જ્યારે 'લાલાશ' કે 'ભૂરાશ' તે આકસ્મિક છે. જો કમળ તેનું કમળત્વ ખોઇ બેસે તો તે કમળ રહેતું નથી. જ્યારે ભૂરાશ કે લાલાશ ન હોય તોપણ તે કમળ રહે છે. ટૂંકમાં, આકસ્મિક ગુણધર્મો મહત્ત્વના તત્ત્વને સ્પર્શતા નથી.

શંકરાચાર્યને મન તો ઈશ્વરના ગુણધર્મોની વાત કરવી એટલે ઈશ્વરના મહત્ત્વના સ્વરૂપના સંદર્ભમાં માનવીના આકસ્મિક ગુણધર્મોની તુલના કરવાનો પડકારરૂપ પ્રયત્ન. ઈશ્વરનું ખુદનું આગવું વ્યકિતત્ત્વ છે. અને એટલે ઉચ્ચતમ, સ્વરૂપમીમાં અગ્રિમ કક્ષાએ ઈશ્વરના કોઇ ગુણધર્મોની વાત ન થઇ શકે. દર્શન, અનુભવ, આશ્ચર્યમય ઘટનાની કક્ષાએ આપણને ઈશ્વરના થયેલા અનુભવની જ વાત આપણે કરી શકીએ. (૧૦) ઈશ્વરની સ્વનિર્ભર પૂર્ણતા, ઈશ્વરનું નિ:શેષ સ્વતંત્ર્ય અને સ્વાયત્તતા જે બધા જ વર્ણનોને પડકારે છે તે શંકરાચાર્યને મન 'મહામૂલુ મોતી' હતી જેને કારણે તે બધું જ ત્યાગ કરવા, અરે જગતને અને ઈશ્વરને જાણવાની સકિત પણ હોમવા તૈયાર હતા.

ખરેખર, ઈશ્વરને ગુણધર્મોથીય આરોપિત કરવાનો શંકરાચાર્યનો ઈન્કાર આપણને અહીં જ - ઈશ્વરની અજ્ઞાતતા ભણી દોરી જાય છે. બધા જ ગુણધર્મોમાં સંબંધ અને જોડાણ ગર્ભિત છે જે શંકરાચાર્યને મન અશકયતા છે, કારણ કે ઈશ્વરમાં પરિવર્તન અને સુધારણા થઇ શકે તેવું તે સૂચવે છે. આ નિંદાત્મક છે. અદ્વૈતની વિચારધારામાં એમ બોલવું કે ઈશ્વર અનુકંપાથી ચલિત થાય છે અથવા ન્યાય આપવા ઊભો થાય છે તે બધું ઈશ્વરના સત્વમાં સુધારણા સૂચવે છે. શંકરાચાર્યનો ઈશ્વરવાદ ઈશ્વરને વિષય અને આપણને પદાર્થ થવાની છૂટ તે આપતો નથી, કારણ કે વિષય અને પદાર્થ વચ્ચેના પ્રમાણ શાસ્ત્રગત ભેદને તેમજ મર્ત્ય તથા સ્વયં બ્રહ્મ વચ્ચેના સ્વરૂપ પીમાંલાગત ભેદને તે નકારે છે. ટૂંકમાં, અદ્વૈતવાદના પરમ ઈશ્વર વિશે કશું જ ન જાણી સકાય અને સાક્ષાત્કાર પરલક્ષી અને વિશ્વસનીય નથી પણ આત્મલક્ષી અને માયાવી છે.

## (૨) હિંદુ ધર્મના બહુમતવાદની સ્થાપના હિંદુ ધર્મના ઈશ્વરવાદના દૃષ્ટિકોણના મૂળમાં જ છે.

તે સ્પષ્ટ છે કે બ્રહ્મન્‌ના બે સ્તરનો સિદ્ધાંત એકવાર જો સ્વીકારાઇ જાય તો પછી તે ઈશ્વરના ગુણધર્મો અંગેના બધા જ ઈશ્વરવાદી

વિધાનોને કશાય ખરા અર્થ વિનાના પ્રવાહમાં ગાળી નાખે છે. સાચે જ, ઈશ્વર અંગેના બધા જ સ્પર્ધાત્મક અને સંઘર્ષાત્મક દાવાઓ સરખા સાચા તરીકે સ્વીકારી શકાય, કારણ કે તે બધા ઈશ્વર સાથેના આત્મલક્ષી અનુભવની માનવસૂઝની વિવિધ અભિવ્યકિતઓ છે. તે અનુભવોને કોઈ પરલક્ષી આધાર નથી. ઈશ્વરને અનન્યતા વિજ્ઞાનગત ચોક્કસ અનુભવી શકાય, પણ તેને સ્વરૂપગત સત્યો સાથે કશોક પણ સંબંધ છે તેવું કોઈ ચોક્કસ ન કહી શકે. મુસ્લિમના, બૌદ્ધના, તાઓવાદીના, ખ્રિસ્તીના, અને યહૂદીના દાવાઓને, તે દાવાઓમાં પ્રમાણમાં નાટયાત્મક વિરોધ હોવા છતાંય (મુસ્લિમો કહે છે કે ઈસુ દેવપુત્ર નથી, ઈશ્વરને 'સહચર' નથી, જ્યારે ખ્રિસ્તીઓનો દાવો છે કે ઈસુ ઈશ્વરનો જ અવતાર છે.) સરખા અને સમાન સત્ય ધરાવતા માને છે તેનું કારણ એ છે કે તે બધા જ દાવાઓ 'સગુણ' બ્રહ્મન્‌ની કક્ષાએ 'સાચા' છે. વ્યાખ્યા પ્રમાણે તે કક્ષાએ કશું જ પરમ સત્ય નથી અને માયાવી છે અને આ બધાં વિધાનોને આતરી જતા મહત્તર સત્વનું જ તે પ્રતિબિંબ પાડે છે. આથી, તેમના દૃષ્ટિકોણ પ્રમાણે આપણે 'સગુણ' ની કક્ષાએ જીવીએ છીએ એટલે તે સ્પષ્ટ છે કે કેમ સઘળા પૌર્વાત્ય ધર્મો, તેમની વચ્ચે રહેલા પ્રચંડ વિરોધોનો ડંખ અનુભવતા દેખાયા વિના પણ આટલા બહુમતીવાદી છે.

કોઈપણ હિંદુને ઈશ્વરના ગુણધર્મોની બાતમી આપવાના પ્રયત્નના પડકારનું શ્રેષ્ઠ સમાપન કદાચ હાથીને વર્ણવતા શ્રાવસ્તીના પાંચ અંધજનો જે દૃષ્ટાંતકથા ઉન્દનામાં આપે છે તે દૃષ્ટાંતકથા દ્વારા થઈ શકે. પ્રશ્ન એ છે કે તે કથામાં એક જણ પૂંછડી પકડે છે, બીજો પગ, ત્રીજો તેનું પડખું, ચોથો તેનો કાન અને પાંચમો તેનો દાંત. જેણે પૂંછડી પકડી હતી તે આગ્રહપૂર્વક કહેતો હતો કે હાથી દોરડા જેવો છે. જેણે પગ પકડયો હતો તે ચોક્કસ માનતો હતો કે હાથી દોરડા જેવો નથી પણ વૃક્ષ જેવો છે. જેનો હાથ પડખા પર હતો તેને ખાતરી થઈ ચૂકી હતી કે હાથી કાદવલીંપી દીવાલ જેવો હતો. ચોથા અંધજનના હાથે કાનનો સ્પર્શ કર્યો હતો. તેને તો એ વાતનું દુ:ખ હતું કે હાથી કેળાના પાંદડા જેવો છે તેવું અન્ય લોકો માનતા નહોતા. પાંચમાએ તો તે સહુની વાત નકારી અને એવો આગ્રહ રાખ્યો કે હાથી તો વીંઝાતી તલવાર જેવો હતો. હિંદુ તો આગ્રહ રાખે છે કે આ બધા જ ગુણધર્મો અમુક કક્ષાએ સાચા હતા અને વિરોધી હોવા છતાંય તે કોઈપણ વર્ણનની બહાર જતા સત્યનો નિર્દેશ કરે છે. પણ ખ્રિસ્તી માટે તો પ્રકટીકરણ જ્ઞાનની ચોકસાઈ પ્રગટ કરે છે, ભલે પછી તે જ્ઞાન અપૂર્ણ હોય. જ્યારે ઈશ્વરને ઓળખવાની વાત આવે ત્યારે.

પ્રકટીકરણ વિના માનવજાત કદાચ આંધળી હોત. પણ 'ખ્રિસ્તમાં તો તે મુખપટ દૂર કરવામાં આવે છે' (૨ કોરિંથી ૩:૧૬). અને હવે પછી અંધારામાં ભટકતા અંધજનો આપણે નથી. પણ ઈશ્વર અંગે ચોક્કસ જ્ઞાન આપતા વિશ્વનીય પ્રકટીકરણનો વિશ્વાસ આપણે આનંદીએ છીએ.

## તિમોથી ટેન્નેટ દ્વારા લિખિત

**(૧)** બૃહદ્ - આરણ્યક અધ્યાય ૨,૩,૬. ડૉ. એસ. રાધાકૃષ્ણનું પુસ્તક '*ધ પ્રિન્સીપાલ ઉપનિષદ્‌સ*' એ ઉપનિષદોનો ઉપલબ્ધ અનુવાદ છે. (ન્યુ દિલ્હી, હાર્પર કોલિન્સ, ૧૯૯૪).

**(૨)** જી.એ. જેકબ કૃત પુસ્તક '*હેન્ડબુક ઑફ પોપ્યુલર મેકિઝન્સ*' (મુંબઈ, તુકારામ જવાજી, ૧૯૦૭) : ૫,૬.

**(૩)** એલ.જી. બિઆલ્લાસ, '*વર્લ્ડ રિલિજિયન્સ - એ સ્ટોરી એપ્રોચ*' (ત્રેવીસમા પ્રકાશનો, મિસ્તક, સી.ટી. ૧૯૯૧) : ૧૫૮

**(૪)** મને જાણ છે કે હિંદુ ફિલસૂફીની છ આસ્તિક દર્શનોની શાખાઓમાં સાંખ્ય શાખા બે પરમ સત્યોને નિશ્ચિત કરે છે - પ્રકૃતિ અને પુરુષ. પણ ઈશ્વરવાદની દૃષ્ટિએ કહીએ તો તે એક પરમ સત્યના અસ્તિત્વને પદાર્થની શાશ્વતતાના સિદ્ધાંત સાથે જોડવાનો હજી માત્ર પ્રયત્ન છે. જો શાસ્ત્ર પદાર્થના ઉદ્‌ભવ અંગે શાંત છે તો પછી થોમસ અંકિવનાઝે છૂટ આપેલી

પરિસ્થિતિ પણ અદ્વૈતવાદ અને બુદ્ધિ સાથે અસંગત છે. સાંખ્યદર્શનના વિવરણ માટે જુઓ, '*એન ઈન્ટ્રોડક્શન ટુ ઈન્ડિઅન ફિલોસોફી*', આઠમી આવૃત્તિ, લેખક એસ. ચેટર્જી અને ડી. દત્તા (યુનિવર્સિટી ઑફ કોલકતા, ૧૯૮૪) : ૨૫૩-૨૮૮

**(૫)** જુઓ બી. કુમારપ્પા કૃત '*ધ હિંદુ કન્સેપ્શન ઑફ ડીઈટી*', લુઝાક એન્ડ કંપની, ૧૯૩૪ અને એન. મેકિનકોલ કૃત '*ઈન્ડિઅન થિઈઝમ*', ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ ૧૯૧૫) અને તેમનો લેખ '*સમ હિન્ડ્રન્સીસ ટુ થિઈઝમ ઈન ઈન્ડિયા*' જે '*ધ ઈન્ડિઅન ઈન્ટરપ્રીટર*' ૭,૨ (જુલાઈ ૧૯૧૨ માં) પૃ. ૮૧,૮૮ પર પ્રગટ થયો છે.

**(૬)** દા.ત. જુઓ '*ઈન્ડિઅન થિઓલોજિકલ સ્ટડીઝ*' ૧૭,૪ (ડિસેમ્બર ૧૯૮૦) ના ૮-૧૬ પૃષ્ઠો પર પ્રગટ થયેલો માતીલાલ પંડિતનો લેખ - '*શંકર્સ કોન્સેપ્ટ ઑફ રિઆલીટી*'. વળી જુઓ '*ફિલોસોફી ઈસ્ટ એન્ડ વેસ્ટ*' ૨૮ (૧૯૭૮) ના પૃષ્ઠો ૧-૧૬ પર પ્રગટ થયેલો. જે.લિપ્નેરનો લેખ '*ધ ક્રિશ્ચિયન્સ એન્ડ વેદાન્તસ થિયરીઝ ઑફ ઓરિજિનેરી કેજ્યુઆલીટી - એ સ્ટડી ઈન ટ્રાન્સેકન્સ એન્ડ ઈમ્મેનન્સ.*'

**(૭)** ઈ. ડ્યુત્સ્ય અને જે.એ.બી.વાન બ્યુઈટેનેન, આવૃત્તિ ૧૬૦.

**(૮)** એજન ૧૯૭, ૧૬૨. ત્યાં શંકરનું '*બ્રહ્મસૂત્ર ભાષ્ય*'ને ટાંકવામાં આવ્યું છે. '*નિર્ગુણ બ્રહ્મન્*' તે બૌદ્ધોની '*શૂન્યતા*' સમાન છે તેવું કહેતા પોતાના કોઈપણ વિરોધી પર શંકર જોમથી પ્રહાર કરે છે. શંકરને મન બ્રહ્મન્નું પૂર્વ અસ્તિત્વ તે સહુ અસ્તિત્વનું મૂળ છે. શંકર લખે છે - 'જ્યારે આપણે કશીક અવાસ્તવિકતાનો નકાર કરીએ છીએ ત્યારે આપણે કશાક વાસ્તવિકતાના સંદર્ભમાં જ તેમ કરીએ છીએ. દા.ત. સાચા દોરડાના સંદર્ભમાં જ ખોટા સર્પનો નકાર કરવામાં આવે છે. પણ જો કોઈ અસ્તિત્વ શેષ રહ્યું હોય ત્યારે જ આ સંભવ છે. જો બધું જ નકારવામાં આવે તો કોઈ અસ્તિત્વ રહે જ નહિ. અને જો કોઈ અસ્તિત્વ ન રહે તો પછી અન્ય કોઈ અસ્તિત્વને આપણે ધારણ કરવા માગીએ તો તે અશકય બને. એટલે કે પછીનું અસ્તિત્વ સાચું બને અને એટલે તેનો નકાર ન થઈ શકે' (ઈ.ડ્યુત્સ્ય અને વાન બ્યુઈટેનેન આવૃત્તિઓ ૧૯૯).

**(૯)** *બૃહદ્ આરણ્યક* અધ્યાય ૨.૩.૧. વળી '*શ્વેતાશ્વતાર*' ઉપનિષદ ૬:૧૧ પણ જુઓ. તે બ્રહ્મન્ને ગુણધર્મોરહિત ઉદ્‌ઘોષિત કરે છે અને શ્લોકો ટાંકે છે. પાછળથી ૬:૧૬ માં ઉદ્‌ઘોષિત કરે છે - 'તે ...ગુણધર્મોનો ધારક છે.' શંકરની બુદ્ધિપ્રતિમા જ ઉપનિષદના ઉપદેશના આ વિવિધ પ્રવાહને સુસંગત અદ્વૈતવાદ પ્રથામાં આણે છે.

**(૧૦)** જ્યારે *અદ્વૈતવાદી* સિદ્ધાંત એમ ઉદ્‌ઘોષિત કરે છે કે આપણો આત્મા બ્રહ્મ છે, ત્યારે તે યાદ રાખવું ઘટે કે '*તત્ ત્વમસિ*' આ સિદ્ધાંત દૃઢતાપૂર્વક જાહેર કરે છે કે આપણું સત્ય પરમ સાથે એકરૂપ છે. તેના સઘળા ગુણધર્મો સાથેનો આપણો આશ્ચર્યમય સ્વભાવ ઈશ્વર સાથે એકરૂપ નથી. આપણા ખુદના ગુણધર્મો તે 'માયા' ની જાળ છે અને તે સત્ય - વાસ્તવિકતાને જોવાનો ખોટો માર્ગ છે.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## પરિશિષ્ટ :
## નવા પદાર્થવિજ્ઞાનથી
## હિંદુધર્મ સુધી

**વૈજ્ઞાનિકોની વધતી જતી સંખ્યા એ વાતથી સભાન છે કે રહસ્યમય ગૂઢ વિચાર સમકાલીન વિજ્ઞાનના સિદ્ધાંતોને સુસંગત અને પ્રસ્તુત અને દાર્શનિક ભૂમિકા પૂરી પાડે છે.**

**- ફ્રિત્ઝોફ કાપરા**

### બે રાણીઓનું મિલન

શ્રીમતિ વિજયારાજે સિંધિયા વરિષ્ઠ સાંસદ છે અને મધ્ય ભારતના અગાઉના ગ્વાલિયર રાજ્યના રાજમાતા છે. ઈકોતેર વર્ષના મોહક અને શિસ્તબદ્ધ રાજમાતા સંસદના બીજા મોટામાં મોટા પક્ષના - ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ પણ છે. સગાવાદથી ઘેરાયેલું આ ભારતીય રાજકારણ તેમના જેવા અનેક નિર્ભય નેતાઓના બણગા ગાઈ શકે તેમ નથી. રાજકીય મતભેદોને કારણે જ તેમણે વાસ્તવમાં પોતાના એકમાત્ર પુત્રનો ત્યાગ કર્યો છે. મહાત્મા ગાંધી દંભી હતા એવું જાહેરમાં કહેવા છતાંય ચૂંટણી જીતી શકે તેવા તેમના જેવા અનેક નેતાઓ નથી. મધ્યપ્રદેશ તથા પડોશી રાજ્યોના ગ્રામીણ વિસ્તારોમાં તેમનું હેલિકોપ્ટર ઊતરે છે, ત્યારે વિશાળ લોકટોળાંને તે આકર્ષે છે. હિંદુધર્મ ભારતના સર્વ દુ:ખોનો ઉત્તર છે એવું શહેરના બૌદ્ધિકો તથા ગ્રામીણ નિરક્ષરોને કહેતાં તે કયારેય થાકતાં નથી.

પોતાના આ દાવાના સમર્થનમાં રાજમાતા ઘણીવાર એક સમારંભમાં ગ્રીસની રાણી ફ્રેડરિકા સાથેના પોતાના મિલનની વાત કહ્યા કરે છે. રાણી ફ્રેડરિકા રાજમાતાના ગુરુ શંકરાચાર્ય[૧] પરનું પુસ્તક વાંચીને, અભિનંદન અર્પવા આવ્યા હતા. આ પુસ્તક ઉપનિષદો કે વેદાંતર[૨] તરીકે જાણીતાં પ્રાચીન હિંદુ શાસ્ત્રોના બોધ પરનું વિવરણ હતું.

રાજમાતાએ રાણી ફ્રેડરિકાને પૂછ્યું કે ભારતમાંય જેમના ઝાઝા અનુયાયીઓ નથી તેવા આ ગુરુ પ્રત્યે તે શા કારણે આકર્ષાયા. રાણી ફ્રેડરિકાએ ઉત્તર આપ્યો કે તેમના પોતાના પદાર્થ વિજ્ઞાનમાંના પ્રગતિકારક સંશોધને તેમનામાં

આધ્યાત્મિક તરસ જગવી. અને તે કારણે શંકરાચાર્યના અદ્વૈતને પોતાના જીવન તથા વિજ્ઞાનની ફિલસૂફી તરીકે સ્વીકારવાની અંતરમાં ઈચ્છા વિકસી. આ સ્પષ્ટતા રસિક હોવા છતાંય રાજમાતા પર ઝાઝી અસર ન થઈ. તેમણે તો વારંવાર એમ જ સાંભળ્યું હતું કે પશ્ચિમના લોકોને - ખાસ કરીને હિપ્પીઓને - માદક પદાર્થો અને જાતિયતા જ હિંદુધર્મ પ્રત્યે આકર્ષે છે. આથી, તેમણે ઊંડી તપાસ કરી. ફ્રેડરિકાએ તેમને સમજાવ્યું કે ૧૯ મી સદીમાં વૈજ્ઞાનિકો એમ વિચારતા હતા કે બ્રહ્માંડ હાઈડ્રોજન, ઓકિસજન (પ્રાણવાયુ), લોખંડ એવા અવિનાશી બાણું મૂળભૂત પદાર્થનું બનેલું છે. આનો અર્થ એમ કે વિશ્વમાં સ્વયં રીતે અસ્તિત્વ ધરાવતા પદાર્થોનું વૈવિધ્ય હતું. જોકે, આ સદીમાં થયેલા સંશોધને પ્રગટ કર્યું કે બધાં જ તત્ત્વો ખરેખર તો એક જ ઊર્જાના બનેલા હતા. આથી, આ બ્રહ્માંડ મૂળભૂત રીતે એક જ હતું. ભલે પછી તે ધૂળનો ડાઘો હોય, વૃક્ષ હોય, નોબલ પારિતોષિક વિજેતા બુદ્ધિપ્રતિમા હોય અથવા આકાશગંગા પારનો ગરમી, કિરણ કે કોઈપણ પ્રચ્ય જેમાંથી નીકળી ન શકે તેવો પ્રદેશ હોય. ભેદો તો દેખાવમાં જ હતા. બહાર જે દેખાય છે તેનું જ જ્ઞાન આપણી ઈન્દ્રિયો આપણને આપે છે. બ્રહ્માંડની ભીતરી એક જ વાસ્તવિકતાનું (સત્યનું) જ્ઞાન તે આપતી નથી. ફ્રેડરિકાએ આગળ ચલાવતાં કહ્યું કે હિંદુ ધર્મ જેને 'બ્રહ્મ' કહે છે તે જ આ સમગ્ર સર્જનમાં વ્યાપ્ત એક ઊર્જા છે. પદાર્થ વિજ્ઞાને તે શોધ કરી તે પહેલાં જ શંકરે દલીલ કરી હતી કે આ ઈન્દ્રિયગમ્ય જગત એટલે કે પદાર્થનું જગત તે માયાનું જગત હતું, કારણ કે પ્રત્યેક વ્યકિતગત અસ્તિત્વના મૂળમાં તે જ ઊર્જા છે જે બ્રહ્માંડને ઘડે છે. અંતે તો, આત્મા પરમાત્માથી ભિન્ન નથી, દ્વૈત માયા છે. સત્ય દ્વૈત નથી પણ એક છે. ૨૫૦૦ વર્ષો પહેલાં ભારતના ઋષિઓ જે સમજી ચૂકયા હતા તે વિજ્ઞાને હજીય પામવાનું છે એવું ફ્રેડરિકાએ કહ્યું. આથી જ તેમણે રાજમાતાને કહ્યું, 'આવો વારસો પ્રાપ્ત કરવા બદલ તમે સદ્ભાગી છો. મને તમારી ઈર્ષ્યા થાય છે. ગ્રીસ મારી જન્મભૂમિ છે તો ભારત મારા આત્માની ભૂમિ છે.'

રાણી ફ્રેડરિકા વિચિત્ર વ્યકિત ન હતાં. આવા જ કારણસર પી.એચ.ડી. થયેલી હજારો વ્યકિતઓ અનુભવાતીત ધ્યાનના પ્રસારક મહેશ યોગી જેવા ગુરુને થોડા સમય માટેય અનુસરી. ફ્રિત્ઝોફ કાપરા જેવા પદાર્થ વિજ્ઞાનીઓએ તો ગંભીરતાપૂર્વક દલીલ કરી કે નવા પદાર્થ વિજ્ઞાનના તારણો તો તાઓવાદ, હિંદુ ધર્મ તથા બૌદ્ધ ધર્મ જેવા પૌર્વાત્ય રહસ્યવાદના દાર્શનિક ચોકઠામાં જ શ્રેષ્ઠતાપૂર્વક સમજી શકાય છે. આ પરિશિષ્ટનો હેતુ આ દાવાને સવિશેષ તો હિંદુ ધર્મના સંદર્ભમાં જ તપાસવાનો છે. તેમની દલીલોના ઊંડાણમાં જઈએ તે પહેલાં ડૉ. કાપરા અને રાણી ફ્રેડરિકા જેવા રહસ્યવાદી થયેલાં વિજ્ઞાનીઓ જે વહેણની રજૂઆત કરે છે તેનું ઐતિહાસિક મહત્ત્વ સમજવું આપણે માટે મહત્ત્વનું છે. આમાંના અનેક લોકો પ્રમાણિક વૈજ્ઞાનિકો છે. બૌદ્ધિક પ્રામાણિકતાથી જેનો તેઓ જરાય સ્વીકાર કરી શકતા નથી તેવી વિજ્ઞાનની પ્રચલિત ફિલસૂફી (વિજ્ઞાનવાદ)ને નિશ્ચિત કરવા તેઓ પોતાના આત્માના અવાજને શાંત કરવા જરીકે તૈયાર નથી. તેમણે તાંત્રિક વિજ્ઞાનનો અસ્વીકાર કરીને તેમની કારકીર્દિને જોખમમાં મૂકી છે, કારણ કે તેમને મન તેનો દાર્શનિક આધાર દેખીતો જ ખોટો છે.

## અર્વાચીન વિજ્ઞાન : બુદ્ધિવાદના અંતિમ દુર્ગનું પતન

આપણી આ સદીની મહાનમાં મહાન બુદ્ધિપ્રતિમા આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું, 'વિશ્વમાં અતિશય અગ્રાહ્ય વસ્તુ છે તેની સુગ્રાહ્યતા.' માત્ર ઊર્જા જ નથી, તેનું નિયંત્રણ કરતા, ઊર્જાને ક્રમ આપતા - માનવમનથી શોધી શકાય તેવો ક્રમ આપતા - નિયમો છે. આઈન્સ્ટાઈનના વિચાર પ્રમાણે આ જ વિજ્ઞાનનો કોયડો હતો.

પ્રકૃતિના કશાકને, ભલે પછી તેમાં વિજ્ઞાનની યોગ્ય ફિલસૂફી હોય કે ન હોય, માનવમન સમજી શકે છે તે તો બધાને જ દેખીતું છે. પણ જો તમે એવો પ્રશ્ન પૂછો કે બ્રહ્માંડને સુગ્રાહ્ય કરવા આપણા મનને સમર્થ બનાવે તેવું શું છે? તમને ત્રણ સાવ ભિન્ન ઉત્તારો મળશે.

## વિવેકી ઈશ્વર દ્વારા સર્જન - યહૂદીઓ તથા ખ્રિસ્તીઓની માન્યતા

ફ્રાન્સિસ બેકન, ગેલિલીયો, આઈઝેક ન્યૂટન જેઓ 'અર્વાચીન વિજ્ઞાન' ના પ્રસ્થાપકો તેમના આચાર કે વિચારમાં સુસંગતતાપૂર્વક ખ્રિસ્તીઓ નહોતા. છતાં પણ તેમણે બાઈબલનો એ દૃષ્ટિકોણ અપનાવ્યો હતો કે માણસ પ્રકૃતિને સમજી શકે છે. કારણ કે જે દિવ્યમને જગતનું સર્જન કર્યું તેણે પોતાના પ્રતિસ્વરૂપે માનવમનનું પણ સર્જન કર્યું કે જેથી આપણે તેના વતી જગતને સમજી તેનું નિયંત્રણ કરી શકીએ. બીજા શબ્દોમાં કહીએ તો વિશ્વ સુગ્રાહ્ય છે, કારણ કે પ્રકૃતિની તર્કસંગતતા તથા માનવીની તર્કસંગતતા વચ્ચે અપાયેલો (કે દિવ્યતાથી નિયુકત થયેલો) પારસ્પારિક સંબંધ છે. ફ્રાન્સિસ બેકનને અર્વાચીન વિજ્ઞાનના પિતા કહેવામાં આવે છે, કારણ કે વૈજ્ઞાનિક રીતે અથવા તો આનુમાનિક પ્રક્રિયા સ્પષ્ટ વ્યકત કરનાર તે હતા. આ પ્રક્રિયા એટલે પ્રયોગો કરવા, સામાન્ય તારણો પર આવવું અને તે તારણોને વધુ પ્રયોગોમાં ચકાસવાં. ભૌતિક પ્રકૃતિને વર્ણવવા તેણે વાપરેલી કઠોર ભાષા માટે બેકનની ઘણીવાર ટીકા કરવામાં આવે છે. તેના ટીકાકારો પ્રત્યે મારી સહાનુભૂતિ છે પણ હું વૃક્ષો, સરિતાઓ, પર્વતો, ઉંદરો, સર્પો, વાંદરાઓ અને ગાયોની પૂજતી સંસ્કૃતિમાંથી આવતો હોવાથી હું સમજી શકું છું કે પ્રકૃતિ પ્રત્યે પોતાની સંસ્કૃતિનું ખુશામતભર્યું વલણ બદલવા પ્રયત્ન કરતી વ્યકિત આવી કઠોર ભાષાનો ઉપયોગ કેમ કરે ! તે ભલે ગમે તે હોય, અહીં તો મુદ્દો એ છે કે બેકન એમ માનતા હતા કે વિજ્ઞાનનું અનુસરણ શાસ્ત્રીય કર્તવ્ય છે. ઉ.ત. તેમના 'Novum Organum Scientiarum' (૧૬૨૦) માં તે લખે છે કે 'પતન દ્વારા માણસ તેના તે જ સમયે તેની નિર્દોષતાની ભૂમિકામાંથી અને સર્જન ઉપરના તેના વર્ચસ્વમાંથી પડચો. આ બંને ખોટો જો કે આ જિંદગીમાં કંઈક અંશે પૂરી શકાય. પહેલી ધર્મ અને શ્રદ્ધા દ્વારા અને બીજી કલાઓ અને વિજ્ઞાન દ્વારા.'[૩]

યહૂદી તથા ખ્રિસ્તી સંસ્કૃતિમાં વૈજ્ઞાનિક સંશોધન વ્યવસ્થિત તર્કસંગત પ્રથાથી આગળ વધ્યું. તેનું કારણ એ.એન.વ્હાઈટહેડ (૧૯૦૪-૬૭) જેને 'ઈશ્વરના પ્રામાણ્ય પરનો મધ્યકાલીન આગ્રહ' કે 'અંગત વ્યકિતના બૌદ્ધિક પ્રામાણ્યમાં' વિશ્વાસ કહે છે તે હતું. તેમણે 'Science and the Modern World' શીર્ષકસ્થ આપેલા હાવર્ડ યુનિવર્સીટી લોવેલ લેકચર્સમાં વ્હાઈટહેડે કહ્યું હતું કે ઈશ્વરના પ્રામાણ્ય પરના તેમના વિશ્વાસને કારણે પ્રારંભના વૈજ્ઞાનિકોમાં એવી ન ભૂંસી શકાય તેવી માન્યતા હતી કે પ્રત્યેક વિગતપૂર્ણ ઘટનાને સંપૂર્ણ નિશ્ચિત રીતે તેની પૂર્વઘટનાઓ સાથેના પારસ્પારિક સંબંધો જોડી શકાય છે. સામાન્ય સિદ્ધાંતોનાં ઉદાહરણો આપીને આ માન્યતા - વિશ્વાસ વિના વૈજ્ઞાનિકોનો અવિશ્વસનીય પરિશ્રમ આશા વિનાનો જ હોત.[૪]

બાઈબલના પ્રકટીકરણે વૈજ્ઞાનિક રીતને જન્મ આપ્યો, કારણ કે તેણે એમ શીખવ્યું કે માણસ પ્રકૃતિ પર નિયંત્રણ રાખવા સર્જાયો છે. આથી જો કે માનવ સ્વભાવ અપૂર્ણ હોવા છતાંય તેનો ઉપયોગ પ્રકૃતિને સમજવામાં તેનું નિયંત્રણ કરવામાં થઈ શકે.

## બિનપ્રામાણ્યયુકત તક દ્વારા સર્જન - વિજ્ઞાનવાદ

યહૂદીઓ તથા ખ્રિસ્તીઓની બ્રહ્માંડ અને માનવી વચ્ચેના સામાન્ય તર્કસંગતતા અંગેની માન્યતા ક્રમશઃ બુદ્ધિ પ્રામાણ્યવાદને કારણે ઘટી ગઈ. ફ્રેંચ ચિંતક અને ગણિતશાસ્ત્રી રેને દેસ્કાર્તેસે(૧૫૯૬-૧૬૫૦) આ વાદનો પ્રારંભ કર્યો હતો. સત્તારમી સદીથી માંડીને વીસમી સદીના પૂર્વાર્ધ સુધી બુદ્ધિવાદે ફિલસૂફી પર વર્ચસ્વ ભોગવ્યું. દેસ્કાર્તેસ ઈશ્વરમાં માનતો હતો અને પોતાને ચુસ્ત કેથોલિક માનતો હતો. તોય તે તેની ફિલસૂફીમાં તેણે ઈશ્વરના પ્રકટીકરણમાંના વિશ્વાસનો અસ્વીકાર કર્યો. તેણે આગ્રહ રાખ્યો કે સત્યની શોધ કરવામાં આપણે 'જે માત્ર સંભવિત હોય તથા જેનો નિર્ણય હજી બાંધવાનો હોય તેવા સઘળાં જ્ઞાનનો અસ્વીકાર કરવો જોઈએ અને જે વસ્તુઓ સંપૂર્ણપણે જ્ઞાત હોય, જેને અંગે કોઈ શંકાઓ ન હોય તે વસ્તુઓને જ માનવી જોઈએ.' બીજા શબ્દોમાં કહીએ તો, આપણે જાણીતી અને માનવબુદ્ધિએ પૂરવાર કરેલી વસ્તુઓને જ માનવી જોઈએ. દેસ્કાર્તેસે એવી દલીલ કરી કે તે સર્વ વસ્તુઓ પર શંકા કરી શકે છે, પણ તેણે શંકા કરી હતી કે કેમ તેની તર્કસંગત શંકા તે ન કરી શકે. તે સ્વવિરોધી હશે અને તેથી જ અસત્ય હશે.

બુદ્ધિમાંના તેના વિશ્વાસને પક્ષે જેવી દેસ્કાર્તેસની દલીલો રજૂ થઈ કે ચિંતકોએ તે દલીલો તોડી પાડી. ફિલસૂફીમાંના તેના અનુયાયીએ દર્શાવ્યું કે પોતાના ખુદના તર્ક સાથે સાચી રીતે સુસંગત રહેવા દેસ્કાર્તેસ એટલું જ માનતો હતો કે શંકા કે વિચાર પ્રક્રિયાનું અસ્તિત્વ છે તે કદાચ એમ દલીલ ન કરી શકયો કે પ્રત્યેક કાર્ય (અસર) ને તેનું કારણ હોવું જ જોઈએ તેવું સહુ પ્રથમ પૂરવાર કર્યા વિના વિચારક વિચાર પ્રવર્તન કરી શકે. કાર્યકારણનો આ નિયમ બૌદ્ધિક હકીકત છે તેમ પૂરવાર કરવાનો કોઈ માર્ગ નથી.

ઈંગ્લેન્ડમાં બર્કલે અને હ્યુમ અને જર્મનીમાં કાન્ત જેવા ફિલસૂફોએ જેવી છે તેવી વાસ્તવિકતા જાણવાના સાધન તરીકે બુદ્ધિની પર્યાપ્તતામાં રહેલી શ્રદ્ધાનો તાર્કિક આધાર જોરશોરથી તોડી પાડયો. નાસ્તિકતાનો યુગ કાન્ત પછી શરૂ થયો હતો. પણ માણસો તર્કસંગત પ્રાણીઓ છે તે ખોટી માન્યતાને અર્વાચીન માનસશાસ્ત્રના પિતા સિગમંડ ફ્રોઈડ ઉઘાડા પાડી 'અચેતન' મનની તેની શોધ અને ચેતનમન પરનું તેનું વર્ચસ્વ એમ સૂચવે છે કે ઘણીયે વાર માણસોનું વર્તન અતર્કસંગત ઝુંબેશ કે સજીવ રાસાયણિક આવેગોને વશ હોય છે.

સંપૂર્ણ પરલક્ષી નિરીક્ષણ દ્વારા જ આપણને જ્ઞાન મળે છે તે ખ્યાલ તો અત્યારે વિજ્ઞાનીઓ પણ સ્વીકારતા નથી. આપણે શું નિરીક્ષણ કરીશું તે આપણે નક્કી કરીશું. કોઈ શ્રદ્ધા ધારવાથી જ આ પસંદગીનો નિર્ણય લેવાય છે. કશુંક જાણવા માટેય આપણે 'વિશ્વાસ મૂકવો પડે છે - માનવું પડે છે.'

સર્જનની પાછળ અંધ તક હતી એવું ધારીને, પ્રકૃતિ પાછળ તર્કસંગતતા હતી એ વાતનો વિજ્ઞાનવાદે અસ્વીકાર કદાચ કર્યો છે. અંધ તકના ઉત્પાદનમાં માનવી તર્કસંગતતાની ભાત જે જુએ છે તેને વિશ્વનો દૃશ્યમાન ક્રમ સમજવામાં આવતો. માણસો સંપૂર્ણ બુદ્ધિવાદી હતા એવું માનવું પણ ફ્રોઈડ પછી અશકય બન્યું. છતાંય ફિલસૂફો તથા માનસશાસ્ત્રીઓ બુદ્ધિમાં રહેલા લોકોના વિશ્વાસને સાબિત કરવામાં સમર્થ ન નીવડયા. વિશ્વ તથા જીવનના રહસ્યને પ્રગટ કરવાની માનવબુદ્ધિની શકિતમાં રહેલા માનવ વિશ્વાસને વૈજ્ઞાનિક રીતની સતત સફળતા જાણે કે સમર્થન આપવા લાગી. આમ, વિજ્ઞાન બુદ્ધિવાદનો આખરી દુર્ગ બન્યું. આપણે પાછળથી જોઈશું તેમ, માત્ર આ સદીમાં જ બુદ્ધિવાદ અંગે ભાવિની કોઈ આશા ન દેખાય ત્યાં ખુદ પદાર્થવિજ્ઞાન શાસ્ત્રીઓ પહોંચ્યા. અને પછી વિજ્ઞાનવાદના પાયા હાલવા માંડયા. દુર્ગ તીતર ભીતર થવા માંડયો. રાણી ફ્રેડરિકા જેવી સંવેદનશીલ વ્યકિતઓએ જોયું કે જોકે વિજ્ઞાન કાર્ય કરી રહ્યું છે તે છતાંય

વિજ્ઞાનવાદ મૂળભૂત રીતે પોતાની આંતરિક વિસંગતિઓને કારણે નિષ્ફળ થવા સર્જાયેલી ફિલસૂફી છે. તે કહે છે કે માનવબુદ્ધિ વિશ્વને ગ્રાહ્ય કરી શકે. સાથે સાથે એવો આગ્રહ રાખે છે કે જે અંધ, હેતુહીન તકનું ઉત્પાદન છે તે વિશ્વની પાછળ બુદ્ધિવાદ જેવું કશું નથી. બિનબુદ્ધિવાદી વિશ્વ તર્કસંગતતાથી, બુદ્ધિવાદથી કેવી રીતે સમજાય ?

જો તમે રેમબ્રાન્ડના 'The Raising of the Cross' ચિત્ર સાથે જેકસન પોલોકના 'Convergence' જેવી આધુનિક કળાના ચિત્રનો - જાણી જોઈને 'હેતુહીન' દોરાયેલા ચિત્રની તુલના કરો તો તમને પહેલાનો બુદ્ધિવાદ સમજાશે. બીજામાં તો તે અનુભવવાનો જ રહ્યો. તેનો કશો અર્થ નથી અથવા તો બેક નામના સંગીત નિર્દેશકને સાંભળો અને તેના સંગીતની તુલના જોનકેગ જેવા નિરૂદ્દેશ સંગીત નિર્દેશક સાથે કરો તો તમે પાછળના સંગીતમાં કશો અર્થ નહિ પામી શકો. કારણ કે તે બુદ્ધિવાદી મનનું નહિ પણ અંધ તકનું સર્જન છે. ખરેખર તો વિશ્વ સુગ્રાહ્ય છે તે હકીકતે આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકને વળી પાછો બુદ્ધિવાદી સર્જનની માન્યતા તરફ દોર્યો. પણ વિશ્વ શા માટે સુગ્રાહ્ય છે તે પ્રશ્નના ત્રીજા સંભવિત ઉત્તર તરફ કાપરા અને રાણી ફ્રેડરિકા જેવા વિજ્ઞાનીઓ વધ્યા.

## ચૈતન્યરૂપે સર્જન : રહસ્યવાદ

સાદા શબ્દોમાં કહો તો ત્રીજો ઉત્તર એ છે કે માનવમન દ્વારા કંઈક અંશે વિશ્વ સમજી શકાય છે, કારણ કે તે આપણા મનની 'ઉત્પત્તિ' છે. એટલે કે માનવમાં રહેલું ચૈતન્ય તે સમગ્ર વાસ્તવિકતાના (સત્યના) મૂળમાં રહેલું વિશ્વનું ચૈતન્ય છે. દેસ્કાર્તેસ અને તેના અનુગામીઓ એમ માનતા હતા કે મન તથા પદાર્થ બંને ભિન્ન અસ્તિત્ત્વો છે. રહસ્યવાદ કહે છે કે તે બંને એક અને સરખાં જ છે. માનવનું અજ્ઞાન અથવા શંકર જેને 'અવિદ્યા' કહે છે તે જ આપણને અને જગત પર પરમ સત્ય તથા સ્વતંત્રતા આરોપિત કરવા પ્રેરે છે. આ મતાનુસાર, સત્યનો સાચો અર્ક નથી પદાર્થ કે નથી ઊર્જા, પણ તેનો અર્ક તો છે ચૈતન્ય.

આપણા મનની ભીતર રહેલી સામાન્ય, પ્રામાણ્યયુકત જે ચૈતન્યને આપણે આપણા રોજિંદા જીવનના અંશ તરીકે અનુભવીએ છીએ તે તો સમગ્રતાનો એક અંશ છે. રહસ્યમય પ્રક્રિયાઓ દ્વારા પ્રામાણ્યયુકત ચૈતન્યના સીમિત અનુભવની પાર જઈ વૈશ્વિક ચૈતન્યને અનુભવવું એટલે કે આપણા ખુદના 'વ્યાપક' ચૈતન્યની ભીતર પ્રત્યેક વસ્તુની એકતા અનુભવવી તે શકય મનાયું છે.

એવું તે શું છે કે વિજ્ઞાનવાદને તરછોડીને આટલા બધા વિજ્ઞાનીઓ આધુનિક વિજ્ઞાનના મૂળ જીવનદૃષ્ટિકોણ તરફ પાછા ફરવાને બદલે હિંદુ ધર્મમાં, બૌદ્ધ ધર્મમાં અથવા તાઓવાદમાં વિજ્ઞાનનું નવું દર્શન જુએ છે ? આ પરિશિષ્ટને અંતે આપણે જોઈશું કે તેનું સાચું કારણ નકારાત્મક છે. ઉપરછલ્લી રીતે, જોકે આવી પસંદગી માટે કેટલાક આકર્ષક અને હકારાત્મક કારણો દેખાય છે. આપણે પહેલાં તેમને તપાસીએ.

## નવા પદાર્થવિજ્ઞાન અને રહસ્યવાદ વચ્ચેનું સામ્ય સમજવું

ભૌતિક વિજ્ઞાનને અનાદરને અનુસરતા લાગતા રહસ્યવાદને આકર્ષણને ત્યારે જ આપણે મૂલવી શકીએ અને તેની કદર ત્યારે જ કરી શકીએ જ્યારે આપણે નીચેની વિભાવનાઓને - પ્રયાસોને સમજી શકીએ તો. અને તે વિભાવનાઓ આ છે - બ્રહ્માંડની, દેખાય છે તેવું બ્રહ્માંડ અને તાર્કિક દલીલની મર્યાદા.

## બ્રહ્માંડની એકતા : અદ્વૈતવાદ

જ્યારે કેટલાક લોકો એમ માને છે કે પોતાના પ્રસિદ્ધ સમીકરણ $E = mc^2$ દ્વારા આઈન્સ્ટાઈન અણુયુદ્ધ, દમન અને વિનાશના ભીષણ - ભયંકર યુગમાં પ્રવેશ્યો ત્યારે નવયુગ ચિંતકો એ વાતને વળગી રહ્યા છે કે તેણે પદાર્થ અને ઊર્જાની એકતા પૂરી પાડીને બ્રહ્માંડની એકતા તથા સંવાદિતતાના યુગમાં પ્રવેશને સહાય કરી.

*પદાર્થ અને ઊર્જાની એકતા*

વીસમી સદીના પ્રારંભમાં જ્યારે એમ દર્શાવાયું કે ક્ષ-કિરણો પદાર્થમાં પ્રવેશી શકે છે ત્યારે જ સમજાયું હતું કે પદાર્થ વિજ્ઞાન અગાઉ માનતું હતું તેમ અણુ નક્કર, અવિનાશી પદાર્થ નથી. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના વિશિષ્ટ સિદ્ધાંતો (૧૯૦૫) નો અર્થ તે સમજવાનો હતો કે ઊર્જા અને પદાર્થ આંતરપરિવર્તનીય છે.

એક પદાર્થના ટુકડામાં રહેલી ઊર્જા (E) તેના જથ્થા જેટલી છે, $c^2$ ગણી છે. અહીં c એટલે પ્રકાશની ગતિ.

આ સિદ્ધાંતના સૂત્રમાં બે ઊંડા દાર્શનિક પરિણામો હતાં. પહેલું તો એ કે પુરાતન અર્થમાં હતું તેમ ચુસ્ત ભૌતિકવાદી રહેવું હવે લગીરે શકય નહોતું. કારણ કે પદાર્થ આમેય અંતિમ સત્ય નહોતું. બીજું, ભૌતિક તત્ત્વોમાં સ્વતંત્રપણે અનેકત્વ રહેલું છે તે માનવું પણ હવે અશકય બન્યું. આઈન્સ્ટાઈનના સમીકરણના એક જ લસરકામાં રસાયણશાસ્ત્રના સો વિચિત્ર તત્ત્વો પદાર્થ વિજ્ઞાનમાં એક ઊર્જા બની ગયા. ફ્રિત્ઝોફ કાપરા કહે છે તેમ.

આ રીત જે અર્વાચીન પદાર્થ વિજ્ઞાન વિશ્વની મૂળભૂત એકતા પ્રગટ કરે છે તે દર્શાવે છે કે સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાતવતા નાનામાં નાના એકમોમાં આપણે વિશ્વને અલગ નહિ પાડી શકીએ. પદાર્થમાં આપણે જેમ જેમ પ્રવેશીએ છીએ તેમ તેમ કુદરત આપણને બંધારણના કોઈ મૂળભૂત જુદા જુદા ઘટકોનું દર્શન કરાવતી નથી. પણ તે સમગ્રપણે સંગઠિત થયેલા વિવિધ ભાગો વચ્ચેના સંબંધોના જટિલ જાળારૂપે પ્રત્યક્ષ થાય છે.[૫]

*અવકાશ અને સમયની સાપેક્ષતા*

નવમી સદીના વિજ્ઞાનીઓ માત્ર એટલું જ માનતા નહોતા કે વિવિધ તત્ત્વો જુદા જુદા પદાર્થો હતા પણ તેઓ એમ પણ માનતા હતા કે અવકાશ અને સમય પણ જુદા, સ્વતંત્ર અને વિશ્વની નક્કર હકીકત હતા. અવકાશ અને સમયનું દ્વૈત તો

ન્યૂટનવાદી પદાર્થ વિજ્ઞાનનો મધ્યસ્થ સ્તંભ હતો. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંતે આ માન્યતા તોડી. તેણે બતાવ્યું કે અવકાશ અને સમય પરસ્પર સાથે સંબંધિત છે અને એટલે જ અવિભાજ્ય છે. સમય હવે સમય - અવકાશની અખંડ રચનાનું ચોથું પરિમાણ બન્યો છે.

*વીજાણુઓનું આંતર જોડાણ*

બ્રહ્માંડની એકતા માત્ર તત્વોની તેમનાં પ્રાક્ભૌતિક ઊર્જા સ્વરૂપમાં જ સંભાવ્ય એકતા નથી. ' પદાર્થ ' રૂપે પણ બ્રહ્માંડ આંતરિક રીતે પણ ઊંડું જોડાયેલું લાગે છે. આ આંતર જોડાણ EPR પ્રયોગ અને બેલના સિદ્ધાંત દ્વારા શ્રેષ્ઠતાપૂર્વક સમજાવાયો છે.

એક કાલ્પનિક દૃષ્ટાંતનો ઉપયોગ કરવાથી આ પ્રશ્ન સરળતાથી સમજાશે. બે સિક્કાઓનું આ વર્તન જુઓ. ધારો કે બે સિક્કાઓને એક જ સમયે ઉછાળવામાં આવે તો તે બંને એક જ ક્ષણે વિરુદ્ધ રીતે પડશે. જો अ નો ઉપરનો ભાગ હશે તો ब નો પાછળનો ભાગ હશે. અથવા તેથી ઊલટું પણ હોય. ધારો કે આપણે આ બંને સિક્કાઓને હજારો માઈલ દૂર લઈ જઈ છૂટા પાટીએ અને તેમને ઉછાળીએ, તો પણ તે બંને તે જ રીતે હજીય વર્તશે. એટલે આપણે સ્વાભાવિક પૂછીશું કે હજારો માઈલ દૂર રહેલો સિક્કો अ આ જ ક્ષણે આ જ સ્થિતિમાં પડશે તેની સિક્કા ब ને કેવી રીતે ખબર પડે ? સાપેક્ષવાદનો સિદ્ધાંત માને છે કે પ્રકાશની ગતિ સિવાય અન્ય કશું જ વધુ ત્વરાએ જતું નથી. એટલે સિક્કા ब ને તે જ ક્ષણે - એક જ ક્ષણમાં માહિતી પહોંચાડવાનો કોઈ જાણીતો રસ્તો નથી. આથી, આ પરિસ્થિતિની નક્કર સ્પષ્ટતા એ હશે કે આ બંને સિક્કાઓ દેખીતી રીતે જુદા હશે, અવકાશમાં અલગ પાડ્યા હશે, તો પણ કદાચ કોઈક રહસ્યમય રીતે તે 'એક પ્રથા' ને અનુસરતા હશે.

૧૯૩૫ માં એક સંયુકત લેખમાં આઈન્સ્ટાઈન અને તેના બે જુવાન સાથીદારો બોરિસ પોડોલસ્કી તથા નાથાન રોઝરે EPR નું વિરોધાભાસી સત્ય રજૂ કર્યું હતું. દલીલ એવી હતી કે નિયત પ્રમાણનો સિદ્ધાંત અપૂર્ણ છે, કારણ કે બે અણુથી નાના કણો કારણ તથા અસર (કાર્યકારણ) ના નિયમથી ન જોડાયા હોવા છતાં દૂર દૂર સુધી 'સહસંબંધિત' કેમ રહી શકે તેની સ્પષ્ટતા કરતો નથી. પદાર્થ વિજ્ઞાની ડેવીડ બોહમે સૌ પ્રથમ રજૂ કરેલું કે EPR નું વિરોધાભાસી સત્ય 'નવાયુગ' વર્તુળમાં લોકપ્રિય બન્યું હતું.

ધારો કે अ તથા ब વીજાણુઓ વિરુદ્ધ દિશામાં ગતિ કરતા હોય છે. તેમની આવી ગતિનું કુલ મૂલ્ય શૂન્ય છે. તેમની ગતિને માપ્યા વિના કે તેને કશી જ અસર પહોંચાડ્યા વિના આપણે તેમને હજારો માઈલ દૂર અલગ પાડીએ છીએ. માનો કે એકને આપણે ન્યુ દિલ્હીમાં અને બીજાને ન્યૂયોર્કમાં મૂકીએ છીએ. હવે આ દૂર દૂર અલગ પાડેલા વીજાણુઓના વર્તનનું ખાસ લક્ષણ એ છે કે આપણે છેલ્લી મિનિટે નિર્ણય લઈ શકીએ કે આપણી માપરેખા સીધી હશે કે આડી હશે. આપણે

પરિચિત છીએ તેવા અન્ય ગતિશીલ પદાર્થોમાં આમ કરી શકાતું નથી. અ વિજાણું પર આપણે માપણી શરૂ કરીએ કે તરત જ બીજો વીજાણુ ક આપણે જો ઊભી રેખા પસંદ કરી હશે તો 'ઉપર' કે 'નીચે' નિશ્ચિત ગતિ કરશે. જો આપણે આડી રેખા પસંદ કરી હશે તો વીજાણુ અ ની વિરુદ્ધ દિશામાં 'ડાબી' કે 'જમણી' બાજુ ગતિ કરશે. ૧૯૬૪ સુધી EPR નું વિરોધાભાસી સત્ય તે આતુરતાભર્યો સૈદ્ધાંતિક પ્રશ્ન હતો અને પદાર્થ વિજ્ઞાનીઓ તેનાથી ચિંતિત નહોતા. પણ તે જ વર્ષમાં જોન બેલે સિદ્ધાંત શોધ્યો, જેનાથી EPR ના વિરોધાભાસી સત્યને પ્રયોગશાળામાં પ્રયોગ કરીને ચકાસવાનું અને નિશ્ચિત કરવાનું શકય બન્યું. ટૂંકા અંતર માટે આ વિરોધાભાસી સત્યને પ્રયોગાત્મક રીતે નિશ્ચિત કરાયો જ. અને જો નિયત પ્રમાણનો સિદ્ધાંત સાચો હોય તો બે કણોનો સહસંબંધ ચાલુ જ રહેવો જોઈએ, ભલેને તે બંને પ્રકાશવર્ષથી અલગ પડચા હોય.

બેલના સિદ્ધાંત પછી આ પ્રશ્નની ઉપેક્ષા કરવાનું અશકય બન્યું છે. કયું તત્ત્વ બે કણોને જોડે છે ? આ ધારણાને બોહમે એમ સમર્થન આપ્યું છે કે હજી સુધી વણખેડાયેલું એવું કોઈક ક્ષેત્ર છે જે બે કણોના એક નિયત પ્રમાણ પ્રથામાં જોડે છે. સંભવ છે કે આ પરિસ્થિતિમાં કેટલાક ખ્રિસ્તીઓ વૈજ્ઞાનિક સત્યતા જોવા પ્રેરાય. કેમ કે નવા કરારનો બોધ કહે છે, "તે (ખ્રિસ્ત) અદૃશ્ય ઈશ્વરની પ્રતિમા છે .... સર્વ વસ્તુઓ તેની મારફતે તથા તેને સારુ ઉત્પન્ન થઈ. તે સર્વ કરતાં આદિ છે અને *તેનાથી સર્વ વ્યવસ્થિત થઈને રહે છે* " (કોલોસી ૧:૧૫-૧૭). રહસ્યવાદીઓ તેને તેમના જીવન દૃષ્ટિકોણના આધારરૂપે જુએ છે. કાપરા કહે છે કે બીજા વીજાણુઓ આ પ્રમાણે વર્તે છે, કારણ કે ભલે તે ભૌતિક રીતે અવકાશમાં અલગ પડાયા હોય, તોય તેઓ સ્વયં સ્ફૂર્ત, અસ્થાનિક જોડાણોથી જોડાયેલાં છે.[૬]

વિજ્ઞાની હેન્રી પિયર્સ સ્ટેપ્પ બેલના સિદ્ધાંતમાંથી વધુ ક્રાંતિકારી સૂચિતાર્થ તારવે છે. તે દૃઢપણે કહે છે કે તે એક એવું ગંભીર સત્ય પૂરવાર કરે છે કે કયાં તો આ જગત મૂળભૂત રીતે નિયમ રહિત છે અથવા તો મૂળભૂત રીતે અવિભાજ્ય છે.[૭] અન્ય વિજ્ઞાની નિકહર્બર, વીજાણુઓના વર્તનને વૈજ્ઞાનિક પુરાવો લેખે છે. તે કહે છે કે વીજાણુ ક માં થયેલી અસર માહિતી તબદિલીને કારણે નહોતી થઈ. સામાન્ય અર્થમાં તો નહિ જ. કદાચ તે અલગ દેખાતા પદાર્થની એકતાનું સરળ પરિણામ છે ..... નિયત પ્રમાણની છટકબારી છે, જે દ્વારા પદાર્થ વિજ્ઞાન માત્ર શકયતાને જ કબૂલતું નથી, પણ રહસ્યવાદીના એકતા દર્શનની અનિવાર્યતા પણ કબૂલે છે.[૮] ભારતની ગાણિતીક અનન્ય બુદ્ધિ પ્રતિભા શકુંતલાદેવી પણ એમ માને છે કે વીજાણુઓનું આ આંતરજોડાણ બ્રહ્માંડના આંતર જોડાણને આવશ્યક બનાવે છે. તે જ્યોતિષશાસ્ત્રમાંની માન્યતાની વૈજ્ઞાનિક ન્યાય્યતા છે એવું તેનું અર્થઘટન જો વિશ્વ આમ જોડાયેલું હોય તો એમ ધારવું યોગ્ય છે કે ગ્રહોની ગતિઓ આ પૃથ્વી પરની વ્યકિતઓની નિયતિઓને અસર કરે.

માનસશાસ્ત્રીય ઘટનાઓમાં માનનારાઓ નિયત પ્રમાણ પ્રક્રિયાના આ પાસાને એ રીતે સમજાવે છે કે અતિ સંવેદનશીલ દર્શન, દૂર સંવેદન અને પ્રાકૃતિક બળોનાં કાર્ય વિના માત્ર માનસિક પુરુષાર્થથી જ પદાર્થોની ગતિ સૈદ્ધાંતિક રીતે કેવી રીતે શકય છે !

બ્રિટનનો વનસ્પતિ વિજ્ઞાની રૂપર્ટ શેલ્ડ્રેક તેના 'A New Science of Life' અને 'The Presence of the Past' માં ગૃહીત કરે છે કે વીજાણુઓથી માંડીને માનવમન અને માનવમનથી માંડીને આકાશગંગા સુધીના બળો જીવસ્વરૂપ વિકાસના ક્ષેત્રોથી સંકળાયેલા છે. આ ક્ષેત્રો અવકાશ અને સમયના પ્રકારોની બહારના ગૌણ નિયત પ્રમાણના સાર પર ઊર્જા પહોંચાડચા વિના (એટલે કે સ્વયંસ્ફૂર્તતાથી) કામ કરે છે. આ માની લીધેલાં ક્ષેત્રો નિયત પ્રમાણની માહિતી કેવી રીતે

ત્વરિત ગતિએ પહોંચી શકે, અતિ સંવેદનશીલ દર્શન જેવી ઘટનાઓ અને માત્ર માનસિક પુરુષાર્થથી પદાર્શોની ગતિ કેમ શકય છે તે સમજાવે છે અને કર્મનો સિદ્ધાંત કેવી રીતે કામ કરે છે તે પણ સમજાવે છે.

સાચે જ EPR વિરોધાભાસી સત્ય એમ સૂચવે છે કે નિયત પ્રમાણની પ્રક્રિયા તે અપૂર્ણ સિદ્ધાંત છે અને પદાર્થ વિજ્ઞાનની ખોજ તો તેની એ પાર ચાલુ રહેવી જ જોઇએ. પણ જે હજી અસ્પષ્ટ ઘટના છે તેના બળ ઉપર સમગ્ર વિશ્વ વિભાવના કે જીવનનો દૃષ્ટિકોણ રચવો તે યોગ્ય છે? ૧૯૮૮ માં 'New Physics and Mysticism' નામના પ્રવચનમાં નિયત પ્રમાણ પદાર્થ વિજ્ઞાનના ઓસ્ટ્રેલિયન પ્રાધ્યાપક ડૉ. ફ્રાન્ક સ્ટુટમેન આવા અસ્પષ્ટ અને નાજુક અલ્પ પુરાવા પર જીવનનો દૃષ્ટિકોણ બનવાની રીતને 'અવૈજ્ઞાનિક અનુમાન' કહી તેનો અસ્વીકાર કરે છે. માત્ર બે વીજાણુઓ કોઇક રહસ્યમય રીતે જોડાયેલા મળ્યા છે, તેથી શું બ્રહ્માંડમાંની પ્રત્યેક વસ્તુ જોડાયેલી અને એક છે એમ માનવાનું પૂરતું કારણ મળી રહે છે ? માત્ર વિજ્ઞાની જાણે છે કે જથ્થો અને ભૌતિક ઊર્જા એક જ સત્યના બે પાસાં છે. એટલે જ શું તે શ્રધ્ધાની આંધળી ફાળ ભરી એમ ધારી લે કે ભૌતિક ઊર્જા અને માનસશાસ્ત્રીય ઊર્જા એક છે ?

અન્ય પદાર્થ વિજ્ઞાની ડૉ. ફ્રેક સ્કીફ અમેરિકામાં મિન્નેસોટાના સેન્ટ પૉલ ખાતે જૂન ૧૯૯૦ માં આપેલા તેમના પ્રવચનમાં કહે છે કે વૈજ્ઞાનિક રીતોએ તો હકીકતોનું નિરીક્ષણ કરવું જોઇએ. પછી તે હકીકતોને સમજાવવા સિદ્ધાંત રચવો જોઇએ, અને પછી જે પ્રાયોગિક રીતે ચકાસી શકાય તે સિદ્ધાંતમાંથી તાર્કિક તારણ કાઢવું જોઇએ. આ સિદ્ધાંત પ્રયોગો દ્વારા પરિવર્તન પાત્ર છે અને એક એવી જાળી બને છે કે જેમાંથી આપણે હકીકતોને નીરખીએ છીએ. જે વીજાણુઓનું પરસ્પર જોડાણ હજી અસ્પષ્ટ છે તેને આધારે રહસ્યવાદને જીવનના દૃષ્ટિકોણ તરીકે વિચારણા માટે રજૂ કરતા વૈજ્ઞાનિકો સ્વેચ્છાએ જ વૈજ્ઞાનિક પ્રથાનો અનાદર કરે છે. કાપરા જેવા વૈજ્ઞાનિકો વિજ્ઞાનનું જ કામ કર્યાનો દાવો તો જ કરી શકે જો તેઓ વીજાણુઓનાં મૂંઝવતાં વર્તનને સ્પષ્ટ કરવા પ્રયોગાત્મક રીતે સાબિત કરી શકાય તેવો સિદ્ધાંત લઇને આવવાનો પ્રયત્ન કરે. ઊલટું, એમ લાગે છે કે તેઓ વિજ્ઞાનની અનુભવમૂલક રીતો છોડવાનું પસંદ કરે છે, કારણ કે કેટલીક ઘટનાઓ અત્યારે સમજાતી નથી. અને આમ કરી તેઓ જ્ઞાન પ્રત્યેનો ન પૂરવાર થાય તેવો રહસ્યમય અભિગમ વિકલ્પે પસંદ કરે છે. કાપરા જેવા લેખકોના વાચકોને જે ઘણીવાર ખોવું પડે છે તે આ કે જ્યારે તે રહસ્યમય દૃષ્ટિકોણ પ્રસ્તુત કરે છે ત્યારે તે વિજ્ઞાની તરીકે નહિ, પણ વિજ્ઞાનનો અનાદર કરતી વ્યકિત તરીકે ઉચ્ચારે છે અને છતાંય તે પોતાના વાચકોને આ વિજ્ઞાનની મર્યાદામાં નહિ એવો પ્રસ્તાવ સ્વીકારાવીને વિજ્ઞાની તરીકેને પોતાની કીર્તિ ઝંખે છે.

નાસ્તિકોને મતે તો સાદું સત્ય એ છે કે આગળના દૃષ્ટાંતના એક જ પદાર્થમાંથી એક જ સ્થળે બનેલા બે સરખા સિક્કાઓ પરસ્પર સાથે જોડાયેલા લાગતા નથી. આપણી ચેતના પણ તેમની સાથે એટલી સંલગ્ન થઇ નથી કે જેથી સિક્કો ઉછાળતી વખતે તેનો ઉપરનો કે પાછળનો ભાગ પડશે તેની પસંદગી માટે આપણે સમર્થ બનીએ.

## માનવ નિરીક્ષક અને નિરીક્ષીત પદાર્થની અવિભાજ્યતા

સદીઓ સુધી વિજ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત એ હતો કે સંશોધકે (વિષયે) પોતે જેનું નિરીક્ષણ કરતો હોય તે હકીકતો (પદાર્થ) પર પ્રભાવ પાડચો નહિ. પરલક્ષી નિરીક્ષણ પર જ સંપૂર્ણપણે વિજ્ઞાન આધારિત હોવું જોઇએ. આ સિદ્ધાંત ધારી લે છે કે તમે (વિષય) ભૌતિક જગતથી (પદાર્થ) અલગ છો. વિષય અને પદાર્થનું દ્વૈત બ્રહ્માંડનો 'પરલક્ષી' અભ્યાસ કરવાની

છૂટ આપે. આથી તે સ્પષ્ટ થાય છે કે જેના પર વૈજ્ઞાનિક પ્રથાનો આધાર છે તેવી આ દ્વૈતની ધારણા રહસ્યવાદીના અદ્વૈતને - 'તમે' અને 'જગત' યેનકેન પણ એક છે એવા અદ્વૈતને હલકો આંકે. આથી તે તેમને અસ્વીકાર્ય છે. વિષય અને પદાર્થના આ દ્વૈત સામેનો તેમનો દાવો બે વૈજ્ઞાનિક વિચારધારાઓ પર અવલંબે છે.

(૧) 'કલાઉડ ચેમ્બર' (કણોના માર્ગને શોધવા વરાળ ધારણ કરતી યુક્તિ) માં જ્યારે વિજ્ઞાનીઓએ ગૌણ વીજાણુઓનો અભ્યાસ પ્રારંભ્યો, ત્યારે તેમને લાગ્યું કે પ્રયોગ પર પ્રભાવ પાડયા વિના પ્રયોગને જોવો શકય નથી. તેમાં શું જોવું, કેટલું જોવું તેની પસંદગી પોતે જ પરિણામ પર અસર કરે છે. આનો અર્થ એ કે અંતિમ પૃથ્થકરણમાં વિષય અને પદાર્થનું પરંપરાગત દ્વૈત જાળવી રાખવું યોગ્ય નથી. કાપરાને જ ફરી ઉદ્ધૃત કરીએ:

નિયત પ્રમાણ સિદ્ધાંતનું નિર્ણાયક અંગ એ છે કે આણ્વિક ઘટનાના ગુણધર્મોનું નિરીક્ષણ કરવા જ નિરીક્ષકની અનિવાર્યતા નથી પણ આ ગુણધર્મ બહાર કાઢવા પણ તેની અનિવાર્યતા છે. વીજાણુનું નિરીક્ષણ કેમ કરવું તે અંગેનો મારો સભાન નિર્ણય વીજાણુઓના ગુણધર્મો કંઈક અંશે નક્કી કરશે. જો હું ચોક્કસ પ્રશ્ન પૂછું તો મને ચોક્કસ જવાબ મળશે. જો હું અધ્ધરતાલ પ્રશ્ન પૂછું તો મને અધ્ધરતાલ જવાબ મળશે. વીજાણુ પાસે મારા મનથી સ્વતંત્ર એવા કોઈ પરલક્ષી ગુણધર્મો નથી. આણ્વિક પદાર્થ વિજ્ઞાનમાં નિરીક્ષક અને નિરીક્ષીત વચ્ચે દેસ્કાર્તેસ મતના વિભાજન હવે જાળવી શકાય તેમ નથી.[૯]

(૨) એક વધુ સુક્ષ્મ અને છતાંય કંઈક અંશે વધુ મૂળભૂત વિચારણા. અને તે એક માણસ કયારેય પણ જેવા છે તેવા આ જગતને અનુભવી શકશે નહિ (દૃષ્ટિ, શ્રુતિ, ગંધ, સ્પર્શ, સ્વાદ દ્વારા). આપણી ઈન્દ્રિયો માત્ર ભિન્ન ભિન્ન ગતિઓનાં મોજા જ પ્રાપ્ત કરે છે. અને આપણાં મન આ મોજાઓનું પરલક્ષી વાસ્તવિકતાઓ તરીકે જ અર્થઘટન કરે છે. આપણાં મનમાં જગતની જે આકૃતિ છે તે બહાર રહેલા આ જગત સાથે સામ્ય ધરાવે છે કે નહિ તે સાબિત કરવા માટે આપણી પાસે કોઈ સ્વતંત્ર સાધનો નથી. આથી જ, પહેલા પ્રકરણમાં અમે કહ્યું તેમ કેટલાક રહસ્યવાદીઓ એવી દલીલ કરવા પ્રેરાયા કે બ્રહ્માંડ પોતાના હકદાવે પરલક્ષીપણે અસ્તિત્ત્વ ધરાવતું નથી પણ 'આપણે આપણી ખુદની વાસ્તવિકતા સર્જીએ છીએ.'

આપણે જોયું તેમ, ડૉ. સ્ટુટમાન જેવા પદાર્થવિજ્ઞાનીઓ આ તારણ 'માત્ર અનુમાન' માને છે. નિયત પ્રમાણ સ્તરે પરલક્ષીપણે તે સીમિત થઈ હોવાને કારણે જ આપણને એમ કહેવાનો અધિકાર નથી કે પરલક્ષી વાસ્તવિકતાનું અસ્તિત્ત્વ જ નથી. આપણે એટલું જ સ્વીકારી શકીએ કે નિ:શેષ પરલક્ષિતા તે મર્ત્ય માણસોની પહોંચની બહાર છે. તેથી એવું તારણ નથી નીકળતું કે આપણે પરલક્ષિતાના માપ માટે અસમર્થ છીએ. અને પોતાના પ્રયોગોના પુનરાવર્તન દ્વારા તેવા જ પરિણામો મેળવવા અસમર્થ બનતા તેની સાથે અસંમત થતા બીજા વિજ્ઞાની પ્રત્યે પૂરતા પરલક્ષી થવાનો પ્રયત્ન કોઈ વિજ્ઞાનીએ ન કરવો જોઈએ. આ પરલક્ષી વાસ્તવિકતાનો અસ્વીકાર જ આપણને આપણા બીજા તારણ પર દોરી જાય છે એટલે કે બ્રહ્માંડનું દર્શન માનસિક કલ્પના છે - દેખાવ છે તે તારણ પર.

## બ્રહ્માંડ દેખાવ તરીકે - માયા

અદ્વૈત ઉપરાંત ઉપનિષદોએ માયાનો સિદ્ધાંત આપ્યો છે. એટલે કે આખરે તો બ્રહ્માંડ માયા છે. ઘણા ગંભીર વૈજ્ઞાનિકો હવે આને નીચેના કારણોસર વિચિત્ર ખ્યાલ માનતા નથી.

*દેખાવ તરીકે જગતની નક્કરતા*

જો અણુને ફૂટબોલના મેદાન જેટલા કદમાં ફૂંકવામાં આવે તો તેનો કેન્દ્રવર્તી ભાગ તે મેદાનના કેન્દ્રમાં રહેલી માખીના કદનો હશે. વીજાણુઓ મેદાનના પરિઘ પરની રેતીના કણથીયે નાના હશે. આનો અર્થ એ કે અણુઓ નક્કર પદાર્થો સિવાય બીજું કંઈક પણ છે. અને વીજાણુઓ પણ રેતીના કણ જેટલા નક્કર નથી તોય તે મહત્ત્વની હકીકત છે. આ કણોને અવકાશ તથા સમય સહિતના પ્રવૃત્તિનાં કણો તરીકે બહેતર રીતે વર્ણવાયા છે. તેમના સમયપાસાને કારણે સમાન ઊર્જાને સંડોવતી પ્રક્રિયા જેવા તે લાગે છે. ગૌણ અણુ વિશ્વની ઊર્જાઓની ભાતનો આ આંતર સંબંધ અંતે આપણને નક્કર, સ્થિર, ભવિષ્યસૂચક બ્રહ્માંડ લાગે છે. જો જે કંઈ દ્રવ્ય અને ગતિશીલ છે તે નક્કર અને સ્થિર દેખાય તો શંકરનો માયાનો ખ્યાલ સ્વીકારવાનું સાચે જ મન થાય. કાપરા કહે છે:

ઘણીવાર જેમ ખોટું કહેવાયું છે તેમ માયાનો અર્થ એવો નથી કે જગત મિથ્યા તો આપણો દૃષ્ટિકોણ જ છે. જો આપણે આપણી આસપાસના આકારો, ચોકઠા, વસ્તુઓ અને ઘટનાઓ આપણા માપના અને પ્રકારોમાં વિભાજન કરતાં મનના ખ્યાલો છે તેમ સ્વીકારવાને બદલે એમ વિચારીએ કે પ્રકૃતિની વાસ્તવિકતાઓ છે તો આ ખ્યાલોને વાસ્તવિકતા તરીકે સ્વીકારવાનું મિથ્યાપણું તે જ માયા. પ્રદેશને નકશો માની લેવો તે જ માયા.[૧૦]

સરળતાથી કહીએ તો રહસ્યવાદીઓ તો એમ કહે છે કે બીજીવાર તમે જ્યારે તમારા પતિ કે પત્નીને બાહુમાં લો ત્યારે તમારે જાણવું જોઈએ કે તમારા હાથોમાં વાસ્તવિકતા નથી પણ વિશ્વને ઘડતી કાચી ઊર્જામાંથી રચાયેલો તમારા મનનો ખ્યાલ છે.

*અદૃશ્ય પ્રાગટ્ય તરીકે બાહ્ય જગત*

દસ પ્રમુખ ઉપનિષદોમાંના પ્રથમ ઈશઉપનિષદના શાંતિ આહ્વાન શ્લોકની આરંભની પંકિતઓ આમ છે.

પૂર્ણમદ: પૂર્ણચિદમ્

પૂર્ણાદ પૂર્ણમુદિચ્યતે !

બ્રહ્મ પૂર્ણ છે. આ જગત પૂર્ણ છે. (અદૃશ્ય) પૂર્ણમાંથી (દૃશ્ય) પૂર્ણ પ્રગટ થયું છે.

'આ' અને 'તે' વેદાન્તમાં તકનિકી સંજ્ઞાઓ છે. 'આ' એટલે જે ઈન્દ્રિય ગ્રાહ્ય છે તે બ્રહ્માંડ. 'તે' એટલે 'આ' જગતનો સ્રોત. તે જ્ઞાનથી પાર અને ગૂઢ અનુભવે છે જ માત્ર તે જાણી શકાય. આ બોધનું આઈન્સ્ટાઈન આશ્રિત પદાર્થ વિજ્ઞાની

ડેવિડ બોહ્મના કામ સાથે ધ્યાનાકર્ષક સામ્ય છે. તે વિશ્વના અપ્રગટ પરિમાણને 'ધ્વનિત - સૂચિતક્રમ' કહે છે. એટલે કે પદાર્થના આ નક્કર, અલગ, સ્થિર વિશ્વના પ્રગટક્રમ નીચે રહેલી દ્રવ્ય, આંતર સંબંધિત ઊર્જા ભાતો.

પ્રારંભના વિજ્ઞાનીઓએ ધાર્યું હતું કે આ પ્રગટ વિશ્વ એ જ સાચું વિશ્વ છે. આ ધારણાને પ્રથમ ગંભીર પડકાર (પહેલા પ્રકરણમાં આપણે જોયું તેમ) પ્રાચીન પ્રાણીવિદ્યાશાસ્ત્રી અને રહસ્યવાદી પીએરે તેઈલહાર્દ દે ચાર્દિન તરફથી આવ્યો. તેણે કહ્યું કે અત્યાર સુધી વિજ્ઞાન વસ્તુઓના 'અભાવ' સાથે પૂર્વ વ્યસ્ત હતું. તેની પ્રશિષ્ટ કૃતિ The Phenomenon of Man માં દે ચાર્દિને લખ્યું કે પદાર્થ વિજ્ઞાન, જીવાણુ શાસ્ત્ર અને કંઈક અંશે વનસ્પતિશાસ્ત્રમાંય ભીતર સંબંધોનું અસ્તિત્વ ઉપેક્ષવું સમજી શકાય પણ.

> જો જીવવિદ્યાશાસ્ત્રી જંતુઓના કે દરિયા કિનારાના શંકુ આકારના પ્રાણીઓ (કોએન્ટેકેદસ) ના વર્તનનો અભ્યાસ કરતો હોય તો આ એક જોખમ બને છે. કરોડવાળા પ્રાણીઓ સંદર્ભે તો તે વ્યર્થ લાગે છે. અને અંતર માણસના સંદર્ભમાં તો તે સાવ નિષ્ફળ જાય છે. માણસમાં રહેલા 'ભીતરી' અસ્તિત્ત્વને દાબી શકાય નહિ, કારણ કે તે અસ્તિત્ત્વ સઘળા જ્ઞાનનું તત્ત્વ અને પ્રત્યક્ષ સૂઝનો પદાર્થ છે. [૧૧]

ભારતના અતિ આદરણીય વેદાન્તી વિદ્વાન રામકૃષ્ણ મિશનના સ્વામી રંગનાથન દે ચાર્દિન પર ટીકા કરતા કહે છે કે વેદાન્ત પણ એમ કહે છે કે બ્રહ્મા તે આદિકાળથી અસ્તિત્ત્વ ધરાવતા અદ્વૈત વાસ્તવિકતાની નિષ્ક્રિય પરિસ્થિતિ છે. જ્યારે માયા કે શકિત તે જ અસ્તિત્ત્વની સક્રિય પરિસ્થિતિ છે.[૧૨] નવા યુગના ચિંતકો કહે છે કે નવા વિજ્ઞાન અને વેદાન્ત વચ્ચેના આ સામ્યને ડેવિડ બોહમ્નું સમર્થન મળ્યું છે. મારિલીન ફર્ગ્યુસન બોહમ્ના દષ્ટિકોણનો સાર આમ આપે છે:

> બોહમે્ કહ્યું કે આ સ્થિર, સમજાય તેવું, દશ્યમાન, શ્રાવ્ય દેખાતું વિશ્વ માયા - મિથ્યા છે. તે ગતિશીલ, કેલિડીઓસ્કોપિક છે. હકીકતમાં તે ત્યાં નથી જ. આપણે સામાન્ય રીતે જે જોઈએ છીએ તે ગતિ જોવાને બદલે વસ્તુઓના ખુલ્લા કે પ્રગટ ક્રમને જોઈએ છીએ. પણ આ બીજી પેઢીની વાસ્તવિકતાથી દૂર અંદર એક ક્રમ રહેલો છે તે તેને બીજો સૂચિત કે લપેટાયેલો ક્રમ કહે છે. અને જેમ કોષોના અણુમાં DNA સંભાવ્ય જીવનને આશ્રય આપે છે અને તેના ખુલ્લાપણાના સ્વરૂપને દોરે છે તેમ આ લપેટાયેલો ક્રમ આપણી વાસ્તવિકતાને આશ્રય આપે છે.[૧૩]

*હોલોગ્રામ (લેસર કિરણથી પાડેલો ફોટો) તરીકે બ્રહ્માંડ*

હોલોગ્રાફી લેસર કિરણોનો ઉપયોગ કરતી ત્રણ પરિમાણીય ફોટોગ્રાફી છે. જ્યારે સામાન્ય બે પરિમાણીય ફોટોગ્રાફ નુકસાન પામે છે, ત્યારે તે પૂરું નુકસાન પામે છે. પણ હોલોગ્રામની એક વિશિષ્ટતા છે કે તે હોય તોય તેનો કોઈપણ ભાગ આખી આકૃતિના પુનઃનિર્માણ માટે વાપરી શકાય. રહસ્યમય - ગૂઢ રીતે કહીએ તો હોલોગ્રામનો એકેએક ભાગ તેના પોતાનામાં સમગ્રને ધારણ કરે છે.

આપણું મગજ જે રીતે કામ કરે છે તેના જેવી જ આ ઘટના છે. ન્યુરોસાયન્ટિસ્ટ કાર્લ પ્રિમ્બ્રામ બુદ્ધિમાં સ્મૃતિનું ચોક્કસ સ્થાન શોધવાના પ્રયત્ન સાથે સંકળાયેલો હતો. તેણે જાણ્યું કે સ્મૃતિ કોઈ ચોક્કસ સ્થાનમાં રહેતી નથી. જો મગજ - બુદ્ધિનો કોઈક અંશ નુકસાન પામે તો બીજો અંશ તેનું કાર્ય અપનાવી લે છે.

આપણે કશુંક કેવી રીતે નિહાળીએ છીએ, નીરખીએ છીએ કે સૂંઘીએ છીએ? પ્રિમ્બ્રામની દલીલ છે કે આપણું મગજ માત્ર માહિતીનું પુનરાવર્તન જ પ્રાપ્ત કરે છે. અને આ પુનરાવર્તનો પર જટિલ ગાણિતીક ગણતરીઓ તે કરે છે. અને પછી તેને કઠોરતા, શીતળતા, લાલાશ કે સુગંધમાં રૂપાંતર કરે છે. જે સખત ખડક આપણે જોઈએ છીએ - સ્પર્શીએ છીએ તે તો હકીકતમાં ખડક તરીકે મગજે અમુક પુનરાવર્તનનું કરેલું ગાણીતિક અર્થઘટન માત્ર છે. 'જે સાચું જગત આપણે જોઈએ છીએ તેની સાથે આ ગાણીતિક પ્રક્રિયાઓને થોડોક સમાન સંબંધ છે.'[૧૪] આમ, પ્રિમ્બ્રામના મતે, જે અસ્તિત્વ ધરાવે છે તે તો વિશ્વની ત્રિ-પરિમાણીય આકૃતિ રચવા આપણા મગજે ઉપયોગમાં લીધેલાં પુનરાવર્તનો - સમગ્રના સાવનાના અંશમાંથી રચેલા સંપૂર્ણ હોલોગ્રાફિક ફોટા જેવું જ તે છે. મારીલિન ફર્ગ્યુસનના શબ્દોમાં કહીએ ચો આ દૃષ્ટિકોણ સૂચવે છે કે વાસ્તવિકતાનું સ્વરૂપ હોલોગ્રાફિક હોય અને મગજ પણ હોલોગ્રાફિક રીતે વર્તતું હોય તો તો આ જગત ખરેખર પૌર્વીય ધર્મો કહે છે તેમ માયા છે. તેની વાસ્તવિકતા મિથ્યા છે.[૧૫]

રૂપકની સહાયથી કાપરા આ વિભાવના સમજાવે છે :

> ઇન્દ્રના સ્વર્ગમાં મોતીઓનું પ્રસારણ જૂથ હતું. તે એવી રીતે ગોઠવાયેલું હતું કે જો તમે એકને જુઓ તો બધા જ તેમાં પ્રતિબિંબિત થયેલા નિહાળો. તે જ પ્રમાણે જગતનો પ્રત્યેક પદાર્થ તે માત્ર પોતે જ નથી, પરંતુ તે અન્ય પદાર્થોને પણ સમાવિષ્ટ કરે છે અને હકીકતમાં બીજું બધું જ છે. 'ધૂળના પ્રત્યેક કણમાં સંખ્યાતીત બુદ્ધો રહેલા છે.'[૧૬]

## તર્કશાસ્ત્રની સીમા

બે હજાર વર્ષો પહેલાં હિંદુ દૃષ્ટાઓએ માનવ ઔચિત્ય પર શ્રધ્ધા ગુમાવી હતી. દાર્શનિક હિંદુ ધર્મના કરોડરજ્જુ મનાતું કથા ઉપનિષદ કહે છે (પ્રકાશિત) તાર્કિક બુદ્ધિથી ઝડપી શકાય તેવો વિષય નથી, કારણ કે તે સૂક્ષ્મતમ્‌થી પણ સૂક્ષ્મતર છે. (આણિયાન્ હિ અતકર્યમ્ અનુપ્રમાણુયાત્) અને વળી કહે છે, નૈખ તર્કેન મતિર્પનેય - 'આધ્યાત્મિક સમજણ તર્ક દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી.'

વૈજ્ઞાનિક રહસ્યવાદની ઉપસતી પરંપરાનો દાવો છે કે નવું વિજ્ઞાન પણ આવા જ તારણ પર પહોંચ્યું છે. કાપરાનો દાવો છે કે પદાર્થ વિજ્ઞાનીએ હવે તે પણ સમજાયું છે કે તેમણે વર્ણવેલા નિયમો સમેતના પ્રાકૃતિક ઘટનાઓ અંગેના તેમના સઘળા સિદ્ધાંતો માનવમનનાં સર્જનો છે. નરી વાસ્તવિકતાને બદલે વાસ્તવિકતા આપણા ભાવનામય નકશાના ગુણધર્મો છે.[૧૭] અનેક કારણોસર આ સાચું મનાયું છે. (અ) *અવિરોધનો નિયમ* - સફરજન તે સફરજન જ છે અને તે તે જ વખતે - એક જ વખતે - તે કેળું ન હોઈ શકે. અવિરોધના નિયમનો આ સાદો પાઠ આવું કહે છે. ગ્રીક ચિંતક એરિસ્ટોટલના સમયથી આ તર્કશાસ્ત્રનો મૂળભૂત મત રહ્યો છે. દેસ્કાર્તેસે જ્યારે એમ કહ્યું કે પોતે શંકા કરતો હતો તેવી તાર્કિક શંકા તે ન

કરી શકે ત્યારે તેણે આ નિયમની નક્કરતાનું અનુમાન કરી લીધું હતું તે સાચું ન હોય, કારણ કે તે સ્વવિરોધી થાય. દેસ્કાર્તસના સમયથી અવિરોધનો સિધ્ધાંત વૈજ્ઞાનિક પ્રથાઓમાં અગાઉના - પ્રાથમિક સત્ય તરીકે સ્વીકારાયું છે. અગાઉના - પ્રાથમિક સત્ય એટલે આપણે કશુંક પૂરવાર કરી શકીએ તે પહેલાનું સત્ય. જે સ્વયં અગાઉનું - પ્રાથમિક છે તે પોતે પૂરવાર થઈ શકે નહિ. તેનું તો અનુમાન કરવું ઘટે, નહિતર કોઈ જ્ઞાન સંભવિત નથી.

> જો કે પ્રકાશ પણ કણો છે અને મોજાં પણ એવા દેખીતા વિરોધાભાસનો સામનો કરવાનો આવ્યો ત્યારે વીસમી સદીનું પદાર્થ વિજ્ઞાન અવિરોધના નિયમના સંપૂર્ણ સ્વરૂપ અંગે પ્રશ્નો ઉઠાવવા માંડ્યા. એ સફરજન કેળું ન હોઈ શકે તો જો જુદી રીતે જોઈએ તો કણ મોજું છે એવું કેમ લાગે? સ્વામી રંગનાથાનંદ કહે છે તેમ, પહેલાં હકીકત પછી તર્ક. અને જો તર્ક હકીકતમાં બંધ ન બેસે તો તર્કે જ જવું પડે.[૧૮]

(બ) *કાર્યકારણનો સિધ્ધાંત* - જો આપણે પાણીને ૪ બી.સી. થી વધુ ઉકાળીએ તો તે વિસ્તરશે. પ્રત્યેક કારણનું કાર્ય હોય છે અને પ્રત્યેક કાર્ય

(અસર) નું કારણ સરખી પરિસ્થિતિઓમાં, આપેલા કારણની સરખી જ અસર હશે. આ કાર્યકારણનો સિધ્ધાંત આધુનિક વિજ્ઞાનની બીજી અગાઉથી કરેલી ધારણા છે. જો ગરમીથી પાણી હંમેશ વિસ્તરતું હોય તો તો વિશ્વ પાસે એક એવી એકરૂપતા છે જે વરાળથી ચાલતા એન્જિન જેવી ટેકનોલોજીને શકય બનાવે. પણ વીસમી સદીમાં નવા પદાર્થ વિજ્ઞાનની શોધોએ આ સિધ્ધાંતના પૂર્ણ સ્વરૂપ અંગે શંકા ઉઠાવી છે.

દા.ત. એક વર્ષમાં, ૨૩૪૦ તકોમાં એક તક એવી હોય છે કે જ્યારે રેડિયમનો અણુ (૨૨૬Ra) કિરણના કણનો ઉત્સર્ગ કરીને કિરણોત્સર્ગી વિનાશ પામશે. આમ, આપણી પાસે જો ૨૨૬Ra ના ૨૩૪૦ અણુ હોય તો એક વર્ષમાં આપણે સામાન્ય રીતે એક કિરણોત્સર્ગી વિનાશની ઘટનાની અપેક્ષા રાખીએ. અથવા તો આપણી પાસે ૨૨૬Ra ના ૨૩૪૦ X ૩૬૫ અણુ હોય, તો રોજના એક વિનાશની પણ આપણે અપેક્ષા રાખીએ. પણ તે તો તે દિવસે કયો અણુ હશે અને તે શા માટે નાશ પામે છે તે જાણવા કોઈ રસ્તો આપણી પાસે નથી.

એમ ધારવામાં આવ્યું છે કે વિજ્ઞાનીનું કામ તો ઘટના - પરિસ્થિતિને જન્માવતું સાચું કારણ શોધવાનું છે. જો આપણે કારણ જાણી શકીએ તો અસરની આગાહી પણ કરી શકીએ. જેમ કે કયો અણુ કણોત્સર્ગ કરશે અને તે કયારે કરશે, પ્રત્યેક કાર્ય (અસર) ને તેનું કારણ હોય છે તે ધારણા પર આધુનિક વિજ્ઞાન રચાયું છે. જે કોઈ કાર્ય (અસર) ને જાણી શકાય તેવું કારણ ન હોય તો તે કાર્ય, વિજ્ઞાનને જ્યાં સુધી નિસબત છે ત્યાં સુધી હોઈ શકે જ નહિ. વિજ્ઞાનની બહાર તે 'જાદુ' અથવા 'ચમત્કાર' કહેવાતું. પ્રાયોગિક અને ગાણિતીક રીતે પદાર્થ વિજ્ઞાનને ખાતરી થઈ ચૂકી છે કે એવાં કોઈ છાનાં કારણો નથી કે જે એક દિવસ વધુ વિકસિત ટેકનિકો દ્વારા ન પામી શકાય.

આધુનિક નિયત પ્રમાણની પ્રક્રિયાઓના ઊગમે આ લાંબા સમયના મતને પડકાર્યો. દા.ત. ૧૯૨૭ માં બેર્નર હેઈસનબર્ગે દર્શાવ્યું કે નિયત પ્રમાણના સિધ્ધાંતો અનુસાર કણની સ્થિતિ અને ગતિ એકી સમયે ચોકસાઈથી માપવી અશકય છે. હકીકતમાં તો, પરિસ્થિતિની અનિશ્ચિતતા ગુણ્યા ગતિની અનિશ્ચિતતા હમેશ જર્મન પદાર્થ વિજ્ઞાની પ્લેન્કના અવિચલથી (કણની ઊર્જા અને તેની સમાંતરે થતી મોજાની પુનરાવૃત્તિ) વધવી જોઈએ. આ સંબંધ હેઈસનબર્ગના અનિશ્ચિતતા સિધ્ધાંત તરીકે ઓળખાય છે. આમ દા.ત. જો આપણે સાંકડી પરીમાંથી વીજાણુના પ્રકાશ પુંજને પસાર કરીને તેની સ્થિતિ

નિશ્ચિત કરવા માગીએ, તો પરિણામ એ આવશે કે કિરણ ભાંગીને તેના રંગપટો પણ મૂળભૂત વાસ્તવિકતાની આપણી સમજમાં કેટલીક અવ્યવસ્થિતતા કે અજાણતા અંતર્ગત હોવાની જ.

આથી બધા નહિ પણ કેટલાક ચિંતકો સામે આ પરિસ્થિતિએ પ્રશ્ન ઊભો કર્યો છે કે અવ્યવસ્થિતતા અથવા અનૌચિત્યતા બ્રહ્માંડનું મૂળભૂત સત્ય છે કે નહિ. જો માનવ ઇન્દ્રિયો અને તર્ક સત્ય જાણવાના વિશ્વસનીય સાધન ન હોય, તો પરમ વાસ્તવિકતાનો પ્રત્યક્ષ (બિન તાર્કિક, બિન ઇન્દ્રિયગત) અનુભવ લેવા આપણે તેમને ગૂઢ અનુભવવામાં ચઢાવવા પડે. પણ તેથી તે વિજ્ઞાન અને પ્રગતિ પર શો પ્રભાવ પાડશે? શું તે તેમનો સર્વનાશ નોંતરશે? અન્ય રહસ્યવાદી પદાર્થ વિજ્ઞાની ગેરી ઝુકાવના જે પુસ્તક The Dancing Wu-Li Masters માં કાપરાના પુસ્તક The Tao of Physics ની જ ભૂમિકા સમાઈ છે તે એકરાર કરે છે કે તેમના દૃષ્ટિકોણના ગર્ભિતાર્થ પ્રશિષ્ટ 'પરલક્ષી' વિજ્ઞાનનો અંત હોઇ શકે. મારિલીન ફર્ગ્યુસન તેના સમાપનમાં આમ કહે છે:

> એક રીતે ઝુકાવે કહ્યું કે આપણે 'વિજ્ઞાનના અંત' તરફ જઇ રહ્યા છીએ. આપણે સમજણ શોધવાનું ચાલુ રાખીએ તો પણ આપણે આપણી સરળ તારણ કાઢવાની રીતોની મર્યાદાઓ સ્વીકારતા થયા છીએ. માત્ર પ્રત્યક્ષ રહસ્યવાદી અનુભવ જ આ બિન તાર્કિક વિશ્વનો આ જોડાણના પ્રદેશનો (નિયત પ્રમાણના પદાર્થ વિજ્ઞાનનો) અર્થ સમજાવી શકે, ધ્યાનમાં હોય છે તેવી વિસ્તૃત સભાનતા જ આપણા તર્કની સીમાઓ પાર કરાવી આપણને વધુ સંપૂર્ણ જ્ઞાન પ્રત્યે કદાચ લઈ જાય.[૧૯]

આ 'પ્રત્યક્ષ અનુભવ' કે 'સંપૂર્ણ જ્ઞાન' શું વિજ્ઞાન હશે? દા.ત. ધ્યાન દરમ્યાન કોઈ વ્યક્તિ વધુ જ્ઞાનવાન બને તેથી શું એમ પૂરવાર થશે કે હકીકતમાં તેને વૈશ્વિક દિવ્ય ચેતનાનો અનુભવ હતો? કે પછી તે તેટલું જ માત્ર પૂરવાર કરશે કે અનુભવની સચ્ચાઇ - અસચ્ચાઇ જાણ્યા વિના જ તેણે વધુ જ્ઞાનવાદ થયાનો અનુભવ કર્યો? આ જ વિચારણાને કારણે ૧૯૫૫ માં વિએનામાં એક નારીને આવો ઉત્તર આપવાની આઇન્સ્ટાઇનને ફરજ પડી હશે - આપણા સમયનો આ રહસ્યવાદી પ્રવાહ જે કહેવાતા થિઓસોફી અને આધ્યાત્મવાદના નિરંકુશ વિકાસમાં પ્રગટ થઇ રહ્યો છે તે મારે મન તો નબળાઇ, ગૂંચવણ અને શોષણના અનુકૂળ માધ્યમના લક્ષણથી કશું વિશેષ નથી.

તે ભલે તેમ હોય, પણ જીવનની બહેતર ફિલસૂફીની શોધમાં વિજ્ઞાનીઓ વિજ્ઞાનવાદને ત્યજી રહસ્યવાદને અપનાવે તેની પાછળ અનિવાર્ય કારણો હોવા જોઇએ. તેમના પસંદગી ખરેખર યોગ્ય છે કે નહિ તે આપણે તપાસવું જોઇએ અથવા જેણે વિજ્ઞાનને શકય બનાવ્યું તેવા જીવનના મૂળ દૃષ્ટિકોણને પુન: અપનાવવો તે જ વધુ યોગ્ય વિકલ્પ હશે?

## સામ્યો - સાચાં કે દેખીતાં?

અગાઉના ખંડમાં આપણે રહસ્યવાદને વ્યાજબી ઠેરવતાં ત્રણ ખ્યાલો જોયાં. બ્રહ્માંડનું અદ્વૈત, માયારૂપે બ્રહ્માંડ અને તર્કસંગતતાની અવિશ્વસનીયતા. નવું પદાર્થ વિજ્ઞાન હિંદુ ધર્મના અદ્વૈતવાદ તરફ દોડી જાય છે કે પછી સામ્યો સ્વયં માયા કે મિથ્યા છે તે તપાસવા આ ખંડમાં તે જ ખ્યાલોનો આપણે વિવેચનાત્મક અભ્યાસ કરીશું.

## પદાર્થ વિજ્ઞાનમાં એકત્વ અને હિંદુ ધર્મમાં અદ્વૈત

શું બ્રહ્માંડને વ્યાપી રહેલી પદાર્થ વિજ્ઞાનની ઊર્જા અને જેને એક માત્ર સત્ય માનવામાં આવે છે તે હિંદુ ધર્મના એક ચૈતન્ય સરખાં છે? કે પછી આ બંને પદ્ધતિઓ સાવ જુદી જ વસ્તુઓની વાત કરે છે?

*વેદાંતમાં*

જ્યારે ઉપનિષદો તત્વમસ્તિકે અહં બ્રહ્માસ્મિની વાત કરે છે ત્યારે તેઓ જીવાત્મા અને દિવ્યાત્માની એકતાની વાત કરે છે. વેદાંત અનુસાર સીમિત વ્યકિતમત્તા તરીકેનો આપણો અનુભવ આપણું બંધન છે. મુકિત એટલે આપણી દિવ્યતાનો સાક્ષાત્કાર અથવા આપણી સીમિત ચેતાનું અસીમિત વૈશ્વિક ચેતનામાં વિલીન થવું.

ઉપનિષદો જ્યારે માનવ સ્વરૂપ અને દિવ્ય સ્વરૂપની એકતા પર ભાર મૂકે છે પણ તેઓ સ્થૂલ દેહ અને ચૈતન્ય સ્વરૂપની એકતાનો બોધ આપતા નથી. પછી દેહ અને સ્થૂલ જગતની એકતાની વાત તો કયાં રહી? ઉપનિષદો એવો બોધ આપે છે કે મૃત્યુ સમયે સ્થૂલ શરીર પૃથ્વી પર રહે છે, જ્યારે સૂક્ષ્મ શરીર તેનાથી છૂટું પડી અપાર્થિવ વિશ્વમાં જાય છે. અંગ્રેજીમાં જેને soul - આત્મા કહે છે તે સૂક્ષ્મ શરીર આત્મા સ્વરૂપ નથી.

આત્માને તબક્કે વ્યકિતમત્તાનો ખ્યાલ અકબંધ રહે છે. તેથી સ્વરૂપને ન પામે ત્યાં સુધી તે અન્ય સ્થૂલ શરીરોમાં વારંવાર જન્મ લે છે. જ્યારે તેવું બને છે ત્યારે આપણે સ્થૂલ જગત અને સૂક્ષ્મ અપાર્થિવ આત્માના બંધનમાંથી મુકત થઈએ છીએ અને ફરી ફરી જન્મ લેવાનું બંધ થાય છે.

આત્મા સાક્ષાત્કારનો અનુભવ તે સ્થૂલ દેહ અને આત્માના એકત્વનો અનુભવ નથી. આત્મ સાક્ષાત્કાર એટલે કે નિર્વિકલ્પ સમાધિમાં તમે તમારા ચૈતન્યનું દિવ્ય ચૈતન્ય સાથએ એકત્વ અનુભવો છો. જો કે તમારું ચૈતન્ય અન્યોનાં ચૈતન્યમાં ભળી જતું નથી. અરે, ગુરુ તથા શિષ્યોનાં ચૈતન્ય ભળતાં નથી. દા.ત. નગ્ન ગુરુ તોતાપુરિએ જ્યારે રામકૃષ્ણ પરમહંસને નિર્વિકલ્પ સમાધિ લેવામાં સહાય કરી ત્યારે રામકૃષ્ણ ત્રણ દિવસ ને રાત પોતાના ઓરડામાં બેઠા અને તોતાપુરિ બહાર રહી શિષ્યને શું થતું હશે તે વિચારતા હતા. અંતે જ્યારે તે ઓરડામાં પ્રવેશ્યા ત્યારે તેમણે રામકૃષ્ણનું શબવત શરીર જોયું અને તેને સામાન્ય ચૈતન્યમાં પાછું લાવવા પરિશ્રમ કર્યો. જ્ઞાની ગુરુનું ચૈતન્ય જ્ઞાન પ્રાપ્તિમાં રત એવા શિષ્યના ચૈતન્ય સાથે એક બન્યું નહોતું.

એક અતિ આત્યંતિક અર્થઘટન છે અને તે અર્થઘટન અનુસાર વેદાંતમાંના અદ્વૈતનો અર્થ દેહ, આત્મા અને સ્વરૂપ સમેત પ્રત્યેક વસ્તુનું એકત્વ થાય છે. એટલે કે જો સ્થૂલ જગતને સંપૂર્ણપણે માયા માનવામાં આવે તો માયા એટલે એક માત્ર બ્રહ્મનું જ અસ્તિત્ત્વ. બીજું બધું તો તેનું સ્વપ્ન. થોડાક જ આધુનિક ગુરુઓ માયાના આ અર્થઘટનને સ્વીકારે છે, કારણ કે તે અર્થઘટન તો ભારતમાં વિકસતા વિજ્ઞાનની શકયતાને જ અપ્રસ્તુત બનાવે. જે સંસ્કૃતિને સ્થૂલ વિશ્વ પ્રત્યે, તેના સાધ્ય, ઔચિત્ય અને મૂલ્ય પ્રત્યે ઊંચો અભિપ્રાય હોય તે સંસ્કૃતિમાં જ વિજ્ઞાન વિકસી શકે.

*પદાર્થ વિજ્ઞાનમાં*

પદાર્થ તથા ઊર્જાનું એકત્વ, વીજાણુઓના આંતર જોડાણો, અવકાશ અને સમયની સાપેક્ષતા અને વિષય તથા પદાર્થની અવિભાજ્યતા - આ સહુથી સ્વાભાવિક રીતે જ વિજ્ઞાનીઓને એમ માનવા પ્રેર્યા કે ભૌતિક વિશ્વ ફક્ત એક જ પ્રથા છે. આથી, બધા જ પાસાને સમજાવી શકે તેવો એક સરખો સિદ્ધાંત રચવા આપણે સમર્થ હોવા જોઈએ. અનેક વિજ્ઞાનીઓ માને છે કે જ્યારે સાપેક્ષતા અને નિયત પ્રમાણના સિદ્ધાંતો એક થશે ત્યારે સફળ ભવ્ય સંગઠિત સિદ્ધાંત (Ground Unification Theory) પ્રગટ થશે.

શું આવો સિદ્ધાંત માત્ર ભૌતિક વિશ્વની જ એકસરખી સમજણ આપશે કે પછી તેનાં બિનભૌતિક પરિમાણોનીય? દા.ત. એક ઊર્જા કેવી રીતે કામ કરે છે અને તે તેમ કેમ કરે છે તે પણ તે સમજાવશે? કે પછી બ્રહ્માંડના નિરીન્દ્રીય સ્તરે અસ્તિત્ત્વ ન ધરાવતા નિયમો તેના સેન્દ્રિય સ્તરે કેમ દેખાય છે? ખરેખર તો, વિજ્ઞાનનો અતિશય મૂળભૂત પ્રશ્ન તો એ છે કે ઊર્જાનું નિયંત્રાણ કરતા અને તેને ચોક્કસ બળ અને ક્રમ આપતાં નિયમો આવે છે કયાંથી? નિયમોના સર્જકને જાણ્યા વિના આપણે નિયમોમાં માની શકીએ?

જીંદગીના અંત સુધી ગ્રાન્ડ યુનાઈટેડ થિઅરી (ભવ્ય સંગઠિત સિદ્ધાંત) ને પામવા જે મથ્યો તે આઈન્સ્ટાઈને કલ્પનાય નહોતી કરી કે તે સર્જક અને સર્જનના એકત્વને નહિ પણ માત્ર ભૌતિક ક્રમના એકત્વને તપાસતો હતો. જ્યારે તેણે નિયત પ્રમાણના સિદ્ધાંતવાદીઓના સિદ્ધાંત અનિર્ણયાત્મકતા વિરુદ્ધ દલીલ કરી અને કહ્યું, 'હું માનતો નથી કે ઈશ્વર વિશ્વ સાથે જુગાર રમે છે.' ત્યારે તેણે એમ સૂચવ્યું કે બ્રહ્માંડને વ્યવસ્થિત કરતા નિયમો ખુદ ભૌતિક પ્રથાની બહારથી આવે છે અને તે અલગ હોય છે, વાસ્તવિકતાનો બિનભૌતિક પ્રદેશ હોય છે. જો એમ માની પણ લેવામાં આવે કે પદાર્થ વિજ્ઞાને ભૌતિક (સ્થૂલ) સર્જનનું એકત્વ પૂરવાર કરી દીધું જ છે તોય આ તબક્કે 'એકત્વ' એટલે સર્જક અને સર્જનનું એકત્વ તેવું સૂચવવા આ માન્યતાનો વિસ્તાર સાવ પરોક્ષ છે. જે પદાર્થ વિજ્ઞાનીઓ એમ વિચારતા હોય કે ચૈતન્ય સર્જક અને સર્જન બંને છે તેવું તેઓ માત્ર શ્રધ્ધાપૂર્વક જ વિચારે છે. તેઓ સ્વીકારે છે કે આવી ધારણા માટે તેમની પાસે કોઈ સૈદ્ધાંતિક ચોકઠું હજી સુધી નથી. તો પછી પ્રાયોગિક ન્યાયતાની તો વાત જ કયાં કરવી? દા.ત. કાપરા આશા રાખે છે કે એક દિવસ પદાર્થ વિજ્ઞાનીઓ એક એવો સંગઠિત સિદ્ધાંત રચશે કે જેમાં ચૈતન્યની સ્પષ્ટતાનો પણ સમાવેશ હશે.[૨૦]

આધુનિક પદાર્થ વિજ્ઞાનને મન 'એકત્વ' એટલે સ્થૂલ વિશ્વનું એકત્વ. પદાર્થ અને ચૈતન્યના એકત્વના મૂળનો હજી સુધી અભ્યાસ પણ નથી થયો. પણ જે બિનભૌતિક વાસ્તવિકતા સાથે આપણે જીવીએ છીએ તે જ માત્ર ચૈતન્ય નથી. સામાન્યપણે આપણે પ્રેમ, સૌદર્ય, નીતિ, સર્જકતા, સ્વતંત્રાતા, ભાષા, વ્યકિતમત્તાની સભાનતા વગેરેને બિનયાંત્રિક ઘટનાઓ ગણીએ છીએ એટલે જે તેમને પદાર્થ માનવાને બદલે વ્યકિતમત્તાનાં લક્ષણો માનીએ છીએ. તેમને ચૈતન્યનો અંશ પણ માનવામાં આવતા નથી. જંતુઓને ચૈતન્ય હોય છે, પણ સામાન્ય રીતે આપણે તેમને નૈતિક અને સૌંદર્યલક્ષી પસંદગીઓ ધરાવતી વ્યકિતઓ લેખે વિચારતા નથી.

વ્યકિતમત્તા સાચી છે કે મિથ્યા? પ્રેમ અને નીતિમત્તાઓ પણ શું પદાર્થ વિજ્ઞાનીઓ જે ભૌતિક ક્રમની વાત કરે છે તેનો જ અંશ છે? શર્લે મેકલેઈન કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર સ્ટેફન હોકિન્ગને મળવા ગયા હતા. આપણા સમયના એક અગ્રણી પદાર્થ વિજ્ઞાનીની સંમતિ તેમના 'એકત્વ' ના મતને મળે તે માટે તે ગયા હતા. તેમનો મત એવો હતો કે પદાર્થ

વિજ્ઞાનમાં 'એકત્વ' એટલે ઊર્જા તથા વ્યકિતમત્તાના એકત્વ સમેત પ્રત્યેક વસ્તુનું એકત્વ નૈતિક વર્તન અને પ્રેમ તે પદાર્થ વિજ્ઞાન જેની સાથે વ્યવહાર કરે છે તે વાસ્તવિકતાના સત્યના અંશ છે કે નહિ તે વિશે તેમના વાર્તાલાપમાં સવિશેષ વિચારણા થઈ હતી. કું. મેકલેઈને પ્રોફેસર હોકિન્ગને પૂછ્યું, 'તો પછી આપણે શું ઉત્ક્રાંતિ સાધીએ છીએ કે પછી આપણે આપણો નાશ કરીએ છીએ?'

'આપણે આપણો નાશ કરીશું એવી તક સાચે જ છે' તેમણે ઉત્તર આપ્યો. આગળ ચાલતાં તેમણે જણાવ્યું, 'આ વિશ્વ અને તેમાં રહેલી પ્રત્યેક વસ્તુ સુસ્પષ્ટ દર્શાવેલા નિયમોથી સમજાવી શકાય.'

'એટલે તમે એમ માનો છો કે અકસ્માત જેવું કંઈ છે જ નહિ?' મેં પૂછ્યું.

'સાચું.'

'તો પછી આપણું વર્તન પણ સુસ્પષ્ટ દર્શાવેલા નિયમોનો જ અંશ છે?' મેં પૂછ્યું.

'ના, આપણું વર્તન માનવ સ્વભાવનો અંશ છે' તેમણે ઉત્તર આપ્યો.

(આનો અર્થ એ કે નૈતિક વર્તન અંગત, બિનયાંત્રિક અને એટલે જ આગાહી ન કરી શકાય તેવું છે. પોતાનો નાશ કરવા કે વિકાસ કરવા માણસ સ્વતંત્ર છે. નૈતિકતા કે વ્યકિતમત્તા પદાર્થ વિજ્ઞાન જેની વાત કરે છે તે યાંત્રિક 'એકત્વ' ના ક્ષેત્રથી બહાર છે).

ત્યારપછી, કુ. મેકલેઈને પ્રેમના પ્રશ્નની ચર્ચા કરવા માંડી. તેમણે કહ્યું, 'તમે એમ કહ્યું કે નિયમો દ્વારા બધું સમજાવી શકાય.'

'હા.'

'ખેર! તેનો અર્થ એ કે વિશ્વ સંવાદિતાથી ચાલે છે, ખરું ને ?'

'હા.'

'ખેર! આ સંવાદી શકિત માયાળુ નથી?'

'હું જાણતો નથી કે શકિત અંગે માયાળુ જેવું કંઈ છે કે નહિ. હું વિશ્વ માટે માયાળુ શબ્દનું આરોપણ કરી શકું તેમ હું નથી માનતો.'

'તો કયા શબ્દોનો ઉપયોગ તમે કરી શકો?'

એક ક્ષણ વિચારી તે બોલ્યા, 'ક્રમ - વિશ્વ સ્પષ્ટ દર્શાવેલ ક્રમ છે.'[૨૧]

પ્રેમ અને નૈતિકતાના વ્યકિતમત્તાનો અંશ છે, તે યંત્ર નથી. પણ આ અંગત વિશિષ્ટ લક્ષણો બ્રહ્માંડની ભૌતિક ઊર્જાના એકત્વનો અંશ છે કે તેઓ સ્વતંત્ર વાસ્તવિકતાઓ છે? તેઓ બ્રહ્માંડના એકત્વનો અંશ નથી તેમ માનવું યોગ્ય છે. ભવ્ય સંગઠિત સિદ્ધાંત દ્વારા વિશ્વનું જે એકત્વ સમજાવી શકાય તેણે યાંત્રિક એકત્વ બનવું પડશે. જે બિનયાંત્રિક છે તે ગાણિતીક

સમીકરણોમાં સુસંગત ન થાય. તે જે હોય તે. પણ કમ સે કમ આપણે સંપૂર્ણ ચોકસાઈ સાથે એટલું તો કહી શકીએ કે હજી સુધી પદાર્થ વિજ્ઞાને આ પ્રશ્નોનો અભ્યાસ પણ શરૂ કર્યો નથી. પદાર્થ વિજ્ઞાનીઓને મન 'વિશ્વનું એકત્વ' એટલે માત્ર ભૌતિક, બિનઅંગત, યાંત્રિક વિશ્વનું એકત્વ. ડૉ. ફ્રેડ સ્કીપ દલીલ કરતાં કહે છે કે પદાર્થ વિજ્ઞાનમાં સંગઠન એટલે માહિતી આપવા માટે જરૂરી એવો સામાન્ય આધાર શોધવો. જ્યારે રહસ્યવાદમાં સંગઠન એટલે સામાન્ય, અભેદયુકત એકતા અને તેમ કરી વસ્તુઓ વચ્ચેની બધી જ સીમાઓ ભૂંસવી. આ બંને સંપૂર્ણપણે ભિન્ન ખ્યાલો છે.

આથી, વીજાણુઓના આંતર જોડાણ, વ્યકિતમત્તા અને પદાર્થના એકત્વ સમેત પ્રત્યેક વસ્તુનું નિ:શેષ એકત્વ પૂરવાર કરે છે તેમ દૃઢપણે કહેવાનો પ્રયત્ન વધુમાં વધુ અવૈજ્ઞાનિક અનુમાન છે. ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં, સિદ્ધાંતવાદીએ તેને સર્જનને સર્જક બનાવતી ક્રૂર - રાક્ષસી છલના કહેવા પ્રેરાય. બરાબર, એદનની વાડીમાં શેતાને હવાને કહ્યું હતું, 'તમે ઈશ્વરના જેવા થશો' (ઉત્પત્તિ ૩:૫) તેવું જ.

## વેદાંતમાં અને પદાર્થ વિજ્ઞાનમાં બ્રહ્મ અને માયા

ડેવિડ બોહમ્‌ના 'ધ્વનિત - સૂચિતક્રમ' કે તેઈલહાર્દ દે ચાર્દિનના 'ભીતરમાં રહેલા' સાથે વેદાંતના બ્રહ્મનું સામ્ય જોવું તેય આકર્ષક છે, કારણ કે વેદાંતમાં તેને પ્રગટ વાસ્તવિકતાના અપ્રગટ આધાર લેખે જ કલ્પવામાં આવ્યો છે. તે જ રીતે, કેટલાક લોકો માયાને 'અધ્વનિત - અસૂચિત ક્રમ' અથવા તો વસ્તુમાં 'અભાવ' ના સામ્ય તરીકે જોવા કેમ પ્રેરાય છે તે સમજવું કપરું નથી. વેદાંત કહે છે કે માયાની શકિતથી અગોચરમાંથી ગોચર પ્રગટ થાય છે અને તેથી તે માયા છે. પણ ગહન અભ્યાસ દ્વારા માલૂમ પડે છે કે વેદાંતમાંના બ્રહ્મ તથા માયાના ખ્યાલો હકીકતમાં તો 'નવા પદાર્થ વિજ્ઞાન' ના કથન કરતાં સાવ ભિન્ન છે.

પદાર્થ વિજ્ઞાનની પ્રમુખ શોધ એ છે કે સ્થૂલ જગતનો અપ્રગટ આધાર જે છે તે ઊર્જા ગતિશીલ અને સક્રિય છે. ઊર્જા સ્વયં સર્જાતી નથી કે નાશ પામતી નથી, છતાંય ઊર્જાના પોટલાં સતત સર્જાય છે, નાશ પામે છે. તે મનની પ્રસ્થાન ગતિએ નહિ, પરંતુ કોમ્પ્યુટરના પ્રસ્થાન વેગે ગતિ કરે છે. બીજી બાજુ અને સાપેક્ષ રીતે કહેતાં પદાર્થનું જગત સ્થિર, નક્કર અને આગાહી કરી શકાય તેવું છે.

તેથી વિરુદ્ધ વેદાંત તો કહે છે કે અપ્રગટ બ્રહ્મ અગતિશીલ, અપરિવર્તનીય, નીરવતા અને અસ્તિત્ત્વવિહીનતા છે. ગતિશીલ અને સતત પરિવર્તન કે વિનાશપાત્ર માયાનું તે પ્રગટ જગત છે. સ્વામી રંગનાથાનંદ ઈશઉપનિષદ પરની પોતાની ટીપ્પણીમાં સફળતાપૂર્વક લખે છે તેમ, વેદાંત એક અને એ જ આદિકામના અદ્વૈત સત્યના નિષ્ક્રિય સ્વરૂપ તરીકે બ્રહ્મ અંગે સક્રિય સ્વરૂપ તરીકે માયા અથવા શકિત અંગે વાત કરે છે.[૨૨]

જો અદ્વૈતવાદી હિન્દુનો રહસ્યવાદી અનુભવ ખરેખર પરમ સત્યનો અનુભવ હોય, તો તે અનુભવ સ્થિર નહિ, પણ ગતિશીલ સ્થૂલ જગતના ધ્વનિત - સૂચિત ક્રમના અનુભવ સિવાય અન્ય કશું હશે. તદ્‌ઉપરાંત વેદાંતમાંનો આ અનુભવ સ્થૂલ વાસ્તવિકતાના મૂળને પામવાના નહિ, પણ તેનાથી દૂર જવાના અનુભવ તરીકે સમજાશે.

જો રહસ્યવાદી બનેલો વિજ્ઞાની પ્રત્યક્ષ, સભાન અનુભવ દ્વારા ભૌતિક વાસ્તવિકતાના મૂળ કે અર્કને એવી રીતે પામી શકયો હોત કે જેથી તે વૈશ્વિક મન સાથે એક બને તો તે ભવ્ય સંગઠિત સિદ્ધાંત સાથે અને વિશ્વના વૈજ્ઞાનિક, તકનિકી અને પર્યાવરણીય પ્રશ્નો સાથે આવશે તેવી આશા આપણે રાખી શકતા. મહર્ષિ મહેશ યોગી સ્વીકારે છે કે પરમ સત્યના અનુભવનું ઉપર્યુકત પરિણામ જ હોવું જોઇએ. પણ પરંપરાગત રીતે રહસ્યવાદના તર્કે રહસ્યવાદીને ભૌતિક વાસ્તવિકતામાં રસ ખોવા જ પ્રેર્યો. રામકૃષ્ણ પરમહંસને જ્ઞાન પ્રાપ્તિમાં માર્ગદર્શન આપનાર તોતાપુરિ વિશિષ્ટ છે. તેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું ચાલીસ વર્ષ સુધી.

> મધ્ય ભારતમાં આવેલી પવિત્ર નર્મદા નદીના તટે અવિરત તપ કર્યા પછી અદ્વૈત વેદાંતના તેના પ્રશ્નનું નિર્વિકલ્પ સમાધિના અનુભવનું, બિનઅંગત બિનશરતી સ્થિતિનું ફળ તેને મળ્યું. આ શુભ અનુભવ પ્રાપ્ત કરીને પોતાના બ્રહ્મને સત્ય તરીકે સ્વીકારી અને જગતને માયા તરીકે નિહાળી તોતાપુરિ એક સ્થળેથી બીજે સ્થળે પોતાના કશાય ઉદ્દેશ વિના ભટકાયા. તોતાપુરિએ આકાશના ચંદરવા નીચે, આંધી અને તડકામાં સપ્નાન સ્થિતિમાં ભિક્ષા માંગી જીવન વિતાવ્યું.[૨૩]

હું વ્યકિતગત રીતે બે પદાર્થ વિજ્ઞાનીઓને ઓળખું છું. તે બંને રહસ્યવાદીઓ બની ગયા છે. એક હિંદુ અને બીજો બૌદ્ધ. તેમની જીવનશૈલી તોતાપુરિની જીવનશૈલી જેવી જ છે. ફેર માત્ર એટલો કે તેઓ કપડાં પહેરે છે. તેઓ કબૂલે છે કે આ તેમનો એવો એક રહસ્યમય અનુભવ છે કે જે તેમને સ્થૂલ વાસ્તવિકતાથી દૂર દોરી જાય છે અને તેની ઊંડી, સંપૂર્ણ મૂલવણ સુધી નહિ.

રહસ્યમય અનુભવ જે હોય તે. પણ વિજ્ઞાનીએ જેને પકડમાં લેવાની છે તે સ્થૂલ વાસ્તવિકતાના અર્કનો અનુભવ તે લાગતો નથી. વૈજ્ઞાનિક સંશોધનના ક્ષેત્રમાંથી વ્યકિતને દૂર લઇ જવાનું તેનું વલણ છે. આથી તે સિદ્ધાંત સ્વીકારવો સરળ છે જ.

એમ કહેતો હોય કે આધુનિક વિજ્ઞાનના તારણો રહસ્યવાદ તરફ નિર્દેશ કરે છે અથવા તો રહસ્યવાદી, અદ્વૈતવાદી ફિલસૂફી આધુનિક વિજ્ઞાનને બૌદ્ધિક ચોકઠું પૂરું પાડે છે. વ્યકિત નિષ્કર્ષ પર તો જ આવે જો તે પદાર્થ વિજ્ઞાન અને રહસ્યવાદ વચ્ચેનાં સામ્યોને ઉપરથલ્લી રીતે જોતી હોય.

## વેદાંત અને વિજ્ઞાનમાં ઇન્દ્રિયો અને તર્ક

તે સાચું છે કે વેદાંત સ્પષ્ટપણે બોધ આપે છે કે જો આપણે વિશ્વનું સાચું સ્વરૂપ જાણવા માગતા હોઇએ, તો ઇન્દ્રિયો અને તર્ક પરનો આધાર છોડી દેવો જોઇએ. તેમના અધિકૃત ગ્રંથ 'Bliss Divine' માં સ્વામી શિવાનંદ અસંદિગ્ધપણે કહે છે કે 'આપણે સાધના અને સમાધિ દ્વારા સભાનપણે મન-બુદ્ધિનો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ તેવો વેદાંતનો મત છે.'[૨૪] વળી તે કહે છે, 'તમારા ગુરુની પસંદગીમાં બુદ્ધિનો ઝાઝો ઉપયોગ ન કરો.'[૨૫] પુરાણકથાઓનો અભ્યાસ તમે કરતા હો ત્યારે તમારી બુદ્ધિને સારા એવા અંતરે રાખો. બુદ્ધિ અવરોધ છે.[૨૬] જે તમને ઈશ્વર (બ્રહ્મ) થી અલગ કરે છે તે મન છે.[૨૭]

વેદાંત તો કહે છે કે બુદ્ધિ-મન તે જ આપણાં અજ્ઞાન અને બંધનનું કારણ છે. રહસ્યવાદી અનુભવ મેળવવાની કે સત્યનું સાચું સ્વરૂપ જોવાની પ્રક્રિયાઓ મનને ઓળંગી જવાની અથવા તો સ્વ. ઓશો રજનીશ વારંવાર કહેતા હતા તેમ 'મનને મારવાની' પ્રક્રિયાઓ છે. બીજી બાજુ, નવા પદાર્થ વિજ્ઞાનને વૈજ્ઞાનિક રીતોની અસરકારકતાને લગીરે ઓછી આંકી નથી.

*વાસ્તવિકતાનું ઈન્દ્રિયગત નિરીક્ષણ*

તે સાચું છે કે આપણી ઈન્દ્રિયો આપણને છેતરે છે. રોજ જ્યારે સૂર્ય પૂર્વમાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે, ત્યારે આપણે એવું ધારીએ છીએ કે સૂર્ય પૃથ્વીની આજુબાજુ ભ્રમણ કરે છે. જો કે સાચી હકીકત તો તેનાથી વિરોધી છે અને આ હકીકત ઈન્દ્રિયગત નિરીક્ષણના અસ્વીકારથી નહિ પણ પ્રકૃતિની પરિસ્થિતિના નિરીક્ષણમાં વધુ ચોકસાઈથી જાળવવાની જાણવા મળી.

આપણે પદાર્થને નક્કરરૂપે જોઈએ છીએ. આથી અણુઓ અથવા ગૌણ આણ્વિક કણો નક્કર હોવા જોઈએ તેવું ધારવું સહેલું છે. પણ આપણે જાણીએ છીએ કે સત્ય તો તેથી વિરુદ્ધ છે. પણ આ સત્ય આપણા ઈન્દ્રિયગત નિરીક્ષણોમાં અને તેના તાર્કિક નિષ્કર્ષમાં વધુ સાવધ રહેવાથી આપણે જાણીએ છીએ.

*નિરીક્ષણમાંથી તાર્કિક નિષ્કર્ષ*

સ્વામી રંગનાથાનંદ માટે તે કહેવું સહેલું છે, 'જો હકીકત તર્કમાં બંધબેસતી ન થાય તો તર્કે બંધબેસતા થવું જોઈએ.' પણ પ્રશ્ન તો એ છે કે હકીકતો કઈ છે તે આપણે કેવી રીતે જાણીએ?

કાન્ટની બીજી ભૂલો ગમે તે હોય, પણ તર્ક અગાઉથી કરેલું અનુમાન છે તેવા તેના આગ્રહમાં તે સાચો હતો. તર્કની પ્રમાણભૂતતા આપણે ધારી ન શકીએ. કોઈપણ હકીકતો આપણે જાણી ન શકીએ. આપણે ધુમાડો અને અગ્નિ જોઈએ, પણ કાર્યકારણના નિયમને - કાર્ય (અસર-પરિણામ) ને કારણ હોય છે તેને - પ્રથમ અનુમાન્યા સિવાય આપણે તે નિષ્કર્ષ પર ન આવી શકીએ કે અગ્નિને કારણે ધુમાડો થયો છે. કાર્યકારણનો નિયમ તર્કનો મૂળભૂત નિયમ છે.

પ્રકાશ કણ અને મોજારૂપે દેખાય છે. તે વિરોધાભાસ એમ સૂચવતો નથી કે અવિરોધનો નિયમ નિરુપયોગી છે. તે વિરોધાભાસ એમ નથી સૂચવતો કે સફરજન કેળું પણ થઈ શકે. આથી જ, આપણે તેના અવકાશ પરિમાણને કણ તરીકે ને તેના સમય પરિમાણને મોજા તરીકે વર્ણનીએ છીએ. પદાર્થ વિજ્ઞાનીઓ તેને હવે 'વેવિકલ' નામે ઓળખવું પસંદ કરે છે. આ શબ્દનો આપણે માટે કશો નક્કર અર્થ નથી, કારણ કે આપણા દૃષ્ટિગોચર અનુભવમાં તેના જેવું બીજું કશું નથી. પણ તે એક એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરે છે કે અત્યારે જો આપણી ભાષા એક ચોક્કસ વાસ્તવિકતાને યોગ્ય રીતે વર્ણવી ન શકતી હોય તો ભાષાને નાબૂદ કરવાની જરૂર નથી, પણ નવો શબ્દ કે વાકય બનાવવાની જરૂર છે.

તે જ રીતે, વીજાણુઓના વર્તનમાં 'અચોક્કસતા' છે, કારણ કે 'સ્થાનિક' છુપાં પરિવર્તનો કે કારણો નથી. આથી, એમ પૂરવાર નથી થતું કે આ વર્તનને સમજાવે તેવા 'અસ્થાનિક' છુપાં કારણો છે. પ્રશિષ્ટ વિજ્ઞાન અને નિયમ પ્રમાણ વિજ્ઞાનમાં સંભવિતતાના ખ્યાલ વચ્ચે ભેદ પાડીને કાપરા પોતે આ સાવ સરળતાથી સમજાવે છે. તે કહે છે કે,

> જ્યારે આપણે પાસા ફેંકીએ છીએ ત્યારે જો આપણે સંડોવાયેલા પદાર્થોની સઘળી વિગતો - પાસાની ખરેખરી રચના, જેના પર તે પડે છે તે સવારી વગેરે અંગે જાણતા હોઈએ તો સૈદ્ધાંતિક રીતે આપણે પરિણામની આગાહી કરી શકીએ. આ વિગતો સ્થાનિક પરિવર્તનો કહેવાય છે, કારણ કે તે સંડોવાયેલા પદાર્થની ભીતર વસે છે. સ્થાનિક પરિવર્તનો આણ્વિક અને ગૌણ આણ્વિક પદાર્થ વિજ્ઞાનમાંથી મહત્ત્વના છે. અહીં તેઓ પૂર્વ નિયોજિત સંદેશાઓ દ્વારા અવકાશગત રીતે અલગ થયેલી ઘટનાઓ વચ્ચેનાં જોડાણો - કણો અને કણોના નેટવર્ક - દ્વારા અલગ પડાયેલા છે. અવકાશગત અલગતાનો સામાન્ય નિયમ અહીં પળાયો છે. દા.ત. પ્રકાશની ગતિ કરતાં કોઈ સંદેશો વધુ ત્વરાએ સંક્રાન્ત થઈ શકે નહિ. પણ આ સ્થાનિક જોડાણોની પાર પણ બીજા અસ્થાનિક જોડાણો છે અને તે ક્ષણવારમાં જ થતાં હોય છે અને અત્યારે ચોક્કસ ગાણિતીક રીતે તેમની આગાહી ન થઈ શકે. આ અસ્થાનિક જોડાણો નિયત પ્રમાણ વાસ્તવિકતા અર્ક છે. પ્રત્યેક ઘટના સમગ્ર વિશ્વ દ્વારા પ્રભાવિત છે અને જો કે આપણે આ પ્રભાવને વિગતે વર્ણવી શકતા નથી તોય આંકડાશાસ્ત્રને લગતા નિયમોના સંદર્ભે સમજાવી શકાય તેવા કશાક ક્રમને આપણે ઓળખીએ છીએ.[૨૮]

કાપરાનો આ એકરાર અગાઉના મતથી - જે મત મારિલીન ફર્ગ્યુસનની 'Auqarian Conspiracy' જેવાં પ્રભાવક પુસ્તકોમાં પ્રગટ હતો તે મતથી સાવ પાછો હઠે છે. ત્યાર પછી નવા યુગના ચિંતકોએ ધારી લીધું કે છુપાં પરિવર્તનોની ગેરહાજરીએ તે પૂરવાર કર્યું કે કાર્યકારણ જેવા તર્કના નિયમો નિરુપયોગી હતા. આથી, તેઓએ દલીલ કરી કે આપણે આપણાં ઈન્દ્રિયો અને તર્કનો વિશ્વાસ કરી શકયા ન હોવાથી આપણે એમ ન ધારી શકીએ તે આપણા ચૈતન્યની બહાર પરલક્ષી વિશ્વ અસ્તિત્ત્વ ધરાવે છે. ફર્ગ્યુસને દલીલ કરી કે બુદ્ધિ પુનરાવર્તનોને સ્વીકારતી હોવાથી આપણે એમ ધારી ન શકીએ કે આ પુનરાવર્તનો સાચાં, ભૌતિક જગત દ્વારા સર્જાય છે.

ન્યુરો સાયન્ટિસ્ટ કાર્લ પ્રિમ્બારામ તથા પદાર્થ વિજ્ઞાની ડેવિડ બોહમ્‌ના નિષ્કર્ષોને આધારે ફર્ગ્યુસને દલીલ કરી કે આ વિશ્વ હોલોગ્રામ અથવા માયા છે. તે અભિપ્રાય સાથે 'The Tao of Physics' માં સંમત થાય છે. પણ 'The Turning Point' માં તે ભીષણ પરિસ્થિતિમાંથી પાછો હઠીને એમ કહે છે, 'ડેવિડ બોહમ્ જાણે છે કે હોલોગ્રામ તે એક એવો સ્થાયી શબ્દ છે કે તેનો ઉપયોગ ગૌણ આણ્વિક કક્ષાએ સૂચિત ક્રમ માટેના વૈજ્ઞાનિક આદર્શ માટે ન થઈ શકે. બોહમ્‌નો સિદ્ધાંત હજી અસ્થાયી છે.' અને વળી કહે છે, 'આ વિશ્વ હોલોગ્રામ નથી.'[૨૯] બીજા શબ્દોમાં કહીએ તો વિશ્વ પાસે વાસ્તવિકતા, તર્કસંગતતા અને તેનો ખુદનો ક્રમ હશે. તે આપણા ચૈતન્યથી સ્વતંત્ર હશે પણ તેના દ્વારા જ જાણી શકાય તેવો છે.

ઉપરની ચર્ચા વળી પાછા આપણને વિજ્ઞાનના કોયડા પર લાવી મૂકે છે. આ વિશ્વને સુગ્રાહ્ય બનાવે છે શું? જો એમ ધારવામાં આવે કે વિશ્વ અંધ તકનું જ ઉત્પાદન છે - નિર્માણ છે, તો 'નવા યુગ' વિજ્ઞાનવાદનો કરેલો અસ્વીકાર વ્યાજબી છે. બીજી બાજુ 'નવા યુગ' ના દાવા પ્રમાણે જો આપણે વિશ્વને ચૈતન્ય હોવાનું ધારીએ તો તે વિશ્વ બુદ્ધિ તથા તર્ક અને ભૌતિક વિશ્વ અને તેના નિયમો માનવમનથી સ્વતંત્ર, પરલક્ષીપણે અસ્તિત્ત્વ ધરાવે છે તેવો વિજ્ઞાનની

પૂર્વધારણાની પાર જઈને રહસ્યવાદી અનુભવમાં જ 'પામી' શકાય. જ્યાં સુધી વિજ્ઞાન અને પ્રકૃતિને સર્જવાની તેની શકિતને નિસબત છે ત્યાં સુધી આ ફિલસૂફી અગાઉ કહ્યું તેમ નિષ્ફળ નીવડી છે. 'The Unknown Christ of Hinduism' પુસ્તકથી પ્રસિદ્ધ થયેલા ડૉ. રાયમૂંડો પાણિકર સ્વીકારે છે કે હિંદુ ધર્મમાંનો બ્રહ્માંડના ક્રમ (ઋત) નો જે ખ્યાલ છે તે નીતિમત્તા, ચિંતન, વિજ્ઞાન અને ટેકનોલોજીને રદ કરે છે. જિનાઈન મિલરના પુસ્તક 'The Vision of Cosmic order in the Vedas' ની પોતાની પ્રસ્તાવનામાં પાણિકર લખે છે:

> ઋતનો કોઈ નિયમ નથી. જે ઋત છે અને ઋત સુમેળ છે. પણ આ સુમેળ કોઈ અંતિમ નિયમને આધીન નથી. તેની પાછળ બુદ્ધિમન નથી. આપણે તાર્કિક વિશ્વમાં અથવા તો નિયમથી શાસિત વિશ્વમાં રહીએ છીએ તેવી માન્યતાથી ભિન્ન તેવા મૂળભૂત માનવ અનુભવનું પ્રતિબિંબ એટલે ઋતના વિશ્વમાં નિવાસ. ઉપનિષદો પાછળથી આ જ વાતનું આરોપણ કરશે. હોવું મુકત છે. છેવટે વિચારવામાંથી પણ. આખરી તબક્કે નૈતિક ધોરણોની જરૂર નથી. આખરી પ્રશ્નો અંગે ભય, પશ્ચાતાપ કે ચિંતાની જરૂર નથી. ઋત છે પણ આશ્રય લેખે નહિ, પ્રત્યેક વસ્તુને નિયંત્રિત કરવાની, સહુ વસ્તુઓ અંગે નિશ્ચિત થવાની, પ્રત્યેક વસ્તુ જાણવાની કશી જરૂર નહિ.[૩૦]

ઉપર્યુકત વાતથી સ્પષ્ટ થાય છે કે રહસ્યવાદી વિચારનો વૈશ્વિક ક્રમ સમકાલીન વિજ્ઞાનના સિદ્ધાંતોને સતત અને સુસંગત દાર્શનિક ભૂમિકા પૂરી પાડવાને બદલે હકીકતમાં વિજ્ઞાનના મૂળ આધાર અને શકયતાને હાનિ પહોંચાડે છે. જો આવું જ હોય તો કેટલાક વિજ્ઞાનીઓને રહસ્યવાદ તરફ શું આકર્ષે છે?

હું તો એમ સૂચવું છું કે આ આકર્ષણ નકારાત્મક છે. હવે હું તે દર્શાવીશ.

## વિજ્ઞાન અને હિંદુ, તાઓવાદી અને બૌદ્ધ દષ્ટિકોણો વચ્ચે સંબંધ

૧૬૬૦ દરમ્યાન રોયલ સોસાયટી ફોર સાયન્સ સ્થાપવામાં પ્યુરિટનો અને એંગ્લિકનોએ નિર્ણયાત્મક ભૂમિકા ભજવી હતી. કારણ કે તેઓ બાઈબલને પ્રતિબધ્ધ હતા. તેઓ પ્રકૃતિને સમજે અને તેના પર વર્ચસ્વ ભોગવે તેવું ઈશ્વર ઈચ્છે છે એવું તેઓ માનતા હતા. 'English Social History' માં જ્યોર્જ એમ. ટ્રેવેલ્યન લખે છે:

> રોબર્ટ બોયલે, આઈઝેક ન્યૂટન અને રોયલ સોસાયટીના પ્રથમ સભ્યો ધાર્મિક પુરુષો હતા. તેમણે હોબ્સના નાસ્તિકતાવાદી સિધ્ધાંતને અમાન્ય ગણ્યા હતા. પણ તેમણે વિશ્વમાં રહેલા નિયમોના ખ્યાલથી અને સત્ય જાણવા માટેની માહિતીની વૈજ્ઞાનિક પ્રથાઓથી પોતાના દેશવાસીઓના મનને પરિચિત કર્યા હતા. એમ મનાતું હતું કે આ પ્રથાઓ બાઈબલના ઈતિહાસ અને દિવ્ય ધર્મ સાથે અસંગત એવા કોઈ પણ નિષ્કર્ષો પર દોરી નહિ જાય. આ જ વિશ્વાસ - શ્રધ્ધામાં ન્યૂટન જીવ્યો અને મર્યો.[૩૧]

ટ્રેવેલ્યનના નિરીક્ષણો યાદ રાખવા માટે મહત્વનાં છે, કારણ કે ચર્ચ અને વિજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ રોયલ સોસાયટીની સ્થાપના પહેલાંનો કયારનોય પ્રારંભાઇ ગયો હતો. આ સંઘર્ષ થવાનું કારણ એ હતું કે એરિસ્ટોટલની ભૂકેન્દ્રિય ખગોળશાસ્ત્ર જેવી બાઇબલની નહિ એવી ચર્ચની કેટલીક માન્યતાઓ સાથે વૈજ્ઞાનિક નિરીક્ષણો સુસંગત નહોતા થતા. આ તબક્કે વિજ્ઞાન અને બાઇબલના દૃષ્ટિકોણ વચ્ચે કોઇ સંઘર્ષ નહોતો. દા.ત. પૃથ્વીની આસપાસ સૂર્ય ફરતો નથી, પણ સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે તેવું કહેવાને માટે જ્યારે રોમન ચર્ચે કોપર્નિકસ અને ગેલિલિઓ પર સખત ટીકા કરી ત્યારે ગેલિલિઓએ (૧૫૬૪-૧૬૪૨) કોપર્નિકસની સુસંગતિના બચાવ તથા બાઇબલ પર લખ્યું. ગેલિલિઓ પર જે મુકદમો ચાલ્યો તેનું કારણ આ પણ એક હતું. પણ જ્યારે વૈજ્ઞાનિકો ક્રમશ: પ્રકટીકરણ (સાક્ષાત્કાર) પરનો વિશ્વાસ ખોતા થયા અને વૈજ્ઞાનિક પ્રથાઓથી જ જે પૂરવાર થાય તેના પર જ વિશ્વાસ રાખતા થયા, ત્યારે ખુદ સર્જકમાં વિશ્વાસ રાખવોય અવૈજ્ઞાનિક મનાવા લાગ્યો.

જ્યારે વિજ્ઞાનવાદે બુદ્ધિ અને વિશ્વાસ - શ્રધ્ધાને સંપૂર્ણપણે છૂટા પાડવાનો આગ્રહ રાખ્યો ત્યારે ખ્રિસ્તી ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ પૂરવેગે અનિવાર્ય બન્યો. મા (ખ્રિસ્તી ધર્મ) અને બાળક (વિજ્ઞાન) વચ્ચેની નાળ કપાઇ ગઇ અને મોટા ભાગના પાશ્ચાત્ય ખ્રિસ્તી ધર્મે સ્વર્ગના પિતામાંનો વિશ્વાસ પસંદ કર્યો અને બળવાખોર બાળક પ્રત્યેની પોતાની વફાદારી છોડી દીધી. બુદ્ધિ અને વિશ્વાસની અલગતાએ ખ્રિસ્તી ધર્મ તથા વિજ્ઞાન બંનેને નબળાં પાડયાં છે. બૌદ્ધિક ક્ષેત્રમાંથી ચર્ચે ખુદને એકલું પાડયું અને વિશ્વાસ તથા અંગત ધર્મનિષ્ઠામાં જ વ્યસ્ત રહ્યું. તો સમજુ સર્જકમાંનો વિશ્વાસ છોડી દઈને બુદ્ધિ પણ પોતાના પગ પર ઝાઝીવાર ઊભી ન રહી શકી. જો વિશ્વ અવ્યવસ્થિત તકનું ઉત્પાદન હોય તો તે બુદ્ધિ વડે કેમ સમજાય? પ્રારંભથી જ વિજ્ઞાનવાદ તે અસંગત અને પોતાને પરાજિત કરતું દર્શન હતું. પણ બારમાં સૈકાના પ્રારંભમાં વિજ્ઞાને બળ મેળવ્યું અને ખ્રિસ્તી ધર્મ નબળો બન્યો. તેથી તે અસરકારક રીતે ન દર્શાવી શકયો કે બુદ્ધિ અતર્કસંગત વિશ્વને સુગ્રાહ્ય કદાચ ન કરી શકી અને વિજ્ઞાનવાદ તો વસ્ત્રો વિનાનો સમ્રાટ હતો.

વિજ્ઞાનવાદની ભીતર રહેલો આ નહિત વિરોધ જેવો છતો થયો અને તે બુદ્ધિમાંનો પોતાનો વિશ્વાસ તાર્કિક રીતે રક્ષી શકયો નહિ કે તરત જ હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને તાઓવાદીને વિજ્ઞાનવાદની અસંગતિ પર હુમલો કરવાનો રહ્યો. હિંદુ ધર્મ વિજ્ઞાનવાદ પર હુમલો કરી શકયો, કારણ કે ખ્રિસ્તી ધર્મને વિજ્ઞાન સાથે જે પ્રકારના પ્રશ્નો હિંદુ ધર્મને કયારેય નહોતા. વિજ્ઞાન પૂરબહારમાં હતું ત્યારેય વિજ્ઞાનવાદ સામે હિંદુ ધર્મને કયારેય તરવાર ખેંચવી નહોતી પડી. અને આમ, વિજ્ઞાન તેના મૂળમાંથી કપાઇ જતાં, બુદ્ધિમાં પોતાનો વિશ્વાસ રક્ષવા અસમર્થ બની સાવ હુમલાપાત્ર બન્યું. વિજ્ઞાનવાદની ખોટ, હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને તાઓવાદીનો નફો બની.

> પણ રાણી ફ્રેડરિકા જેવી સંનિષ્ઠ વ્યકિતઓ દ્વારા જેના પર ધ્યાન નથી અપાતું તે છે વિચારની પદ્ધતિઓ. જેમ કે હિંદુ ધર્મને વિજ્ઞાન સાથે કોઇ સંઘર્ષ નહોતો, કારણ કે આપણે પાછળથી જોઇશું તેમ હિંદુઓ કયારેય વિજ્ઞાનને ન ઊપજાવી શકયા કે ન ઉછેરી શકયા. હિંદુ ધર્મ વિજ્ઞાન ન ઊપજાવી શકયો એમ કહેવું એટલે ભારત પાસે વૈજ્ઞાનિક બુદ્ધિપ્રતિમા નહોતી એમ નહિ. પણ બે કારણોસર તે વિજ્ઞાનમાં ન પરિણમી. પ્રથમ તો હિંદુ ધર્મના અનેક દેવતાવાદે પ્રાકૃતિક બળોનું દૈવીકરણ કર્યું અને ઉત્પત્તિ (સૃષ્ટિ) ની ઉપસાના શીખવી.

> આથી, ભારતીય મન પ્રકૃતિ ઉપર વર્ચસ્વ મેળવવા માટે અતિશય નબળું બન્યું. પાછળથી, હિંદુ ધર્મના અદ્વૈતવાદે ભૌતિક વિશ્વને માયા કહ્યું. અને આને પરિણામે પ્રકૃતિના પદ્ધતિસરના અભ્યાસની કેડીની શકયતા ઓછી કરી. આ મુદ્દે હિંદુ ધર્મ માટે જે સત્ય છે તે તાઓવાદ - ચીની દૃષ્ટિકોણ માટેય સત્ય છે. વિશ્વ અંગે વહેલી અને ઊંડી સમજણ હોવા છતાંય ચીનાઓ આ સમજણને સંપૂર્ણ વિજ્ઞાનમાં ન વિકસાવી શકયા. ચીનના વિજ્ઞાન અને સંસ્કૃતિ પરના અભ્યાસના અધિકૃત પાંચ ગ્રંથો લખી સુખ્યાત બનેલા જોસેફ નીધામ 'The Grand Titration' (૧૯૬૯) માં કહે છે કે તેમના દૃષ્ટિકોણમાં તો એવો વિશ્વાસ જ નહોતો કે પ્રકૃતિની નિયમસંહિતા કયારેય પ્રગટ કરી શકાય કે વાંચી શકાય. કારણ કે એવી કોઈ ખાતરી નહોતી કે આપણા કરતાંય વધુ તર્કસંગત એવા દિવ્ય વ્યકિતત્વને વાંચી શકાય એવી કોઈ સંહિતા કયારેય ઘડી છે.[૩૨]

બ્રહ્માંડ મૂળભૂત રીતે દુરિત છે અને યાતનાનું મૂળ છે એવું કહીને બૌદ્ધધર્મે હિંદુ ધર્મના વિજ્ઞાન વિરોધી મંતવ્યને સમર્થન આપ્યું. બુદ્ધને મન તો. આપણે બહારના જગત પ્રત્યે દૃષ્ટિ મીંચવી અને ભૌતિક સંવેદના તથા બૌદ્ધિક વિચારો પ્રત્યે મનના દ્વારો બંધ કરવા તે જ્ઞાન માટેની આવશ્યકતા છે. બુદ્ધને મન તો, માનવ ચૈતન્યની ભીતર જ શુભ રહેલું છે.

કાપરા પોતે કબૂલે છે કે પશ્ચિમમાં બાઈબલ આચ્છાદિત મનને કારણે આધુનિક વિજ્ઞાન સંભવિત બન્યું.

> નિયમો આપનાર - ઘડનાર દિવ્ય (વ્યકિત) છે તેવી યહૂદી - ખ્રિસ્તી પરંપરામાં ઊંડા મૂળ નાખીને રહેલી માન્યતામાંથી જ પ્રકૃતિના મૂળભૂત નિયમોને ખ્યાલ ઉત્પન્ન થયો છે. થોમસ એકિવનાના શબ્દોમાં કહીએ તો એક શાશ્વત - સનાતન નિયમ છે એટલે ઈશ્વરના મનમાં અક્કલ રહેલી છે અને તે સમગ્ર વિશ્વનું શાસન કરે છે.

> આ પ્રકૃતિના સનાતન, દિવ્ય નિયમના ખ્યાલે પાશ્ચાત્ય ફિલસૂફી અને વિજ્ઞાન પર ગાઢ પ્રભાવ પાડયો. ઈશ્વરે પ્રકૃતિમાં જે છ નિયમો મૂકયા છે તે અંગે દેસ્કાર્તસે લખ્યું હતું. અને ન્યૂટન માનતો હતો કે તેના વૈજ્ઞાનિક કામનું ઊંચામાં ઊંચું લક્ષ્ય. ઈશ્વરે પ્રકૃતિ પર આરોપિત આ છ નિયમોની સાક્ષી આપવાનું છે.[૩૩]

બૌદ્ધ ધર્મથી વિરુદ્ધ બાઈબલનો દૃષ્ટિકોણ તો એવો આગ્રહ રાખે છે કે ઈશ્વરે માણસના ભૌતિક તેમજ સામાજિક વાતાવરણને જ આપણા આનંદ (એદન) નો સાચો સ્રોત માન્યો હતો. પતન પછી જ આ પૃથ્વી 'કાંટાઝાંખરા' ઉત્પન્ન કરે છે. પણ તેને આપણા વહીવટ નીચે લાવવાની છે અને તેને આપણને, સહુને, આવનારી પેઢીને ય ઉપયોગી બનાવવાની છે.

## વિજ્ઞાનની પુન:પ્રાપ્તિ

વિજ્ઞાનીની સંતોષકારક ફિલસૂફી પૂરી પાડવામાં વિજ્ઞાનવાદ નિષ્ફળ ગયો છે અને રહસ્યવાદ એવી આંધળી ગલી છે જે વિજ્ઞાનની શકયતાનો નાશ કરે છે. છતાંય, આધુનિક વિજ્ઞાનના પ્રસ્થાપકોની મૂળ ધારણા પર - આ જગત માનવ બુદ્ધિ દ્વારા સુગ્રાહ્ય છે, કારણ કે પૃથ્વીનો વહીવટ કરવા જેણે આપણનેય તેની પ્રતિકૃતિરૂપે સર્જ્યા છે તે બુદ્ધિમાન અસ્તિત્ત્વ દ્વારા તેની ઉત્પત્તિ થઈ છે. જ્યારે આપણી બુદ્ધિ ઊર્જા પુનરાવર્તનો પ્રાપ્ત કરે છે ત્યારે આપણી પાસે એમ ધારવાનું પૂરતું કારણ છે કે તે સાચા જગતમાંથી આવે છે, કારણ કે ઈશ્વરે કહ્યું કે તેણે જગતની ઉત્પત્તિ કરી હતી. આધુનિક વિજ્ઞાનના

પ્રસ્થાપકો બ્રહ્માંડના સત્ય, તર્કસંગતતા અને મૂલ્ય વિધિપૂર્વક જાહેર કરવા સમર્થ હતા, કારણ કે પોતાની વિવેક બુદ્ધિથી કે પોતાના ઈન્દ્રિય અનુભવથી માણસે સત્ય શોધવાનું છે તેવી માનવી ધારણા તેઓ રાખતાનહોતા. તેઓ એમ માનતા હતા કે અંતિમ જ્ઞાન ઈશ્વરના પ્રકટીકરણથી જ આવે છે. તેમને મન બાઈબલ ઈશ્વરનો ગ્રંથ હતો અને કુદરત ઈશ્વરના કાર્યોનો ગ્રંથ હતો. તેઓ તેમની ઈન્દ્રિયો અને તેમના તર્ક પર વિશ્વાસ રાખતા, કારણ કે ઈશ્વરના વચનોએ તેમને કહ્યું હતું કે સાચું જગત અસ્તિત્ત્વ ધરાવતું હતું જેનો વહીવટ કરવા તેમને ઉત્પન્ન કર્યા હતા. આ વિશ્વ તેમના ચૈતન્યનું સર્જન નહોતું. તેને ખુદનું પરલક્ષી અને વ્યવસ્થિત અસ્તિત્ત્વ હતું. આથી જ, પરલક્ષી વિજ્ઞાન શકય હતું.

## એક અને અનેક

ગૌણ આણ્વિક જગતનું સંશોધન કરતા પદાર્થ વિજ્ઞાનીઓ જે એકત્વનો સામનો કરે છે તેનો શો ખુલાસો આપણે કરીશું? બાઈબલના દૃષ્ટિકોણથી તો આ એકત્વની શોધ લગીરે આશ્ચર્યકારક ન હોવી જોઈએ. બાઈબલનો દૃષ્ટિકોણ તો સર્જક તથા તેના સર્જન (સૃષ્ટિ) ના દ્વૈતનો અને સાથે સાથે વ્યકિતગત અને બિનવ્યકિતગતનો પણ આગ્રહ રાખે છે. પણ તે સનાતનરૂપે અસ્તિત્ત્વ ધરાવતા તત્ત્વોના અનેકત્વનો બોધ આપતો નથી. પ્રત્યેક ચીજ એક શબ્દ (ઈશ્વરના શબ્દ) દ્વારા જ બની છે.

'આદિએ શબ્દ હતો અને શબ્દ ઈશ્વરની સંઘાતે હતો અને શબ્દ ઈશ્વર હતો. તે જ આદિએ ઈશ્વરની સંઘાતે હતો. તેનાથી સઘળું ઉત્પન્ન થયું એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ' (યોહાન ૧:૧-૩).

બાઈબલ એમ પણ કહે છે કે વિશ્વ (સૂચિત ક્રમ) નીચે રહેતું એક સત્ય ઈન્દ્રિયો દ્વારા નીરખી શકાતું નથી. 'વિશ્વાસ દ્વારા આપણે સમજીએ છીએ કે જગત ઈશ્વરની આજ્ઞાથી ઉત્પન્ન થયું હતું એટલે અત્યારે જે દેખાય છે તે જે દૃષ્ટિગોચર હતું તેમાંથી બનાવાયું નથી' (હિબ્રૂ. ૧૩:૩). બ્રહ્માંડનું એકત્વ કેમ સમજાવવું તે નહિ પણ તેનું વૈવિધ્ય કેમ સમજાવવું તે જ સાચો વૈજ્ઞાનિક પ્રશ્ન છે. શા માટે એક અભિન્ન ઊર્જા તમારે તેને બ્રહ્મ કહેવી હોય તો કહો - સાવ ભિન્ન પદાર્થો - હાઈડ્રોજનના અણુઓથી માંડીને ભારે પાણી (ડ્યુટિડિયમ યુકત - સામાન્ય હાઈડ્રોજનથી બમણાં વજનવાળા વાયુયુકત) ના નાના કણો સુધી, એકકોષીય બેકટેરિયાથી માંડીને ભિન્ન ભિન્ન ભાષાના લોકો સુધી - જેવી લાગે છે કે જેથી તેમનામાં એક સમાન ચૈતન્ય હોવા છતાંય તેઓ પરસ્પરને સમજી શકતાં નથી. આ ગ્રહ (પૃથ્વી) પર એવા કયા નિયમો છે જે ખાતરી આપે છે, ઊર્જા વડે જથ્થાનો ઓકસિજન અને જથ્થાનો હાઈડ્રોજન ઉત્પન્ન કરે છે? વળી એવી કયા નિયમો છે જે ખાતરી આપે છે કે બધો જ ઓકસિજન હાઈડ્રોજન સાથે મળીને પાણી બનાવતો નથી કે કાર્બન સાથે મળીને કાર્બન મોનોકસાઈડ બનાવતો નથી. અને આમ જીવન જીવી શકાયતે માટે પૂરતો ઓકસિજન બાકી રહે છે?

ઉપરનો ફકરો જણાવે છે કે એક ઊર્જાને વ્યવસ્થિત કરતા નિયમો સર્જકના આદેશો છે. આવા ભિન્ન અને સમતુલ સ્વરૂપોમાં એક ઊર્જા કેમ અસ્તિત્ત્વ ધરાવે છે તે અંગેની કોઈ સ્પષ્ટતા 'ઉત્પત્તિ' માં આપેલા બાઈબલ પ્રમાણેના ઉત્પત્તિના અહેવાલથી ચઢી જતી નથી. તેમાં ઉત્પત્તિના કાર્યને ઘણીવાર ઈશ્વરના આદેશથી એકની અનેકમાં થતી અલગતા તરીકે વર્ણવ્યું છે.

> આદિમાં ઈશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા અને પૃથ્વી અસ્તવ્યસ્ત તથા ખાલી હતી અને જળનિધિ પર અંધારું હતું. અને ઈશ્વરનો આત્મા પાણી પર હાલતો થયો.
>
> અને ઈશ્વરે કહ્યું, અજવાળું થાઓ ને અજવાળું થયું. અને ઈશ્વરે તે અજવાળું જોયું કે તે સારું છએ, અને ઈશ્વરે અજવાળું તથા અંધારું જુદાં પાડયાં. અને ઈશ્વરે અજવાળાને દહાડો કહ્યો ને અંધારાને રાત કહી. અને સાંજ થઈ તથા સવાર થઈ. પહેલો દિવસ.
>
> અને ઈશ્વરે કહ્યું કે, પાણીની વચ્ચે અંતરિક્ષ થાઓ, ને પાણીને પાણીથી જુદાં કરો. અને ઈશ્વરે અંતરિક્ષ બનાવ્યું ને અંતરિક્ષ તળેના પાણીને અંતરિક્ષના પાણીથી જુદાં કર્યા અને તેવું થયું (ઉત્પત્તિ ૧:૧-૭).

ફરીવાર તે કહેવું મહત્વનું છે કે વિશ્વનું સાચું આશ્ચર્ય (સાચી અદ્‌ભુતતા) સર્જન (સૃષ્ટિ) નું એકત્વ તો છે જ. એ જે એક છે તે અલગ અલગ અસ્તિત્ત્વો કેમ લાગે છે તેની જ સ્પષ્ટતા જરૂરી છે.

પદાર્થ વિજ્ઞાન સ્વીકારે છે કે આ પૃથ્વી (ગ્રહ) પર જીવનને શકય બનાવવા માટે એક ગતિશીલ, પ્રવાહી, સતત પરિવર્તનશીલ ઊર્જા સપ્રમાણમાં નક્કર અને ઘન પદાર્થો સર્જે છે, કારણ કે ઊર્જાનું વર્તન કુદરતના પર્યાવરણીય નિયમોથી દૃઢપણે નિયંત્રિત છે. આ નિયમો કયાંથી આવે છે? તે સ્વપ્ન છે? માનવ કલ્પના છે? ના, સર્જન (સૃષ્ટિ) તેના સર્જકના આદેશોનું પાલન કરે છે એટલે વિજ્ઞાન સંભવિત બને છે. અણુકેન્દ્રિય સ્તરે જ્યાં વાસ્તવિકતા 'આકારહીન' અને 'શૂન્ય' હોય છે, એટલે કે આ પૃથ્વીને ભરી દેતા આકારો અને સ્વરૂપો વિનાની હોય છે ત્યાં આ નિયમો દેખાતા નથી. પણ અણુના અને નાના કણના સ્તરોએ અગાઉ અનસ્તિત્વ ધરાવતા નિયમો અમલી બને છે. જેમ નૈતિક (કે સૌંદર્યલક્ષી) નિયમો અમાનવીય સ્તરોએ દેખાતા નથી, પણ જ્યાં ઈશ્વરે તેમને આદેશ આપ્યો છે તે માનવી સ્તરે તેઓ દેખા દે છે તેમ.

વળી સર્જકના આદેશનું ઊર્જાનું કરેલું પાલન જ અણુના તથા કણના સ્તરોએ તેને એકરૂપતા, ભવિષ્ય ભાખન અને તર્કસંગતતા આપે છે. અને આ કારણે જ વિશ્વ આપણને સુગ્રાહ્ય બને છે. આપણે આમ તો પૃથ્વીના જ બનેલા છીએ, પણઆપણે આપણા વ્યકિતગત સર્જકની પ્રતિરૂપતા ધારણ કરતા હોઈ તેનાથી અલગ છીએ. આને કારણે વિજ્ઞાન કે કુદરતી નિયમોનો અભ્યાસ માત્ર શકયતા નથી, પણ તે આપણું ધાર્મિક - નૈતિક કર્તવ્ય પણ છે. ફ્રાન્સિસ બેકને લખ્યું છે તેમ, 'કોઈ વ્યકિત નબળા વિચિત્ર ખ્યાલથી કે ઠરેલપણાથી કે પછી ખોટી રીતે વાપરેલા સમસાધારણપણાથી એમ ન વિચારે કે માની લે કે માણસ ઈશ્વરના શબ્દોના ગ્રંથમાં કે ઈશ્વરના કાર્યોના ગ્રંથમાં ઊંડે સુધી જઈ શકે છે કે ઊંડો અભ્યાસ કરી શકે છે.' બેકનને મન ઈશ્વરના શબ્દોનો ગ્રંથ એટલે બાઈબલ અને ઈશ્વરના કાર્યોનો ગ્રંથ એટલે ઈશ્વરે બનાવેલું બ્રહ્માંડ. જે પદાર્થ વિજ્ઞાની વીજાણુઓના વર્તનના કેટલાક પાસાની સ્પષ્ટતા પામી - શોધી શકતો નથી તેને બેકન તો એમ કહેશે કે ઈશ્વરના કાર્યોના ગ્રંથનો અભ્યાસ રહસ્યવાદને માટે છોડી ન દેશો. તમે જ્ઞાનની સીમાઓએ પહોંચી ગયા છો તેમ માનવું તે કયાં તો નબળો વિચિત્ર ખ્યાલ છે કયાં તો ખોટી રીતે વાપરેલી સમસાધારણતા છે. સાચી વિનમ્રતા તો ઈશ્વરના કાર્યોના ગ્રંથ તેમજ ઈશ્વરના શબ્દોના ગ્રંથ અંગે પ્રશ્નો પૂછતા રહેવામાં જ છે.

દશ્યમાન વિશ્વની પાછળ ઈશ્વરનો અદશ્યમાન શબ્દ રહેલો છે એવું કહેતો બાઈબલનો દૃષ્ટિકોણ એક અને અનેક (એકતા

અને વૈવિધ્ય) ને જ માત્ર સમજાવતો નથી, પણ તે ઈન્દ્રિયોના જગતને માટે પણ ઊંચો અભિપ્રાય બાંધે છે. વિશ્વને માત્ર દેખાવ, સ્વપ્ન કે માયા - મિથ્યા તરીકે જોવા કરતાં મહાન આયોજકના સર્જન કાર્ય તરીકે જોવામાં આવે તો આપણી પાસે માત્ર સુસંગતતા જ નહિ પણ તેની મૂળભૂત ભલાઈ ઘોષિત કરવાનોય આધાર છે. 'ઉત્પત્તિ' ના અધ્યાયમાં અપાયેલો સર્જન (ઉત્પત્તિ) નો અહેવાલ વારંવાર કહે છે કે ઈશ્વરે જે સર્વ ઉત્પન્ન કર્યું (અગાઉના એકત્વમાંથી અલગ કરેલું) તે જોયું અને તે ઉત્તમોત્તમ હતું તેય તેણે જોયું. જ્યારે આ ગ્રહ (પૃથ્વી) પરનું સર્જન પૂરું થયું, ત્યારે બાઈબલ કહે છે, 'ઈશ્વરે જે સર્વ ઉત્પન્ન કર્યું તે તેણે જોયું અને જુઓ તે ઉત્તમોત્તમ.' (ઉત્પત્તિ ૧:૩૧). પોતાના સર્જનકાર્યના પરિણામથી ઈશ્વર ખુશ થયા.

સર્જન (સૃષ્ટિ) નથી સનાતન કે નથી અનંત. છતાંય તે સાચું અને સારું છે. ભૌતિક વિશ્વ અંગેનો ઊંચો અભિપ્રાય વિજ્ઞાનની પૂર્વધારણા માટે અનિવાર્ય છે. રહસ્યવાદી અનુભવ દ્વારા આ ભૌતિક વિશ્વથી પલાયન થઈને નહિ, પણ વહીવટદાર તરીકે જગત સાથે સર્જનાત્મક સંબંધમાં રહીને જ સ્ત્રીપુરુષો તેમના સાચા સ્વરૂપ, તેમની ઓળખ પામી - મેળવી શકે.

વિશાલ મંગલવાડી રચિત

આ આખું પુસ્તક મેળવવા લખો:-

When the New Age Gets Old , પાના ૨૮૨, કાચું પૂઠું.

South Asian Resources

P.O. Box 453

Willernie, MN 55090-0453

email: SARources@hotmail.com

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવન કથાઓ ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## “ચોપરા વિ. ઈસુ : ૨૦ આધ્યાત્મિક બોધપાઠની તુલના”

દીપક ચોપરાએ ‘The way of the wizard, Twenty Spiritual Lessons for Creating the life you want’ નામનું પુસ્તક લખ્યું છે.(૧) આ લેખ ‘નવાયુગ’ અને હિન્દુ ધર્મનું પ્રતિબિંબ પાડતા ચોપરાના તે વીસ બોધપાઠોની તુલના બાઈબલના અને ઈસુ ખ્રિસ્તના બોધ સાથે કરે છે. આ લેખનો હેતુ નવાયુગ અને હિન્દુ ધર્મની સમાનપણે કહેલો બોધ ખ્રિસ્તી ધર્મના બોધ કરતાં ભિન્ન - વિરુદ્ધ પડે તે દર્શાવવાનો છે. કારણ કે તે બંનેનો અભ્યાસ ભિન્ન ભિન્ન વિરુદ્ધ દિશામાં છે.

બંને તુલનાત્કમ બોધપાઠો મેં લખ્યા છે. ચોપરાના પાઠનો મેં ન્યાયપુર: સર સાર આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રત્યેક પ્રકરણ કે બોધપાઠના પ્રારંભે મેં તે પાઠોના એક બે અવતરણો ઉદધૃત કર્યા છે. એ પછી તેઓને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ કપરું કામ છે. કારણ કે તેના અનેક પાઠોમાં તે ખરેખર તો બે કે ત્રણ મુદ્દાઓ ઊભા કરે છે - ચર્ચે છે અને કયારેક તો તે તેવા જ મુદ્દાનું સહેજ ભારપૂર્વક પુનરાવર્તન કરે છે. મેં પ્રત્યેક પાઠનો મુખ્ય મુદ્દો પસંદ કર્યો છે અથવા તો પ્રત્યેક પાઠના કેન્દ્રિય મુદ્દો ચર્ચ્યો છે. તે મેર્લિન અને આર્થરના કલ્પિત પાત્રોના તથા કે ઉપજાવી કાઢેલા સંવાદોના માધ્યમનો ઉપયોગ કરે છે અને પોતાનો દૃષ્ટિકોણ સમજાવવા તેમાંથી બોધ તારવે છે. હું તેની ઈસુ અને બાઈબલના ઐતિહાસિક ઉપદેશો સાથે તુલના કરીશ.

| તમારા મનવાંછિત જીવનના સર્જન માટે<br>**(નવા યુગના પક્ષે દીપક ચોપરા)** | તમારે જીવવા માટે ઈશ્વરે જે જીવન સર્જ્યું છે તે જીવન જીવવા માટે<br>**(વ્યાટ્ટ રોબર્ટસન ઈસુ ખ્રિસ્તને પક્ષે)** |
| --- | --- |

## પાઠ ૧ (ચોપરા)

***"આપણા સહુમાં એક અસાધારણ વ્યક્તિ (જાદુગર) રહેલી છે. આ વ્યક્તિ બધું જુએ છે અને જાણે પણ છે."***

***"અનૈતિકતાનું રહસ્ય આ વ્યક્તિ પાસે છે."***

તે જ્ઞાની બની છે. અને જાણે છે કે આપણામાંના પ્રત્યેક જણમાં ઈશ્વર છે. તે અસાધારણ વ્યકિત છે. તે માણસની ઈન્દ્રિયો તથા મર્ત્યતાના દેખાડા પાછળ અમર્યાદિત અને છુપો સ્વ રહેલો છે. વિશ્વ જીવતા પ્રાણીઓની અંદર છે અને વાસ્તવિકતા (સત્ય)ની ખોજ ત્યાં જ થાય છે. જે વ્યકિત આ આંતર સ્વને શોધે છે અને જ્ઞાની બને છે તે વ્યકિત માટે ચોપરા અસાધારણ વ્યકિતના સામ્યનો ઉપયોગ કરે છે. માણસની ખોજના બધાજ ઉત્તરો ભીતરમાં રહેલા છે.

## પાઠ :૧ (લેખક)

***ઈશ્વર છે અને તમે તે નથી.***

આથી ઉલટું બાઈબલ એમ કહે છે કે મહાન 'હું' એવો ઈશ્વર છે. આ ઈશ્વર સંપૂર્ણપણે આત્મ નિર્ભર અને સ્વતંત્ર છે. અને તે તમે નથી. તેની ખોજ માટે તે માણસ પર આધાર રાખતો નથી. માણસથી તેનું અલગ અસ્તિત્વ છે. માણસ તેનું સર્જન છે. માણસ પાસે ઈશ્વરને જાણવાનું સામર્થ્ય છે પણ ઈશ્વર થવાતું નથી. માણસની ખોજના બધા જ ઉત્તરો માણસની બહાર, ઈશ્વરમાં જ પ્રાપ્ત થાય છે.

## પાઠ ૨ : (ચોપરા)

***"નિર્દોષિતાના પુનરાગમન સાથે જ માત્ર ચમત્કારનું પુનરાગમન થઈ શકે."***

તેના સઘળા પ્રકારો અને વર્ગો સાથેના સ્વની પાર જીવવાનું સામર્થ્ય તે "નિર્દોષતા" - માણસની તે કુદરતી સ્થિતિ છે. માણસ અનુભવ અને વાસ્તવિકતાના સર્જક છે. જગતમાં આપણે પ્રત્યેકને જીવન આપીએ છીએ તમે શું જુઓ છો અને કેવી રીતે જુઓ છો તેનું મહત્ત્વ છે. કારણ કે તે વાસ્તવિકતાને - સત્યને સર્જે છે.

નવા દષ્ટિકોણથી વિચારો, કોઈ જ ભેદ વિના. તમારી વાસ્તવિકતાના ચોકઠામાં તમારા મનને ન પુરાવા દો. તમારી ખુદની નિર્દોષતા જ એક માત્ર સાચું અસ્તિત્ત્વ છે. પ્રત્યેક વસ્તુ ઈશ્વર છે અને તમે તમારી બહાર ઈશ્વરને નિહાળો છો. તે જાણીને જ તમે નિર્દોષ બનો છો. તમારી ગ્રહણ શકિત અને સભાનતા જ વિશ્વને તેનું જીવન, તેની વાસ્તવિકતા (સત્ય) આપે છે.

## પાઠ ૨ : (લેખક)

***ઈશ્વરના સર્જનાત્મક આદેશથી આ જગતનું ઈન્દ્રિયગ્રાહ્ય અસ્તિત્વ છે.***

તેના નિયમો અને સત્યો સાથેના ઈશ્વરના આ ઈન્દ્રિયગ્રાહ્ય જગતને આપણે આધીન છીએ. ઈશ્વરે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યા - વિશ્વના આધ્યાત્મિક અને ભૌતિક નિયમોને આધીન રહીને. પોતાની ખુદની ઈન્દ્રિયગ્રાહ્યતા સાથે ખરેખર અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ આપણે જોઈએ છીએ - આપણે તેમને જોઈએ કે ન જોઈએ તોય. આપણી ગ્રહણ શકિત આપણે વાળીએ તોય આપણે વાસ્તવિક સત્યને શોધવાનું જ તે આપણાથી સર્જાવાનું નહિ. આપણા વિચારો અને કલ્પનાઓ ખરા છે પણ તે વાસ્તવિકતા (સત્ય) ને સર્જતા નથી. કયાં તો તે સાચા છે કે નથી.

## પાઠ ૩ : (ચોપરા)

***"દૃશ્ય બદલાય છે, દૃષ્ટા તો એ જ રહે છે."***

જ્ઞાની વ્યક્તિ જગતનું આગમન - ગમન જુએ છે અને તે સતત જાગૃત અને સર્વદૃષ્ટા છે. તે સહજપણે જુએ છે અને જાણે છે. તર્કસંગત મન દ્વારા જ્ઞાન પામી શકાય નહિ. તમે પ્રાણીનું જોયેલું સ્વપ્ન અને તેઓને સ્વપ્નમાં જોતું પ્રાણી તે બેમાં થોડો ભેદ છે. જો કે તે બંને એક જ વસ્તુ છે. આનું કારણ એ છે કે સમગ્ર જગત સંગઠિત થયેલી વિશાળ ચેતના છે. અને સ્વ અને સ્વ જે જુએ છે તે જગત વચ્ચે આછો ભેદ છે.

## પાઠ ૩ : (લેખક)

***પ્રાણીઓ અલગ અસ્તિત્વ ધરાવનારાઓ છે અને તેમની કુદરતી ગ્રહણશક્તિને હાનિ પહોંચી છે. માણસ સીમિત જ્ઞાન વડે જ ગ્રહણ કરે છે. જો કે ઈશ્વરે તર્કસંગત મનની ભેટ આપી છે તે છતાંય આ તર્કસંગત મન દ્વારા જ ઈશ્વર માણસને સત્યની માહિતી આપી શકે.***

ઈશ્વરનો અભિપ્રાય તે જ માત્ર બધું જ્ઞાન ધરાવતો અભિપ્રાય. માણસ અનોખું અને જીદ્દી પ્રાણી છે. જે સાચી કે ખોટી રીતે ગ્રહણ કરી શકે. આપણે બીજા કોઈ પ્રાણીનું સ્વપ્ન નથી. આપણે ઈશ્વરનું સર્જન છીએ. આપણી ગ્રહણશક્તિ ક્યાં સૂઝ દ્વારા કે ક્યાં તર્કસંગતતા દ્વારા હોઈ શકે. પણ બંનેને સરખી હાની પહોંચી છે. છતાંય તર્કસંગતતા પર કંઈક આધાર રાખી શકાય. તેના દ્વારા જ ઈશ્વર આપણને ઈતિહાસના વસ્તુનિષ્ઠ સત્યની માહિતી આપી શકે અને તે પણ તર્કસંગત મન દ્વારા.

## પાઠ ૪ : (ચોપરા)

***"અનંત ભૂમિકાઓ ઉજવવી તે તમારી નિયતિ છે. પણ આ ભૂમિકાઓ તમે પોતે જ નથી."***

***" 'અસાધારણ' વ્યક્તિ પોતાને મર્યાદિત ઘટના હોવાનું માનતો નથી. અસાધારણ વ્યક્તિ તો મર્યાદિત ઘટનાઓનું સ્વપ્ન સેવતું જગત છે."***

જે ભૂમિકા અને વ્યક્તિનો પાઠ તમે ભજવો છો તેનાથી તમે કંઈક વિશેષ છો. તમે નિરવધિ અને અનંત છો. જે દેહોમાં આપણે વસીએ છીએ તે તો આપણે સતત ભજવીએ છીએ તેવી ભૂમિકાઓની અનંત હાર માટેની માત્ર અસ્થાયી ભૂમિકાઓ છે. સાચા મુક્ત અને જ્ઞાની થવા માટે તમારે તમારી ભૂમિકાઓમાંથી બહાર નીકળી જઈ સાદી પ્રવૃત્તિઓમાં જ, તમે જે વિચારો છો તેનીય પાર પ્રવેશવું જોઈએ. સાચા માનવી થવું એટલે તમારા અત્યારના કોચલા તથા વ્યક્તિત્વની મર્યાદાઓમાંથી મૌન થઈ, નામહીન થઈ, માત્ર તમે છો તેવી સભાનતા સાથે ભાગી છૂટવું.

## પાઠ ૪ : (લેખક)

***માનવ ઈશ્વર સર્જિત એકાકી મર્યાદિત વ્યક્તિ છે.***

ઈશ્વરે માનવજીવનને પોતાની પ્રતિકૃતિરૂપે સર્જ્યું હોવાથી માનવ જીવન પવિત્ર છે. ઈશ્વરની પ્રતિકૃતિરૂપે માણસને બનાવ્યો છે અને તેને સ્વજાગૃતિ તથા ઈશ્વરને જાણવાનું સામર્થ્ય અપાયું છે. તમે સમય અને અવકાશમાં જન્મેલા સીમિત પ્રાણી છો. તમારે એક જ જિંદગી જીવવાની છે. અને ત્યારપછી તમારે ઈશ્વરને હિસાબ આપવાનો છે. તમે આ એક જિંદગીમાં શું કરો છો તે અતિશય મહત્ત્વનું છે. માણસો તેમને આદર આપવા, મહિમાવંત બનાવવા અને તેમના ધ્યેયની સેવા કરવા જીવ્યા છે અથવા તો તેઓ તેમની અને તેમણે ચીંધેલા માર્ગની સામે વિદ્રોહ કરી જીવ્યા છે તે હકીકત પર ઈશ્વર સહુ માનવીનો ન્યાય કરશે.

## પાઠ ૫ : (ચોપરા)

***"અસાધારણ વ્યક્તિ મૃત્યુમાં નથી માનતી."***

પ્રારંભ કે અંત વિના આ જીવન એક સાતત્ય છે. મૃત્યુ મનની કુટેવ છે, એક માયા. જ્ઞાનીઓ સમયની ઉપર જીવે છે. તેઓ સનાતન ઉર્જા તરીકે જીવે છે.

આ પૃથ્વી પર અન્ય સ્વરૂપે પાછા આવવા માટે જે મૃત્યુ પદાર્થને લઈ જાય છે તે પદાર્થના મૃત્યુ પછી પણ સ્વ કે ચૈતન્ય જીવે છે.

## પાઠ ૫ : (લેખક)

***મૃત્યુ જ હકીકત (સત્ય) છે.***

આ જગતમાંના જીવનને પ્રારંભ તથા અંત હોય છે. મૃત્યુ નથી એવો વિચાર આપણે ન કરી શકીએ. માણસે ઈશ્વર સામે બળવો કર્યો તે કારણે જગતમાં મૃત્યુ આવ્યું. મૃત્યુનો ભય તેની વાસ્તવિકતાને કારણે છે. આપણે દેહ કરતાં કશું વિશેષ છીએ. આપણે આત્મા પણ છીએ. આત્મા શરીરના મૃત્યુ પછી જીવે છે પણ પૃથ્વી પર પાછો આવતો નથી.

## પાઠ ૬: (ચોપરા)

***"અસાધારણ વ્યક્તિની ચેતના એક એવું ક્ષેત્ર છે જે સર્વત્ર અસ્તિત્ત્વ ધરાવે છે."***

***"આ ક્ષેત્રમાં સમાયેલા જ્ઞાનના પ્રવાહો સનાતન છે અને સદાય વહે છે."***

તમારી ખુદની સ્મૃત્તિઓ અને અહમ્‌નું ભાન જ તમને વાસ્તવિકતા (સત્ય)ની એકતાથી અલગ પાડે છે. તમારે અહમ્‌ને બાજુએ મૂકવાની અને સત્ય તથા ચૈતન્યના સમગ્ર સમુદ્રને અનુભવવાની જરૂર છે.

## પાઠ ૬: (લેખક)

***ઈશ્વર શાશ્વત અને સર્વજ્ઞ છે. તેનામાં જ સઘળું શાણપણ અને જ્ઞાન રહેલું છે.***

આપણું ધ્યેય છે સત્યનું વસ્તુનિષ્ઠ જ્ઞાન તથા ઈશ્વર સાથેનો સંબંધ આપણે મર્યાદિત છીએ અને અર્ધવ્યાપી કે સર્વજ્ઞ નથી. ઈસુ ખ્રિસ્ત તો માનવ દેહધારી ઈશ્વર જગતમાં આવ્યા કે જેથી આપણે તેમને, એકમાત્ર સાચા સર્વજ્ઞ અને અમર્ત્ય ઈશ્વરને ઓળખી શકીએ.

## પાઠ ૭: (ચોપરા)

***"જ્યારે ગ્રાહ્યતા (દૃષ્ટિ)ના દ્વાર સ્વચ્છ કરાશે ત્યારે તમે અગોચર જગતને જોવાનું પ્રારંભશો (જોતાં થશો)."***

શુદ્ધિકરણ નૈતિક પ્રશ્ન નથી પણ દૃષ્ટિનો પ્રશ્ન છે. જગતને જોવાની તે નવી રીત છે. સૂક્ષ્મ, અગોચર જગત દ્વારા આપણે શુદ્ધિકરણ પામીએ છીએ. જાગૃત્તિની સ્થિતિ કરતાં સ્વપ્નમાં હોવાની સ્થિતિ વધુ સાચી છે. કારણ કે આપણે આપણા સ્થૂળ દેહથી મુક્તિ હોઈએ છીએ. ગહન (ઉંડા) મૌનમાં આપણે આપણા ઉદ્દીત હેતુ અને સ્વ પાસે પાછા ફરીએ છીએ અને શાંતિ અનુભવીએ છીએ.

## પાઠ ૭: (લેખક)

***શુદ્ધિકરણ એટલે આપણા પાપો બદલ ક્ષમા - માફી પામવી.***

શુદ્ધિકરણ માનવજાતની નૈતિક અને સાચી દુર્દશા છે. આપણે કહેલા, કથેલાં અથવા તો વિચારેલાં (અથવા વિચારવાનાં હોઈએ તે) કાર્યો ઈશ્વરના નિયમ અને તેની સંપૂર્ણતાની દૃષ્ટિએ ટૂંકા પડ્યાં છે.

તટસ્થતાના આંતરિક જગતમાં પલાયન થવું એટલે ક્ષમા નહિ. પણ એવી સાચી ક્ષમા પામવી કે જે માણસો તથા ઈશ્વર સાથેના આપણા સંબંધોને સ્થાપે.

## પાઠ ૮: (ચોપરા)

***"આંતરિક સ્વરૂપમાં જ શક્તિનું આસન છે."***

આત્મ સ્વીકાર અને ભીતરના સાચા સ્વને શોધવા ભૌતિક અહમ બાજુએ મૂકવો તે જ પ્રેમ. આ જ્ઞાન અને સર્વ સાથેના એકત્વ દ્વારા વ્યકિત પ્રેમની શકિત અનુભવે છે. તમારા સાચા આંતરિક અસ્તિત્વ (સ્વરૂપ)ના મોટા આંતરિક વેગ સાથે સુમેળ બેસાડવો એટલે સ્વની સાચી શકિતથી ખેંચાઈ જવું. એકતાની આ ઊંડી આંતરિક સભાનતા અને જગતનાં વિશેષાધિકારી સંતાન હોવાનું ભાન તે જ પ્રેમની શકિત છે.

## પાઠ ૮: (લેખક)

***પ્રેમ ઈશ્વર તરફથી છે.***

આ પ્રેમ કહેવાય - આપણે ઈશ્વરને ચાહીએ એવું નથી પણ તેણે આપણને ચાહ્યા અને આપણા પાપ બદલ બલિદાન આપવા તેના પુત્રને મોકલ્યો. (૨) પ્રેમ એ જાગૃતિનો - સભાનતાનો પ્રશ્ન છે. મહાન વૈશ્વિક સ્વને ખાતર વ્યકિતગત સ્વનો ઈન્કાર નથી. પ્રેમ કુરબાની માગતું કાર્ય છે. અન્યોને માટે પોતાનું જીવન સમર્પિત કરવાનું અંગત કાર્ય. જેમ ઈસુમાં રહેતા ઈશ્વરે આપણે માટે કર્યું તેમ.

## પાઠ ૯: (ચોપરા)

***"શબ્દોમાં ઠાંસીને ભરેલા હેતુઓ ચમત્કારિક શક્તિ લપેટે છે."***

જ્ઞાનમય જીવન પ્રબળ ચમત્કારિક શકિત ધરાવતા શબ્દોમાં પોતાના હેતુઓ મૂકીને વ્યકિત તેના હેતુઓને શકિતશાળી બળો તરીકે ક્રિયાક્ષમ કરી શકે છે. તમે તમારું મનવાંછિત જીવન સર્જી શકો છો અને ખરા દિલની ઈચ્છાઓ પ્રાપ્ત કરી શકો છો.

## પાઠ ૯: (લેખક)

***ઈશ્વરને જે પ્રસન્ન કરે છે અને તેમને જ સ્વીકાર્ય છે તે જાણો.***

આપણી ઈચ્છાઓ વિનાષક અને દુષિત હોઈ શકે. આપણે ઈશ્વર ચિંધ્યો માર્ગ જાણવો જોઈએ. અને શુભ અને અશુભ વચ્ચેનો ભેદ જાણવો જોઈએ. આપણી ચેતનામાં ઈશ્વરે પોતાની ઈચ્છા પ્રગટ કરી છે અને ઈતિહાસ દ્વારા તેના માર્ગો માણસને ચિંધ્યા છે. આપણી ઈચ્છાઓનો આગ્રહ રાખશો તે સાચું જીવન નથી પણ ઈશ્વરને શું પ્રસન્ન કરે છે તે જાણવું તે સાચું જીવન છે.

## પાઠ ૧૦: (ચોપરા)

***"આપણા સૌની પાસે છાયાસ્વરૂપ સ્વ છે જે આપણી કુલ વાસ્તવિકતાનો અંશ છે."***

***"જ્યારે આ છાયારૂપ સ્વ ને આલિંગનમાં લેવાય છે ત્યારે તેનું સ્વાસ્થ્ય સુધરી શકે છે. અને તેનું સ્વાસ્થ્ય સુધરતાં જ તે પ્રેમરૂપ બને છે."***

આપણી અંદર આપણે કોણ છીએ તે અંગેના અનેક ભિન્ન ખ્યાલો જીવન પ્રાપ્ત કરવા સ્પર્ધા કરે છે. તમે જેને કેદ કર્યો હોય તેવા છાયારૂપ સ્વને અંદર આલિંગન કરતાં શીખો. શ્વાસનિયંત્રાણ દ્વારા આપણી ભીતરની સ્પર્ધા કરતી વ્યકિતમત્તાઓનો અને આપણા ભૂતકાળની સ્મૃતિઓનો સંપર્ક સાધી શકીએ. આપણે જૂની ઉર્જા, નકારાત્મક નિર્ણયો અને ગુનાવૃત્તિને બંધનમુકત કરી શકીએ અને આપણા સાચા છાયાસ્વરૂપને સ્વાસ્થ્ય આપી શકીએ.

## પાઠ ૧૦: (લેખક)

***ઈશ્વરને જ સાંભળતા આપણે શીખવું જોઈએ. અને તેમના પર વિશ્વાસ મૂકીને જ આપણે સુમેળ સાધી શકીએ.***

ઈશ્વર સાથે સુમેળ સાધવો તે જ આપણી મોટામાં મોટી જરૂરિયાત છે. ઈશ્વર સાથેનો આપણો સંબંધ પાપને કારણે તૂટી ગયો છે. આપણા આત્માનું પ્રમાણ આપે છે. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ મૂકીને જ ઈશ્વર સાથેના આપણા સંબંધો ફરી સ્થાપી શકાય. આપણે બદલે વધસ્થંભે જડાઈને ઈસુએ આપેલા બલિદાનથી આપણને માફી મળી. આપણા પાપોની શિક્ષા તેમણે પોતાના પર લઈ લીધી તેમના પર વિશ્વાસ મૂકીને તેમને જ માનીને આપણે ક્ષમા મેળવી શકીએ. અને ઈશ્વર સાથે સુમેળ સાધી શકીએ.

## પાઠ ૧૧: (ચોપરા)

***"અસાધારણ વ્યક્તિ પરિવર્તન વિદ્યાનો ગુરુ છે. પરિવર્તન વિદ્યા એટલે રૂપાંતર."***

***"તમે જગત છો. જ્યારે તમે તમારું રૂપાંતર કરો ત્યારે તમે જેમાં વસો છો તે જગતનું પણ રૂપાંતર થશે."***

પ્રત્યેક વસ્તુ પ્રત્યે અનાસકત થઈને સ્વનું રૂપાંતર કરવા આપણે પરિવર્તન વિદ્યાની શકિતનો ઉંબર ઓળંગી શકીએ. સાચું જગત અને વાસ્તવિકતા તમારી અંદર છે. ભીતરના આંતરિક વિશુદ્ધ ઈશ્વર (અસ્તિત્ત્વ) દ્વારા આપણે પોતાને બદલીએ છીએ. જ્યારે આપણે પોતાનું રૂપાંતર કરીએ છીએ ત્યારે આપણે જગતને પણ બદલીએ છીએ.

## પાઠ ૧૧: (લેખક)

***ઈશ્વર પોતના પ્રેમ અને કૃપા દ્વારા રૂપાંતર કરે છે. રૂપાંતરની આપણી આશા એટલે ઈશ્વર સાથે ચાલવું.***

રૂપાંતરની આશા આપણી ભીતર નથી પણ આપણી બહાર, ઈશ્વરના વ્યકિતત્વમાં જ રહી છે. આંતરિક માણસ ભ્રષ્ટ થયો છે અને આપણને ઈશ્વરના ઉધ્ધાર કરતા હાથની જરૂર છે. આપણે જેને માટે અયોગ્ય છીએ તેવી તેમની દયા અને કૃપા દ્વારા જ તે સૌ પ્રથમ કાર્ય કરે છે. અને જેમ જેમ આપણે તેમની સાથે ચાલીએ છીએ તેમ તેમ તે પોતાના માર્ગો ચિંધે છે અને તેમના પુત્ર ઈસુ જેવા વધુને વધુ બનાવવા તે આપણું ભીતર રૂપાંતર કરે છે.

## પાઠ ૧૨: (ચોપરા)

***"વ્યવસ્થા અંધાધૂંધીનો બીજો ચહેરો છે. અંધાધૂંધી વ્યવસ્થાનો બીજો ચહેરો છે."***

***"માનવ વ્યવસ્થા નિયમોથી ઘડાઈ છે. અસાધારણ વ્યક્તિની વ્યવસ્થાને કોઈ નિયમ નથી. તે જીવનના સ્વરૂપ સાથે વહે છે."***

જીવન જે સ્થિતિ આપે છે તે સ્થિતિમાં જ જીવન જીવાય છે. તમારે અભાખ્યને સ્વીકારતા અને સદંતર અવ્યવસ્થા સાથે જીવતા પણ જાણવું જોઈએ અને તેને જીવનનો એક ભાગ માનવો જોઈએ. નિયમો નિયંત્રાણ મૂકે છે અને વ્યવસ્થાની ખોટી આશા આપે છે. જીવનને વહે છે તેમ વહેવા દો. જીવન પર વ્યવસ્થા લાદી ન શકાય.

## પાઠ ૧૨: (લેખક)

***"ઈશ્વરે સાર્વભૌમત્વપૂર્વક જીવનને વ્યવસ્થિત કર્યું છે અને તે હેતુ માટે જીવાય તેની દેખરેખ રાખે છે."***

સમજવી કપરી એવી વસ્તુઓ જીવનમાં હોય છે. આપણા જીવનમાં એવી ઘટનાઓ હોય છે જેના હેતુઓ પારખવાં કપરાં છે. અને છતાંય, જે તેને શોધે છે અને શાણપણ સહિત તેને જુએ છે તેમની સામે ઈશ્વરે પોતાનો હેતુ પ્રગટ કર્યો જ છે. આપણે સત્ય અને આપણને જીવન જીવવામાં સહાય કરે તેવા નિયમો જેમાંથી બનાવી શકીએ તેવા સિદ્ધાંતોનું નિરીક્ષણ કરવું જોઈએ. ઈશ્વરે પોતે જ આપણને તેની ભલાઈ અને નીતિમત્તા સમજાવતાં નિયમો કહ્યાં છે.

## પાઠ ૧૩: (ચોપરા)

***"જે વાસ્તવિકતા તમે અનુભવો છો તે તમારી અપેક્ષાઓના દર્પણમાં પ્રતિબિંબિત આકૃતિ છે."***

માણસોનું જગત તેમની અપેક્ષાઓથી મર્યાદિત થયું છે. રોજને રોજ તે જ અપેક્ષાઓથી વાસ્તવિકતાને જોવાની તેમની ટેવને કારણે સાતત્યનો ખોટો ભાવ ઉત્પન્ન થાય છે. પરિચિત જગત માયા છે. જ્ઞાનીઓ અને અસાધારણ વ્યકિત માટે અપરિચિત જગત એ મુકિતનું - સ્વતંત્રતાનું જગત છે.

## પાઠ ૧૩: (લેખક)

***દૃશ્યમાન જગત સાચું છે પણ તે જ તે  સઘળું નથી - પર્યાપ્ત નથી. બીજું અદૃશ્યમાન જગત પણ છે.***

દૃશ્યમાન જગત સાચું છે. આપણી ગ્રહણશકિત જો ખોટી સમજાય તો તે પણ ખોટી રીતે સમજાઈ શકે. એક વસ્તુનિષ્ઠ સત્ય છે. તેમાંથી આપણી કલ્પનાઓ અને શકયતાઓની દુનિયામાં આપણે પલાયન ન થવું જોઈએ. પણ આપણા માનવ અસ્તિત્વની હકીકતો સાથે આપણે વ્યવહાર કરવો જોઈએ. જેમ માણસ એટલે માત્ર શરીર નહિ. તેની પાસે આત્મા પણ છે. તેમ આ જગતનું બીજું આત્મિક પરિમાણ છે.

## પાઠ ૧૪: (ચોપરા)

***"અસાધારણ વ્યકિત ખોટનો શોક કરતી નથી કારણ કે જે વાસ્તવિક છે તે એક જ વસ્તુ ખોવાઈ શકે."***

આપણે ખોટ અને મૃત્યુની પાર જીવવાનું છે કારણ કે જીવનનો વેગ તો પુનર્જન્મના સતત પ્રવાહમાં નવા જેવો થતો જાય છે, નવ સર્જન પામતો જાય છે. જ્યારે આપણે ખોટ સહીએ છીએ ત્યારે આપણે અતિ આસકત હોઈએ છીએ કેમકે હકીકતમાં તો તમે કશું ખોઈ ન શકો.

## પાઠ ૧૪: (લેખક)

***મૃત્યુ અને ખોટ સાચાં છે.***

મૃત્ય અને ખોટ સાચાં છે અને તે ઊંડા દુ:ખદાયક હોઈ શકે. આ દુ:ખ સાચું છે. અને મૂર્ખ માયા નથી. મૃત્યુ અને ખોટની અવજ્ઞા ન કરવી જોઈએ અને માણસ જાત માટે ઐશ્વિક પાઠો ન ધારવા જોઈએ. ઈસુ ખ્રિસ્ત વધસ્તંભે ક્ષમાની જોગવાઈ માટે જ માત્ર નહોતા આવ્યા પણ તેમણે પોતાના પુનરુત્થાન દ્વારા તેમના પર વિશ્વાસ મૂકનારાઓ પૂરતું મૃત્યુનું બળ તોડી નાંખ્યું.

## પાઠ ૧૫: (ચોપરા)

***"જ્યાં તે અલ્પ અપેક્ષિત હોય ત્યાં અનાસક્તિમાં વિશુદ્ધ પ્રેમ હોય છે."***

પ્રેમ આસક્તિની લહાણી નથી પણ સહુ વસ્તુઓમાંથી અનાસક્તિ છે. પ્રેમમાં નથી હોતું ન્યાયતોલન કે નથી હોતી સ્વામિત્વની ભાવના. વૈશ્વિક અસ્તિત્ત્વને, તમારી ભીતરના સ્વને ચાહતા શીખવું એટલે પ્રેમ.

## પાઠ ૧૫: (લેખક)

***પ્રેમ બલિદાન અંગેની પ્રતિબદ્ધતા છે.***

પોતાની જાતને બલિદાન અર્થે સમર્પિત કરવાની પ્રતિબદ્ધતા એટલે પ્રેમ. પ્રેમ તે દુરિત કે કુટિલતાનો તથા દુશ્મનોના અસ્તિત્ત્વનો ઈન્કાર નથી. જાણે કે સત્ય અને સચ્ચાઈ સાથે પ્રેમ રહી ન શકે. પ્રેમ આત્મ જાગૃતિનો નહિ પણ સ્વનો સાચો ઈન્કાર છે. પ્રેમ દુશ્મનો પ્રત્યેના પ્રેમને, અરે જેમણે હકીકતમાં તેમને ખૂબ હાનિ પહોંચાડી છે તેવા દુશ્મનો પ્રત્યેના પ્રેમનેય સમાવે છે.

## પાઠ ૧૬ : (ચોપરા)

***"અસાધારણ વ્યક્તિ એક સાથે સર્વકાળે અસ્તિત્ત્વ ધરાવે છે."***

***"અસાધારણ વ્યક્તિ પ્રત્યેક ઘટનાના અનંત દ્રષ્ટિબિંદુઓ જુએ છે."***

તમે સર્વકાળ અને સર્વ સ્થળો નિહાળી શકો અને સમય અને અવકાશની મર્યાદાઓની પાર તમે તમારી જાતને વિસ્તારી શકો. આમ કરવામાં ભલે તમે ગમે ત્યાં રહો, તમે વિશ્વનું કેન્દ્ર હોવાનું જાણી શકો. તમે શાશ્વતતાના કેન્દ્ર પ્રમાણે અને મૂર્ત કલ્પનાના બળે તમે સમય અને અવકાશની એકતામાં વસી શકો.

## પાઠ ૧૬: (લેખક)

***તમે સમય અને અવકાશના પ્રાણી છો.***

તમે જ્યાં ઉપસ્થિત નથી કે જ્યાં ઉપસ્થિત રહી શકતા નથી તે સ્થળો અને કાળને તમે કલ્પી શકો. પણ તમારી કલ્પના અને ખરેખર સાચેસાચ હોવું તે વચ્ચે ભેદ છે. સમય અને અવકાશની પારની કલ્પના કરવી તે મુગ્ધ કરે તેવી વસ્તુ છે. મનને વિકસાવવામાં અને નવા દષ્ટિકોણથી જોવામાં તે મદદરૂપ પણ છે. પણ છતાંય હજી આપણે સમય અને અવકાશમાં બંધાયેલા સર્જિત પ્રાણીઓ છીએ.

## પાઠ ૧૭: (ચોપરા)

***"જીવનના રહસ્યમાં આધ્યાત્મિક સત્ય સંકેતોની શ્રેણીઓ છે."***

આધ્યાત્મિક સત્ય તે એવું સત્ય છે કે જે તમારા ખુદના હૃદયમાં જ જડે છે. રોજિંદા જીવનમાં મળતા સંકેતો દ્વારા જ જ્યારે તમે અર્થ શોધો તો જ જીવનના અર્થો અને ઘટનાઓ સહુનો અર્થ પ્રાપ્ત થાય.

## પાઠ ૧૭: (લેખક)

***ઈશ્વરે દ્વારા જ આપણી સમક્ષ આધ્યાત્મિક સત્ય પ્રગટ થયું છે.***

ઈશ્વર આપણા જીવનમાં કાર્યરત છે. અને આપણા જીવનની રોજીંદી ઘટનાઓ તથા વિગતોમાં અર્થ છે. પણ આપણે મન ફાવે તેમ ગમે તે રીતે ઘટનાઓનું અર્થઘટન ન કરી શકીએ. જીવનના મૂળભૂત સત્યો - પોતે કોણ છે અને માનવી તથા જગતનું સ્વરૂપ - ઈશ્વર દ્વારા આપણી સમક્ષ પ્રગટ થયાં છે.

## પાઠ ૧૮: (ચોપરા)

***"આત્મા તમને મળવા માગે છે. તેનું નિમંત્રણ સ્વીકારતા તમે અરક્ષિત હોવા જોઈએ."***

***"તમે જ્યારે શોધો ત્યારે તમારા હૃદયમાં પ્રારંભ કરો. હૃદયની ગુફા એ જ સત્યનું ઘર છે."***

સાચું અને ખોટું, સાચું અને ખરાબ વચ્ચેના દ્વૈતના સંઘર્ષમાં આપણે પોતાની જાતને ફસાવીએ છીએ. જ્ઞાની વ્યક્તિ આવા દુ:ખદ સ્થળમાં રહેતો નથી પણ દ્વૈતોથી પાર પલાયન થાય છે. સ્વર્ગ અને નર્ક, શુભ અને અશુભ આપણે સર્જ્યાં છીએ. શુભ અને અશુભના દ્વૈત સાથેના આ જીવન ચક્રમાંથી આપણા સંકલ્પો બહાર કાઢી શકે. આત્મા આપણને જીવનના અર્થ અંગેના સંકેતો આપવા પ્રયત્ન કરે છે. આ સંકેતોનું રહસ્ય જાણવું તે જીવનની મોટી રમત છે.

## પાઠ ૧૮: (લેખક)

***દુરિત સાચું છે. હૃદય છેતરામણું છે.***

દુરિત સાચું છે. નીતિમત્તાઓ અને નિયમ તથા દુરિતની ઉપર રહેવાનો પ્રયત્ન કરવો તે છેતરપિંડી છે. દુરિત (હત્યા કે સર્વનાશ જેવું) નો ઉકેલ તેને રદિયો આપવામાં નથી. પણ દુરિતનો પ્રતિકાર કરવામાં અને ભલાઈ દ્વારા માયાળુતા અને કૃપા મેળવવામાં છે. અનૈતિકતા માણસજાત માટે અત્યંત ભયંકર છે. સત્યનો સ્રોત આપણી બહારથી, ખુદ ઈશ્વરમાંથી આવવો જોઈએ. કેમકે હૃદય ખૂબ છેતરામણું છે.[૩]

## પાઠ ૧૯: (ચોપરા)

***"અસાધારણ વ્યકિતઓ કયારેય ઈચ્છાઓને નીંદતી નથી. તેમની ઈચ્છાઓને અનુસરીને જ તેઓ અસાધારણ વ્યકિતઓ બની છે."***

***"તમારા હૃદયમાં પ્રત્યેક ઈચ્છા ઉછેરો..."***

ઈચ્છાઓ નીંદવી યોગ્ય નથી. આપણે પોતાની ઈચ્છાઓ પાછળ પડવું જોઈએ અને તેમના દ્વારા પ્રૌઢતા અને ઈચ્છાના ઉચ્ચસ્તરે જવું જોઈએ. આપણી શારીરિક અને ભૌતિક ઈચ્છાઓ પૂરી કરતાં જ આપણે ઉચ્ચતર ઈચ્છાઓથી ટેવાઈશું. પ્રત્યેક ઈચ્છા તમારી ખુદની દિવ્યતાને જાણવા માગતી અંતિમ ઈચ્છાઓ તરફ દોરી જતી જીવન સાંકળમાં એક કડી છે.

## પાઠ ૧૯: (લેખક)

***ઈચ્છાઓનું સારી કે ખરાબ તરીકેનું મૂલ્યાંકન કરવું જોઈએ.***

ઈચ્છાઓને સારી કે ખરાબ તરીકે તારવવી જોઈએ. કોઈ પોતાના પડોશીની મિલકત કે પત્ની ઈચ્છે. આવી ઈચ્છાઓ આચરવી ખરાબ છે. ઉચ્ચતર વસ્તુઓ માટેની ઈચ્છા જાણવાના માર્ગ તરીકે હલકી ઈચ્છાઓનો ઉપયોગ કરવો છેતરપિંડી છે. ઈચ્છાઓ પૂરી કરવાથી આવી ઈચ્છાઓ કયારેય સંતોષાશે નહિ પણ વધુ માટે મોટી ભૂખ સર્જશે. ડાહ્યો માણસ વિનાશાત્મક અને સારી ઈચ્છાઓ વચ્ચેનો ભેદ પારખે છે.

## પાઠ ૨૦: (ચોપરા)

***"અસાધારણ વ્યકિત બની તમે દુનિયા માટે ઉત્તમ કાર્ય કરી શકો."***

વિશ્વાસ ખુદમાં જ વિશ્વાસ રાખો. અસાધારણ વ્યકિતના માર્ગે ચાલો. તમે પૃથ્વી સાથે એક છો અને તમારે તમારો આત્મા તેની સાથે જોડવો જોઈએ. તમે વ્યકિત છા પણ તમે ખુદ પૃથ્વીના અંશ પણ છો. આ જાણો પૃથ્વીના આત્મા સાથે એક બની ચાલો.

## પાઠ ૨૦: (લેખક)

***ખ્રિસ્તને અનુસરો.***

ઈશ્વરમાં વિશ્વાસ રાખો. ઈશ્વરે જેમ ખ્રિસ્ત ઈસુમાં તમારે માટે કર્યું તેમ સમર્પણયુકત પ્રેમનું જીવન જીવો. તમે જવાબદાર, નીતિમાન માનવી છો. તમે પૃથ્વીથી અલગ છો. છતાંય તેની સંભાળ માટે જવાબદાર છો. ઈશ્વર જે ઈચ્છે છે તે જાણો - પ્રત્યેક રીતે તે સાચું, શુદ્ધ, સારું અને પવિત્ર હોય. તેના માર્ગમાં ચાલો.

## વ્યાટ્ટ રોબર્ટસન દ્વારા લિખિત


૧) ચોપરા, દીપક કૃત *The way of the wizard, Twenty Spiritual lessons for creating the life you want* હાર્મની બુક્સ, ન્યુયોર્ક, ૧૯૯૫.

૨) યોહાનનો પહેલો પત્ર ૪:૧૦

૩) સંદર્ભ. યર્મિયા ૧૭:૯




Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved
email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## ધર્મો વચ્ચે સમાન ભૂમિકા શોધવી

સુપ્રભાતમ્ !

અહિં આજે સવારે તમારી વચ્ચે ઉપસ્થિત રહેવાનો જે વિશેષાધિકાર મને આપવા બદલ તમારો આભાર. વારંવાર મેં તમારા આતિથ્યનો લાભ છેલ્લા પાંચ વર્ષથી મારા વિદ્યાર્થીઓ સાથે લીધો છે. અને અમારો અનુભવ સદાય સહકારભર્યો જ રહ્યો છે. એટલે આમ,અહિં ઉપસ્થિત રહેવાની અને થોડી મિનિટો માટે તમને સંબોધવાની રજા પ્રાપ્ત થઇ છે તેને બમણો વિશેષાધિકાર માનું છું.

આજનો મારો વિષય છે : ધર્મો વચ્ચે સમાન ભૂમિકા શોધવી. છેલ્લા દસકામાં આ વિષય ઉપર ઝાઝુ લખાયું છે અને બોલાયું છે અને મને આશા છે કે હું આ ચર્ચાને સહાયભૂત થવા સમર્થ બનીશ.

કેટલીક ભજનસેવાઓમાં ઉપસ્થિત રહ્યા પછી આપણામાંના કેટલાકે અંગત રીતે વાતો કરી છે અને તમે મને એમ કહેતાંય સાંભળ્યો છે કે હું તો એમ માનું છું કે ભિન્ન ભિન્ન ધર્મો વચ્ચેના સંવાદમાં સૌ પ્રથમ તો આપણે પોતાની જાત વિશે પ્રમાણિક હોવા જોઇએ અને જ્યાં સુધી આપણે પોતાની અલગ વિશિષ્ટતા ન જાણીએ ત્યાં સુધી આપણે સમાનતા પણ ન જોઇ શકીએ. આપણે હકીકતમાં જેટલા નિકટ છીએ તેના કરતાંય ઝાઝા હોવાનો દંભ કરતી ચર્ચાઓ મૂળભૂત રીતે જ કૃત્રિમ છે. અને તે કોઇ પણ ફળદાયી પરિણામો લાવી શકે નહિ.

આથી, હું ટૂંકમાં મારી ઓળખ આપું છું કે હું કયાંથી આવું છું. (કહેવાયું છે તેમ) હું ટેઇલર યુનિવર્સિટીમાં ફિલસૂફી અને ધર્મનો પ્રાધ્યાપક છું અને ત્યાં અભ્યાસ કરાવતા મને ત્રેવીસ વર્ષ પૂરાં થયાં છે. અને ચોવીસમું વર્ષ હું શરૂ કરીશ. ટેઇલર એક આંતરમંડળીય ખ્રિસ્તી કોલેજ છે. સુવાર્તામાં વિશ્વાસ ધરાવતા ખ્રિસ્તી તરીકે હું મારી ઓળખ આપીશ. અત્યારે હું જોઉં છું કે સુવાર્તા પ્રચારકોને વારંવાર અસહ્ય સામાજિક કાર્યકર માનવામાં આવે છે. અને હમણા એ પાત્રને બાજુએ મૂકીશ. વધુ મહત્ત્વનું એ છે કે સુવાર્તા પ્રચારક ખ્રિસ્તી કેટલીક મૂળભૂત માન્યતાઓ અંગે સહમત હોય છે. અને તેમાંની બે નિર્ણાયક છે. સૌ પ્રથમ તો હું વિશ્વાસ રાખું છું કે બાઇબલ તે ગમે તે રીતે પ્રેરિત થયેલો જ ગ્રંથ નથી પણ તે ઈશ્વરનો પોતાનો શબ્દ છે. ઈશ્વરે જે સ્વયંભૂ તે આપ્યો તે સ્વરૂપમાં જ છે. કોઇપણ ભૂલ વિના. બીજું હું ઈશ્વર સાથેના મારા સંબંધમાં માનું છું એટલે કે મારું તારણ વધસ્તંભે જડાયેલા ઈસુ ખ્રિસ્તના મૃત્યુ પર જ આધારિત છે એમ હું માનું છું. મારાં જે પાપોની શિક્ષા સાચી રીતે મેં પોતે વેઠી હોત, તે પાપોની શિક્ષા તેમણે મારી અવેજીમાં મૃત્યુ દ્વારા વેઠી. અને લોકો માટે ઈશ્વરની આ જ જોગવાઇ છે. ખ્રિસ્તી ધર્મની આ બે કેન્દ્રીય માન્યતાઓ છે. અને જેમ જેમ હું વિષયની વાત કરતો જાઉં ત્યારે તો તમે સભાન રહેશો કે આ મારી માન્યતાઓ છે તે યોગ્ય છે.

તો, ધર્મો વચ્ચે સમાન ભૂમિકા આપણે કેવી રીતે શોધીશું ? તેનો વિચાર કરો. કયારેય આપણે ચિંતા કરી? હું માનું છું કે તેમ કરવાને ઉચિત - યોગ્ય કારણ છે. આપણે પોતાની માન્યતા પરસ્પરને માત્ર આપીએ એવું સસ્તું સાર્વત્રિકપણું તે નથી. આપણે એક એવા વિશ્વમાં જીવીએ છીએ જેમાં આપણે પરસ્પરના પડોશીઓ છીએ. અને સમકાલીન સામાજિક કામ કરવા માટે પહેલા કરતાય વધારે આપણે પરસ્પરને સમજવાની જરૂર છે. તેમાં રખે આપણે ભૂલ કરીએ. આજની આ બહુમતવાદી દુનિયા તે એવી દુનિયા નથી જેમાં ભિન્ન ભિન્ન ધર્મો પરસ્પર પ્રત્યે શાંતિપૂર્વક રહ્યા છે અને આપણે પણ ધર્મ અને તેની માન્યતાઓ અને આચરણો (કમ સે કમ માનવ બલિનું તેનું પાસું) છોડી તેવી આપણે અપેક્ષા ન જ રાખીએ તોય આપણે તે ય સ્વીકારવું. ખરેખર સમગ્ર વિશ્વ હજી સાવ સહિષ્ણુ બન્યું નથી. આખી દુનિયામાં ધર્મના આદેશના કોઈને કોઈ બહાના નીચે માણસોની હત્યા થાય છે. મને તો શંકા છે કે બહુ જ ઓછા ધર્મોનો હાથ લોહી વડે ખરડાયેલા નહિ હોય. આપણે શાંતિપૂર્વક સાથે રહેતા શીખવું જોઈએ અને એમ કરવા આપણે પરસ્પરને સારી રીતે સમજવા જોઈએ અને આપણામાં કશુંક સમાન છે તે જો જાણીએ તો આવું સંપૂર્ણપણે બની શકે.

હવે, જેને હું વિધાયક પ્રદાનો ગણું છું તે તરફ જતાં પહેલા કેટલાક અપ્રગતિશીલ માર્ગો પણ હું સૂચવી દઉં. આ માર્ગો પ્રત્યે લોકોએ સમાન ભૂમિકા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ લાંબે ગાળે તે કારગત નહિ નીવડે.

પહેલું કારણ તો એ છે કે એ સર્વ એટલા માટે સરળ છે કે તે તુચ્છ વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ષો પહેલા મેં કોઈકને (કોણ હતું તે મને યાદ નથી) મેં રેડિયો પર એમ બોલતા સાંભળ્યા કે ધર્મો વચ્ચે સમાન ભૂમિકા શોધવી અનિવાર્ય છે. તેણીએ ઉદાહરણ આપ્યું તે લીલા રંગ અંગેનું હતું. તેણીએ ઉલ્લેખ કર્યો કે ઈસ્લામનો રંગ લીલો છે. (આ સાચું છે) અને ખ્રિસ્તી ધર્મમાં, ખાસ કરીને નાતાલના દિવસોની આસપાસ લીલા રંગને આશાનો રંગ માનવામાં આવે છે. (કંઈક અંશે આ સાચું છે) અંગત રીતે આ નિરીક્ષણમાં હું એક ઉમેરો કરી શકું અને તે એ કે આપણે સહુ જાણીએ છીએ કે હિન્દુ ધર્મમાં લીલો રંગ રામની ઉપાસના અને તેના સાથી હનુમાન સાથે સંકળાયેલો છે. અને તેના સંક્ષિપ્ત સ્વરૂપે રામાયણ આખું વાંચવાના છે એમ હું માનું છું. વળી બૌદ્ધ ધર્મમાં લીલો રંગ સનાતન આનંદનું પણ કંઈક અંશે પ્રતીક છે. મને ખાતરી છે કે આ યાદી લંબાવી શકાય.

પણ તેથી શું ? પૂરા આદર (અને દેડકા કમિટીની ક્ષમાયાચના સાથે) આપણામાંના ઘણા લીલા રંગને પ્રિય માને છે. માટે આપણે માનવજાત વચ્ચેની વૈશ્વિક સમજણ સાધી શકીશું. એ અંગે મને નિશ્ચિત શંકા છે. આ વાત તો આપણા ધર્મોની કિનારથી ઘણી દૂર છે અને આપણે રંગોમાં જ ખૂંપી રહીશું તો આપણે ઝાઝું નહિ પામીએ.

આનાથી ઉલટી દિશામાં બીજો અપ્રગતિશીલ માર્ગ રહેલો છે. એટલે કે સમાન ભૂમિકાનો એટલો બધો દાવો કરવો કે જેથી ધર્મો વચ્ચેના ભેદો કયાં તો અસ્પષ્ટ બને અથવા તો સામ્રાજ્યશાહીની જેમ તેઓનો કબજો લેવાય. કાર્લ રાહનર ૨૦ મી સદીના કેથોલિક ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાનો વિદ્વાન હતો અને ખ્રિસ્તી ધર્મ અને અન્ય ધર્મો વચ્ચેના અંતરના સેતુ બનવાના સાચા પ્રયત્નો કરવા માટે તેને યશ આપવો જ જોઈએ. પણ આમ કરવામાં તો તે માત્ર ઉન્નત ભૂજ બન્યો છે. તેણે એવા ખ્યાલનું સમર્થન કર્યું કે લોકો જાણતા હોય કે ન જાણતા હોય પણ ઈશ્વર તથા માનવને સમર્પિત થયેલા સહુ લોકો ખરેખર ખ્રિસ્તી છે અને "અનામી ખ્રિસ્તીઓ" સંજ્ઞા સાથે તેણે આ વિચાર સમજાવ્યા. તેના સિદ્ધાંત પ્રમાણે તો આજ સવારે અહિં

બેઠેલા તમે સહુ ખરેખર ખ્રિસ્તીઓ છો. ભલે પછી તમે તમારી જાતને હિન્દુ માનતા હો કે શું માનવું તે અંગે તમને પૂરી ખાતરી પણ નહિ હોય, મારી તો કલ્પનાય છે કે આ ખુલ્લી પાડેલી વાત જો સાચી હોય તો તમે તેનાથી આશ્ચર્ય અનુભવશો અને અસંખ્ય લોકોએ આ ખરેખર આઘાતજનક છે એવી લાગણી પ્રદર્શિત કરી છે. તમે હિન્દુ નથી, બૌદ્ધો નથી, મુસ્લિમો કે બીજા કોઈ નથી પણ ખરેખર તો અજ્ઞાતપણે ખ્રિસ્તીઓ છો એ વાત જાણતાં જ તેઓની માન્યતાઓની અખંડતિતતાને ખરેખર હાનિ પહોંચે છે તેઓનું માનવું છે.

બીજી રીતો દ્વારા પણ આવા અપ્રગતિશીલ માર્ગો ઉદ્‌ભવે છે. બીજું એક ઉદાહરણ હું સમકાલીન પ્રોટેસ્ટંટ (સુવાર્તા પ્રચારક નહિ) ખ્રિસ્તી જોન હીકની વાત કરું તો તે ઘોષિત કરે છે કે ધર્મો વચ્ચેના ખરેખરા ભેદોનો તો કશો જ અર્થ નથી. પણ આપણે સહુ એક જ યોજનાની - એજ મહત્તમ સત્યના પ્રકાશમાં જીવવાનો પ્રયત્ન કરવાની યોજનાની પાછળ પડ્યા છીએ. અને તે સત્ય આપણા વિચારો અને ખ્યાલોની પાર છે. તેની પારના બધા જ ચોક્કસ ભેદો ખરેખર અપ્રસ્તુત છે. પણ ફરી પાછા, અન્ય ધર્મોના અનુયાયીઓ તો કહેશે, "ના હેકવના પ્રસ્તાવ બદલ આભાર." કોક લાગણીવશ, વિભાવનાશીલ યોજના તેઓની પાસે ગોખાવવા તેઓના ધર્મોની તેઓની આગવી વિશિષ્ટતાઓ છોડી દેવા કહેવું તે તો સમાન ભૂમિકા મેળવવા માટે અતિશય ઉંચી કિંમત આપવા જેવું થાય.

ખેર, નકારાત્મક પાસાની પૂરતી વાત થઈ. તો પછી સમાન ભૂમિકા ખુલ્લી પાડવા માટે આપણે ખરેખર કયાં જઈ શકીએ? હું તો એમ સૂચવું છું કે આપણી માન્યતા કે આચરણના ખરેખરા તત્ત્વને જોવા કરતાં આપણા કામ માટે કરેલી પૂર્વધારણાઓ વિધિપૂર્વક જાહેર કરવી તે જ શ્રેષ્ઠ સ્થળ છે અને આ ધારણાને સમજાવવાનો સરળમાં સરળ માર્ગ છે - આગળ કૂદી પડવું.

સૌ પ્રથમ તો સત્યની મૂળભૂત વિભાવનાને તેઓ હજુ પ્રતિબદ્ધ છે તે વિચારની ભૂમિકામાં જ સહુ ધર્મો સમાન ભૂમિકા શોધી શકે. આ જગતમાં એવા સત્ય "અંગત પસંદગી" અથવા "વ્યકિતગત માન્યતાઓ" નો પર્યાય ગયો છે. ત્યાં ધર્મો સમર્થન માટેનો એક આ સિદ્ધાંત ધારે છે કે સત્ય જેવી કોઈ વસ્તુ છે અને સત્ય અગત્યનું છે.

અલબત્ત, આપણે એક જ વસ્તુને સત્ય તરીકે ધારણ કરતા નથી. તે વાત તો ઘણી દૂર રહી. એવું પણ નથી કે આપણે એમ માનીએ છીએ કે સહુ ધર્મોમાં સત્ય સમાન રીતે પ્રગટ થાય છે. કેટલાક ધર્મો માને છે હું સત્ય લેખિત સ્વરૂપે પ્રગટ થાય છે તો કેટલાક માને છે કે સત્ય તે અંગત શોધની વાત છે. હકીકતમાં એક જ ધર્મની અલગ અલગ શાખાઓમાં ઘણી વાર જુદી રીતો જોવામાં આવે છે. છતાંય તે સહુનો એક જ ખ્યાલ છે કે વ્યકિત સત્યને પામ્યો છે કે નથી પામ્યો તે મહાન ક્ષણ અને પરિણામ વસ્તુ છે.

સત્યની સમય સ્વીકૃત વ્યાખ્યામાં સત્ય એટલે જે વાસ્તવ સાથે પ્રેમમાં હોય તે. બીજા શબ્દોમાં કહીએ તો માન્યતા ત્યારે જ સત્ય હોય છે જ્યારે તે માન્યતા વાસ્તવિકતાના અંશને ખરેખર અભિવ્યકત કરતી હોય છે. મારી કાર પાર્કિંગ પ્લોટમાં છે તેથી મારી માન્યતા ત્યારે જ સાચી છે જ્યારે મારી કાર પાર્કિંગ પ્લોટમાં હોય છે. તમારી આ માન્યતા પશ્ચિમના કેલેન્ડર પ્રમાણે

આજે ૧૩ ઓગષ્ટનો રવિવાર છે એ ત્યારે જ સાચી છે જ્યારે વાસ્તવમાં તે આજની તારીખ હોય. ઈશ્વર છે તેવી આપણા સહુની માન્યતા ત્યારે જ સાચી છે જ્યારે ઈશ્વર છે વગેરે. એટલે જ્યારે માન્યતા જેટલે અંશે વાસ્તવને અભિવ્યકત કરે તેટલે અંશે તે માન્યતા સાચી છે.

હવે હું કહું છું કે આપણે સહુ એ વાતથી તો સભાન છીએ કે કેટલાક લોકોના હાથમાં સત્ય ચપળ - લપચીક બની જાય છે. આવા વલણ અંગેનું મારું પ્રિય ઉદાહરણ આપણા પોતાના રાજ્ય ઈન્ડિઆનામાંથી જ પ્રાપ્ત થાય છે. ૧૮૯૬માં હુઝિયર વિધાનસભા મુદ્રકના બીબાના સમૂહનું મૂલ્ય જે ૩:૧૪૨ વગેરે હતું તે બદલવા ખરેખર મતદાન કર્યું. તેની પાછળનો તેઓનો હેતુ શ્રેષ્ઠ હતો. બાળકોને કામ કરતાં કપરું પડતું હોવાથી ઈન્ડિયાનાના વિધેયકોએ તે બદલીને ૩.૨ કરવાનો પ્રસ્તાવ કર્યો. પણ કલ્પો કે થયું શું ? મતદાન થયા પછીય બીબાનું મૂલ્ય મતદાન પહેલા હતું તેટલું જ ભારે રહ્યું. સત્ય જેવું ખરેખર છે તેનાથી ભિન્ન છે એવું કહીને જ તમે સત્ય ન બદલી શકો. સત્ય વાસ્તવિકતા દ્વારા નિર્ણિત થાય છે, આપણી પસંદગીઓ દ્વારા નહિ. મારી જર્મન માતાએ મને આ જ વાત કરી હતી અને હું કહું છું કે ઈન્ડિઆનાની માતાઓ પોતાના સંતાનોને એમ જ કહેતી હશે. તમે માત્ર કહો કે આમ જ છે એટલે તે એવું હોય તેમ નથી.

અને આ સંદર્ભમાં અગત્યનું કાર્ય ધર્મ જ કરે છે. આપેલા કોઈપણ ધર્મના વસ્તુને વેગ આપવાને બદલે તે માનવ જાતને આમ કહે છે - આપણા રોજિંદા જગતની પાર એક અસ્તિત્ત્વ ધરાવતી વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતા સંદર્ભે સાચું કે જૂઠું બોલવું શકય છે. અને વ્યકિત સાચું જીવન જીવે છે કે નહિ તેમાં ફેર પડે છે.

આ પ્રથા પૂરતી હું એક આનુસંગિક વાત કહું. આ વાતને પરિણામે આપણા સહુ માટે તે નિશ્ચિત કરવું અનિવાર્ય છે કે હકીકતમાં આપણી પાસે સત્ય છે. શિક્ષિત વ્યકિતના જીવનમાં કમસે કમ એક તબક્કો એવો આવે છે કે જ્યારે વ્યકિતએ પોતાની જાતને આમ પૂછવું પડે કે મારો ઉછેર જે રીતે થયો તેમાં અંગત રીતે હું સંમત છું. જે વ્યકિતઓ પોતાની જાતને સત્યના પ્રશ્ન અંગેના સંઘર્ષ સાથે જીવવાનું સ્વાતંત્ર્ય નથી આપતી તેઓ પોતાના વિશ્વાસમાં - શ્રદ્ધામાં કયારેક પરિપકવતા પામી શકતી નથી.

બીજું, બધા ધર્મો એક સાથે આધ્યાત્મિક પરિમાણ જુએ છે. જગતના અનેકવિધ ધર્મો પ્રત્યે સનિષ્ઠ રહેવા માટે આ વાકય કેમ બોલવું તે અંગે મારે વધુ સાવધ રહેવું અનિવાર્ય છે. પણ મોટાભાગના આપણે એમ અવશ્યપણે કહીએ છીએ કે અમે ઈશ્વરમાં માનીએ છીએ અને જ્યારે આપણે એવું કહીએ છીએ ત્યારે આપણા મનમાં તો તે ખ્યાલ હોય જ છે કે પરંપરાઓ વચ્ચે "ઈશ્વર" ની વ્યાખ્યા મહદ અંશે ભિન્ન થઈ શકે. આ એટલા માટે અતિ મહત્ત્વનું છે કે માનવતાના સાચા મૂળ સુધી ઠેઠ લઈ જાય તેવો કિસ્સો ઘડી શકાય.

ઓગણીસમી સદીમાં અને વીસમી સદીમાં પણ ઉત્ક્રાંતિના જીવ અંગેના સિદ્ધાંતની સાથે સાથે જ ધાર્મિક ઉત્ક્રાંતિના સિદ્ધાંતે પોતાની સ્થિતિ સુદૃઢ કરી છે. આ મત પ્રમાણે ઈશ્વરમાં વિશ્વાસ તે વિકાસની લાંબી, ધીમી પ્રક્રિયાની માત્ર પરાકાષ્ટા છે. ધારો કે માણસોએ તેમની ધાર્મિક કારકિર્દી આ કશીક આધ્યાત્મિકતાની અસ્પષ્ટ સભાનતાથી શરૂ કરી હોય અને જે આધ્યાત્મિકતા છેવટે આત્માના આદર અને ચમત્કારમાં સ્થિર થઈ હોય અને પછી માનવ ઈતિહાસમાં મોડે મોડે લોકોને ભાન થાય કે ઈશ્વર તો માત્ર એક જ છે. વીસમી સદીના પ્રારંભમાં સંપૂર્ણપણે દસ્તાવેજીકરણ પામેલી આ ઘટનાની હકીકત ખરેખર જુદી છે. વિદ્વાનોએ જ્યારે જગતની કેટલીક અલ્પવિકસીત સંસ્કૃતિઓનો અભ્યાસ કર્યો ત્યારે તેઓને સમજાયું કે આ લોકોને સ્વર્ગમાં વસેલા એકમાત્ર સર્જક ઈશ્વરનું સ્પષ્ટ જ્ઞાન હતું અને આત્માની ઉપાસના અને અન્ય પ્રથાઓ પાછળથી આવી. માનવજાતે ઈશ્વરની સમાનતાથી પ્રારંભ કર્યો તેમ માનવાનું સાચું કારણ છે.

હિંદુ ધર્મમાં આ વિચારનો ઐતિહાસીકતાથી નિર્દેશ કરી શકાય. મને ચોક્કસ ખાતરી છે કે વેદોમાં અનેક દેવતાઓની પ્રાર્થના કરે છે. તોય તેવી સાબિતી છે કે આ આકાશમાં રહેલા એક જ ઈશ્વરની (ડેયસ પિતર અને પાછળથી કદાચ વરુણની) ઉપાસનાથી અલગ રીતે થયેલો વિકાસ છે. અને જ્યારે જ્યારે હું મારા વિદ્યાર્થીઓના સમૂહ સાથે અહીં આવ્યો છું ત્યારે અમને આજુબાજુ ફેરવનારાઓએ તે ખાતરી તો કરી જ લીધી છે અમે (આ સમૂહમાં તો ખાસ) એટલું તો જાણીએ છીએ કે દેવતાઓના નામો અને વળી રાધા કૃષ્ણની પ્રતિમાઓ એક જ ઈશ્વરના પ્રતિનિધિત્વો છે.

હવે મારો મુદ્દો આ છે : ધર્મો વચ્ચે આશ્ચર્યજનક ભેદો હોવા છતાંય આપણે સહુ દિવ્ય વાસ્તવિકતાને જોવાના સમાન વારસાના ભાગીદાર છીએ. ભેદો સાચા છે અને તેઓની ઉપેક્ષા ન થવી જોઈએ. પણ તેથી, જેને આપણે પ્રમાણભૂત કરીએ છીએ એવી અંતર્ગત વાસ્તવિકતાના સત્યના મહત્ત્વને ઓછું ન આંકવું જોઈએ. મૂળભૂત જગતના જીવન દષ્ટિકોણમાં ઈશ્વર માત્ર ઉમેરો જ નથી પણ તેની વાસ્તવિકતા આપણને જે કંઈ માનવી બનાવે છે તેની હકીકતમાં અંશ છે. આ મૂળભૂત ખાતરી માટે ખ્રિસ્તીઓ, હિંદુઓ, મુસ્લિમો, યહૂદીઓ, શીખો કે અન્ય હોઈએ પણ ક્ષમા માગવાની જરૂર છે.

ત્રીજું, ધર્મ તેમની સાથે નૈતિક ફરજ પણ લઈને આવે છે. ભેદોની ઉપેક્ષા કરવી ખોટી છે પણ ફરી એકવાર આપણે આ મહત્ત્વની હકીકતને નજીવી ન માનવી જોઈએ. પોતાની આસપાસની દુનિયાને સંપૂર્ણપણે ઉપેક્ષી શકાય તેવી ઈર્ષ્યાજનક પરિસ્થિતિમાં જે સ્રી-પુરુષોએ પોતાને મૂકયાં છે તેઓ એ વાસ્તવિકતાથી અજાણ છે કે જગત ગંભીર નૈતિક ભીડમાં છે. સાચે જ આ મત વૈશ્વિક, સામાજિક અને વ્યકિતગત સ્તરે નિર્દેશી શકાય અને ધર્મો આ અવનતિ સામે લડવાના નૈતિક આદર્શો પૂરાં પાડવાના માર્ગે પરંપરાગત રીતે દોરી જાય છે - એય તે સાચું છે કે અનેક ધર્મો જગતના આમ બહારના જ માર્ગો પૂરા પાડવાનો પ્રયત્ન કરે છે. દા. ત. હિન્દુ ધર્મમાં મોક્ષ, ખ્રિસ્તી ધર્મમાં તારણ, બૌદ્ધ ધર્મમાં નિર્વાણ વગેરે. છતાંય આજ ધર્મો આગ્રહ રાખે છે કે જગતમાં હોય ત્યારે માણસોએ કેટલાક મૂળભૂત હુકમો દ્વારા જીવવું જોઈએ. સામાન્ય રીતે, પારલોકિકતા એ અનીતિ માટે બહાનું નથી.

અને અહીં જ છે આ મુદ્દાનું હાર્દ. નૈતિક ફરજના સાચા સ્રોતના મૂળની જોગવાઈ ધર્મ કરી શકે ને આવું સક્રિય બીજું કશું હું શોધી શકતો નથી. આપણી નૈતિક ફરજો શી છે તે પ્રશ્નનો ઉલ્લેખ હું નથી કરતો પણ શા માટે આપણે આરંભે નૈતિક હોવું જોઈએ તેનો ઉલ્લેખ કરું છું. નક્કી જૂઠું બોલવું ખોટું છે પણ શા માટે આપણે આરંભમાં જ જે સાચું છે તે કરવું જોઈએ અને ખોટું છે તે ટાળવું જોઈએ? આનો સ્પષ્ટ ઉત્તર એ હકીકત છે કે આવી ફરજો આપણા પર ઈશ્વરે (જેને માન્યો હોય તે) લાદી છે. અને હું જે પામ્યો છું તે આ કે તમે જો બીજે કયાંય જવાનો પ્રયત્ન કરશો તો આવી સક્રિય સ્પષ્ટતા તમને નહિ મળે.

જુઓ, નૈતિક ફરજના સ્ત્રોતે લોકો શું કરે છે તે આપણને કહેવાનું નથી પણ લોકોએ શું કરવું જોઈએ તે કહેવાનું છે. લોકો જે કરે છે તે તેણે વર્ણવવાનું નથી પરંતુ લોકોએ શું કરવું જોઈએ તે નક્કી કરી આપવાનું છે. આખા જગત પર માતાઓએ પોતાના સંતાનોને નક્કી જે કહ્યું છે તે ફરી એકવાર આપણે સંભારીએ - માત્ર બધાજ કહે છે માટે તે સાચું નથી. અને આપણે જો ધર્મની અધિકૃતતા (સત્તા) સિવાય માનવ ઉત્ક્રાંતિ, સામાજિક આચાર વગેરે જેવો કશાક અન્ય પ્રત્યે જો જોઈએ તો માણસો શું કરે છે તેનું જ આપણે માત્ર વર્ણન કરીએ છીએ. તેમણે આવું કરવું જ જોઈએ. તેમ માનવાને કોઈ અનિવાર્ય કારણ નથી. જ્યારે આપણે નૈતિક નૈતિક ચુકાદો આપીએ છીએ ત્યારે જ આપણે આવા નૈતિક મૂલ્યોને ફરજિયાત બતાવનાર ઈશ્વરને સૂચિત રૂપ ઘોષિત કરીએ છીએ.

આ મુદ્દામાં રહેલો સૂચિતાર્થ સાવ સ્પષ્ટ છે. શકય હોય ત્યાં સુધી ભિન્ન ભિન્ન ધર્મોના સભ્યોએ સહુ ધર્મોની સહિયારી, સમાન નૈતિક ભૂમિકાથી પોતાને પરિચિત કરવા જોઈએ અને સમાજવતી તેને કાર્યવંત બનાવવી જોઈએ. જુદા જુદા

ધર્મોને કેટલાક મુદ્દાઓ પર જુદા જુદા નિષ્કર્ષ હશે તેમા કોઈ પ્રશ્ન નથી. અનેક અમેરિકનને, યહૂદી - ખ્રિસ્તી નીતિશાસ્ત્રની વાતો કરવી ગમે છે. પણ જ્યારે તેની અનેક વિગતો આવે છે ત્યારે આવું કશું રહેતું નથી. બધા જ પ્રશ્નો પર ખ્રિસ્તીઓ કે યહૂદીઓ પણ પોતે સંમત થતા નથી. અને અમેરિકન સમાજના બે વધતા જતા બે મહત્ત્વના ઘટકો - હિંદુઓ અને મુસ્લિમોને સમાવિષ્ટ કરીએ તો ચિત્ર વધુ જટિલ બને. છતાંય જ્યારે અન્ય વ્યાપક પ્રશ્નોની વાત આવે. ઉ.ત. સત્ય અને જીવન અંગેની - ત્યારે આપણે યહૂદી, ખ્રિસ્તી, મુસ્લિમ, હિન્દુ પરંપરાના સંદર્ભોમાં વિચારવું જોઈએ. નૈતિક મૂલ્યોને એક સાથે બાંધીને રદબાતલ કરતા આપણા સમાજના ગુંચવણભર્યા સંબંધવાદથી વિરુદ્ધ આપણે સહુ એક જ બાજુએ છીએ.

ચોથું અને અંતિમ, હું કશુંક એવું ઉલ્લેખવા માગું છું કે જે અગાઉના ત્રણે મુદ્દાઓને આવરી લે છે છતાંય પોતાની રીતે તે સાવ ભિન્ન છે. હું એ હકીકત અંતે વાત કરું છું કે ધર્મો તેમની સાથે માન્યતા - શ્રદ્ધાનો અર્થ પણ લઈને આવે છે. આ મુદ્દો વ્યકત કરવો સરળ નથી પણ હું માનું છું કે તે નિર્ણાયક છે.

પ્રત્યેક શકય રીતે સખ્તાઈથી અનુભવ કરી શકતા, તેમના મિજાજ, ઋતુ કે અન્ય લોકો શું સાંભળવા માગે છે તેવી તેઓની વિચારણા પર આધાર રાખતા લોકોથી તમે થાકી નથી ગયા? હું તો, જ્યારે વ્યકિતથી પરિચિત થાઉં છું ત્યારે તેમની સાચી માન્યતાઓ - શ્રદ્ધાઓ શેમાં રહેલી છે તેમાં સદા રસ ધરાવું છું. આપણને સહુને નાના વડગાળો હોય છે અને આપણા સહુ પાસે આપણી ચોક્કસ નાની રીતો હોય જે દ્વારા લોકો આપણને ઓળખે અને આપણી સાથે સંબંધ બાંધે તેવું આપણે ઈચ્છીએ છીએ. સાથે સાથે, આશા છે કે આપણી પાસે કંઈક ઊંડી માન્યતાઓ - શ્રદ્ધાઓ પણ છે જે જીવનને અર્થસભર અને ધ્યેયપૂર્ણ બનાવે છે. આ પુરતું હું એવો દાવો નથી કરવાનો કે માત્ર ધર્મનિષ્ઠ લોકો જ આવી માન્યતાઓ ધરાવી શકે પણ માન્યતાઓ - શ્રદ્ધાઓના આધાર પર જો ધર્મનિષ્ઠ લોકો નહિ જીવી શકે તો કોણ જીવી શકશે ?

જુઓ, ધર્મોનો અભ્યાસ કરવાનું જે કાર્ય હું કરું છું તે મોટે ભાગે તો ખૂબ જ આનંદદાયક છે. લોકોને જ્યારે તમે તેઓના ધર્મ વિષે પૂછો ત્યારે તેવો દુભાશે કે કેમ તેની ચિંતા કયાંક મારા વિદ્યાર્થીઓ કરે છે. અલબત, તેવું જ બનતું આવ્યું છે. સમયે સમયે પ્રત્યેક જણ તોછડું હોય છે. પણ મોટે ભાગે લોકો, પોતે શું માનતા હોય છે તે માત્ર કહેવા સંમત જ નહિ તદ્દન આતુર હોય છે. છેવટે તો તેઓને ધર્મ સામાન્યપણે તેઓની અતિશય સંઘરેલી મૂડી હોય છે અને તે દેખાડવા તેઓ રાજી હોય છે.

મારા પહેલા ત્રણ મુદ્દાઓમાં મેં દલીલ કરી કે ધર્મો સત્ય, ઈશ્વર અને નૈતિકતા પ્રત્યેની મૂળભુત પ્રતિબદ્ધતાથી એક સાથે - નિકટ આવે છે. પણ ખરેખર સાચી પ્રતિબદ્ધતા છે ખરી ? સત્ય - જીવન પરિવર્તનશીલ છે. ઈશ્વર છે અને નક્કી આ હકીકત વિશ્વમાં અતિ મહત્ત્વની હોવી જોઈએ. જગતમાં વસ્તુનિષ્ઠ નૈતિક ફરજોનો અનુભવ થવો જ જોઈએ. એવા દાવાથી કોઈ ધર્મ પ્રતિબદ્ધ થયો છે? દુ:ખની વાત તો એ છે કે હું મારા ધર્મની વાત કરું તો કે આ ત્રણેને સામાન્યપણે માનતા અનેક ખ્રિસ્તીઓ એવું જીવન જીવે છે કે જે માન્યતા - શ્રદ્ધા વિનાના લોકોના જીવનથી લગીરે ફરક વિનાનું ન હોય તેવું જણાય છે. નિકસનના વ્હાઈટ હાઉસમાં જે અધિકારી હતા અને અત્યારે જે અગાઉ ખ્રિસ્તી પ્રવકતા છે તેમનો પ્રલાપ છે કે આપણી સંસ્કૃતિને "ગમે તે" શબ્દનો ચેપ લાગ્યો છે. જ્યારે કોઈ પણ વસ્તુની વાત કરો ત્યારે જાણે કે કશાનું મહત્ત્વ ન હોય એવું લાગે. પણ આ શૂન્યવાદ સામે ધર્મનિષ્ઠ લોકોએ વીજગર્જના કરવી જોઈએ - તે મહત્ત્વું છે ! સત્ય છે ! ઈશ્વર છે ! નૈતિક મૂલ્યો પણ છે ! અને આ બધાને લીધે આપણે આનંદ અનુભવી શકીએ છીએ.

કૃપા કરી, શ્રેષ્ઠ રવિવારની ભકિતસભાના પ્રવચનની પરંપરા પ્રમાણે આ નાનો વાર્તાલાપ અંગત વિનંતી સાથે સમાપન કરવાની રજા આપો. જ્યારે આપણે આ બાબતોનો વિચાર કરીએ છીએ ત્યારે એ દેખીતું છે કે ઘણા લોકોને મન સત્યની માન્યતો એવી કંઈ માન્યતાઓ નથી કે જેને ખાતર તેઓ લાંબો - ઘણો સમય ખર્ચે. અલબત્ત અત્યારે આપણામાંના કેટલાક

ચિંતકો કે સૈદ્ધાંતિકો છે. અને મારા પર શ્રદ્ધા રાખજો કે અત્યારે હું કૃતજ્ઞ છું. છતાંય, હું વિશ્વાસ રાખું છું કે આપણે બધા જે શ્રધ્ધાનું આચરણ કરીએ છીએ તે શ્રદ્ધા માત્ર સંસ્કૃતિ અને આદત જ નથી પરંતુ તે હૃદય અને મનની પણ શ્રદ્ધા છે. જો તેમ ન હોય તો હું પ્રાર્થના કરું છું કે તમારી જિંદગીનું પરિવર્તન કરે તેવી શ્રદ્ધા શોધતા તમે નહિ ડરો.

ફરી એકવાર, તમારી સમક્ષ આટલું બોલવાની છુટ આપવા બદલ અને મને સાંભળવા બદલ હું તમારો આભાર માનું છું.

— ડૉ. વિન્ફ્રાઈડ કોર્ડ્યુઅન

ડૉ. વિન્ફ્રાઈડ કાર્ડ્યુઅને ઈ.સ. ૨૦૦૦માં આ લેખ હિંદુ સમૂહ સંમુખ પ્રસ્તુત કર્યો હતો.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved

email: info@karma2grace.org

શરૂઆત
હેતુ
લેખો
જીવન કથાઓ
પંડિતને પૂછો
ગુજરાતી ભાષાંતર

# કર્મથી કૃપા તરફ

## ઈસુના ખોવાયેલા વર્ષો

આપણને બધાને ખાનગી વાતો ગમે છે. ખાસ કરીને આપણને રસિક વાત મળી હોય ત્યારે તો ખાસ. અને વિષય જેટલો મહત્ત્વો તેટલી જ તે ખાનગી વાત વિશેષ મૂલ્યવાન. ગુપ્ત ડહાપણ એ બધી તો પવિત્ર અને સંમતિ વસ્તુ છે કે જે પ્રારંભ કરનારને વિરલ પ્રદેશોના ઉન્નત દર્શન કરાવે છે. આમ જનતાએ  જે ખોટું છે તે જ્ઞાતાઓએ પ્રાપ્ત કર્યું છે. તે જાણતાઓ (જ્ઞાતાઓ) ધન્ય છે કે જેવો પરંપરામાંથી વાસ્તવિકતાને (સત્યને) નિહાળી શકે છે. જેઓ "ઈસુના ખોવાયેલા વર્ષો " નું સત્ય ઉકેલે છે. આધ્યાત્મિકતા નવી નથી જેમાં પ્રવેશ પામી છે તેવા અનેક લોકો રૂઢિગત ખ્રિસ્તીને ઈસુની આજ સુધી તેને અપરિચિત એવી ઓળખ આપે છે - વિશ્વ પ્રવાસીની.

રૂઢિગત ખ્રિસ્તીની ઈસુ વિષેની સમજ તો તેમને પ્રાચીન - પુરાણા પેલેસ્ટાઈનમાં યહૂદી ચંપલ પહેરેલા કલ્પે છે. પ્રબોધકે કરેલી આગાહી પ્રમાણે ઈસુ યહૂદી લોકો વચ્ચે નબળાને સુધારવા, ગરીબને પોષવા, મરેલાને સજીવન કરવા, ઈશ્વરના રાજ્યની ઘોષણા  કરવા, અનેકોની અવેજીમાં મરવા અને પોતાના અનન્ય કાર્ય - ધ્યેયના તથા પોતાની દિવ્યતાના આખરી પ્રદર્શન લેખે મરેલામાંથી સજીવન થવા આવ્યા હતા. ઈસુએ પોતાના શિષ્યોને સર્વ દેશનાઓને શિષ્યો બનાવવાનો હવાલો આપ્યો હતો (માત્થી ૨૮:૧૮-૨૦, પ્રે.કૃ.૧:૮) પણ આ પૃથ્વી પરનું પોતાનું સેવાકાર્ય તે તેમના વતન, પેલેસ્ટાઈન પૂરતું જ સીમિત હતું.

બાઈબલની સમજ પ્રમાણે તો વિશ્વના તારણહાર થવા માટે ઈસુએ વિશ્વ પ્રવાસી થવાની જરૂર નહોતી. શિશુ ઈસુનો ઈજિપ્ત પ્રવાસ માથ્થી નોંધે છે. પણ હેરોદની તરવારથી આ પલાયન થવું તે આગાહી "ઈજિપ્તમાંથી મેં મારા દીકરાને બોલાવ્યો." (માથ્થી ૨:૧૫, હોશિયા ૧૧:૧) પૂર્ણ કરવા માટે હતું તેવું કારણ અપાયું છે. ઈશ્વરે ઈસુને "ઈજિપ્તમાંથી" બોલાવ્યા. ઈજિપ્ત કે બીજા પૂર્વના દેશો તરફથી નહિ.

પોતાના વતનના સભાસ્થાનમાં જ્યારે ઈસુ ઉપદેશ આપતા હતા ત્યારે અનેક લોકો તેમના જ્ઞાનથી આશ્ચર્ય પામી કહેતા હતા, "આ માણસની પાસે આવું જ્ઞાન તથા આવાં પરાક્રમી કામો ક્યાંથી? શું એ સુથારનો દીકરો નથી ? એની માનું નામ મરિયમ નથી શું ? અને શું યાકૂબ, યૂસફ, યહૂદા અને સિમોન તથા તેના ભાઈઓ નથી. અને શું એની સઘળી બહેનો આપણી પાસે નથી?" (માર્ક ૬:૨-૩; સંદર્ભ માથ્થી ૧૩:૫૩-૫૮) તેમને આઘાત લાગ્યો કે જે પોતાના વતનના છોકરા જે ઈસુને તેઓ ઓળખતા હતા તે આવી શક્તિથી ઉપદેશ આપે ને ચમત્કારિક કાર્યો કરે.

ઈસુનું બાઈબલ પ્રમાણેનું જીવન ચરિત્ર તો બારથી ત્રીસ વર્ષની ઉંમરની વચ્ચે, લૂકના એક જ વાકયમાં તેમના જીવનનું સમાપન કરે છે: "ઈસુ જ્ઞાનમાં તથા કદમાં અને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો"(૨:૫૨). પણ એવો કોઈ સંકેત મળતો નથી કે તેમણે પેલેસ્ટાઈન છોડયું. સુથાર તરીકે તેમ કરવાનું તેમની પાસે કોઈ કારણ નહોતું. માનવપુત્ર તરીકે તેમણે કશું તેમણે કશું તેમની પાસે કોઈ કારણ નહોતું. માનવપુત્ર તરીકે તેમણે કહ્યું. તેમણે કહ્યું, "ઈઝરાયલના ઘરના ખોવાયેલાં ઘેટાં સિવાય બીજા કોઈની પાસે હું મોકલાયો નથી" (માથ્થી ૧૫:૨૪). વધુ બોધની શોધ માટે જગતનું સર્વેક્ષણ કરવાની ઈચ્છા ઈસુએ કયારેય પ્રગટ કરી નથી. હકીકતમાં તો તેમણે સમરૂની સ્ત્રીને વિશ્વાસપૂર્વક કહ્યું કે "તારણ યહૂદીમાંથી છે" (યોહાન ૪:૨૨). સુવાર્તાઓ વાંચતા, ઈસુના જીવનમાં કયાંય છીંડુ દેખાતું નથી. કોઈ વર્ષો ખોવાયેલા નથી. કેટલાંક વર્ષોનો - સાર અપાયો છે. ઈસુની પાછલા વર્ષોની ધર્મસેવા અને બાળક તરીકે ધર્મશાસ્ત્રમાંનો તેમનો રસ જોતાં આપણે કલ્પી શકીએ કે પિતાની માટે સુથારનો ધંધો શીખતાં શીખતા ધર્મ શાસ્ત્રોનો તેમણે અભ્યાસ કર્યો હશે. કહેવાતાં ખોવાયેલાં વર્ષો અંગે ટીકા કરતાં બાઈબલના વિદ્વાન અભ્યાસી એડગર ગુડસ્પીડ ધારે છે કે યહૂદી પ્રબોધકોનું એ કથન — "એના પહેલાં કે એના આગમન સમય પછી કોઈએ તેના જેટલી ઉંમરે આટલી શકિતથી આવું કયારેય કર્યું નથી." ઈસુને લેખે લાગે છે. (૧)

સુવાર્તાઓમાં ઈસુની જાહેર સેવાને સમજવાની ચાવી પૂર્વનો અલ્પ મુકામ નથી પણ તેમનું બાપ્તિસ્મા છે. આજ સમયે ઈશ્વરપિતાએ જાહેરમાં તેમને સમર્થન આપ્યું અને તેમને આજ્ઞા કરી અને આજ સમયે પવિત્ર આત્મા શકિત સહિત તેમના પર ઉતરી આવ્યો. ત્યાર પછી ઈસુની ધર્મસેવા કે બોધ હિંદુ ગુરુ અથવા બૌદ્ધ ભિખ્ખુ જેવાં નથી. તેમણે પુનરુત્થાનનો ઉપદેશ આપ્યો, પુનર્જન્મનો નહિ. તેમણે પોતાના સાત શિષ્યોને અંગત ઈશ્વર સાથે, નહિ કે બિન અંગત સિદ્ધાંત સાથે સંબંધ બાંધવાનો આદેશ આપ્યો. પોતે માનવદેહધારી ઈશ્વર છે એવું તેમણે પોતાને માટે અનન્યતાપૂર્વક જાહેર કર્યું અને પ્રદર્શિત પણ કર્યું. ઈશ્વરને ઓળખતા એક ગુરુ તરીકે નહિ.(૨)

છતાંય નવા કરારમાંના બે ફકરાઓ ઈસુને વિશ્વ પ્રવાસી તરીકે યોગ્ય ઠરાવવા કયારેક વપરાય છે. પ્રથમ ફકરો છે યોહાન ૨૧:૨૫. ઈસુએ કરેલા બીજાં કામો પણ ઘણા છે. જો તેઓમાંનુ દરેક લખવામાં આવે તો એટલા બધા પુસ્તકો થાય કે તેનો સમાવશ આ જગતમાં થાય નહિ એમ હું માનું છું (૩). તેમના પૂર્વ તરફના પ્રવાસને છૂટ આપતો આ વિચાર છે. છતાંય, તેનો સમાંતર ફકરો આ કલમને વધુ સ્પષ્ટતા આપે છે.

"ઈસુએ પોતાના શિષ્યોની રૂબરૂ બીજા ઘણા ચમત્કારો કર્યા કે જેનું વર્ણન આ પુસ્તકમાં કરેલું નથી. પણ ઈસુ તે જ ખ્રિસ્ત, દેવનો દીકરો છે એવો તમે વિશ્વાસ કરો અને વિશ્વાસ કરીને તેના નામથી જીવન પામો માટે આ વાતો લખેલી છે" (યોહાન ૨૦:૩૦-૩૧).

ઈસુની ચમત્કારિક શકિત જોઈ યોહાન દિગ્મૂઢ થયો હતો પણ તેણે કેટલાક જ અહેવાલો ઈસુમાં વિશ્વાસ જગાવવા પસંદ કર્યા હતા. ઈસુનાં કાર્યોનો સંપૂર્ણ અહેવાલ જગતના બધા પુસ્તકોમાં પણ સમાવી ન શકાય તેવો તેને અહેવાલ ઈસુ અંગે કંઈક કહેવાય તેને સમર્થન આપતો નથી. હકીકતમાં તો, યોહાનના પ્રથમ પત્રમાં તે ખ્રિસ્તના સિદ્ધાંતોને વિકૃત કરતા ખ્રિસ્ત વિરોધીઓને તે ચેતવે છે (યોહાનનો પહેલો પત્ર ૪:૧-૪). કોઈક કદાચ એમ કહે કે મધર ટેરેસા પર લખાયેલાં જગતના બધાં જ જીવનચરિત્રો તેમના સઘળા પ્રેમાળ કૃત્યોને નોંધવા પૂરતાં નથી. પણ આથી, તેમણે તેમની કિશોરાવસ્થાના વર્ષો, ફ્રાંસમાં

આકર્ષક ફેશન મોડેલ તરીકે પણ ગાળ્યાં હતાં તેવું લખવા માટે કોઈ પણ જીવનચરિત્રને હક મળતો નથી. ઈસુ જ્યારે પેલેસ્ટાઈનમાં પોતાના શિષ્યો સાથે હતા તે સમયે તેમણે કરેલા કાર્યોનો ઉલ્લેખ કરે છે. ખોવાયેલા વર્ષોનો તો અહીં પ્રશ્ન જ નથી.

પોતાના પુસ્તક The Jesus Mystery (૧૯૮૪)માં જેનેટ બોક, યોહાન ૧:૩૧નો ઉલ્લેખ કરે છે. તે કલમમાં યોહાન કહે છે કે તે તેને ઓળખતો નહોતો. આ કથનનો જેનેટ બોક એ વાતની સાબિતી તરીકે ઉપયોગ કરે છે કે ઈસુ થોડા વખત માટે પેલેસ્ટાઈનથી દૂર હતા. નહિતર ઈસુના પિતરાઈ ભાઈ યોહાને એમને ઓળખ્યા જ હોત.(૪) પણ બોક તે દેખીતી હકીકત નોંધવાનું ભૂલી જાય છે કે યોહાન એકાંતવાસી હતો જે "ઈઝરાયલમાં તેના પ્રગટ થવાના દિવસ સુધી રાનમાં રહ્યો" (લૂક ૧:૮૦). તેણે ઈસુને કદાચ ઓળખ્યા જ નહિ હોય કારણ કે તે તેમની સાથે ઉછર્યો નહોતો. અથવા તો તે પવિત્ર આત્મા તેના પર ઉતર્યો ન હોત તો ઈસુને "તારણહાર" તરીકે યોહાને ન જ ઓળખ્યા હોત (યોહાન ૧:૨૯-૩૪) ગમે તેમ પણ ખોવાયેલાં વર્ષો અને વિશ્વ પ્રવાસના પ્રશ્નો અહીં ઉભા થતા જ નથી.

છતાંય, આ શાંત અથવા "ખોવાયેલા" વર્ષોએ અનેકોને રહસ્યમય બનાવી ચિંતિત કર્યા છે. કારણ કે તેઓ માને છે કે આ સંક્ષિપ્ત વર્ષોમાં જ ઈસુનો સમગ્ર અર્થ રહેલો છે.

## નિકોલસ નોટાવિચનો પ્રવેશ

૧૮૯૪માં રશિયન પત્રકાર નિકોલસ નોટોવિચે ફ્રાન્સમાં The Unknown life of Jesus Christ નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તે સત્વરે જ લોકપ્રિય અને વિવાદાસ્પદ બન્યું. એક વર્ષમાં તેની આઠ આવૃત્તિઓ પ્રગટ થઈ. પાછળથી તે જ વર્ષમાં તે પુસ્તકનો અંગ્રેજી અનુવાદ પણ પ્રગટ થયો અને સાથે સાથે તેના ઈટાલિયન અને જર્મન અનુવાદો પણ પ્રગટ થયા. થોડા વર્ષો પછી (૧૮૮૬) સ્વિડીશભાષામાં તથા સ્પેનિશભાષામાં (૧૯૦૯) પણ તેના અનુવાદો પ્રગટ થયા.(૫) નોટાવિચની વાર્તા તેના હિંમતવાન દાવાઓ જેટલી જ વિચિત્ર હતી. જો તે સાચી હોય તો ઈતિહાસ પ્રસિદ્ધ અને સંસ્થાગત ખ્રિસ્તી ધર્મ ખોટો હતો.

The life of Saint Issa : Best of the Sons Man આ નામની ખોવાઈ ગયેલી મનાતી તિબેટીયન વાચના પર આ વિવાદ કેન્દ્રસ્થ થયો હતો. આ વાચનાનો દાવો હતો કે ઈસુએ ૧૩ થી ૨૯ વર્ષની ઉંમર દરમિયાન પૂર્વના પ્રવાસ ખાતર પેલેસ્ટાઈન છોડ્યું હતું. નોટાવિચે આ ટૂંકી વાચનાને પોતાના પુસ્તકનું કેન્દ્ર બનાવ્યું હતું. કેવી રીતે આ ખોવાયેલી વાચના પોતાને મળી હતી અને એનું કેટલું મહત્ત્વ તે સમજ્યો હતો તે સમજાવતા નિબંધો પણ તેણે ઉમેર્યા હતા.

૧૯૦૭માં લેવી લાઉનીંગે 'The Aquarian Gospel Jesus the Christ' નામનું પ્રણાલિકાગત પુસ્તક પ્રગટ કર્યું. તેમાં પણ નોટાવિચના દૃષ્ટાંતોનો પડઘો પડતો હતો. એલિઝાબેથ કલેર પ્રોફેટના 'The lost years of Jesus Christ' (૧૯૮૪) જેનેટ બોકના Jesus Mystery અને હોલ્ડર કેસ્ટેનનો Jesus lived in India (૧૯૮૬) જેવાં અનેક પુસ્તકોએ નોટાવિચ, ડાઉનીંગ અને બીજા અનેકોના દાવાઓને ઈતિહાસ પ્રસિદ્ધ ખ્રિસ્તી ધર્મ સામે ગંભીર પડકારો ફેંકયા. થોડાક મતભેદો સાથે

તે બધા જ માને છે કે રહસ્યમય પૂર્વથી ઈસુ અપરિચિત નહોતા. તે ત્યાં રહ્યા, ત્યાંની પ્રાચીન વિદ્યા આત્મસાત કરી અને પ્રકાંડ જ્ઞાની તરીકે પેલેસ્ટાઈન પાછા ફર્યા. પણ આ બધું રશિયન પત્રકાર નોટાવિચથી શરૂ થયું. એણે કેવો દાવો કર્યો ? અને તેની શી સાબિતી તેની પાસે હતી ?

'The Unknown life of Jesus Christ'ની પ્રસ્તાવનામાં નોટાવિચ જણાવે છે કે તૂર્કી યુદ્ધ (૧૮૭૭-૭૮) પછી એણે 'ભારતમાં વસતા લોકો, તેમની રૂઢિઓ, ભવ્ય અને ગૂઢ સ્થાપત્ય અને તેમના દેશની ભવ્ય અને ભભકાદાર પ્રકૃત્તિ' (૬) નો અભ્યાસ કરવા ભારત પ્રવાસ કર્યો. અને અનેક સ્થળે પ્રવાસ કર્યા પછી તે તિબેટમાં લડાખ ખાતે આવ્યા. ત્યાંથી તે રશિયા પાછો ફરવા માગતો હતો. પણ તે ત્યાં હતો ત્યારે જ લામાના વડા પાસેથી "કેટલાક મહાન મઠોમાં સચવાયેલાં ઈસુ ખ્રિસ્તના જીવન સાથે સંબંધિત અતિ પ્રાચીન સંસ્મરણો તેણે સાંભળ્યા."(૭) નવા ઉત્સાહ સાથે નોટાવિચે રશિયા પાછા ફરવાને બદલે આ સામગ્રી શોધવાનું નક્કી કર્યું, લડાખના પાટનગર લેહમાં તેણે પ્રાચીન મઠની મુલાકાત લીધી. લામાના વડાએ તેને માહિતી આપી હતી કે હસ્તપ્રતોની નકલો આ મઠમાં સંઘરાયેલી છે. નોટાવિચે કહે છે કે કોઈને શંકા જતાં તેણે ભારત છોડવાનો નિર્ણય કર્યો.(૮)

નોટોવિચ કહે છે કે છુટા પડ્યા પછી આકસ્મિક રીતે તેનો પગ ભાંગ્યો અને તેથી સારવાર માટે અને વળી ઈસુના ખોવાયેલા વર્ષોની શોધ કરવા તે પાછો હીમીસ આવ્યો. તેનો દાવો છે કે તેની વિનંતીથી લામાના વડાએ તેને ઈસુ ખ્રિસ્ત સંબધી હસ્તપ્રત આપી અને તિબેટી ભાષાનો અનુવાદ કરનાર મારા દુભાષિયાએ મને સહાય કરી (૯) અને લામાએ જે મને વાંચી સંભળાવ્યું તે સાવચેતીપૂર્વક મારી નોંધપોથીમાં તબદીલ કર્યું. તે કહે છે કે ત્યારથી હિંદના અને નેપાળના બ્રાહ્મણવાદી અને સવિશેષ તો બૌદ્ધધર્મવાદી ઈતિહાસકારોએ અતિ ચોકસાઈથી સંપાદિત કરેલા આ તવારીખની અધિકૃતતા પર તેને શંકા નથી.(૧૦) તેણે ભાષાંતર પ્રસિદ્ધ કર્યું.

આ દસ્તાવેજોની ચોકસાઈ વિશે તેને પૂરી ખાતરી હોવાનો નોટાવિચનો દાવો છે. એટલે જ તેણે સુવાર્તાઓમાંના નવા કરારના પક્ષકારોની ટીકાઓને ફગાવી દેતાં તે કહે છે કે તેની શોધ જ આંખે દેખનારાઓના તથા સમકાલીનોના અહેવાલ પરથી, ઈસુના મૃત્યુ પછીના ત્રણ કે ચાર વર્ષે સંકલિત કરવામાં આવી હતી અને તેના મત પ્રમાણે પાછળથી લખાયેલી સુવાર્તાઓના અહેવાલો કરતાં તેમાં સત્ય હોવાની વધુ શકયતાઓ છે.(૧૧)

વાચનાના પાઠના કહેવાતા પ્રકાશનનો વ્યવસ્થિત અહેવાલ આપ્યો છે.પણ વાચના (પાઠ) શું કહે છે?

## The life of Saint Issa (ઈસુ)

નોટાવીચે તેના પુસ્તક The unknown life of Jesus Christ માં 'The life of Saint Issa', 'Best of the sense of the man' શિર્ષક નીચે વાચના (પાઠ) છાપી. તેનું ચૌદ અધ્યાયમાં વિભાજન થયું છે. અને પ્રત્યેક અધ્યાયમાં કલમો છે. તેનો આરંભ પ્રસ્તાવનાથી થાય છે. તેમાં, જેનામાં વિશ્વનો આત્મા પ્રગટ થયો હતો તેવા મહાન અને ન્યાયી ઈસ્સાની હત્યા કરવાનો (૧:૨) 'ઈઝરાયલની ભૂમિ પર થયેલા મહાન ગુનો' (૧:૧) અંગે વિલાપ છે. જેની દયા અનંત એવા એક અને અવિભાજ્ય સર્જક (૧:૪) તરફ લોકોને પાછા દોરી જવા ઈસ્સા (ઈસુ) એ માનવદેહ ધારણ કર્યો હતો.

બીજી કલમ 'ઈઝરાયલથી આવતા વ્યાપારીઓની' વાત કહે છે. આ વ્યાપારીઓએ વાચનામાં આપેલો (૧:૫) અહેવાલ આપ્યો. ત્યાર પછી ઈજિપ્તની ગુલામીમાં પડેલા ઈઝરાયલ અંગેની ચર્ચા આવે છે. તેમાં ઈશ્વરના લોકોને ફારૂન પાસેથી મુક્તિ અપાવવામાં રાજકુંવર મોસ્સાએ (મુસાએ) ભજવેલ ભૂમિકાની વાત આવે છે. મોસ્સા ઈઝરાયલને ફરી ઈશ્વર પાસે દોરી જાય છે. પણ તે લોકો ફરી મૂર્તિપૂજા કરતા થાય છે.(૧૨)

પછી આપણા જાણવામાં આવે છે કે ઈઝરાયલની આ બેવફાઈને ઈશ્વર રોમનોના દમન દ્વારા દંડે છે. છતાંય ઈશ્વર પોતાના લોકોની પ્રાર્થનાઓ સાંભળે છે અને 'માનવ દેહ ધરી અવતરવાનો' (૪:૧) નિર્ણય કરે છે. "સનાતન આત્મા" માનવ દેહ ધરી એટલા માટે આવ્યો કે જેથી તે "માણસોને દિવ્ય સાથે અનુસંધાનમાં સાધતા અને સનાતન યુગ પ્રાપ્ત કરતાં શીખવી શકે" (૪:૩).

આ બાળક દ્વારા ઈશ્વરે વાતો કરી અને "માત્ર એક અને અવિભાજ્ય ઈશ્વર" અંગે વાત કરી તથા "ભટકતા આત્માઓને પ્રાયશ્ચિત કરવાની અને તેમના પાપોમાંથી જાતને શુદ્ધ કરવાની" (૪:૮) સલાહ આપી. યુવાન ઈસ્સાએ અનુયાયીઓ એકઠા કર્યા. વળી, તેની લગ્ન યોગ્ય ઉંમરે, ૧૩ વર્ષની ઉંમરે ઈસ્સાએ વ્યાપારીઓના સમૂહ સાથે યરુશાલેમ છોડ્યું અને સિંધ (હિંદ) તરફ પ્રવાસ કર્યો (૪:૧૩)

૧૪ વર્ષની ઉંમરે ઈસ્સા સિંધની બાજુએ આવ્યા અને ઈશ્વરને પ્રિય એવી ભૂમિમાં આર્યો સાથે વસ્યા (૫:૧) ત્યાર પછી તેમની કિર્તી ઉત્તર સિંધમાં પ્રસરી. "ભગવાન દુર્જૈનના ભકતો" એ (૫:૩) તેમની શોધ કરી. પણ તે ભ્રામક ઉપદેશકોને છોડી "ઓર્સિસ દેશના દુજાગ્યુએમેટ" ગામે ગયા (૫:૩) જ્યાં બ્રાહ્મણ ધર્મગુરુએ - પંડિતે વેદને સમજવાનું, પ્રાર્થના દ્વારા રોગો દૂર કરવાનું, પવિત્ર શાસ્ત્ર ભણાવવાનું,માણસમાંથી કુઈચ્છા (વાસના) દૂર કરવાનું અને તેને ફરી ઈશ્વરની પ્રતિકૃતિ બનાવવાનું શિખવ્યું (૫:૪).

છ વર્ષો સુધી ઈસ્સા અહિં અને "અન્ય પવિત્ર શહેરોમાં" (૫:૫) રહ્યા. અને તેમણે નીચલા હિન્દુ વર્ણોને ચાહ્યા અને ઉચ્ચ વર્ણોના દમન સામે તેઓનો પક્ષ લીધો. ઈશ્વર એકલાની જ ઉપાસના કરવાના વૈશ્વિક નિયમના પક્ષમાં તેમણે "વેદો અને પુરાણોની દિવ્ય પ્રેરણાનો પણ ઈન્કાર કર્યો " (૫:૧૨-૧૩) ઈસ્સાએ સઘળી મૂર્તિપૂજાની નિંદા કરી અને જેઓ જડ પદાર્થોની ઉપાસના કરતા હતા તેઓના પર ઈશ્વરનો કોપ ઉતાર્યો (૫:૧૫-૧૬). ઈશ્વર જ "માણસના ગુઢ જીવનનું નિર્મિત છે અને તે માણસમાં જ તેવા પોતાની દિવ્ય વિભૂતિનો અંશ વસ્યો છે" (૫:૧૮)

જોકે, ધર્મગુરુઓ - પંડિતો (બ્રાહ્મણો) અને યોદ્ધાઓ (ક્ષત્રિયો) ઈસ્સાએ તેઓના ઉપદેશોના કરેલા અસ્વીકાર બદલ ઈસ્સા પ્રત્યે ખીજાયા અને તેમની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો. પણ તે "ગૌતમના અનુયાયીઓના દેશમાં, જ્યાં મહાન શાકય મુનિ બુદ્ધ આ દુનિયામાં અવતર્યા હતા અને જેમાં લોકો એકમાત્ર ઉદાત્ત બ્રહ્મની જ ઉપાસના કરતા હતા ત્યાં ભાગી ગયા" (૬:૨). બીજા શબ્દોમાં કહીએ તો ઈસ્સા હિન્દુ ધર્મમાંથી બૌદ્ધ તરફ વળ્યા. જો કે, બ્રહ્મની ઉપાસના કરતો બૌદ્ધ ધર્મી આ અંગે કંઈ કહેતો નથી તે તેની વિલક્ષણતા છે.(૧૩) ત્યાર પછી તેમણે પાલિ ભાષા ઉપર પ્રભુત્વ મેળવ્યું. અને છ વર્ષો સુધી પવિત્ર સુત્રોનો (બૌધ્ધ શાસ્ત્રોનો) અભ્યાસ કર્યો. ત્યાર પછી એ પવિત્ર વીટાંઓને સંપૂર્ણપણે સમજાવી શકયા.

પછી તેમણે નેપાળ તથા હિમાલય પર્વતમાળા છોડ્યાં અને રાજપુતાની ખીણમાં ઉતર્યા. પાછળથી તે પશ્ચિમમાં ફર્યા અને સર્વત્ર તેમણે 'માણસ દ્વારા મેળવી શકાય તેવી સર્વોપરિ પૂર્ણતા' (૬:૫) નો ઉપદેશ આપ્યો. વિધર્મી (૬:૭-૧૬) ઓમાં રહેલી મૂર્તિપૂજાને ઈસ્સા નીંદતા જ રહ્યા. તેમણે ચેતવણી પણ આપી કે જેઓ મૂર્તિઓ સર્જશે તેઓ 'શાશ્વત અગ્નિના ભોગ બનશે' (૭:૧૦) અનેકોએ તેઓની મૂર્તિઓનો ત્યાગ કર્યો (૭:૧).

ઈસ્સાનો બીજો મુકામ હતો પર્શિયા. ત્યાં જરશોસ્ત ધર્મ પાળનારાઓ ઈશ્વરને શુભ - અશુભ બંને રીતે જોતા હતા અને સૂર્યની પૂજા કરતા. આથી ઈસ્સાએ તેઓની સખત નિંદા કરી. ઈરાનના (પૂર્વના) ધર્મગુરુઓને આ ગમ્યું નહિ. એટલે તેમણે ઈસ્સાને મધરાતે શહેરની બહાર આવેલા ધોરી માર્ગ ઉપર એકલા છોડી દીધા. તેમના મનમાં આશા હતી કે રાની પશુઓ તેમને ખાઈ જશે, પણ તે ભાગી છૂટ્યા.

ત્યારે ઈસ્સાની વય ૨૯ વર્ષની હતી. તે ઈઝરાયલ પાછા આવ્યા અને ત્રણ વર્ષ રહ્યા. ત્યાં તેમણે ઈશ્વર માટેના આટલા ઉંચા નૈતિક ધોરણો, નિ:સ્વાર્થતા અને રોમનોના દમનના સંદર્ભમાં અપ્રતિકાર પ્રબોધ્યા. યહૂદી ધર્મના આગેવાનોએ તેમનો વિરોધ ન કર્યો. પણ પિલાત તેમનાથી ડરતો હતો. તેને ભય હતો કે તે બળવાને પ્રોત્સાહન - ઉત્તેજન આપશે. પિલાતે ઈસ્સાને યહૂદી ન્યાયાધીશોને હવાલે કર્યો. તેઓ તેમનામાં કોઈ દોષ ન શોધી શકયા અને પવિત્ર પાત્રમાં તેમના હાથ ધોતા ધોતા કહ્યું, 'અમે એટલા નિર્દોષ છીએ કે આ સદાચારી વ્યકિતનું લોહી વહાવી શકતા નથી'(૧૩:૨૫).

છતાંય, પિલાતનું વર્ચસ્વ રહ્યું અને ઈસ્સા વધસ્તંભે જડાયો. વધસ્તંભ પર એક આખો દિવસ રહ્યા પછી ઈસ્સાએ 'ચેતના ખોઈ અને તેમનો આત્મા દેહથી છૂટો પડી ઈશ્વર સાથે ફરી જોડાવા ગયો' (૧૪:૪). આમ, જેમણે માનવ દેહ ધારી (માનવ સ્વરૂપ) કઠોર પાપીઓને તાર્યા હતા અને પીડિતોને આશ્વાસન આપ્યું હતું તે શાશ્વત આત્માના પ્રતિબિંબના પાર્થિવ અસ્તિત્ત્વનો અંત આવ્યો (૧૪:૪).

પછી તે મૃતદેહ સ્વજનોને આપવાનો પિલાતે આદેશ આપ્યો. તેમણે તેને કબરમાં મૂકયો. જ્યાં અનેક લોકો વિલાપ કરવા આવ્યા. ત્રણ દિવસ પછી પિલાતે લોકોમાં થનારા અજ્ઞાત ભયથી આ મૃતદેહ બીજે સ્થળે મુકાવડાવ્યો (૧૪:૬) ઈસ્સાના કેટલાક અનુયાયીઓએ જ્યારે ખાલી કબરની મુલાકાત લીધી ત્યારે એક અફવા ફેલાઈ, 'સર્વોપરિ ન્યાયાધીશે આ સંતના - જ્યારે તે પૃથ્વી પર હતા ત્યારે જેમનામાં દિવ્ય આત્માનો અંશ હતો - પાર્થિવ અવશેષોને દૂર કરવા સ્વર્ગમાંથી દેવદૂતોને મોકલ્યા' (૧૪:૭).

આથી, પિલાત ગુસ્સે થયો અને ઈસ્સાનું નામ બદલાવવા બદલ દેહાંત દંડની શિક્ષા આપવા તૈયાર થયો (૧૪:૮). છતાંય, આ પજવણી છતાંય ઈસ્સાના અનુયાયીઓ ઈઝરાયલ છોડી ગયા. અને મહાન સર્જકના અલૌકિક વિશ્વ ખાતર 'તેમની ભયંકર ભૂલો છોડવાનો, તેમના પોતાના આત્માઓના તારણનો વિચાર કરવાનો અને સંપૂર્ણ આનંદ મેળવવાનો બોધ તેમણે વિધર્મીઓને આપ્યો'(૧૪:૧૦) અને તેમને સફળતા મળી (૧૪:૧૧) આમ, 'The life of Saint Issa'નો આ છે અંત.

# ઈસ્સાને મતે વાસ્તવિકતા (સત્ય)

આ પાઠનું (વાચનાનું) ધર્મશાસ્ત્ર યહૂદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ, હિન્દુ ધર્મ તથા બૌદ્ધ ધર્મનું વિચિત્ર મિશ્રણ છે. ઈસ્સાનો ઈશ્વર વ્યકિતગત અને નીતિમાન છે. તે ઉપાસના માગે છે અને મૂર્તિપૂજા તિરસ્કારે છે. (આથી યહૂદી ધર્મ) અરે, પશ્ચાતાપ ન કરનારા મૂર્તિ પૂજકોને નર્કના ભયથી ડરાવે છે. ઈસ્સાના કેટલાક ઉપદેશોમાં ખ્રિસ્તી તત્ત્વ પણ છે. એ અર્થમાં કે ઈસ્સાના ઉપદેશો સુવાર્તામાં મળતા ઉપદેશોથી નિકટ છે. ખાસ કરીને જ્યારે તે કહે છે કે તે મૂસાના નિયમોનો ત્યાગ કરવા નથી આવ્યા પણ "તે નિયમોને માણસોનાં હૃદયોમાં પુન:સ્થાપિત" કરવા આવ્યા છે (૧૦:૨૧; સદંર્ભ માથ્થી ૫:૧૭-૨૦). છતાંય, ઈશ્વર અનન્યપણે માનવદેહ ધારી છે. એવા ખ્રિસ્તી મન કરતાં ઈસ્સાનું આગમન હિન્દુઓના અવતારના ઈશ્વરની સર્વ વ્યાપકતાના ખ્યાલની નિકટ છે. કારણ કે ઈસ્સાને 'વિશ્વનો આત્મા પ્રગટ કરે છે' એમ કહેવાયું છે. ઈસ્સાને બૌદ્ધ ધર્મ પ્રત્યે પક્ષપાત છે. બીજા ધર્મોને જેમ તે ઉઘાડા પાડે છે તેમ આ ધર્મની તે ટીકા કરતા નથી. તેઓ ઈઝરાયલને "મહાન બૌધ્ધોના નિયમ" (૧૪:૧૩) નું અધ્યયન કરવાનું ખુલ્લેઆમ જણાવે છે. જરથોસ્તી ધર્મ અને જૈન ધર્મ પ્રત્યેનું વલણ પણ ઠીકઠીક પ્રમાણમાં દેખાય છે.

નોટાવિચનું કથન અને ઈસ્સાનો પાઠ અનેક મુદ્દા પર બાઈબલના અહેવાલો કરતાં અતિશય જુદાં પડે છે. પરંતુ આપણે અહિં થોડો નિર્ણયાત્મક અસમાનતાઓના ઉલ્લેખ માત્ર કરીશું.

આપણે વાંચીએ છીએ કે ઈસ્સા હિન્દુઓ પાસેથી પ્રાર્થનાઓ દ્વારા શારીરિક રોગો સાજા કરવાનું (૫:૪) શીખ્યા. પણ તેમણે આવું કર્યાની કે ધર્મસેવામાં આવું કશું અલૌકિક હોવાની નોંધ પાઠમાં નથી. ઈસ્સા ચમત્કારોથી અપરિચિત છે જ્યારે ઈસુ તેનાથી પરિચિત છે.

ઈસ્સાની કથામાં યહૂદી ધર્મના આગેવાન પિલાત વિરુદ્ધ ઈસ્સાનો પક્ષ લે છે અને દેહાત દંડ ન આપવા વિનવે છે. ચારે સુવાર્તાઓથી આ વિરુદ્ધ છે. ચારે સુવાર્તાઓ ઈસુના મૃત્યુ માટે યહૂદી આગેવાનો અને રોમન શાસનને સરખા જવાબદાર ગણે છે. ઈસુ અને યહૂદી ધર્મના સ્થાપિત હીતો વચ્ચે વધતો જતો તનાવ સુવાર્તાઓમાં જેટલી તીવ્રતાથી અનુભવાય છે તેટલી તીવ્રતાથી ઈસ્સાની કથામાં અનુભવાતો નથી.

જો કે ઈસ્સા કંઈક અંશે ઈશ્વરનું પ્રાગટ્ય છે પણ તે બાઈબલના અર્થમાં દેહધારી નથી. "વિશ્વના આત્મા" (૧:૨) ના પ્રાગટ્ય તરીકે અને "એક સંતાન કે જેમનામાં પૃથ્વી પર દિવ્ય આત્માનો અંશ રહ્યો હતો" (૧૪:૭) તરીકે તે ઓળખાવાયા છે. આ વર્ણનો બાઈબલના ધર્મશાસ્ત્રથી પરાયાં છે. બાઈબલનું ધર્મશાસ્ત્ર તો ઈસુને માનવદેહ ધારી શબ્દ તરીકે જાહેર કરે છે કે જેણે પોતે વિશ્વ સર્જ્યું (યોહાન ૧:૧-૧૮).

ઈસ્સા અને આ કથન વારંવાર પાપની અને પાપનું પ્રાયશ્ચિત કરવાની ખાસ કરીને, મૂર્તિપૂજાનું પ્રાયશ્ચિત કરવાની વાત કરે છે. પરંતુ પાપના પ્રાયશ્ચિતરૂપે આપેલા બલિદાનની કોઈપણ વાત અંગે ઈસ્સા મૌન છે. તેને બદલે "પોતાના સાથી માનવ

બંધુ માટે સારુ તેણે કરવું જોઈએ. તે જ શાશ્વત આત્મા સાથે ત્વરિત જોડાણનો નિશ્ચિત માર્ગ છે" (૬:૬). જેણે તેની પ્રાથમિક શુદ્ધતા પ્રાપ્ત કરી છે તે તેના પાપોની ક્ષમા પામીને મૃત્યુ પામશે (૬:૬) એવું તે કહે છે. ઈસ્સા ઉપદેશે છે કે ઈશ્વરનો અંશ પ્રત્યેક વ્યક્તિમાં રહેલો છે. (૫:૧૮, ૯:૧૫) અને એમ જણાવાયું છે કે આ અંતર્નિહિત અંશ સાથે પોતાને એકરૂપ કરવાથી જ તારણ મળે છે (૪:૩). ઈસ્સા નૈતિક ગુરુ અને ઉપદેશક છે પણ તે આપણા પાપના પ્રાયશ્ચિતરૂપે વધસ્તંભે જડાતા તારણહારા નથી.

આ પાઠમાં ઈસ્સાના વધસ્તંભે જડાયાનો અહેવાલ બહુ ટૂંકો છે. જ્યારે સુવાર્તાઓ તો ઈસુના જીવનના અન્ય કોઈ પાસા કરતા આના પર જ વધુ ભાર મૂકે છે. અહિં જ ધર્મશાસ્ત્ર કરતાં જુદો - અવળો માર્ગ છે. ઈસ્સાનું મૃત્યુ એટલે શહીદનું મૃત્યુ, તારણહારનું મૃત્યુ નહિ. તેમના મૃત્યુ કરતાં તેમનું જીવન વધુ મહત્ત્વનું છે. તેમનું મૃત્યુ એટલે અંત પ્રારંભ નહિ.

ઈસુની ધર્મસેવાની પરાકાષ્ટા તથા તેમની આખરી દોષમુક્તિ તરીકે સુવાર્તાઓ જે પ્રસ્તુત  કરે છે તે તો છે પુનરુત્થાન. The life of Saint Issa આને સાવ નકારે છે. ઈસ્સાનો દેહ ખાનગીમાં પિલાત દ્વારા ખસેડાયો હતો અને તે પછી તેમના અનુયાયીઓએ ભૂલથી ધારી લીધું કે તેમનો દેહ અલૌકિક રીતે સ્વર્ગમાં ગયો છે. હકીકતમાં તો તે પિલાતની પસંદગીથી અજાણ કબરમાં સડતો હતો.

દેહને બીજી કબરમાં ખસેડવાથી બળવો નહિ થાય તેવું પિલાતે કેમ માન્યુ તેનું કોઈ કારણ પાઠમાં નથી કે કોઈ સ્પષ્ટ કારણ પણ નથી. પણ જો પિલાતને સમૂહ ખ્રિસ્તી આંદોલનનો ભય હોત અને તે જાણતો હોત કે દેહ કયાં રાખ્યો હતો તો પુનરુત્થાનના ઉપદેશને કચડી નાખવા શબને દેખાડવામાં જ કશો અર્થ રહ્યો હોત. પણ ઈતિહાસ આમાંનું  કશું જાણતો નથી.

પણ નોટાવિચના દાવાઓને પક્ષે કે વિરુદ્ધ પુરાવાઓ જોતાં પહેલા આપણે જાણવું જોઈએ કે ઈસ્સાનું આખું ધર્મશાસ્ત્ર તેની નવી આધ્યાત્મિકતા સાથે વિચિત્ર લાગે છે. ઈસુ રહસ્યમય ગુરુ છે એવા તેમના દૃષ્ટિકોણને સમર્થન આપવા અનેકવાર ઈસ્સાને સંબોધવા પડે તે જોતાં આ ખાસ કટાક્ષમય લાગે છે.

આ પાઠ ઈશ્વર વ્યક્તિગત, નીતિમાન છે તેમ વાત કરતો લાગે છે. મોટા ભાગની નવી આધ્યાત્મિકતાના બિનઅંગત બળ, સૈદ્ધાંતિક કંપ લેખે નહિ. તેની આજ્ઞાનું પાલન ન કરવા બદલ, ખાસ કરીને મૂર્તિપૂજા અંગેની આજ્ઞાનું પાલન ન કરવા બદલ ઈસ્સાનો ઈશ્વર માણસો પર વારંવાર ગુસ્સે થાય છે. હિંદુ ધર્મ જે નવી આધ્યાત્મિકતાને ઘણું બધું આધ્યાત્મિક બળ પુરું પાડે છે તેને ઘણીવાર શાસ્ત્રીય દૃષ્ટિએ આઘાત પહોંચે છે.

માણસો અંગે ઈસ્સા કહે છે કે કમ સે કમ તેમનામાં દિવ્ય આત્માનો અંશ હોય છે. તો પણ તે લોકોને પાપનું (પાપ એટલે ઈશ્વરને અપ્રસન્ન કરતા કાર્યો કે વલણો) પ્રાયશ્ચિત કરવા પ્રેરે છે. નવી આધ્યાત્મિકતાના માનવી સંભવિતતાના પાસા સાથે, જે પાસું તો પાપરહિતતાના અને અનંત સંભવિતતા પર ભાર મૂકે છે તેની સાથે વિચિત્ર લાગે છે. એક તબક્કે ઈસ્સા કહે છે કે માણસ દ્વારા ચમત્કાર ન થઈ શકે (૧૧:૭) અને આમ કહી તે તેને 'નવા યુગ'ની મોટા ભાગની વિચારણાની અસામાન્ય તપાસની કક્ષાથી કંઈક દૂર રાખે છે.

વળી, ઈસ્સા વરતારા (divination)ની વિરુધ્ધ છે. તે કહે છે, 'જે કોઈ વ્યકિત કુશળ વરતારો કરનારનો આશ્રય છે તે પોતાનું હૃદયમંદિર દુષિત કરે છે અને પોતાના સર્જકમાં વિશ્વાસનો અભાવ દાખવે છે' (૧૧:૧૦). આથી અનેક આધ્યાત્મિક દૃષ્ટાઓએ સ્વીકારેલી ટેરોટ પાનું વહેંચવાની, આઈ-ચીંગ ઢાળવાની, કાચમાં જોવાની અને મનોવૈજ્ઞાનિક વાચનની વરતારો ભાખવાની અસંખ્ય પ્રથા આ પર નિયંત્રણ મૂકે છે.

પુનર્જન્મ અંગે ઈસ્સાની કથા અસ્પષ્ટ જણાય છે. તે કહે છે કે ઈશ્વર કંઈક અંશે ઈસ્સામાં 'અવતાર લીધો હતો' અને છતાંય તે કયામતના દિવસની વાત કરે છે. જાણે કે ત્યારે અંતિમ - આખરી ચૂકાદો ન અપવાનો હોય. ઈસ્સા પરકાયા પ્રવેશનો ઈન્કાર કરે છે. એ તો કહે છે, 'શિક્ષા કરવા ખાતર પોતાના સંતાનનો આત્મા પ્રાણીના દેહમાં ઢાળીને ઈશ્વર કયારેય પોતાના સંતાનનું અપમાન નહિ કરે' (૯:૧૧). એટલે આપણે એમ કહી શકીએ કે આ પાઠ કંઈ નહિ તો પુનર્જન્મના સિદ્ધાંત પર સંદિગ્ધ છે.

'The life of Issa: Best of the sons of men' ખરેખર ધર્મશાસ્ત્રનો ખીચડો છે. જેનેટ બોક લેખિત The Jesus Mystery જેવું પુસ્તક એવો દાવો કરે છે કે ઈસુના કહેવાતા પ્રવાસો, ઈસુને જે મનાવવા ઈચ્છે છે તેના કરતાં વધુ પૌર્વીય રહસ્યવાદી તરીકે પ્રગટ કરે છે. તે છતાંય નવા કરારના સિધ્ધાંતના અનેક હાર્દોને સમર્થન આપતો નથી.

એડગર કેયસી અને લેની ડાઉર્નીગ જેવા લોકોને પેતાની સમાધિ અવસ્થામાં અનેક પ્રકારના જે આધ્યાત્મિક સાક્ષાત્કારો થયા તે પરથી જેનેટ બોક અને બીજા લેખક નોટોવિચના પુસ્તક સમર્થન આપવાનું વલણ ધરાવે છે. ઈસુ સંત ઈસ્સા હતા તે હકીકતના વસ્તુનિષ્ઠ સત્ય માટે આપણી પાસે કયો ઐતિહાસિક પુરાવો છે? આ વિષે આપણે બીજા ખંડમાં વિચારીશું.

૧) એડગર જે. ગુડસ્પીડ કૃત Modern Apocrypha (ધ બોસ્ટન પ્રેસ ૧૯૫૬), પૃષ્ઠ ૭

૨) ઈસુ અને આજના ભારતીય ગુરુઓની વિગતે તુલના માટે જુઓ, વિશાલ મંગલવાડી કૃત ' The world of the Gurus, બીજી આવૃત્તિ, શિકાગો કોર્નરસ્ટોન પ્રેસ, ૧૯૯૨)

૩) એલિઝાબેથ કાસ્પેરિના Life of Issa સાથેના કહેવાતા સંપર્કની કથા, એલિઝાબેથ કલેરને પ્રબોધક ગણવાના પક્ષે આ કલમ વાપરે છે. The lost years of Jesus (લિવિંગસ્ટોન એમ.ટી. સમિટ યુનિવર્સીટી પ્રેસ, ૧૯૮૪) પૃષ્ઠ ૩૧૭, The Jesus Mystery (લોસ એન્જલસ, ઔરા બુકસ, ૧૯૮૪) પૃ. ૧૧૬-૧૧૭

૪) જેનેટ બોક કૃત The Jesus Mystery (લોસ એન્જલસ, ઔરા બુકસ, ૧૯૮૪) પૃ ૧૧૬-૧૧૭

૫) ગુડ સ્પિડના પુસ્તકનું પ્રકરણ જૂઓ. અને ફ્રેન્ચ તથા અમેરિકન પ્રકાશનોની ચોક્કસ ગ્રંથસૂચિ વિષયક માહિતી માટે પર બેસ્કોલ કૃત Strange Tales of Jesus (ફિલાડેલ્ફીયા, કોટ્રેસ પ્રેસ, ૧૯૮૫)

૬) નિકોલસ નોટોવિચ કૃત The unknown life of Jesus Christ નો જે.એચ. કોનેલી અને એલ. લેન્ડસબર્ગ દ્વારા

અનુવાદ (ન્યુયોર્ક આર. એફ. ફેન્ની એન્ડ કાું ૧૮૯૦) પૃષ્ઠ ૭. અહિં જે પ્રકાશન થયું છે તે કદાચ ભૂલ ભરેલું હતું કેમકે તેમની પ્રથમ આવૃત્તિ ૧૮૯૪ સુધી પ્રગટ કરાઈ નહોતી. મેં આ આવૃત્તિમાંથી અવતરણ લેવાનું એટલા માટે પસંદ કર્યું છે કે જી.એલ. ક્રિસ્ટી દ્વારા સંવર્ધિત થયેલા વીરચંદ આર. ગાંધીના અનુવાદ (શિકાગો, પ્રોગ્રેસીવ થીંકર પબ્લીશીંગ હાઉસ, ૧૯૦૭) કરતા આ ઓછી સંક્ષિપ્ત કરવામાં આવી છે. આ આવૃત્તિમાં અસાધારણ જોડણીઓ છે પણ તે અવતરણ લેતા હું નહિ સુધારું. કયારેક કયારેક હું પ્રોફેટની Lost Years નો ઉલ્લેખ કરીશ. તેમાં Unknown Life [આ આવૃત્તિ વાયોલેટ ક્રિસ્પે અનુવાદ કરી હોય એમ લાગે છે. (લંડન: હચીસન એન્ડ કું. ૧૮૯૫) પણ તેવું કહેવાયું નથી] ની બીજી આવૃત્તિ પુનર્મુદ્રિત થઈ છે. આમાં પોતાના વિવેચકોને પ્રતિભાવ આપતાં ઉમેરેલી નોટાવિચની પ્રસ્તાવના પણ છે. તે પ્રસ્તાવના મારી પાસે છે તે આવૃત્તિમાં ઉપલબ્ધ નથી.

૭) નોટાવિચ પૃ ૮

૮) આ માટેનું તેની ચોક્કસ દલીલ અંગે કયાંય સ્પષ્ટ ખુલાસો કરાયો નથી.

૯) નોટાવિચ પૃ. ૧

૧૦) એજન પૃ. ૧૦-૧૧

૧૧) એજન પૃ. ૩૧-૩૨

૧૨) આ સંક્ષિપ્ત કથા અનેક સ્થળે 'નિર્ગમન' ના અહેવાલથી જુદી પડે છે. પણ આપણને તેની સાથે નિસ્બત નથી.

૧૩) જો બૌદ્ધ ધર્મી કોઈનીય પૂજા કરતો હોય તો તે બુદ્ધની, બ્રાહ્મણની નહિ.



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved

email: info@karma2grace.org

કર્મથી કૃપા તરફ

## ઈસુએ ભારતનો પ્રવાસ કર્યો હતો ?

જો ઈસુએ પૂર્વમાં ભારત અને અન્યત્ર પ્રવાસ કર્યો હોત તો પરંપરાગત ખ્રિસ્તી ધર્મે તેમના જીવન અને ધર્મસેવાના મહત્ત્વના પાસાની ઉપેક્ષા કરી છે. સુવાર્તાઓનાં જીવન ચરિત્રો શું અંશતઃ છે ? ઈસુના પૂર્વ સાહસની વાત કરતા બહારના સ્રોતોથી તેમાં પૂરવણી કરવાની છે ? શું ઈસુ અંગેના ખંડિત દૃષ્ટિકોણમાં જ મંડળીએ પોતાની દૃષ્ટિ સીમિત કરી દીધી છે ? આ બધા મુદ્દાઓને મૂલવવા આપણે ગયા ખંડમાં ચર્ચેલા લેખોના દાવાઓને ચકાસવાની જરૂર છે. આપણે નોટાવિચના પાઠની પ્રમાણભૂતતા, અધિકૃતતા અને સત્યતાની ઐતિહાસિક કસોટીઓ કરીશું. આપણે સત્યતાના માપદંડથી પ્રારંભ કરીશું. આ પાઠનું - ખુદનું સ્વરૂપ કેવું છે? તેમાંની હકીકતો સાચી હોય તેમ લાગે છે ?

પ્રાચીન હસ્તપ્રતોના નિષ્ણાત એડગર જે. ગુડસ્પીડનું નિરીક્ષણ એવું છે કે "પુસ્તકનું સમગ્ર વસ્તુ જ અસ્પષ્ટ અને ન સમજાય તેવું છે." (૧) વળી તે નોંધે છે, તેમાં / પુસ્તમાં નથી મુશ્કેલી કે પ્રશ્નો. "જો સાચી પ્રાચીન કૃતિ હમણાં જ શોધાઈ હોય તો તે અપૂર્વતા (નાવીન્ય) અને અવશેષોથી ભરેલી હોય છે." (૨) મૃત સરોવર પાસેથી મળી આવેલા ઓળિયા તથા નાગ હમ્માડી વાચનાઓની બંનેની શોધ પછી નીપજેલી વિદ્વતાભરી અસંમતિના ખળભળાટમાં આપણે આ ખાસ જોઈ શકીએ છીએ. આ પાઠ અંગે બોલતા ગુડસ્પીડ વળી જણાવે છે કે અહિં ઈસ્સાનો સંદેશ ફીકકી, રંગહીન નીતિમત્તા છે. તે સંદેશો ભલો અને વાંધા ભર્યો નહિ એવો ખરો પણ પ્રારંભની સુવાર્તાઓની વિલક્ષણતા બનતાં સૂઝના ચમકારા અને બુદ્ધિ પ્રતિભા વિનાનો (૩).

ગુડસ્પીડ તે પણ સ્વીકારે છે કે 'આ પાઠ પોતે અસલ વિચારના પ્રાથમિક પ્રકારના સ્વીકાર્ય નમૂના સાથેય એકરૂપ થતો નથી.' જોકે તે 'નવા કરારના અગ્રણિ અહેવાલો સાથેનો ઉપરછલ્લો પરિચય દર્શાવે છે.' (૪). છેલ્લા ખંડમાં આપણે દલીલ કરી તેમ સુપેરે સંગઠિત માન્યતાની પદ્ધતિ કરતાં તે સવિશેષ તો ખીચડો છે. થાગડ થીગડ છે.

જ્યારે આપણે વિશ્વના ધર્મોની સંબંધિત કેટલીક ઐતિહાસીક અચોકસાઈનો વિચારી કરીએ છીએ ત્યારે આ લેખની સત્યતાનો પણ પ્રશ્ન ઊભો થાય છે. સ્વીડનનો, નવા કરારનો તજજ્ઞ પર બેસ્કોબ નિર્દેશે છે કે "દેવ દુજૈનનો ઉલ્લેખ" (૫:૨) ભારતીય ધર્મો અંગેના જ્ઞાનનો સારો એવો અભાવ પ્રગટ કરે છે. આગળ જણાવતા તે કહે છે:

જૈન કે જૈનો કોઈપણ દેવમાં માનતા જ નથી. પણ તેઓ જિનાઓમાં (વિજેતાઓમાં) માને છે, તેઓ  છે જ્ઞાની આધ્યાત્મિક નેતાઓ. શિવના (હિન્દુ) ઉપાસક માટે 'શૈવ' શબ્દ તથા વિષ્ણુના (હિન્દુ) ઉપાસક માટે 'વૈષ્ણવી' શબ્દ જે વાચિક ધ્વનિના નિયમથી વપરાય છે તે જ નિયમથી 'જૈન' શબ્દ પણ પ્રયોજાય છે (૫).

## દેવ દુર્જૈન છે જ નહિ

The life of Saint Issa જૈન ધર્મ અંગે આટલી ભયંકર ભૂલ કરે છે તે હકીકત જ તેની સમગ્ર સત્યતા અંગે સારી આગાહી કરતી નથી (૬) ધાર્મિક માન્યતા અંગેની બીજી કોઈ ભૂલ પણ નહિ.

આ પાઠ સૂચક રીતે જ બૌદ્ધ મઠમાં રહેલી હસ્તપ્રતો પરથી ફરી લખાયેલો હોઈ તે અન્ય કોઈ ધર્મ કરતાં બૌદ્ધ ધર્મ માટે વધું ઉદ્દાત બોલે છે. તે એમ પણ કહે છે કે 'પોતાના પવિત્ર શબ્દ' (૬:૪)ના પ્રચાર માટે બુદ્ધે ઈસ્સાની વરણી કરી હતી. આ રીતે બુદ્ધ ઈશ્વર સાથે અદલાબદલી કરી શકાય તેવા જણાય છે. બ્રહ્મની ઉપાસના કરતા બૌદ્ધ ધર્મોની વાત પણ તે કહે છે. આ હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મનું વિચિત્ર સંમિલન છે. શિક્ષા કરી શકે, માફી આપે અને મૂર્તિને તિરસ્કારે એવા ઈર્ષાળુ સર્જક ઈશ્વરની વાત પણ તે કહે છે. આ બધાને મોટા ભાગના ઐતિહાસિક બૌદ્ધ ધર્મ સાથે કશું લાગતું વળગતું નથી. તે તો કાંતો નિરીશ્વરવાદી કાંતો અજ્ઞેયવાદી કાંતો સર્વેશ્વરવાદી છે. અને ધાર્મિક આદર અને ધ્યાનના યોગ્ય પદાર્થો તરીકે બુદ્ધની પ્રતિમાઓથી સમૃદ્ધ છે. (૭) આ પાઠનો 'બૌદ્ધ ધર્મ' તો યહૂદી ધર્મમાં બૌદ્ધ ધર્મના તત્ત્વો પેસાડવાના - જોડવાના પ્રયત્નના સમન્વયવાદી સર્જન જેવો વધુ લાગે છે. ઈતિહાસના તે કાળના અભિન્ન લાગતા બૌદ્ધ ધર્મ જેવો તે નથી (૮).

તે જાણવું મહત્ત્વનું હશે કે નોટોવિચનું પુસ્તક પ્રસિદ્ધ થયું ત્યારે ખ્રિસ્તી ધર્મને બૌદ્ધ ધર્મ સાથે જોડવાના સિદ્ધાંતો ખૂબ લોકપ્રિય હતા. પશ્ચિમના અનેક લોકો આ બંને ધર્મોના સમન્વયનો નિતનૂતન માર્ગોએ પ્રયત્ન કરતા. આ પરિસ્થિતિનું અવલોકન કરતાં ઈતિહાસકાર કાર્લ જેકસન કહે છે કે ખ્રિસ્તી ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચે કહેવાતું સામ્ય એ બૌદ્ધ ધર્મીઓ પાસે ઈસુએ બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હોવાને કારણે છે તેવા તેના દાવા દ્વારા નોટાવિચ આ વિવાદને કદાચ હાસ્યાસ્પદ - અસંગત પરિણામગામી બનાવ્યો હોય (૯) બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મને સાંકળવાના પ્રયત્નો અનેકને આકર્ષક હતા. પણ તે હકીકત ઉપર આધારિત નહોતા.

તે પણ વિચિત્ર છે કે કેટલાક સામાન્ય રીતે જાણીતા અંગ્રેજી નામોની જોડણી વિચિત્ર હોય છે. (પાઠની ભાષા માની લીધા પ્રમાણે) જેમકે ઈસુ (Jesus)ને બદલે ઈસ્સા(Issa) આ તિબેટીયન ભાષા પ્રમાણે સાચી છે.) (૧૦) મૂસા(Moses) ને બદલે મોસ્સા (Mossa)રોમનો (Romans)ને બદલે રોમલેસ (Romeles) પોંતિયસ પિલાતની જોડણીમાં ફેરફાર થતો નથી. (૧૧) આ અસંગતતા આ પાઠ ઐતિહાસીક રીતે માનવા યોગ્ય બને તેની વિરુદ્ધ બીજો પ્રહાર છે.

આમ, The life of Saint Issaની સત્યતા વિષે ઐતિહાસિક દૃષ્ટિએ, પછી ભલે તે દૃષ્ટિ નવા કરાર કે અન્ય સ્રોતોના સંદર્ભમાં હોય, પ્રશ્ન પૂછવાના આપણી પાસે ઘણા કારણો છે.

તેની અધિકૃતતા વિશે વાત કરીએ તો આપણે જોઈ શકીએ છીએ કે આ પાઠમાં એક કલમ એવું કહે છે કે આ અહેવાલ ઈસુની સંગાથે ઈઝરાયલથી પૂર્વમાં જતાં 'વ્યાપારીઓ' દ્વારા લખાયાનો સંભવ છે. આ વ્યાપારીઓના નામ અપાયાં નથી. અને આખા પાઠમાં તેઓની ઓળખનો કયાંય ઉલ્લેખ નથી. વળી નવા કરારની સુવાર્તાઓમાં આપણે જોઈએ છીએ તેમ પાઠના લેખક અંગે બરાબર કશો સમર્થ ઉલ્લેખ નથી. આ વ્યાપારીઓ હિંદના હતા કે પેલેસ્ટાઈનના તે અંગે આપણને અંધારામાં રાખ્યા છે. (૧૨) જો તેમણે જ આ પાઠ લખ્યો હોય તેવું માની લઈએ તો પ્રશ્ન એ થાય છે કે તેઓને આ હકીકતો કયાંથી મળી અથવા તો આ અહેવાલ  લખવાનું સામર્થ્ય તેઓને કઈ રીતે પ્રાપ્ત થયું ?

આમ, આ વિવાદાસ્પદ પાઠની સત્યતા અને અધિકૃતતાની શંકા - કટુતા માટે અહિં સુધી તો આપણી પાસે પૂરતાં કારણો છે. પણ મોટામાં મોટી મુશ્કેલી તો એ છે તેની પ્રમાણભૂતતા અંગેની. આ પાઠ સદીઓથી એવોને એવો કશાય કબૂલ વિના રૂપાંતર થયો હશે તેવું માનવાને આપણી પાસે કોઈ કારણ છે ? કે પછી તે અર્વાચીન શોધ છે કે માત્ર બનાવટી દસ્તાવેજ ?

નવમી સદીના મહાન પૂર્વીય વિદ્યા વિશારદ અને પૂર્વના અનેક પવિત્ર પુસ્તકના સંપાદક અને તંત્રી એફ. મેકસમૂલરે (૧૮૨૩-૧૯૦૦) ઈસ્સાના પુસ્તકના પ્રકાશન પછી સત્વરે જ તેનું વિવેચનાત્મક અન્વેષણ કર્યું હતું. ભલે કોઈ તેમના પર બદ ઈરાદાઓનો આક્ષેપ મુકે (૧૩) પણ ૧૮૮૨માં નોટોવિચના પ્રકાશનના ૧૨ વર્ષો પૂર્વે તેમણે લખ્યું હતું કે 'બૌદ્ધ ધર્મે પ્રારંભના ખ્રિસ્તી ધર્મ પર ઐતિહાસિક માર્ગો દ્વારા પ્રભાવ પાડ્યો હતો તે ઐતિહાસિક માર્ગો મને નિર્દેશનારનો તે અત્યંત આભારી બનશે.' કારણ પોતાની આખી જિંદગી સુધી આ શોધવામાં તે નિષ્ફળ ગયા હતા (૧૪) ઈસ્સાનો પાઠ તર્ક ગ્રાહ્ય છે અને નવા કરારની નોંધો સાથે પાઠ અલગ પાડતો હોવા છતાંય તે ઈસુની ઐતિહાસિકતા પ્રસ્થાપિત કરવામાં સહાય કરશે.(૧૫)

૧૮૯૪માં લખતાં મુલરે જણાવ્યું કે તિબેટ અને ચીનમાં બૌદ્ધ ધર્મીઓનાં પુસ્તકો તથા હસ્તપ્રતોની ભવ્ય સૂચિ સમા કાંજોર અને તાંજોર સંગ્રહોમાં જ આવું મહત્ત્વનું પુસ્તક નોંધાયું જ નથી તેથી તેવું માનવું તેમને માટે મુશ્કેલ  છે. તે લખે છે કે "આપણા યુગની પ્રથમ સદીમાં લખાયેલું આ ઈસ્સાનું કાંજોર તથા તાંજોરના સંગ્રહોમાં સ્થાન ન પામે તે અશકય છે. લગભગ અશકય છે" (૧૬) નોટોવિચે આનો પ્રતિભાવ આપતા કહ્યું કે તેની પાસે હિમિસ મઠની હસ્તપ્રતોના જે સ્રોતો હતા તેમને આ સૂચિઓએ ઉપયોગમાં લીધા નથી. (૧૭) જો ઈસુ ખરેખર હિન્દમાં વસ્યા હોય તો પછી ઈસ્સા હિન્દમાં સુખ્યાત ન હોય તે કેવી રીતે સંભવિત બને ? The life of Issaનો દાવો છે કે ઈસ્સાનો હિંદ પર પ્રભાવ હતો. જો તેનો આવો પ્રભાવ હોય તો આ મહત્ત્વની સૂચિઓમાં આ પાઠ નોંધાયો જ હોય. તેવી અપેક્ષા આપણે રાખીએ. આપણે તે પણ યાદ રાખવું કે નોટોવિચમાં વિદ્વતાનો અભાવ હતો અને મૂલર વિશ્વવિખ્યાત હતા (૧૮). આથી મૂલર જ અધિકૃત છે.

આથી, આપણે નોટોવિચની નોંધને જ જોવી રહી. તેને જો આપણે ઉપર છેલ્લી જ રીતે સ્વીકારીએ તોય ઈસ્સાના પાઠના કહેવાતી મૌલિકતાથી આપણે સારા એવા દૂર રહીએ છીએ. નોટોવિચના પોતાના જ શબ્દો આ સ્પષ્ટ કરે છે :

હિમિસના મઠના લામાએ ઈસુ અંગેનું બધું જ જેમાં હતું તે બે હસ્તપ્રતો મને વાંચી સંભળાવી. તે બંને તિબેટી ભાષામાં લખાયેલી વિવિધ નકલોમાંથી કહેલા સંકલનો હતા. ઓળિયાના આ અનુવાદો લહાસા પુસ્કતાલયના હતા. અને ખ્રિસ્ત પછીના બસો વર્ષે ભારત, નેપાલ અને મેઘાડાથી લહાસા શહેરની પાસેના માઉન્ટ માર્બરના મઠમાં લવાયા હતા (૧૯).

આ નોંધના પ્રકાશમાં ગુડસ્પીડ નોંધે છે કે નોટોવિચના દાવાઓ વિદ્વતાહીન અને અસંભવ હતા :

તે સ્પષ્ટ છે કે વિદ્વાનની ઈચ્છા તો હતી કૃતિની હસ્તપ્રત જોવાની અથવા  જો તે જોવા ન મળે તો તેનો ફોટો અથવા તો તેનો એક અંશ જોવાની અથવા તો તે કયાં અને કેવી રીતે જાણી શકાય (હિમિસના પુસ્તકાયલમાં તેનું સ્થાન તથા તેનો ક્રમાંક) તેનું દિશાસૂચન મેળવવાની. પણ આ કિસ્સામાં તે ઈચ્છા સંતોષાઈ નથી (૨૦).

આમ, હસ્તપ્રતથી આપણે ત્રણગણા દૂર છીએ. નોટોવિચ કહે છે કે હું પહેલા તો લામાએ ઊંચા સ્વરે - મોટેથી આ હસ્તપ્રતો વાંચી, પછી દુભાષિયાએ તેનું અર્થઘટન કર્યું અને છેલ્લે નોટોવિચે તે નોંધ્યું. પણ નોટાવિચ કબૂલે છે કે તેણે ઈસ્સાના જીવન અંગેના અંશોને કાલક્રમાનુસાર વ્યવસ્થિત ગોઠવ્યા હતા. અને તેનામાં એકતાનો અભાવ હોવા છતાંય તેમનામાં એકતા છે તેવી છાપ ઉપસાવવામાં ભારે પુરુષાર્થ કર્યો હતો(૨૧). ગુડસ્પીડ ફરિયાદ કરે છે કે ‘આવું કોઈ વિદ્વાને ન કર્યું હોત. તે હસ્તપ્રતોમાં હતા તે રીતે જ અંશોને રજૂ કરત - પોતાની રૂચિ વડે પોતાના દૃષ્ટિકોણથી તેમને અવંચિત રાખત’ (૨૨).

મૂલ્યવાન હસ્તપ્રતમાં આ વિદ્વાન ઠોકર ખાય - લથડે તે અશકય નથી. એટલે અત્યાર સુધી દર્શાવેલી અનેક અચોકસાઈને કારણે તથા નોટોવિચ કશાય ક્ષેત્રે અને વિશેષ તો બાઈબલગત ઈતિહાસને ટીકાને ક્ષેત્રે તો સિદ્ધ ન હોવાને કારણે નોટોવિચની પ્રમાણભૂતતા વિશ્વસનીયતા ગુમાવે છે (૨૩). નોટોવિચમાં વિદ્વતાનો, અરે, મૂળભુત બાઈબલગત જ્ઞાનનો અભાવ ખાસ તો ત્યારે જ પુરવાર થાય છે જ્યારે તે લૂકની સુવાર્તાને વર્ણવતા કહે છે કે ઈસુ ‘ઈઝરાયલમાં પ્રગટ થવાના દિવસ સુધી રાનમાં રહ્યા’ (૧:૮૦). તે માને છે કે આ જ પુરવાર કરે છે કે ૧૬ વર્ષો પછી તે પ્રગટ થયા ત્યાં સુધી તે કયાં ગયા હતા તે કોઈ જાણતું નથી (૨૪). જો કે, બાઈબલના આ સંદર્ભને ઈસુ સાથે કશી નિસ્બત નથી તેને તો યોહાન બાપ્તિસ્મી સાથે નિસ્બત છે. (કોઈ એવો દાવો કરે છે કે ખરું કે યોહાન ભારત ગયો હતો) હું જાણતો નથી.

નોટોવિચની કથામાં બીજા અનેક પ્રશ્નો ઉભા થાય છે. ઈસ્સા અંગેની હસ્તપ્રતોને તે ઓળિયાઓ અથવા પુસ્તકો તરીકે વર્ણવે છે. પણ પેર બેસ્કેવે નિર્દેશ્યું છે તેમ, ‘તિબેટી પુસ્તકો નથી હોતાં ઓળિયા કે કોઈપણ રીતે બંધાયેલા, તે લંબચોરસ તાડપત્રોનાં હોય છે, લાકડાના ચોકઠા વચ્ચે તે પત્રોને છૂટાં રખાય છે અને આખું પુસ્તક કાપડના કકડામાં વીંટાળેલું હોય છે’ (૨૫). નોટોવિચ ફરી ખોટો ઠર્યો.

ચાલો, આપણે ઈસ્સા અને નોટોવિચ અંગેની હકીકતોને સાથે વિચારીએ. આ હસ્તપ્રતના ઈસ્સા સુવાર્તાઓના ઈસુ ખ્રિસ્ત સાથે અતિ અલ્પ સામ્ય ધરાવે છે. નોટોવિચનો પાઠ ઢંગધડા વગરનો સમન્વય છે. અને તે ‘નવા યુગ’ના મંચને સંપૂર્ણ

સહકાર ન આપી શકે અને ઐતિહાસિકતાના સંદર્ભમાં એમ કહી શકાય કે આ પાઠમાં જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મ અંગે દેખીતા અનેક જૂઠાણાં છે. અને આ પાઠ કોણે લખ્યો તેનોય ખ્યાલ નથી. માત્ર અપરિચિત 'વ્યાપારીઓનો' અસ્પષ્ટ ઉલ્લેખ મળે છે તે સિવાય અરે, નોટોવિચ જે પાઠનો દાવો કરે છે તે પાઠની મૂળ પ્રમાણભૂતતા સદંર્ભમાં પણ અચોક્કસ છે, કારણ કે ૧) તે અનુવાદક દ્વારા ઉતારવામાં આવ્યો છે. ૨) તેની વિદ્વતાભરી અન્વેષણનો તેમાં અભાવ છે. ૩) મૂળ વસ્તુમાં પોતે સારું એવું પુનઃસર્જન કર્યું છે તેવી નોટોવિચની કબૂલાત.

## સુવાર્તાઓ અંગે બીજી બનાવટ

આ વિચારણીય પ્રશ્નો ઉપરાંત The Unknown life of Christના પ્રકાશન પછી તરત જ અનેક પુરાવાઓ પ્રગટ થયેલ. તેમનો દાવો છે કે નોટોવિચને કયારેય આ હસ્તપ્રત મળી નહોતી. The Ninteenth Century નામના એક સાહિત્યિક સામયિકમાં એપ્રિલ ૧૮૯૬માં પ્રગટ થયેલા વિગતપૂર્ણ લેખમાં નોટોવિચના દાવાઓની ચકાસણી માટે હિમિસ મઠમાં પોતે કરેલા પ્રવાસને પ્રોફેસર જે. આર્ચિબોલ્ડ ડગ્લાસ વર્ણવે છે.

ડગ્લાસ કહે છે કે તેમનું મન ખુલ્લું હતું અને પ્રારંભમાં તો તે એવી આશા રાખતા હતા કે નોટોવિચે કરેલી શોધ સાચી જ હશે. નોટોવિચને ખોટા ઠરાવવામાં કે અપકિર્તી આપવામાં તેમને કોઈ અંગત કે આર્થિક હેતુ - રસ હોય તેવું લાગતું નહોતું.

નોટોવિચે તે મઠની મુલાકાત લીધી હતી તે વાત સાથે સંમત થઈને ડગ્લાસ પોતાની વાતોનો પ્રારંભ કરે છે. તેણે નોંધ્યું છે કે વડા લામાને યાદ હતું કે ૧૮૮૭ થી ૧૮૮૮ ના સમય દરમ્યાન અનેક યુરોપિયન સજ્જનોએ તેમની મુલાકાત લીધી હતી. આમાં રશિયાવાસી નોટોવિચનો સમાવેશ થયો જ હોય (૨૬) પણ ડગ્લાસ તે પણ નોંધે છે કે લેહ શહેરમાં જે બંગલામાં રહેવાનો નોટોવિચે દાવો કર્યો હતો તે બંગલામાં રહી ચૂકેલા પ્રવાસીઓની યાદીમાં નોટોવિચનું નામ દેખાતું નથી. ડગ્લાસે એ પણ શોધી કાઢ્યું છે કે નોટોવિચની ત્યાં સારવાર થઈ હતી પણ પગ ભાંગ્યો હતો તે કારણે નહિ પણ દાંતના દુઃખાવાને કારણે. (૨૭)

એક વડા લામાનો પ્રતિભાવ મેળવી શકાય તે માટે નોટોવિચનું પુસ્તક તેમને વાંચી સંભળાવવા ડગ્લાસે એક અનુવાદક રોકયો હતો. લામાએ જે ટીપ્પણીઓ કરી હતી તે એક નિવેદનમાં નોંધી લીધી અને તે નિવેદન પર લામાએ ડગ્લાસે અને અનુવાદક સ્વ. શાહમવેલ જોલ્ડને સહીઓ કરી હતી. અનુવાદક લડાખના ટપાલી હતા.

સામયિકમાં પુનઃમુદ્રિત થયેલા એ દસ્તાવેજમાં લામા નોટોવિચના પ્રમુખ દાવાઓનો વિરોધ કરે છે. અને જ્યારે ઈસ્સા અંગેના દસ્તાવેજ અંગે તેમને પછવામાં આવ્યું ત્યારે વડા સર્વોપરિ લામાએ ઉત્તર આપ્યો :

હું બેંતાલીસ વર્ષોથી લામા છું અને પ્રખ્યાત બૌદ્ધ પુસ્તકો તથા હસ્તપ્રતોથી સુપરિચિત છું. પણ ઈસ્સા નામનો ઉલ્લેખ કરતી હોય તેવી હસ્તપ્રત વિશે મેં કયારેય સાંભળ્યું નથી. તિબેટના બીજા મઠોના પ્રમુખ લામાઓને પણ મેં આ અંગે પૃચ્છા કરી હતી અને તેઓ પણ ઈસ્સાના નામનો ઉલ્લેખ કરતા કોઈ પુસ્તકને કે કોઈ હસ્તપ્રતને જાણતા નથી (૨૮)

તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે ઈસ્સાનું નામ બૌદ્ધ ધર્મીઓ દ્વારા આદરપૂર્વક લેવાતું હતું કે કેમ ત્યારે તેમણે ઉત્તર આપ્યો, 'તેઓ કશું જ જાણતા નથી.' અરે, નામ નહિ પણ કોઈપણ લામાએ તે સાંભળ્યું નથી. કેવળ (ખ્રિસ્તી) ધર્મ સેવકો અને યુરોપીયન સ્રોતો દ્વારા જ તે જાણવા મળતું તે માત્ર અપવાદ (૨૯). ત્યાં કોઈ પશ્ચિમ નિવાસી પોતાના ભાંગેલા પગની સારવાર અંગે રહ્યો હતો તે વાતનોય લામાએ ઈન્કાર કર્યો. (નોટોવિચને રદિયો) (૩૦) પ્રાચીન ઈજિપ્તવાસીઓ અને આશ્શૂરવાસીઓના ધર્મો અંગે અને ઈઝરાયલી લોકો અંગે તેમણે નોટોવિચ સાથે વાત કર્યાનો પણ ઈન્કાર કર્યો. (નોટોવિચને રદિયો) અને આ ધર્મો વિષે પોતે કશુંક જાણતા હોય તે વાતનો પણ ઈન્કાર કર્યો (૩૧) તે જ રીતે તેમણે તે વાતનોય ઈન્કાર કર્યો કે મઠમાં પાલિ ભાષામાં લખાયેલું કોઈ બૌદ્ધ ધર્મી લખાણ હતું. (નોટોવિચને રદિયો) (૩૨) બેસ્કોવ આ વાતને સમર્થન આપતા કહે છે કે (નોટોવિચને રદિયો) કે 'પાલિ જે થેરાવાડા બૌદ્ધ ધર્મની પવિત્ર ભાષા છે તેનો ઉપયોગ તિબેટમાં કયારેય થતો નહોતો અને તિબેટી ભાષામાં થતા અનુવાદો સામાન્ય રીતે સંસ્કૃત કે ચીની ભાષામાંથી થતા.' (૩૩)

ડગ્લાસ લખે છે કે જ્યારે નોટોવિચના પુસ્તકના કેટલાક અંશો લામાને વાંચી સંભળાવવામાં આવ્યા ત્યારે તે બરાડી ઊઠ્યો, 'જૂઠાણું, જૂઠાણું, જૂઠાણાં સિવાય કશું નહિ' (૩૪) અન્ય પ્રસંગે ડગ્લાસે એમ પણ પૂછ્યું હતું કે આવાં જૂઠાણાં બદલ નોટોવિચને શિક્ષા થઈ શકે કે નહિ (૩૫)

પાસેના ગામડાના રહેવાસી (શિકારી)નો દુભાષિયા તરીકે ઉપયોગ કર્યો હતો તેવા નોટોવિચના ઉલ્લેખ અંગે પણ ડગ્લાસ પ્રશ્ન કરે છે  કારણ કે આવો માણસ હંમેશા સરળ ખેડુત હોય છે. અને નોટોવિચના પુસ્તકમાં મળતા ધર્મશાસ્ત્રીય અને દાર્શિનિક ખ્યાલોને સજમવા અસમર્થ હોય છે. (૩૬)

આ આક્ષેપોનો પ્રતિભાવ આપતાં નોટોવિચે પાછળથી એવો દાવો કર્યો કે લામા ડગ્લાસ પાસે જૂઠું બોલ્યા હતા. કારણ કે પશ્ચિમ નિવાસીઓ આ મૂલ્યવાન હસ્તપ્રત ચોરી જશે તેવો તેમને ભય હતો. માત્ર નોટોવિચની "પૌર્વાત્ય મુત્સદીગીરીએ" જ તેને લામાનો માનીતો બનાવ્યો હતો (૩૭) આ અતિ અશકય છે. જો લામાએ એવી કોઈ હસ્તપ્રતના અસ્તિત્ત્વ અંગે કબૂલ્યું હોત તો પણ આટલા મોટા સંગ્રહમાં તે કયાં છે તે કહેવાની તેમને ફરજ ન પડી હોત. પરદેશીઓને તે દેખાડવાની, વેચવાની કે દાનમાં આપવાની તેમણે ના જ પાડી હોત. હું એમ પણ ધારું છું કે પોતાની મૂલ્યવાન હસ્તપ્રતોને સલામત રાખવાના યોગ્ય સાધનો મઠો પાસે હોય છે. વળી જો ભિખ્ખુઓ આટલા અતડા હોય તો પછી પોતાની પાસે "પૌર્વાત્ય મુત્સદીગીરી" હોવા છતાંય, પોતાની પહેલી જ મુલાકાતે નોટોવિચ આ હસ્તપ્રતો  કેવી રીતે મેળવી શકયો ? આપણે એ પણ યાદ રાખવું ઘટે કે ડગ્લાસની સાથે લડાખના નાગરિકો  સાથે સુમેળ ધરાવતા લડાખના ટપાલીઓ હતા જ્યારે નોટોવિચ તો સાવ અપરિચિત હતો.

હસ્તપ્રતો ચોરાઈ જશે તેવા ભિખ્ખુઓને ભય હતો તે વાતને સમર્થન આપવાનો પ્રયત્ન એલિઝાબેથ કલેર પ્રોફેટ કરે છે. 'The Cultural Heritage of Ladakh' નામના પુસ્તકમાંથી આ અંગેનો એક ફકરો તે ટાંકે છે. તે ફકરો જણાવે છે કે 'હિમિસ મઠ અનેક મુલાકાતીઓનું આકર્ષણ બન્યા હોવાથી, મુલાકાતીઓ પ્રત્યે ભિખ્ખુઓનું વલણ તિરસ્કારનું નહિ તોય મહેરબાનીનું હતું અને બધા જ પરદેશીઓ તક મળતાં તેમની પાસેથી ચોરી જશે તેવી તેમને ખાતરી થઈ ચૂકી હોય તેવું લાગતું હતું. આ પુસ્તક આગળ જતાં એમ પણ કહે છે કે 'તાજેતરના વર્ષોમાં' મઠે મિલકતની સારી એવી ગંભીર ખોટ અનુભવી હતી. જ્યારે લેખકો ત્યાં હતા ત્યારે જ તેની તપાસ થઈ હતી. (તેમાં એમ જણાયું હતું કે પરદેશીઓ આ માટે જવાબદાર નહોતા. (૩૮) ડગ્લાસ પાસે જે નહોતી તે પોતાની 'પૌવાર્તય મુત્સદ્દીગીરીને' કારણે જ તે આ હસ્તપ્રતો પર પોતાની મૂલ્યવાન દૃષ્ટિ નાંખી શકયો હતો તેવા નોટોવિચના ખ્યાલમાં વિશ્વાસ જગવે છે તેમ પ્રોફેટ સિદ્ધ કરે છે.

આ દલીલમાં ત્રણ ગંભીર મર્યાદાઓ પ્રગટ થાય છે. એક, કહેવાતી ચોરાયેલી મિલકતના ઉલ્લેખમાં 'તાજેતરના વર્ષો' એવો ઉલ્લેખ છે. નોટોવિચનો પ્રસંગ ૧૮૮૭માં બન્યો હતો અને તે 'તાજેતરનો' નથી એમ માની શકાય. બીજું, The Cultural Heritage of Ladakh ના મૂળ અવતરણમાં એક નિર્ણયાત્મક ઉલ્લેખ છે. "હિમિસના વડા લામાની ગેરહાજરીની મોટી ખોટ અનુભવે છે." (૩૯) પ્રોફેટના અવતરણમાં આ નથી. નોટોવિચ અને ડગ્લાસ બંનેના અહેવાલોમાં આ વડા લામા જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એ તો નક્કી કે આજનો હિમિસ મઠ ૧૮૮૭ના હિમિસ મઠથી એટલો તો ભિન્ન હશે કે નોટોવિચના બચાવ માટે પ્રોફેટની પસંદગીના અવતરણને ચર્ચાસ્પદ ન બનાવાય. ત્રીજું, હિમિસ અને લડાખ પ્રદેશ અંગે જે પુસ્તક તે ટાંકે છે તેની અનુક્રમણિકામાં, નોટોવિચ, ઈસુ ખ્રિસ્ત કે ઇસ્સાનો લેશમાત્ર ઉલ્લેખ નથી. જો નોટોવિચની કથામાં સહેજ પણ વિશ્વનિયતા હોત તો તે આ સ્રોતમાં ન ઉલ્લેખાય? આ ખરેખર ધ્યાનાકર્ષક ઉપેક્ષા છે.

નોટોવિચ અંગે આખરી ચૂકાદો આપતાં પહેલા આપણે એક વધુ મુદ્દાની વિચારણા કરવી જોઈએ. તે આ હસ્તપ્રત જેમાં મેળવ્યાનો દાવો કરે છે તે વિશિષ્ટ સ્થળનું તેણે નામ જો આપ્યું હોય તો ઈસ્સાની આખીયે કથા તેની કલ્પનાનું સર્જન હોવાની શકયતા ખરી ? પ્રોફેટ (૪૦) અને નોટોવિચ પોતે (૪૧) બંને કહે છે કે જૂઠી વ્યક્તિ અંગે વિશિષ્ટ દાવો ન કરી શકે ? તે સાચું છે ?

નોટોવિચને તો એ સહેજ ખ્યાલ તો હશે કે બહુ જ થોડા માણસો આવા દુર્ગમ્ય મઠે જઈ શકે. તેણે તો આશા રાખી હશે કે આ પુસ્તકને છપાતા અનેક મહિનાઓ લાગશે. અને કોઈ તેની ચકાસણી કરે (અને ખરેખર તો એ જ બન્યું) તે પહેલાં તેણે સારી એવી રકમનો પુરસ્કાર લઈ લીધો. જો કોઈ તેને પડકારે તો, "પૌર્વાત્ય મુત્સદ્દીગીરી" ને પ્રતિભાવ જેવી ઉપયોગમાં લેવા માટેની કંઈક આકસ્મિક યોજનાઓ પણ તેની પાસે હોય. વળી ડગ્લાસ અને મૂલરની ટીપ્પણી પછી તેણેય પગલાં ભર્યા. પ્રોફેટે તેના પુસ્તકની પુનર્મુદ્રિત કરેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં તેણે એકરાર કર્યો છે કે ઈસ્સા અંગે કોઈ એક હસ્તપ્રત નહોતી પણ આખી કથા મઠમાંના અનેક પુસ્તકોમાંથી એકત્રિત કરાઈ છે. (૪૨) - પોતાની અગાઉની ટીકાઓમાં કરેલી ફેર તપાસ. (૪૩)

તો પછી નોટોવિચ અને તેના પુસ્તક Unknown life of Jesus Christ અંગે ચુકાદો શો? બેસ્કોવની તેની 'શોધ'ને

'આધુનિક સમયની સુવાર્તાની અતિ વિખ્યાત બનાવટ કહે છે.' (૪૪) ગુડસ્પીડ ડગ્લાસ અને મૂલર તેમાં સંમત થાય છે. આલ્બર્ટ સ્વીટઝર તેને ખ્રિસ્તનું 'કૃત્રિમ જીવન' અને 'ઉદ્ધત છેતરપિંડી અને બેશરમ શોધ' (૪૫) કહે છે. હું માનું છું કે આ ચૂકાદો અતિ ચોક્કસ છે.

છતાંય, એલિઝાબેથ કલેર પ્રોફેટનું પુસ્તક The lost years of Jesus બીજા ત્રણ સાક્ષીઓની વાત ઉમેરે છે કે જેમણે આ દસ્તાવેજો જોયા છે. અને તેમાંના એક સ્વામી અભેદાનંદે તો તેમનો અનુવાદ પણ કર્યો છે. વાચક, વિગતે તેની દલીલો જોઈ શકે છે. પણ કંઇ નહિ તો, ચાર, સ્પષ્ટ અને હઠીલી હકીકતો તો કહે છે.(૪૬)

પ્રથમ તો એ કે, વિદ્ધતાભર્યા પરીક્ષણ માટે ઈસ્સાની હસ્તપ્રત અલભ્ય હતી. પ્રોફેટે તેનાથી જુદી વાત દર્શાવી નથી. વળી, પ્રોફેટની દલીલો ઉપરાંત ઈસ્લામિક પ્રોફેસર અને A search for the historical Jesus (૧૯૯૪)ના કર્તા ફિદા હસનેઈન પણ ઈસ્સાની હસ્તપ્રતની શોધમાં પોતે અનેકવાર લીધેલી હિમિસ મઠની મુલાકાતનો દાવો કરે છે. જો કે તેણે આ હસ્તપ્રત જોઈ નહોતી પણ તેનો દાવો છે કે સ્થાનિક દેવળના ૧૮૯૦ના સામયિકમાં મોરાવિયન ધર્મપ્રચારક ડૉ. માર્કસનો લેખ જોયો હતો. અને તે લેખમાં નોટોવિચની મઠની મુલાકાતનો અને તેણે શોધેલી હસ્તપ્રતનો ઉલ્લેખ હતો.

હસનેઈન કહે છે કે માર્કસની ડાયરીમાંથી તેણે બે પાનાના ફોટા પાડી લીધા હતા અને જર્મનીમાંથી તેનું ભાષાંતર પણ કર્યું હતું. તેનો દાવો છે કે આ ડાયરીમાં  એવો ઉલ્લેખ છે કે નોટોવિચ રશિયન પ્રવાસી હતો અને લડાખના હિમિસ ખાતે તેનો પગ ભાંગ્યો હતો. મોરાવિયન મિશનના તબીબોએ તેની સારવાર કરી હતી. વળી પોતે ઈસુ અંગેના તિબેટી ઓળિયા હિમિસના મઠમાં જોયા છે તેવા નોટોવિચના દાવાનો પણ તેમાં ઉલ્લેખ છે. (૪૭)

જો કે હસનેઈન તેના પુસ્તકમાં મઠના અનેક ફકરાઓનો સમાવેશ કર્યો છે પણ વિચિત્ર વાત એ છે કે તેમાં આ સામયિકના આ લેખનો ફોટોગ્રાફ આપતો નથી. તિબેટી હસ્તપ્રતો જોયાનો નોટોવિચના માત્ર 'દાવા'નો જ ઉલ્લેખ આ ડાયરીએ કર્યો હતો.  પોતે હસ્તપ્રત જોઈ હોય તેવું કશું જ ડૉ. માકર્સ કહેતા નથી. જો આ ડાયરી અધિકૃત હોય તો (સાબિતીના અભાવે આમ કહેવું ઘણું જ કપરું છે) એવું બન્યું હોય કે નોટોવિચે માકર્સને નર્યું જૂઠું જ કહ્યું હોય. આ ખંડમાં આપણે જે કાંઈ જોયું તે જોતાં આ સંભવિત લાગે છે. વળી આ કહેવાતી ડાયરીનો લેખ આર્ચિબોલ્ડ ડગ્લાસે લીધેલી વડા લામાની મુલાકાતની પ્રમાણભૂતતાની વિરુદ્ધ છે.

હસનેઈનનો દાવો નોટોવિચના કોયડામાં સહેજ બીજો ઉમેરો કરે છે, તો પણ તે કહેવાતી ખોવાયેલી તિબેટી હસ્તપ્રતનું ખરેખરું અસ્તિત્વ કે ઈસુ ખ્રિસ્ત અંગેના સ્રોત તરીકે તેની ઐતિહાસિક વિશ્વસનીયતા પ્રસ્થાપિત કરવામાં તે નિષ્ફળ જાય છે.

બીજું, તેના વિશિષ્ટ અંગો અને તેની અનન્ય ઓળખ (૪૮) પ્રગટ કરે તેવા તે પાઠના યોગ્ય ચિત્ર સાથે  કોઈ આવ્યું નથી. પ્રોફેટ એક ફકરો રજૂ કરે છે. તેમાં એક ભિખ્ખુ કશાક ઓળિયા સાથે ઉભો છે જેનું શિર્ષક છે, 'આ પુસ્તકો કહે છે કે

આપણા ઈસુ અહિં હતો' (૪૯) પણ આને નક્કર પુરાવો ન કહી શકાય કારણ કે 'પુસ્તકો' તે ઉપયોગમાં લેવા માટેનો ખોટો શબ્દ છે. (ઉપર નોંધ્યું તેમ).

ત્રીજું, પ્રોફેટ કે હસનેઈનના પ્રાસંગિક દાવાઓ આ પાઠની શંકાસ્પદ ઐતિહાસિકતા કે નોટોવિચની અચોક્કસતાને ક્ષમતા આપવા કશું જ કરતા નથી. એટલે ઉપર કરેલી દલીલો નક્કરપણે ઉભી છે.

ચોથું, અને અતિ મહત્ત્વનું તો એ કે 'The life of Saint Issa'ની તુલના બાઈબલમાં આપેલા ઈસુના અહેવાલો સાથે કરવી જોઈએ. નવો કરાર પ્રભાવક સિદ્ધીઓને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવે છે. ઇસ્સાની કથામાં આનો અભાવ છે. નવા કરારને ઐતિહાસિક અધિકૃતતા છે. જે ઇસ્સાની કથાને નથી. નવા કરાર માટેની આ ત્રિવિધ દલીલોના તેજસ્વી પ્રકાશમાં એમ કહેવું સલામત છે કે સાબિતીની જવાબદારી 'The life of Saint Issa' પર છે. અને આ જવાબદારી સ્વીકારવી કપરી છે. બીજી રીતે કહીએ તો, હાથમાં રહેલી નવા કરારની પુરાણી ૫,૩૬૬ ગ્રીક હસ્તપ્રતો તિબેટના ઝાડવામાં રહેલી એક દુર્ગમ અને વિચિત્ર હસ્તપ્રત કરતા વધુ મૂલ્યવાન છે.

ઉપરની વિચારણાના સંદર્ભે જોઈએ તો, જો એમ પણ પ્રમાણિત થઈ શકે કે 'The life of Saint Issa'ની ખરી હસ્તપ્રત પણ અસ્તિત્વમાં છે તો તે પોતેય તેને હકીકતમાં સાચી પૂરવાર નહિ કરે. આવી હસ્તપ્રત તે ઉપજાવી કાઢેલો, દંતકથાઓમાં મળતો દસ્તાવેજ સહેલાઈથી હોઈ શકે જેમાં ખ્રિસ્ત અંગેની બાઈબલની સામગ્રીઓનો ઉપયોગ થયો હોય અને છતાંય તેમાં બિનખ્રિસ્તી અને બિન ઐતિહાસિક બોધ - ઉપદેશ પણ વણાયો હોય. રોન રહોડ્સને પણ શંકા છે કે ઇસ્સાની હસ્તપ્રતનું અસ્તિત્વ છે. તે પોતાના પક્ષને દૃઢ બનાવતા કહે છે :

ખ્રિસ્તીઓ એ સ્વીકારે છે કે પ્રારંભની મડળીના મિશનરી પ્રયત્નોને પરિણામે છેવટે તો ઈસુના સમાચાર ભારત અને તિબેટ પહોંચ્યા હતા. તે માની શકાય તેમ છે કે જ્યારે અન્ય ધર્મોના ઉપાસકોએ ઈસુ વિષે સાંભળ્યું ત્યારે ઈસુ અને તેમનો બોધ તેઓની પોતાની માન્યતા પ્રથા સાથે સુસંગત છે તેવું દેખાડવા તેમણે જે સાંભળ્યું તેમાં થોડોક ફેરફાર કરવાનો પ્રયત્ન કર્યો. સંભવ છે કે તે પહેલેથી ઓગણીસમી સદી દરમ્યાન આ વિશ્વસનીય દંતકથાઓ ઓળિયા પર નોંધાતી હશે અને ભારતમાં ધર્મપરિવર્તન કરેલાઓમાં પ્રસારિત થતી હશે. પ્રારંભના જ્ઞાનવાદી ખ્રિસ્તીઓમાં પ્રગટેલા અને જ્ઞાનવાદીની સુવાર્તાઓમાં નોંધાયેલા ઈસુના જીવનના વિકૃત વૃત્તાંત જેવું અસમાન આ નહિ હોય (૫૦)

## ઈસુ ભારતમાં મૃત્યુ પામ્યા હતા ?

નોટોવિચની 'શોધ' ઇસ્સાના દેહને પેલેસ્ટાઇનમાં કહેવાતો દર્શાવે છે તો 'નવા યુગ'ના બીજા વિચાર પરિવર્તન

કરનારાઓ વધસ્તંભે તેમને જીવતા બતાવી ભારતમાં મૃત્યુ પામતા દર્શાવે છે. ત્યાં મૃત્યુ પામ્યા પછી તેમને કાશ્મિરમાં કબરમાં દફનાવવામાં આવ્યા હતા. વિચિત્ર વાત તો એ છે કે આ દૃષ્ટિકોણનો બચાવ કરતો એક લેખ મૂળ તરીકે નોટોવિચને ટાંકે છે. જો કે નોટોવિચના ઈસ્સા અંગેના અહેવાલમાં ઈસુ ભારત પાછા ફર્યા હોય તેવું કશું જ નથી (૫૧)

આ દાવાઓનો વિચાર કરતાં પહેલાં આપણે નવા કરારની ઐતિહાસિક વિશ્વસનીયતાને પણ યાદ રાખવી જોઈએ. કોઈપણ ઐતિહાસિક દાવો કોઈપણ મહત્ત્વને માર્ગે આ નોંધનો વિરોધ કરે તો તેણે જ પુરાવાની જવાબદારી સ્વીકારી લેવી જોઈએ. અલબત્ત, નવા કરારમાં તો નોંધાયું છે કે ઈસુ વધસ્તંભે મૃત્યુ પામ્યા હતા. પછી તેમને દફનાવ્યા હતા, તે ફરી સજીવન થયા હતા અને સ્વર્ગે ગયા હતા. તે મરવા માટે જ જન્મેલી વ્યક્તિ હતા અને જુદી જુદી રીતે તેમની ધર્મસેવા દરમ્યાન તેમની આ નિયતિ પર ભાર મૂકયો છે. આથી, તે વધસ્તંભે મૃત્યુ પામ્યા નહોતા એમ કહેવું એટલે સમગ્ર બાઈબલમાં નિરૂપાયેલા ઈસુના ચિત્ર સામે પ્રશ્ન ઉઠાવવો. પણ આ થયું કેવી રીતે ?

એક ખ્યાલ એવો છે કે ઈસુ વધસ્તંભે જડાયા હતા પણ તે વધસ્તંભે મૃત્યુ પામ્યા નહોતા. તે માત્ર મરેલા હોય તેમ દેખાયા હતા. તેમને કબરમાં લાવવામાં આવ્યા હતા અને ત્યાં પેલેસ્ટાઈન છોડી પૂર્વ તરફ જવા માટે તે જીવતા થયા. “મુર્છાના સિદ્ધાંત” તરીકે ઓળખાતા જુના ખ્યાલને અપાયેલો આ નવો વળાંક છે.

સૌ પ્રથમ તો, કેટલાક એમ માને છે કે વધસ્તંભે જડાવાથી મૃત્યુ પામે એટલો લાંબો સમય ઈસુ વધસ્તંભે રહ્યા નહોતા. રિચાર્ડ વોલ્ટર્સ કહે છે કે, “વધસ્તંભે જડાયાની સ્થિતિ પર લખતાં કહેવું જોઈએ કે સામાન્ય તંદુરસ્ત સ્થિતિમાં વધસ્તંભે જડાવાયેલી વ્યક્તિ બાર કલાકના ગાળામાં કયારેય મરતી નથી.” સમાપન કરતા તે કહે છે કે “વધસ્તંભે ત્રણ કલાકમાં જ ઈસુ મૃત્યુ પામ્યા તે અસંભવિત છે” (૫૨) બીજું, કેટલાક એવો દાવો કરે છે કે જ્યારે પાણી પીવા માટે તેમના મોં પર કોઈકે વાદળી મૂકી ત્યારે જ ઈસુને ઔષધ પાવામાં આવ્યું હતું. આને કારણે તે મૃત્યુ પામ્યા હોય એવો દેખાવ ઉભો થયો અને તેથી ત્યાં હાજર રહેલા લોકો છેતરાયા (૫૩) ત્રીજું, જ્યારે ઈસુના પડખાને રોમન સૈનિકે ભાલાથી વિંધ્યું ત્યારે ઈસુના પડખામાંથી લોહીની ધાર છૂટી હતી. આ હકીકત જ સૂચવે છે કે તે હજી જીવતા છે (૫૪) કર્સ્ટન અને ગ્રુબર વધુ દલીલ કરતાં કહે છે કે શણના કફન જ એવી સાક્ષી આપે છે કે ઈસુ વધસ્તંભે મૃત્યુ પામ્યા નહોતા (૫૫)

ભારતમાં ઈસુને દફનાવ્યા હતા તેવા દાવાઓનો વિચાર કરતા પહેલા આપણે આ દલીલોનો ઉત્તર આપવો જોઈએ. સામાન્ય મુદ્દો તો એ છે કે ઈસુને વધસ્તંભે જડયા હતા તેવું દૃઢપણે જણાવતા સુવાર્તાના અહેવાલોમાં જેમને વિશ્વાસ છે તેઓએ ઈસુ મરેલા માણસની જેમજ મૃત્યુ પામ્યા હતા એવું સ્પષ્ટ કહેતા કથનો શા માટે ન માનવા જોઈએ ? શા માટે એવી વાત માનવી ને બીજી વાત પર શંકા આણવી? જો ટીકાકારો તેમની શંકાઓ અંગે પૂરતા માપદંડો પ્રસ્થાપિત ન કરે તો ઈસુના મૃત્યુનો તેમણે કરેલો ઈન્કાર એકહથ્થુ છે.

વધુ વિગતે વાત કરીએ. પ્રથમ તો વધસ્તંભે મૃત્યુ પામવા માટે ઈસુ પાસે પૂરતો સમય હતો. વધસ્તંભે જડયા પહેલાં જે કંઈ બન્યું તેને અલગ પાડીને વધસ્તંભે જડાયાની ક્રિયાને આપણે ન જોવી જોઈએ.

પોતાના દેહાંતદંડ પહેલાં જેમણે કશું ખાધું નહોતું, જે સૂતા પણ નહોતા, અતિશય ક્રૂર સોટીના મારથી વહી ગયેલા લોહીના કારણે જે અશકત બન્યા હતા. (જૂઓ પિતરનો પહેલો પત્ર ૨:૨૪) જેમને બંને હાથે તથા પગમાં વીંધવામાં આવ્યા હતા તે ઈસુને વધસ્તંભ પરથી નીચે ઉતારવામાં આવ્યા ત્યારે જીવતા હોત તો કશી પણ મદદ વિના તે જીવતા રહ્યા હોત તે માનવું અવિશ્વસનીય છે. (૫૬)

પોતાને પડેલા મારથી ઈસુ એટલા તો અશકત થઈ ગયા હતા કે તે પોતાનો વધસ્તંભ ગલગથા સુધી, દેહાંત દંડના સ્થળ સુધી ઊંચકીને લઈ જઈ શકયા નહોતા. (માથ્થી ૨૭:૩૨) Journal of the American Medical Association માં 'On the Physical Death of Jesus Christ' નામના તકનીકી લેખના લેખકો જણાવે છે કે રોમનોના વધસ્તંભે જડાયા પછી 'જીવતા રહેવાનો સમય' ત્રણ કે ચાર કલાકથી માંડીને ત્રણ કે ચાર દિવસ સુધીનો જુદો જુદો હોય છે. અને કોરડાની સખ્તાઈ સાથે તેને સઘન સંબંધ હોય છે તેવું લાગે છે (૫૭)

પિલાતને અચરજ થયું કે, શું તે આટલામાં મરી ગયો હોય ? (માર્ક ૧૫:૪૪) પણ તેણે એવો પ્રશ્ન ન પૂછ્યો કે શું ખરેખર ઈસુ મૃત્યુ પામ્યો હતો ? વધસ્તંભે જડવાની વાતમાં રોમન સૈનિકો નવા નવા અને બિનઅનુભવી નહોતા. ઈસુની સાથે જે વધસ્તંભે જડાયેલા બે માણસોના પગ ચાર સૈનિકોની ટૂકડીએ ભાગી નાખ્યા હતા. (મૃત્યુ વહેલું આણવાની પ્રક્રિયા) પણ ઈસુના પગને ભાંગવાની તેમણે મના કરી, કારણ કે તેમણે જોયું કે તેઓ મૃત્યુ પામી ચૂકયા હતા.

બીજું, મૃત્યુનો ડોળ કરવા ઈસુને કશુંક ઔષધ આપવાની વ્યવસ્થા કરાઈ હતી તે સિદ્ધાંત પણ અનેક રીતે વિવાદાસ્પદ છે. યોહાનની સુવાર્તા જણાવે છે કે રોમન સૈનિકોની પૂરી નજર સમક્ષ જ, તેમના મૃત્યુ પહેલા તેમને સરકો અપાયો હતો (યોહાન ૧૯:૨૮,૨૯) તેમનો વ્યવસાય હતો જલ્લાદોનો, છેતરપિંડીને સહાયક થવાનો નહિ. મૃત્યુની તપાસ કરનાર અમલદારો બનવામાં તેમને સ્થાપિત રસ હતો કારણ કે 'જો સો સૈનિકોનો સરદાર, જો હાકેમ, તારણહાર કહેવાતા વેષ ધારીને દેહાંત દંડ આપવામાં ભૂલ કરે તો કદાચ તેમના વ્યવસાયો અને કદાચ તેમના જીવનો જોખમમાં મૂકાય' (૫૮) વિરોધીઓને નિષ્ફળ બનાવતી આ ચાલ પ્રત્યે તેઓ પૂરતાં ડાહ્યા હતા. વધુમાં, આપણે જો ધારી લઈએ કે ઈસુએ છેલ્લી ઘડીએ છૂટવાની કોઈ વ્યવસ્થા કરી હતી તો તે મહાન ધુતારાથી કંઈ કમ નથી અને કોઈ આદરને પાત્ર નથી. કારણ કે પોતાના ખુદના મૃત્યુની અનિવાર્યતા અંગે તેમણે બોધ આપ્યો હતો. તો પછી આપણે કહી શકીએ કે ઈસુએ તો હુડીનીને (અમેરિકન પલાયનવાદ) પણ વટાવી ગયા. પણ આપણે તેમને ધાર્મિકતાપૂર્ણ આદરથી નહિ જોઈએ પછી ઉપાસનાની તો વાત કયાં કરવી ?

ત્રીજું, ઈસુના પડખામાંથી લોહી અને પાણી બહાર આવ્યાં. તે તેમના મૃત્યની નક્કર સાબિતી છે. રોમન સૈનિકોએ

તેમનું પડખું વિંધ્યું કારણ કે તે બેવડી ચોકસાઈ કરવા માગતા હતા કે તે મૃત્યુ પામ્યા છે. મૃત્યુ પામ્યાની ચોકસાઈ કરવાની આ પ્રમાણભૂત પ્રથા હતી. (૫૯) હમણાં જ ઉલ્લેખેલા 'Journal of the American Medical Association' સમજાવ્યું છે તેમ પછી જે કંઈ બન્યું તેણે ઈસુના મૃત્યુને સમર્થન આપ્યું, તે લેખકોએ સમાપનમાં આમ લખ્યું છે :

ઐતિહાસિક અને તબીબી પુરાવાઓની પ્રબળતા સ્પષ્ટપણે સૂચવે છે કે તેમના પડખામાં ઘા કર્યા પહેલાં જ ઈસુ મૃત્યુ પામ્યા હતા અને આ પુરાવા તે પરંપરાગત અભિપ્રાયને સમર્થન આપે છે કે તેમની જમણી પાંસળીઓમાં ભોંકાયેલો ભાલો માત્ર જમણા ફેફસાને જ વીંધી ગયો નહોતો પણ વીંટળાયેલી કોથળીની અંત ત્વચા તથા હૃદયને પણ વિંધી ગયો હતો. અને આ રીતે તેમણે તેમના મૃત્યુની ખાતરી કરી લીધી. આ રીતે જોતાં ઈસુ વધસ્તંભે મૃત્યુ પામ્યા નહોતા તેવી ધારણ પર આધારિત અર્થઘટનો આધુનિક તબીબી જ્ઞાનના સંદર્ભમાં વિચિત્ર લાગે છે (૬૦)

શણનું કફન કંઈક અંશે એવો પુરાવો આપે છે કે ઈસુ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા નહોતા એ અભિપ્રાયે બે મહાન અવરોધો દૂર કરવાના છે. પ્રથમ તો, નવા કરારની જે વિશ્વસનીયતા સ્પષ્ટપણે સૂચવે છે કે ઈસુ વધસ્તંભે મૃત્યુ પામ્યા છે તે વિશ્વસનીયતા પાસે કફનની અધિકૃતતા અતિશય શંકાસ્પદ છે. ઈહવાદી ઈતિહાસકારોનો પણ વધસ્તંભે જડાયાની વાતને સમર્થન છે. બીજું, જો દફન એ ઈસુના મૃત્યુનું જ આચ્છાદાન હોય તો પણ આ યુકિત ૨૦૦૦ વર્ષ પછી પણ એવું પ્રસ્થાપિત કરે છે કે ઈસુ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા નથી તે ખૂબ અસંભવિત લાગે છે. જો દફન અધિકૃત હોય તો તે પુરાવો બીજી દિશાનું સૂચન કરે છે અને એ તે એ છે કે ઈસુ મૃત્યુ પામ્યા હતા અને મૂએલાંમાંથી તે સજીવન કરાયા હતા (૬૧)

ઈસુ તેમના પોતાના છે તેવો દાવો કરનારા પૂર્વના દેશમાં થતી દંતકથાઓની વાત કેટલાક લેખકોએ કરી છે. કેટલાક માને છે તેમ ઈસુના અવશેષો ધારણ કરતી કબર કાશ્મિરમાં છે તે વિચાર માન્યા પ્રમાણે રહસ્યવાદી યુઝ અસફનો છે. (૬૨) પણ નવા કરારની ઐતિહાસિક વિશ્વસનીયતાનું પ્રમાણ હોય અને વધસ્તંભે જડાયા પછી ઈસુ જીવી જ ન શકયા હોય તે હકીકત હોય તે વિચારતાં પુરાવો આપવાની મોટી જવાબદારી આવા ફેરફારવાળા અભિપ્રાયની જ હોય. પુનરુત્થાન પામેલા અને સ્વર્ગે આરોહિત થયેલા ખ્રિસ્ત 'પ્રકટીકરણ' ના પુસ્તકમાં જાહેર કરે છે 'હું મુઓ પણ હતો અને જુઓ સદાકાળ હું જીવતો છું.' (પ્રકટીકરણ ૧:૧૮). પાઉલને પણ વિશ્વાસ છે કે 'ખ્રિસ્તને મૂએલામાંથી ઉઠાડવામાં આપ્યા પછી તે ફરીથી મરનાર નથી. હવે પછી મરણનો ફરીથી તેના પર અધિકાર નથી.' (રોમનોને પત્ર ૬:૯).

ઈસુ ભારતમાં મૃત્યુ પામ્યા હતા એવો જેઓ દાવો કરે છે તેમણે પુનરુત્થાન પામેલા અને સ્વર્ગે આરોહિત થયેલા પ્રભુમાં પ્રારંભિક મંડળીના વિશ્વાસનું અસ્તિત્ત્વપણ સ્પષ્ટ કરવું પડે. અને સમગ્ર ધર્મને ત્રિવિધ જૂઠાણા પર એટલે કે તેમનાં મૃત્યુ, પુનરુત્થાન અને આરોહણ પર આધાર રાખતાં કરીને તે ભારત ભાગી જાય તો ઈસુ કયા પ્રકારના ગુરુ ?

પણ તેમના દૈહિક પુનરુત્થાન અને આરોહણની વિકસિત દલીલ જ ઈસુ ભારતમાં મૃત્યુ પામ્યા હતા તે વિરુદ્ધનો સાચો પૂરાવો છે. કાશ્મિરમાં કહોવાવું (ક્ષીણ થવું) અને સ્વર્ગમાં શાસન કરવું તે બંને તો ઈસુ માટે શકય નથી.

૧) એડગર જે. ગુડસ્પીડ Modern Apocrypha (બોસ્ટન : ધી બીકોન પ્રેસ ૧૯૫૬) પૃષ્ઠ ૮

૨) એજન

૩) એજન

૪) એજન

૫) પેર બેસ્કોવ કૃત Strange Tales about Jesus : A Survey of Infamiliar Gospel (ફિલાડેલ્ફીઆ - ફોટ્રેસ પ્રેસ ૧૯૮૫) પૃ. ૫૧૮

૬) જૈન ધર્મની વધુ વિગત માટે જુઓ વોલ્ટર કોફમેન કૃત Religion in four Dimensions: Existential, Aesthetic, Historical, Comparative, (ન્યુયોર્ક : રીડર્સ ડાયજેસ્ટ પ્રેસ ૧૯૭૬) - પૃ. ૨૯૭-૩૦૧. કોફમેન નિર્દેશે છે કે જૈન ધર્મના સ્થાપકની કયારેક ઉપાસના થાય છે. પણ આ તેમના કથિત ઉપદેશથી વિરુદ્ધ છે. પ્રાથમિક રીતે જૈનધર્મ નિરીશ્વરવાદી અથવા કંઈ નહિ તો ઉપાસના ન કરનાર અજ્ઞેયવાદીતા તરીકે ઓળખાય છે. જો હોય તો પણ ઈશ્વર ધાર્મિક ભૂમિકાનું કેન્દ્ર નથી. આથી 'દૂજૈનેસના દેવ' વાકયએ તેમની માન્યતાનો ચોક્કસ સંક્ષેપ નથી કારણ કે જૈન ધર્મમાં દેવની ભૂમિકા બહુ બહુ તો ગૌણ છે. તે એકેશ્વરવાદી ધર્મ તરીકે જાણીતો નથી.

૭) પ્યોર લેન્ડ બૌદ્ધ ધર્મ જેવી પાછળથી ઉદ્‌ભવેલી બૌદ્ધધર્મની શાખા બુદ્ધને તારણહાર માને છે. પણ આ તો The story of Issa- માં વર્ણવેલા સમયગાળાના સોએક વર્ષો પછી.

૮) જુઓ, એરિક માહેહિમ કૃત Various views of Jesus Christ in New Religious movements - A Typological Outline (અપૂર્ણ હસ્તપ્રત) પૃ. ૧૨-૧૩. આ હસ્તપ્રત ક્રિશ્ચિયન રિસર્સ ઈન્સ્ટીટયુટ, બોક્ષ ૫૦૦, સાન જૂઆન કેપીસ્ટ્રશનો, સીઓ ૯૨૬૯૩-૦૫૦૦.

૯) કાર્લ જેકસન કૃત - Oriental Religious and American Thought (વેસ્ટપોર્ટ,સી.એન. ગ્રીનવુડ પ્રેસ. ૧૯૮૧) પૃ. ૧૪૯-૫૦

૧૦) જુઓ બેસ્કોવ, પૃ. ૫૮

૧૧) જુઓ The Ninteenth Centuryના ક્રમાંક ૨૧૨ના અંકમાં (ઓકટોબર ૧૮૯૪)માં પ્રગટ થયેલ એફ. મેકસમૂલરનો લેખ - The Alleged Sojourn of Christ in India. પૃ. ૫૧૮

૧૨) એજન, વધસ્તંભે જડાયાના સમય પછી તરત જ ભારત આવેલા 'એજ યહૂદી વેપારીઓ, પાલિસ્તાનમાં ખ્રિસ્તની શી હાલત થઈ તે જાણતા હતા. એટલું જ નહિ પણ ઈસુ કે ઈસ્સાએ - પોતાના જીવનના પંદર વર્ષો બ્રાહ્મણો સાથે ગાળ્યાં ત્યારે તેની શી હાલત થઈ છે તેય જાણતા હતા.' તે અતિ અસંભવિત છે એમ મૂલર માને છે. નોટોવિચની પ્રતિક્રિયા એ હતી કે આ વેપારીઓ તળપદ ભારતીયો હતા. જે ધંધાર્થે પેલેસ્ટાઈન ગયેલા અને ત્યાંથી પાછા ફર્યા હતા. જુઓ એલિઝાબેથ કલેર પ્રોફેટ કૃત 'The lost years of Jesus'માં નિકોલસ નોટાવિચ (લિવિંગ્સ્ટન, એમ.ટી. : સૂચિત યુનિવર્સીટી પ્રેસ, ૧૯૮૪) પૃ. ૯૬

૧૩) હોલ્ગર કર્સ્ટેન ‘ Jesus lived in India’ માં લખે છે તેમ (લોંગમિડ ઈંગ્લેન્ડ એલિમેન્ટ બુક લિ. ૧૯૮૬) પૃ. ૩૬-૩૭. કેર્સ્ટનનો પ્રતિભાવ મૂલરના ચારિત્ર ખંડન જેવો લાગે છે. મૂલરની દલીલોનો તે પ્રતિકાર કરતો નથી.

૧૪) મેક્સ મૂલર કૃત ‘India, What can it teach us?’ (લંડન ૧૮૮૩), પૃ. ૨૮૭ આલ્બર્ટ સ્કવીટ કૃત ‘The Quest for the Historical Jesus’ (ધ મેકમિલન કંપની ૧૯૭૩) પૃ. ૨૯૧માં પ્રસિદ્ધ થયેલો લેખ.

૧૫) મૂલર કૃત ‘The Alleged Sojourn’ પૃ. ૫૧૮ એમ લાગે છે કે ઈસ્સા અને ઈસુ વચ્ચેનો વ્યાપક ભેદ મૂલર યોગ્ય રીતે સમજ્યો નહોતો. છતાંય એનું ટીપ્પણ દર્શાવે છે કે તેનું પૂર્વવલણ એવું નથી કે દસ્તાવેજને યોગ્ય તક આપ્યા વિના તે ખોટો કહી તેનો ઈન્કાર કરે.

૧૬) એજન

૧૭) પ્રોફેટ નોટોવિચ પૃ. ૯૪

૧૮) પોતાના લેખના પરિશિષ્ટ તરીકે મૂલરે હિમિસ મઠથી પરિચિત અંગ્રેજ સ્ત્રીએ પોતાના પર લખેલો પત્ર સમાવેશ કર્યો છે. તેણે આ પત્ર લેહ, લડાખથી ૨૯ જૂન ૧૮૯૪માં લખ્યો હતો. તે પત્રનો દાવો છે કે નોટોવિચની કથા સંપૂર્ણ બનાવટી છે. (મૂલર કૃત ‘The Alleged Sojourn’ પૃ. ૫૨૧-૨૨. બનાવટનો વિગતપૂર્ણ કિસ્સો નીચે બતાવાશે)

૧૯) નિકોલસ નોટોવિચ કૃત ‘The Unknown Life’ પૃ. ૨૨૬

૨૦) ગુડસ્પિડ પૃ. ૯

૨૧) નોટોવિચ પૃ. ૨૨૯

૨૨) ગુડસ્પિડ પૃ. ૧૦

૨૩) ‘ ધ બિબલીકલ વર્લ્ડ ૪, અંક ૨ (ઓગષ્ટ ૧૮૯૪)માં આવેલા ‘The Unknown Life of Jesus Christ’ ના અવલોકનમાંથી પૃ. ૧૪૭, લેખક તરીકે કોઈનું નામ અપાયું નથી.

૨૪) નોટોવિચ પૃ. ૨૨૯

૨૫) બેસ્કોવ પૃ. ૧૨૧

૨૬) ‘The Ninteenth Century અંક ૨૩૦ (એપ્રિલ ૧૮૯૬)માં આર્ચિબોલ્ડ ડગ્લાસનો લેખ, ‘The chief Lama of Himis on the Alleged Unknown Life of Christ’ પૃ. ૬૬૬-૬૯

૨૭) એજન, પૃ. ૬૬૯

૨૮) એજન, પૃ. ૬૭૧

૨૯) એજન, પૃ. ૬૭૨

૩૦) એજન, પૃ. ૬૭૧

૩૧) એજન, પૃ. ૬૭૧-૬૭૨

૩૨) એજન, પૃ. ૬૭૨

૩૩) બેસ્કોવ. પૃ. ૫૯

૩૪) ડગ્લાસ પૃ. ૬૭૨

૩૫) એજન, પૃ. ૬૬૯-૭૦

૩૬) એજન, પૃ. ૬૭૪

૩૭) પ્રોફેટમાં નોટોવિચ પૃ. ૯૧-૯૨

૩૮) ડેવિડ એલ. સ્નેલ ગ્રોવ અને તાડેયુઝ સ્કોરુટ્સ્કી કૃત The Cultural Heritage of Ladakh - વોલ્યુમ ૧ : સેન્ટ્રલ લડાખ (બોલ્ડર કંપની, પ્રાજ્ઞિના પ્રેસ ૧૯૭૭) પૃ. ૧૨૭, પ્રોફેટમાં ઉદ્દ્ધૃત પૃ. ૩૭-૩૮

૩૯) સ્નેલ ગ્રોવ અને સ્કોરુપ્સકી પૃ. ૧૨૭

૪૦) પ્રોફેટ, પૃ. ૩૫-૩૬

૪૧) નોટોવિચ, પૃ. ૯૩

૪૨) એજન પૃ. ૯૪

૪૩) નોટોવિચ, પૃ. ૧૫૧-૫૨

૪૪) બેસ્કોવ પૃ. ૫૮

૪૫) સ્કવીન્ઝર પૃ. ૩૨૮

૪૬) બેસ્કોવ આ ટીપ્પણી આ હસ્તપ્રતના કહેવાતા અન્ય સાક્ષી અંગે કરે છે અને તે સાક્ષી છે. ચિત્રકાર અને શિખાઉ શિસ્થપતિ તેમણે પ્રોફેસર નિકોલસ રોરીચ : તેમણે ૧૯૨૦ ના ગાળામાં લડાખનો પ્રવાસ કર્યો હતો અને તેમનું માનવું હતું કે The life of Issa નું પગેરું તેમણે શોધ્યું હતું. સંજોગોવશાત, જીવંત લોક પરંપરામાંથી તેમણે આપેલા ઉદાહરણો વિશ્વસનીયતામાં કશો ઉમેરો કરતા નથી. કારણ કે તેમના અહેવાલનો પ્રથમ ખંડ અક્ષરસ: નોટોવિચના ‘The life of Issa’ પ્રકરણ ૫-૧૩ માંથી (માત્ર નિષ્કર્ષો પણ સઘળી કલમો વ્યવસ્થિત ક્રમાનુસાર લેવાઇ છે.) લેવાયો છે. ત્યાર પછી આવે છે ‘Another Version’ (પૃ. ૯૩-૯૪). તે ડાઉનીંગનો Aquarian Gospel ના પ્રકરણ ૧૬ માંથી લેવાયો છે. યુરોપના ઉત્સાહી મુલાકાતીઓ આ કથાઓનો પ્રસાર લડાખમાં કરી ચૂકયા હતા. અને લોકમાન્યતામાં તેણે ઊંડા મૂળ નાખ્યાં હતાં તે શકયતા ઓછી છે. પણ રોરીચનું અક્ષરસ: અવતરણ કદાચ સૂચવે છે કે તેને તે કથાએ આકર્ષક લાગવાથી જ તેણે તેમને તેમાં સામેલ કરી હતી. તે રોમેન્ટિક પ્રકૃત્તિના હતા અને એમ લાગે છે કે તેમણે વાસ્તવ હકીકતોમાં ઝાઝો રસ લીધો નહોતો.

૪૭) Apocryphal, Buddhist, Islamic and Sanskrit Sources (બાથ, યુ.કે.: ગેટવે બુક્સ ૧૯૯૪) પૃ. ૨૩ પર ફિદા હસનેઈનનો લેખ A Search for the Historical Jesus:

૪૮) ઉદાહરણ તરીકે મોટા ભાગની ગૂઢ નાગ હમ્માડી હસ્તપ્રતોની મૂળ કોપ્ટીક ભાષાના જ્ઞાનગ્રંથોમાં ફોટોગ્રાફ દ્વારા નકલ કરાઈ છે.

૪૯) પ્રોફેટ, પૃ. ૩૧૨

૫૦) રોન રહોડ્સ કૃત 'The Counterfeit Christ of the New Age Movement' (ગ્રાન્ડ રેપિડ્સ, એમઆઈ: બેકર બુક્સ, ૧૯૯૦) પૃ. ૫૫

૫૧) રિચાર્ડ વોલ્ટર્સનો New Frontier ના ડીસેમ્બર ૧૯૮૮ પાંચમે પાને છપાયેલો લેખ 'Christ, Christian, Krishna'

૫૨) એજન પૃ. ૭

૫૩) એજન

૫૪) એજન

૫૫) હોલ્ગર કેર્સ્ટન અને એલ્માર આર. ગ્રુબર કૃત 'The Jesus Conspiracy: The Turin Shround and the Truth about the Resurrection (રોકપોર્ટ એમ.એ. એલીમેન્ટ બુક્સ ૧૯૯૪) તેમના દાવાઓના નકારાત્મક વિરોધી અવલોકનો માટે જુઓ Library Journal ૫, જૂન ૧૯૯૪ના અંકમાં ૭૨ મા પાને આવેલું યુજિન ઓ. બોબસેરનું અવલોકન અને Booklist ના ૧ તથા ૧૫ જૂન ૧૯૯૪ના અંકમાં ૧૭૩૨ મે પાને આવેલું ગેરીયંગનું અવલોકન

૫૬) માઈકેલ ગ્રીન કૃત The Empty Cross of Jesus (ડાઉનર્સ ગ્રોવ, આઈ.એલ. ઈન્ટરવર્સિટી પ્રેસ ૧૯૮૪) પૃ. ૯૩. ઈસુના મૃત્યુની ગતિ અંગે જુઓ જેમ્સ ચાર્લ્સવર્થ કૃત 'Jesus within Judaism' (ન્યુ યોર્ક, ડબલડે ૧૯૮૮) પૃ. ૧૨૨-૧૨૩.

૫૭) 'Journal of the American Medical Association' ૨૫૫ના અંક ૧૧ (માર્ચ ૨૧, ૧૯૮૬)ના પૃ. ૧૪૬૦ પર 'On the Physical Death of Jesus Christ' અંગે વિલિયમ ડી. એડ્ઝવર્ડ વેસ્લી જે. ગેબેલ, ફ્લોઇડ ઇ. હોઝમેર

૫૮) ગ્રીન પૃ. ૯૩-૯૪

૫૯) વિલિયમ લેન ક્રેગ કૃત Knowing the Truth about the Resurrection (એન આર્બર, એમઆઈ: સર્વન્ટ બુક્સ ૧૯૮૮), પૃ. ૩૩

૬૦) એડવર્ડ્ઝ અને અન્ય લેખકો  પૃ. ૧૪૬૩

૬૧) કેનેથ ઈ. સ્ટીવન્સન અને ગેરી આર. હબર્માસ કૃત 'The Shroud and the Controversy' નેશવિલ : થોસમ નેલ્સન પબ્લીશર્સ, ૧૯૯૦)

૬૨) વોલ્ટર્સ પૃ. ૪૫ કેર્સ્ટેઈન કૃત Jesus Died in India  પૃ. ૧૭૯ અને ૫છીના પાનાં. આ મતના વધુ ટીપ્પણ માટે જુઓ બેસ્કોવ, પૃ. ૬૩-૬૪, ૧૨૨-૨૪.

[ શરૂઆત ] [ હેતુ ] [ લેખો ] [ જીવ ` ] [ પંડિતને પૂછો ] [ ગુજરાતી ભાષાંતર ]

Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved

email: info@karma2grace.org

# કર્મથી કૃપા તરફ

## કાન વિનાના માણસો : ચર્ચાઓ, ઘરેલુ વિસંગતતા અને સંવાદ

"હું તમને ચર્ચા માટે પડકારું છું."

લાગે છે ને કોઈએ હજી હમણાં જ તેમની બંદૂક કોથળીમાંથી બહાર કાઢી છે, તેમની આંગળીઓ ઘોડા (ચાંપ) પર છે અને તે લોકો તેમને ઉડાવી દેવા તૈયાર છે. રસ પડ્યો ને ? સામાન્ય રીતે આ યુદ્ધ સજ્જતાની પરિસ્થિતિમાં પરિણમે છે. આપણે આપણા શબ્દ ભંડોળને જોઈ, પૃથ્થકરણ કરીએ છે. આપણી દલીલોના અનામત પુરવઠાને ચકાસીએ છીએ અને આપણે આપણી નીતિમત્તા તથા સાહસનું પણ પૃથ્થકરણ કરીએ છીએ.

આપણી જાતને આપણે કહીએ છીએ : "લાગે છે કે તેની પાસે પોઈન્ટ ૨૨ પરિસની એક ઝાટકે વીંધતી જીભ છે અને શાબ્દિક ગોળાના અનેક બારદાનો છે. મારી પાસે પણ તેજસ્વી વ્યક્તિત્વ છે અને ફટફટ બોલતું મુખ છે."

"હા, ચાલો, આપણે લડીએ એટલે કે ચર્ચા કરીએ."

અંગ્રેજી ભાષામાં એક રૂપક વપરાય છે - બીજી વ્યક્તિના અભિપ્રાયમાં - ' છિદ્રો પાડવાં.' આપણે કેવી હોંશિયારીથી શબ્દો વાપરી શકીએ છીએ. કેટલા આત્મવિશ્વાસુ અને સ્થિર થઈ શકીએ છીએ. આપણે કેટલા મોહક થઈ શકીએ છીએ. કેટલા ડરામણા થઈ શકીએ છીએ તેનું જ ધ્યાન રખાતું હોય ત્યારે સત્ય નથી કહેવાતું.

તમને ખબર છે કે જ્યારે ચર્ચાઓ શાબ્દિક આક્રમણોમાં ફેરવાય છે ત્યારે કેટલું જ્ઞાન પ્રગટ થાય છે? લગીરે નહિ. હકીકતમાં તો આ વિનિયમ હૃદયને કઠોર કરે છે અને મનની ગતિ રુંધે છે. બધી જ ચર્ચાઓ આવી હોય તેવું કંઈ નથી એવી ચર્ચાઓમાં મેં ભાગ લીધો છે જે અંતે પ્રસંશા, કેળવણી અને વિકાસમાં પરિણમી છે.

કયો મુખ્ય ભેદ ? કાન

વ્યક્તિઓ પોતાના કાન પર અવાજ ન સાંભળી શકે તેવા મોટાં આવરણો પહેરીને ચર્ચા કરાતી હોય તેવું જરાક કલ્પો. જ્યાં પુષ્કળ અવાજ થતો હોય છે તેવા સ્થળોએ - યુદ્ધ હરોળોએ અથવા ઉદ્યોગોમાં આવા આવરણ પહેરાતાં તમે કદાચ જોયાં હશે. જો ચર્ચામાં કોઈ આ પહેરીને આવે તો? આ તો શાબ્દિક યુદ્ધનો પરિસર છે. બરોબર, આવું જ ઘણીવાર બનતું હોય છે.

શું ખૂટે છે ? કાન. સાંભળવાનું

પરસ્પરને સાંભળવા પ્રયત્ન કરતી હોય એવી બે વ્યક્તિઓને મળવાનો તમને અનુભવ થયો છે ખરો ? મારું કહેવું એમ છે કે ખરેખર સાંભળવા પ્રયત્ન કરતી બે વ્યક્તિઓને. માનો કે પતિ-પત્ની છે અને તે બંને ઊંડી દલીલોમાં ખૂંપેલા છે. તેઓ તેમનો ઝઘડો ઉકેલવામાં અસમર્થ બન્યાં છે. અને તેમના પરસ્પરના સંબંધમાં તનાવનાં લક્ષણો દેખાડવાની શરૂઆત તેઓ કરી રહ્યાં છે. કદાચ તમે તેમનાં મિત્ર છો, કુટુંબી છો કે સલાહકારો અને તમે તેઓનો ઝઘડો ઉકેલવામાં સહાય કરવાનો પ્રયત્ન કરતા હો. તમે તેમને સાંભળવાનું, મારે મન ખરેખર સાંભળવાનું જ્યાં સુધી નહિ કહો ત્યાં સુધી કોઇ પણ રીતે તમે તેઓનો ઝઘડો ઉકેલી શકવાના નથી.

કયારેક, હું આ સ્થળે કેટલાક લોકોને અન્ય લોકોનો દૃષ્ટિકોણ - અભિપ્રાય ફરી કહેવા કહીશ. આ કામ કેટલું કપરું છે તે જોવું આકર્ષક બનશે. માની લઇએ કે પત્નીનો દૃષ્ટિકોણ ફરી કહેવાનું પતિને કહેવામાં આવ્યું. તે કંઇ બીજું જ કહેશે. ‘તે એટલી બધી મુર્ખ છે. દિલ્હી રહેવા જવાથી અમારા બધા પ્રશ્નો ઉકલી જશે તેમ તે માને છે. અરે, જો અમે તેની મા સાથે રહીએ તો તે લોકો ઉલટાના અમારા પ્રશ્નો વધારશે.’

હું કદાચ પ્રતિભાવ આપું, ‘મને ખાતરી થઇ ગઇ છે કે આ તમારી પત્નીનો અભિપ્રાય નથી. મને લાગે છે કે તમે તમારો જ અભિપ્રાય કહેવાનું શરૂ કર્યું છે. હું તો તમને માત્ર તમારી પત્નીનો અભિપ્રાય ફરી વ્યકત કરવા કહું છું. તમે તે કહી શકશો?’

કદાચ આ ક્ષણે થોડોક ગણગણાટ થશે. સામાન્ય રીતે તે ફરી પ્રયત્ન કરશે.

‘ખેર! તે એમ માને છે કે દિલ્હી રહેવા જવાથી અમારા બધા પ્રશ્નો ઉકલી જશે.’

આ નિવેદનમાં બે વસ્તુઓ ખોટી છે તે હું જાણું છું. પહેલા તો એ કે પત્ની એવું માનતી જ નથી કે દિલ્હી રહેવા જવાથી તેઓના બધા પ્રશ્નો ઉકલી જશે. વળી પતિના અવાજ - ઉચ્ચારણ પર પણ ધ્યાન આપવું જોઇએ. કારણ કે તેણે આ ઉપહાસ કે વિડંબનાના સ્વરોમાં પણ કહ્યું હોય. અને આમાં પત્નિનો અભિપ્રાય રજૂ થતો નથી તે નક્કી.

એટલે હું તેને કહીશ, ‘મારે તો એ જોવું છે કે તમે તેનો અભિપ્રાય એ રીતે કહી શકો છો કે નહિ કે જેથી તે સંમત થાય કે તમે બરાબર કહ્યું છે.’

તે વધુ અનેકવાર પ્રયત્ન કરશે અને હું પત્નીને પૂછીશ, ‘આ તમારો અભિપ્રાય છે?’

તે સામાન્યપણે તો કહેશે, ‘જરાય નહિ’ અને પછી સમજાવશે.

હવે આનો જ તમે ખ્યાલ કરો છો એટલે લાંબી બેઠક માટે હવે તૈયાર રહેજો. પણ જો તે સંમત હશે અને સન્નિષ્ઠ હશે તો છેવટે કેટલાક સમય પછી તે તેણીના (પત્નીના) અભિપ્રાયનો યોગ્ય અંશ ઉષ્માભર્યા સ્વરે એ રીતે ઉચ્ચારશે કે તેણી (પત્ની) માને છે કે તેણે તેનો સાચો અભિપ્રાય કહ્યો છે.

આ તબક્કે એક અતિ રસિક પરિસ્થિતિ ઉભી થવા માંડશે. મિત્ર અને સલાહકાર તરીકેનું તમારું કાર્ય સત્વરે પુરું થશે. તમે માત્ર તેઓને જ જોતાં હશો કદાચ. આનું કારણ એ કે આ સઘળી પરિસ્થિતિમાં તમે અતિશય અગત્યનું કામ કર્યું છે. તમે તે બંનેને પરસ્પરને સાંભળવા દીધાં છે. કાન...! અત્યાર સુધી તો તેઓ માત્ર બોલતા હતા - તેઓને માત્ર મોં હતા. હવે તેઓ માણસો છે અને તેઓને મોં તથા કાન બંને છે

સંવાદ. બીજો વિચિત્ર મહાન શબ્દ. પણ ઘણા લોકો તેનો અર્થ એમ માને છે કે ‘બધાએ એક જ અભિપ્રાયના થવું જોઇએ. - મારા. જે લોકો પોતાના અભિપ્રાયમાં સાર સંગ્રાહક કે સમન્વયવાદી હોય તેઓને તો આ શબ્દ અતિશય પસંદ પડે છે. આ લોકો એવા છે કે જેઓની પાસે સાચું શું તે અંગેનો એક અભિપ્રાય છે. જે વ્યાપક બનીને કંઇક અંશે વિરોધી અભિપ્રાય પણ સમાવી શકે. આ વધુ ઉદારચિત્ત અને સ્વીકાર્ય શબ્દ લાગે પણ સાવધ રહેજો ! જે રીતે હું માનું છું તેમ દરેક જણે માનવું જ જોઇએ તેવું સરળ  કહેવાનો તે બીજો માર્ગ છે.

ઉદાહરણ તરીકે તમે પોતપોતાનો અભિપ્રાય ચર્ચતા કેટલાક લોકોને મળ્યા છો. પ્રથમ વ્યકિત માને છે કે **અ** સાચું છે માટે **બ** અને **ક** જૂઠા છે. બીજી વ્યકિત ખરેખર એમ માનતી હોય કે આ વિકલ્પોમાંથી એકેય સાચો નથી. ખરેખર તો સત્ય જેવી કોઇ વસ્તુ જ નથી. ત્રીજી વ્યકિત કદાચ માને કે **બ** અને **ક** સાચાં છે તેથી **અ** પણ સાચું હોઇ શકે.

આ વ્યકિતઓમાં દરેકને 'મન' સંવાદનો અર્થ સાવ જુદો હોઇ શકે. હવે આપણી પાસે કાન વિનાના માણસોની અતિ પ્રબળ સંભવિતતા છે. જો એક સમૂહ એમ માનતો હોય કે **અ, બ,** અને **ક** બધાને એકસરખા નક્કર અભિપ્રાયો છે અને તે અભિપ્રાયો સંવાદ સૂચવે છે તો ખરેખર તો તે અભિપ્રાયો કદાચ આત્મ સંભાષણની અપેક્ષા રાખતા હોય.

'સંવાદ' શબ્દ સૂચવે છે કે બે પક્ષો કે બે અભિપ્રાયો બોલવાના છે અથવા સાંભળવાના છે. અભિપ્રાયમાં કોઇ ભેદ હોઇ જ ન શકે. પોતાના ખુદના જ શબ્દ કોષ્ટકો (નમૂનાઓ)માં બીજા અભિપ્રાયોને જે માત્ર સ્વાહા કરે (ખાઇ જાય) તે જ જીવનદર્શન પોતાનું અદ્વૈતવાદી દર્શન પુષ્ટ કરવા 'સંવાદ' શબ્દનો ઉપયોગ કરે છે અને ત્યારે સંવાદ શબ્દ માત્ર પ્રદર્શનીય વસ્તુ બને છે. અને તેનો અર્થ તેના ખૂંટમાંથી (મૂળમાંથી) કપાઇ જાય છે. મુરબ્બીપણાનો ડોળ કરી કોઇને બોલાવીને એવું જણાવવાનું તે નિમંત્રણ છે કે શા માટે 'તમારો અભિપ્રાય તે મારો અભિપ્રાય છે.' સંવાદ આત્મસંભાષણમાં ફેરવાય છે અને માણસો કાન વિનાના બને છે.

આડંબરી ભાષા અથવા મુત્સદ્દીગીરીવાળી લૂંટ પણ પૂરતાં નથી. લોકો માટે સાંભળવાના કાન હોવાનો સમય હવે આવી પહોંચ્યો છે.

શું આ વિશ્વના બધા જ પ્રશ્નો ઉકેલાશે? ના. હકીકતમાં તો લોકો સાંભળવા નથી માગતા તેનું એક કારણ એ છે કે જો તેઓ ખરેખર તેમ કરે તો સાવ જુદું જ માનતા લોકો તેઓને મળે. કેટલાક કિસ્સાઓમાં આપણે જોઇશું કે આપણે નથી સમજતા તેવા જ અભિપ્રાયોની સાચી પ્રસંશા થઇ હોય છે. એવું પણ શકય છે કે આપણા કરતાં જુદું જ માનતા લોકો આપણને મળે અને તે સ્થિતિ આપણને અસ્વસ્થ કરે.

પણ સાંભળવું એ પ્રથમ પગલું છે.

સાથે સાથે તે પણ જરૂરી છે કે જે સાંભળો તે પ્રેમપૂર્વક સાંભળો.

## — વ્યાટ્ટ રોબર્ટસન



Copyright © 2000-2002 Karma to Grace, All Rights Reserved

email: info@karma2grace.org